Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org

ॐ

परमात्मने नमः।

# સમયસાર વૈભવ

## શ્રી કુંદકુંદાચાર્યદેવ રચિત સમયસાર પરમાગમ ઉપર
## અધ્યાત્મયુગપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના
## ૧૫મી વખતના સળંગ અક્ષરશઃ પ્રવચન

(ભાગ-૨૦)

(શ્લોક-૨૬૪ થી ૨૭૮,
પ્રવચન-૫૬૯ થી ૫૮૩)

પ્રકાશક

સ્વ. શાહ વૃજલાલભાઈ ભાઈલાલભાઈ ડેલીવાળા પરિવાર
(મૂળ રહેવાસી બરવાળા ઘેલાશા, હાલ સુરત)
હ : અશ્વિનભાઈ વૃજલાલભાઈ શાહ
સુધીરભાઈ વૃજલાલભાઈ શાહ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

વિક્રમ સંવંત
૨૦૭૫

વીર સંવંત
૨૫૪૫

ઈ. સન
૨૦૧૯

**પ્રકાશન**
**પોષ વદ ૧૪, તા.૩-૨-૨૦૧૯, રવિવાર**
**શ્રી આદિનાથ ભગવાન નિર્વાણ કલ્યાણક દિવસ**

**પ્રાપ્તિ સ્થાન**
**જે કોઈ મુમુક્ષુ ભાઈ-બહેનોને પ્રસ્તુત પુસ્તકની નકલ જોઈતી હોય તેમણે શ્રી સુધીરભાઈ શાહનો સંપર્ક કરવા વિનંતી.**
**મો. ૦૯૩૭૪૭૧૯૨૦૨**

**ટાઈપ સેટિંગ :**
**પૂજા ઈમ્પ્રેશન્સ**
ભાવનગર
મો. ૯૭૨૫૨૫૧૧૩૧



ण वि होदि अप्पमत्तो ण पमत्तो जाणगो दुजो भावो।
एवं भणंत्ति सुद्धंणादो जो सो दु सो चेव।।६।।

# પ્રકાશકીય નિવેદન

શાસનનાયક અંતિમ જિનેશ્વર શ્રીમહાવીરસ્વામીના પ્રવર્તમાન શાસનમાં અનેક ગુણસમુદ્ર એવા આચાર્ય ભગવંતો થયા છે. તેઓએ નિજાનુભવ તથા ભગવાનની દિવ્યધ્વનિના આધારે અનેક મહાન પરમાગમોની રચના કરી, તેમ જ જન્મ-મરણના દુઃખથી મુક્ત થઈ અવિનાશી નિજાનંદ સુખ, શાંતિની પ્રાપ્તિ કઈ રીતે કરવી તેનો માર્ગ પ્રકાશી, ભવ્ય જીવો ઉપર મહાન ઉપકાર કર્યો છે. ભગવાન મહાવીરસ્વામીના મોક્ષગમન બાદ ત્રણ કેવળી અને પાંચ શ્રુતકેવળી થયા. આચાર્યોની પરંપરામાં ભગવાન કુંદકુંદાચાર્યદેવ વિક્રમ સંવતની શરૂઆતમાં થઈ ગયા. દિગંબર જૈન પરંપરામાં ભગવાન કુંદકુંદાચાર્યદેવનું સ્થાન સર્વોત્કૃષ્ટ છે. દિગંબર જૈન સાધુઓ પોતાને કુંદકુંદાચાર્યદેવની પરંપરાના કહેવરાવવામાં ગૌરવ અનુભવે છે. તેઓશ્રીને ભગવાન મહાવીરનું જ્ઞાન આચાર્યોની પરંપરાથી મળ્યું હતું, એટલું જ નહિ પણ આઠ દિવસ સુધી મહાવિદેહવાસી શ્રી સીમંધર ભગવાનની દિવ્યધ્વનિ સાક્ષાત્ શ્રવણ કરવાનું મહાભાગ્ય પણ તેઓશ્રીને પ્રાપ્ત થયું હતું.

પવિત્રતાના સ્વામી એવા કુંદકુંદાચાર્યદેવે અનેક કૃતિઓની રચના કરી છે. સમયસાર, પ્રવચનસાર, નિયમસાર, પંચાસ્તિકાય, અષ્ટપાહુડ પંચ પરમાગમો સહિત બીજી પણ અનેક ભવ્ય કૃતિઓની રચના કરીને જિનશાસન-સ્તંભનું કાર્ય કર્યું છે. શ્રી સમયસાર પરમાગમ તેઓશ્રીની એક અદ્વિતીય કૃતિ છે, જગતનું અદ્વિતીય ચક્ષુ છે. પાંચમી ગાથામાં તેઓશ્રી ફરમાવે છે મારા નિજ વૈભવથી હું સમયસારને કહીશ. જિનેન્દ્ર ભગવાન અને ગણધરદેવથી માંડીને અમારા ગુરુ પર્યંતના ઉપકારીઓ દ્વારા પ્રસાદરૂપે અપાયેલ શુદ્ધાત્મતત્ત્વના અનુગ્રહપૂર્વક ઉપદેશથી થયો છે. નિરંતર ઝરતો-આસ્વાદમાં આવતો સુંદર જે આનંદ, તેની છાપવાળું જે પ્રચુરસ્વસંવેદનરૂપ સ્વસંવેદન છે તેનાથી પણ તેનો જન્મ થયો છે. આ સમયસાર અદ્‌ભુત શાસ્ત્ર છે. તેમાં પોતાનો નિજ વૈભવ બતાવ્યો છે. તેથી આ પ્રવચન ગ્રંથનું '**સમયસાર વૈભવ**' નામ આપવામાં આવ્યું છે. આવા નિર્વિકારી અતીન્દ્રિય આનંદની મહોરછાપ યુક્ત પ્રત્યેક વાક્યો ભવ્યજીવોના આત્મહિતાર્થે લખાયેલા છે.

આ મહાન પરમાગમ ઉપર શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવ રચિત આત્મખ્યાતિ ટીકા ખરેખર અમૃતને રેલાવી ભવ્યજીવોને અજર-અમર પદની પ્રાપ્તિ કરાવે છે. આ દૈવી ટીકા છે. ૪૧૫ ગાથાની ટીકા કર્યા બાદ આચાર્ય ભગવાને પરિશિષ્ટની રચના કરીને સ્યાદ્વાદ અધિકાર લખ્યો

તથા આત્મસ્વરૂપનો વૈભવ એવી ૪૭ શક્તિઓની રચના કરી. આથી સમયસાર પરમાગમ વૈભવથી ભરપૂર એક મહાન કૃતિ છે.

સાંપ્રત સમાજમાં આવા મહાન વૈભવયુક્ત પરમાગમની ઉપલબ્ધિ હોવા છતાં, અંતરંગ રહસ્ય ઉકેલનારું કોઈ નહોતું, તેથી મોક્ષમાર્ગ લુપ્તપ્રાયઃ થઈ ગયો હતો. મિથ્યાત્વનું ભયંકર સામ્રાજ્ય પ્રવર્તી રહ્યું છે એવા દુષમકાળમાં તેવા ઘોર અજ્ઞાન-અંધકારનો નાશ કરવા તેજસ્વી સૂર્યનો ઉદય થયો. એ સૂર્ય છે-પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી. ભાવિમાં સૂર્ય સમાન કીર્તિ ઉદિત થઈ ચૌદ બ્રહ્માંડમાં મોક્ષમાર્ગને પ્રકાશિત કરવાની છે, તેની વર્તમાનમાં ઝાંખી કરાવનાર એવા તારણહાર, યુગપુરુષ, ભવ્યાત્માઓના આત્મ-હિતકર ગુરુદેવશ્રીએ દિગંબર સત્‌શાસ્ત્રોના રહસ્યો ઉકેલી મોક્ષમાર્ગને સ્પષ્ટ કર્યો. પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનનાં શબ્દોમાં કહીએ તો પાંચમા આરાના છેડા સુધી ગુરુદેવશ્રીની વાણી રહેશે. પૂજ્ય ગુરુદેવશ્રીએ ચારે પડખેથી માર્ગને સ્પષ્ટ કર્યો છે. પૂજ્ય ગુરુદેવશ્રીને તો શ્રુતની લબ્ધિ હતી.

સમયસાર પરમાગમ તેઓશ્રીને સ્વાનુભવ થવામાં મહાન નિમિત્ત થયું છે. તેઓશ્રીનાં પ્રત્યેક પ્રવચનોમાં કુંદકુંદાચાર્યદેવ પ્રત્યેની સાતિશય ભક્તિ પ્રદર્શિત થાય છે. અનેક વાર પ્રવચનોમાં તેઓશ્રી કહેતાં કે અમે તો કુંદકુંદાચાર્યદેવના દાસાનુદાસ છીએ. તેઓશ્રીનાં વ્યક્તિગત સ્વાધ્યાયમાં તો તેઓશ્રીએ અનેક વાર સમયસાર શાસ્ત્રનો સ્વાધ્યાય કરી અમૃતપાન પીધાં જ છે, પરંતુ નિષ્કારણ કરુણાથી ધબકતા તેઓશ્રીનાં હૃદયમાંથી મોક્ષમાર્ગ રહસ્યોદ્‌ઘાટક પ્રવચનધારા વહી અને જાહેરમાં ૧૯ વાર પ્રવચનો કર્યાં. અમૃત ઝરતી તેઓશ્રીની જ્ઞાન-લહેરીઓ આકાશને આંબવા જેટલી ઊંચે ઉછળતી. પૂજ્ય ગુરુદેવશ્રીની વાણી એ સામાન્ય વાણી નથી, પરંતુ મિથ્યાત્વના ભૂક્કા ઊડાવી દે તેવી ભવદુઃખ નાશ કરનારી વાણી છે. તેઓશ્રીનાં પ્રત્યેક વચન અનેક આગમોથી યુક્ત છે. અનેક આગમોના રહસ્ય તેઓશ્રીનાં પ્રત્યેક વચનોમાં ભર્યાં છે.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનો રેકોર્ડિંગ કરવામાં આવ્યા અને જતન કરીને સાચવ્યા તેમ જ કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટે તેની ડી.વી.ડી. બનાવી તેમજ અક્ષરશઃ પ્રવચનો ઈન્ટરનેટ ઉપર ઉપલબ્ધ કરાવી સમાજ ઉપર જે ઉપકાર કર્યો છે તે માટે સર્વેનો આભાર વ્યક્ત કરીએ છીએ.

પૂજ્ય ગુરુદેવશ્રીનાં ઉપલબ્ધ આશરે ૯૦૦૦ પ્રવચનોમાં સમયસાર પરમાગમ ઉપરના ૧૩મી અને ૧૫મી થી ૧૯મી વારના પ્રવચનો ઉપલબ્ધ છે. તેમાં ૧૫મી વારના પ્રવચનો પ્રકાશિત કરવાની ભાવના સુધીરભાઈ શાહ, (ડેલીવાલા) પરિવાર, સુરતને થઈ. પૂજ્ય ગુરુદેવશ્રીના મુખમાંથી ઝરેલું આ અમૃત જો પુસ્તક રૂપે થાય તો મુમુક્ષુજીવોને મહાલાભનું કારણ થાય. તેઓએ કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ પાસે પોતાના વિચારો રજુ કર્યા અને વેબસાઈટ ઉપર

આ પ્રવચનો સર્વ સાધારણ મુમુક્ષુજનોને ઉપલબ્ધ થાય તેવી ભાવના વ્યક્ત કરી. ટ્રસ્ટ દ્વારા તેમને સુંદર આવકાર પ્રાપ્ત થયો, સહર્ષ સ્વીકૃતિ આપી અને આ કાર્યને આગળ ધપાવવા માટે પૂરી અનુમોદના વ્યક્ત કરી. ઉક્ત ભૂમિકા સાથે ૧૫મી વખતના પ્રવચનો પ્રકાશિત કરવાનું કાર્ય શરૂ થયું. શ્રી સમયસાર ગ્રંથના ૧૫મી વખતના કુલ ૫૯૫ પ્રવચનો છે, જે લગભગ ૨૧ ભાગમાં પૂર્ણ કરવાની ગણતરી છે.

સમયસાર વૈભવ ભાગ-૨૦ શ્રી આદિનાથ ભગવાન નિર્વાણ કલ્યાણક દિને અર્પણ કરવામાં આવી રહ્યો છે. પ્રવચનોને કમ્પ્યુટરમાં ટાઈપ કરી આપવાનું કાર્ય શ્રી નિલેષભાઈ જૈન, ભાવનગર દ્વારા કરવામાં આવેલ છે. ત્યારબાદ પ્રવચનોને તપાસી આપવાનું કાર્ય શ્રી અતુલભાઈ જૈન, મલાડ, મુંબઈ દ્વારા કરી આપવામાં આવેલ છે. તે બદલ તેમનો અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ. દરેક સમયે માર્ગદર્શન આપવા બદલ બ્ર. હેમંતભાઈ ગાંધી, ચેતનભાઈ મહેતા-રાજકોટ તથા પંકજભાઈ કામદારનો આભાર માનીએ છીએ. અને આ પ્રવચનો વેબસાઈટ ઉપર મૂકવાની સ્વીકૃતિ આપવા બદલ શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ, મુંબઈનો પણ હૃદયપૂર્વક આભાર માનવામાં આવે છે.


આ પ્રવચનો અક્ષરશઃ છાપવાનો મૂળ ઉદ્દેશ અંગ્રેજીમાં અભ્યાસ કરનારા આજના યુવાનો પૂજ્ય ગુરુદેવશ્રીની વાણી સહેલાઈથી સમજી શકે અને સ્વયં વારંવાર અભ્યાસ કરીને ગુરુદેવશ્રીનાં વચનના મર્મને સમજી શકે છે. પ્રવચનોને પૂર્ણ ચોકસાઈથી તથા ચીવટ રાખીને પ્રકાશિત કરવાનો પ્રયત્ન કર્યો છે. તેમ છતાં કોઈ પણ પ્રકારની તૃટિ રહી જવા પામી હોય તો ધ્યાન દોરવા વિનંતી. અનાદિ કાળથી મોહાગ્નિમાં બળી રહેલા જીવોને આ પ્રવચન ગ્રંથના નિમિત્તે ભવ્ય જીવોને સમાધિ-સુખ ને શાશ્વત પરમાનંદની પ્રાપ્તિનો પંથ મળે એવી અમારી ભાવના છે.

અંતતઃ પૂજ્ય ગુરુદેવશ્રીના ભવતાપવિનાશક પ્રવચનોનો પ્રત્યેક મુમુક્ષુ લાભ લઈ આત્મહિત સાધે એવી ભાવના સાથે વિરામ પામીએ છીએ. આ પ્રવચનો Vitragvani.com ઉપર મૂકવામાં આવેલ છે.

શ્રી શાહ વૃજલાલભાઈ ભાઈલાલભાઈ ડેલીવાળા પરિવાર વતિ
અશ્વિનભાઈ વૃજલાલભાઈ શાહ
સુધીરભાઈ વૃજલાલભાઈ શાહ
સુરતના જય જિનેન્દ્ર

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org





ઉપકાર તારા શું કથું, ગુણગાન તારા શું કરું?
વંદન કરું, સ્તવના કરું, તુજ ચરણસેવાને ચહું.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

## સ્મરણાંજલિ





અમારા પૂજ્ય માતા-પિતાના નિમિત્તે અમને પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય ભગવતી માતાના સમાગમનો યોગ પ્રાપ્ત થયો. નાનપણથી તેમની પ્રેરણાને કારણે પૂજ્ય ગુરુદેવશ્રીની ભવછેદક વાણી સાંભળી અને અખંડ મોક્ષમાર્ગ પ્રત્યે પ્રયત્નશીલ થવાનું બન્યું. આપે આજીવન પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય માતાજી પ્રતિ સમર્પિત રહી અમોને પણ સતત તે જ પ્રેરણા આપી અમારા ઉપર ઉપકાર કર્યો છે. સમયસાર વૈભવ પ્રકાશન નિમિત્તે આપના ઉપકારને સ્મરણમાં લઈ આપને શ્રદ્ધાંજલિ અર્પિત કરીએ છીએ.

કલ્પનાબેન અશ્વિનભાઈ વૃજલાલ શાહ, સુરત
પરીન્દાબેન સુધીરભાઈ વૃજલાલ શાહ, સુરત
કજરીબેન તેજસભાઈ અશ્વિનભાઈ શાહ, સુરત
સ્નેહાબેન પ્રજ્ઞેશકુમાર જયંતિભાઈ શાહ, સુરત
વિરલબેન (પ્રિયલ) રીતેશકુમાર જીતુભાઈ શાહ, દાદર
વિદેહીબેન જીગરકુમાર કમલેશભાઈ શાહ, અમદાવાદ
નિરજાબેન જીનેશકુમાર યોગેશભાઈ દેસાઈ, ભાવનગર
કુ. રુચિ, કુ. સપના, કુ. નિયતી. કુ. સુહાની, ચિ. શુભ, કુ. શ્રેયા

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org





વૈરાગી અંતર્મુખી, મંથન પારાવાર,
જ્ઞાતાનું તળ સ્પર્શીને, કર્યો સફળ અવતાર.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

# અનુક્રમણિકા


| પ્રવચન નં. | તારીખ | શ્લોક/ગાથા | પૃ.સં. |
|---|---|---|---|
| ૫૬૯ | ૧૬–૦૭–૧૯૬૮ | શ્લોક–૨૬૪–૨૬૫ | ૦૦૧ |
| ૫૭૦ | ૧૭–૦૭–૧૯૬૮ | શ્લોક–૨૬૫ | ૦૧૭ |
| ૫૭૧ | ૧૮–૦૭–૧૯૬૮ | શ્લોક–૨૬૫ | ૦૩૨ |
| ૫૭૨ | ૧૯–૦૭–૧૯૬૮ | શ્લોક–૨૬૫ | ૦૪૯ |
| ૫૭૩ | ૨૦–૦૭–૧૯૬૮ | શ્લોક–૨૬૬ | ૦૬૫ |
| ૫૭૪ | ૨૧–૦૭–૧૯૬૮ | શ્લોક–૨૬૬–૨૬૭ | ૦૭૯ |
| ૫૭૫ | ૨૨–૦૭–૧૯૬૮ | શ્લોક–૨૬૭–૨૬૮ | ૦૯૫ |
| ૫૭૬ | ૨૩–૦૭–૧૯૬૮ | શ્લોક–૨૬૮ થી ૨૭૦ | ૧૧૧ |
| ૫૭૭ | ૨૪–૦૭–૧૯૬૮ | શ્લોક–૨૭૦–૨૭૧ | ૧૨૭ |
| ૫૭૮ | ૨૫–૦૭–૧૯૬૮ | શ્લોક–૨૭૧–૨૭૨ | ૧૪૨ |
| ૫૭૯ | ૨૬–૦૭–૧૯૬૮ | શ્લોક–૨૭૩–૨૭૪ | ૧૫૭ |
| ૫૮૦ | ૨૭–૦૭–૧૯૬૮ | શ્લોક–૨૭૪–૨૭૫ | ૧૭૩ |
| ૫૮૧ | ૨૮–૦૭–૧૯૬૮ | શ્લોક–૨૭૫–૨૭૬ | ૧૮૯ |
| ૫૮૨ | ૨૯–૦૭–૧૯૬૮ | શ્લોક–૨૭૭–૨૭૮ | ૨૦૩ |
| ૫૮૩ | ૩૦–૦૭–૧૯૬૮ | શ્લોક–૨૭૮ | ૨૧૮ |

# શ્રી સદ્ગુરુદેવ–સ્તુતિ

(હરિગીત)

સંસારસાગર તારવા જિનવાણી છે નૌકા ભલી,
જ્ઞાની સુકાની મળ્યા વિના એ નાવ પણ તારે નહીં;
આ કાળમાં શુદ્ધાત્મજ્ઞાની સુકાની બહુ બહુ દોહ્યલો,
મુજ પુણ્યરાશિ ફળ્યો અહો ! ગુરુ કહાન તું નાવિક મળ્યો.

(અનુષ્ટુપ)

અહો ! ભ ત ચિદાત્માના, સીમંધર-વીર-કુંદના !
બાહ્યાંતર વિભવો તારા, તારે નાવ મુમુક્ષુનાં.

(શિખરિણી)

સદા દ્રષ્ટિ તારી વિમળ નિજ ચૈતન્ય નીરખે,
અને જ્ઞપ્તિમાંહી દરવ-ગુણ-પર્યાય વિલસે;
નિજાલંબીભાવે પરિણતિ સ્વરૂપે જઈ ભળે,
નિમિત્તો વહેવારો ચિદ્ઘન વિષે કાંઈ ન મળે.

(શાર્દૂલવિક્રીડિત)

હૈયું 'સત સત, જ્ઞાન જ્ઞાન' ધબકે ને વજ્રવાણી છૂટે,
જે વજ્રે સુમુમુક્ષુ સત્ત્વ ઝળકે; પરદ્રવ્ય નાતો તૂટે;
- રાગદ્વેષ રુચે ન, જંપ ન વળે ભાવેંદ્રિમાં - અંશમાં,
ટંકોત્કીર્ણ અકંપ જ્ઞાન મહિમા હ્રદયે રહે સર્વદા.

(વસંતતિલકા)

નિત્યે સુધાઝરણ ચંદ્ર ! તને નમું હું,
કરુણા અકારણ સમુદ્ર ! તને નમું હું;
હે જ્ઞાનપોષક સુમેઘ ! તને નમું હું,
આ દાસના જીવનશિલ્પી ! તને નમું હું.

(સ્ત્રગ્ધરા)

ઊંડી ઊંડી, ઊંડેથી સુખનિધિ સતના વાયુ નિત્યે વહંતી,
વાણી ચિન્મૂર્તિ ! તારી ઉર- અનુભવના સૂક્ષ્મ ભાવે ભરેલી;
ભાવો ઊંડા વિચારી, અભિનવ મહિમા ચિત્તમાં લાવી લાવી,
ખોયેલું રત્ન પામું, - મનરથ મનનો; પૂરજો શક્તિશાળી !

# શ્રી સમયસારજી સ્તુતિ

(હરિગીત)

સંસારી જીવનાં ભાવમરણો ટાળવા કરુણા કરી,
સરિતા વહાવી સુધા તણી પ્રભુ વીર! તેં સંજીવની;
શોષાતી દેખી સરિતને કરુણાભીના હૃદયે કરી,
મુનિકુંદ સંજીવની સમયપ્રાભૃત તણે ભાજન ભરી.

(અનુષ્ટુપ)

કુંદકુંદ રચ્યું શાસ્ત્ર, સાથિયા અમૃતે પૂર્યા,
ગ્રંથાધિરાજ! તારામાં ભાવો બ્રહ્માંડના ભર્યા.

(શિખરણી)

અહો! વાણી તારી પ્રશમરસ-ભાવે નીતરતી,
મુમુક્ષુને પાતી અમૃતરસ અંજલિ ભરી ભરી;
અનાદિની મૂર્છા વિષ તણી ત્વરાથી તરતી,
વિભાવેથી થંભી સ્વરૂપ ભણી દોડે પરિણતિ.

(શાર્દૂલવિક્રીડિત)

તું છે નિશ્ચયગ્રંથ ભંગ સઘળા વ્યવહારના ભેદવા;
તું પ્રજ્ઞાછીણી જ્ઞાન ને ઉદયની સંધિ સહુ છેદવા;
સાથી સાધકનો, તું ભાનુ જગનો, સંદેશ મહાવીરનો,
વિસામો ભવક્લાંતના હૃદયનો, તું પંથ મુક્તિ તણો.

(વસંતતિલકા)

સૂણ્યે તને રસનિબંધ શિથિલ થાય,
જાણ્યે તને હૃદય જ્ઞાની તણાં જણાય;
તું રુચતાં જગતની રુચિ આળસે સૌ,
તું રીઝતાં સકલજ્ઞાયકદેવ રીઝે.

(અનુષ્ટુપ)

બનાવું પત્ર કુંદનનાં, રત્નોના અક્ષરો લખી;
તથાપિ કુંદસૂત્રોનાં અંકાયે મૂલ્ય ના કદી.

# સમયસાર વૈભવ

**(ભાગ-૨૦)**

**(અધ્યાત્મયુગપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના શ્રી સમયસાર શાસ્ત્ર ઉપર ૧૫મી વખતના સળંગ પ્રવચનો)**

**અષાઢ વદ ૭, મંગળવાર તા. ૧૬-૭-૧૯૬૮**
**શ્લોક-૨૬૪-૨૬૫, પ્રવચન-૫૬૯**

સમયસાર. શક્તિઓનો અધિકાર પૂર્ણ થયો. ૨૬૪ કળશ છે. કળશ છે ને કળશ?

**इत्याद्यनेकनिजशक्तिसुनिर्भरोऽपि**
**यो ज्ञानमात्रमयतां न जहाति भावः।**
**एवं क्रमाक्रमविवर्तिविवर्तचित्रं**
**तद्द्रव्यपर्ययमयं चिदिहास्ति वस्तु।।२६४।।**

'**इत्यादि**' આ ૪૭ શક્તિ વર્ણવી. એ આત્મામાં અનંત એવી શક્તિઓ છે. આ તો થોડા નામ લીધા. '**ઇત્યાદિ...**' છે ને શબ્દ? '**(-પૂર્વે કહેલી ૪૭ શક્તિઓ વગેરે વગેરે) અનેક નિજ...**' '**અનેક નિજ શક્તિઓ...**' આત્માની શક્તિ પોતાની છે એ બધી. '**નિજ શક્તિઓથી સારી રીતે ભરેલો...**' એ અનંત શક્તિઓથી આત્મા ભરેલો છે. સમજાણું કાંઈ? જેમ કળશામાં દૂધ ભર્યું હોય. શેઠી! કળશો હોય છે ને લોટો? લોટામાં દૂધ ભર્યું ને ભરપુર, એમ આત્મામાં શક્તિઓ ભરપૂર ભરી છે. ના પાડે જુઓ ઓલા તમારા હિંમતભાઈને. લોટામાં દૂધ એમ નહિ. દૂધમાં ધોળાશ, મીઠાશ વગેરે શક્તિઓથી ભરેલું દૂધ એમ કહેવાય. થોડો વિચાર તો કરવો જોઈએ ને. અહીં પાઠ તો આવો છે. જુઓ.

'**અનેક નિજ શક્તિઓથી...**' '**सुनिर्भर**' છે ને? '**सुनिर्भरोऽपि**' '**સારી રીતે ભરેલો હોવા છતાં...**' ભરેલાનો અર્થ કે વસ્તુ ભગવાન આત્મા એ જીવત્વશક્તિ, ચિતિ, દશિ,

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


જ્ઞાન, સુખ, વીર્ય, પ્રભુત્વ, વિભુત્વ આદિ જે આવી એ બધી શક્તિઓનો સમૂહ થઈને તે આત્મા છે. સમજાણું કાંઈ? જેમ કળશામાં દૂધ ભર્યું એમ નથી આ. જેમ વાટકામાં દૂધ ને સાકર ભરી હોય એમ નથી આ. પણ જેમ સાકરમાં મીઠાશ, સફેદાઈ, સુંવાળપ જેમ ભરી છે, એમ આત્મામાં આ જીવત્વશક્તિ, આનંદ આદિ શક્તિ છે. સમજાણું કાંઈ? આ વસ્તુ આત્મા આવો છે એમ કહે છે. એ વસ્તુને ઓળખીને અંતર ધ્રુવ ઉપર દૃષ્ટિ દઈને એનો અનુભવ કરવો એના માટે આ વાત ચાલે છે. સમજાણું કાંઈ? એવા અનંત શક્તિઓથી (ભરેલો). આમાં ઓલું લીધું છે જરી આમાં કળશટીકામાં. અસ્તિત્વ, વસ્તુત્વ, પ્રમેયત્વ, અગુરુલઘુ એમ લીધું. આ જીવત્વશક્તિ આદિનું નથી. પછી આદિમાં નાખ્યું જુઓ!

આ આત્મા જેને પ્રાપ્ત કરવો છે અને ધર્મ કરવો એને આ આત્મા કેવો છે એ એને સમજવો પડશે. કહો, આ તો સાદી વાત છે હવે તો. સમજાણું કાંઈ? આત્મા એને કહીએ કે જેમાં જ્ઞાન, દર્શન, આનંદ આદિ પ્રાણ છે, જેમાં સુખાદિ ભરેલું છે, જેમાં પ્રભુત્વ, વિભુત્વ એવી શક્તિઓનું આખું એ સત્ત્વ છે. એમાં વિકાર ને શરીર ને કર્મ નથી. સમજાણું કાંઈ? એવો આત્મા જ્ઞાનમાં લઈને એ આત્મા ધ્રુવ છે એના ઉપર દૃષ્ટિ આપતા આવો આત્મા પ્રગટ થાય છે એમ કહે છે. અહીં તો સમ્યગ્જ્ઞાનીના આત્માની વાત ચાલે છે. સમજાણું કાંઈ?

એવી '**શક્તિઓથી સારી રીતે ભરેલો હોવા છતાં જે ભાવ જ્ઞાનમાત્રમયપણાને છોડતો નથી,...**' શું કીધું વળી? જેમ સાકર સફેદ, મીઠાશ આદિ હોવા છતાં તે મીઠાશને છોડતી નથી. સાકર છોડતી નથી. એમ આત્મા અનેક શક્તિ દર્શન, આનંદ વગેરે હોવા છતાં જ્ઞાનમાત્ર એ વસ્તુ છે. એ જ્ઞાનમાત્ર વસ્તુ છે. જ્ઞાનમાં અનંત ગુણો ભેગા આવી જાય છે. સમજાય છે કાંઈ? જ્ઞાન શેનું આ શાસ્ત્રનું? એ જ્ઞાનનો પુંજ છે એકલો. જેમ સાકર મીઠાશનો પિંડ છે. સાકર એ મીઠાશનો પિંડ છે. મીઠાશ કહે છે ને શું કહે છે હિન્દીમાં? મીઠાશ મીઠાશ. બસ, એ મીઠાશનો પિંડ છે સાકર. એમ આત્મા જ્ઞાનનો પિંડ છે. અનંત શક્તિ હોવા છતાં તે જ્ઞાનમાત્રભાવપણાને—જ્ઞાનમાત્ર-જાણવામાત્ર સ્વરૂપ છે તેને છોડતો નથી. સમજાય છે કાંઈ? જ્ઞાનમાત્રપણું ત્યાંથી કાંઈ નાશ થતું નથી. અનંત શક્તિસહિત હોવા છતાં જ્ઞાનથી આખો આત્મા છે એમ જણાય. આ એકલો જ્ઞાનનો પિંડ છે એવી દૃષ્ટિ કરતાં. એમાં અનંત શક્તિઓ ભલે હો, પણ જ્ઞાનમાત્ર આત્માને વસ્તુ જે કહી એ જ્ઞાનને છોડતો નથી. સમજાણું કાંઈ?

એમાં પુણ્ય-પાપના, રાગ-દ્વેષના, દયા-દાનના ભાવ એનામાં નથી, એના દ્રવ્યમાં નથી, એના ગુણમાં નથી, એની પર્યાયમાં નથી એટલે ભરેલો નથી એમ કહે છે. વિકારથી ભરેલો આત્મા નથી. આહાહા..! સમજાય છે કાંઈ? તેમ કર્મ અને શરીરથી ભરેલો આત્મા નથી. એનાથી તો ખાલી છે. અનંત જ્ઞાન, દર્શન, આનંદ આદિ સ્વભાવ એવી શક્તિઓથી ભરેલો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

હોવા છતાં '**જે ભાવ જ્ઞાનમાત્રમયપણાને છોડતો નથી, એવું તે, પૂર્વોક્ત પ્રકારે...**' માથે કહ્યું ને બધું? '**ક્રમરૂપે...**' ક્રમ એટલે કાળે કાળે ક્રમે અવસ્થા થાય. ક્રમરૂપે એ કાળકૃત છે, અક્રમરૂપે એટલે યુગપદ્ છે. સમજાણું કાંઈ?

અનંત આવા ગુણોથી ભરેલો આત્મા છતાં જ્ઞાનભાવને છોડતો નથી અને '**ક્રમરૂપે અને અક્રમરૂપે વર્તતા વિવર્તથી (-રૂપાંતરથી,...**' કાળકૃત ભિન્ન ભિન્ન અવસ્થા અને યુગપદ્ ગુણોનું અક્રમપણું. સમજાણું આમાં? આત્મામાં યુગપદ્ એકસાથે આવી અનંત શક્તિઓ છે અને ક્રમ કાળકૃત છે. ક્રમે ક્રમે ક્રમે આમ થાય. દરેક ગુણની. રાગનું ક્રમે થવું એ આત્મામાં છે નહિ. એની અહીં વાત છે જ નહિ. સમજાણું કાંઈ? જેને ધર્મ કરવો છે એટલે કે દુઃખથી મુક્ત થવું છે એટલે કે સ્વતંત્રતા આત્માની છે એવી પ્રાપ્ત કરવી છે એણે આવો આત્મા પહેલો જ્ઞાનમાં, શ્રદ્ધામાં લેવો પડશે. અને શ્રદ્ધામાં લઈને એની દૃષ્ટિ આત્મા ઉપર મૂકી અને અનુભવ કરવો કે શુદ્ધાત્મા છે એનું નામ સમ્યગ્દર્શન અને ધર્મ કહેવામાં આવે છે. કહો, સમજાણું આમાં?

'**ક્રમરૂપે અને અક્રમરૂપે વર્તતા...**' શું? '**વિવર્તથી (-રૂપાંતરથી, પરિણમનથી)...**' લ્યો વળી અક્રમે? એ તો શબ્દ. સાથે વર્તે છે ને? અક્રમે અનંતા ગુણ વર્તે છે યુગપદ્ અને પર્યાય કાળકૃત ક્રમે વર્તે છે. સમજાય છે કાંઈ? આત્મામાં અનંત ગુણો જે કહ્યા, આ ૪૭ શક્તિ વગેરે. એ એકસાથે યુગપદ્ સાથે વર્તે છે. અને પર્યાય જે થાય એ ક્રમે-ક્રમે, ક્રમે-ક્રમે ક્રમ. એક પછી એક એમ વર્તે છે. શું છે શેઠી?

મુમુક્ષુ :- રૂપાંતર...

ઉત્તર :- એ કહ્યું ને? કે અક્રમે વર્તતા, વર્તતા રહેલા એટલું. પછી વિવર્ત એ અનેક પ્રકારનું પરિણમન એ પ્રકારનું એમ. અનંત ગુણો વર્તે છે અને ક્રમે વર્તે છે. હવે એનું પરિણમન જે થાય છે રૂપાંતર ક્ષણે ક્ષણે. પરિણમનથી અનેક પ્રકારનું.. જુઓ!

'**દ્રવ્યપર્યાયમય...**' દ્રવ્યપર્યાયમય. દ્રવ્ય એટલે વસ્તુ અને પર્યાય એટલે આ ક્રમે થતી અવસ્થા. ક્રમે ક્રમે થતી અવસ્થા. આ જ મૂળ વસ્તુ છે આ વાત, કહે છે. કહો, જાદવજીભાઈ! પર્યાય શું છે હજી નામ સાંભળ્યું ન હોય હવે લ્યો, આટલા વર્ષમાં. પર્યાય કહે છે કે એક સમયે ક્રમે ક્રમે અનંત ગુણની અવસ્થા નિર્મળ થાય તેને પર્યાય કહે છે. એ પર્યાય નિર્મળ. અહીં તો આત્માની વાત લેવી છેને. નિર્મળ અવસ્થા કાળકૃત ક્રમે થાય એ રૂપાંતર થાય છે. સમજાય છે? એ ગુણનું પણ રૂપાંતર પર્યાયથી કહેવામાં આવે છે. ગુણ તો અક્રમે એકસાથે છે, પણ પર્યાય બદલે છે એટલે પર્યાયદૃષ્ટિએ ગુણ પણ બદલે છે. સમજાય છે કાંઈ?

'**ક્રમરૂપે અને અક્રમરૂપે વર્તતા વિવર્તથી (-રૂપાંતરથી, પરિણમનથી) અનેક પ્રકારનું,**

**દ્રવ્યપર્યાયમય ચૈતન્ય...**' લ્યો! દ્રવ્યપર્યાયમય ચૈતન્ય. ભગવાન અનંત ગુણનો પિંડ ધ્રુવ એ દ્રવ્ય. અને એની ક્ષણે ક્ષણે થતી નિર્મળ અવસ્થા તે પર્યાય. એ દ્રવ્યપર્યાયમય દ્રવ્ય. એ દ્રવ્યપર્યાયમય વસ્તુ. આહાહા..! સામાયિક કરવી અને પોષા કરવા એમાં આ કાંઈ સમજવું પડે? કહો, ઝવેરચંદભાઈ! કોઈ દી સમજ્યા છો કોઈ દી આ?

મુમુક્ષુ :- રૂપાંતર સમજાણું નહિ.

ઉત્તર :- બદલે છે. રૂપાંતર પર્યાય.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નહિ. નહિ. એ અહીં નહિ. રૂપાંતર નામ અવસ્થાંતર, બદલવું. રૂપાંતર—એકરૂપે ન રહેવું (અને) ભિન્ન અનેરી અનેરી અવસ્થા થવી તે. એકરૂપ અવસ્થા ન રહેતા, એક પ્રકારે ન રહેતા અવસ્થાંતર... અવસ્થાંતર... અવસ્થાંતર (થવું). એમ. સમજાય છે કાંઈ?

જેને આ આત્મા,... કહે છે કે જેને સમ્યગ્જ્ઞાન થયું, સમ્યગ્દર્શન થયું, ધર્મની દશા થઈ એને અનંત ધર્મો અક્રમે વર્તે છે અને ક્રમે ક્રમે નિર્મળ અવસ્થા થાય એવી દ્રવ્યપર્યાયમય વસ્તુ એને ચૈતન્ય કહે છે. સમજાણું કાંઈ? એ શરૂઆત કરે છે સરવાળો કરે છે. ક્રમ-અક્રમ વર્તતા. '**દ્રવ્યપર્યાયમય ચૈતન્ય...**' જોયું! દ્રવ્ય એટલે વસ્તુ અને પર્યાય એટલે અવસ્થા. એ મય વસ્તુ છે, એ મય વસ્તુ છે. રાગાદિ, પુણ્ય-પાપાદિ કે શરીરાદિ એ વસ્તુ નથી. આમ તો આત્મા આત્મા બધાય કરે છે પણ આવો આત્મા સર્વજ્ઞે કહેલો, જોયેલો, જાણેલો અને એવો છે. એવો જે અંતર દૃષ્ટિમાં લે ત્યારે તેને ધર્મ થાય. નહિતર ધર્મ-બર્મ થાતો નથી. કહો, ત્યારે એને સામાયિક થાય એમ કહે છે. એ સામાયિક તે ક્રમે ક્રમે પ્રવર્તતી પર્યાય છે.

સામાયિક એટલે? વીતરાગ પર્યાય ક્રમે ક્રમે કાળકૃત અવસ્થા થાય તેને સામાયિક કહીએ. વસ્તુ તો ત્રિકાળ ભરી છે. સમજાણું કાંઈ? એક જણાને પૂછયું કે ભાઈ, તમારી સામાયિક ત્રસ કે સ્થાવર? એ આપણને આવડતું નથી. અમને શીખવ્યું નથી. કહો, આવડા અને સાધુ થઈને બેસે. સાધુ હોં! મોહનલાલજીના શિષ્ય હતા, લીંબડી સંઘાડાના. કીધું, સામાયિક, પોષા તમારી કરો છો એ ત્રસ છે કે સ્થાવર? ભગવાન જાણે. ઝવેરચંદભાઈ! કીધું કે આ સામાયિક ત્રસ કે સ્થાવર? આવા ને આવા આંધળા. ધર્મનું ભાન ન મળે અને સાધુ થઈને બેસે અને પોષા અને પડિક્કમણા કરીને બેસે. ભગવાનજીભાઈ!

મુમુક્ષુ :- એવું જ ચાલે છે.

ઉત્તર :- એવું ચાલે જ છે. કેમ ભગવાનભાઈ! મેં કીધું, સામાયિક ક્યાં રહેતી હશે? ક્યાં રહેતી હશે એ વળી શું? આ પથરણામાં બેસીએ એ સામાયિક. એમ નથી. ભાઈ! તને ખબર નથી. આત્મા વીતરાગી પર્યાય સ્વભાવની દૃષ્ટિએ પ્રગટ કરે એ સામાયિક આત્માની

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


પર્યાયમાં રહે છે. સામાયિક પથરણામાં નથી, કપડામાં નથી, આ રાગ થાય એમાં નથી. સમજાય છે? ગુણ તો ત્રિકાળ છે. ગુણી આત્મા અનંત ગુણનો પિંડ એવા આત્મા ઉપર દૃષ્ટિ આપતાં જે સમ્યક્ શુદ્ધતા (થાય), પહેલી દર્શન સામાયિક થાય, પહેલી સમ્યગ્દર્શન સામાયિક થાય એ પણ એક સામાયિક છે. સમજાણું કાંઈ? દર્શન સામાયિક. પછી ચારિત્ર સામાયિક. એ તો આંધળા એમ ને એમ ચાલે છે અનાદિથી અજ્ઞાની. એમ રખડશે. આહાહા..! આવો કાળ જુઓને! ઓહોહો..!

થોરના હમણાં કટકે કટકા થાય છે ત્યાં બહાર રસ્તામાં. થોરની મોટી વાડું કાપે છે ને. ઢગલા પડ્યા છે આમ ઢગલા. કોઈનો ટાંગો પડ્યો હોય તો તો માણસને એમ થાય. પણ આ તો એક એક કટકીમાં અનંતા જીવ. ઓહોહો..! એવા તો થોકના થોક થોર કટકા, કટકા કરી વાડ કરે છે. આહાહા..! જુઓ તો એ જીવની સંખ્યા અનંત, એમાંથી માણસ થવું અનંતે કાળે મુશ્કેલ છે. સમજાણું કાંઈ? અરે..! ક્યાં આવ્યો અને ક્યાં નીકળ્યો? અને શું એણે કરવાનું છે એની ખબરું ન મળે. કરવાનું હોય કાંઈક અને કરી બેસે કાંઈક. અનંત કાળથી રખડે છે. કેટલા પણ આ સમજ્યાને? આજ તો થોરને જોયા પણ લીલ-ફુગ આદિ લ્યોને. લીલ-ફૂગ સમજો છો? એ કાઈ. કાઈ હોય છે ને પાણીમાં. જળમાં કાઈ હોય છે. કાઈની એક કટકીમાં અસંખ્ય તો ઔદારિક શરીર છે. અસંખ્ય. એક આટલી કટકી લ્યો (એમાં) અસંખ્ય ઔદારિક શરીર. અને એક શરીરમાં અત્યાર સુધી સિદ્ધ થયા એનાથી અનંતગુણા જીવ છે. સમજાણું કાંઈ? ભાઈ! ન સમજાણું?

એ કાઈ નથી હોતી કાઈ? કાઈ શું? શેવાળ-કાઈ. એમાં એક રાઈ જેટલી કટકી લ્યો રાઈ જેટલી કાયમાંથી. રાઈ સમજો છો? આ છૂટી રાઈ. આટલી લીલ-ફૂગ-કાઈ લ્યો તો એમાં અસંખ્ય ઔદારિક શરીર છે. આ મોટા શરીર એવા ઔદારિક અસંખ્ય શરીર છે. અને એક શરીરમાં અત્યાર સુધી સિદ્ધ થયા એનાથી અનંતગુણા જીવ છે. સમજાણું નહિ? સમજાણું કે નહિ ભાઈ? અનંત જીવ છે. કેટલા અનંત? અત્યાર સુધી સિદ્ધ થયા, છ માસ અને આઠ સમયમાં ૬૦૮. છ માસ અને આઠ સમયમાં ૬૦૮ (જીવોની) મુક્તિ થાય છે. એવા અનંત થયા. તો એક શરીર, આટલું શરીર હોં! એક કટકી રાઈ જેટલી. આલુની, કંદમૂળની કોઈપણ એક કટકી લ્યો તો એમાં અસંખ્ય તો ઔદારિક શરીર છે સૂક્ષ્મ. અને એક શરીરમાં બે-બે પાછા, એક એક જીવને બે-બે શરીર. તૈજસ અને કાર્મણ. એવા અનંત જીવને અનંત તૈજસ અને કાર્મણ (શરીર) છે એમાં. આહાહા..! એમાં? એટલામાં? આહાહા..!

ભાઈ! વસ્તુ છે ભાઈ, એને ખબર નથી. એની જ્ઞાનની ગંભીરતા અને એનો વિષય જે જ્ઞેય અનંત છે અને અનંતને જાણવાની એની તાકાત છે. અને એવી, અનંતને જાણીને

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



જ્ઞાનસ્વરૂપે ત્રિકાળ છું એવી પ્રતીત કરવાની એનામાં તાકાત છે. સમજાણું કાંઈ? વિપરીત માન્યતા છે એ એની તાકાત નથી. એ તો વિપરીત કરીને બેસે છે. કેટલા અનંતના અનંત થોક છે જીવના. એમાંથી માંડ મનુષ્ય થયો, એમાં વળી આયુષ્ય લાંબુ હોય, કાંઈક નિરોગી શરીર હોય, એમાં વળી કદાચ આર્ય ક્ષેત્રમાં ન જનમ્યો હોય અને અનાર્ય ક્ષેત્રમાં જન્મ્યો હોય. લ્યો! આર્ય ક્ષેત્રમાં જન્મ્યો હોય અને રોગ થયો હોય શરીરમાં, રોગ રહ્યા કરતો હોય. પાંચ ઈન્દ્રિય સરખી ન હોય. કાન ન હોય ને આંખ ન હોય લ્યો. એમ કરતાં કરતાં સારું હોય તો પાછું સારું સાંભળવાનું મળતું ન હોય. કેટલી દુર્લભતા! સમજાય છે કાંઈ?

એ માટે અહીં કહે છે કે ભાઈ! તું આત્મા આવો છો ને. હવે અત્યારે સમજને. કિંમત કર એની. ચિદાનંદ ભગવાન અનંત ગુણનો પિંડ છે પ્રભુ. અંતર્મુખ જો. એ અનંત ગુણનો પિંડ છે અને તેની પર્યાય ક્રમે ક્રમે નિર્મળ થાય તેને આત્મા કહેવામાં આવે છે. એવો '**દ્રવ્યપર્યાયમય ચૈતન્ય (અર્થાત્ એવો તે ચૈતન્યભાવ-આત્મા)**' એમ. સ્વભાવભાવ લીધોને. એવો ચૈતન્યભાવ તે આત્મા. આત્મા કહો કે ચૈતન્યભાવ કહો એક જ. એમ. '**આ લોકમાં વસ્તુ છે.**' લ્યો! એ આ લોકમાં એક વસ્તુ છે. કેવી વસ્તુ હશે? આ દાગીનો અને વસ્તુ થાય એવી હશે આ? વસ્તુ છે. અંદર શક્તિ અનંત વસેલી એવી વસ્તુ છે. તેથી વસ્તુ શબ્દ નાખ્યો છે અહીં. અનંત શક્તિ સંખ્યાએ ભરી છે માટે એવી વસ્તુ છે આ. ચૈતન્યમય ભગવાન આત્મા છે. આહાહા..! સમજાણું કાંઈ?

લ્યો! એક જણો કહે, વસ્તુ! આત્મા વસ્તુ! લે! વસ્તુ એટલે જાણે કોઈ આવડી નાની વસ્તુ અને કોઈક ક્ષેત્ર વ્યાપે તો વસ્તુ. આત્મા વસ્તુ કહેવાય? કેટલી વસ્તુ વ્હોરી આવ્યા? એમ કહે છે કે નહિ? એવી આ વસ્તુ છે કહે છે. એ વસ્તુ તો બધી સમજવા જેવી. એ તો અનંત રજકણનો પિંડ છે. કોઈપણ વસ્તુ લેવા ગયા તો અનંત રજકણનો પિંડ છે. આ તો એક એક વસ્તુ આવી અનંત ગુણનો પિંડ ભગવાન છે પોતે. એ આ લોકમાં આવી એક વસ્તુ છે. તેને આત્મા કહેવામાં આવે છે. એ આત્માને જાણીને અંતર દૃષ્ટિ કરવી, અનુભવ કરવો, આ એનું નામ સમ્યગ્દર્શન, પ્રથમ સામાયિક કહેવામાં આવે છે. અને એનું નામ પૌષધ છે. આત્મા અનંત ગુણનો પિંડ છે એવી અંતર દૃષ્ટિ કરીને સ્થિર થવું એનું નામ પૌષધ. આત્માને પોષ્યો શુદ્ધ ભાવથી. એ વિના પોષા બધા એકડા વિનાના મિંડા છે. પૌષધ કહે છે અગિયારમું વ્રત. અગિયારમું વ્રત. સામાયિક નવમું વ્રત. સમ્યગ્દર્શનના ઠેકાણા નહિ અને વ્રત થઈ ગયા એને. ક્યાંથી આવ્યું? નવમું અને અગિયારમું.

આવી વસ્તુ છે તેને દૃષ્ટિમાં લે ત્યારે અનુભવ થાય, ત્યારે એને સમ્યગ્દર્શનની સામાયિક થઈ. પછી સ્વરૂપમાં ઠરે અંદર શાંતિ ઉગ્ર શાંતિ... શાંતિ... શાંતિ... શાંતિ... કેમકે વસ્તુ શાંતસ્વરૂપ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

છે. અવિકારી અકષાય સ્વરૂપ છે. એમાંથી એકાગ્ર થઈ, શક્તિરૂપ છે ને આખું? એકાગ્ર થઈને શાંતિ, અરાગીતા, વીતરાગી પર્યાય પ્રગટ થવી વિશેષ એને ચારિત્રની સામાયિક કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- આવો ઉપયોગ કેટલો સમય રહે?

ઉત્તર :- એ સામાયિક તો અમુક કાળે રહે નિર્વિકલ્પ ઉપયોગ. બાકી શુદ્ધતા તો કાયમ રહે ને. શુદ્ધ પરિણતિ કાયમ રહે. ઉપયોગ રહે તો થોડો કાળ રહે અંતર્મુહૂર્ત થોડો. સમજાય છે કાંઈ? શું કહ્યું વળી ઉપયોગ અને પરિણતિ? આવો આત્મા છે એવો અંતરમાં ઉપયોગ લાગુ પડી જાય, જ્ઞેય-જ્ઞાતા ભેદને છોડીને, તો નિર્વિકલ્પ ઉપયોગ થોડો કાળ રહે. અંતર્મુહૂર્ત આદિ. બાકી શુદ્ધ પરિણતિ પ્રગટ થઈ છે, સમ્યગ્દર્શન-જ્ઞાન અને શાંતિ જે પ્રગટ મોક્ષમાર્ગ થયો એ શુદ્ધ પરિણતિ તો કાયમ રહે. સમજાણું કાંઈ? એ કાયમ રહે. ઉપયોગ કોઈ વાર અંદર લાગુ પડે અને કોઈવાર બહાર હોય.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. રાગ બહાર જાય. છતાં શુદ્ધ પરિણતિ તો શુદ્ધ પરિણતિ જ છે. એવી ચીજ જગતમાં (છે) એને ભગવાન આત્મા કહે છે. લ્યો!

'**ભાવાર્થ :- કોઈ એમ સમજશે કે આત્માને જ્ઞાનમાત્ર કહ્યો...**' આવ્યું છે ને જ્ઞાનમાત્ર ઘણે ઠેકાણે? '**તેથી તે એકસ્વરૂપ જ હશે.**' જ્ઞાન જ હશે. જ્ઞાન આત્મા... જ્ઞાન આત્મા એમ કહ્યું છે. માટે જ્ઞાન જ એક સ્વરૂપે હશે? '**પરંતુ એમ નથી. વસ્તુનું સ્વરૂપ દ્રવ્યપર્યાયમય છે.**' દ્રવ્ય નામ કાયમ રહેનારું તત્ત્વ ધ્રુવ અને અવસ્થાનું બદલવું. એ બે થઈને આત્મા કહેવામાં આવે છે. વસ્તુ કહેવામાં આવે છે. એ તો સમુચ્ચય કીધી વાત. એ સમુચ્ચય પહેલી કીધી.

'**વસ્તુનું સ્વરૂપ દ્રવ્યપર્યાયમય છે. ચૈતન્ય પણ વસ્તુ છે,...**' એમ કહે છે. ભગવાન આત્મા પણ એક વસ્તુ છે. '**દ્રવ્યપર્યાયમય છે.**' દ્રવ્ય એટલે ધ્રુવપણું અને પર્યાય એટલે અવસ્થાપણું. બે થઈને આત્મા છે. '**તે ચૈતન્ય અર્થાત્ આત્મા અનંત શક્તિઓથી ભરેલો છે...**' એ અનંત શક્તિ સહિત જ છે એમ કહે છે. ભરેલો એટલે. એ શક્તિઓ કાંઈ બહાર છે અને આત્મા જુદો છે એમ નથી. ભગવાન અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતઆનંદ, અનંત પરમેશ્વરતા, ષટ્કારકના ગુણો, પોતે સ્વતંત્ર પોતાની દશાને કરે એવી શક્તિઓથી ભરેલો પદાર્થ છે. એને પરમાં કાંઈ શોધવાનું નથી.

'**અને ક્રમરૂપ તથા અક્રમરૂપ અનેક પ્રકારના પરિણામના વિકારો...**' લ્યો વિકાર આવ્યો.

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


મુમુક્ષુ :- આ વિકાર નહિ.

ઉત્તર :- એ વિકાર નહિ. આ વિકાર એટલે વિશેષ કાર્ય.

કહે છે, ક્રમરૂપે નિર્મળ અવસ્થા જે આત્માની થાય, સમ્યગ્દર્શન-જ્ઞાન એ ક્રમરૂપ વિકાર. ક્રમરૂપ વિશેષે કાર્ય. વિકાર એટલે દોષપણું અહીં નહિ. સમજાણું કાંઈ? '**ક્રમરૂપ તથા અક્રમરૂપ અનેક પ્રકારના પરિણામના વિકારો...**' પરિણામની વિશેષતાઓ. એના '**સમૂહરૂપ...**' એનો સમૂહ એવો ભગવાન આત્મા છે. '**અનેકાકાર થાય છે...**' અનેક ગુણ અને અવસ્થારૂપે હોય છે. '**તોપણ જ્ઞાનને-કે જે અસાધારણ ભાવ છે...**' અસાધારણ. એક જ ગુણ એવો છે અસાધારણ કે બીજો કોઈ ગુણ એવો નથી. સવિકલ્પ ગુણ એક જ અસાધારણ. બાકી બધા ગુણો નિર્વિકલ્પ છે. '**તેને-છોડતો નથી,...**' આવા અનંત પ્રકારના ગુણો અને અવસ્થાઓનું રૂપાંતર હોવા છતાં ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ છે, ચૈતન્યસ્વરૂપ છે. તેને ગુણથી અને પર્યાયમાંથી છોડતો નથી.

'**તેની સર્વ અવસ્થાઓ-**' ભગવાન આત્માની બધી દશાઓ. ત્રણ શબ્દ વાપરે છે. આત્મા જ્ઞાનમય છે એવી અનંતગુણની શક્તિઓ સાથે હોવા છતાં તેની બધી અવસ્થાઓ, બધી દશાઓ એને પરિણામ પણ કહેવામાં આવે છે. અવસ્થા થાય નિર્મળ જ્ઞાન, દર્શન, આનંદ એને અવસ્થા પણ કહેવાય છે, એને પર્યાય કહેવાય છે. રાગમય નથી, નિમિત્તમય નથી એમ કહેવું છે. ચૈતન્ય આત્મા કહ્યો ને અહીંયાં તો? જ્ઞાનસ્વરૂપ. એની બધી અવસ્થા. અવસ્થા કહો કે પરિણામ કહો. અને તેની પર્યાયો. એ તો એને ને એને શબ્દ વાપર્યો છે. જાણવા-દેખવાની પર્યાયમય અનંતી પર્યાય છે. કહો, સમજાય છે કાંઈ?

રાગને કરે. સમજાણું કાંઈ? એની જ્ઞાનપર્યાયને કરે. જાણવું-દેખવું એની સાથે અનંત ગુણ હો પણ જ્ઞાનની પર્યાય કરે. જાણવા-દેખવાની અવસ્થા પરિણામ-પર્યાય અને દશા એ બધી જ્ઞાનમય જ છે. આહાહા..! ધર્મીને ક્ષણે ક્ષણે જ્ઞાનની અવસ્થા બદલવા છતાં જ્ઞાનમય જ અવસ્થા છે. રાગ હોય તોપણ એની જ્ઞાનમય એ અવસ્થા એની. રાગનું જ્ઞાન એ પોતાની અવસ્થા. સમજાણું કાંઈ? કોઈ દી તત્ત્વ શું છે એનો વિચાર નહિ. જાધવજીભાઈ! મોઢા આગળ પડ્યા હોય, બેઠા હોય અને પછી આ કરો જાવ. આવો ભગવાન આત્મા. કહે છે કે તને માહાત્મ્ય આવતું નથી અને પરના માહાત્મ્ય તને છૂટતા નથી. પણ આવી ચીજ છે એનું માહાત્મ્ય આવતા, પુણ્ય-પાપના વિકલ્પ અને એના ફળ અને બંધનનું માહાત્મ્ય ઊડી જાય. ઓહોહો..!

સમ્યગ્દર્શનમાં આત્મા આવો (છે એવું) ભાન થતાં પોતાનું માહાત્મ્ય આવતા પરવસ્તુનું માહાત્મ્ય છૂટી જાય. મને આ મળ્યું ને મને આમાં મોટો, આનો મોટો છું. બધો મિથ્યાત્વભાવ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

છે. કહો, પ્રાણભાઈ! કહો, પૈસાથી મોટો, આબરૂથી મોટો, શરીરથી મોટો, જાડો, મકાનથી મોટો. મોટા મકાન પાંચ-પાંચ લાખના. કહે છે કે, ભાઈ! એ તારી ચીજ નથી ને એનાથી તું મોટો? એ તો મિથ્યાત્વભાવ છે, અજ્ઞાનભાવ છે, દુઃખભાવ છે, પાપભાવ છે. એનાથી રહિત ભગવાન આત્મા એકલો જ્ઞાનસ્વરૂપ છું. જાણનાર-દેખનાર છું. રાગાદિ હું નહિ. એ અહીં કરવાનું નથી. અહીં તો કહે છે, જ્ઞાનમય જ છું, આનંદમય છું, પ્રભુતામય છું. એવું એક સ્વરૂપ ભગવાન, એની અંતર દૃષ્ટિ થતાં તેની નિર્મળદશા જે પ્રગટ થાય તેને ધર્મ કહે છે. એ કાળકૃત ભેદ પડે છે એમાં. ગુણમાં કાળકૃત ભેદ નથી. કહો, સમજાણું? લ્યો એક શ્લોક થયો એ ૨૬૪. હવે આ શક્તિ નથી કે એક-બે શક્તિ ચાલે અને કલાક પૂરો થઈ જાય. શક્તિ તો પૂરી થઈ ગઈ હવે. પૂરી થઈ અને આખો આત્મા પૂરો કર્યો. સમજાણું કાંઈ?

**'આ અનેકસ્વરૂપ-અનેકાંતમય-વસ્તુને...'** **'આ...'** એટલે આત્મા. **'અનેકસ્વરૂપ-'** એટલે? જુઓ! અનેકસ્વરૂપ એટલે અનેકાંતમય એમ. અનેક અંત એટલે ધર્મ, ધર્મ એટલે શક્તિ. એ અનંત શક્તિ. અનેકાંતમય અનેકશક્તિ. એક જ શક્તિ નથી, અનેકાંત શક્તિ છે. અનંત શક્તિ છે એમ. એવી અનેકાંતમય વસ્તુને **'જેઓ જાણે છે,...'** આ અનેકસ્વરૂપ એવો અનેકાંતમય આવો ગુણમય, શક્તિમય એવો આત્મા **'જેઓ જાણે છે, શ્રદ્ધે છે અને અનુભવે છે, તેઓ જ્ઞાનસ્વરૂપ થાય છે...'** એટલે જે સ્વરૂપે છે તે રીતે થાય છે. **'એવા આશયનું, સ્યાદ્વાદનું ફળ બતાવતું કાવ્ય હવે કહે છે :-'**

૨૬૫.

**नैकान्तसङ्गतदृशा स्वयमेव वस्तु-**
**तत्त्वव्यवस्थितिमिति प्रविलोकयन्तः।**
**स्याद्वादशुद्धिमधिकामधिगम्य सन्तो**
**ज्ञानीभवन्ति जिननीतिमलङ्घयन्तः।।२६५।।**

**'जिननीति'** વીતરાગના જ્ઞાનના ન્યાયને નહિ ઓળંગતો થકો. વીતરાગે કહેલો જે આત્મા, પરમેશ્વરે કહેલો આત્મા એ **'जिननीति'**. સમજાણું કાંઈ?

**'શ્લોકાર્થ :- આવી (અનેકાંતાત્મક) વસ્તુતત્ત્વની વ્યવસ્થિતિને...'** આ રીતે એક જ ગુણ છે આત્મામાં એમ નહિ. તેમ ધ્રુવ જ છે એમ નહિ, તેમ પર્યાય જ છે એમ નહિ. પર્યાય પણ છે, ધ્રુવ પણ છે, અનેક ગુણ પણ છે. **'આવી (અનેકાંતાત્મક)...'** અંત એટલે ધર્મસ્વરૂપ. અનેક ધર્મસ્વરૂપ વસ્તુતત્ત્વ. ભગવાન આત્માનો વસ્તુનો ભાવ એની વ્યવસ્થિતિ. એની જે રીતે સ્થિતિ છે તે રીતે. **'અનેકાંત-સંગત...'** અનેકાંત-સંગત. એટલે

કે અનંતધર્મસહિત અને એક ધર્મમાં બીજો ધર્મ નહિ, એક પર્યાયમાં પર્યાય સમયની એટલો ગુણ નહિ અને ગુણ ત્રિકાળ તે સમય (જેટલો) નહિ. એવું અનેકાંત સંગત. સમજાણું કાંઈ? '**(-અનેકાંત સાથે સુસંગત, અનેકાંત સાથે મેળવાળી) દૃષ્ટિ વડે...**' લ્યો! જુઓ આ બીજા બધા કહે છે ને ભાઈ, આત્મા ભગવાને કહ્યો એમ નહિ. ભગવાન કહે છે એમ નહિ. આપણે તો આપણાથી માનો. એ વસ્તુનું સ્વરૂપ જાણતા નથી. અજ્ઞાનીઓ દુનિયાને ભરમાવે છે. એય.. ભગવાનજીભાઈ!

મુમુક્ષુ :- .. તર્ક કરે છે.

ઉત્તર :- તર્ક શું? જૂઠ તર્ક કરે? ભાન ન મળે ને.

એક આત્મામાં અનંત ગુણ છે અને ગુણ છે તે નિત્ય છે અને પર્યાય છે તે અનિત્ય છે. એવું અનેકાંતનું સ્વરૂપ છે. એવું સર્વજ્ઞ સિવાય કોઈ ત્રણ કાળમાં કોઈ જાણી શકે અને કહી શકે નહિ. જ્ઞાની હોય એ જાણે પણ એ તો સર્વજ્ઞે કહેલું અનુભવે છે ને બધું? સમજાણું કાંઈ? જુઓ! આવી અનેક સ્વરૂપ વસ્તુની વ્યવસ્થિતિ એને અનેકાંત સંગત. લ્યો, આવું સમજે તો કહે ચક્કરમાં પડ્યા એમ કહે છે કેટલાક. સોનગઢના ચક્કરમાં પડ્યા. એય..! સોનગઢનું ચક્કર છે કે આત્માનું ચક્કર છે? આત્મા જ આવો છે. લ્યો, બેસી જાવ, શરીર મોળું પાડી દ્યો, શૂન્ય થઈ જાઓ. શું પણ શૂન્ય થાય? મૂઢ થઈ જઈશ. એય..! તમારા ભાઈ હતા ને એમાં? બેઠા હતા ને આઠ દી માં? શૂન્ય થઈ જાય, મૂઢ થઈ જાઓ એમ. આહાહા..! અને મહાવીર અને મહંમદ બે સરખા. ઈસા અને મહાવીર સરખા. મરી જઈશ. આ દુનિયા બિચારી ગાંડી છે. તાળીયું પાડે અંદર હો.. હા.. હા... વાહ રે વાહ! દેખાવ મોટી દાઢી ને મોટું આ કરે, આંખ આવડી, પ્રોફેસર. આપણા અહીંના માણસો વખાણ કરતા કેટલાક હોં. બોલવામાં. શું છે પણ હવે? એ ભાઈ વાત કરતા. કરતા એને જરી ઓલું હતું. આવ્યા હતા ને શાંતિભાઈ ગઢાળીવાળા, ઈ વાત કરતા હતા. ભાષાના પથારા એકલા પણ વસ્તુ શું છે?

અહીં તો આત્મા.. જુઓ! જ્ઞાનમય કીધો ને? એટલે સર્વજ્ઞમય છે આત્મા. આત્મા એકલો સર્વજ્ઞસ્વભાવ છે. એમાં અનંતા ગુણો ભેગા આવી જાય છે. એક એક આત્મા સર્વજ્ઞસ્વભાવી છે. જ્ઞાનમય કહો કે સર્વજ્ઞસ્વભાવી કહો એ તો એક જ થયું. જ્ઞાનમય છે એટલે એ જ્ઞાન કેટલાને અને કોને ન જાણે? બધાને જાણે. સમજાણું કાંઈ? આહાહા..! ઉપચારથી સર્વજ્ઞ કહ્યા. ઓલું આવ્યું ને? લોકાલોકને જાણવું ઈ. સાચું સર્વજ્ઞપણું નહિ. સાચું સર્વજ્ઞપણું છે ભાઈ! તને ખબર નથી. ઓલામાં કહ્યું કે ઉપચાર અગ્નિનો કરે કોઈ માથે તો અગ્નિ બાળે કો'કને? આ છોકરો અગ્નિ જેવો છે નથી કહેતા? તીખો હોય એને. આકરી પ્રકૃતિ હોય

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


તો બોલાવશો નહિ અગ્નિ જેવો છે હોં એ છોકરો. એમ થાય છે ને? ભગવાનજીભાઈ! કેવા? તીખા માણસ હોય આમ. બોલાવે તો બોલાઈ જાય. બોલાઈ જાય નહિ. કેમ સાહેબ ઠીક છે? શું ત્યારે માંદા છીએ અમે? જવાબ જ એવો આપે. કેમ ભાઈ ઠીક છે? તો શું અમે રોગી છીએ? સમજ્યા? કોઈ માણસ એવા તીખા હોય છે ને. તો કહે ઠીક છે ભાઈ? તો કહે, અમે માંદા છીએ? રોગી છીએ? તો ઠીક છે પૂછે છે? ગરમ થઈ જાય છે. ઠીક છે? એમ કહે છે. તમને ઠીક છે? તો શું અમે માંદા છીએ? રોગી બિમાર છીએ? ઠીક છે શું પૂછે છે? અમે બિમાર છીએ? એવા તીખા માણસો હોય છે. આહાહા..! એને કહે અગ્નિ જેવો લાગે છે આ તો. અગ્નિનો પટારો છે. અગ્નિ થઈ જતી હશે? કષાય અગ્નિ છે. કષાય અગ્નિથી જળે છે, બળે છે.

ભગવાન આત્મા એ કષાય અગ્નિથી રહિત છે. શાંત જેનું સ્વરૂપ છે, આનંદ જેનું રૂપ છે. સમજાણું કાંઈ? એવો જે ભગવાન આત્મા એને અનેકાંતની '**દૃષ્ટિ વડે સ્વયમેવ દેખતા થકા,...**' ભાષા જુઓ! અનેકાતંની દૃષ્ટિ વડે સ્વયમેવ દેખતા થકા. કો'કે કહ્યું એમ નહિ, ભગવાન કહે એમ પણ નહિ. એમ કહે છે. પોતાના આત્મામાં આવો ધર્મ ને ગુણ ને પર્યાય છે કે નહિ? એમ સ્વયમેવ પોતાના આત્માને અનંત ગુણવાળો, અનંતી પર્યાયવાળો એવું અનેકાંત સાથે મેળવાળી દૃષ્ટિ વડે. જોયું! '**સ્વયમેવ દેખતા થકા,...**' સ્વયમેવ. પોતાની મેળે દેખતા થકા. જુઓ! એમાં ક્યાંય રાગનો આશ્રય કે વિકલ્પનો આશ્રય એમ નથી આમાં.

મુમુક્ષુ :- વ્યવહારનો આશ્રય ખરો.

ઉત્તર :- વ્યવહારનો આશ્રય બિલકુલ નથી. સ્વયમેવ દેખતા થકા. પોતાની જ્ઞાનપર્યાયથી આવો અનેકાંત સંગત. અનેક એટલે એમાં અનંત ગુણ છે, અનંત ધર્મ છે. એવો આત્મા આત્મા એકલો કરે એમ ન ચાલે. આત્મામાં સર્વજ્ઞ નામનો ગુણ છે, સર્વદર્શિનો ગુણ છે, અનંત આનંદ છે, અનંત બળ છે, અનંત સ્વચ્છતા છે, અનંત પ્રભુતા છે એવી એવી અનંત શક્તિઓ એક એક આત્મામાં છે. એવા આત્માને જાણીને પોતાના સ્વયમેવ દૃષ્ટિથી જો, એમ કહે છે. કોઈનો સહારો નથી.

'**સ્વયમેવ દેખતા થકા,...**' ભગવાન આત્માને પોતાની મેળાએ, આવું વસ્તુનું સ્વરૂપ છે એમ અંતરમાંથી, અંતર્મુખ થઈને સ્વયમેવ નામ રાગના સહારા વિના, નિમિત્તની અપેક્ષા વિના. ભાષા જુઓ! સમજાય છે? સ્વયમેવ એનો અર્થ કે પરની અપેક્ષા નથી. '**સ્વયમેવ દેખતા થકા, સ્યાદ્વાદની અત્યંત શુદ્ધિને જાણીને,...**' સ્યાદ્વાદ એટલે અપેક્ષાથી જે વાત કરી છે કે ગુણ છે તે નિત્ય છે, પર્યાય અનિત્ય છે એવી જે અપેક્ષાએ વાત કરી તેની શુદ્ધિને બરાબર જાણીને '**જિનનીતિને નહિ ઉલ્લંઘતા થકા,...**' જુઓ! જિનનીતિ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


'**(જિનેશ્વરદેવના માર્ગને)...**' એ નીતિ. જિનેશ્વર સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગ પરમાત્મા, એણે કહેલી નીતિ. નીતિ એટલે માર્ગ. જુઓ! આચાર્ય પણ કેવી રીતે ભલાણમ કરે છે! અમે કહેલું એમ નથી કહેતા. અહીં તો એ કહે છે એ જિનેશ્વર માર્ગ છે.

વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર, જેણે એક સેકન્ડના અસંખ્ય ભાગના સમયમાં પોતાનું પૂર્ણ સ્વરૂપ, જેણે જાણ્યુ, ત્રણ કાળ ત્રણ લોકનું (ને) પોતાનું (સ્વરૂપ એને) જણાઈ ગયું. એવા જિનેશ્વરનો માર્ગ પરમેશ્વરનો માર્ગ, વીતરાગ પરમેશ્વરનો માર્ગ એને નહિ ઓળંગતા, અજ્ઞાનીઓને નહિ માનતા. અજ્ઞાનીઓએ કહેલી વાતને ન માનતા, ભગવાનની આજ્ઞાને નહિ ઓળંગતા. દુનિયા માનો, ન માનો એની સાથે કાંઈ સંબંધ નથી. વિરોધ કરશે, દ્વેષ કરશે. આવે છે ને નિયમસારમાં.

હે જીવ! ભગવાને કહેલો આત્મા અનંત ગુણનો પિંડ પ્રભુ, એની અનંતી પર્યાયો એવું એનું સ્વરૂપ છે એક આત્માનું એની ભક્તિ કરજે. અંદરમાં એકાગ્ર થાજે. કોઈ નિંદા કરે તો જિનમાર્ગની ભક્તિ છોડીશ નહિ. ભક્તિ છોડીશ નહિ. દુનિયા એમ કહેશે કે હવે આવા? આ તો ભ્રષ્ટ થઈ ગયા. સમજાણું? બધામાં આવ્યું છે. આજે આવ્યું છે. એકાંત માર્ગ કરતા હતા એનો અજીતકુમારે બરાબર ફેંસલો (કર્યો). આહાહા..! સોનગઢનો એકાંત માર્ગ હતો, મિથ્યામાર્ગ ચાલે છે. એવું લખ્યું છે જૈનદર્શનમાં. અરે.. ભગવાન! તને ખબર નથી, ભાઈ! વાત એ છે કે એ લોકોને એમ થાય છે કે આ શુભરાગ છે ને એનાથી ધર્મ થાય કે પરંપરા ધર્મ થાય તો એ અનેકાંત માર્ગ કહેવાય. સમજાણું કાંઈ? શુભયોગ હોય છે ને? શુભયોગ. શુભ ઉપયોગ એનાથી ધર્મ સીધો થાય કે પરંપરા ધર્મ થાય એમ કહો તો અનેકાંત છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, એમ કહે છે ને. ખબર છે. એ અનેકાંત નથી, એકાંત છે.

જુઓ! '**સ્વયમેવ દેખતા થકા,...**' શુભરાગ એ આત્મા છે? એ તો અણાત્મા છે. શું થાય પણ એને સૂઝ પડે નહિ અંદરથી. અને આવું સાંભળ્યું ન હોય એટલે હે.. એકાંત છે રે એકાંત છે. સમ્યક્ મોક્ષ થવાનો જ માર્ગ છે એકાંત.

મુમુક્ષુ :- અનેકાંત એકાંત..

ઉત્તર :- નહિ. નહિ. સમજ્યા નહિ. નયથી એકાંત છે, પ્રમાણથી અનેકાંત છે. અનેકાંત પણ અનેકાંત છે ને. ભાઈ! આવે છે ને? અનેકાંત પણ અનેકાંત છે. એટલે? સમ્યક્ સ્વભાવથી આશ્રયથી મોક્ષ થાય એ સમ્યક્ નયથી એકાંત છે, પ્રમાણથી પર્યાય છે એમ જાણે છે. સમજાણું કાંઈ?

'**જિનનીતિને (જિનેશ્વરદેવના માર્ગને)...**' વીતરાગનો માર્ગ વીતરાગી પર્યાય પ્રગટ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


કરવી તે છે. ઓલા કહે કે, નહિ, અત્યારે એ હોય નહિ. મુનિને સમ્યગ્દૃષ્ટિને શુદ્ધઉપયોગ કોઈ દી ન હોય. કહો. અહીં કહે છે કુંદકુંદાચાર્ય કે આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ એને કહીએ કે શુદ્ધઉપયોગી હોય એને અમે આચાર્ય, ઉપાધ્યાય, સાધુ કહીએ. પ્રવચનસાર પાંચ ગાથા પહેલી. શુદ્ધઉપયોગ, પાંચ આચરણ નહિ એમ નહિ. પરમ શુદ્ધ ભગવાન આત્મા એનો અંતર ઉપયોગ છે જેને શુભ-અશુભ નથી એવો શુદ્ધ ભગવાન અનેકાંતમય વસ્તુ, શુદ્ધઉપયોગમય થયો અને શુભઉપયોગ નથી. એવા શુદ્ધઉપયોગી મુનિને જ આચાર્ય, સાધુ અને ઉપાધ્યાય કહેવામાં આવે છે જૈનશાસનમાં. સમજાણું કાંઈ?

જુઓ પ્રવચનસારમાં (ગાથા-૧-૫) છે. જુઓ. એ જ ભાઈએ લખ્યું. ટોડરમલજીએ એ જ લીધું છે પહેલું. જુઓ. 'જેમણે પરમ શુદ્ધઉપયોગ ભૂમિકાને પ્રાપ્ત કરી છે.' અમૃતચંદ્રાચાર્યનું કથન છે. સમજાય છે? શુદ્ધઉપયોગ. '**परमशुद्धोपयोगभूमिकानाचार्योपाध्यायसाधुत्वविशिष्टान् श्रमणांश्च प्रणमामि।**' ઓહો..! આચાર્ય કહે છે, જેને શુદ્ધઉપયોગ પરિણમ્યો છે, શુદ્ધઉપયોગ થયો છે એને અમે આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ કહીએ છીએ. પ્રવચનસાર કુંદકુંદાચાર્યનું કથન છે. અહીં તો કહે, શુદ્ધઉપયોગ અત્યારે હોય નહિ. કહો, શુદ્ધઉપયોગ ન હોય તો સાધુ ને આચાર્ય ને ઉપાધ્યાય પણ ન હોય. એમ કહે ને. આહાહા..!

મુમુક્ષુ :- .. છે.

ઉત્તર :- .. નહિ. એને એકલા શુભઉપયોગ સિવાય ક્રિયા સિવાય કાંઈ છે નહિ બીજું. એટલે એમાં એને ધર્મ અને સાધુપણું મનાવવું છે. મિથ્યાત્વ છે, તીવ્ર મિથ્યાત્વ છે. શુદ્ધ ઉપયોગી તે મુનિ કહેવાય. શુભવાળાને મુનિ કહ્યા છે, પણ એ આસ્રવવાળા છે માટે એને.. શુદ્ધ પરિણતિ છે, પણ જરી શુભ વિકલ્પમાં છે એટલે સઆસ્રવવાળા કહ્યા. અને નિરાસ્રવી શુદ્ધઉપયોગી તે ખરા સાધુ ગણવામાં આવ્યા છે. સમજાણું?

મુમુક્ષુ :- ગૌણ.

ઉત્તર :- ગૌણ એટલે વ્યવહાર. સમજાણું કાંઈ? આહાહા..!

અહીં પ્રવચનસારમાં તો ભગવાન કુંદકુંદાચાર્ય એ જ લે છે કે શુદ્ધઉપયોગ ભૂમિકા પ્રાપ્ત થઈ તેને અમે સાધુ કહીએ. અઠ્યાવીશ મૂળગુણ પાળે એને અમે સાધુ નથી કહેતા. એમ કહે છે. નગ્ન થઈને ફરે પણ શુદ્ધઉપયોગ નથી એને સાધુ કહેતા નથી. કહો, સમજાણું કાંઈ? શુદ્ધઉપયોગ સાંભળ્યો પણ ન હોય. ઝવેરચંદભાઈ સાંભળ્યો છે ત્યાં શેઠાઈમાં? ક્યાં ગયા ત્રિભુવનભાઈ? પણ વાતચીત કરો છો કે નહિ કાંઈ ઘરે? થાય છે ને. એ કહેતા હતા એક ફેરી. કે ઠપકો આપીને વાત કરે છે કોઈવાર. વાત પણ સાચી ભાઈ એ તો. આહાહા..!

આવો વીતરાગ માર્ગ પરમેશ્વર કેવળજ્ઞાનીનો કહેલો, રાગ ને પુણ્યના ઉપયોગ વિનાની

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

ચીજ તેને ધર્મ કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? છ ઢાળામાં નથી નાખ્યું? 'લાખ વાતની વાત નિશ્ચય ઉર આણો.' તો નિશ્ચય શુભઉપયોગ હશે? એ ઓલા ભાઈ કહેતા હતા ને કાલે નહિ? એમ કે ઓલી પાછળનો દાખલો આપે છે. છ ઢાળાનો આવે છે ને એ. જ્ઞાતા-જ્ઞેય-જ્ઞાન.. એ નહિ. ત્યાં શુદ્ધઉપયોગ હોય. પણ આ શું અત્યારે કહ્યું? 'લાખ વાતની વાત નિશ્ચય ઉર આણો.' નિશ્ચય ઉર આણો કોને? ચોથે, પાંચમે, છઠ્ઠે નહિ? આઠમે? સાતમે? અરે.. ભાઈ! આત્મા અંદર ખરી રીતે તો શુદ્ધઉપયોગ તે જ આત્મા છે. શુભઉપયોગ તો અણાત્મા છે. એ તો અજીવ છે. અહીં ચાલ્યું ને અત્યારે બધું. વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ છે એ તો અણાત્મા છે. એ આત્મા ક્યાં છે? આહાહા..!

ભગવાન આત્મા.. અહીં કહે છે, જિનેશ્વરના માર્ગને નહિ ઓળંગતા. સર્વજ્ઞ પરમેશ્વરે આત્માને શુદ્ધ ચૈતન્યશક્તિવાળો અને એની નિર્મળ પર્યાય (વાળો જોયો છે). શુદ્ધઉપયોગથી પ્રાપ્ત થાય છે. એ શુભઉપયોગથી પ્રાપ્ત થતો નથી. એનું નામ અનેકાંત છે. શુદ્ધથી પણ પ્રાપ્ત થાય અને શુભથી પણ પ્રાપ્ત થાય એ અનેકાંત નથી, એકાંત છે. સમજાણું કાંઈ? આ લોકોમાં શુદ્ધઉપયોગનું કામ પણ ક્યાં છે? ત્યાં તો એકલો વ્યવહાર-વ્યવહાર. આ વિધિ કરો ને આ વિધિ કરો. કૂચે મરે આખો દી બિચારા. ભગવાનની ભક્તિ કરો, શાંતિ યજ્ઞ શું કહેવાય છે? સનાતન પૂજા, આ સિદ્ધચક્રની પૂજા અને આ ફલાણી. એમાં ને એમાં મરી ગયા. આ ભગવાનને પૂજને પહેલો. આ કોણ છે એને જાણ્યા વિના બહારની પૂજા શું તને કામ કરશે? અહીં એને આત્મા કીધો જુઓ. જિનનીતિ વીતરાગ માર્ગને ઓળંગીને, ન ચાલ. ભાઈ! જિનનીતિને ઓળંગીશ નહિ. જોયું!

**'માર્ગ નહિ ઉલ્લંઘતા થકા,...'** આહાહા..! જિનનીતિ એટલે? વીતરાગી પરિણામ એ જિનનીતિ છે, માર્ગ એ છે. રાગ પરિણામ એ જિનનીતિ છે? એ વીતરાગનો માર્ગ છે? ભગવાન આત્મા પોતે જિનસ્વરૂપ છે, એના ગુણો પણ જિનસ્વરૂપ છે. આ એની પર્યાયમાં ભગવાને કીધું કે નિર્મળ પર્યાય તે જૈન નીતિનો માર્ગ છે. આહાહા..! સમજાણું કાંઈ? વીતરાગ કહે, અમારા માર્ગ સાથે અન્યને તું મેળવીશ નહિ. એમ કહેતા પહેલા. ખબર છે ને તમે લખતા ત્યાં. ૮૨માં હતા ત્યાં. ... એવો ટૂકડો આવે છે ભાઈ આચારાંગમાં. એ ટૂકડાનો અર્થ. હે ગૌતમ! મહાવીર પરમાત્મા ગણધરને કહે છે, હે ગણધર! મારા માર્ગની સાથે અન્યને મેળવીશ નહિ. મારો માર્ગ છે એની સાથે અન્યને મેળવીશ નહિ. મારો માર્ગ અને અન્યની સાથે ક્યાંય મેળ ખાશે નહિ. મિલાન નથી થતું. વીતરાગ માર્ગ સાથે અન્ય માર્ગનું મિલાન નથી થતું. કહો, સમજાય છે કાંઈ?

**'અત્યંત શુદ્ધિને જાણીને,...'** ભાષા એમ છે. જોયું! **'સ્વયમેવ દેખતા થકા,**

**સ્યાદ્વાદની અત્યંત શુદ્ધિને જાણીને,...**’ એમ. જેવું સ્વરૂપ છે અનેકાંત એવું જાણતા. અનેકાંત તો અમૃત છે. આવે છે ને? પ્રવચનસારમાં. અનેકાંત અમૃત છે. પૂર્ણાનંદ પ્રભુ હું રાગ હું નહિ, પણ એક સમયની પર્યાય જેટલો નહિ. રાગ ને વિકલ્પ શુભયોગ તો નહિ, પણ એક સમયની પર્યાય જેટલો નહિ, ધ્રુવ ત્રિકાળ. એવો જે સ્યાદ્વાદ માર્ગ એની શુદ્ધિને પ્રગટ કરીને, જાણીને. ‘**જિનનીતિને નહિ ઉલ્લંઘતા...**’ ભગવાન વીતરાગે કહેલો માર્ગ સ્વપ્નામાં પણ તેને નહિ છોડતાં. બીજા અજ્ઞાની જે કાંઈ કહેતા હોય એ બધું વીતરાગ માર્ગથી વિરૂદ્ધ છે. સમજાણું કાંઈ?

અનંત ધર્મ એવી શાંતિ આદિ ગુણો. એનો અંતર આશ્રય દ્રવ્યનો લેતા નિર્મળ દશા થાય. નિર્મળમાંથી નિર્મળતા થાય. નિર્મળતા ભલે એક સમયની હો અને આ નિર્મળ શક્તિ ત્રિકાળી હો. તો એ તો અનેકાંત સ્વરૂપ છે. પર્યાયમાં પ્રગટ કરવું છે એ ગુણમાંથી આવે છે. એટલે કે દ્રવ્ય પરિણમતા એ થાય છે. એવું દ્રવ્યસ્વરૂપ, એવું એનું ગુણસ્વરૂપ અને એવી એની નિર્મળ અવસ્થા એ રીતે અનેકાંતની શુદ્ધિને જાણીને વીતરાગમાર્ગને ‘**નહિ ઉલ્લંઘતા થકા, સત્પુરુષો જ્ઞાનસ્વરૂપ થાય છે.**’ એ ધર્માત્મા તે આનંદ અને જ્ઞાનસ્વરૂપ થાય છે. જ્ઞાનથી લીધું છે ને? ધર્મી પુરુષો ધર્મ એટલે જ્ઞાનસ્વરૂપ થાય છે એનું નામ ધર્મ. રાગ ને પુણ્યરૂપે થતા નથી. આહાહા..! સમજાણું કાંઈ? જુઓ! એને સત્પુરુષ કીધા. ઓલા સંત છે ને સંતો. સંતો છે એ સંત એટલે સમ્યગ્દષ્ટિ. સમ્યગ્દષ્ટિ એ સત્પુરુષો. હે ‘**સત્પુરુષો જ્ઞાનસ્વરૂપ થાય છે.**’ રાગરૂપે ને પુણ્યરૂપે થાય એ આત્મા નહિ એમ કહે છે. સમજાય છે કાંઈ? ચોથા ગુણસ્થાનથી માંડીને જ્ઞાનરૂપ થાય છે એમ કહે છે અહીં તો.

ચૈતન્ય ભગવાન અનંત ગુણનો પિંડ પ્રભુ, અને જ્ઞાનથી અવિનાભાવી શક્તિઓનું સત્ત્વ એ જ્ઞાનની નિર્મળતા જ્યાં પ્રગટ થઈ, એની સાથે અનંત ગુણની અવસ્થા પ્રગટ થઈ. તો જ્ઞાનસ્વરૂપ થયો. એ જ્ઞાનરૂપે થયો. જ્ઞાનરૂપે થયો એટલે બીજા ગુણરૂપે સાથે ન થયો એમ નહિ. પણ જ્ઞાનરૂપે થયો એટલે રાગરૂપે થયો નહિ. ભારે કામ. શુભરાગરૂપે થવું નહિ પણ શુદ્ધજ્ઞાનપણે થવું એ સત્પુરુષનું કાર્ય છે. આહાહા..!

‘**ભાવાર્થ :- જે સત્પુરુષો અનેકાંત સાથે સુસંગત દૃષ્ટિ વડે...**’ અનંત ધર્મો ત્રિકાળ છે, પર્યાય ક્રમે ક્રમે થાય છે, વસ્તુ અક્રમે છે એ અનેકાંત છે. એક ગુણમાં બીજો ગુણ નથી, એક પર્યાયમાં બીજી પર્યાય નથી એનું નામ અનેકાંત. શુદ્ધઉપયોગ એ આત્મા છે, શુભ એ આત્મા નથી. એ તો વાત કરી ને ભાઈ નહિ? અલિંગગ્રહણમાં. અલિંગગ્રહણમાં આવ્યું છે એ. ભારે ચારે કોર વાતું જુઓ તો ઓહોહો..!

ભગવાન આત્મા ચૈતન્ય શુદ્ધ સ્વરૂપ એને આચરણ કરતાં એનો શુદ્ધઉપયોગ થાય છે.

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


શુદ્ધઉપયોગ થાય છે એ જૈનનો માર્ગ છે. એ શુદ્ધઉપયોગ તે જૈનશાસન છે. કહો, સમજાણું કાંઈ? એ જૈનશાસન છે. શુભરાગ એ જૈનશાસન નથી. આહાહા..! '**અનેકાંત સાથે સુસંગત દૃષ્ટિ વડે...**' મેળવાળી દૃષ્ટિ વડે '**અનેકાંતમય વસ્તુસ્થિતિને દેખે છે,...**' જેવો ભગવાન આત્મા અનેકાંત છે તે રીતે અનેકાંતને દેખે છે. હવે એનું શું કામ છે આત્મા કેવો છે, વળી કોઈ એમ કહે. એના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ કેટલા છે એને જાણ એમ કહે છે. એ આગળ આવશે એ બધું છેલ્લે.

'**તેઓ એ રીતે સ્યાદ્વાદની શુદ્ધિને પામીને-**' ભગવાને કહેલા અનેકાંત માર્ગને અનેકાંત સ્વરૂપ આત્માને પામીને '**જિનદેવના માર્ગને-સ્યાદ્વાદન્યાયને-નહિ ઉલ્લંઘતા થકા, જ્ઞાનસ્વરૂપ થાય છે.**' જ્ઞાતા-દૃષ્ટા થઈ જાય છે એનું નામ માર્ગ અને ધર્મ છે. એમ કહે છે. રાગ પણ કરવો એ કાંઈ આત્મામાં છે નહિ. આહાહા..! જ્ઞાતા-દૃષ્ટા થઈ જાય છે તે તે જ્ઞાનરૂપ થાય છે તે વીતરાગ માર્ગમાં આવ્યો છે અને એને વીતરાગમાર્ગ કહેવામાં આવે છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

**અષાઢ વદ ૮, બુધવાર તા. ૧૭-૭-૧૯૬૮**
**શ્લોક-૨૬૫, પ્રવચન-૫૭૦**

સમયસાર. અધિકાર છે તો પરિશિષ્ટ આ બધું. સ્યાદ્વાદની વાત થઈ ગઈ. છેલ્લી છે ને છેલ્લી લીટી? '**(આ રીતે સ્યાદ્વાદ વિષે કહીને,..**' નીચે લીટી છે. બે કળશ પૂરા થઈ ગયા (૨૬૪) ને ૨૬૫. અનેકાંતનું સ્વરૂપ કહ્યું. આ શક્તિઓનું વર્ણન પણ અનેકાંતમાં આવે છે. '**હવે આચાર્યદેવ ઉપાય-ઉપેયભાવ વિષે થોડું કહે છે :-)**'

'**હવે આનો (-જ્ઞાનમાત્ર આત્મવસ્તુનો...**' શું કહે છે? કે આત્મા જે છે એ જ્ઞાનમાત્ર એની અનંત શક્તિઓ ભલે સાથે હો, પણ એને જ્ઞાનમાત્ર એટલે પુણ્ય-પાપના વિકાર અને કર્મ રહિત એવું એનું સ્વરૂપ આત્માનું છે. એ જ્ઞાનમાત્ર આત્માને '**ઉપાય-ઉપેયભાવ વિચારવામાં આવે છે...**' ઉપાય એટલે મોક્ષનો માર્ગ. નીચે કર્યું છે. '**ઉપેય એટલે પામવાયોગ્ય,...**' મોક્ષ. '**અને ઉપાય એટલે પામવાયોગ્ય જેનાથી પમાય તે.**' માર્ગ. '**આત્માનું શુદ્ધ (-સર્વ કર્મ રહિત) સ્વરૂપ અથવા મોક્ષ તે ઉપેય છે અને મોક્ષમાર્ગ તે ઉપાય છે.**' કહો, સમજાય છે? ઉપાય એટલે કે મોક્ષનો માર્ગ અને ઉપેય એટલે કે મોક્ષમાર્ગનું ફળ મોક્ષ. એ આ જ્ઞાનમાત્ર આત્મામાં શી રીતે બેય ઘટે છે? વસ્તુ એક જ્ઞાનમાત્ર અને વળી એમાં બે ભાગ. એક મોક્ષનો માર્ગ એટલે ઉપાય એટલે કારણ. અને મોક્ષ ઉપેય-ફળ મોક્ષદશા. એ એકરૂપ જ્ઞાનમાં એમાં કાંઈ રાગ નથી, પુણ્ય નથી કાંઈ નથી. એવો જે આત્મા જ્ઞાનસ્વરૂપ, ચૈતન્યસ્વરૂપ, અનંતગુણસ્વરૂપ શુદ્ધ. '**(અર્થાત્ આત્મવસ્તુ જ્ઞાનમાત્ર હોવા છતાં તેને ઉપાયપણું અને ઉપેયપણું બન્ને કઈ રીતે ઘટે છે તે વિચારવામાં આવે છે) :-**' હવે ટીકા. એટલો શબ્દ કર્યો. '**अथास्योपायोपेयभावश्चिन्त्यते-**' અમૃતચંદ્રાચાર્યનું છે. શું કહે છે?

'**આત્મવસ્તુને...**' ભગવાન આત્મા જે વસ્તુ છે પદાર્થ એને '**જ્ઞાનમાત્રપણું હોવા છતાં પણ...**' એ જ્ઞાનમાત્ર. જેમ ઓલામાં જ્ઞાન કહ્યું હતું છતાં અનંત ધર્મ લીધા. એમ '**જ્ઞાનમાત્રપણું હોવા છતાં પણ...**' બે ભાગ કેમ ઘટે? એમ કહે છે. સ્યાદ્વાદમાં તો એમ લીધું કે જ્ઞાનમાત્ર આત્મા. છતાં અનંત ગુણ સાથે છે એવું જ એનું અનેકાંત સ્વરૂપ છે. અહીં તો કહે છે કે જ્ઞાનમાત્ર હોવા છતાં પણ '**જ્ઞાનમાત્રપણું હોવા છતાં પણ...**' જ્ઞાનમાત્ર એટલે સમજાય છે કાંઈ? શું સમજ્યા આમાં જગજીવનભાઈ? જ્ઞાનમાત્ર એટલે શું? એકલું જ્ઞાન? જ્ઞાન ચૈતન્યને પરમભાવ જ્ઞાન ગણીને આખો આત્મા જ્ઞાનમાત્ર કહ્યો. પુણ્ય-પાપ કે રાગ-શરીર એમ અહીં

છે જ નહિ. એની વાત છે જ નહિ. એ જ્ઞાન વસ્તુ જાણવાનો સ્વભાવ તે પરમ વસ્તુ, પરમભાવથી ગણી જ્ઞાનમાત્ર કહ્યો. છતાં એમાં જીવત્વશક્તિ (આદિ) એવી અનંત શક્તિઓ સાથે છે. એ અનેકાંતપણું સિદ્ધ કર્યું. અનેકાંત એટલે અસ્તિ-નાસ્તિથી વિરુદ્ધ શક્તિનું પ્રકાશવું. એવું અનેકાંત અથવા એકથી અનંત શક્તિઓને પ્રકાશવી. હવે એ જ્ઞાનમાત્ર હોવા છતાં મોક્ષમાર્ગ થાય અને મોક્ષ થાય. વસ્તુ એક અને બે શી રીતે થાય? કહે છે. સમજાણું કાંઈ?

**'આત્મવસ્તુને જ્ઞાનમાત્રપણું હોવા છતાં પણ તેને ઉપાય-ઉપેયભાવ છે જ;...'** તેમાં મોક્ષનો માર્ગ અને મોક્ષ બે જ્ઞાનમાત્રમાં પણ ઘટી શકે છે. છે? શેઠી! આ તો સહેલું છે હોં! શક્તિ જેવું મોંઘુ નથી. આત્મા વસ્તુ છે ને? આમ વસ્તુ. એ એકલો જ્ઞાન, દર્શન, આનંદ અનંત શક્તિનું એકલું સત્ત્વ વસ્તુ એને અહીં જ્ઞાનમાત્ર આખો કહ્યો. હવે જ્ઞાનમાત્ર અથવા અનંત ગુણમાત્ર એવા આત્મામાં વસ્તુ એક અને એમાં સાધકપણું અને સિદ્ધપણું, મોક્ષનો માર્ગ કારણ અને કાર્યપણું એ બે શી રીતે ઘટે છે? સમજાણું કાંઈ?

**'કારણ કે તે એક હોવા છતાં...'** જુઓ! વજન અહીં છે. એ આત્મા પુણ્ય-પાપ અને રાગ છે એ તો એનાથી રહિતની જ અહીં વાત છે. સમજાણું? પહેલો નિશ્ચય સિદ્ધ કરે છે પછી વ્યવહારથી નિશ્ચયની પ્રસિદ્ધિ કરવા વ્યવહાર લેશે. અટપટું છે આ લખાણ. બહારમાં આમાંથી ઘણો વિપરીત અર્થ કરે છે કે જુઓ આ પહેલો વ્યવહાર આવે એ પછી વ્યવહારથી નિશ્ચય થાય એમ અમૃતચંદ્રાચાર્ય કહે છે. પણ અહીં અમૃતચંદ્રાચાર્ય પોતે તો અહીં કહે છે પહેલું કે વસ્તુ શુદ્ધ ચૈતન્યદ્રવ્યમાત્ર, જ્ઞાનમાત્ર, પુણ્ય-પાપ અને કર્મ, શરીરરહિત અને અનંત ગુણ નિર્મળ સહિત એવો એક આત્મા એમાં **'કારણ કે તે એક હોવા છતાં...'** એકના બે ભાગ લેવા છે. સમજાણું કાંઈ?

**'એક હોવા છતાં...'** પોતે એટલે જ્ઞાનસ્વરૂપ આત્મા, જ્ઞાનસ્વરૂપ આત્મા. જુઓ નીચે કર્યું. **'સાધક રૂપે અને સિદ્ધ રૂપે એમ બન્ને રૂપે પરિણમે છે.'** સાધક નામ આત્મા પરિણામી છે, બદલનારો છે **'અને સાધકપણું તથા સિદ્ધપણું એ બન્ને તેના પરિણામ છે.'** શું કહ્યું ઈ? આત્મા વસ્તુ છે આખી એ દ્રવ્ય એ પરિણામી છે. પરિણામી-પરિણામ કરનાર, અવસ્થા કરનાર, અવસ્થા થનાર. એ પરિણામી છે અને મોક્ષનો માર્ગ અને મોક્ષ એ બે પરિણામ છે. એ બે અવસ્થા છે. સમજાય છે?

મુમુક્ષુ :- બે પરિણામ છે.

ઉત્તર :- બે પરિણામ છે. વસ્તુ પરિણામી, વસ્તુ પરિણામી-આત્મા પરિણામી. હવે અહીંયાં કર્મ અને રાગની વાત છે જ નહિ. એકલો ભગવાન આત્મા પરિણામી એટલે બદલનારો એ આત્મા. એ કોણ છે જોયું? પોતે એમ. એટલે આત્મા. **'સાધક રૂપે અને સિદ્ધ રૂપે...'**

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


એ પરિણામ. પોતે એટલે આત્મા. અને સાધકરૂપે એટલે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના મોક્ષમાર્ગના પરિણામરૂપે અને મોક્ષની દશા અનંત જ્ઞાન-દર્શનની મોક્ષની દશા એ પણ પરિણામ છે. મોક્ષ અને મોક્ષનો માર્ગ એ પરિણામ છે-પર્યાય છે-અવસ્થા છે. કહો, સમજાય છે? જાધવજીભાઈ! મોક્ષ પણ પરિણામ છે કહે છે. પર્યાય છે ને? મોક્ષ ક્યાં દ્રવ્ય ને ગુણ છે? આહાહા..! કહો, અહીં દ્રવ્ય-ગુણ તો ત્રિકાળી પરિણામી વસ્તુ છે એમ કહે છે.

દ્રવ્ય અને ગુણ જે દ્રવ્ય છે એ અનંત ગુણનો પિંડ. અને અનંતગુણ છે એ પણ પરિણામી છે. બધા પરિણામી છે એટલે બદલનારા છે. સમજાણું? લ્યો! '**પોતે સાધક રૂપે...**' ભાષા જુઓ અહીંયાં. એ આત્મા જ્ઞાનસ્વરૂપ, આનંદસ્વરૂપ, અનંતગુણસ્વરૂપ એ પોતે આત્મા સાધકરૂપે. જુઓ! એમાં રાગ ન આવ્યો, પુણ્ય ન આવ્યું ક્યાંય. સાધકરૂપે થાય, નિશ્ચય મોક્ષમાર્ગપણે એ આત્મા પોતે થાય છે. આત્મા પરિણામી છે, શુદ્ધ ચૈતન્યદ્રવ્ય છે, શુદ્ધ ચૈતન્ય શક્તિઓ છે એ પરિણામી છે અને આ પરિણામ એનું છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એવો જે મોક્ષનો માર્ગ એ આત્માના જ્ઞાનના અથવા આનંદના અથવા અનંત ગુણના એ પરિણામ છે. સમજાણું કાંઈ? પરિણામ એટલે શું? આ છોકરાને પરિણામ આવતું હશે ઈ? આ છોકરાઓને નથી પરિણામ આવ્યું આ? પરીક્ષામાં પાસ-નાપાસ આવે એ હશે આ? પણ એ તો પરિણામ આવ્યું એ તો એનો સરવાળો. આ એમ નથી. આ તો પરિણામ એટલે વર્તમાન અવસ્થા. આખું દ્રવ્ય-ગુણ પોતે સમસ્ત પ્રકારે અવસ્થાપણે થાય છે. અનંતા ગુણો જે જ્ઞાનના, આનંદના શક્તિરૂપે જે છે એ બધા વર્તમાન પરિણામમાં જ્ઞાનપણે, આનંદપણે, સ્વચ્છતાપણે, પ્રભુતાપણે જેટલી શક્તિઓ કીધી ને એ બધી પરિણામિકભાવે છે, દ્રવ્ય પણ પરિણામિકભાવે છે. એને અહીંયાં પરિણામી કીધો છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ અહીં પરિણામી એમ લીધો છે ને? પરિણામનો કરનાર માટે પરિણામી. પણ પરિણામી પોતે પરિણામિકભાવે છે. અને અવસ્થા જે છે એ આખો આત્મા જે જ્ઞાન-દર્શન-આનંદરૂપ છે એ પોતે જ પોતાના પરિણામપણે પરિણમે છે. એટલે જ્ઞાનના પરિણામ, દર્શનના પરિણામ, આનંદના પરિણામ, સ્વચ્છતાના પરિણામ જે અનંત શક્તિઓ છે તેની વર્તમાન અવસ્થાપણે થાય, મોક્ષમાર્ગપણે થાય એને આત્મા પરિણામીના પરિણામ કહ્યા છે. સમજાય છે?

અહીંયાં તો ઉપાય અને ઉપેય સિદ્ધ કરવું છે. ઉપાય એટલે માર્ગ. ઉપેય એટલે માર્ગનું ફળ મોક્ષ. તો કહે છે કે વસ્તુ તો એક છે ચૈતન્યમૂર્તિ અનંત ગુણનો પિંડ. એ એક વસ્તુમાં આ બે પણું શી રીતે સંભવે? કે પોતે જ આત્મા મોક્ષના માર્ગપણે પરિણમે એ પરિણામ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

છે. પોતે પરિણામી છે અને મોક્ષપણે પરિણમે એ પણ પરિણામ છે. સમજાણું કાંઈ? ક્યાંક સમ્યગ્દર્શન-જ્ઞાનને ગુણ કહ્યા છે અને સિદ્ધને પણ આઠ ગુણ પ્રગટ્યા એમ કહે છે. તો ગુણ પ્રગટતા નથી. ગુણ એને કેમ કહ્યા? કે જે રાગ-દ્વેષ આદિ જે અજ્ઞાન હતું એ દોષ હતો એનાથી અભાવ થયો માટે ગુણ. છે તો પર્યાય.

મુમુક્ષુ :- સમ્યગ્દર્શનના પાછા આઠ અંગ છે.

ઉત્તર :- એ બધી આઠ એની પર્યાય, એના પ્રકાર છે. સમ્યગ્દર્શનમાં નિઃશંક આદિ તો એના ભેદ છે, નિર્મળ પર્યાય છે. આહાહા..! સમજાણું કાંઈ? આ તો ઘણી વાર ચાલી ગયું છે આ. આ તો પંદરમી વાર ચાલે છે આ. છેલ્લો થોડો ભાગ રહ્યો છે.

મુમુક્ષુ :- સાંભળનારા નવા નવા હોય ને.

ઉત્તર :- સાંભળનારા આ બધા જુના ઘણાય છે, કો'ક કો'ક નવા હશે. કહો, સમજાણું કાંઈ?

આ શરીર, વાણી, મન નહિ. અંદરમાં પુણ્યના ભાવ દયા, દાન, વ્રત, ભક્તિના થાય એ પણ નહિ. કારણ કે એ આત્મા નહિ. આત્મા તો જ્ઞાન, દર્શન, આનંદ આદિ અનંત શક્તિનું તત્ત્વ એવો આત્મા તે પરિણામી છે એટલે પરિણામનો કરનાર છે અને એ કર્તાની જે અવસ્થા થઈ તે તેના પરિણામ છે. તો કહે છે કે '**પોતે...**' એટલે આત્મા '**સાધક રૂપે...**' એટલે સમ્યગ્દર્શન-જ્ઞાનમાં ચારિત્રના જ્ઞાન પરિણામરૂપે. એ જ્ઞાન પરિણામ છે. રાગના નહિ, પુણ્યના નહિ, વ્યવહાર નહિ. સમજાણું કાંઈ? લ્યો, આ તો સહેલું છે એ તો મોંઘુ લાગે માણસને બફમ જેવું લાગે.

આખો આત્મા આમ છે. કહે છે કે વસ્તુ એક અને આ બે પરિણામ શું? કઈ રીતે? સમજાણું? અને સિદ્ધરૂપે એમ બન્ને રૂપે પરિણમે છે. વસ્તુ પોતે અનંત ગુણસંપન્ન એક વસ્તુ, છતાં એ આખો આત્મા અપૂર્ણ પર્યાય જે નિર્મળ મોક્ષમાર્ગની એ પણે આત્મા તે રીતે સાધકપણે પરિણમે છે. સીધો આત્મા સાધકપણે પરિણમે છે. એને વ્યવહાર અને નિમિત્ત છે માટે પરિણમે છે એમ નહિ. જુઓ! પહેલું એમ સિદ્ધ કર્યું છે. સમજાણું કાંઈ?

'**સાધક રૂપે...**' એટલે શુદ્ધ ચૈતન્યદ્રવ્ય, શુદ્ધ ચૈતન્ય આત્મા એ સાધક રૂપે એટલે મોક્ષના કારણરૂપે આત્મા પરિણમે છે. આત્મા એ અવસ્થાપણે થાય છે. '**અને સિદ્ધ રૂપે...**' કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંત આનંદ આદિ સિદ્ધદશા રૂપે પોતે, આત્મા પોતે સિદ્ધદશા રૂપે થાય છે. આત્મા પોતે મોક્ષમાર્ગ રૂપે થાય છે. આત્મા પોતે સિદ્ધપર્યાયપણે થાય છે. સમજાય છે? પોતે એટલે? સ્વયં. પહેલું તો આ સિદ્ધ કરીને અને પછી વ્યવહાર લેશે કે આત્મા ચૈતન્યમૂર્તિ એકલો શુદ્ધ વસ્તુ. એના અનંત ગુણો પણ શુદ્ધ. હવે એ ગુણ અને દ્રવ્ય તે

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


આખું શુદ્ધ છે, એકરૂપ છે. જ્ઞાનરૂપ છે કહો, દર્શનરૂપ કહો કે આનંદરૂપ આદિ અનંત શક્તિ. એ એક વસ્તુને પોતે એક હોવા છતાં, પોતે પરિણમનાર હોવા છતાં તે પરિણમનાર પોતે સમ્યગ્દર્શન-જ્ઞાન નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન. નિશ્ચય એટલે સાચું દર્શન, સાચું જ્ઞાન અને સાચું ચારિત્ર એ પણે આત્મા પોતે પરિણમે છે. સમજાણું કાંઈ? સ્વયં પરિણમે છે. એને વ્યવહાર નિમિત્ત હોય તો પરિણમે છે એમ નથી એમ પહેલું સિદ્ધ કરવું છે. કહો, શેઠી! સમજાણું?

**'એક હોવા છતાં પોતે સાધક રૂપે અને સિદ્ધ રૂપે એમ બન્ને રૂપે પરિણમે છે.'** બંનેની અવસ્થારૂપે આત્મા થાય છે. મોક્ષના માર્ગની પર્યાય રૂપે અને મોક્ષના પરિણામ રૂપે એ આત્મા એક જ પોતે પરિણમે છે. આહાહા..! કહો, શેઠી! કોઈ નિમિત્ત ને રાગ છે તો પોતે પરિણમે છે એમ નથી. પહેલું એમ સિદ્ધ કરવું છે. એ ભગવાન આત્મા ધ્રુવ છે એ પરિણામી. અને એની અવસ્થા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની એ એના પરિણામ. એ પોતે પરિણામપણે પરિણમે છે, પોતે સાધકપણે થાય છે. કહો, સમજાય છે કાંઈ? અને પોતે જ સિદ્ધ રૂપે (પરિણમે છે). જુઓ પાછું. સાધકરૂપે પરિણમ્યો છે એ જ જીવ પાછો સિદ્ધપણે પરિણમે છે. કેમકે ઓલો સાધકપણે પરિણમ્યો છે માટે સિદ્ધપણે પરિણમ્યો એમ પાછું. ઉપાય ભલે કીધો. સમજાણું કાંઈ? જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા પોતે જ સીધો સિદ્ધરૂપે પરિણમે છે અને ઓલો ઉપાય મોક્ષનો માર્ગ છે એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આવો માર્ગ! બહુ સરળથી કરી છે વાત હોં! બહુ મોંઘી નથી પણ હવે. કહો, સમજાય છે ને? પ્રવિણભાઈ!

ભગવાન આત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ સત્ શાશ્વત જ્ઞાન ને આનંદ આદિ શક્તિઓ અનંત શક્તિને કીધી. એ સ્યાદ્વાદમાં નાખી. હવે એક વસ્તુ એ પોતે જ મોક્ષના કારણરૂપે એટલે ઉપાયપણે આત્મા જ પરિણમે-થાય છે. ધ્રુવ ઉપર દૃષ્ટિ દેતાં પોતે જ પોતે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર અને આનંદરૂપે પરિણમે છે, આનંદરૂપે થાય છે, શાંતિરૂપે થાય છે, સ્વચ્છતારૂપે થાય છે. જ્ઞાનની પર્યાયમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપે થાય છે. એ આત્મા પોતે જ સાધકપણે થાય છે. એ પરિણામ છે. અને એ આત્મા સિદ્ધપણે થાય છે એ પણ એની પર્યાપ-પરિણામ છે. કહો, સમજાય છે કે નહિ આમાં? પાછું આમાં કોઈ પૂછે તો ઉત્તર આવડશે કે નહિ રાતે? કોણ પૂછે પણ ત્યાં? રાતે તો બધા સુનમુન બેસે છે, કોઈ પ્રશ્ન-બ્રશ્ન કરતા નથી કાંઈ. કહો, સમજાણું આમાં?

**'તેમાં જે સાધક રૂપ છે તે ઉપાય છે...'** લ્યો! તેમાં જે સાધકરૂપ પરિણામ થાય છે શુદ્ધ, શુદ્ધ પરિણામ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના શુદ્ધ પરિણામ થાય છે, શુદ્ધ પર્યાય થાય છે એ સાધકપણે, એ સાધકરૂપ છે તે ઉપાય છે. સમજાણું કાંઈ? **'અને જે સિદ્ધ રૂપ**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

**છે તે ઉપેય છે.**' લ્યો! અને જે મોક્ષરૂપે આત્મા અનંત આનંદ, અનંત જ્ઞાનરૂપે થાય એ સિદ્ધરૂપે થાય તે ઉપેય છે. ઉપેય એટલે ફળ છે એનું. સમજાણું કાંઈ? હવે વાંધાવાળી વસ્તુ આવી. આ તો સત્ય સિદ્ધ થયું.

'**માટે,...**' આ રીતે આત્મા સિદ્ધપણે અને સાધકપણે થાય છે, એક વસ્તુ પોતે. એ કારણે. હવે '**માટે,...**' એમ લીધું છે. '**અનાદિ કાળથી...**' અનાદિ કાળથી '**મિથ્યાદર્શન...**' વિપરીત માન્યતા, વિપરીત જ્ઞાન અને વિપરીત ચારિત્ર. મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન, મિથ્યાચારિત્ર. પુણ્ય પરિણામ એ મને લાભદાયક, પુણ્ય પરિણામ મારા એ મિથ્યાદર્શન. પુણ્ય પરિણામનું એકલું જ્ઞાન કરવું અને પોતાનું ભૂલવું એ મિથ્યાજ્ઞાન અને પુણ્ય પરિણામનું આચરણ તે મિથ્યા આચરણ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- છે જ નહિ એમાં. સમજાણું કાંઈ? જુઓ, પણ લખાણ કેવું છે!

ભગવાન આત્મા. આહાહા..! ચૈતન્ય મૂર્તિ આત્મા એ કાંઈ આસ્રવવાળો આત્મા અને કર્મવાળો આત્મા એમ કહ્યું છે? એ તો પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં કહ્યું કે આસ્રવવાળો અને કર્મવાળો માને એ તો સંસારનું બીજ મિથ્યાત્વ છે. એ અહીં કહે છે કે જેણે અનાદિ કાળથી હું પુણ્યના વિકલ્પ અને આસ્રવવાળો છું, એનું જ્ઞાન તે જ્ઞાનવાળો છું, એમાં રમું તે ચારિત્ર છે. એ મિથ્યાદર્શન-મિથ્યાજ્ઞાન અને મિથ્યાચારિત્ર. ઓહોહો..! સમજાણું કાંઈ? દેહની ક્રિયા કાંઈ એની નથી તે એમાં મિથ્યાદર્શન ત્યાં આવી જાય.

ફક્ત ચૈતન્યમૂર્તિ ભગવાન પરમેશ્વર શુદ્ધ આનંદનો કંદ આત્મા. એ અનાદિથી એમ માને છે એ વિકલ્પ જે ઉઠે છે રાગ એ મારું સ્વરૂપ છે. એ મારું સ્વરૂપ છે અને એ સહિત હું છું. એ મિથ્યાદર્શન છે. અને તેનું જે જ્ઞાન ત્યાં કર્યું એ મિથ્યાજ્ઞાન છે. પોતે રહી ગયો આખો. અને પુણ્યનું આચરણ કરે છે એ મિથ્યા ચારિત્ર છે. પાપનું આચરણ ભેગું પણ એ એની મુખ્યતા નથી, મુખ્ય આ છે. વાંધા અહીં છે. સમજાણું કાંઈ?

'**અનાદિ કાળથી...**' અનાદિ કાળથી. પાછું એમ નથી લીધું એમાં કે અનાદિ કાળથી દર્શનમોહ, જ્ઞાનાવરણીય અને ચારિત્રમોહને કારણે મિથ્યાદર્શન-જ્ઞાન-ચારિત્રરૂપે પરિણમ્યો છે એમ નથી લીધું. સમજાય છે કાંઈ? અનાદિ કાળથી એ આત્મા આવો હોવા છતાં અને સાધક અને સિદ્ધપણે પોતે જ પરિણમે એવું એનું સ્વરૂપ છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- પણ ઊલટું પરિણમે છે અજ્ઞાનથી એમ કહે છે. આવું (હોવા) છતાં અનાદિથી, અનાદિ કાળથી મિથ્યા અભિપ્રાય, જૂઠો અભિપ્રાય એ પુણ્યાદિ વિકલ્પ તે મારા, એ મને

લાભદાયક, હું એનો, એ મારા એ મિથ્યાદર્શન. પુણ્યાદિના પરિણામ, એનું જ્ઞાન તે મારું જ્ઞાન, એનું જ્ઞાન તે મારું જ્ઞાન એ મિથ્યાજ્ઞાન. અને પુણ્યના વિકલ્પોમાં એકાગ્ર થઈ આચરણ કરે એ મિથ્યાચારિત્ર. એ વડે. એ '**વડે સ્વરૂપથી ચ્યુત હોવાને લીધે...**' જોયું! આ વડે સ્વરૂપથી ચ્યુત હોવાને લીધે. સમજાય છે કાંઈ? કર્મને કારણે કે કાળ પાક્યો નથી માટે અહીં વાત લીધી નથી. ભાઈ! કાળલબ્ધિ પાકી નથી માટે સ્વરૂપથી ચ્યુત છે. આ જુઓને વસ્તુ તો જુઓ. આહાહા..!

મુમુક્ષુ :- ઉપાદાન .... વાત કરી છે.

ઉત્તર :- વાત કરી છે. વાત એ છે. સમજાણું કાંઈ?

કહે છે કે, ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ એક હોવા છતાં, શુદ્ધ હોં! એના બે પ્રકારના પરિણામપણે પરિણમવું એ તો એનું સ્વરૂપ છે કહે છે. સાધકપણે પોતે જ પરિણમે છે, સિદ્ધપણે—મોક્ષપણે પોતે જ થાય છે. આવો એનો સ્વભાવ હોવા છતાં અનાદિ કાળથી વિપરીત માન્યતા (અર્થાત્) દેહના કામ હું કરું. બે વાત .. ક્રિયા અને પુણ્ય. મોક્ષમાર્ગ પ્રકાશકમાં. કે ભાઈ આ રહી ગયું છે શું? એ આચરણ પુરુષાર્થ કરે છે ને? પણ પુરુષાર્થ કરે છે રાગનો. અને માને છે એ રાગ ધર્માનુરાગ છે એ ધર્મ છે એમ એ માને છે. શાસ્ત્રમાં ધર્માનુરાગને પુણ્ય અને બંધના કારણ કહ્યા છે. સમજાણું કાંઈ? લ્યો ઓલા મોક્ષમાર્ગ પ્રકાશકમાં આવે છે ને? શું રહી ગયું? કે આ રહી ગયું. ધર્મના નામના દયાના, સત્યના, દત્તના, બ્રહ્મચર્યના જે ભાવ થાય છે એ ભાવને એ ધર્મ માને છે. છે એ રાગ. અને શરીરની ક્રિયા મારાથી થાય છે એમ માને છે. બે ભૂલ કાઢી. અજીવ અને આસ્રવ મૂળ તો. અજીવ અને આસ્રવ, કાયા અને કષાય. સમજાણું કાંઈ? કેમકે જ્ઞાયકસ્વરૂપ જે છે શુદ્ધ ભિન્ન એનું ભાન નથી એટલે સાધકપણે પરિણમવું જ્યાં નથી ત્યાં બાધકપણે પરિણમન છે. વિરુદ્ધપણે પરિણમન છે. એ વિરુદ્ધપણામાં મિથ્યાદર્શન-મિથ્યાજ્ઞાન-મિથ્યાચારિત્ર વડે, આવા ઊલટી પર્યાયને કારણે સ્વરૂપથી ચ્યુત છે. સમજાણું કાંઈ? આ તો હવે ઘણી વાર સમયસાર વંચાઈ ગયું છે. એય.. ફૂલચંદભાઈ! કહો, આ તો જવાબ આપતા આવડશે કે નહિ રાતે? હળવે હળવે કહે છે. બહુ બરાબર ન આવ્યું. આપણે પૂછતા નથી કાંઈ હોં ઘણાને. ઘણી વાર નથી પૂછતા પણ કોઈવાર વળી...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કોક વાર. હમણા બધા સુનમુન બેસે છે. બીજી વાતું કાઢીએ છે વળી.

મુમુક્ષુ :- ... ધ્યાન રહે.

ઉત્તર :- હા. ધ્યાન રહે. એમ કે તો ધ્યાન રહે. નહિતર છોકરા પાસ થવા માટે ભણે

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


છે. કો'કને હમણા પૂછયું. લ્યો આપણે રવિભાઈને પૂછયું કીધું.. હમણા નથી આવતા. શું છ કારકો. સંબંધ. વિભક્તિ આવે છે ને? છઠ્ઠી. કાંઈક નવું નવું કાંઈક કહેતા હતા ખરા. નહિ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા એ પ્રત્યયો. એ આવે છે ફલાણું-ફલાણું. પરીક્ષા દેવા પૂરતું ભણ્યા હોય, પછી કાંઈ રાખવા માટે ભણ્યા ન હોય. અહીં સાંભળવા માટે ધ્યાન રાખીને કહે જો એને ખ્યાલ આવે કે આપણને પૂછશે તો? સાંભળવા માટે ધ્યાન રાખે. એ ખાતર નહિ. ઉત્તર દેતા આવડે માટે નહિ. એને પોતાને સમજવા માટે સમજે. ભગવાનજીભાઈ! એના ખ્યાલમાં એ ભાવનું ભાસન ખ્યાલમાં આવવું જોઈએ કે આ.. આ.. આ.. છે. આ શુદ્ધ ચૈતન્ય છે વસ્તુ, પવિત્ર છે એકલો પિંડ. એમાં પુણ્ય-પાપ, શરીર, કર્મનો અભાવ છે અને આવા શુદ્ધ ભાવનો સદ્ભાવ છે. એવો આત્મા સાધકપણે થાય એ પરિણામ છે, સિદ્ધપણે થાય એ પરિણામ છે.

આવું હોવા છતાં '**અનાદિ કાળથી મિથ્યાદર્શનજ્ઞાનચારિત્ર વડે...**' એમ છે. જોયું! વડે આવે છે ને? કઈ વિભક્તિ તમારે? એય.. ત્રીજી? કરણ. કરણ વિભક્તિ આપણે આવ્યું ને? કરણગુણ આવ્યો હતો ને? સાધકતમ્. એ કહે કે પોતાના ઊંધી શ્રદ્ધા, ઊંધા જ્ઞાન અને ઊંધા ચારિત્ર વડે '**સ્વરૂપથી ચ્યુત હોવાને લીધે...**' સમજાણું કાંઈ? લ્યો, આમાં દર્શનમોહનો ઉદય છે માટે સ્વરૂપથી ચ્યુત છે, જ્ઞાનાવરણીયનો આ છે માટે જ્ઞાનથી ચ્યુત છે એમ નથી લીધું. એ તો બધા નિમિત્તો છે. એને કારણે શું? એ તને કોણ ચ્યુત કરાવે છે? મોટા વાંધા. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- .. ઊલટી દૃષ્ટિ...

ઉત્તર :- બસ, એ ઉપાદાનમાં આવ્યું હતું ને સવારે? ઉપાદાન નિમિત્તના દોહરા. એમાં આવ્યું હતું બધું. તોય નિમિત્ત તો મળ્યું ને? ભાઈ, પોતે પોતાને કારણે ઊંધો પડ્યો છે. સાંભળને હવે. ઊલટો. અને સૂલટો પોતે પોતાને કારણે થાતો નથી. ભગવાનને પાસે કેમ ક્ષાયિક સમકિત થતું નથી બધાને? કે સૂલટો ન થયો માટે. અને થાય છે એ સૂલટો થયો માટે. કાંઈ ભગવાનને કારણે થાય છે ત્યાં? આહાહા..! મોટો બહુ વાંધો. લ્યો, ચશ્મા વિના જોઈ શકાય તો શું કરવા ચશ્મા ચડાવો છો? આહાહા..! લ્યો, ઓલો વાંધો હતો ને ત્યાં? લીંબડી. તમે ચશ્મા લઈ લ્યો. આ ચશ્મા જુઓ. એના વડે (દેખાય છે). અરે.. ભગવાન! (તને) ખબર નથી, ભાઈ! એ તો પર્યાય પોતાથી થાય છે. ચશ્માથી બિલકુલ નહિ. ચશ્મા વડે જોવામાં આવે છે એમ બિલકુલ નહિ.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

મુમુક્ષુ :- આંખ વડે જોવાતું નથી તો ચશ્મા તો ક્યાંય રહ્યા.

ઉત્તર :- હવે આંખ પણ ક્યાં? એ તો જડ માટી છે. એનાથી આત્મા જોવે છે? આ તો માટી છે. પોતાના જ્ઞાનની પર્યાય દ્વારા જોવે છે. સમજાણું કાંઈ? આંખમાં કાણું છે? કાણું છે? કાણું સમજ્યા? છિદ્ર. છિદ્ર નથી આંખમાં. છિદ્ર છે નહિ. આંખમાં છિદ્ર નથી. કારણ કે આંખમાં તો ઔદારિક શરીરનું બંધન નામકર્મ છે ને ભગવાને કહ્યું. ઔદારિકનું એવું મજબુત આમ બંધન છે આખા શરીરમાં. અહીં છિદ્ર જરીએ નથી. આમ જે બાહ્યમાં હોય ને આ સરિયા? તો કાણામાંથી દેખાય આમ. એમ અહીં કાણા હશે આંખમાં? ના. સમજાણું કાંઈ? ભાઈ! છિદ્ર નથી આંખમાં. છિદ્રથી નથી જોતો આત્મા. એ પણ સમજે નહિ. કેમકે ઔદારિક નામકર્મ બંધન પ્રકૃતિ કહી છે ભગવાને. મજબુત થઈને આમ સજ્જડ થયું છે અહીં. જેમ વજ્રનો ગઢ હોય વજ્રનો ગઢ. એમ ઝીણા રજકણનો ગઢ પાક્કો આમ છે. એમાં છિદ્ર નથી જરીએ. છતાં જ્ઞાન પોતાથી દેખે છે, અંદર જાણે છે એમ કહેવું છે. આહાહા..! સમજાય છે કાંઈ? માણસને એમ લાગે કે આંખ આમ ઊંચી કરી હશે ને એટલે એમાંથી કાણામાંથી જોતો હશે આત્મા. કાણું-છિદ્ર. છિદ્ર છે જ નહિ. શેઠી! આહાહા..! સમજાણું કે નહિ ભાઈ? છિદ્ર નથી. એમાંથી આમ દેખે એમ નથી. સીધું જ્ઞાનથી જોવે છે. ઈન્દ્રિયથી નહિ. કેમકે ઈન્દ્રિયમાં છિદ્ર તો છે નહિ. સૂક્ષ્મ રજકણનો ગઢ પાકો છે આ તો. સમજાય છે? એવી જ જ્ઞાનની શક્તિ છે કે પોતાથી ત્યાં જાણે છે. આ તો જડ છે અને છતાં છિદ્ર વિનાનું છે. એ વાત એવી છે કે..

મુમુક્ષુ :- દેખાય તો અહીંથી જ.

ઉત્તર :- નહિ, ત્યાંથી દેખતો જ નથી. આખા આત્માથી જોવે છે.

મુમુક્ષુ :- સર્વ પ્રદેશે દેખે છે.

ઉત્તર :- સર્વ પ્રદેશે દેખે છે. ત્યાં છિદ્ર નથી. મજબુત છે. ઔદારિક નામકર્મની પ્રકૃતિ છે ને બંધન? ૯૩ પ્રકૃતિ છે એમાં એક પ્રકૃતિ છે કે જેમાં જરા પણ છિદ્ર ન રહે. એનું નામ ઔદારિક નામકર્મની પ્રકૃતિનું.. શું કહેવાય? બંધન. ઔદારિક બંધન, વૈક્રયિક બંધન, તૈજસ બંધન, કાર્મણ બંધન. સમજ્યાને? પાંચ શરીર. અંગોપાંગ ત્રણના છે. બેના નહિ.

અહીં તો બીજું કહેવું છે કે એ આત્મા પોતાથી જાણે છે. સમજાણું? એમાંથી વળી ચશ્માથી જાણે છે એ ક્યાં આવ્યું? આ ઈન્દ્રિયથી જાણતો નથી. આ જડ ઔદારિકના પિંડ પરમાણુ છે આ તો. આહારક વર્ગણાનો પિંડ છે. સમજાણું? આ તો ભિન્ન ચીજ છે તદ્દન. ભારે વાંધા ભાઈ! છોકરાઓમાં પણ તકરાર ચાલે છે અંદર. ચશ્મા વિના જોતો હોય તો ચશ્મા શું કરવા ચડાવો છો? એ વાંધા. કોણ ચડાવે? સાંભળને! એને કારણે ચશ્મા ત્યાં

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


હોય છે, ઉપર જાય અને હેઠે જાય એને કારણે. આત્માથી જાતા નથી. આ આંગળીથી ઊંચે ચડે છે એમ છે જ નહિ. બહુ વાંધા. સમજાણું કાંઈ?

અહીં કહે છે કે આત્મા ચશ્માથી જાણતો નથી. પોતાથી જાણે છે. એમાં પણ એકલો પરને જાણે તેને સમ્યગ્જ્ઞાન કહેતા નથી. એ પોતાના મિથ્યાશ્રદ્ધા, મિથ્યાજ્ઞાન અને મિથ્યાચારિત્રને લઈને સ્વરૂપથી ભ્રષ્ટ છે. કર્મને લઈને ભ્રષ્ટ છે એમ છે નહિ. દર્શનમોહ કરણ છે માટે મિથ્યાત્વભાવ થયો અને સ્વરૂપથી ભ્રષ્ટ થયો એમ નહિ. ઊલટી માન્યતા તેણે કરી માટે સ્વરૂપથી ભ્રષ્ટ છે. સમજાણું કાંઈ? જેમ સાધકપણે પરિણમે છે શુદ્ધ દ્રવ્ય, એમ મિથ્યાપણે પરિણમે છે અશુદ્ધ દ્રવ્ય પોતે અશુદ્ધપણે પરિણમે છે એમ કહે છે. સમજાણું કાંઈ? એવા મિથ્યાશ્રદ્ધા, મિથ્યાજ્ઞાન અને મિથ્યાચારિત્ર વડે.

જુઓ! '**(મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન અને મિથ્યાચારિત્ર વડે)...**' ઓલું મિથ્યા એક ઉપર હતું ને એટલે ખુલાસો કરવો પડ્યો. ત્રણેને મિથ્યા લાગુ પાડવું એમ. ખુલાસો કૌંસમાં. એનાથી '**સ્વરૂપથી ચ્યુત હોવાને લીધે સંસારમાં ભ્રમણ કરતાં,...**' સ્વરૂપથી ચ્યુત હોવાને લીધે સંસારમાં ભ્રમણ કરતાં. ભાઈ! આવ્યું આમાં. કર્મને લઈને ભ્રમણ કરતાં એમ નથી આવ્યું આમાં. કહો. ઓલા બધા વાંધા કાઢતા ત્યાં છઠ્ઠી સાલમાં. આ વાંધા ન ચાલ્યા તો એ કરતા હતા. જડની અસર છે આત્મામાં. અરે.. ભગવાન!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એકના એક છે બધા એક વર્ગના. સંસારમાં પરિભ્રમણ કરે છે એ કર્મને લઈને કરે છે. એય.. ચેતનજી! આ બધા તમારા સંપ્રદાયના જુઓ. સંપ્રદાયમાં હતા ને તમે?

મુમુક્ષુ :- હવે નથી.

ઉત્તર :- એની વાત ક્યાં છે? આ તો હતાની વાત છે. ભૂતની વાત ચાલે છે. ભૂતની વાત ચાલે છે આ. એ કહે છે લ્યો, પરમ ઉપકારી જિનેશ્વરદેવે એમ ફરમાવ્યું છે કે આત્મા કર્મને લઈને પરિભ્રમણ કરે છે. ભાઈ! સમજાણું કાંઈ? એમ કહે છે અજ્ઞાની. ના પાડે છે ભગવાન કે એમ છે નહિ. તમારામાં પણ કહે છે કે નહિ? જૈનમાં પણ. પંડિત નામ ધરાવીને. કર્મને લઈને પરિભ્રમણ કરે છે. ખોટી વાત છે. ભગવાને એમ કહ્યું નથી અને વસ્તુ એવી છે નહિ. બ્રહ્મચારીજી! એ કહે છે ને બધા કે કર્મને લઈને પરિભ્રમણ કરે છે. જૂઠું છે. મોટી ચર્ચા થઈ હતી એ. છઠ્ઠી સાલમાં અમે જાત્રાએ ગયા હતા ને શેત્રુંજય. ત્યાં હતા રામવિજય શ્વેતાંબરના. અહીં તો કહે છે, પોતાના વિકારથી આત્મા રખડે છે. નિગોદમાં પણ પોતાની પર્યાયમાં પ્રચુર કલંકથી રહે છે. ભાવકલંક પહુરા. ગોમ્મટસારમાં પાઠ છે. પ્રચુર ભાવકલંકને કારણે નિગોદમાં છે, કર્મને કારણે નહિ. પરદ્રવ્ય શું કરે? 'કર્મ બિચારે કૌન ભૂલ મેરી અધિકાઈ.'

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


એ ભક્તિમાં આવે છે. પૂજામાં આવે છે ને એ? 'કર્મ બિચારે કૌન..' એ તો જડ માટી-ધૂળ છે. એ કોણ? 'ભૂલ મેરી અધિકાઈ.' મારી ભૂલ છે એને કારણે હું રખડું છું. પરને કારણે નહિ. લ્યો! શેઠી!

જુઓ! આ કારણ મૂક્યું. **'અનાદિ કાળથી મિથ્યાદર્શનજ્ઞાનચારિત્ર વડે સ્વરૂપથી ચ્યુત હોવાને લીધે સંસારમાં ભ્રમણ કરતાં,...'** બસ, અહીં સુધી આપણે લેવું છે હવે. આ કારણે સંસારમાં ભ્રમણ કરતાં. હવે એને વ્યવહાર સમ્યગ્દર્શન અને જ્ઞાનની વાત ચાલે છે. સમજાણું કાંઈ? આ વાંધાનું અહીં આવ્યું. આપણે આ પ્રશ્ન પહેલો થયો હતો આપણે પીપરલા. (સંવત) ૧૯૯૫માં ગયા હતા ને જાત્રા? ત્યાં પ્રશ્ન થયો હતો. ચર્ચા થઈ હતી રાતે આ. સમજાય છે કાંઈ? કેટલી વાત સિદ્ધ કરી?

એક તો આત્મા જ્ઞાન અને આનંદ આદિ શુદ્ધ સ્વરૂપ એક છે એનું. એવો ભગવાન આત્મા પોતે જ ઉપાય અને ઉપેયપણે થાય છે, એક હોવા છતાં. બીજાના મેળને સંબંધ વિના. કે રાગનો, પુણ્યનો, સંહનનનો, પરનો સંબંધ છે તો બે રૂપે પરિણમે છે એમ નથી. પોતે જ એ રીતે સાધકપણે અને સિદ્ધપણે ભગવાન આત્મા શુદ્ધપણે શુદ્ધ હોવા છતાં, શુદ્ધપણું એકરૂપે હોવા છતાં પર્યાયમાં અપૂર્ણપણે ઉપાયપણે પરિણમે તોપણ આત્મા. અને સિદ્ધપણે પરિણમે તોપણ આત્મા. એવો આત્મા અનાદિ કાળથી મિથ્યાશ્રદ્ધા-જ્ઞાન અને ચારિત્ર દ્વારા પોતાના આવા શુદ્ધ સ્વરૂપથી ભ્રષ્ટ થઈ ચાર ગતિમાં રખડે છે. આ ભ્રમણમાં નિગોદ આવી ગયું હશે કે નહિ આમાં? સંસારમાં ભ્રમણ કરતામાં નિગોદ પણ આવ્યું કે નહિ? નિત્ય નિગોદમાં રહે છે પણ ક્યા કારણે? સમજાણું કાંઈ? પોતાના મિથ્યાદર્શનજ્ઞાનચારિત્રના કારણથી સ્વરૂપથી ભ્રષ્ટ થઈને નિગોદમાં રહે છે એમ કહે છે. આહાહા..! બરાબર છે?

મુમુક્ષુ :- જડ ... છે.

ઉત્તર :- એની પોતાની ઊંધાની પર્યાય તારી છે. એ તારે ટાળવી છે, તારે કરવી અને તારે ટાળવી છે. પરની સાથે કાંઈ સંબંધ નથી. પર શું કરે? આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! કેટલું સ્પષ્ટ કર્યું છે!

એવા **'સ્વરૂપથી...'** સ્વરૂપ નામ શુદ્ધ આનંદકંદ પ્રભુ સચ્ચિદાનંદ પ્રભુ એવો પોતાની મિથ્યાશ્રદ્ધા-જ્ઞાન અને રાગને કારણે સ્વરૂપથી ભ્રષ્ટ થઈ સંસારમાં ભ્રમણ કરે છે. **'સંસારમાં ભ્રમણ કરતાં...'** હવે તો લેવું છે ને સમ્યગ્દર્શનને? તો **'સંસારમાં ભ્રમણ કરતાં,...'** એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિયમાં ચાર ગતિમાં રખડતાં, આ કારણે ભ્રમણ કરતાં. સમજાણું કાંઈ? દાખલા આપે ઓલા પ્રવચનસારના. લ્યો, નામકર્મનો ઉદય એટલે એને સ્વરૂપથી ભ્રષ્ટ કર્યું. પણ પછી કહ્યું છે કે પોતાથી કાર્ય છે એ કર્મનું કાર્ય નથી. એ શું? આવે છે ને

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


નામકર્મ? ખ્યાતિ. અરે..! ભગવાન! ભારે પણ કોણ જાણે શું થયું છે ને. પોતાનો અપરાધ પર ઉપર નાખવાની એને ટેવ પડી ગઈ છે. કરે અપરાધ પોતે અને કરાવે કર્મ એમ નાખે. હવે એને ગુણ પ્રગટ કરવાની સ્વતંત્રતા ક્યાં રહી? આહાહા..! આ બધું વાંચતા તો હશે હોં! વાંચી તો જાય પણ પાછું ઓલું આવશે ને ત્યાં ઘોડો થઈ જાય.

મુમુક્ષુ :- વ્યવહારથી થાય ચોખ્ખું લખ્યું છે.

ઉત્તર :- પણ હજી તો આવ્યું નથી. અહીં સુધીમાં આવ્યું એ? એ આવે ત્યારે વળી વાત. કહો, સમજાણું આમાં?

આમ '**સંસારમાં ભ્રમણ કરતાં,...**' બસ, ત્યાં સુધી.

મુમુક્ષુ :- હવે એમના લાભની વાત આવી.

ઉત્તર :- એના લાભની કાંઈ નથી. અહીં તો વ્યવહારથી તેને પ્રસિદ્ધ કરે છે, વ્યવહારથી એને ઓળખાવે છે કે આવો નિશ્ચય હોય ત્યાં આવો વ્યવહાર હોય. એ પ્રસિદ્ધિ નિશ્ચયની કરે છે. વ્યવહારને વ્યવહાર તરીકે પ્રસિદ્ધ નથી કરવું.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ના. ના. ના. એ બતાવતું નથી. વ્યવહાર દ્વારા બતાવે છે કે આ નિશ્ચય આવું હોય ત્યાં. સમજાણું કાંઈ? ભેદથી અભેદને બતાવે છે. એ તો ૮મી ગાથામાં એ જ છે ને? એ જ છે વાત. એ તો ઓલું હમણાં આવ્યું નહિ? અનાદિથી છે. પંચાસ્તિકાયમાં. પહેલો વ્યવહાર દર્શનને અંગીકાર કરે. એ જ નાખે છે ને બધા. અનાદિ ભેદવાસિત બુદ્ધિ. ભેદવાસિત તો અનાદિની છે. વળી ત્યાં કે દી છે? નવી છે? સમ્યગ્દર્શન-જ્ઞાન થયું તો હજી ભેદવાસિત બુદ્ધિ થોડી રહી છે. એમ બતાવવું છે. અહીં એ બતાવવું છે કે અહીં હજી રાગ થોડો છે. વ્યવહારનો રાગ સાધુ હોવા છતાં, સમ્યગ્દૃષ્ટિ, જ્ઞાન, ચારિત્રની દશા હોવા છતાં રાગ હજી બાકી છે એ દ્વારા પ્રસિદ્ધ કરાવે છે નિશ્ચયને. સમજાણું કાંઈ?

'**સંસારમાં ભ્રમણ કરતાં, સુનિશ્ચળપણે ગ્રહણ કરેલાં...**' આમાં વાંધા છે કે જુઓ પહેલો વ્યવહાર ગ્રહણ થાય છે. '**સુનિશ્ચળપણે...**' એ વ્યવહાર ગ્રહણ પહેલો થાય છે એમ છે નહિ અહીં વાત. અહીં તો વ્યવહારથી પ્રસિદ્ધ કરીને નિશ્ચય ગ્રહણ થયું છે એને વ્યવહાર આવો હોય છે એમ બતાવે છે. સમજાણું કાંઈ? વ્યવહારનયના કથન છે આ. નિશ્ચયનું તો પહેલું સિદ્ધ કર્યું, પણ હવે વ્યવહાર બતાવે છે. '**સુનિશ્ચળપણે ગ્રહણ કરેલાં વ્યવહારસમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રના પાકના પ્રકર્ષની પરંપરા...**' લ્યો આવી. પરંપરા આવી ત્યાં સાક્ષાત્ અંદર છે.

મુમુક્ષુ :- પરંપરા પણ આવ્યું, વ્યવહાર પણ આવ્યું અને બધું...

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

ઉત્તર :- પણ એ પરંપરા આવી ત્યાં સામે સાક્ષાત્ છે તો પરંપરા આવ્યું ને? શેનું પરંપરા આવ્યું અહીં? અહીં છે. પણ એકાકાર થવાનું વિશેષ અભેદપણે પરિણમન જ્યાં સુધી આટલું બાકી છે ત્યાં સુધી ઓછું છે, પછી અભેદ થાય છે ત્યારે નિશ્ચય થાય છે. નિશ્ચય એટલે એકાકાર પરિણમન. સમજાણું કાંઈ? વાત પહેલેથી ચાલી આવે છે. વ્યવહાર અભૂતાર્થ છે, અભૂતાર્થથી ભૂતાર્થ પામે એમ ત્રણ કાળમાં હોય નહિ. એ બધા ખોટા પાડીને અહીં કહેતા હશે? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- અનેકાંત...

ઉત્તર :- અનેકાંત એટલે કે નિશ્ચયથી થાય અને વ્યવહારથી થાય નહિ એનું નામ અનેકાંત છે. અનેકાંત (એટલે) આમેય થાય એ તો ફુદડીવાદ થયો. સમજાણું? વ્યવહાર ભૂતાર્થ-આશ્રય કરવા લાયક નથી અને એનાથી નિશ્ચયની પ્રાપ્તિ વ્યવહારથી થાતી નથી. શુદ્ધ જ્ઞાનમૂર્તિ જ્ઞાયકભાવ તેનો આશ્રય કરવાથી સમ્યગ્દર્શન-જ્ઞાન થાય છે. એક જ સિદ્ધાંત ત્રણ કાળ ત્રણ લોકનો. સમજાણું કાંઈ? ચાહે તો એ નરકમાં હો જીવ, ચાહે તો મનુષ્યમાં હો, પશુમાં હો કે સ્વર્ગમાં હો. વસ્તુ ધ્રુવ જ્ઞાયક ભગવાન એનો આશ્રય કરતાં જ મોક્ષનો માર્ગ પ્રગટ થાય છે. એ સિવાય મોક્ષનો માર્ગ કોઈ બીજી રીતે ત્રણ કાળ ત્રણ લોકમાં થતો નથી. સમજાણું કાંઈ? આવું હોવા છતાં કહે છે કે '**સુનિશ્ચળપણે ગ્રહણ કરેલાં...**' અહીં પરંપરાનું વજન છે. આ પરંપરા એટલે પણ અહીં નિશ્ચય સાક્ષાત્ છે ત્યાં પરંપરા એને કહેવામાં આવે છે. કાંઈ નિશ્ચય નથી તો પરંપરા કોને કહેવી? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નિશ્ચય ઉપર દૃષ્ટિ અને નિશ્ચય ઉપર લક્ષ છે જ. પણ આ એવું ગ્રહણ કર્યું વિકલ્પ આવ્યો છે કે એનાથી આગળ વધશે એ વ્યવહારનયથી કથન છે. સમજાણું કાંઈ? એનો અભાવ કરીને ઠરશે. એ વ્યવહાર જે સમ્યગ્દર્શન, વ્યવહાર સમ્યગ્જ્ઞાન એ કાંઈ ખરેખર દર્શન-જ્ઞાન-ચારિત્ર છે જ નહિ. વ્યવહારદર્શન એ વ્યવહાર સમ્યગ્દર્શન વ્યવહાર સમ્યગ્દર્શન છે જ નહિ. એ તો કથનની નિરૂપણની પદ્ધતિ છે. નિશ્ચય સમ્યગ્દર્શન, નિશ્ચય સમ્યગ્જ્ઞાન, નિશ્ચય ચારિત્ર એક જ છે. સમ્યગ્દર્શનના બે ભેદ વ્યવહાર સમ્યગ્દર્શન એમ છે જ નહિ. નિરૂપણની અપેક્ષાએ ત્યાં વ્યવહાર આવો દેખીને એને વ્યવહાર સમકિત નિશ્ચયની સાથે છે તો કહેવામાં આવે છે. નિમિત્તને સહચર છે તે દેખીને કહ્યું છે. કહો, સમજાણું કાંઈ? એકલો વ્યવહાર ક્યાંથી આવ્યો નિશ્ચય વિના? ભેદવાસિતમાં એમ છે ને? પહેલો સમ્યગ્દર્શન-જ્ઞાન છે, પણ હજી વ્યવહારની વાસના અનાદિની પડી છે એ છે. એમ. અરેરે..! આ શાસ્ત્રના અર્થ કરતા જ્યાં વાંધા, એને અંતરનો અર્થ પ્રયોજન શી રીતે સિદ્ધ થાય? સમજાણું કાંઈ?

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


ઝઘડા... ઝઘડા... ઝઘડા. અરે..! ભાઈ! તારે કામ કરવું છે કે નહિ? હવે કામ કરવું છે એ શુદ્ધને આશ્રયે થશે કે અશુદ્ધને આશ્રયે થશે? અશુદ્ધનો આશ્રય તો અનાદિથી છે જ. મિથ્યાશ્રદ્ધામાં અશુદ્ધનો આશ્રય અનાદિથી છે. એમાં કાંઈ વળ્યું નહિ. નવમી ગ્રૈવયકે જૈન સાધુ (થઈને ગયો). 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમ જ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' આનંદનો અનુભવ ન આવ્યો. આત્માના જ્ઞાન વિના આનંદનો અનુભવ ન આવ્યો, શુદ્ધ પરિણમન ન આવ્યું. એવા વ્યવહાર તો અનંત વાર કર્યા. સમજાણું કાંઈ? આ તો નિશ્ચય પરિણતિ છે, હજી અભેદ વિશેષ નથી એથી એને આનાથી અભેદ થશે એમ કહેવામાં આવે છે. આટલી લીટીમાં મોટો તફાવત છે. શેઠી!

કેટલી વાત કરી જુઓ પહેલી! '**સુનિશ્ચળપણે...**' સુનિશ્ચળપણે એટલે કે આ એવો નિશ્ચય થયો છે અહીં નિશ્ચય, એની સાથે એવો અહીં વ્યવહાર આવ્યો છે કે એ પાછો હટવાનો નથી. હટવાનો નથી એટલે કે હવે અશુદ્ધ થઈ જાય એકલો એમ નથી. મિથ્યાદષ્ટિ થઈ જાય એવો નથી એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? '**સુનિશ્ચળપણે ગ્રહણ કરેલાં...**' એટલે આવેલાં, થયેલાં એને ગ્રહણ કરેલાં કહેવામાં આવે છે. '**વ્યવહારસમ્યગ્દર્શન-**' એટલે શુભરાગ. કષાયની મંદતાને વ્યવહાર સમકિત કહે છે. સમજાણું? વ્યવહારજ્ઞાન એટલે પર શાસ્ત્ર આદિનું જ્ઞાન એ વ્યવહારજ્ઞાન છે. એ આત્મજ્ઞાન નહિ. અને વ્યવહાર ચારિત્ર એટલે પંચ મહાવ્રતના કે રાગની મંદતાના ભાવ એ વ્યવહારચારિત્ર. એ ચારિત્ર નથી એને ચારિત્ર વ્યવહારનય કહે છે. વ્યવહારનય નથી તેને કહે એનું નામ વ્યવહાર. અને જેવું છે તેવું કહે તે નિશ્ચય. સમજાણું કાંઈ? વ્યવહાર તો રાગ છે. રાગને પકડવાથી નિશ્ચય થાય? એ તો બહિર્દૃષ્ટિ છે. એ તો બહિરાત્મા છે.

મુમુક્ષુ :- એ બતાવ્યું છે ને ઓળંગવા માટે.

ઉત્તર :- એ ઓળંગવા માટે નહિ, એ કહે છે કે એનાથી થાય એમ આવે છે. '**આરોહણ કરાવવામાં આવતા આ આત્માને,...**' એમ. ઓળંગવું નથી આવતું. એ પરંપરા જ આવે છે અહીં. એટલે વાંધો છે ને.

સુનિશ્ચળપણે ધારેલા વ્યવહાર સમ્યગ્દર્શન... નિશ્ચય તો છે, એની સાથે આવું વ્યવહાર સમ્યગ્દર્શન, વ્યવહાર જ્ઞાન અને ચારિત્રનો પાક. જોયો? એનો પાક એટલે પાકીને અભાવ થઈ જશે. એમ. સમજાય છે? પાકના પ્રકૃષ્ટની, પાકની વિશેષતા. એ વ્યવહારના પાકની વિશેષતાની પરંપરા. સીધું તો સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્ર છે. આ છૂટીને સ્થિર વિશેષ થશે એથી આને પરંપરા એનું કારણ કહેવામાં આવે છે. એ વ્યવહારનયના કથન છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- વ્યવહાર સમ્યગ્દર્શન, વ્યવહાર સમ્યગ્જ્ઞાન, વ્યવહાર સમ્યક્ચારિત્ર..

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


ઉત્તર :- વ્યવહાર સમ્યગ્દર્શન નામ નિશ્ચય આત્માનું સમ્યગ્દર્શન છે ત્યાં દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, નવ તત્ત્વની શ્રદ્ધાનો રાગ એને વ્યવહાર સમ્યગ્દર્શન આરોપથી કહેવામાં આવે છે. અને જ્યાં આત્માનું સમ્યગ્જ્ઞાન છે, સમ્યગ્જ્ઞાન સ્વસંવેદન સ્વ સીધું, ત્યાં શાસ્ત્રનું જ્ઞાન એ નવ તત્ત્વનું છ દ્રવ્યનું ભેદવાળું જ્ઞાન એને વ્યવહારજ્ઞાન કહેવામાં આવે છે. અને સ્વરૂપમાં સ્થિરતા ચારિત્રની વીતરાગતાની પર્યાય આવી છે ત્યાં આગળ જોડે રાગની મંદતાના પંચ મહાવ્રતના પરિણામ, અઠ્યાવીશ મૂળગુણના પરિણામ એને ચારિત્ર નથી તેને ચારિત્ર વ્યવહારથી કહેવામાં આવે છે. આહાહા..! એને ઠરવું છે કે એને ભટકવું છે? આ તો ભટકવાનો વિકલ્પ છે, સાંભળને. એ તો ત્યાં પ્રસિદ્ધિ કરે છે. ત્યાં એ વાત છે. એ દ્વારા સમજાવે છે. આવો વ્યવહાર ત્યાં હોય છે તેને નિશ્ચય આવો હોય છે એ બતાવે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ પાક કહ્યો ને. વ્યવહાર પાક થઈ ગયો. એટલે મંદ પડી ગયો મંદ. જેમ કેરી પાકે છે ને કેરી? કેરીના આંબા આંબા. એમાં ડિંટીયા હોય છે ને? ડિંટીયાને શું કહે છે? ગળી જાય છે ને ગળી? ફટ પડી જાય હેઠે, ગળી જાય એટલે. કેરી હોય છે ને? આમ-કેરી આંબા ઉપર. ડિંટીંયું હોય છે ને? શું કહે છે? ડંઠલ. ડંઠલ. ડંઠલ જો પાકી જાય તો ખરી જાય. આ પાક દઈને ખરી જાય છે આ એમ કહે છે.

‘**પાકના પ્રકર્ષની પરંપરા વડે...**’ ભાષા છે ને. જુઓ! અહીં વજન પરંપરા ઉપર છે. સાક્ષાત્ કારણ છે ત્યાં પરંપરા આવું એક કારણ છે. સમજાણું કાંઈ? આહાહા..! સહજનો ધંધો ત્યાં વાદવિવાદના ઝઘડા. અને એમાંય પાછા બહારમાં અમે જીત્યા. અરે..! જીતવાનું આમાં ક્યાં હતું? સાંભળને! કોની સાથે જીતે? ‘**અનુક્રમે...**’ આવા વિકલ્પો જે છે એ ઘટતા જાય છે કહે છે. રાગરસ ઘટતો જાય છે. એના અનુક્રમે આગળ વધીને નિશ્ચય પામે છે એ કહેશે, વિશેષ આવશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


**અષાઢ વદ ૯, ગુરુવાર તા. ૧૮-૭-૧૯૬૮**
**શ્લોક-૨૬૫, પ્રવચન-૫૭૧**

આ સમયસાર પરિશિષ્ટ અધિકાર. એમાં આ ઉપાય-ઉપેયની વાત છે. ઉપાય-ઉપેય એટલે? આત્મા જ્ઞાનાનંદ શુદ્ધ ચૈતન્ય વસ્તુ છે એ જ પોતે શુદ્ધ શ્રદ્ધા-જ્ઞાન અને શાંતિ દ્વારા જ્ઞાનરૂપે પરિણમતો સાધકપણે થાય છે. વસ્તુ જે છે શુદ્ધ ચૈતન્ય દ્રવ્ય, પુણ્ય-પાપના વિકલ્પના વ્યવહાર વિનાની ચીજ, એવો જે આત્મા પોતાના શુદ્ધ જ્ઞાન આનંદ આદિ સ્વભાવ, એને પહેલો જ્ઞાન અને આનંદ આદિનું જઘન્ય પરિણમન સાધકપણે પોતાથી કરે છે, પોતે સાધકરૂપે થાય છે. સમજાણું કાંઈ? જ્ઞાન અને આનંદ એવી ચીજ પોતે સાધકપણે મોક્ષમાર્ગની સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાયપણે પોતે પરિણમે છે, પોતે પરિણમે છે. એ આવી ગયું છે પહેલું. પોતે સાધકરૂપે થાય છે. કહો, સમજાય છે કાંઈ? સમજાય છે? પુણ્ય-પાપના વિકલ્પને વ્યવહારને લઈને નહિ એમ પહેલું સિદ્ધ કરે છે.

આત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ જ્ઞાનાનંદ મૂર્તિ, અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ, અનંત શાંતિ—ચારિત્રની એવી જે સ્વચ્છતા અને પ્રભુતા આદિથી ભરેલો ભગવાન વસ્તુ તરીકે છે એ પોતે જ અંતર દૃષ્ટિ કરીને, પોતા વડે સાધકપણાને મોક્ષમાર્ગપણાને પ્રાપ્ત થઈ પરિણમે છે. સમજાણું કાંઈ? એવા સાધકપણાના પરિણમન માટે કોઈ નિમિત્ત કે રાગની મંદતા ભક્તિ, પૂજા આદિ કે દયા, દાન એવા પરિણામને લઈને સાધકપણે પરિણમે છે એમ નથી. પહેલું એમ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? અને પોતે જ સિદ્ધરૂપે પરિણમે છે. પૂર્ણ શુદ્ધ આનંદ અને પૂર્ણ અનંતજ્ઞાન, પૂર્ણ અનંતશાંતિ આદિ ચારિત્ર અને પૂર્ણ વીર્ય એ પણે પણ આત્મા જ પોતે થાય છે, આત્મા જ પરિણમે છે. એક જ વસ્તુના બે ભાગ. સાધકપણે પરિણમવું અને સિદ્ધપણે પરિણમવું. કહો, સમજાય છે કાંઈ? એમાં બીજા પદાર્થનો સહારો નથી. અન્ય પદાર્થની એમાં મદદ નથી. કહો, સમજાણું કાંઈ?

છતાં આ વ્યવહારની વાત અહીં કરે છે. વ્યવહાર સમ્યગ્દર્શન જ્ઞાન એનો વિષય પર છે. અને નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનો વિષય સ્વ છે. બેનો વિષય ફેર છે. સમજાણું કાંઈ? પણ અહીંયાં નિશ્ચયપણે થયેલો આત્મા સાધકપણે તો છે. એણે અનાદિથી જે મિથ્યાદર્શન-જ્ઞાન-ચારિત્ર વડે સંસારમાં પરિભ્રમણ કરતાં વ્યવહારને નિશ્ચળપણે બરાબર ગ્રહણ કરેલા '**વ્યવહારસમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રના પાકની પ્રકર્ષની પરંપરા...**' એટલે રાગની એની મંદતા એને અહીંયાં વ્યવહારનયે એની પરંપરાએ સ્વરૂપમાં જાય છે એમ કહેવામાં આવે છે. કહો,

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org

હિંમતભાઈ! આ બધી તકરારની ગાથા છે પંડિતોની વચ્ચે.

'**સુનિશ્ચળપણે ગ્રહણ કરેલાં વ્યવહારસમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રના પાકના...**' પાક્યું પાક્યું એ. એનો પ્રકર્ષની વિશેષતા એની પરંપરા. પરલક્ષી જે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, શાસ્ત્રનું જ્ઞાન અને રાગની મંદતાનો ભાવ, એના પાકની વિશેષતાથી પરંપરાએ સ્વરૂપમાં જાય છે એટલે સાક્ષાત્ તો સીધો જાય છે. અમરચંદભાઈ! સાક્ષાત્ તો (સ્વભાવ) પર સીધો. સીધો રાગ અને વ્યવહારની અપેક્ષા વિના. કારણ કે એ બહિર્ વિષય છે. વ્યવહાર દર્શન-જ્ઞાન-ચારિત્રનો આત્મા બહિર્મુખ થાય છે ત્યાં. છે ને પંચાસ્તિકાયમાં? બહાર વિષય. સમજાણું કાંઈ?

વ્યવહાર સમ્યગ્દર્શન એટલે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ. વ્યવહાર જ્ઞાન એટલે શાસ્ત્રના ભણતરનો વિકાસ વિકલ્પ સહિત અને વ્યવહાર ચારિત્ર એટલે રાગની મંદતાનો ભાવ. એ ત્રણેની દિશા પર ઉપર છે દશા. વ્યવહારનું લક્ષ પરાશ્રિત છે. પણ એ વસ્તુ હોય છે એમ વ્યવહારનયે સિદ્ધ કર્યું. એના '**પાકના પ્રકર્ષની પરંપરા વડે...**' સીધો તો સ્વને પકડીને સ્વ વિષય કરીને દર્શન-જ્ઞાન-ચારિત્રપણે થાય છે. સમજાણું કાંઈ?

જુઓ! '**અનુક્રમે સ્વરૂપમાં આરોહણ કરાવવામાં આવતા..**' વ્યવહારનો એ જાતનો પરંપરાનો અભાવ કરી સીધો જ્ઞાનસ્વભાવ ચૈતન્યપ્રભુ (ગ્રહણ કરવામાં આવે છે). એ તો મોક્ષમાર્ગ પ્રકાશકમાં લીધું છે ને? દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા આવે છે ને ભાઈ એમાં? પહેલાં દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, પછી નવ તત્ત્વની શ્રદ્ધા, પછી સ્વપરની શ્રદ્ધા, પછી સ્વની શ્રદ્ધા. એમ. અનુક્રમ એમ લીધો છે ને એમાં?

મુમુક્ષુ :- એકલું પ્રયોજન.

ઉત્તર :- હા. પછી પ્રયોજન. આ તો પહેલું શું કરવું? પહેલું શું હોય એમ. પહેલું શું હોય? કે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા. એમ આવે છે ચાર બોલ. હોય તો એકસાથે થાય એને. પણ આ તો શરૂઆતમાં પહેલું શું કરવું (એનો) ત્યાં ખુલાસો કર્યો છે. દેવ-ગુરુ-શાસ્ત્ર. સાચા દેવ, સાચા ગુરુ, સાચા શાસ્ત્રની શ્રદ્ધા. પછી નવ તત્ત્વની શ્રદ્ધા એ પણ હજી વ્યવહાર. પછી સ્વપરની શ્રદ્ધા. આત્મા સ્વ શુદ્ધ ચૈતન્ય છે અને રાગાદિ પર છે. પછી સ્વાનુભવ-એકલો આત્માને આશ્રયે અનુભવ કરવો. એમાં એવો અનુક્રમ લીધો છે. સમજાણું? નવમા, નવમામાં છે ને? નવમામાં છે. નવમામાં છે ઈ. આ બાજુ પાને.

કહે છે કે એવા વ્યવહાર દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા આદિ હો, પણ એનો અભાવ કરીને આત્મા સ્વરૂપની દૃષ્ટિ અને જ્ઞાન કરે છે અને એનાથી સીધું થાય છે એમ નહિ. એની પરંપરા વડે. એટલે એનો અભાવ કરીને થાય છે. સમજાણું કાંઈ? આત્મા આમ શુદ્ધ ચૈતન્ય જ્ઞાનાનંદ વસ્તુ દ્રવ્ય તરીકે-પદાર્થ તરીકે (છે). એના તરફનો આશ્રય કરી ધ્રુવ વસ્તુને ધ્યેય કરીને સમ્યગ્દર્શન-

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


જ્ઞાન-ચારિત્ર સ્વઆશ્રયે પરિણમે એને નિશ્ચય કહે છે. સમજાણું કાંઈ?

એવા અનુક્રમે. લ્યો, એ તો અનુક્રમ એમ આવ્યું પાછું. ઓલા દેવ-ગુરુનું લખ્યું છે ને એ. આવે છે ને એમાં એ. નવમામાં આવે છે. પહેલું આમ કરવું (એમ) નથી આવતું? કેવળીએ આમ કર્યું એ છે. ચારેયનું પણ સાથે લીધું છે. એ લીધું છે. જુઓ! લક્ષણની વાત કરી છે હોં!

મુમુક્ષુ :- ચાર લક્ષણ છે ને એ.

ઉત્તર :- હા, ચાર લક્ષણો કહ્યા એ બીજા. આ તો પહેલું શું કરવું? એમ છે. આ બાજુમાં છે પણ હવે... આ ચશ્મા એવા છે કે આખું પાનું દેખાય નહિ. જુઓ આવ્યું. 'બીજા લક્ષણના .. એટલું વિશેષ છે, પહેલાં તો દેવાદિકનું શ્રદ્ધાન થાય.' એમ છે જુઓ. ઓલું લક્ષણ વળી જુદું. અહીં તો 'પહેલાં તો દેવાદિકનું શ્રદ્ધાન થાય, પછી તત્ત્વનો વિચાર થાય, પછી સ્વપરનું ચિંતવન કરે પછી કેવળ આત્માને ચિંતવે.' જુઓ! અહીં તો ઓલો શબ્દ અનુક્રમ આવ્યોને એટલે. જુઓ આ એ શબ્દ પડ્યો છે. એ અનુક્રમથી જો સાધન કરે. એ શબ્દ પડ્યો છે ભાઈ. કુદરતે વળી આવી ગયું. અહીં અનુક્રમ છે ને? સમજાણું કાંઈ? એ બરાબર જે છે ને શાસ્ત્રમાં એ શબ્દો લઈને વાત કરે છે. જુઓ અહીં આવ્યું ને અનુક્રમથી.

આ કહે છે, જુઓ. અને પછી જો સાધન કરે તો. પછી આવ્યો. જુઓ! શબ્દ એ આવ્યો છે. પરંપરાએ સાચા મોક્ષને પામી. જુઓ! અહીં પરંપરા શબ્દ પડ્યો છે. બેય શબ્દ પડ્યા છે જુઓ. જુઓ! કુદરતે અત્યારે આવ્યું જુઓ છે? અનુક્રમે ઓલો પરંપરા વડે અનુક્રમે. અને આ પણ શબ્દ એમાં જ છે એ. જુઓ! **'પહેલાં તો દેવાદિકનું શ્રદ્ધાન થાય, પછી તત્ત્વનો વિચાર થાય, પછી સ્વપરનું ચિંતવન કરે...' 'એ અનુક્રમથી જો સાધન કરે તો પરંપરા સાચા મોક્ષમાર્ગને પામી કોઈ જીવ સિદ્ધપદને પણ પ્રાપ્ત કરી લે, તથા એ અનુક્રમનું ઉલ્લંઘન કરીને જેને દેવાદિકની માન્યતાનું તો કાંઈ ઠેકાણું નથી તથા બુદ્ધિની તીવ્રતાથી તત્ત્વવિચારાદિમાં પ્રવર્તે છે અને તેથી પોતાને જ્ઞાની માને છે અથવા તત્ત્વવિચારમાં પણ ઉપયોગ લગાવતો નથી, પોતાને સ્વપરનો ભેદવિજ્ઞાની થયો માને છે,...'** અથવા સ્વપરનો પણ નિર્ણય કરતો નથી છતાં પોતાને જ્ઞાની માને છે. **'પણ એ બધી ચતુરાઈની વાતો છે.'** બહુ સરસ લીધું છે આ. ઓલા વળી એકસાથે હોય, ન હોય એ બીજી વાત. એ થાય ત્યારે ચારે... એકસાથે હોય છે. છતાં લક્ષણ ફેરે ફેર બતાવ્યો છે. કહો, સમજાણું?

જુઓ હવે આ (ચાલતો અધિકાર). **'વ્યવહારસમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રના પાકના પ્રકર્ષની**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


**પરંપરા વડે...**' લ્યો! એના તરફની રુચિ છોડી દીધી અથવા તે દિશા વ્યવહાર દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા હતી, નવ તત્ત્વની .. તેના તરફથી રુચિ છોડી દીધી, તેનું લક્ષ છોડી દીધું. રુચિ તો પહેલી અહીં છે હોં! પછી લક્ષ છોડી દીધું વિશેષ. '**અનુક્રમે સ્વરૂપમાં આરોહણ કરાવવામાં આવતા...**' પછી જ્ઞાનાનંદ ચૈતન્યસ્વરૂપ શુદ્ધ વસ્તુ, એમ અનુક્રમે આરોહણ કરવામાં આવે. સ્વરૂપ તરફ આરોહણ કરવામાં આવતા. શુદ્ધ ચૈતન્ય તરફ સ્વદિશામાં વળતાં. સમજાણું કાંઈ?

'**આ આત્માને,...**' આ રીતે સ્વરૂપમાં ચૈતન્યમૂર્તિમાં આરોહણ કરવામાં આવતા એટલે સ્વરૂપ તરફનો આશ્રય કરીને અંતરમાં આરૂઢ થતાં '**અંતર્મગ્ન જે નિશ્ચયસમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રરૂપ ભેદો તે-પણા વડે...**' અંતરમાં નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એવા ત્રણ ભેદ છે. છતાં વસ્તુ તરફના અભેદમાં અભેદપણું પરિણમે છે. એમાં ત્રણ સાથે છે. નિશ્ચય સમ્યગ્દર્શન-સ્વરૂપ તરફની પ્રતીતિ, સમ્યગ્જ્ઞાન-સ્વસંવેદન, ચારિત્ર-સ્વરૂપાચરણ સ્થિરતા. કહો, સમજાય છે કાંઈ? આ સાચો મોક્ષનો માર્ગ. એમાં અનુક્રમ લીધું. એનો અર્થ એ કે સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા એને જોઈએ. પહેલાં સાચા દેવ કોણ છે? સાચા ગુરુ કોણ છે? સાચા શાસ્ત્ર શું છે? એની શ્રદ્ધાના ઠેકાણા નથી. તો કહે છે કે તારી ચતુરાઈથી તું પછી માની બેસે કે આત્મા છે ને ફલાણું છે, એમ ન હોય.

મુમુક્ષુ :- ચતુરાઈથી પછી .. કરે.

ઉત્તર :- .. કરે. આ કરીએ છીએ ઈ. લ્યો. એવું કહ્યું જુઓ. કાંઈક વાંચ્યું છે અમરચંદભાઈએ. ખાણિયા ચર્ચા જોઈ છે ને. જોયું છે બધું.

ભાઈ! દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, સાચા સર્વજ્ઞ પરમેશ્વર, સાચા સંત ગુરુ મુનિ વીતરાગી શુદ્ધ ઉપયોગી અને સાચા અનેકાંતમય વીતરાગના વચનો-શાસ્ત્ર એની શ્રદ્ધા તો હોય એને. છે એ વિકલ્પ. છે એ વિકલ્પ-રાગ. પણ એ શ્રદ્ધા પહેલી હોય છે. પહેલી ન હોય અને પધારો ઓલું કરવા જાય તો કહે દેવ-ગુરુ-શાસ્ત્રનું કાંઈ ઠેકાણું નથી (તો) તત્ત્વ નહિ હાથ લાગે એમ કહે છે, એમ કહેવા માગે છે. સમજાણું? જુઓને, આ વર્તમાનમાં કાંઈ ઠેકાણું નથી. આત્મા કરો આત્મા. પણ શું આત્મા? કોણે કહ્યો આત્મા? કેવો છે આત્મા? શાસ્ત્ર શું કહે છે આત્મા? સમજાણું કાંઈ? લ્યો!

ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર, જેને એક સમયમાં ત્રિકાળ જ્ઞાન હતું એવા અનંત પરમાત્માઓ, ગુરુ જે નિર્ગ્રંથ મુનિ વીતરાગી શુદ્ધ ઉપયોગી સંત અને શાસ્ત્ર અનેકાંત તત્ત્વ—એની એને શ્રદ્ધા વાસ્તવિકપણે પહેલી હોય છે. એથી એને છોડીને વ્યવહાર પરંપરા કરી નિશ્ચયની વાત કરી છે. સમજાણું કાંઈ? નવ તત્ત્વની શ્રદ્ધા જોઈશે, કહે છે. છે વ્યવહાર વિકલ્પ. પણ જીવ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


શું છે આ જ્ઞાયક આખો? અજીવ શું છે? વચમાં પુણ્ય-પાપના પરિણામ વિકલ્પો અશુદ્ધતા શું છે? એના સ્વરૂપને ભેદથી નહિ જાણે ભિન્નથી તો પછી સ્વરૂપના જાણ્યા વિના અજ્ઞાનપણે આત્માને સેવવા જાશે તો નહિ કરી શકે. સમજાણું કાંઈ? માટે એની એને પહેલી ઓળખાણ અને શ્રદ્ધા જોઈશે. કહો, સમજાણું કાંઈ?

પછી '**અનુક્રમે સ્વરૂપમાં આરોહણ કરાવવામાં આવતા...**' આ રીતે ભગવાન આત્મા પૂર્ણ સર્વજ્ઞ પરમેશ્વરે જોયો એવો સર્વજ્ઞ. સર્વજ્ઞ ઉપયોગી આત્મા, સર્વજ્ઞસ્વભાવી આત્મા. ઉપયોગ એટલે ત્રિકાળ. '**सव्वण्हूणाणदिट्ठो**' આવે છે ને? (ગાથા-૨૪). '**उवओगलक्खणो णिच्चं**'. ત્રિકાળ એકલો જ્ઞાનમય, જ્ઞાનમય ત્રિકાળ વસ્તુ. એવા આત્માને અનુભવમાં લેતાં જે નિશ્ચય સમ્યગ્દર્શન થાય એ સ્વરૂપમાં આરોહણથી થાય છે. વ્યવહારનું આરોહણ છોડીને નિશ્ચયનું આરોહણ કરે તો થાય છે એમ કહે છે. સમજાણું કાંઈ? એ આવતાં '**આ આત્માને,...**' સ્વરૂપમાં આરોહણ કરાવવામાં આવતા. એમ છે જોયું! એટલે પુરુષાર્થથી કરાવવામાં આવતા એમ. નીકળ્યું કે નહિ શેઠ? નીકળ્યું કે નહિ? ક્યાં છે? ક્યાં ચાલે છે? અદ્ધરથી ચાલે છે? લાગે. સવારે ઊંઘમાં જાય અને અત્યારે અદ્ધરમાં જાય. એટલે એમાં કાંઈ પકડાતું નથી. બતાવો ભાઈ એને. ખબર નથી એને. અત્યાર સુધી બધું અદ્ધર ચાલ્યું લ્યો, ૨૦ મિનિટ તો.

મુમુક્ષુ :- સ્વરૂપમાં આરોહણ કરાવવામાં આવતા.

ઉત્તર :- હા એ. એ પહેલાથી કાઢી લેવું જોઈએ કે નહિ? ૨૦ મિનિટ તો ચાલી ગઈ. કહો, સમજાય છે કાંઈ?

કહે છે, આત્મા પોતાના સ્વરૂપમાં. '**સ્વરૂપમાં આરોહણ કરાવવામાં આવતા...**' અહીં વજન (છે). સ્વરૂપ એનું જ્ઞાયક ચૈતન્યમૂર્તિ આનંદકંદ એ સ્વરૂપ. એકલો જ્ઞાયકભાવ, આનંદભાવ એવું જ એનું સ્વરૂપ પોતાનું. '**આરોહણ કરાવવામાં આવતા...**' પછી એવું જાણીને આરોહણ કરાવવામાં આવતા. સમજાણું? તો સ્વરૂપ શું છે એવું પહેલું જાણવું જોઈએ. સર્વજ્ઞની આજ્ઞા પ્રમાણે, સર્વજ્ઞના શાસ્ત્ર પ્રમાણે ગુરુગમથી. એ જાણ્યા વિના એને સમ્યગ્દર્શન થાય નહિ. તેથી કહ્યું છે ને ૧૩મી ગાથામાં? નય, પ્રમાણ, નિક્ષેપથી જાણે. આવે, એ હોય છે. હોય છે પણ છતાં વસ્તુનો અનુભવ કરતાં એમાં હોતું નથી. સમજાણું કાંઈ? નિશ્ચયનયે વ્યવહારનયે શું કથન છે? નિક્ષેપોનું શું સ્વરૂપ છે? અને પ્રમાણનું શું સ્વરૂપ છે? પ્રમાણનો વિષય શું છે? એવું એણે બરાબર આત્માને જાણવું જોઈએ. જાણવા છતાં વસ્તુના અનુભવમાં એ છે નહિ. ભેદ પછી વસ્તુના અનુભવમાં કામ આવતા નથી. આહાહા..! સમજાણું કાંઈ?

'**સ્વરૂપમાં આરોહણ કરાવવામાં આવતા...**' કોને? આત્માને. એમ. એવા '**આ**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

**આત્માને,...**' એમ છે ને? કહેવું છે ને? આહાહા..! ભગવાન આત્મા ચૈતન્યમૂર્તિ અનાકુળ આનંદનું સ્વરૂપ છે. એનું સ્વરૂપ જ આનંદમૂર્તિ, અતીન્દ્રિય આનંદ (છે) એમાં આરૂઢ કરતાં. ઓલો વ્યવહાર હતો એ તો વિકલ્પ હતો. એ આકુળતા હતી. સમજાણું? હવે અહીંયાં નિરાકુળ ભગવાન આત્મા એવો આત્મા જાણીને, પછી એમાં આરોહણ (કર્યું)-સ્વરૂપ તરફમાં આરૂઢ થયો. નિશ્ચય આરૂઢ. આવે છે ને ઓલામાં? નિશ્ચય અણારૂઢ. હવે અહીં નિશ્ચય આરૂઢ લેવો છે અહીં. ૪૧૩માં. વ્યવહારમૂઢ આવે છે ને? નિશ્ચય અણારૂઢ. એમ આવે છે. ત્રણ બોલ છે.

મુમુક્ષુ :- અનાદિરૂઢ.

ઉત્તર :- અનાદિરૂઢ. એ તો અનાદિરૂઢ. એ અનાદિરૂઢ છે ને ભાઈ ૮૪ ગાથામાં? અનાદિરૂઢ. એમાં રૂઢ શબ્દ કાઢી નાખ્યો ઓલાએ. કારણ કે રૂઢ.. અનાદિરૂઢ વ્યવહાર છે અજ્ઞાનીઓનો. ત્યાં પરનો કર્તા અને પરનો ભોક્તા એ તો અનાદિરૂઢ અજ્ઞાનીનો વ્યવહાર છે. ૮૪માં ગાથામાં. પછી ઓલું રૂઢ કાઢી નાખ્યું. પછી? છેલ્લામાં એમ કહ્યું, અજ્ઞાનીઓનો આ પ્રસિદ્ધ વ્યવહાર છે. એ કહ્યું છે. અજ્ઞાનીઓનું કાઢી નાખ્યું. ... પ્રસિદ્ધ વ્યવહાર છે એ રાખ્યું એમાં. જુઓને. કહો, સમજ્યાને? આમાં આજે જ આવ્યું છે હોં! પછી જોયું મેં કીધું આ શબ્દ.. નાખ્યા.

લ્યો જુઓ આવ્યું. એના તરફથી કહ્યું છે. 'ઈસ તરહ મનુષ્યોંકા અનાદિકાલ સે વ્યવહાર ચલા આ રહા હૈ.' બસ એટલું નાખ્યું. ઓલું રૂઢ છે ને એ કાઢી નાખ્યું. સામા તરફથી. 'મનુષ્યોં કા અનાદિકાલ સે રૂઢ વ્યવહાર ચલા આ રહા હૈ.' સમજાય છે? શું? કે બહિર્‌ક્રિયા. સમજ્યાને? આ ઘડો કરે છે ઈ. આ ઘડો આ કરે છે માટીનો ઘડો કુંભાર કરે છે એવો રૂઢ અનાદિરૂઢ વ્યવહાર ચાલ્યો આવે છે. ખરેખર એ છે નહિ. એમ આત્મા કર્મને કરે છે અને આત્મા કર્મને ભોગવે છે એ 'ઈસ તરહ વિકારરૂપ પરિણતિમેં વર્તમાન પ્રાણીયોંકા ભી અનાદિ સે વ્યવહાર ચલા આ રહા હૈ, અનાદિસે વ્યવહાર ચલા આ રહા હૈ.' પણ એમ નહિ. અનાદિ સે અજ્ઞાનીઓનો વ્યવહાર ચલા આ રહા હૈ એમ છે. એ શબ્દ કાઢી નાખ્યો. અર્થ જ આવા કરે છે, લ્યો. આ શું કરે છે? સમજ્યા અમરચંદભાઈ? પાઠમાં એમ છે જુઓ ૮૪ ગાથા છે ને. ૮૪માં છે લ્યો જુઓ. ૮૪ છે ૮૪. દેખો. એ આપણે ભાઈ સુધાર્યું છેને થોડું. ૮૪ છે.

'**અંદરમાં વ્યાપ્યવ્યાપકભાવથી માટી ઘડાને કરે છે અને ભાવ્યભાવકભાવથી માટી જ ઘડાને ભોગવે છે તોપણ,...**' નિશ્ચયથી એમ છે. '**બહારમાં, વ્યાપ્યવ્યાપકભાવથી ઘડાના સંભવને અનુકૂળ એવા (ઈચ્છારૂપ અને હસ્તાદિકની ક્રિયારૂપ પોતાના) વ્યાપારને કરતો અને ઘડા વડે કરેલો પાણીનો જે ઉપયોગ તેનાથી ઊપજેલી તૃપ્તિને (પોતાના તૃપ્તિભાવને) ભાવ્યભાવકભાવ વડે અનુભવતો-ભોગવતો એવો કુંભાર ઘડાને**

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


**કરે છે અને ભોગવે છે એવો લોકોનો અનાદિથી રૂઢ વ્યવહાર છે;...**' એવો અનાદિ લોકોનો અનાદિથી રૂઢ વ્યવહાર છે. સમજાણું ને? બસ, એટલી વાત છે. સમજ્યાને? લોકો શબ્દ આવે છે કે નહિ એમાં? 'ઈસતરહ મનુષ્યોંકા અનાદિકાલસે...' મનુષ્યોંકા લીધું છે એમાં. લોકોના છે આમાં શબ્દ. 'મનુષ્યોંકા અનાદિકાલસે રૂઢ વ્યવહાર હૈ.' અહીં તો શબ્દ એમ છે '**લોકોનો અનાદિથી રૂઢ વ્યવહાર છે;...**'

મુમુક્ષુ :- લૌકિક

ઉત્તર :- લૌકિક એમ કરી નાખ્યું છે. કહ્યું? પછી જુઓ પછી.

'**તેવી રીતે, અંદરમાં વ્યાપ્યવ્યાપકભાવથી પુદ્‌ગલદ્રવ્ય કર્મને કરે છે અને ભાવ્યભાવકભાવથી પુદ્‌ગલદ્રવ્ય જ કર્મને ભોગવે છે તોપણ, બહારમાં, વ્યાપ્યવ્યાપકભાવથી અજ્ઞાનને લીધે...**' સમજાણું? ઉત્પત્તિ અનુકૂળ પરિણામ પુદ્‌ગલ કર્મને કરતા બહિર્‌જીવ... ઉસ કર્મકા અનુભવ.. ઓલું અજ્ઞાનરૂપનું કાઢી નાખ્યું. ભારે અર્થ કરે છે. પહેલું અજ્ઞાન છે ને, જુઓને. અજ્ઞાન થઈ ગયું ને? '**વ્યાપ્યવ્યાપકભાવથી અજ્ઞાનને લીધે પુદ્‌ગલકર્મના સંભવને અનુકૂળ એવા...**'

મુમુક્ષુ :- અજ્ઞાનને લીધે શબ્દ મૂળ લીધો અહીંયાં.

ઉત્તર :- હા, એ મૂળ શબ્દ છે. અને છેલ્લો પછી પાછો.

એવો અનાદિથી અજ્ઞાનીઓનો વ્યવહાર ચલા આ રહા હૈ. એમ છે. 'અનાદિથી વ્યવહાર ચલા આ રહા હૈ.' બસ એટલું. ઓલું કાઢી નાખ્યું. આવા શબ્દોના અર્થ (કરે છે). એકેએક શાસ્ત્રના અર્થ ઊંધા કર્યા છે. શું કહે છે એમાં સમજાય છે? કે આ ઘડો કુંભારે કર્યો એ અનાદિ રૂઢ વ્યવહાર છે. સાચો વ્યવહાર નથી. એમ અજ્ઞાનીઓનો રાગ કર્મ આત્મા કરે અને કર્મને ભોગવે એ અજ્ઞાનીઓનો વ્યવહાર છે. કરી શકતો નથી. એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? લોકોનો, અજ્ઞાનીઓનો વ્યવહાર એ માને છે ભ્રમથી. છે નહિ. જડને શું ભોગવે? આત્મા જડને શું કરે? વિકારને કરે અને વિકારને ભોગવે. પરને જડને કરે અને જડને ભોગવે? બહુ તકરાર.

મુમુક્ષુ :- વ્યવહાર સિદ્ધ કરવા વાત કરી છે.

ઉત્તર :- હા, એને વ્યવહાર સિદ્ધ કરવો છે ને એટલે ઓલો.. અજ્ઞાનીઓ કાઢી નાખે તો... પણ આવું હોય? જેમ હોય એમ રહેવું જોઈએ ને. સમજાણું?

આમ આવ્યું આપણે જુઓ! વ્યવહારમાંથી '**સ્વરૂપમાં આરોહણ કરાવવામાં આવતા...**' લ્યો! છૂટીને. વ્યવહારની પરંપરા હોય તો એમાંથી છૂટીને. સ્વરૂપ ચિદાનંદ ભગવાન આત્મા આનંદની મૂર્તિ ઉપર આરૂઢ થઈને, એનો આશ્રય કરીને અથવા સમ્યગ્દર્શનમાં આત્માનો આશ્રય

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


બનાવીને. વ્યવહારમાં પરનો આશ્રય હતો. સમજાણું કાંઈ? એવા '**સ્વરૂપમાં આરોહણ કરાવવામાં આવતા આ આત્માને,...**' એ સ્વરૂપમાં આરોહણ કરાવવામાં આવતા આત્માને એટલે? ઓલા વ્યવહારને લઈને નહિ એમ ભાઈ પાછું લેવું. એટલે નાખ્યું એય..! '**સ્વરૂપમાં આરોહણ કરાવવામાં આવતા...**' ઓલા વ્યવહારથી સ્વરૂપમાં આરોહણ કરાવવામાં આવતા, નિમિત્તથી (કરાવવામાં આવતા) એમ નહિ.

મુમુક્ષુ :- વ્યવહારમાં તો સ્વરૂપમાં આરોહણ નહોતું.

ઉત્તર :- નથી થાતું એનાથી એમ સિદ્ધ કર્યું ને જુઓને પણ. સમજાણું કાંઈ?

જેટલો વ્યવહાર દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ, પંચ મહાવ્રતના પરિણામ, શાસ્ત્રનું જ્ઞાન એ વડે સ્વરૂપમાં આરોહણ કરાવવામાં આવતા એમ બનતું નથી. આહાહા..! સ્વરૂપમાં આરોહણ કરાવવામાં આવતા. આત્માને કરાવવામાં આવતા. એમ. એટલે પોતાના પુરુષાર્થથી સ્વરૂપમાં આરોહણ કરે છે. પોતાના શુદ્ધ ચૈતન્યનો આશ્રય કરીને સ્વરૂપમાં આરૂઢ થાય છે. અમરચંદભાઈ! આહાહા..! સમજાણું કાંઈ? હજી એની વિધિની રીતની ખબર ન મળે, એને ધર્મ થાય અને સમ્યગ્દર્શન થાય. ક્યાંથી થતા હતા?

મુમુક્ષુ :- એ તો મુનિપદ હોય ત્યારે.

ઉત્તર :- ધૂળમાંય મુનિપદ નથી. સમ્યગ્દર્શનના ઠેકાણા નથી, મુનિપદ ક્યાંથી આવ્યું? કહો, સમજાણું કાંઈ?

'**સ્વરૂપમાં આરોહણ કરાવવામાં આવતા આ આત્માને,...**' જોયું! ભગવાન આત્માને પોતાના સ્વરૂપમાં આત્માને જ આરોહણ કરાવવામાં આવતા. ઓહો..! ટીકા પણ ટીકા છે ને જુઓને! ભગવાન આત્મા પોતાનો વિષય બનાવીને એમ કહે છે. પોતે બનાવીને. વ્યવહારને કારણે, પરને કારણે નહિ. કહો, આ અંતરમગ્ન થવાની રીત બતાવે છે. સમજાય છે? આમ તો બધા કહે કે અંતરમાં જુઓ. શું પણ અંતર જોવે? અંતર શું છે? સમજાણું કાંઈ? અંતર વસ્તુ આત્મા દ્રવ્ય, એનું ક્ષેત્ર અસંખ્ય પ્રદેશ, એની શક્તિઓ અનંત, એની વર્તમાન અવસ્થા. એ અવસ્થા પરલક્ષ ઉપર છે તેને સ્વલક્ષમાં વાળ. સમજાણું કાંઈ? લ્યો, આ ધર્મ પામવાની કળા અને રીત. બ્રહ્મચારીજી!

મુમુક્ષુ :- અનાદિથી ભૂલ પડી છે ને.

ઉત્તર :- પર તરફ લક્ષ છે ને. કરી છે તો છોડ હવે, કહે છે. છોડને.

ભગવાન આત્મા બિરાજમાન સચ્ચિદાનંદ પ્રભુ શુદ્ધ ધ્રુવ ચૈતન્ય (છે) એમ '**સ્વરૂપમાં આરોહણ કરાવવામાં આવતા આ આત્માને, અંતરમગ્ન...**' સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના ત્રણ પ્રકાર હોવા છતાં અભેદપણે પરિણમન થાય છે એમ કહે છે. સમજાણું કાંઈ? મુદ્દાની

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

વાત છે. મુદ્દાની રકમ છે આ. આહાહા..! **'સ્વરૂપમાં આરોહણ કરાવવામાં આવતા...'** સમજ્યાને? આ કરાવવામાં વજન છે જરી. આત્માને એમ. આત્માને વાળ્યો પાછો. એમ. ઓલું તો જેટલું લક્ષ હતું એ છોડીને આમ વળ્યો. અંતર્મગ્ન. કહે છે કે આત્મા આરૂઢ થયો એમાં ભલે થયો અંતર્મગ્ન પણ જે નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન ભેદ એમાં ત્રણ ભેગા છે. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર. છે એક સમયમાં ત્રણ. આરૂઢ થતાં ત્રણ. છે અભેદ પણ એમાં ત્રણ છે.

**'જે નિશ્ચયસમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રરૂપ ભેદો તે-પણા વડે...'** જોયું! **'પોતે સાધક રૂપે પરિણમતું,...'** અહીં સાધકરૂપે પરિણમતું કહ્યું, ભાઈ! ઓલો વ્યવહાર છે એ સાધક રૂપે પરિણમતું એમ નહોતું. ત્યાં છે એટલી જ વાત કરી. જણાવી ત્યાં. સમજાણું કાંઈ? ત્યારે આમ થયો-ત્યારે સાધક થયો. શુદ્ધ ચૈતન્ય જ્ઞાયકમૂર્તિ એના તરફના લક્ષ અને ધ્યેયે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમાં જે અંતર્મગ્ન દશા એ રૂપે પરિણમ્યો ત્યારે સાધકપણે થયો. ત્યારે તે સિદ્ધના સાધકપણે થયો. સમજાણું કાંઈ?

**'સાધકરૂપે પરિણમતું,...'** તત્ત્વ. એમ. સમજાણું? અહીં જ્ઞાન કહેવું છે ને ઓલું? જ્ઞાનમાત્ર કહેવું છે. એવું એક જ્ઞાન. અહીં જ્ઞાન કહેવું છે ને એટલે કીધું. **'સાધકરૂપે પરિણમતું,...'** શું? કે જ્ઞાન. એમ. જ્ઞાન એટલે આત્મા. બે ભાગ પાડ્યા હતા ને? જ્ઞાનસ્વરૂપ હોવા છતાં જે સાધકપણે પરિણમે પરિણામ એ પણ એનો પર્યાય છે અને સિદ્ધપણે પરિણમે એ પરિણામ છે. આ ઉપાય છે, ઓલો ઉપેય છે. સાધકપણે થાય તે ઉપાય છે, સિદ્ધપણે થાય તે એનું ફળ ઉપેય છે. સમજાણું કાંઈ? ત્યારે **'સાધકરૂપે પરિણમતું,...'** વળી પાછું **'તે-પણા વડે પોતે સાધક રૂપે પરિણમતું,..'** એમ પાછું લીધું ને વધારે. એ પોતે પોતાથી સાધકપણે પરિણમતું. ત્યાં પણ પોતે હતું પહેલામાં. જુઓને! **'કારણ કે તે એક હોવા છતાં પોતે સાધક રૂપે અને સિદ્ધ રૂપે એમ બન્ને...'** એનું સ્પષ્ટીકરણ છે ને આ? માથે હતું પહેલું. બીજી લીટી. પોતે સાધકરૂપે અને સિદ્ધરૂપે. પોતાની દિશા પોતામાં ફેરવી, પોતે ફેરવી છે એમ કહે છે. બીજાને કારણે નહિ. આહાહા..!

મુમુક્ષુ :- અપૂર્ણ શુદ્ધ પર્યાય...

ઉત્તર :- અંતરમાં વાળી. શુદ્ધ પર્યાયને અંતરમાં (વાળી). સમજ્યાને? પર્યાયને અંતરમાં આરોહણ કરી. પોતે કર્યું. પોતાથી થયું-આત્માથી થયું. વ્યવહાર અને નિમિત્તથી નહિ. એમ કહે છે. ઓહોહો..!

**'પરિણમતું,...'** લ્યો! **'ભેદો તે-પણા વડે પોતે સાધક રૂપે પરિણમતું,...'** નિશ્ચય સાચું સમ્યગ્દર્શન, સાચું સમ્યગ્જ્ઞાન, સાચી સ્વરૂપ સ્થિરતા એ રૂપે આત્મા પોતે પરિણમતો

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


સાધકપણે થયો. સ્વતંત્ર પોતે રાગની અને વ્યવહારની અપેક્ષા છોડીને પોતે સાધકરૂપે પરિણમે તેને મોક્ષનો માર્ગ કહે છે. એને ઉપાય કહે છે. આહાહા..! ભાઈ! આ તો ધીરાનું કામ છે. આ કાંઈ ગોખી લેવુંને એનું કામ નથી. અંતરમાં...

ભગવાન આત્મા પૂર્ણાનંદ પ્રભુ એવો શુદ્ધ ચૈતન્ય વસ્તુ, એના ઉપર આરૂઢ થયો એટલે નિશ્ચય ઉપર આરૂઢ થયો. એટલે નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર આવ્યું, પ્રગટ્યું. એ પણા વડે પોતે, પોતે જ પોતા વડે સાધકરૂપે પરિણમ્યો. એ ઉપાય લીધો. આ ઉપાય લ્યો. ઓલો વ્યવહાર-બ્યવહાર ઉપાય નહિ એમ કીધું. ત્યાં ઉપાય શબ્દ વાપર્યો નહોતો, સાધકપણું વાપર્યું નહોતું ત્યાં. સમજાણું કાંઈ? ભાઈ! વ્યવહાર ઉપાય અને વ્યવહાર સાધનપણે શબ્દ નહોતો લીધો. એક વસ્તુ જણાવી કે આમ છે એનું પ્રકર્ષ થઈને અંતરમાં આરૂઢ થાય છે ત્યારે સાધકપણે પરિણમે છે. ત્યારે સાધક કહેવામાં આવે છે.

'**તથા...**' હવે ઉપેય. '**પરમ પ્રકર્ષની હદને પામેલા...**' ઓલામાં '**પાકના પ્રકર્ષની પરંપરા...**' એમ હતી. હવે સાધકપણું જે પ્રગટ્યું શુદ્ધ. '**પરમ પ્રકર્ષની હદને પામેલા...**' ઓહો..! ઉત્કૃષ્ટ પર્યાયની વિશેષતાની મર્યાદાને પામેલા '**રત્નત્રયની અતિશયતાથી પ્રવર્તેલો...**' સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એવા જે રત્નત્રય નિશ્ચય. આ માર્ગ એને સમજવો કઠણ, મહેનત પ્રયત્ન ન મળે એટલે બહારથી ઝટ દઈને કાંઈક થઈ જાય એમ લઈ લ્યે અને એવા મળે કહેનારા. જાઓ, શૂન્ય થઈ જાઓ. શૂન્ય જ છે આત્માના ભાન વિના. અહીં તો વસ્તુ અખંડાનંદ સર્વજ્ઞ શક્તિ, સર્વદર્શી શક્તિ, પૂર્ણાનંદ સ્વભાવ, વીર્યની મૂર્તિ એવા અનંત અનંત ગુણનું એકરૂપ એવો આત્મા એમાં આરૂઢ થા, વિકલ્પથી શૂન્ય થઈ જઈશ. સ્વભાવના અસ્તિત્વનું ભાન થઈ જશે એમ કહે છે. સમજાણું કાંઈ?

એ રીતે આત્મા પોતાના સાધકપણાના પર્યાયપણે પરિણમતો આત્મા '**પરમ પ્રકર્ષની હદ...**' પરમ-વિશેષતાની. પ્ર-વિશેષે એની હદ ઉત્કૃષ્ટ. (તેને) '**પામેલા રત્નત્રયની અતિશયતાથી પ્રવર્તેલો...**' સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની વિશેષતાથી, અતિશયતાથી એટલે વિશેષતાથી '**પ્રવર્તેલો...**' શું? '**જે સકળ કર્મનો ક્ષય...**' જુઓ! તેથી સકળ કર્મનો ક્ષય એમ કીધું. એઈ..! ઓલા સકળ કર્મનો ક્ષય થાય તો આ થાય એમ ન લીધું. ભાઈ! ઓલા કહે છે આમથી લ્યો. અરે.. ભગવાન! શું કરે છે આ? એમ કહે છે આમાં. એમ કે જુઓ! મોહ ક્ષયે આ કામ કર્યું છે. મોહ ક્ષયા જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય.. પહેલું મોહ ક્ષય છે ને. પછી જ્ઞાન-દર્શનના અંતરાય ક્ષયા કેવળજ્ઞાન, કેવળદર્શન પ્રાપ્ત થાય છે. ત્યાં તો એમ કહ્યું. તમે તો કહો છો કે આમ થાય. આમ કરે તો ક્ષય થાય. કહે નહિ, એમ છે. જુઓને, શું કીધું આ? '**રત્નત્રયની અતિશયતાથી પ્રવર્તેલો જે સકળ કર્મનો ક્ષય તેનાથી પ્રજ્વલિત**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


**થયેલો...**' ચૈતન્યમૂર્તિ ભગવાન પર્યાયમાં પ્રજ્વલિત થયો.

'**(દેદીપ્યમાન) થયેલો જે અસ્ખલિત...**' સ્ખલે નહિ એવો '**વિમળ સ્વભાવભાવ...**' વિમળ સ્વભાવભાવ, નિર્મળ કેવળજ્ઞાન આદિ સ્વભાવભાવ '**તે-પણા વડે...**' તે-પણા વડે... '**અસ્ખલિત વિમળ સ્વભાવભાવ તે-પણા વડે...**' જોયું! તે સ્ખલના હવે પામે અને કેવળજ્ઞાન થયું એ જાય, મોક્ષદશા થઈ એ જાય એમ કોઈ દી હોય નહિ. કહો, સિદ્ધપણું પ્રાપ્ત થાય અને પાછો કોઈ અવતરે દુનિયાની દયા માટે, આવે છે કે નહિ? ભક્તોની ભીડ ભાંગવા અને રાક્ષસોનો નાશ કરવા. એવા ભગવાન હોય નહિ. પરમેશ્વર પૂર્ણ થયા એની અસ્ખલિત દશા (થઈ જાય). એને ત્યાંથી ખસવું નથી. એવી પૂર્ણાનંદની પ્રાપ્તિ થવી એને સિદ્ધ દશા કહે છે. એને પરમેશ્વર દશા અને એને મોક્ષ દશા કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**સકળ કર્મનો ક્ષય તેનાથી પ્રજ્વલિત થયેલો જે...**' પ્રગટ થયેલો પૂર્ણ સ્વભાવ એમ. શક્તિરૂપે તો હતો. '**જે અસ્ખલિત વિમળ સ્વભાવભાવ...**' ન સ્ખલે એવો ક્ષાયિક કેવળજ્ઞાનભાવ, ક્ષાયિક દર્શનભાવ, ક્ષાયિક આનંદભાવ '**તે-પણા વડે પોતે સિદ્ધ રૂપે પરિણમતું...**' લ્યો! '**તે-પણા વડે પોતે...**' એટલે આત્મા. બેય માથે કહ્યું છે. '**સિદ્ધરૂપે પરિણમતું એવું એક જ જ્ઞાનમાત્ર...**' લ્યો! એક જ્ઞાનમય આત્મા. જ્ઞાનમય આત્મા ગણ્યો છે. ચૈતન્યસૂર્ય, ચૈતન્યનો પુંજ. એ પોતે આત્મા પોતાના અંતર નિશ્ચય રત્નત્રયથી પરિણમતો સાધકપણે થાય અને ઉત્કૃષ્ટ રત્નત્રયના વિશેષથી પરિણતિ સિદ્ધ દશારૂપે પોતે થાય. સમજાણું આમાં?

'**અસ્ખલિત વિમળ સ્વભાવભાવ તે-પણા વડે પોતે સિદ્ધ રૂપે પરિણમતું એવું એક જ જ્ઞાનમાત્ર...**' ભાષા જુઓ. ઓલો વ્યવહાર-ફ્યવહાર કાઢી નાખ્યો બધું. '**એક જ જ્ઞાનમાત્ર...**' એવો એક જ જ્ઞાનમાત્ર જ્ઞાનસ્વરૂપે ભગવાન ચિદાનંદ એકરૂપે એ જ '**ઉપાય-ઉપેયભાવ સાધે છે.**' સમજાણું કાંઈ? '**એક જ જ્ઞાનમાત્ર...**' પાછું જુઓ 'જ' શબ્દ છે. એક જ જ્ઞાનસ્વરૂપી ભગવાન પોતે જ પોતાના સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રપણે પરિણમે છે એ સાધકપણે, ઉત્કૃષ્ટપણે પરિણમે છે તે સિદ્ધપણે. એ પોતે '**જ જ્ઞાનમાત્ર ઉપાય-ઉપેયભાવ સાધે છે.**' લ્યો! એમાં વ્યવહાર અને નિમિત્તની કાંઈ જરૂર નથી. એમ કહે છે. સમજાણું કાંઈ? જ્ઞાન કરાવ્યું (કે) વ્યવહાર આવો (હોય).

મુમુક્ષુ :- પ્રથમ ભૂમિકાનો પુરુષાર્થ..

ઉત્તર :- પહેલી. સાધકપણે પરિણમનાર આવો હોય છે, સિદ્ધપણે પરિણમનાર આવો હોય છે. એમ વાત છે. આહાહા..!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

સાધકપણું ચોથા ગુણસ્થાનથી શરૂ થાય છે. મુખ્યપણે છઠ્ઠેથી અહીં લેવાય. પણ આમ ચોથેથી લેવાય. સાધક સાધ્ય લીધું છે ત્યાં ચોથેથી લીધું છે બનારસીદાસમાં. સમજાણું? ચોથેથી બાર સાધક (છે). કહો હવે ચોથેથી બાર સાધકમાં શુભઉપયોગવાળો સાધક હશે એ? શુદ્ધ ઉપયોગ, શુભ ઉપયોગ કહે છે. ચોથેથી છ સુધી સાત સુધી શુભ.

મુમુક્ષુ :- શુભ ઉપયોગ જ નથી.

ઉત્તર :- પણ એ શુભઉપયોગ આત્મા જ નથી. અહીં તો વાત જ ક્યાં..?

અહીં આત્મા સાધકપણે પરિણમે એમાં શુભઉપયોગ આત્મા ક્યાં છે? સમ્યગ્દર્શનમાં પહેલે દરજ્જે શુદ્ધ ચૈતન્યમૂર્તિપણે સમ્યગ્દર્શનપણે પરિણમે એમાં શુભપણે પરિણમવું એવું છે જ ક્યાં? શુભપણું પરિણમવું એવું વસ્તુમાં જ નથી એમ કહે છે. એ અશુદ્ધ છે અશુદ્ધ. કારણ કે વસ્તુ પોતે દ્રવ્ય અને ગુણ શુદ્ધ છે. શુદ્ધ... શુદ્ધ... શુદ્ધ. એની દૃષ્ટિ કરતાં શુદ્ધનું જ પરિણમન છે. વળી શુભનું પરિણમન કેવું જ્ઞાનીને? છે જ નહિ કહે છે. એક સત્તા બતાવવા વાત કરે. છઠ્ઠા ગુણસ્થાન સુધી આવો રાગ હોય છે. એ તો એની હયાતી બતાવવા માટે. બાકી ખરેખર એનું પરિણમન તો શુદ્ધ જ છે. એ સાધકપણે પરિણમ્યો શુદ્ધ, પૂર્ણ થયો એ શુદ્ધ. બસ! ઓલો વ્યવહાર-ફ્યવહાર, વિકલ્પ-ફિકલ્પ એમાં છે નહિ. આહાહા..! એકલો ચૈતન્યગોળો આમ ગુલાંટ ખાય છે અંતરમાં, તો પોતે સાધકપણે પરિણમે અને પોતે સિદ્ધપણે થાય છે. એ કોઈ પરદ્રવ્યના સહારાની એમાં જરૂર નથી. સમજાય છે કાંઈ? આ એકાંત થઈ જાય છે માણસ એમ કહે છે. પણ સમ્યક્ એકાંતનું સ્વરૂપ જ આવું છે.

પહેલી સમજણમાં અને શ્રદ્ધામાં એનો પક્ષ તો કરે કે શુદ્ધ ચૈતન્યમૂર્તિમાં અંતર ઢળવું તે સમ્યગ્દર્શન છે. તેમાં આનંદનો લાભ સાથે હોય છે. એ અનુભવમાં પ્રતીતિ થાય તેને સમ્યગ્દર્શન કહે છે. એકલી શ્રદ્ધા એમ નહિ. નિશ્ચયની વાત છે ને આ. નિશ્ચય એટલે સત્ય. ચૈતન્યમૂર્તિ અનંત ગુણનો પિંડ પ્રભુ, એની પ્રતીતિ જેટલા ગુણ છે એનું બધું પ્રગટ પર્યાયમાં અંશે પ્રગટ થઈ જાય છે. એવો અનુભવ થઈને પ્રતીત કરવી આ એનું નામ નિશ્ચય સમ્યગ્દર્શન છે. સમજાણું કાંઈ? એના અનુભવનું જ્ઞાન તે જ્ઞાન છે અને એના સ્વરૂપમાં ઠરવું, વીતરાગી સ્વરૂપ આત્મા એમાં ઠરવું તે ચારિત્ર છે. સમજાણું કાંઈ? એવું લાગે આ અલૌકિક અમૃતના કુંડ છે આ તો બધા!! આહાહા..!

પક્ષ તો કર, લક્ષ તો કર, ધ્યેય તો કર, કહે છે. શુદ્ધ ચૈતન્ય આવું છે એમ કહે છે. સમજાણું કાંઈ? એ પક્ષથી લક્ષ થઈ તને દક્ષ થઈ અનુભવ થઈ જશે. દક્ષ થઈ જશે. સ્વરૂપનો પક્ષ કરતાં તેનું લક્ષ કરતાં દક્ષ નામ અનુભવ થશે એને. એ વિના કોઈ અનુભવનો ઉપાય બીજો નથી. આહાહા..! સમજાણું કાંઈ? જો ક્યાંય વ્યવહારનો પક્ષ રહી ગયો, નિમિત્તનો,

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


વિકલ્પનો પક્ષ રહી ગયો તો લક્ષ રહેશે ત્યાં, પક્ષ છે ત્યાં, લક્ષ રહેશે ત્યાં. જ્ઞાન નહિ થાય. .. થઈશ, અજ્ઞાની રહીશ એમ કહે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ અંદર. આ પક્ષ, આ લક્ષ, એનો દક્ષ એનો અનુભવ. વ્યવહાર-ફ્યવહાર નહિ. આહાહા..! આ અંતર ઉતરવાની રીત છે. લ્યો! આ ફૂંકે છે ને હમણાં? બસ! અહીંના માનનારા પણ કેટલાક એવા. વળી હિંમતભાઈને કોઈ મળી ગયો હશે એવો. કહો, મુમુક્ષુભાઈ. કીધું હશે કે આ બહુ વાત કરે છે આવી. તો કહે, એ તમે નહિ. તમે તમારું કરો. ઠીક હિંમતભાઈને કહે તમારું કામ નથી. એવા અહીંના હોય છે હજી સાંભળનારા. ઠોઠ નિશાળીયા જેવા. પણ કાંઈ ધાર્યું ન હોય, નક્કી કર્યું ન હોય અને અમે સોનગઢને માનીએ છીએ. સોનગઢને ક્યાં માનવું છે? વસ્તુનું સ્વરૂપ છે એને માનવું છે. એની તો કાંઈ ખબર નહિ અને એવી વાત કોઈક બહારથી વિરૂદ્ધની કલ્પનાની કરે. જુઓ, મહાઅજ્ઞાની છે એ.

મુમુક્ષુ :- એના જેવું જ કહે છે એમ કહે છે.

ઉત્તર :- એના જેવું જ કહે છે. હા. હા. કહે ને. એનાથી સારું કહે છે એમ કહે. આ જ સારું છે એમ નહિ. આમાં તો કેટલી લપ કહે છે. ઓલાને તો કાંઈ સમજાવાનું નહિ, મૂઢને કાંઈ. એથી હમણાં સારું કહે છે. એય.. ભગવાનજીભાઈ!

મુમુક્ષુ :- ઝેર ગર્ભિત.

ઉત્તર :- એકલો ઝેર. ગર્ભિત નહિ, એકલું ઝેર. કાળકૂટ ઝેર. મારી નાખે એવું ઝેર. ભાન ન મળે કાંઈ.

આત્મા એક સમયમાં અખંડાનંદ પ્રભુ છે. એની અનંત શક્તિઓ છે. એની શક્તિઓનું પ્રગટપણું અંતરની દૃષ્ટિ કરતાં વસ્તુની અસ્તિ છે. અસ્તિની અંતર દૃષ્ટિ કરતાં રાગની નાસ્તિનું પરિણમન એમાં થાય. એ વિના વિકલ્પનો નાશ ક્યાંથી થતો હતો આમ? સમજાણું કાંઈ? લ્યો એ ટીકા થઈ. હવે જરી જયચંદ્ર પંડિત (સ્પષ્ટીકરણ કરે છે).

'**(ભાવાર્થ :- આ આત્મા અનાદિ કાળથી મિથ્યાદર્શનજ્ઞાનચારિત્રને લીધે...**' ઊંધી માન્યતા, વિપરીત માન્યતાના અનેક પ્રકાર છે. સમજાય છે કાંઈ? કાં એક જ આત્મા માનવો, કાં સર્વ થઈને બધું શુદ્ધ જ છે, એકલો શુદ્ધ જ આત્મા છે, પર્યાયમાં પણ અશુદ્ધ નથી, એવી એકાંત મિથ્યાદર્શનની માન્યતા એને લઈને એ ચાર ગતિમાં અનાદિથી રખડે છે. મિથ્યાજ્ઞાન-વાસ્તવિક સ્વરૂપથી ઊલટું જ્ઞાન. જાણપણું હોય. વાતું કરે મોટી. કહો, સમજાણું કાંઈ? પણ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

મિથ્યાજ્ઞાન. આત્મા ભગવાન પૂર્ણાનંદ એક એક આત્મા છે એનાથી વિરુદ્ધ કહેવું કે એ અનેક છે, અનંતમાં ભળી જશે, કોઈ જુદા નથી, આત્માની સત્તા જુદી જુદી હોય નહિ, ખંડ ખંડ થઈ જાય છે માટે બધું એક અનંત છે. એમ જાણનારા-માનનારા મિથ્યાજ્ઞાની અજ્ઞાની છે. ઝેરને પીવે છે. સમજાણું કાંઈ? એય..! મોહનભાઈ! તમારા ભાઈને કાંઈ ખબર નહિ. આઠ દી બેઠા હશે ત્યાં. વાત કાંઈ છે. જાવ. મહમદ અને મહાવીર બેય એક. ઈસુ ને મહાવીર બેય એક. એ પાછા કહેતા હતા. મને કાંઈ બહુ ખબર પડે નહિ પણ મને શંકા પડી કે આ વિદ્યા નહિ માને આમ. એમ કહેતા હતા કાંઈક. અહીં બોલતા હતા. વિદ્યા નહિ માને આમ. ભાઈ! અહીં કહેતા હતા નહિ? કહેતા હતા કે મેં તો આમ સાંભળ્યું. આપણે બહુ (જાણીએ નહિ) પણ વિદ્યા નહિ માને. કહો, નહિ માને. નહિ માને એની ખબર શી રીતે પડી તને?

મુમુક્ષુ :- એ જાણેને...

ઉત્તર :- આમાં કાંઈક ફેર છે. આહાહા..! ક્યાં મહાવીર અને ક્યાં મહમદ! મિથ્યાદૃષ્ટિ મહંમદ, ગૃહીત મિથ્યાત્વના પૂતળા, એને ભગવાન મહાવીર સાથે મેળવે. આ તે કેવું મિથ્યાત્વનું જોર! અને એનું સાંભળે માણસો.

મુમુક્ષુ :- લોકોને એમ થાય ને મહાવીરને યાદ કરે છે.

ઉત્તર :- હા, મહાવીરને યાદ કરે છે અને બધા ધર્મને યાદ કરે છે. બધા ધર્મનો સમન્વય કરે છે. ઝેર અને અમૃત બેય એક માને છે ઈ. મરી જઈશ, સાંભળને! કાળ એવો તે એ નીકળ્યો લે. નિશ્ચયની કાંઈક વાત આવી બહાર ત્યાં કાળ એવો આવ્યો. કુદરત શું કરે છે? આહાહા..! જુઓને આજે આવ્યું હતું ઓલામાં. ચારસો વાદીઓ ભગવાનની સામે જ્યાં જ્યાં વિહાર કરે ત્યાં જાય. એમાં લખ્યું છે. મેં વાંચ્યું હતું પહેલું. ભગવાન મહાવીર જ્યાં જ્યાં વિહાર કરે ત્યાં ચારસો વાદીઓ (જાય), ખોટા પાડવા ભગવાનને.

મુમુક્ષુ :- એક-બે નહિ.

ઉત્તર :- ચારસો. લખ્યું છે, ક્યાંક હશે લખાણ. આપણે કાંઈ વાંચ્યું નથી. આણે લખ્યું હશે. વાંચે છે ને. આવતું હશે ક્યાંક.

મુમુક્ષુ :- ત્યાં ભલે કરતા, અહીં નથી આવતા.

ઉત્તર :- અહીં પણ ઘણા આવે છે ને વિરુદ્ધ. આહાહા..!

ઓહો..! **'અનાદિ કાળથી મિથ્યાદર્શનજ્ઞાનચારિત્રને લીધે સંસારમાં ભમે છે.'** એમ લખ્યું છે. કર્મને લઈને ભમે છે એમ નથી કહ્યું. આઠ કર્મને લઈને રખડે છે એમ નથી કહ્યું. એ જડની અસરથી આત્મા રખડે છે એમ નથી કહ્યું.

મુમુક્ષુ :- એ તો સમજી લેવું વગર કીધે.

ઉત્તર :- કહો, શું સમજી લેવું? કર્મથી રખડે એમ સમજી લેવું? કહો, ઈ ઓલા કહેતા હતા. એ હમણાં આવ્યા હતા ને લીંબડી? જડની અસર છે આત્માને. ચશ્માની અસર છે આત્માને. ચશ્માથી ક્યાં જુઓ, ચશ્માથી દેખાય છે. આહાહા..! પહેલી જડની અસર બોલ્યા હતા. પછી ચશ્માની બોલ્યા હતા. નહિ? આવા ને આવા. અરે.. ભગવાન! કોની સાથે વાત કરવી, ભાઈ! કોણ આ વાતને સમજે? સમજાય છે? શ્રીમદ્ કહે છે કે મારા વચનોને કોણ દાદ આપશે? એવું શ્રીમદ્ કહે છે. ભાઈ! આ તો અલૌકિક માર્ગ છે. સમજાણું? નહિતર એ તો તારણસ્વામીમાં જન્મ્યા છે એ ભાઈ. પણ હવે ઊંધી દૃષ્ટિથી તારણસ્વામીનું કથન તો એકલું અધ્યાત્મનું અલૌકિક છે. સમજાણું? જૈનદર્શન પ્રમાણે, સર્વજ્ઞ પ્રમાણે તારણસ્વામીના કથનો અધ્યાત્મના બહુ ઊંચા છે. એની ગંધ રહી નહિ, શ્રદ્ધા રહી નહિ. લ્યો! નહિતર જન્મ્યા છે એમાં એ. આ રજનીશ. પણ ઓલા બહુ શબ્દો ગંભીર ન લાગે અને આ તો પ્રોફેસર ખરા ને મોટા એટલે આવું શું? આવા તો શાસ્ત્રો સાધારણ. અરે..! હોય બાપા? એ તો શબ્દો વારંવાર આવે પણ વસ્તુ એકલી આત્માને ઘૂંટ્યો છે. ચિદાનંદ આત્મા. પરના રંજન માટે કાંઈ વાદ કરશે તો મરીને નરકમાં જાશે એમ કહ્યું છે.

મુમુક્ષુ :- શુદ્ધનું કારણ શુદ્ધ જ હોય.

ઉત્તર :- હા. શુદ્ધનું કારણ શુદ્ધ. આપણે વ્યાખ્યાન થઈ ગયા છે ઘણા. ૨૫ વ્યાખ્યાન થઈ ગયા છે એમાંથી. તારણસ્વામીમાંથી, નહિ? કેવું કહેવાય પુસ્તક? પણ ઓલું પુસ્તકનું નામ શું કીધું. જ્ઞાનસમુચ્ચ. જ્ઞાનસમુચ્ચસારમાં હતા ને. ભગવાનદાસ હતા ને અહીં. ૨૫ વ્યાખ્યાન થઈ ગયા છે. આઠ છપાઈ ગયા છે અને ૧૭ બાકી છે. ત્યાં એમાં એ લીધું છે. જ્ઞાનનું કારણ જ્ઞાન, આત્માનું કારણ આત્મા, રાગનું કારણ માને એ મૂઢ જીવ છે. અને જિન... જિન.. જિન.. શબ્દ વાપર્યો વારંવાર હોં! જિન.. જિન... જિન.. જિન.. જિન.. વીતરાગ... વીતરાગ... વીતરાગ. કાંઈ ન ખબર પડે, શું કરે?

એવો જીવ ભમે છે સંસારમાં. જુઓ! પણ ભમે છે એની વાત કરવી નથી અને આ વિકલ્પ ટાળો. શું પણ ટાળે? સમજાણું કાંઈ? મૂઢ થવાના લક્ષણ છે બધા. કાળ જ એવો કોઈ એવા જીવો પાક્યા છે. ઉપાદાન એવા એટલે આવા નિમિત્ત મળી રહે છે અજ્ઞાનીને. એય.. ચીમનભાઈ! આહાહા..! એકલું ઝેર ઝેર. મિથ્યાત્વનું ઝેર પીરસે છે જગતને. લોકોને ભાન ન મળે બિચારાને.

મુમુક્ષુ :- બહુ હોંશે હોંશે પીવે છે.

ઉત્તર :- હોંશે હોંશે પીવે છે. ઓહો..! આહા..! અને ઓહો..! એમ કરે છે. શું આહા

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


ને ઓહો હવે? પુણ્યની પ્રકૃતિ હોય ને જરી દેખાવ શરીરનો (હોય), એમાં શું છે? મરીને એવા અનંત વાર થયા. નરકમાં ગયા, નિગોદમાં ગયા મિથ્યાત્વને સેવીને. સમજાણું કાંઈ?

એવા '**ભમે છે તે સુનિશ્ચળપણે ગ્રહણ કરેલાં વ્યવહારસમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રની વૃદ્ધિની પરંપરા વડે...**' લ્યો અહીં ઈ કહ્યું. જુઓ! ઓલી પાકની પ્રકર્ષ છે ને? વૃદ્ધિની કહ્યું. એટલે કે રાગની મંદતા થાય છે. '**અનુક્રમે...**' પણ '**પરંપરા વડે અનુક્રમે...**' એમ. '**સ્વરૂપનો અનુભવ જ્યારથી કરે...**' જોયું! '**સ્વરૂપનો અનુભવ જ્યારથી કરે...**'

મુમુક્ષુ :- ..નો નહિ.

ઉત્તર :- હા. એ નહિ.

ભગવાન ચૈતન્ય જ્ઞાનમૂર્તિ અનંત ગુણનો પિંડ એનો જ્યારથી અંતર્મુખ થઈને અનુભવ કરે '**ત્યારથી જ્ઞાન...**' ત્યારથી જ્ઞાન એટલે આત્મા. '**સાધક રૂપે પરિણમે છે,...**'

મુમુક્ષુ :- ત્યાંથી સાધકપણું આવ્યું.

ઉત્તર :- ત્યારથી સાધકપણે થાય છે, લ્યો. કહો, સમજાણું આ? ઓલી નિશ્ચયની વાતું આવે ને એટલે બીજાને એમ થાય કે હા, એ તો આપણા જેવી વાત કરે છે. આપણા જેવી કહે છે. મૂઢ તને ખબર નથી સાંભળને. આપણા જેવી શું? ઝેર કહે છે એકલું. સમજાણું કાંઈ? આ તો ભાઈ સ્પષ્ટ તો કરવું પડે ને. એવા થઈ ગયા છે લોકો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. સ્વરૂપથી ભ્રષ્ટ થયા ને? અનાદિથી સ્વરૂપથી ભ્રષ્ટ છે. મિથ્યાશ્રદ્ધા, જ્ઞાનથી અનાદિથી સ્વરૂપથી ભ્રષ્ટ છે. એ ભ્રષ્ટપણું કેમ ટળે? પહેલા સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા આદિ અંતરમાં હોય પછી સ્વરૂપમાં આરોહણ કરે ત્યારે એને સમ્યગ્દર્શન થાય.

'**ત્યારથી જ્ઞાન સાધકરૂપે પરિણમે છે,...**' જોયું! જ્ઞાન એટલે આત્મા ચૈતન્યમૂર્તિ સાધકપણે થાય છે. સમજાણું? '**કારણ કે જ્ઞાનમાં નિશ્ચયસમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રરૂપ ભેદો અંતર્ભૂત છે.**' જ્ઞાનમાં એટલે સમજાય છે? ચૈતન્ય જ્ઞાનમૂર્તિ એમાં જ્ઞાનનું પરિણમન થયું, અંતર્મુખ જ્ઞાનમાં દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણેય આવી ગયા. આ તો જ્ઞાનનું પરિણમન એટલે રાગનું પરિણમન નહિ. એમ. શુભયોગનું પરિણમન નહિ. એમ જ્ઞાનનું પરિણમન. જ્ઞાનમાં ત્રણે આવી ગયા. સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર.

'**જ્ઞાનમાં નિશ્ચયસમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રરૂપ ભેદો...**' આવે છે ને જ્યાં ત્યાં આપણે. પુણ્ય-પાપ (અધિકારમાં). જ્ઞાન પોતે પરિણમ્યું સમ્યગ્દર્શનરૂપે. જ્ઞાન પોતે જ્ઞાનરૂપે થયું. એમ કહે છે ને? એની ચર્ચા કરી છે. અરે..! તમે જ્ઞાન કહો છો. શાસ્ત્રમાં ત્રણ છે. પણ એ જ્ઞાન કહેતા ત્રણે આવી ગયા. સાંભળને. એ મૂક્યું છે ભાઈ આમાં. એવી મૂકી છે વાત.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


હમણાં જરી થોડું થોડું જોયું. વ્યવહાર અને નિશ્ચયનું. અરે..! શું કરે?

અહીં કહે છે, ભાઈ! તારું જ્ઞાનસ્વરૂપ એટલે ચૈતન્યપુંજ છે એને અમે આત્મા કહ્યો. એ જ્ઞાન પોતે પરિણમે છે તો એમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણેય છે. જ્ઞાનનું પરિણમન એટલે રાગનું પરિણમન નહિ. પણ જ્ઞાનનું પરિણમન એટલે નિશ્ચયદર્શન-જ્ઞાન-ચારિત્ર ભેગા છે એને અહીંયાં જ્ઞાનનું પરિણમન કહેવું છે. સમજાણું કાંઈ?

'**અંતર્ભૂત છે. નિશ્ચયસમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રની શરૂઆતથી માંડીને,...**' લ્યો! નિશ્ચય સાચા સમ્યગ્દર્શન-જ્ઞાન સ્વરૂપની દૃષ્ટિ, સ્વરૂપનું જ્ઞાન અને સ્વરૂપની સ્થિરતા. '**શરૂઆતથી માંડીને, સ્વરૂપ-અનુભવની વૃદ્ધિ કરતાં કરતાં...**' એ સ્વરૂપની અનુભવની વૃદ્ધિ કરતાં કરતાં. જુઓ! રાગ વૃદ્ધિ કરતાં એ નહિ. સ્વરૂપની શુદ્ધતાનો અનુભવ વૃદ્ધિ કરતાં. લ્યો! '**જ્યાં સુધી નિશ્ચયસમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રની પૂર્ણતા ન થાય, ત્યાં સુધી જ્ઞાનનું સાધક રૂપે પરિણમન છે.**' લ્યો! જ્યાં સુધી પૂર્ણ દશા ન થાય ત્યાં સુધી એનું સાધકપણે પરિણમન છે. સિદ્ધનું સાધ્યનું વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


**અષાઢ વદ ૧૦, શુક્રવાર તા. ૧૯-૭-૧૯૬૮**
**શ્લોક-૨૬૫, પ્રવચન-૫૭૨**

'**અનાદિ કાળથી...**' એટલે કે મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન અને મિથ્યાચારિત્રનું અનાદિકાળથી એની દશામાં પરિણમન છે. છે એમાં? '**આ આત્મા અનાદિ કાળથી મિથ્યાદર્શન...**' એટલે સ્વરૂપની શુદ્ધતાથી વિરુદ્ધ માન્યતા, પર્યાબુદ્ધિ, રાગની એકતાબુદ્ધિ એવો જે મિથ્યાદર્શનભાવ, મિથ્યાજ્ઞાન-એનું જ જ્ઞાન એકલું અને મિથ્યાચારિત્ર-રાગનું આચરણ. એને '**લીધે સંસારમાં ભમે છે.**' એને લઈને સંસારમાં ચોર્યાસીમાં રખડે છે. ભૂલને લઈને રખડે છે એમ કહે છે. કર્મને લઈને રખડે છે એવું કોઈ કારણ નથી. પોતે પોતાને ભૂલીને 'અપને કો આપ ભૂલકર હૈરાન હો ગયા.' પોતે ચૈતન્ય જ્ઞાયકભાવ, આનંદભાવ, શુદ્ધ પવિત્રભાવ એની પ્રતીતિ-અનુભવ નહિ. ફક્ત રાગ ને પુણ્ય ને વિકલ્પો વિકાર છે એ મારા અને હું એનો એવી જે પ્રતીત એ મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન અને મિથ્યાચારિત્ર. એને લઈને ચાર ગતિમાં રખડે છે. કહો, સમજાય છે કાંઈ?

'**તે સુનિશ્ચળપણે ગ્રહણ કરેલાં...**' પણ જ્યારે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર નિશ્ચય તો છઠ્ઠા ગુણસ્થાનયોગ્ય તો છે. '**વ્યવહારસમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રની વૃદ્ધિની પરંપરા...**' સમજાય છે કાંઈ? છઠ્ઠે ગુણસ્થાને મુનિને વ્યવહાર સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનો જે રાગ છે; અંદર નિર્મળ પરિણતિ છે, પણ અભેદપણું થયું નથી. તદ્દન અભેદ ત્રણનો ઉપયોગ એકાકાર શુદ્ધઉપયોગ થયો નથી. તેથી '**વ્યવહારસમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રની વૃદ્ધિની પરંપરા વડે...**' મૂળ તો એનો અભાવ કરીને થાય છે એને વૃદ્ધિની પરંપરા વડે કહેવામાં આવ્યું છે. સમજાય છે કાંઈ? સમજાય છે કે નહિ? ભગવાનજીભાઈ!

શુદ્ધ ચૈતન્યની દૃષ્ટિ જ્ઞાન અને શુદ્ધ પરિણતિ તો નિર્મળ છે કેટલી. એની સાથે વ્યવહાર છઠ્ઠા ગુણસ્થાનને યોગ્ય સમ્યગ્દર્શન, જ્ઞાન અને રાગની મંદતા પંચ મહાવ્રતના પરિણામ, અઠ્યાવીશ મૂળગુણના વિકલ્પ છે. એની વૃદ્ધિની એટલે કે એનો અભાવ કરીને '**અનુક્રમે સ્વરૂપનો અનુભવ જ્યારથી કરે...**' સ્વરૂપની અભેદતા શુદ્ધ ઉપયોગથી અનુભવ કરે '**ત્યારથી જ્ઞાન સાધક રૂપે પરિણમે છે,...**' ત્યારથી જ્ઞાન પૂર્ણ પરમાત્મદશાને પોતાની દશાને સાધવાપણે પરિણમે છે. જ્ઞાનસ્વરૂપ આત્મા, જ્ઞાનથી જ આત્મા લીધો છે. જ્ઞાનસ્વરૂપ આત્મા એ ઉપયોગ શુદ્ધ થાય ત્યારે તે સાધકપણે પરિણમે છે એમ અહીંયાં કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ?

'**કારણ કે જ્ઞાનમાં નિશ્ચયસમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રરૂપ ભેદો અંતર્ભૂત છે.**' એ જ્ઞાન

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


એટલે આત્મા-શુદ્ધ ચૈતન્ય આત્મા. એનું શુદ્ધ ઉપયોગરૂપે પરિણમન થવું, અભેદ ત્રણે અભેદરૂપે પરિણમન થવું, એની અંદરમાં એ જ્ઞાન ત્રણપણે પરિણમે છે એમ કહી સાધકરૂપે કીધું છે એમાં એ ત્રણ ભેગા આવી જાય છે. જ્ઞાન એટલે આત્મા ચૈતન્ય વસ્તુ પોતાની ધ્રુવતાને અવલંબીને જે શ્રદ્ધા-જ્ઞાન અને ચારિત્રરૂપે ઉપયોગ શુદ્ધરૂપે પરિણમે છે એમાં ત્રણે ભેગા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણ છે. કહો, સમજાણું આમાં?

'**નિશ્ચયસમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રની શરૂઆતથી માંડીને,...**' એ સાતમા ગુણસ્થાનનો શુદ્ધ ઉપયોગ જ્ઞાન, દર્શન, શાંતિ વીતરાગ પરિણતિ ત્યારથી સાધકપણે પરિણમીને '**સ્વરૂપ-અનુભવની વૃદ્ધિ કરતાં...**' શુદ્ધિની અંદર વૃદ્ધિ થતાં. જુઓ! આ રાગનો અભાવ થતાં અને શુદ્ધિની વૃદ્ધિ થતાં. ભારે. સમજાણું કાંઈ? આવો આત્મા અંદરમાં શુદ્ધ ચૈતન્ય સર્વજ્ઞ પરમાત્માએ જોયેલો, જાણેલો, એમણે કહેલો એવો આત્મા અંતર્મુખ થઈને સમ્યગ્દર્શન, જ્ઞાન આદિની પરિણતિ નિર્મળ થઈ છતાં હજી જ્યાં એને છઠ્ઠા ગુણસ્થાનયોગ્ય વ્યવહાર દર્શનજ્ઞાનચારિત્રના પરિણામ રહ્યા છે એનો અભાવ કરીને જ્યારે શુદ્ધ ઉપયોગમાં અભેદરૂપે પરિણમે છે ત્યારે તે મોક્ષના સાધકપણે થયો, પરિણમ્યો એમ કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? કહો, બખાઈ! આમ છે માર્ગ. ઓલા કહે, શરીર આમ થઈ ગયું. શૂન્ય થઈ જાવ. શું શૂન્ય ધૂળ થાય? જડ થઈ જશે. એ તો એક ઓલો નીકળ્યો છે નહિ હમણાં? ભાઈ! નહિ? કો'કનું આવ્યું હતું. નથી કો'ક માણસ મુંબઈનો નહિ? છાપામાં આવ્યું હતું ને. ૭૦ ટકા નહોતું ભાઈ ૭૦ જણા.

મુમુક્ષુ :- મેસ્મેરિઝમ.

ઉત્તર :- હા ઈ. આમ કરી નાખે. સુવાડી દ્યે. હમણાં એક આવ્યો હતો. હમણાં એક આવ્યો હતો મુંબઈથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા ઈ. દસ-દસ રૂપિયાની ટિકિટ. ત્યાં પણ પાગલ જાય છે ઘણા.

મુમુક્ષુ :- ટિકિટ મળતી નથી.

ઉત્તર :- ટિકિટ મળતી નથી. એ વાત સાચી. પાગલ છે. આહાહા..! દસ-દસ રૂપિયાની ટિકિટ અને પછી...

મુમુક્ષુ :- મુંબઈમાં દસ રૂપિયા શું હિસાબના?

ઉત્તર :- વાત સાચી. પણ દસ રૂપિયા અને તે પણ ટિકિટ મળતી નથી. સૂઈ જાવ. કહો, આહાહા..! જડ જડ જેવું છે. આહાહા..! માર્ગ તે કાંઈ ખબર નથી. એક ક્ષણમાં આમ થઈ ગયું લ્યો સૂઈ જાવ. તો આમ થઈ ગયું. થઈ ગયું ... ? એ તો બિચારો કહે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

છે હોં કહે છે. આજે છાપામાં આવ્યું હતું. કે જો ભાઈ બધાનું કરી શકતો હોઉં તો બધાનું હું કરી શકતો નથી. જેની નબળાઈ અમુક જાતની.. એમ ન બોલે. પણ અમુકને આ મારો અજમાયશ પ્રયોગ કરું છું. ૩૦ ટકા તો નહિ. એમ દેખે કે આ તો બહુ જબરો માણસ છે તો કહે, ભાઈ! તમારું કામ નથી, તમે વયા જાવ. એમ કહે છે. એમ લખ્યું છે. અને જો બધાને કરીશ તો તો હું કરોડપતિ, અબજપતિ પાસે જાઉં નહિ? ઘરના દસ માણસને આવું કરીને પૈસા લૂંટીને વયો જાવ. એ મારા અધિકારની વાત નથી પણ આવું હોય ત્યારે થાય એમ બિચારો લખે છે એ તો. જૈન મૂર્ખાઓ જાય છે લ્યો જોવા. આહાહા..!

વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરે કહ્યો માર્ગ, એણે કહ્યો એ માર્ગ આ કુંદકુંદાચાર્ય જુઓ પહેલેથી કહે છે. '**वंदित्तु सव्व सिद्धे**'. સર્વ સિદ્ધોને વંદન કરીને હું આ માર્ગ શ્રુતકેવળીએ કહેલો કહીશ. આવા કુંદકુંદાચાર્ય જેવા. કહો. આવે છે ને શ્રુતકેવળી પહેલું? નિયમસારમાં આવે છે પહેલી ગાથા નહિ? નિયમસાર. ત્યાં પણ આવે છે. પહેલી ગાથા. પાઠમાં ત્યાં છે. ત્યાં તો પાઠમાં છે. .. નહિ? છે. કેટલો વિનય! નિર્માન.

હું એટલે... સર્વજ્ઞ પરમેશ્વરે કેવળજ્ઞાની... વસ્તુ સર્વજ્ઞ છે આત્મા. એ ચારિત્રનું જ્યાં અષ્ટપાહુડનું જ્યાં લીધું છે ને ત્યાં એ બોલ બધા એવા ઉપાડ્યા છે. સમજાણું? ચારિત્રનો અધિકાર લીધો છે ને. ત્યાં તો બધા '**सव्वण्हु**' એવું ઉપાડ્યું છે. ચારિત્ર પાહુડ છે ને. ત્યાં પહેલા શબ્દ એવા જ ઉપાડ્યા છે.

**सव्वण्हु सव्वदंसी णिम्मोहा वीयराय परमेट्ठी।**
**वंदित्तु तिजगवंदा अरहंता भव्वजीवेहिं।।१।।**

એવી ભાષા પણ ચારિત્રની વ્યાખ્યા કરી છે. આહાહા..! ભગવાને જે સર્વજ્ઞ પરમેશ્વરે... આહાહા..! એ ચારિત્રની વ્યાખ્યા કરતા પહેલાં જ '**सव्वण्हु सव्वदंसी**' એવા સર્વજ્ઞ ભગવાન અને સર્વદર્શી '**णिम्मोहा वीयराय**' વીતરાગ. '**परमेट्ठी**' પરમેષ્ઠી. '**वंदित्तु तिजगवंदा**' ત્રણ જગને વંદન (યોગ્ય). '**अरहंता**'.

**णाणं दंसणं सम्मं चारित्तं सोहिकारणं तेसिं।**
**मोक्खाराहणहेउं चारित्तं पाहुडं वोच्छे।।२।।**

આહાહા..! જુઓ! આહાહા..! ભગવાન પાસે ગયા હતા. સાક્ષાત્ પરમાત્મા બિરાજે છે એમની પાસે ગયા. આઠ દી રહ્યા અને બનાવે છે તોપણ ભગવાનનું નામ પહેલાં લઈને બનાવ્યું. આહાહા..! મહિમા છે. અને તે '**सव्वण्हु सव्वदंसी**' આત્મા સર્વજ્ઞ સર્વદર્શી છે. જેને પ્રગટ દશા થઈ તેને વંદન કરું છું. હું સર્વજ્ઞ સર્વદર્શી મારો આત્મા છે મેં એને જાણ્યો અને અનુભવ્યો છે.

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


સર્વજ્ઞ સ્વભાવી આત્માનો અનુભવ (થયો છે) એને સર્વજ્ઞપણું પ્રગટવાનું છે અને જેને પ્રગટ્યું છે એને વંદન કરીને આ કહું છું. સમજાણું કાંઈ? ઘરની કલ્પનાથી તર્ક કરીને ચાલે એ મરી જવાના બધા. સમજાણું કાંઈ? મર્યા જ પડ્યા છે પણ આ તો અત્યારે તો આમ .. દેખાયને બધું આમ બહારમાં એય.. ઓહોહો..! જાધવજીભાઈ! બુદ્ધિ સાધારણ હોય, બરાબર આમ દેખાવ. આમ થાય.. આમ થાય.. આમ થાય. ઓહોહો..! ભારે વાત કરે છે! આત્મા સર્વજ્ઞ સર્વદર્શી વસ્તુ છે. એનું સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થયું છે. અને વ્યવહાર વર્તે છે. એ વ્યવહાર છોડીને નિશ્ચયનો અનુભવ જ્યારે સાતમામાં થાય ત્યારે એને સાધકપણે થયો એમ કહેવામાં આવે છે. એમ ચોખ્ખી વાત છે અહીં. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ નહિ. અહીંયાં સાતમે સાતમે છે. અહીંયાં સાતમે છે. સાધુ છે ને? અહીં સાધુ છે તેની વાત કરી છે.

મુમુક્ષુ :- ત્યાંથી નિશ્ચય થાય..

ઉત્તર :- સાતમેથી. નિશ્ચય ચોથેથી થાય છે પણ ત્રણની નિશ્ચયતા સાતમેથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ત્રણ છે ને. ત્રણ ભેગું છે ને. દર્શન-જ્ઞાન-ચારિત્ર. એકલું સ્વરૂપ આચરણ ચારિત્ર એમ નહિ. અહીં તો ચારિત્ર એ વીતરાગી ચારિત્ર.

મુમુક્ષુ :- મુનિને લાયક.

ઉત્તર :- એ લાયકની વાત (છે), પોતે મુનિ છે ને. કહો, સમજાણું?

'**નિશ્ચયસમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રની શરૂઆતથી માંડીને,...**' ભગવાન આત્મા શુદ્ધ આનંદસ્વરૂપ એવું એનું ભાન, શ્રદ્ધા અને અનુભવ, સ્થિરતા. એ ત્રણની એકતાનો જ્યાં અનુભવ થયો ત્યારથી શરૂઆત થઈ. '**સ્વરૂપ-અનુભવની વૃદ્ધિ કરતાં કરતાં...**' પછી સ્વરૂપની શુદ્ધિ અંદર એકાકાર વધતાં '**જ્યાં સુધી નિશ્ચયસમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રની પૂર્ણતા ન થાય,...**' જ્યાં સુધી પૂર્ણતા ન થાય '**ત્યાં સુધી જ્ઞાનનું સાધક રૂપે પરિણમન છે.**' લ્યો! પૂર્ણ સર્વજ્ઞ અને વીતરાગ ન થાય ત્યાં સુધી જીવનું સાધક પરિણમન છે. એમ કહે છે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા પૂર્ણ તો છે સ્વભાવે. જ્ઞાને, દર્શને, આનંદે, વીતરાગતા ભાવે પૂર્ણ દ્રવ્યે-ગુણે પૂર્ણ છે. પણ પર્યાયમાં પૂર્ણતા જ્યાં સુધી ન થાય ત્યાં સુધી તે સાધકપણે પરિણમે છે. એમ કહે છે. સમજાણું કાંઈ? કેટલો સ્વસન્મુખનો પુરુષાર્થ માગે છે એમ કહે છે. એમ ને એમ વાતું કરે કાંઈ વળે નહિ. અનંત કાળ થયા. અનંત વાર તો આ મુનિપણા લીધા.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


દિગંબર સાધુ દ્રવ્યલિંગી (થયો). છતાં અંદર શલ્ય રહી ગયું. સ્વસન્મુખ થવાનો પ્રયત્ન ન કર્યો અને રાગ ઉપર, રાગ ને રાગ... રાગ.. વિકલ્પ. કહે છે કે એવા વ્યવહારને તોડી નિશ્ચય જેણે પ્રાપ્ત કર્યો છે અને વિશેષ વ્યવહાર તોડીને સ્થિરતા પ્રગટ કરી છે અહીં તો. અને એને નિશ્ચય સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રની પૂર્ણતા ન થાય ત્યાં સુધી તો જ્ઞાનનું એટલે આત્માનું સાધકરૂપે પરિણમન છે. જ્યાં સુધી આત્મા પૂર્ણ વીતરાગ કેવળજ્ઞાન ન પામે, ત્યાં સુધી બારમા ગુણસ્થાન સુધી પણ એની સાધકદશા છે. એમ કહે છે. સમજાણું કાંઈ?

જુઓ! '**જ્ઞાનનું...**' એટલે આત્માનું. જ્ઞાનમાં દર્શન-જ્ઞાન-ચારિત્ર આવી ગયા. માથે કીધું હતું ને. જુઓને! માથે કીધું હતું. '**જ્ઞાનમાં નિશ્ચયસમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રરૂપ ભેદો અંતર્ભૂત છે.**' અને તે જ્ઞાન જ્યાં સુધી જ્ઞાનનું સાધકરૂપે પરિણમન છે, જ્યાં સુધી પૂર્ણતા ન થાય ત્યાં સુધી. જ્ઞાન એટલે આત્મા. આખો આત્મા પૂર્ણ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પૂર્ણતા કેવળ ન થાય ત્યાં સુધી જીવની સાધકરૂપે શુદ્ધ સાધ્ય જે મોક્ષ એના સાધકરૂપે એની દશાનું પરિણમન છે. આ જૈન વીતરાગમાર્ગ છે. આ કાંઈ કોઈને કહેલો, કરેલો કોઈનો નથી. ભગવાનનો કહેલો આ માર્ગ છે. સર્વજ્ઞ પરમેશ્વર આત્મા, પોતે જાણેલો માર્ગ અને ભગવાને કહેલો માર્ગ (છે).

'**જ્યારે નિશ્ચયસમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રની પૂર્ણતાથી સમસ્ત કર્મનો નાશ થાય...**' જુઓ! જ્યારે સમ્યગ્દર્શન-જ્ઞાન તો છે પૂર્ણ બારમે. પછી તેરમે જ્ઞાન પણ પૂર્ણ થયું. પછી ચારિત્રની જ્યારે પૂર્ણતા સ્થિરતા થઈ એનાથી સમસ્ત કર્મનો નાશ થાય. જુઓ! કર્મનો નાશ થાય તો ચારિત્રની પૂર્ણતા થાય એમ નથી લીધું. ચારિત્રની પૂર્ણતા થાય ત્યારે કર્મનો નાશ થાય.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એમ છે. તારે કર્મનું શું કામ છે?

મુમુક્ષુ :- પણ વાંહે લાગ્યા છે એનું શું કરવું?

ઉત્તર :- કોઈ વાંહે લાગ્યું નથી. તું વાંહે લાગ્યો છો ઊંધો. ઊંધાઈ કરીને બેઠો અને નાખે છે કે કર્મ વાંહે લાગ્યા છે. કર્મ જડ છે બિચારા. 'કર્મ બિચારે કૌન ભૂલ મેરી અધિકાઈ.' કર્મને શું ખબર પણ નથી. મફતનો આળ નાખે છે. આહાહા..!

ભગવાન આત્મા..! કહે છે કે પોતાનું સ્વરૂપ જ્ઞાનમય, આનંદમય એનો અનુભવ થયો, સ્થિરતા થઈ. પણ જ્યાં સુધી કેવળજ્ઞાન અને કેવળદર્શનપણે પૂર્ણ દશાનું પરિણમન ન થાય ત્યાં સુધી સાધક છે. સમજાણું? અને સંપૂર્ણ જયારે થાય ત્યારે સંપૂર્ણ કર્મનો નાશ થાય. બસ. નિમિત્તપણે જે કર્મ હતું, એ અહીં સ્વરૂપમાં સ્થિરતા પૂર્ણ થઈ (ત્યાં) કર્મનો નાશ થાય '**સાક્ષાત્ મોક્ષ થાય...**' લ્યો! સાક્ષાત્ મોક્ષ થાય. મોક્ષ તો હતો દ્રવ્યે. વસ્તુથી તો મોક્ષ હતો. વસ્તુ મોક્ષ છે જ. વસ્તુ તો મુક્ત જ છે. પર્યાયમાં સાક્ષાત્ મોક્ષ થયો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

પછી. આહાહા..! સમજાય છે કાંઈ?

વાત એવી છે કે એને ગરજ થવી જોઈએ આ તો. મારું શું થશે? હું ક્યાં જઈશ? એમ થાય તો એને સમજવાના પ્રયત્નોમાં એના હોડ જાગે. સમજાય છે. હોંશ જાગે હોંશ કે આ શું છે પણ આ? આ કેમ ન થયું? આ કેમ થાતું નથી? સમજાણું? એ અહીં કહે છે કે જ્યાં આવી દશા પ્રગટી ત્યાં પૂર્ણ સ્વભાવ પ્રાપ્ત થયો (ત્યાં) કર્મ નાશ થઈ ગયા. આહાહા..! તારા આધિનની વાત છે. પર કાંઈ તને આધિન કરતું નથી.

'**ત્યારે જ્ઞાન સિદ્ધ રૂપે પરિણમે છે,...**' જ્ઞાન એટલે આત્મા. ત્યારે આત્મા સિદ્ધની દશારૂપે થાય છે. પરમાત્મા કેવળજ્ઞાનાદિ પામીને. અહીં તો એકલું સિદ્ધપદ લેવું એકદમ આખું. આ રીતે.. કહો, '**કારણ કે તેનો અસ્ખલિત નિર્મળ સ્વભાવભાવ પ્રગટ દેદીપ્યમાન થયો છે.**' સિદ્ધરૂપે કેમ પરિણમે છે? '**તેનો અસ્ખલિત નિર્મળ સ્વભાવભાવ...**' જે નિર્મળ અસ્ખલિત સ્વભાવ ધ્રુવ ચૈતન્ય હતો એ '**પ્રગટ દેદીપ્યમાન થયો છે.**' પર્યાયમાં પ્રગટ અનંત ગુણની પર્યાય નિર્મળ બધી થઈ ગઈ. સમજાણું? વ્યવહારે આઠ ગુણ પ્રગટ્યા એમ કહે છે. બાકી તો અનંતા ગુણની પર્યાય નિર્મળ થઈ ગઈ. લ્યો, આ રીતે સિદ્ધ થાય છે. મોક્ષ થાય તે આ માર્ગે થાય છે. એ સિવાય બીજો માર્ગ એનો નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વ્યવહાર ક્યાં આવ્યો છે? વ્યવહાર તો છઠ્ઠા ગુણસ્થાનને યોગ્યની વાત લીધી છે. કારણ કે ઓલો ઉપયોગ શુદ્ધ જામ્યો નથી એ અપેક્ષાએ. નિશ્ચય તો છે. એ વિના વ્યવહાર કેવો? સમજાણું? ટોડરમલજીએ કીધો છે એ પહેલો વ્યવહાર અમથો કીધો છે. એ તો સાધારણ દેવ-ગુરુ-શાસ્ત્ર શ્રદ્ધા ને એ. અહીં તો એવો ભાવ છઠ્ઠે ગુણસ્થાને છે. નિશ્ચયની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા તો છે. પણ ઉપયોગ જામીને આમ શુદ્ધ ઉપયોગ થયો નથી ત્યાં સુધી એને વ્યવહાર છઠ્ઠે ગુણસ્થાનને યોગ્ય કહેવામાં આવે છે. કહો, સમજાણું આમાં?

પહેલો-બહેલો છે જ નહિ કાંઈ. પહેલો તો એ સ્વરૂપ જ છે. પણ શુદ્ધ ઉપયોગ નથી થયો એ અપેક્ષાએ છઠ્ઠે ગુણસ્થાને વ્યવહાર છે. પણ છે માટે પહેલો છે અને પછી નિશ્ચય એમ નથી. અહીં અપૂર્ણ છે એથી વ્યવહાર છે. એનો અભાવ કરીને શુદ્ધ ઉપયોગ થાય છે. વસ્તુસ્થિતિ આમ છે. સમજાણું કાંઈ? અંતર્મુખ વિશેષ થાય છે. બહિર્મુખનો વિકલ્પ હતો એ. છઠ્ઠે ગુણસ્થાને બહિર્મુખનો વિકલ્પ હતો. બાહ્ય વિષય હતો એ બધો. અંતર્મુખ વિશેષ થાય છે. બસ! ત્યારે .. ઉપયોગ થાય છે, સામ્યપણું પ્રગટે છે. વીતરાગતા પ્રગટ થાય છે. એનાથી આગળ વધીને સિદ્ધ થાય છે. લ્યો.

ત્યારે '**અસ્ખલિત નિર્મળ સ્વભાવભાવ...**' સ્ખલના ન થાય, પાછો પડે નહિ એવો

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


જે અંતર સ્વભાવ છે તે પર્યાયમાં પ્રગટ થઈ ગયો. **'આ રીતે સાધકરૂપે અને સિદ્ધરૂપે-**' જુઓ સરવાળો. '**બન્ને રૂપે પરિણમતું એક જ જ્ઞાન આત્મવસ્તુને ઉપાય-ઉપેયપણું સાધે છે.**)' લ્યો જોયું! વ્યવહાર સાધે છે એમ આવ્યું જ નથી આમાં. સમજાણું કાંઈ? છે કે નહિ પુસ્તક હાથમાં? જુઓને!

મુમુક્ષુ :- આમાં વ્યવહારને સાધક નથી કીધું.

ઉત્તર :- કીધું છે ક્યાં એમાં? એ તો જ્ઞાન એની સત્તા છઠ્ઠે ગુણસ્થાને રાગની સત્તા શુભની છે એટલું જ્ઞાન કરાવ્યું. સમજાણું કાંઈ? અરે..! એને પોતાનું માહાત્મ્ય ન આવે ને. કંઈક... કંઈક... કંઈક... આનાથી થાશે અને આનાથી થાશે અને આનાથી થાશે. અંદર ચૈતન્ય સત્તા મહા પડી છે, એની એકાગ્રતાથી શક્તિનો ઉકેલ થાય છે. શક્તિનો. બાકી કોઈ રીતે ઉપાય બીજો છે નહિ. સમજાણું કાંઈ?

ચૈતન્ય જ્ઞાનસ્વરૂપ એમાં આખા અનંતા કેવળજ્ઞાન પડ્યા છે. એવી જે ધ્રુવ સત્તા, એમાં એકાગ્ર થવાથી શક્તિની વ્યક્તતા સાધકપણે પહેલી થાય છે અને પછી પૂર્ણપણે થાય છે. પણ એનું એ દ્રવ્ય સાધકપણે જ્ઞાન પરિણમન અને એનું એ દ્રવ્ય સિદ્ધપણે પરિણમે. એમાં વ્યવહારનો આશ્રય છે માટે સાધક છે એમ કાંઈ છે નહિ. કહો, સમજાણું આમાં?

**'આ રીતે સાધક રૂપે અને સિદ્ધ રૂપે-બન્ને રૂપે પરિણમતું એક જ જ્ઞાન...'** જુઓ. એમાં બીજો ભાગ નહિ. સમજાય છે કે નહિ આમાં? શું કહે છે આમાં? ઓલા કહે છે, દેરાસર અને દેરાસરનો ભાવ આમાં સાધકપણે નથી. એમ કહે છે. સાચી વાત છે? એય.. હિંમતભાઈ! આ તમારા મોટાભાઈ બધું ત્યાં કરાવે છે ને. કહો, સમજાણું આમાં? એક કોર થાય અને એક કોર અહીં ના પાડે. થાય એમ કહીએ છીએ. અહીં કેટલા મકાન થાય છે, જુઓને! નવા માણસને રહેવાના. કહો, સોસાયટી મોટા સાત લાખની. કેટલા માણસની. એને પૂછયું બેયનું. તમારું અમદાવાદનું અને અહીંનું બેયનું પૂછયું. ક્યારે પૂરું થાશે? કહે થોડું ઘણું રહેશે પણ પંચ કલ્યાણક થઈ જશે ત્યાં. એ તો પરને લઈને થાય. કરે કોણ? આહાહા..!

મુમુક્ષુ :- ઈજનેર કરે.

ઉત્તર :- કોઈ ધૂળેય કરે નહિ. એમાં શુભભાવ હોય છે માણસનો. એ પુણ્યબંધનું કારણ થાય. પણ સાધકરૂપે પરિણમનમાં એની મદદ મળે એવું નથી. વસ્તુ ભારે આકરી માણસને. એય.. અમરચંદભાઈ! એક કોર મોટા મંદિર, પૂજા, જાત્રા, ભક્તિઓ, લાખો માણસ. કેટલા લાખ ખર્ચ્યા છે લ્યો. ૧૩ની સાલમાં પાંચ લાખ તમારે ખર્ચ્યા અને પાંચ લાખ ..માં ખર્ચ્યા. એવું સાંભળ્યું હતું. પહેલા નીકળ્યા ત્યારે. દસ લાખનો ખર્ચ એક જાત્રામાં. ૧૩ની સાલ.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


કહે છે કે એમાં પુણ્ય શુભભાવ થાય.

મુમુક્ષુ :- કર્યો હોય તો.

ઉત્તર :- રાગ મંદ કર્યો હોય તો. અભિમાન કર્યા હોય ને હું આમ .. હું આમ કરી આવું. હું કરી આવું. પહેલો જઈને હું પગલાને અડી ગયો હતો, ફલાણું થયું હતું. આહાહા..! શું છે પણ હવે, સાંભળને. એક શુભભાવ હોય છે. શુભભાવ અશુભથી બચવા માટે હોય છે.

મુમુક્ષુ :- .. ધર્મ થાતો નથી એમ કહો છો.

ઉત્તર :- કરે કોણ? જેની યોગ્યતા હોય એ હોય સાથે. એવી વાત છે. બે વાર ત્યાં જઈ આવ્યા સમ્મેદશિખર અને બે વાર બાહુબલીજી. વાત ઈ છે કે એ વખતે એવો ભાવ હોય છે એટલે ભાવમાં એ નિમિત્ત કહેવાય છે. એનાથી કાંઈ શુભભાવ થાય છે એમ પણ નથી. કાંઈ એનાથી શુભભાવ થાય છે? અને શુભભાવ થાય છે માટે અહીં સાધકપણે નિશ્ચયપણે પરિણમે છે? એવો માર્ગ છે ભાઈ! આ તો માર્ગ વસ્તુના સ્વભાવનો છે. આમાં કોઈની અંદર ખોટો તર્ક પહોંચે નહિ. હોય છે, વ્યવહાર હોય છે. પણ હોય છે માટે નિશ્ચય થાય છે એમ નથી. અમરચંદભાઈ! આહાહા..!

અહીં તો કહે છે કે '**બન્ને રૂપે પરિણમતું એક જ જ્ઞાન...**' એમાં બીજો ભાગ નહિ રાગનો અને વ્યવહારનો. એમ કહે છે. આહાહા..! '**આત્મવસ્તુને ઉપાય-ઉપેયપણું સાધે છે.**)' ભગવાન આત્મા પોતાના જ આત્માથી પોતાના જ્ઞાન ને આનંદ સ્વભાવથી અપૂર્ણપણે પરિણમવામાં પણ પોતે જ છે અને પૂર્ણપણે પરિણમવામાં પણ પોતે જ છે. અપૂર્ણપણે થવામાં પણ આત્મા જ છે, પૂર્ણપણે થવામાં આત્મા છે. એમાં કોઈ રાગ ને નિમિત્ત ને સંહનન ને મનુષ્ય ને દેવ-ગુરુ-શાસ્ત્રની કૃપા અને આશ્રય કાંઈ સાધન છે નહિ. આહાહા..! કહો, સમજાણું કાંઈ? એ તો ભાવાર્થ કર્યો હોં, પંડિતજી! જયચંદ્ર પંડિતે. ચોથામાં ક્યાંય લખ્યું હતું? કયે ઠેકાણે? આમાં તો નથી. અમથું .. ઉપરથી. ચોથેથી. હોય એ તો મૂળ વાત અહીંથી લેવાય. એ તો કહેવાય. ભાઈએ તો એમ લીધું છે બનારસીદાસે. સાધક એટલે ચોથે. સાધક અવિરતિ માંડીને. પણ આ પોતે મુનિ છે ને (એટલે) આ દશાથી વાત કરી. છઠ્ઠાની, સાતમાની બેની. છતાં છઠ્ઠાનો રાગ એ કાંઈ સાધકપણે પરિણમવામાં મદદગાર નથી. એમ સિદ્ધ કર્યું પાછું ભેગું.

મુમુક્ષુ :- ....

ઉત્તર :- મદદગાર નથી એમ કહ્યું હતું. એમ જ છે ને. પોતે પોતાનો શુદ્ધ સ્વભાવ જે છઠ્ઠે પરિણમે છે એ આગળ વધીને શુદ્ધ ઉપયોગ થાય છે. એ સાધક થાય છે ત્યારે અને પછી વૃદ્ધિ પામતા પૂર્ણ થાય છે. એક જ વાત છે. આહાહા..! હવે આચાર્યની ટીકા

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



છે. હવે અમૃતચંદ્રાચાર્યની ટીકા છે. આ ભાવાર્થ હતો જયચંદ્ર પંડિતનો.

‘**આ રીતે બન્નેમાં (-ઉપાયમાં તેમ જ ઉપેયમાં-)**’ ઉપાય એટલે મોક્ષનો માર્ગ, ઉપેય એટલે સિદ્ધ દશા. ‘**જ્ઞાનમાત્રનું અનન્યપણું છે...**’ ભાષા જુઓ! ‘**જ્ઞાનમાત્રનું અનન્યપણું છે...**’ એ આત્માનું જ અનન્યપણું-અનેરું કાંઈ સાધન છે નહિ. એમ કહે છે. ચૈતન્યસ્વરૂપ ધ્રુવ એમાં એકાગ્ર થઈને એ આત્માનું એક જ અનન્યપણું છે. શુદ્ધ સાધકપણે થાવ તોપણ આત્મા અને જ્ઞાન કહો કે આત્મા સિદ્ધપણે થાવ. બીજાને કાંઈ સંબંધ છે નહિ. ‘**અનન્યપણું છે...**’ એટલે કે અનેરાપણું એમાં બીજું નથી. એકલો ભગવાન આત્મા નિર્વિકલ્પ શુદ્ધ ઉપયોગપણે પરિણમે અને પછી શુદ્ધ પૂર્ણ કેવળજ્ઞાનપણે થાય. એ પોતામાં જ બે દશા પોતાથી થાય છે. સમજાણું આમાં? ‘**આ રીતે બન્નેમાં...**’ સાધકપણે થવામાં અને સિદ્ધપણે થવામાં ‘**જ્ઞાનમાત્રનું અનન્યપણું છે...**’ આત્મા તે એક જ એમાં પરિણમનાર છે. અનેરાપણું કાંઈ એમાં છે નહિ. અનન્ય જ્ઞાનાનંદ અનન્ય છે. પોતે જ એકમેક છે. સ્વરૂપમાં એક થાય પોતે, પૂર્ણ થાય એ પોતે.

મુમુક્ષુ :- નિમિત્તનો સાથ લઈને..

ઉત્તર :- જરીએ નિમિત્ત અને વ્યવહાર વિકલ્પ કંઈ પણ એને સાધકપણામાં અને સિદ્ધપણામાં કાંઈ મદદગાર નથી. કહો, સમજાણું કાંઈ? માર્ગ એવો છે, વસ્તુ એવી છે. રાગ તો સ્વરૂપમાં છે જ નહિ. એ ચૈતન્ય છે? એ તો આસ્રવ છે. શુભરાગ તો આસ્રવ છે. ભારે નડે, જગતને એવું નડે છે. હાય.. હાય..! આ તો શુભયોગ પણ નહિ. ભાઈ! એ હો ભલે પણ એ સાધન નથી. જાણવા જેવી એ ચીજ છે. અમરચંદભાઈ! આ લોકો એવી રાડ પાડે. અરે..! આમ થઈ ગયું.. અરે..! આમ થઈ ગયું. આહા..! અરે..! ભગવાન તને ખબર નથી, ભાઈ! આ શરણ લીધા વિના ક્યાંય તારો છૂટકો નથી. એ જ્ઞાનાનંદ ભગવાન અનંત ગુણનો ભંડાર છે, ભાઈ! એ પોતે જ અપૂર્ણપણે સાધકપણે પોતે જ પરની અપેક્ષા વિના થાય છે અને સિદ્ધપણે પણ પરની અપેક્ષા વિના થાય છે. એવું શ્રદ્ધાના જ્ઞાનમાં વાત નહિ બેસે ત્યાં સુધી એને સાધકપણાનું પરિણમન કોઈ રીતે નહિ થાય. શ્રદ્ધામાં શલ્ય રાખશે કાંઈક રાગ હોય તો વિકલ્પ હોય તો કાંઈક મદદ કરે, ત્યાં સુધી એની દૃષ્ટિ બહિર્દૃષ્ટિમાં ઘૂંટાશે. સમજાણું કાંઈ?

‘**અન્યપણું નથી;...**’ જોયું! ખુલાસો કર્યો. અનન્યપણું છે એટલે આત્મા જ એમાં છે શુદ્ધ. અન્યપણું એટલે વિકલ્પ આદિનું સાધન છે નહિ. સમજાણું કાંઈ? આહાહા..! ‘**માટે સદાય અસ્ખલિત એક વસ્તુનું...**’ લ્યો! ‘**માટે સદાય અસ્ખલિત...**’ સ્ખલના ન થાય. કંઈ પણ અંદર વ્યવહારના વિકલ્પનો આશ્રય ન આવે. ‘**અસ્ખલિત એક વસ્તુનું...**’ ચિદ્દ્ઘન,

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


આનંદકંદ નિત્યાનંદ પ્રભુ અસ્ખલિત સદાય એક વસ્તુ '**(-જ્ઞાનમાત્ર આત્મવસ્તુનું-)**...' જોયું! એક વસ્તુ એટલે આત્મા એકલું જ્ઞાન એ વસ્તુ. રાગાદિ બીજી વસ્તુ એમાં નહિ. કેટલું સ્પષ્ટ કર્યું છે! બહુ સ્પષ્ટ કર્યું. સમજાણું કાંઈ?

પોતે નિર્વિકલ્પ જ્ઞાન આનંદ સ્વરૂપ છે આત્માનું એ એક જ વસ્તુ પોતે અસ્ખલિત છે એનો આશ્રય લે. એના આશ્રય વિના કોઈ રીતે મોક્ષમાર્ગ પ્રગટ થશે નહિ. આહાહા..! કો'કનો તર્ક હમણા આવ્યો હતો. નહિ? તર્કથી સિદ્ધ થાય એ સાચું નહિ. લખ્યું છે. કે આ મૂર્તિ-બુર્તિ તર્કથી સિદ્ધ થાય એ સાચું નહિ. ભાઈ! એ મૂર્તિ તો શુભભાવ હોય તો સામે હોય એટલું. સાંભળને હવે. આવ્યું હતું ને? પત્ર નહોતો આવ્યો કો'કનો? એનો હેતુ તો ઈ હતો. એમ કે તમે આ બધી વાત અધ્યાત્મની પણ પાછું આ સિદ્ધ કરો છો પ્રતિમા હોય ને મંદિર હોય. પણ ભાઈ, એ તો શુભભાવ હોય ત્યારે ત્યાં લક્ષ જાય અને એ એને કારણે હોય. એવી એ ચીજ છે. એનો નિષેધ કરે તો ન પાલવે. ન જ હોય એની સત્તામાં-ચોથે, પાંચમે, છઠ્ઠા ગુણસ્થાનમાં શુભયોગની સત્તા નથી એમ કહે તો ભૂલી જાય છે તત્ત્વને. સત્તા છે, પણ એના સાધનમાં મદદગાર નથી. હોવાપણે શુભભાવ છે તો એ શુભભાવના અનેક પ્રકાર છે. અનેક પ્રકાર માયલો જે પ્રકારનો રાગ હોય એવું એનું લક્ષ પર ઉપર જાય. એ વસ્તુ છે, પણ હેયબુદ્ધિ કરવા જેવી છે. આહાહા..! સમજાણું? જેમ પંચ મહાવ્રતના પરિણામ છે કે નહિ મુનિને? છે કે નહિ? છે. સાધકપણામાં મદદગાર નથી એ બીજી વાત છે.

મુમુક્ષુ :- સંયમ છે ને?

ઉત્તર :- સંયમ ક્યાં હતો? અસંયમ છે રાગ છે. છે ખરા. ન હોય એમ નહિ. એની સત્તા (છે).

મુમુક્ષુ :- સાચા સંયમને એ સંયમ દીપાવે છે ને?

ઉત્તર :- ના, જરીએ દીપાવતું નથી. એ બાળે છે સાચા સંયમને.

મુમુક્ષુ :- એ ન હોય તો રહેતું નથી.

ઉત્તર :- એને કારણે રહેતું નથી એમ છે નહિ. અને એ વિકલ્પ છે માટે અહીં સંયમ રહ્યો છે એમ નથી. પણ એવી ભૂમિકામાં એવો રાગ હોય છે. ન હોય એમ બને નહિ. અને એવો બિલકુલ ન હોય અને નિશ્ચય થઈ ગયો એકલો કેવળજ્ઞાની એને ન હોય. પણ આ નથી માટે, આવો ભાવ એને ન આવે માટે નિશ્ચય (સંયમ) જાય છે એમ નથી. એની ભૂમિકાનો નિશ્ચયનો આશ્રય જે નથી લેતો ઉગ્ર માટે નિશ્ચય (સંયમ) જાય છે. સમજાણું કાંઈ? ભારે વાત.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


શું કહ્યું આ? એમ કે આ પંચ મહાવ્રતના પરિણામ આદિ ન હોય તો સંયમ ન રહે અંદર ચારિત્ર. એ ન શોભે એટલે ન રહે એમ નથી. એ ત્યાં હોય છે ખરું એ ભૂમિકામાં. ન હોય (એમ નહિ). શોભે-ફોભેની વાત નથી. પ્રવિણભાઈ! બધી વાતું એવી છે. ચોથે, પાંચમે, છઠ્ઠે ગુણસ્થાનમાં શુભયોગના શુભ ઉપયોગની સત્તા છે. સ્વરૂપમાં સ્વીકારમાં નથી. સમ્યગ્દર્શનમાં એ શુભયોગનો સ્વીકાર નથી. પણ સત્તા એનું છે એવું અહીં જ્ઞાન છે. સમજાણું કાંઈ? અરે..! આ ઝઘડાની વાતું છે કાંઈ? વાદવિવાદની વાતું નથી. આ તો વસ્તુની સ્થિતિ એવી છે. આહાહા..! એનું બહુમાન આવે. સર્વજ્ઞ શ્રદ્ધા-જ્ઞાન અનુભવ થયો, સર્વજ્ઞ પરમેશ્વર ઉપર બહુમાનનો વિકલ્પ આવે, આવે એની ભૂમિકા પ્રમાણે, છતાં એ નિશ્ચયથી આદરણીય નથી. આહાહા..! નમો અરિહંતાણં પહેલું આવે કે નહિ? આવે છે તો હોય. એ સિદ્ધ કરે છે એની ભૂમિકામાં એવો (રાગ હોય છે) પણ હોય છે માટે અહીં નિશ્ચયપણું ટક્યું છે એમ નથી.

‘**માટે સદાય અસ્ખલિત એક વસ્તુનું નિષ્કંપ ગ્રહણ...**’ એમ કીધું છે. એક વસ્તુ અખંડ ધ્રુવ ચૈતન્ય છે, એને સદાય અસ્ખલિત. માટે કીધું ને આ કારણે એમ. જ્યારે ભગવાન આત્મા એકલો જ સાધકપણે અને સિદ્ધપણે પરિણમે છે માટે, માટે ‘**સદાય અસ્ખલિત...**’ એકરૂપ ધ્રુવ ચૈતન્ય ભગવાન વસ્તુ જે નિત્ય છે, અસ્ખલિત-કોઈ દી સ્ખલના નથી-વધઘટ નથી એવી ચીજ, એવી વસ્તુનું એટલે ‘**(-જ્ઞાનમાત્ર આત્મવસ્તુનું-) નિષ્કંપ ગ્રહણ કરવાથી,...**’ નિષ્કંપ વસ્તુને ગ્રહણ કરવાથી, પકડવાથી. આ ચીજ વસ્તુ છે આત્મા એવા શ્રદ્ધા-જ્ઞાન કરવાથી. લ્યો!

જુઓ! ઓલામાં એમ હતું કે નહિ? ‘**સુનિશ્ચળપણે ગ્રહણ કરેલાં...**’ ઓલા વ્યવહારમાં એમ હતું ને? ત્યાં તો સાધારણ વાત જ્ઞાન કરાવી ભૂમિકાએ આવો ભાવ હોય છે એનું જ્ઞાન કરાવ્યું. એવો સત્તાનો સ્વીકાર ન કરે તોપણ એને જ્ઞાન સાચું નથી. સમજાણું કાંઈ? અહીં પાછો શબ્દ એ લીધો, જુઓ! ઓલું સુનિશ્ચળપણે વ્યવહારનું હતું અહીં નિષ્કંપ ગ્રહણ કરવાથી એમ છે. વસ્તુ જે છે નિત્યાનંદ ભગવાન, પૂર્ણ આનંદ, પૂર્ણ વસ્તુ એ અસ્ખલિત વસ્તુ જે સ્ખલના નથી, એવી ને એવી ચીજ છે એને નિષ્કંપપણે ગ્રહણ કરવાથી. પર્યાયથી એને પકડવાથી એમ કહે છે.

‘**સદાય અસ્ખિલત એક વસ્તુને નિષ્કંપ ગ્રહણ કરવાથી, મુમુક્ષુઓને કે જેમને અનાદિ સંસારથી ભૂમિકાની પ્રાપ્તિ ન થઈ હોય તેમને પણ,...**’ એમ કહે છે. જોયું! ભલે અનંત કાળમાં ન થયું હોય સમ્યગ્દર્શન-જ્ઞાન, પણ નિશ્ચય વસ્તુ, અસ્ખલિત વસ્તુ છે એનું જો નિષ્કંપ ગ્રહણ કરે તો અનાદિથી નહિ થયેલી તે... જુઓ! ‘**અનાદિ સંસારથી**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

**ભૂમિકાની પ્રાપ્તિ ન થઈ હોય તેમને પણ,...**’ તેમને એટલે શું? કે જ્ઞાન થઈને અજ્ઞાની થયો હોય એને પણ પાછા આત્માનો-દ્રવ્યનો આશ્રય લે તો સમ્યગ્દર્શન પ્રગટે. પણ અહીં તો અનાદિથી નથી થયું એમને પણ એમ જોર આપે છે. એને એમ થાય. જે આત્મજ્ઞાન પામ્યો છે અને વળી કોઈ પડી ગયો, એને પણ અસ્ખલિત વસ્તુનો આશ્રય નિષ્કંપ ગ્રહણ કરવાથી પ્રાપ્તિ થાય. અહીં તો કહે છે કે પણ અનાદિથી જેને થયું નથી ને. એ થયું નથી એને આ રીતે પ્રાપ્ત થાય. સમજાણું કાંઈ? દિશા બદલે પ્રાપ્ત થાય એમ કહે છે. ભલે અનાદિનું આમ હોય વસ્તુની દૃષ્ટિ પર ઉપર.

‘**અનાદિ સંસારથી ભૂમિકા...**’ એટલે દશા પ્રાપ્ત ન થઈ હોય ‘**તેમને પણ,...**’ એમ લીધું જોયું! એવો ભગવાન આત્મા શુદ્ધ ધ્રુવ ચૈતન્યનું અવલંબન કરતાં નિષ્કંપપણે ગ્રહણ કરતાં અનાદિથી સમ્યક્ અને આત્માનો અનુભવ ન થયો હોય એને પણ ‘**તત્ક્ષણ જ...**’ દેખો! તત્કાળ ‘**જ ભૂમિકાની પ્રાપ્તિ થાય છે;...**’ કહો, સમજાણું કાંઈ? શુદ્ધ ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ પરમાત્મા પોતે છે. જુઓ! અસ્ખલિત વસ્તુ. એને નિષ્કંપ ગ્રહણ કરવાથી અનાદિ નહિ પામેલો તે તત્ક્ષણ સમ્યગ્દર્શન અને આત્માના અનુભવને પામે છે. આહાહા..!

મુમુક્ષુ :- એકરૂપ...

ઉત્તર :- એકરૂપે એકાકાર. નિષ્કંપ એટલે કંપ ન થવું, .. ન થવું. એવી રીતે આમ જામી ગયો અંદરમાં. ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... નિષ્કંપ એટલે નિર્વિકલ્પ. સમજાણું કાંઈ? માર્ગ તો એવો છે, ભાઈ! લોકો ભલે બીજી રીતે વાતું કરે. બીજેથી બીજી રીતે. માર્ગ નહિ થઈ જાય. માર્ગ તો હશે એ રહેશે. વસ્તુને વસ્તુ રૂપે રાખો. ફેરફાર ન કરો... ફેરફાર ન કરો. ફેરફાર કર્યે તું ફેરફાર થઈ જઈશ. સમજાણું કાંઈ? જુઓ! આ ઉપાય.

અનાદિ કાળથી ધર્મ પામ્યો ન હોય એને પણ. વસ્તુ ધ્રુવ ચૈતન્ય અસ્ખલિત ચીજ છે એને નિષ્કંપ એકાકાર થઈને ગ્રહણ કરવાથી ભૂમિકાની સમ્યગ્દર્શન અનુભવની પ્રાપ્તિ થાય છે. તત્ક્ષણ પ્રાપ્તિ થાય છે. જોયું! પુરુષાર્થથી વાત એકલી કરી છે. આમ કાળે થાય છે અને ફલાણે થાય એ વાત નથી. એ તો જાણવાની વાત છે.

આ ભગવાન આત્મા મહાપ્રભુ ચૈતન્ય ધ્રુવ એને નિષ્કંપપણે ગ્રહણ કરવાથી, દૃષ્ટિ ત્યાં મૂકતા એકાકાર થવાથી, નિર્વિકલ્પપણે ગ્રહણ કરવાથી સમ્યગ્દર્શન અને અનુભવ થાય છે. ધર્મની પ્રાપ્તિ એને થાય છે. અનંત કાળમાં ન થઈ હોય એને પણ આ રીતે થાય છે. તેમને પણ એમ શબ્દ છે ને? પામેલાને તો થાય આને આશ્રયે, પામ્યા હોય આત્માનું જ્ઞાન વળી પડી ગયા અને પામે આ રીતે અસ્ખલિત વસ્તુને ગ્રહણ કરે એ પણ પામે. પણ આ તો અનંત કાળમાં નહિ પામેલો પણ આને ગ્રહે તો પામે એમ કહે છે. આહાહા..! માણસને

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


એમ લાગે કે આ બધા બહુ મોટી વાતું કરે છે. મોટી નથી, ભગવાન! ધર્મની રીત જ આ છે, ભાઈ! સમજાણું કાંઈ? બહારનું લક્ષ છોડી અને અંતરના ધ્રુવના દૃષ્ટિમાં જા અને એને નિષ્કંપપણે પકડ તો અનુભવ થશે. તે વિના કોઈ બીજી રીત છે નહિ. સમજાણું કાંઈ?

'**અનાદિ સંસારથી ભૂમિકાની પ્રાપ્તિ ન થઈ હોય...**' દેખો! આ નરકમાં, સાતમી નરકમાં પણ ગયેલો જીવ, અનાદિથી સમ્યગ્દર્શન ન પામ્યો હોય એ પણ સાતમી નરકમાં ચિદાનંદ ધ્રુવ સ્વરૂપને નિઃશંક ગ્રહણ કરવાથી સમ્યગ્દર્શન પામે છે. સાતમી નરક હો, એમાં શું? આત્મા છે ને. ક્યાં ઘેર ગયો છે આત્મા? પરઘર ગયો છે? પોતાના ઘરમાં જ છે. આહાહા..! વાંધા બહુ કરે. તકરાર તકરાર. અજૈન શાસન એવા વિરોધ લખે. અરે.. ભગવાન! આવું ન હોય, ભાઈ! શાસનની રીત જુદી હોય છે. જૈનશાસન કોને કહેવું ભાઈ! જૈનશાસન એટલે વીતરાગ શાસન. વીતરાગી ભાવ એને જૈનશાસન કહેવાય. એમાં એમ આવે કે આ રાગ કરતાં કરતાં ધર્મ પ્રગટે? એ જૈનશાસન નહિ, એ અજૈનશાસન છે. આહાહા..! તમારે છપાય છે ને એમ. ક્યાંથી?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ... આવ્યું છે કાલે. કેવું વિરૂદ્ધ લખે. અરે.. ભગવાન! આહાહા..! જાણે કે આ તો કેટલા ભૂલ્યા છે અને અમે કેટલા સુધરી ગયા છીએ. ભગવાન! ભાઈ! બાપુ! એ સરવાળા આવશે ત્યારે (ખબર પડશે), અત્યારે નહિ ખબર પડે. આહાહા..! એમ કે અમે તો અનેકાંતને માનનારા. આ તો સોનગઢ એકાંત એકાંત (માને છે). ભાઈ! એમ ન હોય. આ તો વીતરાગમાર્ગ છે. વીતરાગ માર્ગમાં રાગ કારણ અને પરંપરા રાગ ને પરંપરાએ મુક્તિ થાય એ વીતરાગમાર્ગ ન હોય. સમજાણું કાંઈ? સીધી વાત કરી છે અહીં જુઓને. પહેલો પરિણમે વીતરાગ સમ્યગ્દર્શનપણે પણ એ પોતે નિરપેક્ષ પરની અપેક્ષા વિના પરિણમે છે. આહાહા..! એવું તો એનું સ્વરૂપ છે. એનાથી વિરૂદ્ધ કહે, ભગવાન! જૈનદર્શન ન કહેવાય એને. એને જૈનશાસન ન કહેવાય. આહાહા..! દુનિયા માને. દુનિયાને લાગે વધારે ઓહોહો..! અનેકાંત કેવું કહે છે! નિશ્ચયથી પણ થાય અને વ્યવહારથી પણ થાય. અનેકાંત કહે છે. બે નયનો માર્ગ ભગવાનનો છે. અમરચંદભાઈ! ભાઈ! વ્યવહારનયનો વિકલ્પ છે એ જાણવા જેવો છે, આદરવા જેવો નથી. અને નિશ્ચય આદરવા જેવો અને વ્યવહાર આદરવા જેવો તો બે ભેદ પડ્યા કેમ? બે ભેદ પણ પડ્યા કેમ? સમજાણું કાંઈ? શુદ્ધ દ્રવ્ય વસ્તુ ભગવાન આત્મા તેનો આશ્રય કરીને ઠરવા જેવું છે એ એક જ આદરણીય છે. વ્યવહાર હોય ખરો, કીધું ને, હોય ખરો. હોય છે પણ આશ્રય કરવા લાયક નથી. સમજાણું કાંઈ?

કેટલી વાત કરી છે! '**તત્ક્ષણ જ ભૂમિકાની...**' તત્ક્ષણ અને જ. તે જ ક્ષણે ભગવાન

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


ધ્રુવ ચૈતન્યબિંબ જ્યાં દૃષ્ટિમાં લીધો. વસ્તુને આખો પદાર્થ સત્‌ચિદાનંદ પ્રભુ પોતે છે એને અંતર દૃષ્ટિમાં લેતાં તત્ક્ષણ અનુભવ થાય છે. એનો માર્ગ આ એક છે. બાકી કોઈ નથી. સમજાણું? ઓલા કહે, પણ આમ થાય, ફલાણું થાય, વ્યવહાર આ છે, બે નય એમ બે નયની પ્રરૂપણા ભગવાને કરેલી છે. તો કોણે ના પાડી? એમ કે તમે વ્યવહારને માનતા નથી એટલે વ્યવહારથી લાભ છે એમ માનતા નથી. વ્યવહારને માનતા નથી એમ કોણે કહ્યું? વ્યવહાર છે. છે એ તો કીધું. વ્યવહાર છે. નથી? એ તો સ્થાપ્યું બરાબર ચોથે, પાંચમે, છઠ્ઠે શુભરાગ હોય છે એનું નામ વ્યવહાર. એ બંધનું કારણ છે. આહાહા..! નથી તો પછી આ છે આ પૂજા, ભક્તિ આદિ શાસ્ત્રનો ભાવ નથી? હો. સાંભળવું, ઉપદેશ વગેરે શુભભાવ જ છે કે નહિ? હોવા છતાં તે આશ્રય કરવા લાયક નથી. આહાહા..!

મુમુક્ષુ :- પછી આ શું છે?

ઉત્તર :- પણ એનાથી લાભ માનવો નહિ, નહિ ટકે. લાભ મનાવો. વ્યવહાર કરતાં કરતાં નિશ્ચય થાય, વ્યવહારથી પરંપરા નિશ્ચય થાય, તો વ્યવહાર માન્યો કહેવાય. આમાં તો લખ્યું કે નહિ? પરમ અધ્યાત્મ તરંગિણીમાં. એમાં એ લખ્યું છે. પંચસંગ્રહ. શું કહેવાય? અધ્યાત્મ પંચસંગ્રહ. જ્ઞાન દર્પણમાં લખ્યું છે. પરંપરા ન થાય. પરંપરા કહે છે. આ તે વીતરાગનો માર્ગ છે કે કોનો માર્ગ છે? એમ લખ્યું છે એમાં.

મુમુક્ષુ :- ચર્ચામાં...

ઉત્તર :- આપ્યો છે ને. પરંપરા ન થાય. પરંપરા કેવો? પણ અહીં લખ્યું છે ને પરંપરા? એ તો એનો સાક્ષાત્‌ ભાવ છે, પછી અભાવ થઈને થાશે એટલી પરંપરા કહી છે. એનો અર્થ કે વર્તમાન તો સાધન છે નહિ.

મુમુક્ષુ :- આ તો વ્યવહાર પરંપરા કહે છે.

ઉત્તર :- વ્યવહારથી કહ્યું છે એ. આહાહા..!

અરે.. ભગવાન! જૈનદર્શનમાં પણ આવા કલેશ... કલેશ... કલેશ. આજે હમણા કાંઈક આવ્યું છે. અંતરિક્ષમાં તોફાન થયું ફરીને. એમ લખ્યું છે. નહિ? આપણે કાંઈ મરાઠી સમજીએ નહિ. ગુંડા થોડા લઈ ગયા હતા. અરે..! ભગવાન આવા માર્ગ હોય પ્રભુ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કાંઈક આવ્યું છે. આપણે ભાષા સમજીએ નહિ. શું કહેવાય પ્રેરણા? હા, પ્રેરણા. પ્રેરણા આવ્યું છે, એમાં આવ્યું છે. મરાઠી છે. અરે..! ભગવાન આ ક્યાં માર્ગ? ...ને માટે ઝઘડા કરવા અને એમાં વખત ગાળવો અને વિરોધી માનીને માથા ફોડવા. આવો માર્ગ હોય? ભાઈ!

અહીં તો માર્ગ એવો છે, બાપુ! વીતરાગી આત્મા છે વસ્તુ, એને નિષ્કંપપણે ગ્રહણ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



કરવાથી અનંત કાળમાં ભલે પ્રાપ્ત ન થયું તે આ રીતે પ્રાપ્ત થાય. પાછું એમ નથી કહ્યું કે દર્શનમોહ મંદ પડશે અને ફલાણું આવશે. આ રીતે અસ્ખલિત ગ્રહણ કરવાથી '**તત્ક્ષણ ભૂમિકાની જ પ્રાપ્તિ થાય છે;...**' એમ લીધું છે. દર્શનમોહ મંદ પડશે ત્યારે અને એનો ઉદય ઘટશે ત્યારે (પ્રાપ્ત થશે એમ નથી કહ્યું). આહાહા..! સંતોએ વાતને સહેલી કરીને મૂકી છે જગત પાસે. કહો, '**અનાદિ સંસારથી ભૂમિકાની પ્રાપ્તિ ન થઈ હોય...**' અનંત કાળ નિગોદમાં ગાળ્યો હોય, અરે..! અનંત કાળ દ્રવ્યલિંગી મુનિમાં ગાળ્યો હોય. ગમે તે ગાળ્યો હોય. પણ ભગવાન આત્મા ધ્રુવ વસ્તુ અસ્ખલિત ચાલી આવે છે. એમ છે... છે... છે... છે... છે... છે... છે... છે.. એને નિષ્કંપપણે એટલે એકાકાર થઈને નિર્વિકલ્પપણે પકડવાથી એને આત્માનો અનુભવ થાય છે. '**પછી તેમાં જ નિત્ય મસ્તી કરતાં...**' પાછા પછી કહે, પહેલા પ્રાપ્ત થાય પણ પછી તો વ્યવહાર આવે ને વ્યવહાર મદદગાર? એય..! ચીમનભાઈ! એ કહે છે. જુઓ! '**પછી તેમાં જ નિત્ય મસ્તી કરતાં...**' જોયું!

મુમુક્ષુ :- નિત્ય પાછું.

ઉત્તર :- નિત્ય. ઓલું સદાય હતું પહેલું અસ્ખલિત વસ્તુ છે અને જે દૃષ્ટિ થઈ વસ્તુની એમાં ને એમાં નિત્ય મસ્તી કરતાં. જ્ઞાનાનંદ ભગવાન આત્મામાં એકાગ્રતાની મસ્તી કરતાં. લ્યો! જોયું! સમજાણું કાંઈ? પામવાની સ્થિતિ પણ ઈ અને પામ્યા પછી એમાં ને એમાં નિત્ય મસ્તી કરવી. નિર્વિકલ્પપણે ઠરવું એ એનો માર્ગ છે. આહાહા..! સમજાણું કાંઈ? થયા પછી તો અમારે મહાવ્રત પાળવા કે નહિ? પણ એ આવે પણ મસ્તી એમાં કરવા જેવી નથી. લીનતા તો દ્રવ્યસ્વરૂપ તરફ કરવાની છે. જુઓને!

'**પછી તેમાં જ નિત્ય મસ્તી કરતાં...**' જુઓ! નિત્ય શું કરવા લીધું? ધર્મીને દ્રવ્યદૃષ્ટિનું પરિણમન અને દ્રવ્ય ઉપરનું ધ્યેય કોઈ દી ખસતું નથી. એમ કહે છે. પ્રાણભાઈ! આ સમજાય છે કે નહિ આ? ધમાલ.. ધમાલ... મુંબઈની ધમાલ. એમાં આ ધમાલ કાંઈ કામ કરે નહિ. લ્યો, વિકલ્પ કામ ન કરે એમ કહે છે. આહાહા..! ભગવાનના સ્મરણનો વિકલ્પ પણ ત્યાં અંદર એકાગ્ર થવામાં કામ ન કરે. એવો માર્ગ છે, લ્યો! એવો આત્મા છે હોં! એ આત્મા જ એવો છે એમ કહે છે. સમજાણું કાંઈ?

'**પછી તેમાં જ નિત્ય મસ્તી કરતાં તે મુમુક્ષુઓ-**' જુઓ! આ મુમુક્ષુઓ. નિત્યાનંદ પ્રભુ વસ્તુની દૃષ્ટિ કરી અને અનુભવ થયો તે જ વસ્તુમાં પાછી લીનતા કરી, એમાં એકાગ્રતા કરી. કહો, સમજાણું? એટલે સ્થિરતા કરીને. '**નિત્ય મસ્તી કરતાં તે મુમુક્ષુઓ-કે જેઓ પોતાથી જ,...**' લ્યો તે પોતાથી. '**ક્રમરૂપ અને અક્રમરૂપ પ્રવર્તતા અનેક અંતની (અનેક ધર્મની) મૂર્તિઓ છે...**' કહો, ક્રમરૂપ નિર્મળ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાયો ક્રમરૂપ પરિણમે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

છે. અક્રમે ગુણો છે. '**જેઓ પોતાથી જ, ક્રમરૂપ...**' પરિણમે એ પોતાથી ક્રમરૂપે નિર્મળ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર આમ પરિણમે છે ને. એ પોતાથી ક્રમરૂપે પરિણમે છે. નિમિત્તને, રાગને લઈને નહિ. '**પોતાથી જ, ક્રમરૂપ અને અક્રમરૂપ પ્રવર્તતા અનેક અંતની...**' એટલે ધર્મો. ગુણ જે અક્રમ છે એ ધર્મ છે અને ક્રમે પરિણમે પ્રવર્તવું એ એનો ક્રમ ધર્મ છે. એવા '**અનેક અંતની મૂર્તિઓ છે તેઓ-...**' શું કહે છે? ક્રમે ક્રમે જે થાય છે દર્શન-જ્ઞાન, ક્ષયોપશમ, ક્ષાયિક આદિ એ પોતાથી થાય છે. ક્રમે ક્રમે પ્રવર્તવું એ પોતાથી થાય છે એમ કહે છે. દર્શન-જ્ઞાન-ચારિત્રની શુદ્ધિની વૃદ્ધિ આદિ પછી ક્રમે ક્રમે જે થાય છે એ પોતાથી ક્રમે ક્રમે થાય છે અને અક્રમ તો ગુણ સાથે છે. સમજાણું કાંઈ?

'**ક્રમરૂપ અને અક્રમરૂપ પ્રવર્તતા...**' એ મુમુક્ષુઓ નિત્ય મસ્તી કરતાં '**અનેક અંતની મૂર્તિઓ છે...**' એ ધર્મી તો અનેક ધર્મની મૂર્તિ છે. નિર્મળ અનેક (ધર્મની મૂર્તિ). નિર્મળ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાય ક્રમે થાય અને અક્રમ (રૂપ ગુણ રહે) એની મૂર્તિ છે. એ રાગ ને વ્યવહારનું સ્વરૂપ એનામાં છે નહિ. એમ એ કહે છે. અમરચંદભાઈ! વ્યવહાર સ્વરૂપ છે એની પાસે? કહે ના. સત્તા છે પરદ્રવ્યની જેમ એમ જાણે છે. એ તો આવા છે. શુદ્ધ અક્રમે અનંત ગુણ દ્રવ્યને અવલંબતા પ્રાપ્તિ થઈ નિત્ય મસ્તી કરતાં અક્રમ અને ક્રમે ક્રમે જે ગુણની વૃદ્ધિ થાય છે ક્રમે ક્રમે એ પોતે પ્રવર્તતો થકો. એ બે થઈને મૂર્તિ પોતે છે. ક્રમે ક્રમે થતી દશા અને અક્રમે (રહેતા ગુણો) એનું એ સ્વરૂપ, એ સ્વરૂપે આત્મા છે. આહાહા..! આમાં તો બહુ ધ્યાન રાખે તો પકડાય, નહિતર સમજાય એવું નથી. આહાહા..!

'**તેઓ-સાધકભાવથી ઉત્પન્ન થતી...**' જુઓ! '**અનેક અંતની મૂર્તિઓ છે...**' ભાષા જોયું! મુમુક્ષુઓ. આહાહા..! ધર્મમૂર્તિ છે સ્વરૂપ. શુદ્ધ નિર્મળ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાયો ક્રમે થતી અને અક્રમે (રહેતા) ગુણ, એનું એ સ્વરૂપ એ ધર્મમૂર્તિ છે. સમજાણું કાંઈ? '**તેઓ-સાધકભાવથી ઉત્પન્ન થતી...**' લ્યો! એ નિર્મળ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે સ્વને અવલંબે નિકટ પકડીને જે પ્રગટ દશા સાધકપણે ક્રમે અને અક્રમે થતી ... એ '**પરમ પ્રકર્ષની કોટિરૂપ સિદ્ધિભાવનું ભાજન થાય છે.**' એ પરમ પ્રકર્ષના વિશેષની કોટિ એટલે ભાજન એટલે સિદ્ધપણું પામે છે. લ્યો! કોટી એટલે '**અંતિમતા; ઉત્કૃષ્ટતા; ઊંચામાં ઊંચું બિંદુ; હદ.**' આવા જીવો ક્રમે અક્રમે રહેતા ગુણો અક્રમે અને ગુણ પરિણતિ નિર્મળ એના સાધકભાવથી ઉત્પન્ન થતી, એના ભાવથી ઉત્પન્ન થતી સિદ્ધિભાવનું ભાજન એટલે સિદ્ધપણું થાય છે. એમ. સિદ્ધનું પાત્ર થાય એટલે ત્યાં સિદ્ધિ રહેશે. ત્યાં સિદ્ધપણું થશે. આવા સાધકપણાથી ઉત્પન્ન થતી સિદ્ધિદશા થશે. બીજાને આ રીત સિવાય થશે નહિ. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**અષાઢ વદ ૧૧, શનિવાર તા. ૨૦-૭-૧૯૬૮**
**શ્લોક-૨૬૬, પ્રવચન-૫૭૩**

આ પરિશિષ્ટ અધિકાર સમયસારનો છે. અહીં સુધી આવ્યું, જુઓ. '**પરમ પ્રકર્ષની કોટિરૂપ સિદ્ધિભાવનું ભાજન થાય છે.**' ત્યાં સુધી આવ્યું છે. શું કહ્યું? એ શબ્દ સુધી આવ્યું છે. હવે પછી '**પરંતુ...**' ત્યાંથી શરૂ થશે.

મુમુક્ષુ :- પરંતુ.

ઉત્તર :- હા, ત્યાંથી શરૂ થશે. ત્યાં સુધી આવી ગયું છે કાલે. એટલે શું આવ્યું થોડું માથે?

આત્મા છે એ અનંત જ્ઞાન-દર્શન આદિ શક્તિનો પિંડ આત્મા છે. એવું જેણે અંતર્મુખ આત્માની દૃષ્ટિ કરી અને સાધકપણું પરિણમન કર્યું છે જેણે. અનંત જ્ઞાન, અનંત આનંદ આદિ વસ્તુ સ્વરૂપમાં જેણે દૃષ્ટિ કરી છે. અને જેને સમ્યગ્દર્શન-જ્ઞાન-શાંતિ થોડી પ્રગટ થઈ છે. થોડી એટલે પૂર્ણ નથી એ અપેક્ષાએ. એ જીવો સાધકપણે પરિણમતાં પોતાના જે શુદ્ધ અનંત ગુણ છે એની ક્રમે ક્રમે આનંદ ને શાંતિ ને શ્રદ્ધાની પર્યાયો ક્રમે ક્રમે વર્તે છે અને ગુણો અક્રમે છે. એ ગુણની પર્યાયનું ક્રમપણું અને ગુણનું અક્રમપણું એવી અનેકાંતની મૂર્તિ તે ધર્માત્મા છે. સમજાણું કાંઈ? એને ધર્માત્મા કહીએ. ઝીણું બહુ.

એ ધર્માત્મા '**પરમ પ્રકર્ષની કોટિરૂપ સિદ્ધિભાવનું ભાજન થાય છે.**' આગળ વધીને શુદ્ધિની વૃદ્ધિ કરતાં સિદ્ધપણાને પામે છે. સમજાણું કાંઈ? આમ તો સમ્યગ્દર્શનમાં પણ શુદ્ધ શ્રદ્ધા અંતર નિર્મળ નિર્વિકલ્પ શ્રદ્ધા, સ્વસંવેદનજ્ઞાન અને ચોથા ગુણસ્થાનમાં પણ એકદેશ શીલ સ્વભાવ ગણવામાં આવ્યો છે. ભાઈ! શીલ પાહુડ. ચોથા ગુણસ્થાનમાં પણ એકદેશ શીલ છે. શીલ. બ્રહ્મચારીજી! શીલ શું? અનંતાનુબંધીનો અભાવ એ શીલ છે.

મુમુક્ષુ :- શીલ નામ ચારિત્ર.

ઉત્તર :- એટલું ચારિત્ર છે. નરકમાં પણ નારકીને પણ ભગવાને શીલ કહ્યું છે. સમ્યગ્દૃષ્ટિને નારકીમાં પણ શીલ છે. શીલ એટલે? જ્ઞાનાનંદ ચૈતન્યસ્વરૂપ એવા જે શુદ્ધ સ્વભાવની શ્રદ્ધા, જ્ઞાન અને રમણતાનો અંશ (પ્રગટ્યો) એને શીલ ગણ્યું છે. અને આમેય નિર્જરા અધિકારમાં સમકિતીને જ્ઞાન ને વૈરાગ્યની શક્તિ હોય છે એમ કહ્યું છે ને? એ વૈરાગી છે. આહાહા..!

મુમુક્ષુ :- ... સહજ વૈરાગી.

ઉત્તર :- સહજ વૈરાગી.

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


અહીં તો જરી ન્યાયથી વર્ણવ્યું છે. ભગવાન કુંદકુંદાચાર્ય કહે છે કે નરકમાં પણ આત્માને-સમ્યગ્દષ્ટિને શીલ છે. એ ક્યો શીલ? સમજાણું કાંઈ? જે ઉદયભાવ આવે છે એનાથી એની વિરક્ત પરિણતિ છે અને સ્વરૂપમાં રક્ત પરિણતિ છે. આ તો માર્ગ છે વસ્તુનો. સમજાય છે કાંઈ? એક સમયમાં પૂર્ણ આનંદમૂર્તિ આત્મા એની અંતરમાં સમ્યગ્દર્શન પહેલી દશામાં પહેલી ધર્મ ભૂમિકા એ છે. એ વિના ધર્મ હોઈ શકે નહિ. તે સમ્યગ્દર્શનમાં સર્વજ્ઞે કહેલો આત્મા અનંત ગુણનો પિંડ આત્મા છે એની અંતર્મુખ થઈને તેનો સ્વીકાર અનુભવમાં થવો એનું નામ પ્રતીતિ, એનું જ્ઞાન નામ જ્ઞાન અને પુણ્ય-પાપના ઉદયભાવ વર્તે છે એનાથી અભાવરૂપ વિરક્તરૂપ પરિણતિ જ્ઞાનીની છે. એટલો તો ચોથા ગુણસ્થાનમાં પણ સમ્યગ્દર્શન અને શીલભાવ બે સાથે છે. સમજાણું કાંઈ?

ત્યાં તો એમ કહ્યું છે શીલપાહુડમાં. ભાઈ! શીલને પ્રતાપે તો તીર્થંકર થાય છે. વિરક્ત છે ને એટલો એમાં. ઉદયભાવ તો છે એનો, પણ એમાંથી આમ શુદ્ધતાની વૃદ્ધિ થાય છે આમ. શીલને કારણે શુદ્ધતાની વૃદ્ધિ થાય છે. કહો, સમજાણું કાંઈ? શ્રેણિક રાજા અત્યારે નરકમાં છે. ત્યાંથી નીકળીને તીર્થંકર થવાના છે. આમ તો કાંઈ ત્યાગ ત્યાં પણ નહોતો, બાહ્ય સ્ત્રીત્યાગ કે પંચમહાવ્રત કે કાંઈ હતું નહિ. પણ અહીં પૂર્ણ શુદ્ધ ચૈતન્ય અનંતગુણનો પિંડ છે એનો અનુભવ, એનો સ્વીકાર અને પુણ્ય-પાપના વિકલ્પનો સ્વીકાર નહિ, એટલું તો અનુભવ અને શીલ લઈને અહીંથી નરકમાં જાય છે. સમજાણું કાંઈ? આહાહા..! અને તે સમ્યગ્દર્શન ને શીલસ્વભાવ ત્યાં ચાલુ છે પાછો. અમરચંદભાઈ! આહાહા..!

આ ચીજ છે અંદર એની ખબર વિના બધા ગમે તે કરે-ભક્તિ, પૂજન, પૂજા, દયા, દાન, વ્રત એ બધા એકડા વિનાના મીંડા છે. સમજાણું કાંઈ? શૂન્ય છે એનું ફળ, સંસાર રખડવાનું છે. પોતે અનંત ગુણનો ડાબલો, અનંત ગુણનો સાગર ભગવાન આત્મા, અનંત અનંત શુદ્ધ ચૈતન્ય શક્તિ એનો અંતર સ્વસન્મુખ થઈને પરથી વિમુખ થઈને, સ્વસન્મુખ થઈને, અંતર જ્ઞાનના ભાનમાં પ્રતીતિ થવી અને તેમાં અંશે લીનતા થવી અને રાગથી વિરક્તતા રહેવી... સમજાણું કાંઈ? એ સાધકજીવ છે. આપણે તો અહીં છઠ્ઠાને સાધક લીધો હતો પહેલો અને સાતમાથી લીધો હતો ઉપયોગપણે મૂળ તો. પણ ગૌણપણે આ પણ છે. મુખ્યપણે તો સાધુ છે ને. વાત એ જાતની કરી છે. સમજાણું કાંઈ? એટલે આત્મામાં એ આવો સાધક થયેલો ઉત્કૃષ્ટ શુદ્ધતાને પ્રગટાવીને સિદ્ધિભાવનું ભાજન થાય છે. એટલે મુક્તિ થાય છે. એમ. ભાજન એટલે? એ સિદ્ધ થશે એમ. એ સિદ્ધ થશે. એની પર્યાયમાં પાત્રતા એવી આવી છે કે સિદ્ધપર્યાય પ્રગટ થશે એમ કહે છે. સમજાણું કાંઈ?

**'પરંતુ...'** હવે આવ્યું. **'જેમાં અનેક અંત અર્થાત્ ધર્મ ગર્ભિત છે એવા એક જ્ઞાનમાત્ર**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


**ભાવરૂપ...**' દેખો! ભગવાન આત્મા સમજણનો પિંડ અને જ્ઞાનભાવ. એ જ્ઞાનભાવમાં અનંત ધર્મો, શક્તિઓ ગર્ભિત પેટામાં પડી છે. ભલે જ્ઞાનભાવ કહ્યો, પણ જ્ઞાનભાવમાં શ્રદ્ધા, શાંતિ, આનંદ, અસ્તિત્વ, વસ્તુત્વ, પ્રમેયત્વ એવા અનંતા ગુણો જ્ઞાનભાવમાં ગર્ભિત અંદર પેટામાં છે. સમજાણું કાંઈ? '**જેમાં અનેક અંત અર્થાત્ ધર્મ ગર્ભિત છે એવા એક જ્ઞાનમાત્ર ભાવરૂપ...**' પુણ્ય-પાપનો વિકલ્પ દયા, દાન, વ્રત, આદિ વિકલ્પ એ આત્મા નહિ. કહો, સમજાણું કાંઈ? આવો જે આત્મા જ્ઞાનમાત્ર કે જે પુણ્ય-પાપના રાગના અભાવમાત્ર અને એ જ્ઞાનસ્વભાવભાવ એમાં અનંત શક્તિઓ, આનંદ, શાંતિ એટલે ચારિત્ર, શ્રદ્ધા, સ્વચ્છતા, પ્રભુતા અનંત શક્તિઓ જ્ઞાનભાવમાં ગર્ભિત પેટામાં પડી છે. સમજાણું કાંઈ? આહાહા..!

'**એવા એક જ્ઞાનમાત્ર ભાવરૂપ આ ભૂમિને જેઓ પ્રાપ્ત કરતા નથી,...**' જેઓ પ્રાપ્ત કરતા નથી અને પુણ્ય ને પાપ, દયા ને દાન, વ્રત ને ભક્તિના પરિણામને પ્રાપ્ત કરે છે એ મિથ્યાદૃષ્ટિ છે. જાધવજીભાઈ! આહાહા..! સચ્ચિદાનંદ પ્રભુ આત્મા શાશ્વત જ્ઞાન અને આનંદના ભાવવાળો એના પેટામાં અનંત શક્તિઓ છે. એવા ભાવને જે પ્રાપ્ત કરતો નથી, અંતર સન્મુખ થઈને તેને મેળવતો નથી, એની અંતર અનુભવ દૃષ્ટિ કરતો નથી. '**આ ભૂમિને જેઓ પ્રાપ્ત કરતા નથી,...**' એ સિવાય લાખ વ્રત ને તપ ને ભક્તિ ને પૂજાના વિકલ્પ હો, એ આત્માને કાંઈ પણ લાભકારક નથી. સમજાણું કાંઈ?

એ શોભાનું આવ્યું છે, હોં! ચીમનભાઈએ પૂછ્યું હતું ને? શુભભાવ શોભા. શોભા તો પોતાના દર્શન-જ્ઞાન-ચારિત્રની શોભા તે શોભા છે. સમજાણું? શુભભાવની એને શોભા ન હોય. ધર્મીને શુભભાવની શોભા છે જ નહિ. આહાહા..! એવો શબ્દ છે હોં! શીલપાહુડમાં છે. એવો છે એક ગાથામાં ક્યાંક. એ શોભા નહિ. શોભા તો ભગવાન આત્મા આમ જ્ઞાનનો પુંજ પ્રભુ, આનંદનો રસ સાગર, શાંતિનો દરિયો આત્મા. એવી અનંત શક્તિવાળું તત્ત્વ એને જે અંતર સન્મુખ થઈને એ સમ્યગ્દર્શનની ભૂમિકાને, જ્ઞાનની ભૂમિકાને પ્રાપ્ત કરતો નથી અને બહારમાં વિકલ્પની જાળમાં ભટક્યા કરે છે. સમજાણું કાંઈ?

જુઓ! '**અનેક અંત અર્થાત્ ધર્મ ગર્ભિત છે એવા એક જ્ઞાનમાત્ર ભાવનું...**' ભગવાન તો એકલો જ્ઞાનમાત્ર સ્વરૂપ જ આત્મા છે. કર્મ નહિ, શરીર નહિ, પુણ્ય-પાપના ભાવ નહિ. એવો આત્મા એને, જે '**ભૂમિને જેઓ પ્રાપ્ત કરતા નથી,...**' એની સન્મુખ થઈને તેને પ્રાપ્ત કરતાં નથી, અનુભવ કરતાં નથી. શ્રદ્ધા અંતરમાં સન્મુખ થઈને કરતાં નથી '**તેઓ સદા અજ્ઞાની વર્તતા થકા,...**' સમજાણું કાંઈ? જ્ઞાનસ્વરૂપ ભગવાન અને આનંદ સ્વરૂપ આત્મા એવું સ્વરૂપ એનું છે. એને જે સ્વસન્મુખ થઈને પ્રાપ્ત કરતાં નથી એવા અજ્ઞાનીઓ પુણ્ય અને પાપના રાગને પ્રાપ્ત કરી અને મિથ્યા શ્રદ્ધાએ પોતે એમાં ધર્મ માની અને મિથ્યા

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


શ્રદ્ધા, મિથ્યાજ્ઞાન અને મિથ્યા આચરણ આચરી ચાર ગતિમાં રખડે છે. સમજાણું કાંઈ?

'**અજ્ઞાની વર્તતા થકા,...**' જુઓ! આમાં કર્મનું તો ક્યાંય નામ લીધું નથી કે કર્મને લઈને આમ થાય, ઢીકણાને લઈને (આમ થાય), એ વાત જ નથી લીધી. પોતે આવી ભૂમિને પ્રાપ્ત કરતા નથી માટે અજ્ઞાનપણે વર્તે છે એમ લીધું છે. પણ કોણ જાણે એવા લાકડા ગરી ગયા. અરે.. ભગવાન! તું તને ભૂલ્યો અને તું ને તું સંભાળ. બાકી કાંઈ છે નહિ. બીજાની સાથે તારે કાંઈ સંબંધ નથી. આહાહા..! અરે..! દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિ, ભજન આદિનો શુભભાવ એની સાથે તારે કાંઈ સંબંધ નથી. એ તો બંધનું કારણ પર છે. સમજાણું?

તેથી કહ્યું ને? જ્ઞાનમાત્ર ભૂમિને પ્રાપ્ત કરતા નથી '**તેઓ સદા અજ્ઞાની વર્તતા થકા,...**' સદા અજ્ઞાની વર્તતા થકા. ચાહે તો શુભભાવમાં હોય, ચાહે તો અશુભભાવમાં હોય, પણ અજ્ઞાની વર્તતા થકા. સમજાણું કાંઈ? '**જ્ઞાનમાત્ર ભાવનું સ્વરૂપથી અભવન...**' ભગવાન શુદ્ધ ચૈતન્યસ્વરૂપ જ્ઞાનમાત્ર ભાવ એનું-એવા સ્વરૂપનું અભવન એટલે આનંદ અને જ્ઞાનનું નહિ થવું. સમજાણું કાંઈ? પોતાના સ્વરૂપની અંતર અનુભવની દૃષ્ટિ પ્રગટ કર્યા વિના શુભ અને અશુભભાવને પોતાના માની અજ્ઞાની વર્તતો થકો, એને જ્ઞાનનું અથવું છે. એટલે આત્માનું પરિણમનનું અથવું છે. સમજાણું કાંઈ?

'**જ્ઞાનમાત્ર ભાવનું સ્વરૂપથી અભવન...**' સ્વરૂપથી અભવન. ભગવાન ચૈતન્ય જ્યોત છે તેના સ્વરૂપનું પર્યાયમાં અથવું, અણથવું '**પરરૂપથી ભવન દેખતા...**' એ શુભ ને દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો જે ભાવ ભજન આદિ ભગવાનનો એ શુભરાગ છે. એને પરને પરરૂપથી ભવન દેખતા. રાગથી પરિણમન પોતાને થયું એમ દેખતા. સ્વરૂપ છે એનું અભવન, રાગના પરિણમનનું થવું તેને દેખતા. સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ! જ્ઞાનમાત્ર ભાવ એનું સ્વરૂપથી અથવું-અભવન અને પરરૂપથી ભવન શ્રદ્ધતા થકા. એ પુણ્યના પરિણામ દયા, દાન, વ્રત આદિના પરિણામ એ મારા છે અને એનાથી મને લાભ છે એમ '**(-શ્રદ્ધતા) થકા,...**' અજ્ઞાની એમ માનતા થકા એ મિથ્યાદૃષ્ટિ નિગોદની ગતિએ જવાના છે, કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? ઓલા સિદ્ધ ભાજન છે. સિદ્ધ થવાના છે. આ નિગોદ થવાના છે. એમ. સમજાણું કાંઈ?

પોતાને સ્વરૂપનું અભવન (અર્થાત્) જ્ઞાનાનંદ ભગવાન આત્મા એનું જ્ઞાનનું, શ્રદ્ધાનું, શાંતિનું, આનંદનું નહિ પરિણમન કરતો એટલે નહિ થવું થતાં '**પરરૂપથી ભવન દેખતા (-શ્રદ્ધતા) થકા,...**' એ રાગ અને પુણ્ય આદિ મારા છે, એ મારું કર્તવ્ય છે એમ પરને પોતાના સ્વરૂપે માનતો મિથ્યાદૃષ્ટિ છે. સંસારનું ભાજન છે. ઓલું સિદ્ધિનું ભાજન છે. સમજાણું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


કાંઈ? પછી સ્વર્ગમાં જાય કે ગમે (ત્યાં જાય), એ સંસારનું ભાજન છે. સ્વર્ગમાં જાય તો ત્યાંથી પડીને ઢોર થઈને પાછો નિગોદમાં જાશે. આ તો સીધો નિગોદમાં ન જાયને દેવ. સીધો નિગોદમાં દેવ ન જાય એટલે કહ્યું કે દેવ મરીને તિર્યંચ થશે પશુ પંચેન્દ્રિય પછી નિગોદમાં (જશે). સીધો નિગોદમાં ન જાય. સમજાણું કાંઈ? ત્યાં દેવલોકનો દેવ જાય છે પણ એ નિગોદમાં ન જાય. એકેન્દ્રિયમાં જાય. પૃથ્વી, હીરા આદિના પથરા હોય એમાં જાય, ફૂલ હોય એમાં જન્મે દેવ મરીને મિથ્યાદૃષ્ટિ દેવ. મોટો દેવ થયો હોય. બે સાગર અસંખ્ય અબજ વર્ષનું આયુષ્ય. પણ સ્વરૂપનું ભાન નથી અને રાગને, પુણ્યને પોતાનું માનતો મિથ્યાદૃષ્ટિપણે પરને પોતાનું માનતો એ મરીને ભલે શુભભાવ હોય તો સ્વર્ગમાં જાય, પણ ત્યાંથી મરીને ઢોર થઈને નિગોદમાં જશે. એ નિગોદનું ભાજન છે. આહાહા..! ભારે વાત. સમજાણું કાંઈ?

'**(શ્રદ્ધતા) થકા,...**' પરરૂપથી થવું દેખતા થકા. એમ. એ જ હું છું. રાગનું થવું, પુણ્યનું થવું, એ પરિણામરૂપે એ આત્મા છું એમ માનતા થકા '**જાણતા થકા...**' એ પરરૂપને પોતાપણે જાણતા થકા. પરરૂપથી થવું એ પોતાને જાણતા થકા. એમ. રાગરૂપે થાઉં છું એ મારું સ્વરૂપ છે એમ જાણતા થકા. સમજાય છે કાંઈ? આ તો માખણની વાત છે ટૂંકી થોડી. આહાહા..! પરરૂપથી થવું દેખતા થકા. જાણે હું પરરૂપે થયો, રાગરૂપે થયો. એમ માને છે હોં! ખરેખર દ્રવ્ય કાંઈ રાગરૂપ થતું નથી. પુણ્યરૂપે આત્મા થતો નથી. પણ એ પુણ્યરૂપે આ મારું છે, કર્તવ્ય છે, મારું સ્વરૂપ છે એમ દેખતો, શ્રદ્ધતો થકો, એમ '**જાણતા થકા અને આચરતા થકા,...**' એ રાગનું આચરણ પરરૂપથી થવું આચરતા થકા, રાગરૂપથી થવું આચરતા થકા. લ્યો! સમજાણું કાંઈ? સમજવું ભારે આકરું કામ. આવો વીતરાગ માર્ગ હશે? હવે ઓલું તો ભાઈ સામાયિક કરી નાખવી, પોષા કરી નાખવા, દયા, દાન, તસ્સઉતરી કરણેન ... જાવ. એય.. ભગવાનભાઈ! કેટલા થોથા કર્યા સામાયિક ને પોષા ને પડિક્કમણા. ધૂળમાંય નથી કહે છે, સાંભળને! એ તો બધા રાગ છે. રાગરૂપે હું થાઉં છું એ માન્યતા જ મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ? એ પરરૂપને પોતાનું જાણવું એ મિથ્યાજ્ઞાન છે અને રાગનું આચરણ તે મિથ્યા આચરણ છે. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- મજૂરી માથે પડી. ઠીક. એમ કે આટલું કષ્ટ કરે તોપણ એમ કે.. નહિ? એ ભાષા છે આપણે હોં વ્યવહારમાં. મજૂરી માથે પડી એમ નથી કહેતા? શું કર્યું પણ એણે? મજૂરી એટલે રાગને પોતાનો માન્યો, રાગને પોતાને જાણ્યો, રાગનું આચરણ કર્યું, બસ! મજૂરી એની કરી છે. આહાહા..! સમજાય છે કાંઈ? કેમ કે રાગરહિત સ્વરૂપ છે શુદ્ધ ચિદાનંદ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



આત્મા એને તો જાણ્યો નથી. એને મારો ઓળખ્યો નથી. એને પોતારૂપ છે આ વસ્તુ આ જ્ઞાનાનંદરૂપ એ તો જાણ્યું નથી. એટલે પછી રાગને પોતારૂપ શ્રદ્ધતો, રાગને પોતારૂપ જાણતો, રાગરૂપ આચરણ કરતો (પરિણમે છે). સમજાણું કાંઈ?

'**જાણતા થકા અને આચરતા થકા,...**' જોયું! કોને? રાગને. પરરૂપ ભવન હોં! પરરૂપથી ભવન આચરતા થકા. પર શબ્દે કાંઈ શરીર ને જડને કાંઈ નથી આચરતો એ. અંદર વિકારી વિકલ્પ જે છે શુભભાવ દયા, દાન, વ્રત, ભક્તિ, ભજન આદિનો ભાવ એ શુભ છે, એ કાંઈ ધર્મ-બર્મ નથી. એને આચરતા થકા '**મિથ્યાદષ્ટિ,...**' '**પરરૂપથી ભવન દેખતા (-શ્રદ્ધતા) થકા,...**' '**મિથ્યાદષ્ટિ,...**' પરરૂપથી ભવન જાણતા થકા '**મિથ્યાજ્ઞાની અને...**' પરરૂપથી પોતાને આચરતા થકા '**મિથ્યાચારિત્રી....**' આહાહા..! ભગવાન વીતરાગ સર્વજ્ઞદેવ શું ધર્મ કહે છે લોકોને સાંભળવા મળે નહિ બિચારાને. અને એમ ને એમ ઓઘે ઓઘે જન્મ ચાલ્યા જાય. ચાર ગતિ રખડે. સમજાણું કાંઈ?

વિકલ્પ હું તોડું એવો પણ એક વિકલ્પ છે એનું આચરણ કરતો મિથ્યાદષ્ટિ, મિથ્યાજ્ઞાની, મિથ્યા આચરણવાળો છે એમ કહે છે. આહાહા..! જ્ઞાનમાત્ર વસ્તુ છે ભિન્ન. એમાં વિકલ્પ છે જ નહિ. તોડવા ક્યાં? છે જ નહિ. સમજાણું કાંઈ? જ્ઞાન ચિદાનંદ સ્વરૂપ એમાં વિકલ્પ છે જ નહિ. છે નહિ પછી તોડવો ક્યાં? તોડવું છે અને તોડું અને વિકલ્પરહિત થાઉં એવો જે વિકલ્પ છે એનું આચરણ મિથ્યાદષ્ટિને મિથ્યાશ્રદ્ધા, મિથ્યાજ્ઞાન, મિથ્યા આચરણમાં છે. આહાહા..! અહીં તો અંતરની સૂક્ષ્મ વાતમાં અટકેલાની વાત છે. આ કાંઈ સ્થૂળ વાત નથી. નવમી ગ્રૈવેયકે જૈન દિગંબર સાધુ થઈને ગયો. હજારો રાણી છોડી. સમજાણું? અને બાળબ્રહ્મચારી હોય. એથી શું? કાયાની ક્રિયા ન હોય એથી શું વસ્તુ થઈ ગઈ અંદર?

બ્રહ્માનંદ ભગવાન આત્મા અનંત જ્ઞાન ભગવાને જે પ્રગટ કરી દશા એવો આ દશાનો અંદર સ્વભાવવાન આત્મા છે. એવો સ્વભાવ ચૈતન્ય અનંત ધર્મની મૂર્તિ એને નહિ માનતા, નહિ જાણતા, નહિ અનુભવતા, નહિ સ્થિર થતા પરરૂપને પોતાનું માનતા... સમજાણું કાંઈ? પરરૂપને પોતાનું જાણતાં. એ રાગ જાણે મારો છે, એ વિકલ્પ મારો છે માટે હું તોડું, હઠાવું. કારણ કે પોતામાં છે માટે હઠાવું એમ થયું ને? પોતામાં છે જ નહિ. સમજાણું કાંઈ? એ મિથ્યાદષ્ટિ પરરૂપથી એટલે '**જ્ઞાનમાત્ર ભાવનું સ્વરૂપથી...**' નહિ થવાથી '**અભવન...**' ઉત્પાદ ન થવો. તો પરરૂપથી ઉત્પાદ થયો. રાગરૂપ, પુણ્યરૂપ અંદર આત્માના સ્વભાવને છોડી વિકલ્પ જે શુભ છે રાગ એ રૂપે પોતાને શ્રદ્ધતો, એ રૂપે પોતાને માનતો, એ રૂપે આચરણ કરતો '**મિથ્યાદષ્ટિ, મિથ્યાજ્ઞાની, મિથ્યાચારિત્રી વર્તતા થકા,...**' આવા મિથ્યાશ્રદ્ધા, મિથ્યાજ્ઞાન, મિથ્યા આચરણમાં વર્તતા થકા '**ઉપાય-ઉપેયભાવથી અત્યંત ભ્રષ્ટ વર્તતા થકા...**' ઉપાય

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


એટલે મોક્ષમાર્ગથી ભ્રષ્ટ અને ઉપેય એટલે મોક્ષથી ભ્રષ્ટ. આહાહા..! ભાઈ! સમજાણું કાંઈ?

આ રીતે પરરૂપ અને સ્વરૂપનું અભવન અને પરરૂપનું ભવન. જે નથી તે રૂપે પરિણમવું, છે એ રીતે ન પરિણમતા એમ કહે છે. જ્ઞાનાનંદ શુદ્ધ સ્વરૂપ છે એ રીતે ન થતાં, એમાં રાગાદિ નથી એ રૂપે પરિણમતા થકા મિથ્યાદૃષ્ટિ, મિથ્યાજ્ઞાની, મિથ્યાચારિત્રી વર્તતા થકા. જોયું! '**મિથ્યાચારિત્રી વર્તતા થકા, ઉપાય-ઉપેયભાવથી અત્યંત ભ્રષ્ટ...**' છે. આ કારણે મોક્ષના માર્ગથી અને મોક્ષથી ભ્રષ્ટ છે. કારણ કે માર્ગ નથી એટલે માર્ગથી ભ્રષ્ટ છે અને એને સિદ્ધપદ થવાનું નથી માટે એનાથી ભ્રષ્ટ છે. સમજાણું કાંઈ? આહાહા..! ઓલા એકલા વ્યવહારના પક્ષવાળાને એવું લાગે કે આ એકાંત છે રે, એકાંત છે. એમ બિચારાને લાગે. ભાઈ! આ એકાંત જ આમ છે કે સ્વરૂપ તરફનું અંતર એકાગ્ર થવું, એનું જ્ઞાન કરવું અને ઠરવું એ એક જ મોક્ષનો માર્ગ છે. બીજો વિકલ્પ છે ને ફલાણું છે એ મોક્ષમાર્ગ છે નહિ.

પોતાની સંપદાનું એને માન, એના વૈભવની ખબર પડતી નથી. પોતાનો વૈભવ જ્ઞાનાનંદ આદિ વૈભવ છે એની એને ખબર નથી. પારકી રાગાદિની પરિણતિ એ પોતાની માની ઉપાય-ઉપેયથી ભ્રષ્ટ છે. સમ્યગ્દર્શન-જ્ઞાન અને ચારિત્રથી (ભ્રષ્ટ છે). એ રાગને પોતાનો માનતા, રાગને પોતાનો જાણતા, રાગનું આચરણ કરતાં મોક્ષમાર્ગથી સમ્યગ્દર્શનથી ભ્રષ્ટ છે, સમ્યગ્જ્ઞાનથી ભ્રષ્ટ છે અને ચારિત્રથી ભ્રષ્ટ છે. સમજાણું કાંઈ? આમાં ક્યાંય કર્મને સંભાર્યા છે ક્યાંય? અમૃતચંદ્રાચાર્યે સંભાર્યા છે ક્યાંય એમાં? કે સ્વરૂપથી ભ્રષ્ટ દર્શનમોહના ઉદયને લઈને થાય. દર્શનમોહનો ક્ષયોપશમ થાય તો સમકિત સ્વરૂપનું સંબોધન થાય, ભાન થાય. એ તો વાત લીધી નથી. ભૂલી ગયા હશે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. સંભાર્યું હતું. ડોઢ ડાહ્યા બધા કહે છે. કર્મને સંભારો, કર્મ વિના થાય નહિ. જૈનદર્શનમાં કર્મ માર્ગ આપે ત્યારે થાય, કર્મનો ઉદય આવે ત્યારે વિકાર થાય, કર્મ માર્ગ આપે ત્યારે જ્ઞાનમાં અને શ્રદ્ધામાં ક્ષયોપશમ થાય. આવા ને આવા પાક્યા છે જૈનમાર્ગના વેરી. એ ઠાણાંગમાં આવે છે છઠ્ઠે ઠાણે. કહ્યું હતું. પહેલા (સંવત) ૧૯૭૮માં કહ્યું હતું. ... સંભળાવ્યું હતું પણ તે દી..

જેમ જેમ બહુશ્રુત બહુજન સંમત બહુ શિષ્યે પરવર્યો
તેમ તેમ જૈનશાસનનો વેરી જો નવી નિશ્ચય દરિયો.

સમજાણું?

જેમ જેમ બહુશ્રુત. ઘણું ભણ્યો, બહુ પંડિતાઈ થઈ, દુનિયામાં પ્રસિદ્ધિ થઈ. 'બહુ શિષ્યે પરવર્યો...' ઘણા શિષ્યો અને પરિવાર લાખો-કરોડો મનુષ્યો માને, શિષ્યો હજારો-લાખો શિષ્ય

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


સાધુ આદિ થાય. 'તેમ તેમ જૈનશાસનનો વેરી...' અને બહુ માનનારા થાય પાછા. મોટા મોટા કરોડોપતિ રાજાઓ માનનારા થાય, રાજા માને કે ઓહોહો..! 'જેમ જેમ બહુશ્રુત બહુજન સંમત બહુ શિષ્યે પરવર્યો.' ત્રણ બોલ છે. બીજા ત્રણ છે એમાં. સમજ્યાને? એમાં છ બોલ છે. ઠાણાંગમાં છઠ્ઠે છે. ઠાણંગમાં છે. યાદ કાંઈ છે? તે દી તો બધા છએ યાદ પણ હતા. ત્રણ બોલ આમાં લીધા. એ સંસ્કૃત ટીકામાં આટલું મૂક્યું છે. મૂળ પાઠમાં છ બોલ છે.

નિશ્ચય આત્મા શું છે જ્ઞાનાનંદ એના ભાન વિના આવા ભાવમાં બહુમાન લોકોમાં વધે, શિષ્યો બહુ થાય, વિદ્વતા પણ ઘણી હોય, લાખો માણસને પણ ધારાવાહી ઉપદેશથી ઠગે નહિ પણ... અમરચંદભાઈ! ખરેખર તો ઠગે છે. પણ આહાહા..! આ ઉપદેશ! આહા..! કહે છે કે એ નિશ્ચય જ્ઞાનાનંદ શુદ્ધ ચૈતન્ય છું, રાગ વિનાની ચીજ છે એની અનુભવ દૃષ્ટિ નથી એને આ બધું છે એ જૈનશાસનનો વેરી એક જાણ્યો. આહાહા..! વીતરાગભાવને નહિ અનુભવતો, રાગથી લાભ મનાવતો, દુનિયાને માનતો, મનાવતો એ વીતરાગ શાસનનો એક વેરી.. શું કહે છે? ડાકુ, બહારવટિયા, લૂંટારા કહે ને? બહારવટિયા કહે છે ને? બહારવટિયા. બહાર ફરનારા એમ. એ ગામમાં ન આવે. એ બહાર ફરે.

ગાય છે ને. એઈ..! ગાય છે ને? તમારો ગાય છે. છોટાભાઈને કીધું. નહિ? કાળુભા શું કીધું? 'કાળુભાના કુંવર આવા તે બહારવટા નહોતા ખેલવા.' એવું છે. કહે છે... એક હતો કાઠીનો દીકરો અને પછી બહારવટે નીકળી ગયો. બહારવટુ સમજાય છે ને? વિરોધમાં. કણબી હતો. કણબી સાથે કાંઈક વિરોધ હશે અને કણબી બિચારો પાણી પીતો હતો એમાં આ જઈને મારી નાખ્યો કણબીને અને પછી કણબીના કટકા કરીને ગામમાં બજારમાં મૂક્યા. ઓલું વેર. પછી બહારવટિયો થયો. લોકોનો તો વિરોધ થઈ ગયો પછી બહાર વયો ગયો. પછી તો હેરાન થઈ ગયેલો. બહુ દુઃખી થયો. એને બાયડી હતી, મા-બાપ હતા, બધા હતા.

મુમુક્ષુ :- ખીલી વાગી એ?

ઉત્તર :- ખીલી વાગી એ. ખીલી વાગી એ. પછી ક્યાંક લૂંટવા ગયો એમાં મોટો હતો પટારો. પટારા ઉપર... જોડા જોડે નહિ. બહાર કાઢ્યા હશે. પટારાને પાટુ મારીને તોડી નાખું. પાટું મારીને તોડવા ગયો ત્યાં ખીલી વાગી ગઈ. ખીલી સમજો છો? શું? ખીલી. લોઢાની ખીલી હોય છે ને? કીલ વાગી અને પછી પાક્યું તે પાક્યું. હવે એ કાંઈ દવાખાને જાય? બહારવટિયા દવાખાને શી રીતે જાય? પાટાપીંડી શી રીતે થાય? એ જંગલમાં એકલો. પછી બહુ પીડા થઈ, બહુ પીડા. પછી બીજા જોડે માણસો હતા એ વયા ગયા. આ તો મરી

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


જવાનો. હવે આપણે પાસે રહેશું તો પકડશે. લોકોને ખ્યાલ આવી ગયો. અહીંથી ખસી શકશે નહિ. બીજા ભાગી ગયા. ઓલા વિરોધી હતા એ આવ્યા. જીવતો બંધુકે મારી નાખ્યો અને એણે પોતે પણ પાછળથી અરેરે..! મેં ગાયોને માર્યા છે, ગાયુને રુંધ્યું છે. બે મોટા હોય ને પહાડ બે બાજુ અને વચ્ચે નહેરુ હોય. ગાયું સેંકડો ગાયુ ભેગી કરી. બે બાજુ ઓલા કાંટાના ડાળા નાખી દે. બે બાજુ તો ગઢ હોય. શું કહેવાય? ... બે બાજુ ... અને વચમાં જગ્યા તો બે બાજુ કાંટા નાખી દીધેલા. એમ ને એમ ગાયુ સુકાઈ ગયેલી. અરે..! આમ તો આર્ય માણસ એટલે મેં ગાયુંને (મારી નાખી). આ પાપ મને આ ભવમાં આવ્યા. એમ બિચારો... આમ તો ભાઈ ઓલો હોય ને આર્ય તરીકે તો. એમ બોલ્યો. આ એક કાળુભાનો કાળિયાનો કુંવર છે મિથ્યાત્વનો. છોટાભાઈ! આહાહા..! અરે..! બહારવટા માંડ્યા તેં તારા આત્મા સાથે હોં! જૈનશાસનના બહારવટા માંડ્યા ભાઈ! એમ કહે છે. આહાહા..! એ વાત પણ કેમ (બેસે)?

ભગવાન આત્મા વીતરાગની મૂર્તિ પ્રભુ આત્મા એને આત્મા કહીએ. એવો વીતરાગ સ્વરૂપ ભગવાન તેનું સ્વાવલંબી કરીને વીતરાગી પરિણતિ અને શ્રદ્ધા-જ્ઞાનને પ્રાપ્ત કરતો નથી અને રાગની ક્રિયા જે વ્રતાદિની દયા, દાન, ભક્તિની રાગની ક્રિયાથી ધર્મ માને છે એ જૈનશાસનનો એટલે આત્મસ્વભાવનો વેરી છે. સમજાણું કાંઈ? અને એના પાક આવશે મિથ્યાત્વના. ભાઈ! નિગોદમાં જશે. અનંત કાળે ઈયળ થવી મુશ્કેલ છે. આહાહા..! સમજાણું કાંઈ? અનંતે કાળે ત્યાંથી નીકળીને ઉત્કૃષ્ટ કાળે રહે તો ઈયળ ઈયળ. ઈયળ સમજ્યાને? કીડા. નાના કીડા હોય છે ને ઈયળ. અનંત કાળ નિગોદમાં અઢી પુદ્ગલ પરાવર્તન શાસ્ત્ર કહે છે. એકેન્દ્રિયમાં અસંખ્ય પુદ્ગલ પરાવર્તન. ઓહોહો..! અસંખ્ય પુદ્ગલ પરાવર્તન કોને કહે? એ અહીં કહે છે જુઓ!

આવા '**ઉપાય-ઉપેયભાવથી અત્યંત ભ્રષ્ટ વર્તતા થકા સંસારમાં પરિભ્રમણ જ કરે છે.**' લ્યો, આ પરિભ્રમણની વ્યાખ્યા. આવા ચોર્યાસીના અવતારમાં નરક અને નિગોદમાં અવતાર કરશે અને મરશે. સમજાણું કાંઈ? ઓલાને એમ કહ્યું કે સિદ્ધિનું ભાજન થશે. સિદ્ધિ ભાવનું ભાજન થશે એટલે કેવળજ્ઞાન પામીને મુક્તિ થશે. તો આ સંસારમાં પરિભ્રમણ કરે છે. લ્યો! ચાર ગતિ પછી સ્વર્ગ હો કે બધું દુઃખદાયક ચારેય ગતિઓ છે. સમજાણું કાંઈ? બહુ થોડામાં ઉપાય-ઉપેયની વ્યાખ્યા અમૃતચંદ્રાચાર્યે ઘણી અલૌકિક વાત, અલૌકિક વાત. છઠ્ઠા ગુણસ્થાનયોગ્ય ભૂમિકા વર્ણવી શુભભાવની. સમજાણું? છતાં સાધકપણું એ નહિ. એમ. સ્વરૂપનો અંતર દૃષ્ટિ ને જ્ઞાન ને રમણતા તારી વીતરાગપણાની એ સાધક. સમજાણું કાંઈ?

એ '**વર્તતા થકા સંસારમાં પરિભ્રમણ જ કરે છે.**' ક્યાંય એનો મોક્ષ સંસારના અભાવનો આવશે નહિ. પરંપરા જાશું, આમાં આમ થાશે. પરંપરા જાશે નિગોદમાં. સાંભળને!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


આહાહા..! લ્યો, એ ગદ્ય પૂરું થયું. હવે એનું પદ્ય કરે છે. પદ્ય પદ્ય છે ને?

૨૬૬ કળશ છે. ૨૬૬ કળશ છે.

**ये ज्ञानमात्रनिजभावमयीमकम्पां**
**भूमि श्रयन्ति कथमप्यपनीतमोहाः।**
**ते साधकत्वमधिगम्य भवन्ति सिद्धा**
**मूढास्त्वमूमनुपलभ्य परिभ्रमन्ति।।२६६।।**

અનુલભ્ય-પ્રાપ્ત કર્યા વિના. લ્યો એ કીધેલાને એક કળશ મૂક્યું. '**મૂઢાસ્ત્વમ**' એ જોડે છે ને.

'**શ્લોકાર્થ :- જે પુરુષો,...**' એનો અર્થ નીચે. '**જે પુરુષો, કોઈ પણ પ્રકારે...**' કોઈ પણ પ્રકારે એટલે મહાન પુરુષાર્થની જાગૃતિથી. મરીને પણ, દુનિયાની દરકાર છોડી દઈને પણ, શરીરમાં કષ્ટ કેટલું થાય છે એ પણ લક્ષ મૂકી દઈને. '**જેમનો મોહ દૂર થયો છે...**' જેમનો મિથ્યાત્વભાવ નાશ થયો છે. ભગવાન આત્મા પૂર્ણાનંદનું સ્વરૂપ છે એનું અવલંબન લઈને પુરુષાર્થ દ્વારા અંતર જાગૃતિ કરીને જેનો મોહ દૂર થયો છે. જેને મોહ મિથ્યાત્વનો નાશ થયો છે. સમજાણું કાંઈ?

'**જે પુરુષો,...**' પુરુષ એટલે કોઈપણ આત્મા. '**કોઈ પણ પ્રકારે...**' અનંત અનંત આત્માના વીર્યના પુરુષાર્થ દ્વારા '**જેમનો મોહ દૂર થયો છે...**' અરે..! ભ્રમણા જેની ભાંગી ગઈ છે. સમજાણું કાંઈ? એ રાગાદિનો વિકલ્પ પુણ્ય છે એ મારા છે અને મને લાભ છે એવી જે ભ્રમણા-મિથ્યાત્વ. એનો મોહ જેને નાશ થયો છે. જુઓ! આહાહા..! '**એવા થયા થકા,...**' એવા થયા થકા. જુઓ! કર્તા થઈને કામ કરતા થકા. એમ. સમજાણું કાંઈ? ભગવાન આત્મા પૂર્ણ શુદ્ધનો ચૈતન્યપિંડ પ્રભુ એના સાવધાનપણે કરતા થકા. આત્માને સ્વમાં સાવધાનપણે કરતાં થકા મોહ જેનો દૂર થઈ ગયો છે. પરમાં સાવધાની જેને નથી. એમ. મોહ એટલે પરમાં સાવધાની જે હતી મિથ્યાત્વભાવથી એ સ્વ સાવધાની દ્વારા જેણે દૂર કરી છે. સમજાણું કાંઈ?

જે કોઈ આત્મા એટલે પુરુષ. એટલે વળી કોઈ કહેશે, પુરુષને થાય અને સ્ત્રીનો આત્મા ન થાય. સ્ત્રી-પુરુષ આત્મા છે જ નહિ. સમજાણું કાંઈ? આત્મા સ્ત્રી પણ નથી, પુરુષ પણ નથી. આ દેહાદિ જડ માટીના એ આત્મા નહિ. આ અંદર વેદનો વિકલ્પ ઉઠે એ આત્મા નહિ. ભાવલિંગનો—વેદનો વિકાર પુરુષ સ્ત્રીનો વિકલ્પ એ આત્મા નહિ. એ તો રાગ છે. એટલે જે કોઈ આત્મા '**કોઈ પણ પ્રકારે જેમનો મોહ દૂર થયો છે એવા થયા થકા,...**' આહાહા..! સ્વરૂપની સાવધાની કરીને, પરમાં સાવધાનીથી પરને પોતાનું માનવું જેણે દૂર

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



કર્યું છે. સમજાણું કાંઈ? થોડા.. એવું હોય તો થોડુંક આઘું-પાછું ફેરવી નાખવું. કો'કને દાંત આવતા હોય ને એકબીજાને. જોડે આવ્યા છે. કાંઈક ખળભળાટ થયો ત્યાં. કહો, સમજાણું કાંઈ? આહાહા..! 'બાળપણ ખેલમેં ખોયા, જુવાની સ્રીમેં મોહ્યા, બુઢાપા દેખકે રોયા.' આહાહા..! ભાઈ! તેં તને ન દેખ્યો. તેં તને ન જોયો, તેં તને ન સંભાર્યો, તારામાં તેં સાવધાની કરી નહિ. આહાહા..! એ સાવધાની થઈને જેણે પરની સાવધાની છોડી છે એમ કહે છે અહીં તો. સમજાણું કાંઈ?

'**જ્ઞાનમાત્ર નિજભાવમય અકંપ ભૂમિકાનો આશ્રય કરે છે,...**' શું કહે છે? મોહ દૂર થયો છે એવા થયા થકા એ તો નાસ્તિથી વાત કરી. હવે અસ્તિ. જ્ઞાનમાત્ર ભગવાન ચિદાનંદસ્વરૂપ એકલી જ્ઞાનની ગોટલી, જ્ઞાનનો પુંજ પ્રભુ નિજભાવ. જોયું! એ '**જ્ઞાનમાત્ર નિજભાવ...**' બીજો નિજભાવ નહિ. જ્ઞાન-જાણવું, શ્રદ્ધવું, આનંદ આદિ અનંત શક્તિઓ શુદ્ધ તે નિજભાવમય, નિજભાવમય ભૂમિકાએ. '**અકંપ ભૂમિકાનો...**' સમજાણું કાંઈ? '**અકંપ ભૂમિકાનો...**' નિશ્ચળ ભૂમિકાનો, નિર્દ્વન્દ ભૂમિકાનો, ભેળસેળ વિનાની ભૂમિકાનો, રાગથી રહિત એવી આત્માની સુખ ગર્ભિત ભૂમિકા. સમજાય છે કાંઈ? '**અકંપ ભૂમિકાનો (અર્થાત્ જ્ઞાનમાત્ર જે પોતાનો ભાવ તે-મય નિશ્ચળ ભૂમિકાનો) આશ્રય કરે છે,...**' અકંપની વ્યાખ્યા કરી છે. પરમ અધ્યાત્મ તરંગિણીમાં. ત્યાં સાધારણ કર્યું. આમાં કર્યું છે. શું કહેવાય? કળશટીકા. કળશટીકા છે ને? એમાં કર્યું છે. નિર્દ્વન્દ અકંપ નામ દ્વન્દ હોય તો કંપ છે. દુઃખ થાય એ કંપ. નિષ્કંપ સુખગર્ભિત દશા. નિર્વિકલ્પ દશા દ્વારા નિષ્કંપ જે થયો છે. સમજાણું આમાં છે ત્યાં. આ છે ને? ૨૬૬. કેટલામો છે એ? કળશ.

'**નિર્દ્વન્દ્વરૂપ સુખગર્ભિત છે.**' ઓલું કંપ છે ને? એ રાગ છે ને દુઃખ છે ભાઈ! એમ કહ્યું. વિકલ્પ છે એ કંપ છે, દુઃખ છે. નિષ્કંપ છે એ સ્થિર છે અને સુખ છે. સમજાણું કાંઈ? કહે છે, ઓહો..! જેણે આત્માની ભૂમિકામાં આનંદના પાક મેળવ્યા છે. એમ કહે છે મૂળ તો. આહાહા..! સમજાણું કાંઈ? નિષ્કંપ ભૂમિકા. જ્ઞાનમાત્ર જે પોતાનો ભાવ. જાણવું-દેખવું અને આનંદ એ જ પોતાનો ભાવ, નિજભાવ. પુણ્ય-પાપ, શરીર, કર્મ એ પોતાનો ભાવ નહિ. નહિની વાત નથી કરી. આવો નિજભાવ. મોહને દૂર કર્યો ને પહેલો? આવો નિષ્કંપ ભૂમિકાનો (અર્થાત્) વસ્તુ જે આનંદસ્વરૂપ છે એને આનંદરૂપે ગર્ભિત દશા દ્વારા એવી ભૂમિકાને પ્રાપ્ત કરી છે. આહાહા..! સમજાણું કાંઈ? પુણ્ય-પાપના વિકલ્પો (એ) કંપ છે કંપ. આ કંપરૂપ નથી થાતો કંપ? આ મકનભાઈને થાય છે જુઓને!

મુમુક્ષુ :- અનિશ્ચિતતા.

ઉત્તર :- હા અનિશ્ચિતતા. કંપ છે રાગ-દ્વેષ. પુણ્ય-પાપના પરિણામ કંપ છે, દુઃખરૂપ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


છે. નિષ્કંપ પુણ્ય-પાપરહિત નિષ્કંપ છે એ સુખરૂપ છે. આહાહા..!

એવા '**અકંપ ભૂમિકાનો...**' એટલે એ જાતની શ્રદ્ધા અને જ્ઞાનની દશાનો '**આશ્રય કરે છે,...**' અથવા એ પ્રગટ કરે છે એટલે એ ભૂમિકાનો આશ્રય કરે છે એમ કહે છે. મૂળ તો પ્રગટ કરે છે. આશ્રય તો ત્રિકાળનો છે. સમજાણું કાંઈ? પણ ઓલો રાગનો આશ્રય કરતો નથી તો આનો આશ્રય કરે છે એમ કહેવામાં આવે છે. '**પોતાનો ભાવ તે-મય નિશ્ચળ ભૂમિકાનો આશ્રય કરે છે,...**' ત્રિકાળ પોતાનો ભાવ છે આનંદમય એનો આશ્રય કરે છે ધ્રુવનો, તો પર્યાયમાં આનંદ ગર્ભિત દશા પ્રગટ થાય છે. કહો, સમજાણું કાંઈ?

'**તેઓ સાધકપણાને પામીને...**' લ્યો, પોતે નિષ્કંપ ભગવાન આત્મા આનંદકંદ પ્રભુ છે એ નિષ્કંપ વસ્તુ છે. નિષ્કંપ શ્રદ્ધા-જ્ઞાન દ્વારા જેણે અનુભવ આશ્રય કરીને કર્યો છે તે સાધકપણાને પામ્યા છે. લ્યો, એ મોક્ષમાર્ગને પામ્યા છે. આ રીતે પામે છે અને પામ્યા છે. '**તેઓ સાધકપણાને પામીને સિદ્ધ થાય છે;...**' લ્યો. આ રીતે ભગવાન આત્મા અકંપ-નિષ્કંપ આનંદકંદ ધ્રુવ અને નિષ્કંપ શ્રદ્ધા, જ્ઞાન દ્વારા જેણે અનુભવ્યો છે એ સાધકપણું પામીને સિદ્ધ થાય છે. એના સંસારનો અંત આવે છે. કહો, સમજાણું? બીજાને અંત આવતો નથી. એ બહારથી બધા સાધુ દેખાય, બહારના ત્યાગી દેખાય. ભગવાન નમો અરિહંતાણં. એમ કરીને છૂટે તોપણ મૂઢ મિથ્યાદૃષ્ટિ ચાર ગતિમાં રખડશે એમ કહે છે. એઈ.. શેઠી! કેમ કે રાગ છે એ. રાગને પોતે ધર્મ માને અને રાગથી મને કાંઈક લાભ થાય એમ માનીને કરે છે એ. આહાહા..! ભારે વાત, ભાઈ! ત્યારે બસ! ભગવાનનું નામ લેવું નહિ ને? સાંભળને! નામ લેવામાં વિકલ્પ છે, રાગ આવે શુભ. પણ એ ધર્મ છે, એનાથી ધર્મ થશે, માટે ધર્મ કાંઈક થયો (એમ) બિલુકલ વાત નથી. કહો, સમજાણું કાંઈ? તારું સ્મરણ કર કે બીજાનું સ્મરણ કરવું છે તારે? તું ક્યાં પૂરો નથી તે બીજાનું સ્મરણ તારે કરવું છે? એમ કહે છે. મોટી વસ્તુને યાદ કરે કે નહિ?

મુમુક્ષુ :- .. યાદ કરે છે.

ઉત્તર :- મોટી તું છો એમ કહે છે. લગ્નમાં મોટા જમાઈ કે બનેવી હોય એ ન આવ્યા હોય તો એને યાદ કરે. આવ્યા હોત તો શોભા થાત. પૈસાવાળા હોય મોટા. તમારે આવ્યે માંડવાની શોભા વધશે. એમ કહે છે કે નહિ? ધૂળની શોભા વધશે એમ કહે છે. એમ લખે છે ને? ભગવાનજીભાઈ! લખે છે ને એમાં? એમાં કોઈ બહેન-દીકરી પૈસાવાળી હોય, પોતાથી પૈસાવાળી હોય. એમ આવી આવે તો જમાઈ આવે તો શોભશે. ભાણેજને લખે. ભાણેજ પૈસાવાળો હોય મોટો બે-પાંચ કરોડવાળો તમારે આવ્યે અમારા મંડપની શોભા વધશે. એ મોટાને સંભારે. એલા..! સંભારને મોટો તું છો. તારે માંડવે મોટો તું છો. તારે માંડવે ભગવાન

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



મોટા તારે માટે નથી. આહાહા..! એક ફેરી આનંદઘનજી કહે છે, શું કહે છે?

મનડો દુરારાધ્ય તેં વસિ આણ્યું, તે આગમથી મતિ આણું,
મનડો દુરારાધ્ય તેં વસિ આણ્યું, તે આગમથી મતિ આણું,
આનંઘન પ્રભુ મ્હારો આણો, તો સાંચૂં કરિ જાણૂં હો.
કુન્થુ જિન-મનડું કિમ હી ન બાજૈ હો,
જિમ જિમ જતન કરી નૈ રાખૂં, તેમ તેમ અલગૂ ભાજૈ હો.
કુન્થુ જિન-મનડું કિમ હી ન બાજૈ હો,

એક જણો લખે, વરસાદ અહીં આવશે, આવશે. પછી વરસાદ બીજે આવે છે અને અહીં આવશે. પણ એ આવે તો માનું, એ વિના હું ન માનું. આવતો નથી તો આવશે.. આવશે... આવે તો માનું અહીં તો ભાઈ. એમ આનંદઘનજી કહે છે, પ્રભુ! મનને તેં આણ્યું ખરું પણ એ તો મેં આગમથી જાણ્યું છે. મારા અનુભવથી જાણું ત્યારે માનું તારું સાચું. એ વિના સાચું નહિ. આહાહા..! શેઠી! એ તો વળી આ વરસાદ ઉપરથી યાદ આવ્યું. વરસાદ આવશે-આવશે. પણ આવશે. બીજે આવ્યો. અહીં આવે તો માનું. અહીં આવ્યા વિના શી રીતે માનું? એમ ભગવાન તમે કહ્યું કે આવો આત્મા, એ તમે કહ્યો. પણ મારામાં અનુભવ થાય ત્યારે હું માનું કે બરાબર વાત છે આપની. સમજાણું કાંઈ? પણ ત્યારે બીજાને સાચો વ્યવહાર માન્યો કહેવાયને? પોતાનું માન્યું ત્યારે પરને સાચો (માન્યો કહેવાય).

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા એ વળી બીજું. એ જુદું. કહો, સમજાણું કાંઈ?

આ તો પહેલા સવળાની વાત લીધી. '**તેઓ સાધકપણાને પામીને સિદ્ધ થાય છે; પરંતુ...**' આવ્યું હતું? ઓલામાં પણ પરંતુ આવ્યું હતું. શરૂ કર્યું હતું ત્યાં. '**જેઓ મૂઢ...**' મૂઢની વ્યાખ્યા ત્રણે. '**(-મોહી, અજ્ઞાની, મિથ્યાદષ્ટિ)...**' એટલે? અરે..! ભગવાન આત્મામાં સાવધાન નહિ ને રાગમાં સાવધાન. ભગવાનનું જ્ઞાન નહિ ને રાગનું જ્ઞાન. ભગવાનની શ્રદ્ધા નહિ ને રાગની શ્રદ્ધા. આવા જે અજ્ઞાની મૂઢ છે, કે પુણ્યના વિકલ્પને પોતાના માને એ મૂઢ, અજ્ઞાની અને મિથ્યાદષ્ટિ છે. આહાહા..! જે સ્વભાવનો વેરી એને પોતાનું માનવું તે શાસનનો વેરી છે, કહે છે.

'**જેઓ મૂઢ-અજ્ઞાની છે, તેઓ આ ભૂમિકાને નહિ પામીને...**' તે આત્માની દશા સાધકપણે નહિ પામીને અને સિદ્ધપણે નહિ થઈને. '**સંસારમાં પરિભ્રમણ કરે છે.**' અનાદિ ચોર્યાસીના અવતારમાં નરકમાં જાવ, સ્વર્ગમાં જાવ બધે પરિભ્રમણ દુઃખ છે. ચાર ગતિમાં ક્યાંય સુખ છે નહિ. આવા મૂઢ જીવો. આહાહા..! જેણે પોતાના સ્વભાવની એ ભૂમિને

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


જેણે પ્રાપ્ત કરી નથી. ઘરની ભૂમિને પ્રાપ્ત કરી નહિ, કો'કનું ક્ષેત્ર લેવા ગયો. સમજાણું કાંઈ? ઘરમાં ક્ષેત્ર છે એને પ્રાપ્ત ન કર્યું. અસંખ્યપ્રદેશી અનંત ગુણનો ધામ ભગવાન સ્વક્ષેત્ર છે. કહે છે કે એની તો સામું જોયું નહિ, એને માન્યું નહિ, એને ઓળખ્યો નહિ, એનું આચરણ કર્યું નહિ. પરક્ષેત્રે જે રાગાદિ પરક્ષેત્ર, પરભાવ, પરકાળ, પરવસ્તુ ઝેર બધું. એને મૂઢ થઈને પોતાના માની, પોતાના જાણી અને એને પોતાના આચરણરૂપે આચરી '**તેઓ આ ભૂમિકાને નહિ પામીને...**' તેઓ આ ભૂમિકા એટલે સિદ્ધપદને અને મોક્ષમાર્ગની ભૂમિકાને નહિ પામીને '**સંસારમાં પરિભ્રમણ કરે છે.**' લ્યો! ચાર ગતિમાં રખડશે. ત્યારે ઓલો તો કહે, પણ પુણ્ય તો થાશે ને? એમ કહે છે પાછો. પુણ્ય તો બંધાશે ને? એમ કહે છે. પુણ્ય તો બંધાશે ને? બંધાશે એટલે અબંધસ્વરૂપ બંધાય એ તો મહામિથ્યાત્વ છે. સાંભળને! ભગવાન અબંધસ્વરૂપ પુણ્યથી બંધાય અને તું ખુશી થા છો, મહામિથ્યાત્વનું જોર છે. સમજાણું કાંઈ? એમ કહે છે. પુણ્ય તો બંધાશે ને? સ્વર્ગનું સુખ તો મળશે ને? આહાહા..! લ્યો એ નાખ્યું જુઓ!

દ્રવ્ય આચરણ કરીને અભવિ પણ સ્વર્ગમાં જાય. સફળ છે એનું કહે છે. આહાહા..! અરે.. ભગવાન! શું કહે છો તું? અભવિ પણ એમ કે દ્રવ્યસંયમ પાળે અને સ્વર્ગમાં જાય, સફળ છે એનું અફળ નથી. દુઃખી તો નહિ થાય. દુઃખી જ છે, સાંભળને! સ્વર્ગમાં દુઃખના અંગારે સળગશે. ત્યાં અંગારાથી સળગશે કષાયના. સંસારના પરિભ્રમણમાં ક્યાંય સુખ છે નહિ. અજ્ઞાની સંસારમાં રખડશે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


**અષાઢ વદ ૧૧, રવિવાર તા. ૨૧-૭-૧૯૬૮**
**શ્લોક-૨૬૬, ૨૬૭, પ્રવચન-૫૭૪**

પરિશિષ્ટ છે. એમાં ૨૬૬ કળશ છે. માથે સર્વવિશુદ્ધજ્ઞાન છે એ લખાઈ ગયું છે. છે પરિશિષ્ટ. ભાવાર્થ છે ૨૬૬નો. શું કહે છે?

'**ભાવાર્થ :- જે ભવ્ય પુરુષો,...**' એટલે જીવના બે પ્રકાર છે. એક અભવ્ય છે અને એક ભવ્ય છે. ભવ્ય તે ધર્મને પામવાને લાયક છે. અભવ્ય એ કાંઈ ધર્મને સમજવાને કે પામવાને લાયક નથી. એમ કહીને કહ્યું કે જે કોઈ ભવ્ય પુરુષો '**ગુરુના ઉપદેશથી...**' એને આત્માનો શું સ્વભાવ છે એ ગુરુગમથી પહેલો ઉપદેશ મળવો જોઈએ. આત્મા શું ચીજ છે અંદર? એણે જેને ધર્મ કરવો છે અને આત્મામાંથી ધર્મ પ્રગટ કરવો છે એણે પ્રગટ થયેલા ગુરુ એને શું કહે છે એ પહેલો ઉપદેશ સાંભળવો જોઈએ. સમજાય છે કાંઈ?

'**અથવા સ્વયમેવ કાળલબ્ધિને...**' '**કથમઅપિ**' શબ્દ હતો ને એમાં? એની વ્યાખ્યા કરી. '**કથમઅપિ**' શબ્દ હતો ને બીજા પદમાં? એની વ્યાખ્યા કરી છે. કાં ગુરુ ઉપદેશ મળે અને તત્કાળ પામે અને કાં કોઈ ગુરુનો ઉપદેશ મળ્યો અને પછી પામે એ '**કાળલબ્ધિને પામી...**' એટલે પુરુષાર્થની ગતિ સ્વસન્મુખ કરી અને જે સમયે તેને પ્રાપ્ત થવાનું છે એ વખતે તેને પ્રાપ્ત થાય એવી પુરુષાર્થની ગતિ સ્વની કરતો. '**મિથ્યાત્વથી રહિત થઈને,...**' ભ્રમણા જે વિપરીત માન્યતા. પુણ્ય અને પાપના વિકલ્પો રાગ છે ને એ વિકાર છે, દુઃખરૂપ છે એને સુખરૂપ માનીને, એમાં સુખ માનીને મિથ્યાત્વભાવને સેવે છે એ સંસાર ચાર ગતિ રખડવાનું મૂળ છે. સમજાય છે કાંઈ? ભગવાન આત્મા જ્ઞાનમૂર્તિ એટલે આનંદસ્વરૂપ. એના સિવાય પુણ્ય અને પાપના શુભ-અશુભભાવ થાય છે એ દુઃખરૂપ છે. પરની વાત અત્યારે નથી. ફક્ત અંદર વિકલ્પ જે રાગ છે તે દુઃખરૂપ છે. એને સુખરૂપ માને છે એનું નામ મિથ્યાત્વભાવ છે. સમજાણું કાંઈ?

એવા '**મિથ્યાત્વથી રહિત થઈને, જ્ઞાનમાત્ર એવા પોતાના સ્વરૂપને પામે છે,...**' ભગવાન આત્મા જ્ઞાનમાત્ર છે. જ્ઞાનમાત્ર છે એટલે? કે એમાં એ પુણ્ય અને પાપ, શુભ-અશુભ રાગ એનામાં નથી. વસ્તુ ભગવાન આત્મા, આત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ છે. આત્મા સચ્ચિદાનંદ સત્ શાશ્વત (છે). જ્ઞાનમાત્ર કહેતાં રાગ અને વિકલ્પ એમાં નથી. સમજાય છે? વિકલ્પ એટલે? ઉદયભાવ જે રાગ સંસાર છે એ એમાં નથી. એવો જે આત્મા તે '**જ્ઞાનમાત્ર એવા પોતાના સ્વરૂપને...**' જુઓ! રાગ ને પુણ્ય, શરીર, વાણી, મન તો જડ છે, પર

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


છે. આ તો માટી જડ પર છે. એ કાંઈ આત્મા છે? તેમ અંદરમાં કર્મ છે એ પણ જડ છે. એ કાંઈ આત્મા નથી. તેમ દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ ઉત્પન્ન થાય એ પણ એક આસ્રવ વિકાર છે. એ કાંઈ આત્મા નથી. અને હિંસા, જૂઠું, ચોરી, વિષયની વાસના વિકલ્પ એ પણ પાપ છે. એ વાસના છે એ કાંઈ આત્મા નથી. એથી કહે છે કે જ્ઞાનમાત્ર આત્માને પામીને. જ્ઞાનમાત્ર કહેતાં વિકારનો અભાવ. જ્ઞાનમાત્રમાં અનંતા ગુણ સાથે છે.

ધર્મ પામનારને ધર્મ કેમ પામે એની વાત છે. ધર્મી થવું હોય, જન્મ-મરણના નાશ કરવા હોય એને આ રીતે કરી શકે છે. હું જ્ઞાનસ્વરૂપ છું. ચૈતન્યબિંબ આત્મા, સ્વપરપ્રકાશક ચૈતન્યની મૂર્તિ એવો મારો ત્રિકાળ સ્વભાવ તે હું છું. એમ જ્ઞાનમાત્રને ગ્રહીને એટલે પામીને. એટલે કે રાગ ને પુણ્ય ને પામીને પડ્યો છે, સમજાણું કાંઈ? પુણ્ય અને પાપના શુભ-અશુભ વિકલ્પ જે વિકાર ઉઠે છે એ પામીને પડ્યો છે એ તો મિથ્યાત્વ છે, એ તો અજ્ઞાન છે, ભ્રમ છે. સમજાણું કાંઈ? ધર્મ ચીજ દુર્લભ અને અપૂર્વ છે પણ એ ધર્મ કેમ થાય એની એણે કોઈ દી વાત સાચી ખરેખર રુચિ કરીને સાંભળી નથી. અમરચંદભાઈ!

ચૈતન્યબિંબ પ્રભુ જ્ઞાન ને આનંદની મૂર્તિ આત્મા છે. એટલે જ્ઞાનમાત્ર, સ્વભાવ શુદ્ધ ચૈતન્યમાત્ર. જેમાં શરીર, વાણી, કર્મ તો નથી, પણ જેમાં દયા, દાન, વ્રત, ભક્તિનો શુભ વિકલ્પ ઉઠે છે રાગ એ વસ્તુમાં નથી. સમજાણું કાંઈ? એવું જ્ઞાનમાત્ર સ્વરૂપ સમજશક્તિનું તત્ત્વ એવો આત્મા. આમ જ્ઞાનમાત્ર, જાણકમાત્ર, આનંદમાત્ર. જ્ઞાનથી કેમ કહ્યું? કે પ્રગટ પર્યાય એની છે એથી એના લક્ષણે (કહ્યું). બાકી તો આનંદ જ્ઞાનાદિ અનંત ગુણનો પિંડ આત્મા છે. ભગવાન આત્મા સચ્ચિદાનંદ, આનંદ સચ્ચિદાનંદ છે. પણ અહીંયાં જ્ઞાનની પ્રધાનતાથી કહ્યું, જ્ઞાનમાત્ર આત્મા.

અંતર નજર નાખતા એકલો જ્ઞાનમાત્ર આત્મા જણાય ત્યારે તેણે આત્માને પ્રાપ્ત કર્યો, ત્યારે તે આત્માને ગ્રહ્યો અને તેણે આત્માનો આશ્રય કર્યો. એને ધર્મ થાય. સમજાણું કાંઈ? ભારે ભાઈ ધર્મની આવી વાત. ધર્મ એટલે સ્વભાવ. એનો સ્વભાવ ભગવાન આત્મા તો ચૈતન્ય જ્ઞાતા-દૃષ્ટા એનો સ્વભાવ છે. એ સ્વભાવને પકડ્યો જેણે અંતરમાંથી કે આ જ્ઞાન, આ આનંદ, આ શાંતિ એ આત્મા. એમ અંતરદૃષ્ટિમાં જેણે જ્ઞાનમાત્ર સ્વભાવને પકડ્યો, અનુભવ્યો અને જ્ઞાન પામ્યો. જ્ઞાન પામ્યો એટલે કે જે રાગ ઉપર દૃષ્ટિ હતી એની રુચિ છોડી અથવા તેનું લક્ષ છોડી અને જ્ઞાનમાત્રના સ્વભાવ તરફ ઢળ્યો. લ્યો, ઢળ્યો આવ્યું. ઓલામાં આવે છે ને? પ્રવણબુદ્ધિ નહિ? પ્રવચનસારમાં. શું એ આવે છે? પ્રવણ.. નથી આવતું? પ્રવણબુદ્ધિ, ઢળતી બુદ્ધિ. એમ છે. પહેલા અધિકારમાં. જ્ઞાન અધિકાર છે ને. પ્રવણબુદ્ધિ. એટલે? કે જે આ જ્ઞાનની બુદ્ધિ વર્તમાન પ્રગટ છે એ સ્વરૂપ તરફ પ્રવણ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


નામ ઢળે છે. સમજાય છે કાંઈ? એ જ્ઞાન જે વર્તમાન પ્રકાશ વિકાસ ઉઘાડ જે અંશ છે એ અનાદિનો પુણ્ય અને પાપ ને પર તરફ ઢળેલી છે. એ પર તરફ ઢળી છે એવી માન્યતા મિથ્યાત્વ છે અને એ મિથ્યાત્વ તે દુઃખરૂપ પર તરફ ઢળેલી ગતિ છે બુદ્ધિની. સમજાણું કાંઈ? આવો ધર્મ! એ જ્ઞાન જે પ્રકાશ છે, બહાર વિકાસ છે પ્રગટ છે અંશ. વિકાસ છે કે નહિ જણાય છે એ? એ બુદ્ધિને અંતર વાળતા, પ્રવણ-અંતર ઢળતી બુદ્ધિ દ્વારા જ્ઞાનસ્વરૂપ એવો ભગવાન આત્માને જે પ્રાપ્ત કરે છે કે હું તો જ્ઞાન છું, એવી નિર્વિકલ્પ દૃષ્ટિથી તે અનુભવે છે. સમજાય છે કાંઈ? એને ધર્મ થાય છે. આ ધર્મ.

'**જ્ઞાનમાત્ર એવા પોતાના સ્વરૂપને...**' પોતાનું સ્વરૂપ એ છે એમ કહે છે. એને '**પામે છે, તેનો આશ્રય કરે છે,...**' એમ કહ્યું. ઓલો આશ્રય ઢળે છે ને એ બાજુ? ચૈતન્ય ભગવાન આત્મા પોતાનું નિજઘર, નિજ સંપદા. ચૈતન્યમૂર્તિ એ નિજ સંપદા, એ તરફ અંતરબુદ્ધિ ઢળે છે ત્યારે તે આત્માને પ્રાપ્ત કરે છે. ત્યારે તેને સમ્યગ્દર્શન થાય અને ત્યારે તેને ધર્મ થાય છે. કહો, શેઠી! આહાહા..! ભારે ભાઈ! આ બધું કરવું અને આ બધું આનાથી થાય એ બધું ક્યાં જાય? પૂજા ને ભક્તિ ને વ્રત ને બધા કરવા ક્યાં ગયા? કહે છે કે એ તો વિકલ્પ હો, શુભરાગ હો, અસ્તિપણે સત્તાપણે હો, પણ પોતાની સત્તામાં એ નથી. આહાહા..! સત્તાપણે હો, ભૂમિકા સુધી હોવાપણે હો, પણ એ વસ્તુ આત્માના સ્વભાવમાં નથી. સમજાય છે કાંઈ? આહાહા..!

જેનાથી અનંત કાળના દુઃખનો અંત આવે અને સાદિઅનંત કાળનો જ્યાં આનંદ પ્રગટે એ તો ગતિ અને અલૌકિક પુરુષાર્થ છે કે નહિ? આહાહા..! અનંત કાળના જન્મ-મરણના રાગના દુઃખ, વિકારના દુઃખ, આકુળતાના દુઃખ એનો અંત અને શરૂઆત આનંદની. આત્મા જ્ઞાનમાત્ર આનંદ છે એવું આઠ વર્ષની બાલિકા પણ આમ કરી શકે છે. કારણ કે નિજઘરમાં ચીજ તો આનંદ અને જ્ઞાન છે એ તો. સમજાણું કાંઈ? એ ચૈતન્યના અંતર ઢળતી, વળતી, આશ્રય કરતી બુદ્ધિ, ચૈતન્યને આશ્રય કરતી બુદ્ધિ, શ્રદ્ધાએ ચૈતન્યનો આશ્રય લીધો. ત્યારે ચૈતન્ય આ આનંદ છે તેમ એની દૃષ્ટિમાં પ્રાપ્ત થયો. ભારે!

'**તેઓ સાધક થયા થકા...**' એ જ્ઞાનમાત્ર.. બે વાત આવી ગઈ તો એનું છે એ. જ્ઞાનમાત્ર આત્મા એ બે પ્રકારે પરિણમે છે. એક જ જ્ઞાનમાત્ર આત્મા વસ્તુ બે પ્રકારે પરિણમે. પરિણામી વસ્તુ અને એનું પરિણામ એટલે અવસ્થા બે પ્રકારની. સાધકપણે થાય અને સિદ્ધપણે થાય. એ જ્ઞાનમાત્ર વસ્તુ જ બેપણે થાય છે. એમાં કોઈ રાગ ને વ્યવહાર ને નિમિત્તને લઈને આવું સાધકપણું થાય છે કે સિદ્ધપણું થાય છે એમ છે નહિ. સિદ્ધ એટલે પૂર્ણ દશા. જ્ઞાનમાત્ર ભગવાન વસ્તુ શુદ્ધ ચૈતન્ય પોતે જ અંતર દૃષ્ટિ કરતાં એ જ્ઞાનમાત્ર વસ્તુ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


જ સાધકપણે પૂર્ણ આનંદ અને મોક્ષદશાના કારણપણે આત્મા પોતે જ જ્ઞાનમાત્રપણે પરિણમે છે. કહો, સમજાણું કાંઈ? એમાં એને વ્યવહાર છે રાગાદિ શુભભાવ માટે જ્ઞાનમાત્ર અસ્તિપણે છે એ આમ પરિણમે છે એમ નથી. અસ્તિ ભલે હો રાગની. પણ આ બાજુ અસ્તિ પૂર્ણ જ્ઞાનાનંદની છે એ ઉપરનો આશ્રય કરતાં એ દ્રવ્ય જ પોતે સાધકપણે પરિણમે છે. આહાહા..! ભારે લાગે. જાધવજીભાઈ! સાંભળ્યું ન હોય ને જિંદગી એમ ને એમ ગાળી હોય મજૂરી કરીને. અને ધર્મને નામે મજૂરી. હેરાન થઈ થઈને અપવાસ કર્યા છે, ઓળીયું કરી છે, ચોવિહાર કર્યા, કંદમૂળ ન ખાધા, દેરાસરની પૂજાઓ કરી, ભક્તિ કરી. એ બધો, કહે છે, રાગ છે. ભગવાનજીભાઈ! મજૂરી છે કહે છે. તમારી રળવાની જેમ મજૂરી છે, એમ આ પણ મજૂરી છે. કારણ કે એની સત્તા ચૈતન્યની સત્તામાં નથી. આહાહા..!

મુમુક્ષુ :- જ્ઞાનમાત્ર....

ઉત્તર :- જ્ઞાનમાત્ર કીધું ને પહેલું. અનંતા ગુણ ભેગા છે એ તો.

મુમુક્ષુ :- પ્રગટપણે?

ઉત્તર :- પ્રગટપણે બધા ગુણોની પર્યાય ભેગી છે. એ તો પહેલું લીધું છે. આખું દ્રવ્ય છે ને વસ્તુ? ચૈતન્ય ભગવાન આખો આત્મા અનંત ગુણનો પિંડ ચૈતન્ય વસ્તુ છે કે નહિ આત્મ પદાર્થ? તો એમાં જેટલા ગુણો અનંતા ગુણો છે. તો એ જ્ઞાનમાત્રને મુખ્યપણે ગણીને આખો જ્ઞાનમાત્ર આત્મા કીધો, પણ છે અનંત ગુણ. અને એવા અનંત ગુણનો પિંડ એવો આત્માને પકડતા, અંતર એકાગ્ર થતાં જેટલા એના અનંતા ગુણો છે બધા અનુભવની પર્યાયમાં પ્રગટ થાય છે. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શનમાં આત્મા પૂર્ણાનંદ છે, એ જ્ઞાનમાત્ર છે એમ પ્રતીત (કરી), જ્ઞાનમાં જ્ઞેય બનાવીને પ્રતીત અનુભવ કરીને થયું ત્યારે ધર્મ થતાં જેટલી શક્તિઓ—ગુણ સંખ્યામાં છે એ બધી વ્યક્તરૂપે પરિણમન થઈ જાય છે. આહાહા..! સમજાણું કાંઈ?

ધર્મીને પ્રતીત ગુણની છે, એને જ્ઞાન છે ગુણીનું, એને આનંદ છે ગુણીનો. આનંદ અતીન્દ્રિય આનંદ સ્વાદ ભેગો આવે. કેમ કે એ અતીન્દ્રિય આનંદ એનો સ્વભાવ છે. તો એ સ્વભાવ છોડીને પરિણમન એકલું થાય? આનંદ છે, શાંતિ (છે). શાંતિ એટલે સમરસ વીતરાગભાવ. ચારિત્રગુણ. એવા અનંત ગુણનો એકરૂપ એનો અંતર આશ્રય કરતાં એ અનંતા ગુણો નિર્મળપણે, સાધકપણે પરિણમે છે. સાધકજીવને આત્માનો આનંદનો સ્વાદનો અનુભવ સાથે ભેગો હોય છે. ધર્મ કરે અને વર્તમાન સુખ ન મળે અને પછી મળે એમ નથી. રોકડિયો ધર્મ છે. આ ધર્મ પણ રોકડિયો છે. જ્યાં રાગ-દ્વેષ કરે છે ત્યાં તત્કાળ એને આકુળતા થાય છે. વળી પાપ કરશે અને પછી દુઃખી સંયોગ થાશે એ તો પછી સંયોગની વાત છે. પણ જેટલા

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


એ પરિણામ પુણ્ય-પાપના વિકલ્પો ઉઠાવે રાગ એ બધો આકુળતા એ તત્કાળ દુઃખ છે અને આનંદનું ભાન નથી તેથી દુઃખ લાગતું નથી. પુણ્ય-પાપનો ભાવ તત્કાળ દુઃખરૂપ છે. રોકડિયો ધંધો અધર્મનો. રોકડિયો એટલે શું સમજ્યા? અધર્મ કરે અને દુઃખ ભોગવે. એમ ધર્મ કરે આનંદ ભોગવે. રોકડિયો ધર્મ છે. આહાહા..!

ભગવાન આત્મા અહીં તો એકના બે ભાગ પાડીને પરિણમન કર્યું એનો આ કળશ છે. જ્ઞાનમાત્ર વસ્તુ એક, એ પોતે બે પ્રકારે પરિણમે છે. સાધકપણે અને સિદ્ધપણે. બસ! આ એક વાત સિદ્ધ કરવી છે. સમજાણું કાંઈ? '**સાધક થયા થકા...**' '**તેઓ સાધક થયા થકા...**' એમ. શુદ્ધ જ્ઞાનાનંદ મૂર્તિની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા પ્રગટ થતાં તે સાધક થયા થકા '**સિદ્ધ થાય છે;...**' પૂર્ણ આનંદની દશાને પ્રાપ્ત થાય છે. એનું નામ સિદ્ધ કહો, પરમાત્મા કહો, પોતે આત્મા પરમાત્માપણે પરિણમી જાય છે, થઈ જાય છે. સમજાણું કાંઈ? ઓહોહો..! ભારે ધર્મ ભાઈ આવો.

'**પરંતુ...**' હવે ઊલટું. બેય વાત આવી છે ને એમાં? '**જેઓ જ્ઞાનમાત્ર એવા પોતાને પામતા નથી,...**' ભગવાન જ્ઞાન ને આનંદ સ્વરૂપ છે. એને અંતર દૃષ્ટિએ આશ્રય લઈને પામતા નથી અને જ્ઞાનમાત્ર નહિ પામતા પુણ્ય-પાપના રાગને પામતા '**તેઓ સંસારમાં રખડે છે.**' ભગવાન ચિદાનંદ સ્વરૂપ પોતાનું, આનંદનો ભેટો નહિ કરતાં, જ્ઞાન ચૈતન્ય સ્વરૂપનો ભેટો નહિ કરતાં એટલે કે એને જે પામતા નથી, તે પુણ્ય ને પાપ, રાગ ને દ્વેષ, દયા ને દાન, વ્રત ને ભક્તિ એવા વિકલ્પો રાગ એને પામતા થકા ચાર ગતિમાં રખડે છે. ચાહે તો શુભભાવ હોય તો સ્વર્ગમાં (જાય) પણ એ ગતિનું દુઃખ. પાપ હોય તો નરક-પશુમાં (જાય). એ ગતિનું દુઃખ (છે). ચાર ગતિમાં રઝળે છે. કહો, સમજાણું આમાં?

એક જ શ્લોકમાં બેય વાત લીધી છે. કારણ કે પહેલું ઉપાય-ઉપેય બતાવ્યું હતું ને? એનો આ શ્લોક છે. જુઓ! ચાર ગતિમાં રખડે છે, નિગોદમાં રખડે છે એનું આ કારણ. ભગવાન ચિદાનંદ પ્રભુ એની અંતર પ્રાપ્તિનો ઉપાય ન કરતાં રાગ-દ્વેષ ને પુણ્ય-પાપના વિકલ્પની લાગણીઓ એને પ્રાપ્ત કરે છે, એ મારા છે એમ માને છે. બસ! એ જ મિથ્યાત્વભાવ ચાર ગતિમાં રખડવાનું કારણ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ... શું કરે? આહાહા..! શું કરે? એને ન બેસે તો શું કરે? આ વસ્તુ તો આવી સીધી, સીધી, સીધી છે.

એક સમયની ભૂલ. હમણાં છોકરાને કહ્યું હતું સવારમાં. નહિ? ક્યાં ગયો ભરત? વયો ગયો. એને કહ્યું હતું. એલા એક સમયની ભૂલ અને ત્રિકાળી ભગવાન. કહો, ભૂલ રાખવી

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


છે કે ભગવાન રાખવો છે? કીધી હતી ભૂલ એણે. ભગવાન આત્મા આખો ધ્રુવ ચૈતન્ય અનાદિ શાશ્વત પદાર્થ અને એક સમયની—એક સેકન્ડના અસંખ્યમા ભાગમાં સમયની પર્યાયબુદ્ધિ આ રાગ તે હું એવી પર્યાય, એક સમયની ભૂલ છે. આખો ભગવાન એને જોતો હોય તો ભૂલને ટાળ. ભગવાનનો અનાદર કર તો ભૂલને રાખ.

મુમુક્ષુ :- કોણ ટાળે?

ઉત્તર :- એનો એ. બીજો કોણ ટાળે? જાધવજીભાઈ!

એક અંશબુદ્ધિ રાગની છે કે અંશ જ્ઞાન ઓછું ભલે વિકાસ (હો), એના ઉપર દૃષ્ટિ છે એ સંસાર છે. ભગવાન ત્રિકાળી આનંદકંદનો અનાદર થાય છે. અને ત્રિકાળી આનંદ જ્ઞાનનો આદર થતાં ક્ષણિક અવસ્થાનો આદર છૂટી જાય છે. મિથ્યાત્વનું છૂટવું (થાય છે). આહાહા..!

મુમુક્ષુ :- આ કુંજી છે.

ઉત્તર :- આ કુંજી છે. આ કુંજી. કહો, સમજાય છે કાંઈ?

એની પોતે વસ્તુ શું છે આ દેહમાં? આ તો માટી છે, ધૂળ છે. વાણી અવાજ ધૂળ છે, કર્મ ધૂળ છે, પુણ્ય-પાપના વિકલ્પ ભાવ તે વિકાર છે. ભગવાન આત્મા અખંડ આનંદનો કંદ પ્રભુ, જ્ઞાનની મૂર્તિ, જ્ઞાનનો પુંજ, જ્ઞાનનું ધોકડું છે. એ જ પોતે સાધકપણે પરિણમે અને એ જ પોતે સિદ્ધપણે પરિણમે. પરની અપેક્ષાની ત્યાં બિલકુલ જરૂર નથી. એમ સિદ્ધ કરે છે. આહાહા..! રાગની મંદતા અને વ્યવહાર આવો જોઈએ, સંહનન મજબૂત જોઈએ, શરીર સારું જોઈએ, શરીર નિરોગતા હોય તો આ થાય એ બધી ભ્રમણા છે. સમજાણું કાંઈ?

ચૈતન્ય ભગવાન પોતે જ આખું શુદ્ધ સ્વરૂપ વિકૃત પરિણામ વિનાની (ચીજ) એ શુદ્ધ જ પોતે ગુલાંટ ખાઈને પોતાનો આશ્રય લઈ અને સાધકપણે એટલે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રપણે આત્મા પોતે થાય છે. એને રાગ ને મંદ ને નિમિત્તની અપેક્ષા નથી. સ્વયંભૂ. લ્યો. આવે છે ને ૧૬મી ગાથા. ૧૬મી ગાથામાં. સ્વયંભૂ થાય છે. પોતાથી થાય છે. એને બીજાની અપેક્ષા નથી. અરે..! ષટ્કારકો બીજાની અપેક્ષા શું કરવા તું રાખે છે? બીજી આવી બહારની સામગ્રી શોધવામાં વ્યગ્ર શું કરવા થા છો? એમ કહ્યું છે પ્રવચનસાર ૧૬મી ગાથા. ટીકામાં. અરે..! બહારની સામગ્રી શોધવામાં વ્યગ્રતા શું કરવા કરે છે? ભગવાન ત્રિકાળી ષટ્કારકની શક્તિ તારી પડી છે તારામાં. એ દ્વારા તું કર્તા થઈ, કરણ થઈ, સાધન થઈને શુદ્ધ થઈને પરિણમ. એમાં બીજા ષટ્કારકોની જરૂર નથી. આહાહા..! અને તે ખુલાસો-અર્થ કર્યો છે. કોણે? હેમરાજજીએ.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


વ્યવહાર ષટ્કારક તે જૂઠા છે એમ અર્થ કર્યો છે. વ્યવહાર ષટ્કારક જૂઠા છે. હવે એ માટે બધા વાંધા ઉઠાવે છે. અહીં કહ્યું છે જુઓ. છે ને? જુઓ! **'પરમાર્થે કોઈ દ્રવ્ય કોઈનું કર્તા હર્તા થઈ શકતું નથી. આ વ્યવહાર છ કારકો રાગનો કર્તા, રાગ મારું કર્મ, પરનો હું કર્તા એવા છ કારકો અસત્ય નામ જૂઠા છે.'** અર્થ કર્યા છે. **'તેઓ માત્ર ઉપચરિત અસદ્ભુત વ્યવહારનયથી કહેવામાં આવે છે.'** અસદ્ભુત ઉપચાર વ્યવહારનયથી કહેવામાં આવે છે. **'નિશ્ચયથી કોઈ દ્રવ્યને અન્ય દ્રવ્ય સાથે કારકપણાનો સંબંધ છે જ નહિ.'** છે જ નહિ. આહાહા..! એની મોટી તકરાર. એઈ..! તમારે આવે છે ને? ખાણિયા ચર્ચામાં. એ બધી આવે છે આ. અહીં અસત્ય કહેશે. હેં! જૂઠા ઠરાવો છો? હવે લાખ વાર જૂઠા, સાંભળને. વસ્તુ છે પણ આના આત્માના કાર્ય માટે જૂઠા.

મુમુક્ષુ :- લોકોને નાસ્તિનું સ્વરૂપ બતાવ્યું, અસ્તિનું સ્વરૂપ ન બતાવ્યું. ઠગાઈ ગયો.

ઉત્તર :- અસ્તિનું ન બતાવ્યું. ઠગાઈ ગયો. આમ કરો ને આ કરો. ભગવાન એક સમયમાં... અત્યારે આજે ઓલા જુઓને કહે છે ને આ? શું કહેવાય? રજનીશ. વિકલ્પ શૂન્ય થઈ જાવ. અરે..! શું વિકલ્પ શૂન્ય થાય? કોણ છે અસ્તિ? અસ્તિ કેવડો છે? કેટલા ક્ષેત્રમાં? કેટલા કાળથી? કેટલી શક્તિથી? કેટલા સામર્થ્યથી? એના અસ્તિત્વના દૃષ્ટિ વિના તારી નાસ્તિ રાગનો અભાવ કોઈ દી ત્રણ કાળમાં નહિ થાય. શૂન્ય થઈ જઈશ, જડ થઈ જઈશ. પણ માણસને એવું સાંભળીને લાગે કે આહા..! આ પણ આપણે સોનગઢ મહારાજ કહે છે એવું લાગે છે હોં! એવા પણ મળ્યા છે કે નહિ? હિંમતભાઈને કો'ક મળ્યું હતું, એક કહેતો હતો, કો'ક મુમુક્ષુ મળ્યો હતો. ન સમજો તમે, એ તો મહા જ્ઞાની છે. આહાહા..!

એક સેકન્ડના અસંખ્ય ભાગમાં આત્માનું પૂર્ણ સત્ અસ્તિત્વ અનંત, જ્ઞાન, દર્શન, આનંદવાળું અસ્તિત્વ, મહાસત્તા, એના ઉપર દૃષ્ટિ આપતા રાગનો અભાવ, વિકલ્પનો અભાવ થાય. અસ્તિ ઉપર દૃષ્ટિ આપતા વિકલ્પની નાસ્તિ થાય. વિકલ્પને તોડવા જાય તો મિથ્યાત્વ થાય. આહાહા..! વિકલ્પ આ વિકલ્પ, આ વિકલ્પ (એને તોડું). તારે એની સામું જોવું છે? એ તો રાગ છે. એ જ્ઞાન છે? આ વિકલ્પ એને તોડું. એ તો મિથ્યાદૃષ્ટિ પર્યાયબુદ્ધિ થઈ. આહાહા..! કહો, સમજાણું કાંઈ? પણ લોકોને ચૈતન્યની વાસ્તવિકતા શું છે એ સાંભળવા મળે નહિ, પછી કાંઈક ને કાંઈક દોરાઈ જાય. આહાહા..! બહુ સરસ લીધું છે એમાં હોં!

**'પરમાર્થે એક દ્રવ્ય બીજાને સહાયક નહિ કરી શકતું હોવાથી.'** લ્યો, ઓલાએ સહાયકનો પ્રશ્ન કર્યો હતો. ... સહાયક તો છે ને? સહાયક તો છે ને? ના. **'પરમાર્થે એક દ્રવ્ય બીજાને સહાયક નહિ કરી શકતું હોવાથી દ્રવ્ય પોતે જ, પોતાને, પોતાથી, પોતા માટે, પોતામાંથી પોતામાં કરતું હોવાથી આ નિશ્ચય છ કારકો જ પરમસત્ય**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**છે.**' અર્થ લખ્યો છે. એણે બહુ સરસ લખ્યો છે. કારણ કે પાઠમાં છે, ટીકામાં છે. એ લખ્યું છે જુઓને. અરે..! આ શુદ્ધાત્મ સ્વભાવની પ્રાપ્તિ માટે સામગ્રી શોધવાની, બાહ્ય વિકલ્પ અને બહાર નિમિત્તને શોધવાની વ્યગ્રતાથી જીવો નકામા પરતંત્ર થાય છે. અમરચંદભાઈ! આહાહા..! તારામાં શું નથી? ભાઈ! તારે ખજાને ખોટ કાંઈ નથી, બાપુ! પૂર્ણ ભગવાન છો. પણ વિશ્વાસ કેમ આવે? પૂર્ણાનંદ પ્રભુ પોતે ભગવાન પરમેશ્વર સાક્ષાત્ સ્વરૂપ છે પોતે. એનો ભેટો કરતાં પર્યાયમાં પરમેશ્વરતા પ્રગટે છે. બાકી બીજો કોઈ ઉપાય નથી. આહાહા..! સમજાણું કાંઈ? એવું આ એક અસ્તિ તત્ત્વ..

એથી સમયસારની પહેલી ગાથામાં એમ લીધું ને? '**नमः समयसाराय स्वानुभूत्या चकासते**' અસ્તિથી લીધું છે પહેલા કળશમાં. '**नमः समयसाराय**' પૂર્ણાનંદ પ્રભુ હું એને નમસ્કાર કરું છું. એનું નામ ઢળું છું. એમ. '**नमः समयसाराय स्वानुभूत्या चकासते**' એ પોતાની અનુભૂતિની ક્રિયાથી પ્રસિદ્ધ થાય છે. ત્યાં સંવર અને નિર્જરા સિદ્ધ કર્યા. અને '**चित्स्वभावाय भावाय**'. '**भावाय**' નામ અસ્તિ તત્ત્વ છે, વસ્તુ '**भावाय**' ચૈતન્ય '**चित्स्वभावाय**' એનો જ્ઞાનસ્વભાવ છે, આનંદસ્વભાવ છે. એ ગુણ કહ્યો. '**भावाय**' દ્રવ્ય, ગુણ-શક્તિ અને '**स्वानुभूत्या चकासते**' એ પર્યાય. ત્યાં આગળ ક્યાંય અજીવ, પુણ્ય-પાપ, આસ્રવ-બંધની વાત લીધી જ નથી પહેલા શ્લોકમાં.

**नमः समयसाराय स्वानुभूत्या चकासते।**
**चित्स्वभावाय भावाय सर्वभावान्तरच्छिदे।।१।।**

એ જ્ઞાન જ પોતે સાધકપણે પરિણમતું. અહીં કહે છે એમ. એ '**सर्वभावान्तरच्छिदे**' એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોકને જાણે એવા કેવળજ્ઞાનને પ્રાપ્ત પોતે કરે છે. અસ્તિથી વાત લીધી છે, લ્યો પહેલા શ્લોકમાં કળશ. એ આસ્રવ ટાળવો કે બંધ ટાળવો કે અજીવ ટાળવો એ વાત જ લીધી નથી. આહાહા..! સમજાણું કાંઈ?

'**આ ભૂમિકાનો આશ્રય કરનાર જીવ કેવો હોય તે હવે કહે છે :-**' લ્યો! ૨૬૭.

**स्याद्वादकौशलसुनिश्चलसंयमाभ्यां**
**यो भावयत्यहरहः स्वमिहोपयुक्तः।**
**ज्ञानक्रियानयपरस्परतीव्रमैत्री-**
**पात्रीकृतः श्रयति भूमिमिमां स एकः।।२६७।।**

આ તો ધીરજથી (સાંભળવા જેવી) ભાઈ, આત્માની મોક્ષની વાત છે આ ધર્મની. એ કોઈ વાર્તા સાધારણ નથી. આ તો અલૌકિક વાત છે. એટલે અલૌકિક વાતને તો બહુ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


ધીરજથી પકડે અને સમજે તો સમજી શકાય એવી છે. સમજાણું કાંઈ? અનંત કાળના દુઃખના અંત (આવે). આહાહા..! જુઓ! આજ ઓલા જાંજરુ ભાળ્યું ભાઈ સવારમાં. કચરાઈ ગયેલું જાંજરુ નથી થાતું? એ જાંજરુ કોઈ વખતે જ દેખાય. બહુ દેખાય નહિ. એરુ ને જાંજરુ નથી થાતા? જોયું છે તમે? કો'કને દેખાય. અમે બે વાર જોયું છે જિંદગીમાં. જાંજરુ થાય છે. એરુ ને જાંજરુ નથી કહેતા? પટ્ટા પટ્ટા હોય. ચટપટ્ટા. જાંજરૂ સમજો છો? એક જાનવર થાય છે સર્પની સાથે. એ કરડે તો સડો થાય શરીરમાં. મરી ન જાય ઝટ. એ જાંજરૂ પટ્ટા હોય છે આમ. જોયું છે તમે? મેં જિંદગીમાં બે વાર (જોયા છે). એકવાર હીરાભાઈના મકાનમાં જોયું હતું રાતે. પણ મોટું આવડું બચ્ચુ હતું. રસ્તે કાંઈક ખટારો આવ્યો હશે ને કચરાઈ ગયું હતું. ચંદુભાઈ કહે જુઓ! આ જાંજરૂ કહેવાય જાંજરૂ. એ સર્પની જાત નહિ પણ એવી ઝેરી ચીજ, ઝેરી જાનવર હોય છે. પગ બહુ હોય છે. કાનખજુરાના પગ હોય છે ને પગ ઘણા, પણ પટ્ટા હોય છે આમ. પીળું-કાળું... પીળું-કાળું... પીળું-કાળું... પીળું-કાળું. આવડા મોટા. જુદી જાત આખી બધા જનાવરની જાત કરતાં. ભગવાનજીભાઈ! જોયું છે કોઈ દી? કો'ક દી કો'કને હાથ આવે. કોણ જાણે રાતે નીકળે કોઈ વખતે. બહાર નીકળતું નથી. એકવાર હીરાભાઈના મકાનમાં જોયું હતું. એકવાર આ જોયું હતું. મરી ગયેલું ઓલું જીવતું જોયું હતું. પાટ હેઠેથી નીકળ્યું. હતા કે નહિ? ખબર છે ને? રાતે. જુઓ! એ જાંજરાના આવા અવતાર. એવું આમ દેખાવડું. દેખાવડું હોય છે હોં ઈ. જેમ પોપટ દેખાવડો હોય છે ને એ જનાવર દેખાવડું હોય આવું. લાંબુ આવડું મોટું. પગ-બગ. આમ કરડે તો શરીર સડે. સડે. મરે નહિ ઝટ. અનાદિ કાળથી આવા મૃત્યુના દેહ. આમ કચરાઈ ગયું હતું. ભૂક્કો માથે જોયું નહિ કોઈએ. ખટારા નીચે મરી ગયું, દબાઈ ગયું. આહાહા..! જુઓ આ તે આ અવતાર! જન્મ-મરણના. કોઈ સામું જોનાર છે? પાંજરાપોળ છે ત્યાં? કોની પાસે પોકાર કરે ત્યાં? પોકાર તો આત્મા ઉપર કરવો જોઈએ એની તો ખબર ન મળે. પછી ભીંસાય. હાય.. હાય... એવા અવતાર પાછા. ત્યાંથી મરીને પાછા ઢોરમાં ગયું હશે ક્યાંક. ઘણા અવતાર તો તિર્યંચના જ હોય છે. આત્માના ભાન વિના મિથ્યાત્વપણે અનાદિથી આવા ભવ કર્યા પણ એણે હજી દરકાર કરી નહિ. એ અહીં કહે છે.

'**શ્લોકાર્થ :- જે પુરુષ...**' ૨૬૭. '**સ્યાદ્વાદમાં પ્રવીણતા...**' એટલે ત્રિકાળી ધ્રુવ છે ને. વર્તમાન અવસ્થા—બે છે. એનું નામ સ્યાદ્વાદમાં પ્રવીણતા. ત્રિકાળ ધ્રુવ છે અને વર્તમાન અવસ્થા પર્યાય છે. બે છે, બે છે. એકલું ધ્રુવ જ છે અને પર્યાય નથી એમ પણ નથી, પર્યાય છે અને દ્રવ્ય નથી એમ પણ નથી. સમજાય છે કાંઈ? એમ કે આ શું? વેદાંત એકલું કૂટસ્થ માને. ઓલા બૌદ્ધ એકલી પર્યાય માને, અવસ્થા જ માને. ક્ષણે ક્ષણે નવો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


આત્મા થાય એમ માને. ઓલા કૂટસ્થ માને સાંખ્ય આદિ.

અહીં કહે છે કે '**સ્યાદ્વાદમાં પ્રવીણતા...**' ભગવાનના આગમથી, ગુરુગમથી સ્યાદ્વાદની પ્રવીણતા-વિચિક્ષણતા પહેલી મેળવે. કુશળ થાય. '**कौशल**' શબ્દ છે ને? '**स्याद्वादकौशल**' એનું કૌશલ્ય (મેળવે) જ્ઞાન આગમથી અને ગુરુગમથી. દ્રવ્ય અને પર્યાય શું અંદર છે તેમાં નિપુણ થાય. સમજાય છે કાંઈ? દ્રવ્ય છે એ ત્રિકાળી ધ્રુવ છે અને પર્યાય છે તે એક સમયની અવસ્થા છે. આમ બે લીધું છે. એ દ્રવ્ય પોતે પરિણમે છે પર્યાયપણે એમ અહીં લેવામાં આવે. ભાઈ! નહિતર તર્ક તો એમ થાય કે દ્રવ્ય તો કૂટસ્થ છે, પર્યાય પર્યાય પરિણમે છે. એ તો બરાબર બેના ભાગ પાડતા એ બરાબર છે. સમજાણું કાંઈ? બધે એમ જ આવે. પ્રવચનસાર આદિ જુઓને. દ્રવ્ય પોતે શુભ-અશુભપણે પરિણમે છે, દ્રવ્ય પોતે શુદ્ધપણે પરિણમે છે, ભાઈ! આવે છે ને? ... એનું કારણ કે દ્રવ્ય પોતે પર્યાયદૃષ્ટિએ આખું બદલે છે ને? પર્યાય થઈ અને ગઈ પણ આમાં કાંઈ થયું કે નહિ? ગઈ અહીં અને આવી ત્યાંથી. તો એમાં કાંઈ થયો છે કે નહિ ફેરફાર? એ સહિતની પર્યાયનું નિપુણપણું એમ કહે છે અહીં તો. શું કીધું સમજાણું આમાં? નહિતર વસ્તુ તો એવી છે ધ્રુવ સદૃશ ચૈતન્ય તે ત્રિકાળ એકરૂપ. એ પર્યાય પરિણમે છે તો એની અવસ્થા ભિન્ન છે. એ ભિન્ન છે અને આ ભિન્ન છે ધ્રુવ. છતાં એ ધ્રુવ પરિણમે છે, એની પર્યાય થાય છે. એમાં આવે છે ને જાય છે એ દ્રવ્યનું સ્વરૂપ પરિણમે છે એમ આગમથી કુશળપણે પહેલું જ્ઞાન કરવું એમ કહે છે. ભાઈ! આહાહા..! સમજાય છે કાંઈ? ઓલો વિષય જરી બીજી વાત છે કે હું તો ધ્રુવ છું. પર્યાય પરિણમો તો પરિણમો. સંસાર અવસ્થા રાગરૂપ હો તો હો. મોક્ષમાર્ગ હો તો હો. મારામાં કાંઈ છે નહિ. એ તો એક દ્રવ્યદૃષ્ટિના ધ્રુવપણાનું કુશળપણું બતાવવા કહ્યું છે. પણ એ દ્રવ્ય પોતે જ સ્યાદ્વાદ અહીં લીધો છે એ લીધો છે.

દ્રવ્ય વસ્તુ છે ત્રિકાળ અને તેથી દ્રવ્ય એને કીધું. દ્રવ્યતી ઈતિ દ્રવ્યં ભાઈ! ભાષા એની એ થાય છે, જુઓ! દ્રવ્ય પોતે દ્રવે છે. દ્રવે છે એટલે પર્યાયપણે પરિણમે છે. નહિતર ધ્રુવ છે એ તો ધ્રુવ જ છે. સમજાય છે? ધ્રુવ ઉપરની પર્યાયનું ક્ષણિક પરિણમવું સ્વતંત્ર છે. પણ એનું થવું ક્યાંથી છે? છે ત્યાં સ્વતંત્ર છે. વજુભાઈ! પણ એ પરિણમનની અવસ્થા આવી ક્યાંથી? એ માટે કહે છે કે સ્યાદ્વાદમાં નિપુણતા પહેલા (થાય).

જ્ઞાયક ચૈતન્યમૂર્તિ પૂર્ણાનંદ પ્રભુ ધ્રુવ છે એ દ્રવ્ય છે. અવસ્થા થાય છે. નિર્મળની વાત છે અહીં હોં! વિકારની વાત છે નહિ અહીંયાં. વસ્તુ ત્રિકાળ ધ્રુવ એના ભાવમાં બેસવું જોઈએ હોં! ખ્યાલમાં આવવું જોઈએ કે આ ધ્રુવ ચૈતન્ય આ છે અને એની વર્તમાન અવસ્થા થાય છે તે એની પર્યાય છે. એટલે સ્યાદ્વાદ ક્ષણની અવસ્થાને સ્વીકારે છે અને ત્રિકાળીને સ્વીકારે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


છે. આમ સ્યાદ્વાદ છે. આહાહા..! અહીં તો એમ કહ્યું હતું ને પહેલું, ભાઈ! કે જ્ઞાન એકરૂપ છે એ બે રૂપે (સાધકરૂપે અને સિદ્ધરૂપે) પરિણમે છે. એમ કીધું હતું ને? એમ નથી કીધું કે જ્ઞાન પરિણમે છે એ પર્યાયથી ભિન્ન છે.

મુમુક્ષુ :- જ્ઞાન એમ ને એમ રહે છે અને પર્યાય તો થયા કરે છે.

ઉત્તર :- એમ નથી કહ્યું. ઉપાડ્યું જ નથી. ઉપાડ્યું છે આમ. એમ કીધું હતું ને જુઓને. **'કારણ કે તે એક હોવા છતાં પોતે સાધક રૂપે અને સિદ્ધ રૂપે એમ બન્ને રૂપે પરિણમે છે.'** ન્યાયથી વાત છે. સમજાય છે? કેમ કે આખો ભગવાન પૂર્ણ શક્તિનું સત્ત્વ છે ધ્રુવ દ્રવ્ય. એની વર્તમાન અવસ્થા છે એ આવી ક્યાંથી? ધ્રુવમાંથી આવે છે. નિર્મળની વાત છે અત્યારે, હોં! અને પાછી વ્યય થઈ જાય છે તો ગઈ ક્યાં? આ સત્ હતું એ. સત્ હતી એ અવસ્થા. ગઈ ક્યાં? વર્તમાનનો અભાવ થઈ ગયો. અંદરમાં ન જાય તો એ ગઈ ક્યાં? સત્ હતું એ તો. એવા સત્નો અંશ બિલકુલ નકાર બધાનો કરે તો દ્રવ્ય આખું રહેતું નથી. સમજાણું કાંઈ? વાતું ભારે!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સહેલું હતું? એય..! વજુભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ સત્ અંશ હતો કે નહિ સત્? એ સત્ અંશ... અંશ... અંશ... અંશ... અંશનો જેમ નકાર કરી દ્યો તો બધા અંશ વિનાનું દ્રવ્ય થઈ ગયું તો દ્રવ્ય રહેતું નથી પછી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ જુદી. એ માટે તો અત્યારે વાત કરીએ છીએ. એ માટે તો વાત કરીએ છીએ આ. એ દ્રવ્ય છે તો ધ્રુવ છે. ખરેખર ધ્રુવ તો સદશ જાત છે. સદશ પોતે પર્યાયપણે આવતું નથી એ નિશ્ચયની દૃષ્ટિની અપેક્ષાએ વસ્તુ છે. પણ જ્યાં જ્ઞાનપ્રધાનના કથન જ્યાં આવે. એ વાત છે ભાઈ! સમજાણું કાંઈ? તો ભગવાન ચૈતન્ય સત્ સ્વરૂપ એ પોતે પર્યાયદૃષ્ટિથી આમ ગુલાંટ ખાય છે. એ વાત સર્વવિશુદ્ધમાં લીધી હતી એક ફેરી. ભાઈ! ઓલા ક્રમબદ્ધમાં. સર્વવિશુદ્ધ નહિ? શેઠિયા આવ્યા હતા. આઠ વ્યાખ્યાન થઈ ગયા પાછા શેઠિયા આવ્યા હતા તો પાંચ કર્યા. એમાં કહ્યું હતું. જુઓ! આખું ક્રમબદ્ધ પરિણમે છે આમ ક્રમે પરિણમે છે, .. પરિણમે છે. એ એમ કહે છે. એ પરિણમે છે એમાં આખું દ્રવ્ય બદલાઈ જાય છે, પર્યાયદૃષ્ટિથી. ઝીણી વાત છે.

દ્રવ્ય અપરિણામી છે એ બરાબર છે ધ્રુવ તરીકે. દૃષ્ટિના ધ્રુવ તરીકે. પર્યાય પરિણમે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


છે, પણ જ્યારે આખું દ્રવ્ય અને પર્યાય સહિતનું જ્ઞાન કરવું હોય ત્યારે એ દ્રવ્ય પોતે જ પરિણમે છે પર્યાયપણે. અને એ પર્યાય અંદરમાં જાય છે નવી આવીને થાય છે. સમજાય છે કાંઈ? એ આના અર્થમાં દ્રવ્યાર્થિક પર્યાયાર્થિક લીધું છે હોં ક્યાંક. છે ને એમાં. આ કળશ છે ને? ૨૬૭. સ્યાદ્વાદ કૌશલ્ય એ ને?

મુમુક્ષુ :- એ દરેક ઠેકાણે દ્રવ્ય અને પર્યાય બેયને.

ઉત્તર :- હા. લીધું છે ને. એમ લીધું. દ્રવ્ય પર્યાય. લ્યો, એ સ્યાદ્વાદ જુઓ. દ્રવ્યરૂપ અને પર્યાયરૂપ વસ્તુને અનુભવતું કૌશલ્ય. આમાં પણ છે સંસ્કૃતમાં. શું કહેવાય? પરમ અધ્યાત્મ તરંગિણી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સ્યાદ્વાદનો અર્થ જ એ છે. અપેક્ષાએ જ્ઞાનનું સ્વરૂપ. પર્યાયપણે ક્ષણિક, દ્રવ્યપણે ધ્રુવ એવું એનું સ્વરૂપ છે. એમ. સ્યાદ્વાદ આમાં સ્યાદ્વાદને?

એમ કહીને એની સાથે નાખ્યું. '**तत्र कौशल्यं**' એમ નાખ્યું છે. '**कौशल्यं, निपुणता, सुनिश्चलः सुष्ठु अक्षोभ्यः स चासौ संयम-चारित्रं च द्वन्दः ताभ्यां। कीदृशः सः? उपयुक्तः शुद्धोपयोगे सावधान।**' એટલું કર્યું. આપણે ઓલું કૌશલ્યનો નિપુણતા એટલો અર્થ કર્યો. શું વસ્તુ એમ ન લીધું. સાક્ષાત્ વસ્તુ એટલું. સ્યાદ્વાદ એટલે શ્રુતજ્ઞાન. બસ એટલું. સ્યાદ્વાદ એટલે શ્રુતજ્ઞાન. તો શ્રુતજ્ઞાન દ્રવ્ય-પર્યાય બેને જાણે. ઝીણું પડે તો સાંભળવું, હોં!

આત્મા.. પરની સાથે કાંઈ અત્યારે સંબંધ નથી, રાગ સાથે કાંઈ સંબંધ નથી. વસ્તુ પોતે જે આમ ધ્રુવ.. ધ્રુવ નિત્ય અનાદિઅનંત કરાયેલી ચીજ નથી કે નાશ પામે. સચ્ચિદાનંદ સત્ છે વસ્તુ. એ ધ્રુવ. પણ છતાં એની અવસ્થામાં એક સમય, ત્રિકાળી એક વસ્તુ, ત્યારે એક સમયમાં એનામાં અનંતમો ભાગનો કાળ એક સમયની પર્યાય, આ બે ભાગ છે એમાં.

મુમુક્ષુ :- એક વસ્તુમાં બે ભાગ?

ઉત્તર :- એક વસ્તુમાં બે ભાગ. સમજાણું કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :- બે વસ્તુ તદ્દન જુદી નહિ?

ઉત્તર :- તદ્દન જુદી નથી. ઓલી જુદી છે. આની સાથે તદ્દન જુદી હોય તો અસંખ્ય પ્રદેશમાં એક પર્યાયમાં અસંખ્ય પ્રદેશનો ભાગ આવ્યો છે. પર્યાયમાં અસંખ્ય પ્રદેશ આવ્યા છે કે નહિ કાંઈ? કે એકલી પર્યાય અસંખ્ય પ્રદેશ વિનાની રહી ગઈ જુદી? જેટલા પ્રદેશ છે એનો અંશ પર્યાયમાં આવ્યો છે. આખો ભાગ અહીં રહી ગયો છે. શેઠી! આ બધું સમજવું પડશે. સમજ્યા વિના ચાલે એવું નથી પોગળ ન્યાં.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


'**સ્યાદ્વાદમાં પ્રવીણતા...**' એક વાત. જ્ઞાન કહ્યું હતું. જ્ઞાન કહ્યું. વાસ્તવિક દ્રવ્ય અને પર્યાયનું જ્ઞાન એ સમ્યગ્જ્ઞાન થયું. '**તથા (રાગાદિક અશુદ્ધ પરિણતિના ત્યાગરૂપ) સુનિશ્ચળ સંયમ-**' આ સંયમ કીધો. સમજાય છે કાંઈ? વસ્તુનું વાસ્તવિક જ્ઞાન કર્યું અને સુનિશ્ચળ-સંયમ એ ક્રિયા. ઓલું જ્ઞાન, આ ક્રિયા. ક્રિયા એટલે પુણ્ય-પાપના રાગના અભાવરૂપ પરિણતિ તે ક્રિયા. રાગની ક્રિયા નહિ અહીંયાં. સમજાય છે કાંઈ? ધીમેથી સમજો. આ તો પોતે આમ જ છે. એને છે એને જાણવું છે. એમાં કાંઈ નથી ને જાણવું એમ છે નહિ.

કહે છે કે પોતે દ્રવ્ય સ્વરૂપ છે અને એક સમયની પર્યાય એવું શ્રુતજ્ઞાન બરાબર જાણે. બે કહેવું છે ને? '**ज्ञानक्रियानयपरस्परतीव्रमैत्री-**' ત્રીજું પદ છે ને? એની વ્યાખ્યા છે આ. સમજાણું? જ્ઞાન એને કહીએ કે સ્યાદ્વાદ શ્રુતજ્ઞાન એમ કહ્યું ત્યાં. વસ્તુ આમ ત્રિકાળ છે, ધ્રુવ છે એવું પર્યાયમાં જ્ઞાન થયું. તો પર્યાયનું જ્ઞાન થયું તો ધ્રુવનું પણ થયું. હવે પર્યાયમાં સંયમ ક્રિયા આવવી જોઈએ. ક્રિયા. કઈ ક્રિયા? કહે છે, જુઓ! કે '**(રાગાદિક અશુદ્ધ પરિણતિના ત્યાગરૂપ)...**' એ ક્રિયા. વિકલ્પની જે અસ્થિરતા છે એના અભાવરૂપ, એના ત્યાગરૂપ પરિણતિ એનું નામ ક્રિયા. જ્ઞાન અને ક્રિયા બેયની તીવ્ર મૈત્રી સાથે છે. સમજાણું કાંઈ? જ્ઞાન થયું અને સ્વરૂપનું આચરણ કર્યું. લ્યો, એમ છે સંસ્કૃતમાં. ...નો ત્યાગ આપણે આમાંથી લીધું. ભાઈએ નાખ્યું છે. શુભ પરિણામ નાખ્યું છે. એણે શુભ નાખ્યું છે જયચંદ્ર પંડિતે. એમાં પણ નાખ્યું છે.

શું કહે છે? અને આમાં પણ છે-અધ્યાત્મતરંગિણી છે ને. બેય વાત છે એમાં, બેય વાત છે. કેટલામું કીધું આ? જ્ઞાનક્રિયા જુઓ. '**इत्यादि ज्ञान-स्वात्मज्ञानं, क्रियां-स्वात्माचरणलक्षणां चारित्रं**' '**स्वात्माचरणलक्षणां चारित्रं**'. આ ક્રિયા. જ્ઞાન શુદ્ધ ચૈતન્ય એનું જ્ઞાન અને એમાં સ્થિરતા. વિકલ્પ જે છે શુભ-અશુભનો, પંચ મહાવ્રતાદિનો એ વિકલ્પ રહિત સ્વઆત્મઆચરણ લક્ષણ, સ્વઆત્મઆચરણ લક્ષણ. સ્વ આત્મામાં સ્થિરતાવાળા લક્ષણવાળું તેને ચારિત્ર કહીએ. રાગાદિમાં સ્થિરતા એ ચારિત્ર નહિ. આહાહા..!

ભગવાન આત્મા પોતાના આનંદ અને જ્ઞાનસ્વભાવમાં આચરણ ઠરે એનું નામ ચારિત્ર. કહો, સમજાણું કાંઈ? અથવા એમ લીધું છે ભાઈ બે. '**त्रयोदशप्रकारलक्षणं वा**' બે. સ્વરૂપ અંદર છે અને વિકલ્પ વ્યવહારનો હોય છે. પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ અને પંચ મહાવ્રતનો વિકલ્પ એ વ્યવહાર લીધો. એનું અહીં જાણવું અને સ્થિર થવું એ આની ક્રિયા ખરી થઈ. સમજાણું કાંઈ? જુઓ! આ જ્ઞાનક્રિયાભ્યાં મોક્ષ. એના વાંધા છે જગતને. આત્માનું જ્ઞાન કરવું કે આત્મા છે એટલું. અને ક્રિયા, દયા, દાન, વ્રત ને વિકલ્પ એ ક્રિયા. બે થઈને મુક્તિ એમ કહે છે અજ્ઞાની. કહો, સમજાણું કાંઈ? જ્ઞાનક્રિયાભ્યાં મોક્ષ. એમ નહિ. સ્વરૂપ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

જેવું છે આત્માનું તેનું અંતર જ્ઞાન થવું અને જ્ઞાનમાં સ્વ આત્માનું આચરણ થઈને સ્થિરતા થવી એનું નામ ભગવાન ક્રિયા કહે છે. એ ક્રિયા મુક્તિનું કારણ છે.

મુમુક્ષુ :- આમાં તો વ્યવહારથી આવ્યું.

ઉત્તર :- નિમિત્તથી લીધું. જાણવું. નિમિત્ત લીધું. નિમિત્ત એટલે જાણવું. આ ભૂમિકામાં આવા શુભભાવની સત્તા હોય છે એટલું બતાવ્યું છે. સમજાણું કાંઈ? એની સત્તાનું જ્ઞાન કરાવ્યું છે કે એ વખતે આવી એની સત્તા છઠ્ઠું ગુણસ્થાન છે, સ્વરૂપનું ભાન છે અને સ્વરૂપમાં સ્થિરતા થઈને સ્વદ્રવ્યનું આચરણ છે. ત્યાં આગળ વ્યવહાર તરીકે પાંચ સમિતિ ત્રણ (ગુપ્તિના) વિકલ્પની સત્તા છે, સત્તા છે. આમાં નથી પણ .. સત્તા છે એમ જણાવ્યું છે. આહાહા..! સમજાણું કાંઈ? એના અસ્તિત્વનો આ ગુણસ્થાને આવા અસ્તિત્વનો એક ભાગ પરનો છે એટલું જણાવ્યું છે. સમજાણું કાંઈ? દ્રવ્ય-ગુણ ત્રિકાળી શુદ્ધ અને અંતર આચરણ શુદ્ધ અને જ્ઞાન શુદ્ધ. એ વાસ્તવિક. પણ એ ભૂમિકામાં એને યોગ્ય પંચ મહાવ્રતના વિકલ્પ, પાંચ સિમિત-ગુપ્તિના વિકલ્પ એવી એક અસ્તિ, સત્તા છે. આ ભૂમિકાએ આવી જ સત્તા હોય, આ જ ભાવ આવો હોય એ જણાવવા ત્યાં તેર પ્રકાર લીધા છે. અમરચંદભાઈ! આહાહા..! સમજાણું કાંઈ? ઝીણું ભારે પણ માણસને. કેટલું યાદ રાખવું? યાદ નહિ, આ તો વસ્તુનો સ્વભાવ જ આવો છે.

એ '**સુનિશ્ચળ સંયમ-**' જુઓ! સુનિશ્ચળ એટલે સ્વરૂપમાં સ્થિર થવું તે સંયમ. સ્વરૂપ આત્માનું જ્ઞાન અને એમાં ઠરવું, ઠરવું, શાંતિ... શાંતિ... શાંતિ... શાંતિ... એનું નામ ચારિત્ર. એનું નામ જ્ઞાન અને ક્રિયા. કહો, સમજાણું કાંઈ? ભાઈ તો અહીં હતા ને. કપુરવિજય હતા ને ભાઈ! દેરાવાસી, નહિ? અને અહીં ૯૧માં કપુરવિજય દેરાવાસી સાધુ હતા. પછી અહીં એક કામદાર હતા નહિ ઓલા કાંતિભાઈ. એ કાંતિભાઈ કામદારને ત્યાં ગયા હતા કે એ મહારાજ ત્યાં છે. નામ ન લીધું. એ કહે છે કે જ્ઞાન અને ક્રિયાથી મુક્તિ. પણ ક્રિયા.. કપુરવિજય કહે કે ક્રિયા શું? કે આ અપવાસ કરવો, ઓળી કરવી, .. એ ક્રિયા. એ તો મહારાજ ત્યાં ના પાડે છે. ૯૨ની સાલની વાત છે. ૯૨ની સાલ. અહીં પહેલા આવ્યા ૯૧માં. કામદાર હતા અહીં. નહિ? શું કીધું? કાંતિભાઈ. કાંતિભાઈ ત્યાં પછી મળ્યા હતા આપણને .. એ પછી એને બિચારાને જાવું પડ્યું. ત્યાં એક મહારાજ એમ કહે છે કે ક્રિયા આ નહિ. ત્યારે? આત્માનું જ્ઞાન અને એમાં ઠરવું એ ક્રિયા. જરી સરળ હતા. કપુરવિજય કરીને. ગુણાનુરાગી કહેવાતા એ લોકોમાં શ્વેતાંબરમાં. હેં! આપણે અહીં ચોમાસુ કાનજી મહારાજનું કરાવીએ. અત્યારે કોઈ છે નહિ મોટા. ૯૨ની વાત છે. ૯૨ની. આપણે વ્યાખ્યાન સાંભળશું. એમ બિચારા ઓલા હતા વૃદ્ધ હતા ને. બહુ છાપ હતી. કપુર. મેં જોયેલા એને. સંસારમાં

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


જોયેલા ૬૮માં. દાદાસાહેબના દેરાસરે, ભાવનગર. ભાવનગરમાં હતા. ચોપડીયું છપાવતા અને કોઈ આવે એને ચોપડી આપે નાની. એ એનામાં કહેવાતા સદ્ગુણાનુરાગી. એનું બિરૂદ એ હતું. એ કહે હેં આ વાત! છે તો એ ત્યાં કહે છે.

એ જ વાત પછી અમારે ચોટિલામાં થઈ. રતનચંદજીના ગુરુ ગુલાબચંદજી સાથે. એ ૯૦માં. સંપ્રદાયમાં. સંપ્રદાયમાં હતા ત્યાં. મેં કીધું, જુઓ! જ્ઞાન ક્રિયા કહે છે એ. શું તમે કહો છો અહીંયાં? કે આ વ્રત આદિ ક્રિયા. એ નહિ. કોઈ નહોતું. અમે બે જણા હતા. વૃદ્ધ હતા. રતનચંદજીના ગુરુ. કીધું, આ નહિ. ત્યારે? આત્માનું જ્ઞાન અને રાગ રહિતની સ્થિરતા એ મુક્તિનું કારણ છે. વાત તો બેસે છે, એમ કીધું ભાઈ હોં! વાત તો બેસે છે. ત્યારે અત્યાર સુધી તો આ વાત કરે છે. વાત તો આ છે. બીજી વાત? બે વાત થઈ હતી ૯૦ની સાલમાં. જ્યારે ચોમાસુ .. હતું ને ત્યાં સદરમાં? જુઓ! શાસ્ત્રમાં મૂર્તિ છે. ઈ કહે મને પણ છે માન્યતા. એમ કહ્યું હતું બિચારાએ. ૯૦ની વાત છે, સંપ્રદાયની વાત. શાસ્ત્રમાં મૂર્તિ છે. બે વાતમાં ફેર મોટો છે કીધું આ. પૂજા અને મૂર્તિનો ભાવ હોય છે. અસ્તિ હોય છે. આ કીધું ને એવો વિકલ્પ ત્યાં હોય છે અને જ્ઞાનની ક્રિયા આ છે, અને મુક્તિ થાય છે, ઓલાથી મુક્તિ નહિ. જ્ઞાન કરવા માટે છે. સમજાણું કાંઈ? ત્યારે બિચારાએ કબુલ કર્યું હતું હોં! બેયે કબુલ્યું. ઓલામાં તો એમ પણ બોલ્યા હતા કે આખી જિંદગી અમારી શંકામાં ગઈ. આ શાસ્ત્ર વાંચીએ છીએ, શિષ્યો નહિ માને. કારણ કે એમાં મૂર્તિ છે. આવું સલવાઈ જાય છે ને સંપ્રદાયમાં. ભારે કઠણ પડે પાછું નીકળવું.

અહીં કહે છે કે આ જ્ઞાનક્રિયા મોક્ષ આ છે. સમજાણું કાંઈ? આત્મા જ્ઞાનાનંદનું જ્ઞાન અને આ પર્યાય છે અંશ, આ ત્રિકાળ છે. બેનું જ્ઞાન અને પછી ઠરવું અંદર. '**સુનિશ્ચળ સંયમ–**' જુઓ! આણે તો એ જ અર્થ કર્યો છે કળશકારે. આ જ અર્થ કર્યો.

મુમુક્ષુ :- એક જ કર્યો છે.

ઉત્તર :- એક જ કર્યો છે. વસ્તુ તો એમ જ હોય ને. મુક્તિનું કારણ સિદ્ધ કરવું છે ને.

'**પોતામાં ઉપયુક્ત રહેતો થકો...**' '**એ બન્ને વડે...**' બન્ને એટલે? જ્ઞાનાનંદ ભગવાન આત્માનું જ્ઞાન અને એની પર્યાયનું જ્ઞાન બરાબર કરીને પછી અંદરમાં એકાકારનું સંયમ થવું એ '**બન્ને વડે પોતામાં ઉપયુક્ત રહેતો થકો...**' એ બન્ને વડે પોતામાં એકાકાર રહેતો થકો. વ્યવહાર અને નિમિત્ત વડે એકાકાર રહેતો થકો એમ નહિ. સમજાણું કાંઈ? માર્ગ ભગવાન! બહુ ઝીણો છે. વસ્તુ આત્માનો માર્ગ છે આ તો. આત્મા છે એનો માર્ગ છે. આ કોઈનો કલ્પેલો માર્ગ નથી. એ તો ભગવાન આત્મા જ એવો છે દેહમાં પ્રભુ. એનું શુદ્ધ સ્વરૂપ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


અને એની પરિણતિનું જ્ઞાન કરી, આ અવસ્થાએ આવું જ્ઞાન, આટલી અવસ્થાએ (હોય). પછી સ્વરૂપમાં ઠરવું. સ્વનો આશ્રય લઈ અને આત્મામાં સ્વ આચરણમાં ઠરવું. એ બે દ્વારા આત્મામાં ઉપયુક્ત રહેતો થકો. એમ કહ્યું જોયું!

'**પોતામાં ઉપયુક્ત રહેતો થકો (અર્થાત્ પોતાના જ્ઞાનસ્વરૂપ આત્મામાં ઉપયોગને જોડતો થકો)...**' લ્યો, આ જ્ઞાનક્રિયા મુક્તિ. ભગવાનજીભાઈ! ત્યારે આ ક્રિયા ક્યારે આવશે મોક્ષમાં? જાણવા માટે કીધું. અસ્તિ તરીકે વિકલ્પ હો, પણ એનાથી મુક્તિ નથી. એનું જ્ઞાન કરવું. આનું જ્ઞાન કરવું, એનું જ્ઞાન કરવું અને સ્થિર થવું અહીં. સમજાણું કાંઈ? '**तदात्वे**' વ્યવહારે જાણેલો પ્રયોજનવાન. થઈ ગયું એમાં એ આવી ગયું. એ વખતે આ ભૂમિકાએ આવો (રાગ) હોય છે. જાણ. બસ. જાણવા અને સ્થિરતા અને જાણવું બે વડે તારો ઉપયોગ જોડ. મુક્તિનું કારણ છે. તો સિદ્ધ મોક્ષનું કારણ છે. એ સિવાય મોક્ષનું કારણ નથી. કહો, સમજાણું?

જુઓ! '**પ્રતિદિન પોતાને ભાવે છે...**' લ્યો! છે ને પાઠમાં? '**अहरहः**' '**भावयत्यहरहः**' '**अहरहः**' એટલે પ્રતિદિન. રાત અને દિન.. રાત અને દિન એક જ વાત. સ્વરૂપનું જ્ઞાન અને સ્વરૂપના ઉપયોગની સ્થિરતા એ રાત દિન એક જ વાત છે, કહે છે. આહાહા..! એને પોતાને આ રીતે ભાવે છે. '**(-નિરંતર પોતાના આત્માની ભાવના કરે છે),...**' લ્યો! એની મુક્તિ થાય છે. એને જ્ઞાન અને ક્રિયાની મૈત્રી થાય છે. એ વાત થોડી બાકી છે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

**અષાઢ વદ ૧૨, સોમવાર તા. ૨૨-૭-૧૯૬૮**
**શ્લોક-૨૬૭-૨૬૮, પ્રવચન-૫૭૫**

૨૬૭ કળશ ચાલે છે. ફરીને. '**જે પુરુષ સ્યાદ્વાદમાં પ્રવીણતા...**' એટલે કે આત્મા દ્રવ્યે ધ્રુવ છે, પર્યાયે પલટે છે એ અવસ્થાવાળો છે. એવું જેનું શ્રુતજ્ઞાન યથાર્થ છે. દ્રવ્ય એટલે વસ્તુ આનંદ અને શુદ્ધ એ ધ્રુવ વસ્તુ છે. અને પર્યાયમાં-અવસ્થામાં બદલે છે, પલટે છે. એવું જેનું દ્રવ્ય પર્યાયનું સમ્યગ્જ્ઞાન છે એને સ્યાદ્વાદમાં પ્રવીણતા કીધી છે. અને રાગાદિ અશુદ્ધ પરિણતિનો ત્યાગ અને પુણ્યાદિનો વિકલ્પ જે રાગ છે તેનો અભાવ, એવી વૈરાગ્ય પરિણતિ. જ્ઞાન અને ક્રિયા નય. જ્ઞાન એટલે કે વાસ્તવિક પદાર્થનું દ્રવ્ય-પર્યાયનું જ્ઞાન અને એની સાથે જે વિકલ્પ શુભ રાગાદિ છે એના અભાવરૂપ પરિણમન. એટલે જ્ઞાન અને વૈરાગ્ય બે. સમજાણું કાંઈ?

'**(રાગાદિક અશુદ્ધ પરિણતિના ત્યાગરૂપ) સુનિશ્ચળ સંયમ-**' ઉત્કૃષ્ટ વાત છે ને અહીંયાં ચારિત્ર સહિતની? ભાન પણ છે અને રાગરહિત ચારિત્ર એટલે અંતર સંયમ પણ છે. સંયમ એટલે રાગરહિત સ્થિરતા. પંચ મહાવ્રતના પરિણામ પણ એ વિકલ્પ અને રાગ છે. એ કાંઈ સંયમ અને ચારિત્ર નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ વ્યવહારમાં. નિશ્ચયમાં નહિ. નિશ્ચય મહાવ્રતમાં નહિ. બે પ્રકારના મહાવ્રત છે. એક નિશ્ચય મહાવ્રત અને એક વ્યવહાર મહાવ્રત. નિશ્ચય મહાવ્રત એ રાગરહિત સ્વરૂપના ભાનસહિત સ્થિરતા વીતરાગી દશા એનું નામ નિશ્ચય મહાવ્રત છે. આવે છે ને દ્રવ્યસંગ્રહમાં આવે છે. બાર બધા ભેદ પાડ્યા છે વ્યવહારના.

મુમુક્ષુ :- સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણેયની વ્યાખ્યા.

ઉત્તર :- એની વ્યાખ્યા નહિ. એનું બધું આ વ્રતનું બધું આવે છે ને? અર્થમાં ટીકામાં બધું લીધું છે. એ સોમચંદભાઈએ પ્રશ્ન કર્યો હતો પહેલો (સંવત) ૧૯૯૨ની સાલ. દ્રવ્યસંગ્રહમાં આવે છે ને? વ્રત ને નિયમ ને બધા બોલ આવે છે એના. સંવરના સંવરના ભેદ. એ પ્રશ્ન થયો હતો. સંવરના ભેદ પણ અંદર નિશ્ચય છે તેને આવો વિકલ્પ હોય છે એવું સાથે જ્ઞાન કરાવ્યું છે. પણ સંવર તો નિશ્ચય જે આત્માનું ભાન અને રાગરહિત પરિણતિ એ સંવર છે. સમજાણું કાંઈ? દયા, દાનના પરિણામ કે વ્રતના પરિણામ એ કાંઈ સંવર નથી. એ તો આસ્રવ છે. ઝીણી વાત છે, ભાઈ! એના પોતાના ઘરની, ઘરની ચીજ પ્રગટ કર્યા

વિના બહારના વિકલ્પમાં જે આથડ્યા કરે, રઝળ્યા કરે એ તો અનંત કાળથી કરે છે. એના ફળ તરીકે ચાર ગતિ મળે છે. ચાર ગતિમાં કોઈ દેવ મળે તોપણ શું? એ બધા દુઃખના પંથે પડ્યા છે. સમજાણું કાંઈ?

અહીંયાં તો સમ્યગ્જ્ઞાન અનુભવ સહિત એમ કહે છે, હોં! અને રાગાદિ અશુદ્ધ પરિણતિનો ત્યાગ. એ ત્યાગ. બાહ્ય ત્યાગ તો કાંઈ એનો કરેલો થતો નથી. એ તો બાહ્ય અભાવ એને કારણે થાય છે. સ્વભાવ અંતર આનંદ અને પૂર્ણ શુદ્ધ એનું ભાન અને રાગના વિકલ્પના અભાવરૂપ પરિણતિ એવો જે '**સુનિશ્ચળ સંયમ-એ બન્ને વડે પોતામાં ઉપયુક્ત રહેતો થકો (અર્થાત્ પોતાના જ્ઞાનસ્વરૂપ આત્મામાં ઉપયોગને જોડતો થકો) પ્રતિદિન પોતાને ભાવે છે...**' જુઓ! પાઠ છે ને? '**भावयत्यहरहः**' એ ને? '**પ્રતિદિન પોતાને...**' અહીં તો ઉત્કૃષ્ટ વાત લેવી છે ને. શ્રાવકને તો સામાયિક આદિનો કાળ હોય ત્યારે એને શુદ્ધ ઉપયોગ આવે છે. સમજાણું કાંઈ? શ્રાવક એટલે સાચા શ્રાવક, હોં! આ વાડાની વાત નથી.

આત્મા શુદ્ધ ચૈતન્ય આનંદ વસ્તુ એનું નિર્વિકલ્પ સમ્યગ્દર્શન અને જ્ઞાન છે. એને પંચમ ગુણસ્થાનના શ્રાવકને કોઈ વખતે સામાયિકમાં અથવા અમથા શુદ્ધ ઉપયોગની અંદર રમણતા આવે છે. શુદ્ધ ઉપયોગની. એને કદાચિત શુદ્ધ ઉપયોગ કોઈ વખતે હોય છે. સમજાણું કાંઈ? અને અહીં મુનિને પ્રતિદિન પોતાને ભાવે છે. ભાવે છે શબ્દ છે ને? ત્યાં પણ ભાવે છે શબ્દ છે. ભાઈ! ઓલો ભાવે છે ને એવો અર્થ કર્યો એણે? ભાવના છે એ ભાવનાનો અર્થ અહીં ભાવના જ કર્યો છે. જુઓને! જ્ઞાનસ્વરૂપ પોતાના આત્માની ભાવના કરે છે. એનો અર્થ જ એ ભાવે છે, ભાવના કરે છે. ત્યાં એમ કહ્યું છે કે સામાયિકમાં સમકિતી જ્ઞાનીને કોઈ વખતે શુદ્ધ ઉપયોગની ભાવના હોય છે. ત્યારે ઓલાએ અર્થ શું કર્યો કે શુદ્ધ ઉપયોગની ભાવના એટલે આમાં હોય એમ. શુદ્ધ ઉપયોગનું ચિંતવન. અરેરે..! શું કરે છે? એમ નથી.

સામાયિક એને કહીએ કે આત્માનું સમ્યગ્દર્શન છે, સમ્યગ્જ્ઞાન છે અને એમાં શુદ્ધ પરિણતિ પણ નિર્મળ તો સદાય છે. ત્યારે સામાયિકમાં વિશેષ ઉપયોગ લાગી જાય તો અંદર શુદ્ધ ઉપયોગ થઈ જાય છે. એને ત્યાં કદાચિત ભાવના શુદ્ધ ઉપયોગની કહી છે. સંસ્કૃત ટીકામાં જયસેનાચાર્યે. આ એવા અર્થ કરે કે ભાવના એટલે શુદ્ધ ઉપયોગની ભાવના કે અમને શુદ્ધ ઉપયોગ હજો, શુદ્ધ ઉપયોગ થજો. એમ. એવા અર્થ કરે. અરેરે..! સામાયિક થઈને બેઠો છે ત્યાં સમતારસનો સ્વાદ, સમતારસનો સ્વાદ એમાં પડ્યો છે. એટલે એને ઉપયોગ અંદર શુદ્ધ થઈ જાય છે. પાંચમે ગુણસ્થાને, ચોથે થઈ જાય છે એ વળી ગૌણપણે. સમજાણું કાંઈ?

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



અહીં '**अहरहः**' છે. અહીં '**अहरहः**' એટલે પ્રતિદિન છે. મુનિની વ્યાખ્યા છે ને અત્યારે તો. આત્માના દર્શન-જ્ઞાનપૂર્વક પ્રતિદિન શુદ્ધ ઉપયોગમાં રમે છે. સમજાણું કાંઈ? શ્રાવકને કોઈ વખતે ધ્યાનમાં શુદ્ધ ઉપયોગ થઈ જાય છે. શુદ્ધ ઉપયોગ સાંભળ્યો પણ નહોતો. ભગવાનભાઈ! સાંભળ્યો હતો? નહિ.

મુમુક્ષુ :- કોણ સંભળાવે?

ઉત્તર :- કોણ સંભળાવે. સામાયિક કોને કહેવી એને ખબર ન મળે. બે ઘડી નમો અરિહંતાણં...

મુમુક્ષુ :- ખબરનું શું કામ છે? કરતા હતા.

ઉત્તર :- પણ શું કરતા હતા? અજ્ઞાન-રાગ કરતા હતા.

સામાયિક એટલે કે પહેલું સમ્યગ્દર્શન સામાયિક જેને પ્રગટ્યું છે, શુદ્ધ ચૈતન્ય નિર્વિકલ્પ દૃષ્ટિનું ભાન થયું છે, આત્માના આનંદનો સ્વાદ આવ્યો છે એવી દૃષ્ટિવાળો સ્વરૂપના ધ્યાનમાં જાય છે સામાયિકમાં કે પ્રૌષધમાં ત્યારે ઉપયોગ શુદ્ધ થાય છે તેને ખાસ સામાયિક કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? તેથી આચાર્યે '**भावयत्यहरहः**' શબ્દ અહીં મૂક્યો છે. મુનિને તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર નિર્મળ દશા છે અને તેથી તેનો શુદ્ધ ઉપયોગ જામ્યો છે અને દિન-રાત શુદ્ધ ઉપયોગમાં રહેવાને પ્રયત્ન કરે છે. વિકલ્પ આવી જાય છે છઠ્ઠાનો. પણ એને શુદ્ધ ઉપયોગમય પ્રધાનપણે ગણ્યો છે. સમજાણું? એમાં છે કે નહિ? એમાં ક્યાંક છે. છઠ્ઠા ગુણસ્થાને વિકલ્પ હોવા છતાં શુદ્ધ ઉપયોગ મુખ્યપણે ગણ્યો છે. ઓલા .... હોય ને એટલે. એમાં છે. એમ કે વિકલ્પ આવે છે છતાં શુદ્ધ ઉપયોગ એને ગણ્યો છે અને સામાયિકવાળાને શુદ્ધ ઉપયોગ હોવા છતાં મુખ્યપણે શુભ ઉપયોગી એને ગણ્યો છે. એમાં આવે છે ક્યાંક ટીકામાં. એ પ્રવચનસારની ટીકામાં છે. સમજાણું? જયસેનાચાર્યની ટીકામાં. સમજાણું કાંઈ? શું કીધું?

અહીં '**પ્રતિદિન પોતાને ભાવે છે...**' એમ કીધું. '**(-નિરંતર પોતાના આત્માની ભાવના કરે છે),...**' એટલે? શુદ્ધ ઉપયોગની વાત છે અહીંયાં. અંદરમાં જ્ઞાન ને દર્શન ને આનંદ છે આત્મા એવો સ્વાદ અને ભાન થયું. હવે એ સ્વાદમાં એકાકાર થવા માગે છે શ્રાવક પણ. ત્યારે એને કદાચિત શુદ્ધ ઉપયોગ થાય છે. અને મુનિ નિરંતર પોતાના શુદ્ધ ઉપયોગની ભાવના કરે છે. વચ્ચે શુભ વિકલ્પ આવી જાવ છતાં એની ભાવના એની પ્રધાનતા શુદ્ધ ઉપયોગની છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- એની ભાવના કરે છે કે સહજ થાય છે?

ઉત્તર :- **નહિ.** નહિ. ભાવના એટલે? શુદ્ધ ઉપયોગ એ જ ભાવના. સાંભળ્યું નહિ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


ભાવના. આ શું અર્થ કર્યો? એ તો સાંભળ્યો નહિ. એના માટે તો અર્થ કર્યો. એ તો ગયો બધો વયો ગયો. ભાવનાનો અર્થ અહીંયાં શુદ્ધ ઉપયોગમાં રમે એને ભાવના કીધી છે. એ તો વાત થઈ ગઈ હતી ત્યાં હમણાં આવ્યા પછી થઈ ગઈ. ધ્યાન ન રાખ્યું. એનો તો અર્થ કર્યો હમણા. સિંધુડો ગવાઈ ગયો કે શ્રાવકને શુદ્ધ ઉપયોગની ભાવના કદાચિત હોય છે. એ તો અર્થ કર્યો હમણાં મીનીટ પહેલાં. એટલે ભાવના એટલે એમ કોઈ કહે કે કલ્પના અને ચિંતવો શુદ્ધ ઉપયોગ હજો એમ નહિ. શુદ્ધ ઉપયોગરૂપે પરિણમન છે એને ભાવના કીધી છે. મૂળ વાત આખી એવી ફેરફાર થઈ ગઈ છે ને કે જૈન દર્શનનું મૂળ વસ્તુ રહસ્ય છે એ વાત આખી ગુમ થઈ ગઈ. ઉપરથી જાળા-બાળામાં વળગ્યા અને જાણે ધર્મ થઈ ગયો.

જૈનદર્શન એટલે વીતરાગી આત્મા, વીતરાગી નિર્દોષ વસ્તુ. સમજાણું કાંઈ? સ્ત્રી પણ પાંચમે ગુણસ્થાને હોય એ પણ કોઈ વખતે સામાયિકમાં શુદ્ધ ઉપયોગમાં જામી જાય એમ કહે છે. સમજાણું કાંઈ? જેને ધ્યાતા-ધ્યાન-ધ્યેયના ભેદ રહે નહિ. આહાહા..! હવે એ કહે કે ના. છ ઢાળામાં આવે છે ખરું ને. છ ઢાળામાં એમ કે ધ્યાતા-ધ્યાન મુનિને હોય. ભાઈ! એ તો મુખ્યપણે વાત કરી છે. સાંભળને આહાહા..! અરે.. ભગવાન! શું કરે છે? આ વસ્તુ સ્થિતિ ચિદાનંદ જ્ઞાનાનંદ સ્વરૂપ છે. વીતરાગ એટલે નિર્દોષ સ્વભાવનો પિંડ આત્મા છે. એને આત્મા કહીએ. વીતરાગ સ્વભાવ કહો કે વીતરાગ વિજ્ઞાન કહો આત્મા. એ વીતરાગ વિજ્ઞાનનો અનુભવ થયો દષ્ટિમાં ત્યારે ઉપયોગ શુદ્ધ ઉપયોગમાં થયો. પણ પછી શુદ્ધ ઉપયોગ ઘણો કાળ ચોથે અને પાંચમે રહેતો નથી. પણ કોઈ કાળે એને અંદરમાં એકાકાર થતાં શુદ્ધ ઉપયોગ આવી જાય છે. એથી એને શુદ્ધ ઉપયોગની ગૌણતા ગણી છે અને શુભ ઉપયોગની મુખ્યતા ગણી છે. મુનિને શુદ્ધ ઉપયોગની મુખ્યતા ગણી છે. શુભ વિકલ્પ આવે છતાં. કારણ કે સાતમો શુદ્ધ ઉપયોગ કાંઈ લાંબો કાળ રહેતો નથી. પણ છતાં એની ભાવના અંદરમાં એકાકાર રહેવું રમણતા એ જ એની ભાવના છે. સમજાણું કાંઈ? માર્ગની રીતની ખબર ન મળે અને માર્ગ સમજીએ છીએ કે પામીએ છીએ એ વાત આખી ભ્રમમાં ગઈ છે. સમજાણું કાંઈ?

કહે છે કે ધર્માત્મા સંયમ અને દર્શન જ્ઞાન સહિત, સંયમ સહિત છે એમાં ઉપયોગને જોડતો થકો '**પ્રતિદિન પોતાને ભાવે છે (-નિરંતર પોતાના આત્માની ભાવના કરે છે),...**' ભાવના એટલે ઉપયોગમાં જોડે છે એમ. ભાવના એટલે આવો થાઉં, આમ હોઉં તો ઠીક એમ નહિ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


ઉત્તર :- કીધા ને. રાગાદિ રહિત સ્થિરતા. વિકલ્પ રહિત સ્વરૂપમાં સ્થિર.. સ્થિર... શાંત વીતરાગતા એ સંયમ. વીતરાગી શુદ્ધ પરિણતિ એનું નામ સુસંયમ. એ ચારિત્ર. સવારમાં આવ્યું હતું ને. જ્ઞાનચેતના કહો કે શુદ્ધ ચારિત્ર, શુદ્ધ ચારિત્ર હોં! ઓલો રાગાદિ નહિ માટે. શુદ્ધ ચારિત્ર કહો કે જ્ઞાનચેતના કહો. વસ્તુ એક છે. જ્ઞાનસ્વરૂપ ભગવાન જ્ઞાનનો પુંજ પ્રભુ છે એમાં અંતર એકાકાર થઈ જવું એમાં વિશેષપણે, વિશેષપણે છે ને? ..રૂઢ આવ્યું હતું ને. અતિશયપણે, ખાસપણે, ખાસપણે. લીનતા અંદર આનંદમાં આવી જવી એનું નામ સંયમ અને ચારિત્ર છે. શું થાય? માર્ગ તો છે એ રહેશે. દુનિયાનો કલ્પેલો ઊંધો કલ્પશે એટલે કાંઈ માર્ગ બીજો થશે નહિ. સમજાણું કાંઈ?

કહે છે કે '**પ્રતિદિન પોતાને...**' આત્મા શુદ્ધ આનંદની ઉપયોગ રમણતાને ભાવે છે. '**તે જ એક (પુરુષ),...**' એમ કહે છે જુઓ! તે જ એક આત્મા '**જ્ઞાનનય અને ક્રિયાનયની પરસ્પર તીવ્ર મૈત્રીના પાત્રરૂપ થયેલો,..**' જ્ઞાન એટલે સમ્યગ્દર્શન-જ્ઞાન અને રાગાદિ પુણ્ય-પાપરહિતની શુદ્ધ પરિણતિ એ ક્રિયા. એ જ્ઞાનનય અને ક્રિયાનય બેયની મૈત્રી થઈ. સમજાણું કાંઈ? આવો એક પુરુષ એટલે આત્મા અનાકુળ જ્ઞાન અને અનાકુળ આનંદ એવો જે સ્વભાવ એનો અનુભવ દૃષ્ટિમાં લઈ અને પછી સ્થિરતા વિકલ્પ જે શુભ-અશુભ છે એનાથી રહિત શુદ્ધ પરિણતિ નિર્મળ વીતરાગી એવા સંયમમાં વારંવાર જે ઉપયોગથી એકાકાર રહે છે '**તે જ એક (પુરુષ)...**' તે જ એક પુરુષ. બીજો નહિ. એમ.

'**જ્ઞાનનય અને ક્રિયાનયની પરસ્પર તીવ્ર મૈત્રી...**' સમ્યગ્દર્શન-જ્ઞાન એ જ્ઞાનનય છે, અહીંયાં. અને રાગાદિ અભાવનું પરિણમન છે તે ક્રિયાનય છે. સમજાણું કાંઈ? લોકોને એવું લાગે કે આ નિશ્ચય-નિશ્ચય-નિશ્ચય. પણ એ નિશ્ચય એ જ સાચું છે. વ્યવહાર તો વચ્ચે આરોપિત ઉપચારિત આવી જાય છે. આવી જાવ એ જુદી વાત છે પણ એ વસ્તુસ્થિતિ નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ મૈત્રી. કહ્યું ને. સમ્યગ્જ્ઞાન સાથે સ્વરૂપમાં લીનતા. એ જ્ઞાનનય અને ક્રિયાનયની મૈત્રી. ક્રિયાનયની મૈત્રી. ક્રિયા એટલે રાગરહિતની પરિણતિ. કીધીને ત્રણ-ચાર વાર. સમજાણું કાંઈ?

સ્વસન્મુખનું ભાન અને સ્વસન્મુખનો ઉપયોગ, એમ કહે છે. એ સ્વસન્મુખનો ઉપયોગ એ ક્રિયાનય. સમજાણું કાંઈ? વીતરાગ અરિહંત પરમેશ્વરે કહેલો આ માર્ગ છે. 'કેવળી પણ્ણંતો ધમ્મો.' સાંજ-સવાર બોલે છે ને મંગળિકમાં. કેવળી પણ્ણતો ધમ્મો શરણં. એ ક્યુ શરણ? જ્ઞાનાનંદ ભગવાન આત્મા, એનું જ્ઞાન અને અનુભવ કરી અને એમાં ઠરવું એ ચારિત્ર અને

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



જ્ઞાનની ક્રિયા એ વીતરાગનો ધર્મ છે. સમજાણું? એ આત્માનો ધર્મ કહો કે વીતરાગનો (ધર્મ કહો).

'**જ્ઞાનનય અને ક્રિયાનયની પરસ્પર તીવ્ર મૈત્રી...**' જુઓ! તીવ્ર મૈત્રી. એટલે? જેવું જાણ્યું હતું એવો ઠર્યો છે. અંદર જામ્યો છે અંદરમાં. શાંત.. શાંત.. શાંત.. શાંતરસના ચોસલામાં જામી ગયો છે અંદર. અકષાયરસ. એવો '**આ (જ્ઞાનમાત્ર નિજભાવમય) ભૂમિકાનો આશ્રય કરે છે.**' ભગવાન ચિદાનંદ સ્વરૂપ શુદ્ધ એનો આશ્રય કરે છે અને તેથી તેને પૂર્ણપદની પ્રાપ્તિ થાય છે. કહો, સમજાણું? '**पात्रीकृतः श्रयति भूमिमिमां स एकः**'. એટલે? ભૂમિકા એટલે એ જ પ્રાપ્ત થાય છે. એમ. '**આ (જ્ઞાનમાત્ર નિજભાવમય) ભૂમિકાનો આશ્રય કરે છે.**' એટલે? એ વસ્તુની સ્થિતિ એવી જ પ્રાપ્ત થાય છે.

'**ભાવાર્થ :- જે જ્ઞાનનયને જ ગ્રહીને...**' એટલે એકલા જાણપણાની વાત આમાં લેવી. '**ક્રિયાનયને છોડે છે,...**' રાગની મંદતાને છોડે છે અને એકલું જ્ઞાન જાણપણું રાખે છે '**તે પ્રમાદી અને સ્વચ્છંદી પુરુષને આ ભૂમિકાની પ્રાપ્તિ થઈ નથી.**' એ જરી જયચંદ્ર પંડિતનો અર્થ લે છે પહેલો. જાણપણાનો ભાવ પ્રગટ્યો. એકલો હોં! વસ્તુસ્થિતિ નહિ, અનુભવદષ્ટિ નહિ. પણ એમાં રાગની મંદતાનો ભાવ સાથે જોઈએ એને કરતો નથી. '**તે પ્રમાદી અને સ્વચ્છંદી પુરુષને આ ભૂમિકાની પ્રાપ્તિ થઈ નથી.**' એને આત્મજ્ઞાન અને આત્મદર્શન છે નહિ. સમજાણું કાંઈ? સમ્યગ્જ્ઞાન નથી અને રાગની મંદતા નથી એટલે પછી તીવ્રતા રાગની છે. એને આત્મજ્ઞાનની પ્રાપ્તિ થઈ નથી.

'**જે ક્રિયાનયને જ ગ્રહીને...**' અને કોઈ એકલા દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, બાહ્ય ત્યાગ એવો શુભરાગ એને ગ્રહીને '**જ્ઞાનનયને જાણતો નથી,...**' એ રાગરહિત આત્મા આનંદસ્વરૂપ છે એનું જ્ઞાન અને ભાન નથી. એ બેય રખડવાના છે કહે છે. '**ક્રિયાનયને જ ગ્રહીને...**' આખો ચોવીસ કલાક આ ખાવું, આ પીવું, આ ખપે ને આ ન ખપે, આ પૂજા, આ ભક્તિ, આ દાન, આ દાન ને આ લીધું ને આ લીધું. એવા શુભભાવની ક્રિયાને ગ્રહીને. શુભભાવ વિકલ્પ રાગ મંદ. અને '**જ્ઞાનનયને જાણતો નથી,...**' જોયું! શુદ્ધ ચૈતન્ય વસ્તુ શું છે તેને જાણતો નથી.

'**તે (વ્રત-સમિતિ-ગુપ્તિરૂપ) શુભ કર્મથી સંતુષ્ટ પુરુષને...**' લ્યો. એ અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્યના ભાવ છે શુભ એમાં જ સંતોષાઈ ગયો. ઓહોહો..! આપણે તો ઘણું કર્યું. આ પડિમા બહારથી લીધી. મહાવ્રત બહારના વિકલ્પ થયા, નિર્દોષ આહાર-પાણી લેવો અને આવો ન લેવો. જોકે એ તો અત્યારે ઠેકાણા કાંઈ નથી. આ તો ઉદ્દેશિકનું આવ્યું છે આજે બહુ. ભાઈ! ઓલો કટારિયા લખે છે ને. થોડું બાકી હતું ને. બાકી હતું એ લખ્યું. ભાઈ!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


ઉદ્દેશિક આહાર તો સાધુ નિમિત્તે કરે છે એ ઉદ્દેશિક કહેવાય. એ તો વળી કહે કે ગૃહસ્થ પોતાને માટે કરે છે એ પણ ઉદ્દેશિક કહેવાય. ઓલો સામો .. આવું તો કોઈ શાસ્ત્રમાં અમે વાંચ્યું નથી. ગૃહસ્થ પોતા માટે કરે તો ઉદ્દેશિક કહેવાય. પોતા માટે તો કરે છે. એવું એણે લખ્યું છે. ઉદ્દેશિક તો સાધુ માટે કરે કાં એક સાધુ માટે કાં સામાન્ય સાધુ માટે કે હું આ આહાર બનાવું છું સાધુને દેવા. એ ઉદ્દેશિક છે. સમજાણું? ઉદ્દેશિકની વ્યાખ્યા જ ફેરવી નાખી બધાએ. ઓલા ચૂડીવાળાએ તો બહુ ફેરવ્યું. સામે ખૂબ લખ્યું છે. બે પાના ભર્યા છે. પણ કોણ માને અત્યારે? ધણી વિનાના ઢોર ચાલે છે અત્યારે. ન્યાલભાઈ! માથે કાંઈ લગામ નથી. શું થાય? પદવી મહાન ધરાવે મોટી અને તોડી નાખે તરત અને માને કે અમે મુનિ છીએ. ઓહોહો..! મનાવવાવાળા એવા જ નીકળ્યા છે બધા. ગૃહસ્થોને ભાન નથી. પૈસા થોડાક દઈને આપણે દાન-બાન (આપે), પોતે જાતે નહિ, કો'ક પાસે કરાવી લ્યો. જાત્રા કરાવી લ્યો. જાવ. ત્યારે ઓલાએ કહ્યું છે, પણ ભગવાનના વખતમાં જ્યારે ગયા હતા ગિરનાર કુંદકુંદાચાર્ય. ત્યારે કેટલા ગાડા અને કેટલા સાથે હશે બધા? એકલા સંઘ લઈને ગયા હતા એમ લખ્યું છે. ત્યાં ગાડા ને ગાડી લખ્યું નથી કાંઈ. સંઘ તો શ્રાવક, સાધુ એના ચાર ભેદ છે ને સાધુના? એ સમુદાય સાધુ લઈને ગયા હશે. એ સંઘનો અર્થ આવો ક્યાંથી કર્યો? ત્યારે ગાડા.. બધું લાંબુ ચાલ્યું ઘણું. અરે..! ક્યાં બાપુ! આ તો વીતરાગનો માર્ગ એમ કાંઈ છેતરે કાંઈ મળે એવો છે? આહાહા..!

કહે છે, જેને આત્માનું ભાન નથી, સમ્યગ્દર્શન નથી અને કષાયની મંદતા પણ કરતો નથી એ તો રખડવાના છે. પણ જે કષાયની મંદતા (કરે છે), વ્રતને પાળે, સમિતિ જોઈને ચાલે, નિર્દોષ આહાર લે એવી સમિતિ અને ગુપ્તિ. મન-વચન-કાયાને અશુભથી વાળી અને પાછો વાળીને શુભમાં રાખે. એ શુભકર્મ છે-એ શુભકાર્ય છે, પુણ્ય છે, એ ધર્મ નથી. કહો, સમજાણું કાંઈ? વિધિ... વિધિ... વિધિ.. કરો. કહે છે કે એ અપવાસ આદિ બધી વિધિનો ભાવ રાગ મંદ કર્યો હોય તો શુભ છે. એમાં સંતુષ્ટ પુરુષને. સંતોષ માને કે ઓહો..! આપણે કેટલું કરીએ છીએ! કહો, ન્યાલભાઈ! કેટલા વર્ષથી રસ ખાતા નથી. કો'ક કહેતું હતું હમણાં તમારું હોં! કો'ક કહેતું હતું. ત્યાગ ઘણા વર્ષથી એને છે. કો'ક માણસ આવ્યું હતું. એય..! પ્રાણભાઈ! કોને પણ કહેવો ત્યાગ, અહીં કહે છે.

'**(વ્રત-સમિતિ-ગુપ્તિરૂપ) શુભ કર્મથી સંતુષ્ટ...**' પણ એ તો શુભભાવ છે. રાગની મંદતા કરી હોય તો. વ્રત, નિયમ, સંયમ એ '**આ નિષ્કર્મ ભૂમિકાની પ્રાપ્તિ થઈ નથી.**' એને પણ સમ્યગ્દર્શન અને જ્ઞાન એવી ભૂમિકા પ્રાપ્ત થઈ નથી. એમાં સંતોષાઈ ગયા છે. આહાહા..! સમજાણું? પૌષધ કરે. ચોવીસ કલાક આહાર નહિ. એવા તો કેટલાક આઠ આઠ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

દીના પોષા કરે પર્યુષણમાં. આઠેય દી પાણી પણ નહિ અને આહાર પણ નહિ. ચોવિહારા. ચોવિહારા સમજ્યા? પાણી પણ નહિ. પણ શું થયું એ? એ તો રાગની મંદતા કરી (હોય તો પુણ્ય છે). કષ્ટ પડ્યાનો ભાવ થયો હોય તો અશુભ થાય. પણ રાગની મંદતા કદાચિત કરી હોય તો એ પુણ્ય છે, એ કાંઈ ધર્મ નથી. હવે આઠ આઠ દી બિચારા પાણી વિના નિર્જળ-નિર્જળ અપવાસ (કરે). એય..! પ્રાણભાઈ હતા કે નહિ આમાં? હતા ને પ્રાણભાઈએ કર્યા હતા, આઠ દી આઠ અપવાસ કર્યા હતા ૮૭માં. કહો, સમજાણું? બખાઈ હતા કે નહિ? બખાઈને ખબર છે કે નહિ? નહોતા ત્યાં? ઠીક. ૮૭. બહાર હશે. કહો, સમજાણું? સંતોષાય કે આઠ અપવાસ કર્યા હતા. સોળ અપવાસ કર્યા હતા કહે છે લ્યો. અને બાયડીયું તાણી ખેંચી ખેંચીને ચામડા ઓલા કરીને મહિનાના કરે. કહે છે કે એમાં રાગની.. જોકે દુનિયાને દેખાડવા માટે, પ્રશંસા માટે, ધણી કે કુટુંબમાં પૈસા ખર્ચાવા માટે એવી તપસ્યા કરે એને તો એકલું પાપ જ છે. સમજાણું કાંઈ? પણ કોઈને રાગની મંદતાનો ભાવ હોય તો કહે છે કે એ પુણ્ય છે. એ કાંઈ ધર્મ છે નહિ. એમાં સંતોષાઈ ગયા. જાધવજીભાઈ! પર્યુષણના દિવસ હોય, માણસ ભેગું થાય, અપવાસ-બપવાસ કર્યા હોય. પૂછવા આવે શાતા. કેમ છે બા? શાતા છે? હા. પર્યુષણમાં અપવાસ કરે તો પૂછવા તો આવે. ૨૫-૫૦ માણસ, ૧૦૦-૨૦૦ માણસ પૂછવા આવે. ઓહોહો..!

મુમુક્ષુ :- પગ દાબે.

ઉત્તર :- પગ દાબે. હા, પાછા. ઓહોહો..! તમે તો બાપુ બહુ કરી હોં! ઓહોહો..! ધૂળેય કરી નથી, સાંભળને હવે. તારી દૃષ્ટિ તો પર ઉપર છે. પરના ગ્રહણ-ત્યાગ ઉપર દૃષ્ટિ છે એ દૃષ્ટિ તો મિથ્યાત્વ છે. એમાં રાગની મંદતા કરીને તને સંતોષ થઈ ગયો કે આપણે ધર્મ કર્યો, કહે છે કે એ નિષ્કર્મ ભૂમિકાની પ્રાપ્તિ થઈ નથી એને. રાગ વિનાનો આત્મા છે એવું એને સમ્યગ્દર્શન થયું નથી. સમજાણું કાંઈ? દુનિયા સાથે મેળ ખાવો કઠણ છે આ.

બે વાત થઈ એ. ભાન વિનાના ક્રિયાનય—રાગની મંદતા છોડે અને ભાન વિનાના રાગની મંદતા કરે. એમ. બેય રખડવાના છે. બેયને આત્માની દૃષ્ટિ થઈ નથી. પણ '**જે પુરુષ અનેકાંતમય આત્માને જાણે છે...**' જુઓ! એટલે કે આત્મા દ્રવ્યે ધ્રુવ છે, પર્યાયે અધ્રુવ છે, શુભભાવ એમાં નથી, શુદ્ધતા જેમાં છે એવો આત્મા (છે). એમ અનેકાંતથી એવું જ્ઞાન કરીને, '**અનેકાંતમય આત્માને જાણે છે...**' અનેકાંતમય આત્માને જાણે. જુઓ અભેદ. દ્રવ્ય પણ શુદ્ધ છે અને પર્યાય પણ શુદ્ધ છે. રાગ વિનાનો છું એવું જેને અનેકાંતમય જ્ઞાન થયું છે અને અનેકાંત આત્માને જાણે છે એટલે '**(-અનુભવે છે)...**' જુઓ!

ભગવાન આત્મા અનંત ગુણનો પુંજ પ્રભુ, શુદ્ધનો સ્વભાવ, શુદ્ધ સ્વભાવ. એક એક

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


સ્વભાવ શુદ્ધ એવો આખો સ્વભાવનો સાગર આત્મા, એની સન્મુખતા થઈને આત્માને અનુભવે છે, વેદે છે, જાણે છે, સ્વરૂપમાં ટકે છે. **'તથા સુનિશ્ચળ સંયમમાં વર્તે છે...'** બીજો બોલ. એ તો સમ્યગ્દર્શન-જ્ઞાનની વાત કરી. એ ઉપરાંત સુનિશ્ચળ સંયમ-સ્વરૂપની સ્થિરતા વીતરાગતા. સમ્યગ્દર્શન-જ્ઞાન છે એ તો અનુભવ થયો ફક્ત વસ્તુની સ્થિતિનો. પણ એ ઉપરાંત સ્વરૂપની સ્થિરતામાં રમે છે, આત્માની વીતરાગ પર્યાયમાં, આનંદમાં રમે છે.

એ **'(-રાગાદિક અશુદ્ધ પરિણતિનો ત્યાગ કરે છે),...'** એને વિકલ્પનો અભાવ હોય છે. નિર્વિકલ્પ વીતરાગી પરિણતિ હોય છે. **'એ રીતે જેણે જ્ઞાનનય અને ક્રિયાનયની પરસ્પર તીવ્ર મૈત્રી સાધી છે,...'** એ ક્રિયાનો અર્થ અહીં આ કરવો. ઓલામાં ક્રિયામાં રાગની મંદતા કરવો. બેના અર્થમાં ફેર છે. સમજાણું કાંઈ? **'એ રીતે જેણે...'** ભગવાન આત્મા જ્ઞાનનું જેણે જ્ઞાન કર્યું છે અને રાગનો અભાવ કરીને જેણે અંતર સ્થિરતા-સંયમ-ચારિત્ર પ્રગટ કર્યું છે. **'પરસ્પર તીવ્ર મૈત્રી સાધી છે,...'** તીવ્ર મૈત્રી.

**'તે જ પુરુષ આ જ્ઞાનમાત્ર નિજભાવમયી ભૂમિકાનો...'** એટલે જ્ઞાનમાત્ર એવું જે સ્વરૂપ એનું, એવી ભૂમિકા એટલે સ્થિરતા આદિ એનો **'આશ્રય કરનાર છે.'** અને એ દશાને પામે છે. સમજાણું કાંઈ? જ્ઞાન. જ્ઞાન એટલે સમજણનો પિંડ છે એ. ચૈતન્ય જ્ઞાનબ્રહ્મ ભગવાન એવા સ્વરૂપનું ભાન કરી એમાં ઠરે છે એ જ્ઞાનમાત્ર એટલે આત્માનો જ આશ્રય કરે છે. એને રાગનો આશ્રય નથી. અને એને આત્મા જ અનુભવમાં આવે છે એકલો. રાગ અનુભવમાં આવતો નથી. એની મુક્તિ થાય. કહો, સમજાણું આમાં?

**'જ્ઞાનનય અને ક્રિયાનયના ગ્રહણ-ત્યાગનું સ્વરૂપ અને ફળ પંચાસ્તિકાયસંગ્રહ શાસ્ત્રના અંતમાં કહ્યું છે, ત્યાંથી જાણવું.'** લ્યો! પંચાસ્તિકાય છે ને શાસ્ત્ર? એમાં જ્ઞાનનય અને ક્રિયાનયનું ઘણું વર્ણન છે. નિશ્ચયાભાસી અને વ્યવહારાભાસી. અને નિશ્ચયસહિતનો અંદર ઉપયોગ શુદ્ધ એની પણ વ્યાખ્યા છે. એકલા નિશ્ચયાભાસી રાગની મંદતાને છોડી દે છે, વસ્તુનું ભાન નથી. અને વ્યવહારાભાસી શુભરાગને જ ધર્મ માનીને પડ્યા છે, નિશ્ચયનું ભાન નથી. સમજાણું કાંઈ? એ બેયનું ફળ પણ વર્ણવ્યું છે ત્યાં. નિશ્ચયાભાસી તો જાય વનસ્પતિ આદિમાં જશે. વ્યવહારાભાસી કદાચિત પુણ્યને લઈને સ્વર્ગમાં જાય, પણ એ પણ જડ જેવા થઈને ચાર ગતિમાં રખડશે. કહો, સમજાણું આમાં?

**'આમ જે પુરુષ આ ભૂમિકાનો આશ્રય કરે છે, તે જ અનંત ચતુષ્ટયમય આત્માને પામે છે-'** લ્યો, હવે શ્લોક આવે છે. આ રીતે આત્મા અનંત ગુણનો શુદ્ધ પિંડ પ્રભુ એનું સન્મુખ થઈને જ્ઞાન અને પ્રતીત કરી છે અને સ્વરૂપમાં રમણતાની ઉગ્રતા સ્વભાવમાં પ્રગટ કરી છે. એ જીવ આવી ભૂમિકાનો આશ્રય કરે છે તે જ અનંતજ્ઞાન-દર્શન-આનંદને

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


પામે છે. મોક્ષ પામે છે એમ કહે છે. '**તે જ અનંત ચતુષ્ટયમય આત્માને પામે છે-**' જુઓ, અનંત ચતુષ્ટયમય. આહાહા..! અનંતજ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ, અનંત વીર્ય એવી જે મોક્ષદશા એ આત્મમય એવી દશાને પામે છે. બીજો અજ્ઞાની રાગની મંદતાવાળો કે એકલા જાણપણું કરીને રાગની મંદતાને છોડનારો એ આ વસ્તુને પામતો નથી.

૨૬૮ કળશ.

**चित्पिण्डचण्डिमविलासिविकासहासः**
**शुद्धप्रकाशभरनिर्भरसुप्रभातः।**
**आनन्दसुस्थितसदास्खलितैकरूप-**
**स्तस्यैव चायमुयत्वचलार्चिरात्मा।।२६८।।**

આહાહા..! ૨૬૮ કળશ છે. હમણાં તો કશળ જ ચાલે છે ને. સવારમાં પણ કળશ ચાલે છે. અમૃતચંદ્રાચાર્યના કળશો.

'**શ્લોકાર્થ :- (પૂર્વોક્ત રીતે જે પુરુષ...**' પૂર્વ-ઉક્ત. ઉક્ત નામ પૂર્વે કહેલા તે પ્રકારથી '**જે પુરુષ આ ભૂમિકાનો આશ્રય કરે છે)...**' એટલે એ ભૂમિકા પ્રાપ્ત કરે છે. શુદ્ધ દ્રવ્યસ્વભાવને પ્રાપ્ત કરે છે. '**તેને જ, ચૈતન્યપિંડનો નિરર્ગળ વિલસતો જે વિકાસ તે-રૂપ જેનું ખીલવું છે...**' કહો, સમજાણું? એનો અર્થ કરશે પછી ભાવાર્થમાં. એટલે? '**चित्पिण्ड**' છે ને? એ દર્શન કહેશે. અનંતદર્શન થાય છે એનું.

જે કોઈ આ ભૂમિકાનો આશ્રય કરે છે એટલે એ ભૂમિકા પ્રગટ કરે છે એના ફળરૂપે '**ચૈતન્યપિંડનો નિરર્ગળ વિલસતો...**' ભગવાન ચૈતન્યપિંડ છે એની પર્યાયમાં ચૈતન્યપિંડ અનંતદર્શન ઉત્પન્ન થાય છે. અનંતદર્શનનો ઉપયોગ તેને પ્રગટ થાય છે. કહો. કેવો છે એ દર્શનઉપયોગ? '**ચૈતન્યપિંડનો નિરર્ગળ...**' એટલે વિઘ્ન વિનાનો, આગળિયા વિનાનો. '**વિલસતો જે વિકાસ...**' પ્રગટ થતો. જેમ કળી ખીલે છે, કળી જેમ ખીલે છે એમ દર્શનઉપયોગ અનંત ખીલી ગયો. એ અંતરના આત્માના આનંદની દૃષ્ટિ અને આત્માનો અનુભવ, સ્થિરતા એ દ્વારા એને અનંતદર્શન પ્રગટ થાય છે. કહો, સમજાણું આમાં? લ્યો, આમાં તો ક્યાંય શુભરાગથી પ્રાપ્ત થાય કે સંહનન સારું હોય અને મનુષ્યદેહ સારો હોય (તો પ્રાપ્ત થાય) એ તો વાત લીધી નહિ.

મુમુક્ષુ :- શુભરાગ સાતમા સુધી હોય પછી અભાવ કરીને આઠમામાં જાય.

ઉત્તર :- શુભરાગ છે જ નહિ-આત્મામાં છે જ નહિ. જ્યારથી ભાન થયું ત્યારથી છે જ નહિ. ભાન નહોતું ત્યારે પણ હતો તો નહિ. માનતો હતો. કારણ કે આસ્રવ છે એ તો. આસ્રવતત્ત્વ જીવતત્ત્વમાં ક્યાંથી હોય? બે તત્ત્વ એક થઈ જાય છે. સમજાય છે કાંઈ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

જ્ઞાયક તો જ્ઞાયક જ રહ્યો છે. અન્ય રીતે અધ્યવસિત થયો છે. આવે છે ને? પ્રવચનસાર. અનેરી રીતે અધ્યવસિત માને છે. છે તો જ્ઞાયક જ્ઞાયક જ સ્વરૂપ. પણ બીજી રીતે માને છે કે હું રાગરૂપ છું, હું પુણ્યરૂપ છું એવી મિથ્યા માન્યતા કરે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- પૂરું ન સમજાણું.

ઉત્તર :- પૂરું ન સમજ્યા.

એમ કહે છે કે આસ્રવતત્ત્વ અને આત્મતત્ત્વ બે ભિન્ન જ છે સદાય. સદાય જ્ઞાયક ચૈતન્યજ્યોત, ચૈતન્ય ઢગલો જ્ઞાનનો પુંજ પ્રભુ જ્ઞાયક જ રહ્યો છે. દ્રવ્યસ્વભાવ તો દ્રવ્યસ્વભાવ તરીકે અનાદિ જ્ઞાયક જ છે. પણ અનેરી રીતે એણે નિર્ણય કર્યો છે. અધ્યવસિત એટલે અનેરી રીતે એણે નિર્ણય કર્યો છે કે હું રાગવાળો છું, આવો છું એવો એનો ઊંધો નિર્ણય છે. સમજાણું કાંઈ? અનેરી રીતે અધ્યવસિત. અધ્યવસાય એટલે નિશ્ચય કર્યો છે. એની માન્યતામાં નિર્ણય કર્યો છે. વસ્તુ તો વસ્તુ છે. સમજાણું કાંઈ?

જ્ઞાન ચૈતન્ય સ્ફટિક રત્ન. જ્ઞાનનો પુંજ પ્રભુ સ્ફટિક રત્ન એ આત્મા. અનાદિનો એવો ને એવો છે. પણ વસ્તુના અંતર્મુખની અસ્તિત્વના દૃષ્ટિના અભાવે બીજી રીતે નિર્ણય કર્યો એણે કે હું રાગ છું, પુણ્ય છું, વિકલ્પ છું એવો એણે માન્યો છે. વસ્તુ એમ નથી. સમજાણું કાંઈ? હું રાગની ક્રિયા કરનારો છું, પુણ્યની ક્રિયા કરનારો છું એવું અજ્ઞાનીએ અજ્ઞાનમાં માન્યું છે. એ વસ્તુ એમ થઈ ગઈ નથી. થઈ હોય તો પછી આવે ક્યાંથી? થઈ જ નથી. એ તો જ્ઞાનસ્વરૂપ ચિદ્‌ઘન છે. આનંદકંદ આત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ છે. એ રીતે જ છે. કલ્પનાથી બીજી રીતે માને. માને ભ્રમણાથી. અમે પુણ્યશાળી છીએ, અમે પાપશાળી છીએ, અમે પામર છીએ, અમે પંડિત છીએ, અમે મૂરખ છીએ, અમે ધનવાળા છીએ, અમે નિર્ધન છીએ, અમે શરીર સહિત છીએ, વાણીના બળિયા અમે છીએ. એમ અજ્ઞાનીએ માન્યું છે. પ્રાણભાઈ! આહાહા..! ગર્ભશ્રીમંત. લ્યો, માતાના પેટમાં આવે ત્યાંથી ૨૫-૫૦ લાખની મૂડી હોય તો કહે, અમે તો ગર્ભશ્રીમંત છીએ. આ તો પહેલેથી ગરીબ માણસ છે. એમ નથી કહેતા? પહેલેથી ગરીબ છે. એ કહે છે કે તેં માન્યું છે. ગરીબ પણ નથી અને ગર્ભશ્રીમંત પણ નથી. એ તો જ્ઞાનનો પુંજ પ્રભુ છે. સમજાણું કાંઈ? આ નિર્ધનમાં અવતર્યો, આ સધનને કૂળે આવ્યો, બધી અજ્ઞાનીની કલ્પના છે, કહે છે. ભગવાનજીભાઈ! આહાહા..! એ જાધવજીભાઈ!

મુમુક્ષુ :- આપ જન્મની વાત કરી પણ પછી આપ કમાઈ કરી હોય એનું શું?

ઉત્તર :- કોણ કમાતો હતો? એ મૂઢ એમ માને છે. હું આ કમાયો, મને કમાતા આવડ્યું, આને કમાતા ન આવડ્યું, એવી અજ્ઞાનીની માન્યતા છે. મૂળ મુદ્દાની વાત છે અહીં.

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


મુમુક્ષુ :- ઘણા પ્રકાર છે.

ઉત્તર :- ઘણા પ્રકાર છે.

એ ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ સત્ નામ શાશ્વત જ્ઞાન, ચિદ્ એટલે જ્ઞાન અને આનંદ. એવા અનંત ગુણનું રૂપ તે એવો જ છે સદાય. એની ખબર વિના બીજી રીતે માને ભલે. માને એટલે કાંઈ વસ્તુ એવી થઈ જાય છે? અને એવી વસ્તુ થઈ ગઈ હોય તો જ્યાં પાછો પરમાનંદ પ્રાપ્ત થાય એ ક્યાંથી આવ્યો? કહે છે. રાગનો તો વ્યય થઈ જાય છે. તારી માન્યતા તો સધન છું, નિર્ધન છું, કમાવું છું. કમાઉ છોકરો પાક્યો છે. કહે છે ને લ્યો. એય..!

મુમુક્ષુ :- કર્મી પાક્યો કહેવાય.

ઉત્તર :- કર્મી પાક્યો. એ પણ ખોટી વાત છે કહે છે. એ આત્મા એવો છે જ નહિ.

મુમુક્ષુ :- અમારા ઘરમાં આ કર્મી છે.

ઉત્તર :- આ કર્મી છે. ચાર છોકરામાં ડાહ્યો બહુ વિશેષ હોય બુદ્ધિવાળો. વચેટ છોકરો હોય તો કહે, અમારે આ ડાહ્યો છે. મોટો ભાઈ છે પણ જરી ભોળા છે. એમ કહે. જગતની રમત તો જુઓ! આહાહા..! ઘરમાં ચાર બાયું હોય તો (એમ કહે કે) આ ઘરમાં બળુકી છે આ. ઘરમાં આનું બળ ચાલે છે. આની શું કહેવાય તમારે કોણ જાણે શું કહે? ચલણ. ઘરમાં ચાર-છ બાયું છે, ચાર છોકરાની ચાર અને બે છોકરાના છોકરાની વહુ. એમાં આનું ચલણ છે.

મુમુક્ષુ :- હોય જ ને કોક. એ વિના ઘર ચાલે કેમ?

ઉત્તર :- કેમ હશે આમાં જગુભાઈ? નહિ? તમારું તો મોટું ઘર કહેવાય ત્યાં. ચલણ આનું છે. ધૂળેય નથી, સાંભળને હવે.

ભગવાન આત્મા ત્રણ કાળ ત્રણ લોકને એક સમયમાં જાણે એવો જ્ઞાયકસ્વરૂપી છે પ્રભુ. એને બીજી રીતે કલ્પવો એ તદ્દન ભ્રાંતિથી માને છે. આહાહા..! સમજાણું કાંઈ? આ કામી છે ને આ લોભી છે, આ કંજુસી છે ને આ દાતાર છે. આહાહા..! કહે છે કે તેં તારી મૂર્ખાઈથી માન્યું છે આ બધું. પ્રાણભાઈ! ભગવાન આત્મા ચૈતન્યબિંબ છે. એમાં પુરુષ. એમાં પુરુષપણું કે સ્ત્રીપણું (નથી). અહીં પુરુષ થાય તો, હું પુરુષ થઈ ગયો. એને પુરુષ જ આવે સ્વપ્નામાં પણ. સ્ત્રીને સ્ત્રી થઈ એમ આવે. પણ સ્ત્રી-પુરુષ તો જડ છે એમાં ક્યાં આવી ગયું? એનો વિકાર પણ આત્મામાં આવ્યો નથી, તો આ જડના આકાર ક્યાંથી આવી ગયા? બસ! આ આકાર ભાળે. આ દાઢી હોય, ઓલું હોય, ફલાણું હોય એ પુરુષ છે. દાઢી ઉગે નહિ, મુછો ન ઉગે અને ફલાણું થાય આવા અવયવ હોય એ સ્ત્રી છે. ક્યાંથી

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


લાવ્યો પણ આ? એ તો માટીના પલટવાના આકાર છે. એમાં આત્મા ક્યાં આવ્યો? એ તો ન આવ્યો પણ વેદ વાસનાના વિકારવાળો છું એ ક્યાંથી આવ્યો? કહે છે. એમાં છે જ નહિ. આહાહા..!

અલિંગગ્રહણમાં નાખ્યું છે ને. સમજાણું કાંઈ? દ્રવ્ય-ભાવવેદ આત્મામાં છે જ નહિ. આહાહા..! એને આત્મા કહીએ. દ્રવ્યવેદ તો જડ છે, ભાવવેદ વાસના છે વિકૃત. એ વસ્તુમાં ક્યાં છે? સમજાણું કાંઈ? બધાનો હોં! સ્ત્રીનો આત્મા જુદો અને પુરુષનો કોઈ બીજી જાતનો અને નપુંસકનો બીજો એવું કાંઈ નથી. નારકી નપુંસક છે લ્યો. ક્ષાયિક સમકિતી હોય છે ત્યાં. આ શ્રેણિક રાજા. પહેલી નરકે નપુંસક શરીર. સ્ત્રી-પુરુષ ત્યાં હોય નહિ નરકમાં. બહુ પાપ કરીને ગયા છે ને. એ નરકમાં એકલા નપુંસક (થાય છે). પણ સમકિતી છે, ક્ષાયિક સમકિતી, શ્રેણીક રાજા તીર્થંકર થવાના છે ભવિષ્યમાં. હું નારકી થયો છું, હું નપુંસક છું. એ તો માનતા નથી. હું તો જ્ઞાયકસ્વરૂપે છું તે છું. આહાહા..! સમજાણું કાંઈ?

'જે પુરુષ...' **'ચૈતન્યપિંડનો નિરર્ગળ વિલસતો જે વિકાસ તે-રૂપ જેનું ખીલવું છે...'** આવું જે જ્ઞાયકસ્વરૂપ ચિદાનંદ છે એવું જ્યાં ભાન થયું અને એમાં રમ્યો.. રમ્યો.. રમ્યો.. શુદ્ધ ઉપયોગે. એ શુદ્ધ ઉપયોગનું ફળ અનંત દર્શનનું પ્રગટવું. ચૈતન્યપિંડનો નિરર્ગળ-આગળિયા વિનાનો, વિઘ્ન વિનાનો. એમ. વિલસતો-પ્રગટ થતો. વિકાસ તે-રૂપ જેનું ખીલવું છે. અનંતદર્શનથી ખીલી ગયો આત્મા. જેમ કમળ લાખ પાંખડી રૂપે હોય આમ. ખીલી જાય છે આમ. ખીલી ગયું. ભગવાન પોતાની અનંત દર્શનકળાએ ખીલી ગયો. મોર ખીલે છે ને જેમ? આ ઓલું નાનું મોર નથી હોતું? મોરનું આવડું ઈંડું. ખીલે જ્યારે. શું કહે એને? કળા ખીલે નહિ? આમ કરે ત્યારે. આમ. હતી એ ખીલી છે. આત્મામાં દર્શનશક્તિ પૂર્ણ પડી હતી. એને આવા શ્રદ્ધા-જ્ઞાન અને રમણતા દ્વારા ખીલી ગઈ. અનંત દર્શન ખીલ્યું. કેવળદર્શન ખીલ્યું એમ કહે છે અહીં. સમજાણું કાંઈ? ખીલ્યું કેમ વાપર્યું છે શબ્દ? ખીલવું કેમ વાપર્યું છે? કે જેમ કળીમાં તો હતું તો ખરું, આમ વિકાસ થઈ ગયો. વિકાસરૂપ તે-રૂપ જેનું ખીલવું છે એમ કીધું. **'નિરર્ગળ વિલસતો જે વિકાસ તે-રૂપ જેનું ખીલવું છે...'** પોતાની દર્શનકળાનો ઉપયોગ જે અનંત છે એ વિકાસ થઈને ખીલી ગયો, પ્રગટ થયો. ઓહોહો..! એ આત્માના અંતર અનુભવ અને અંતર સ્થિરતા એ દ્વારા જેને અનંત દર્શન ખીલી ગયું. જુઓ! એ મોક્ષનો માર્ગ કીધો અને એનું આ ફળ કીધું. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બેય કીધું.

**'(અર્થાત્ ચૈતન્યપુંજનો જે અત્યંત વિકાસ થવો તે જ જેનું ખીલી નીકળવું**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


**છે),...**' એ જ કીધું. બરાબર છે. '**શુદ્ધ પ્રકાશની અતિશયતાને લીધે જે સુપ્રભાત સમાન છે,...**' એ કેવળજ્ઞાનની વાત કરી. કેવળજ્ઞાન. સુપ્રભાત ફાટ્યું. પ્રભાત સુપ્રભાત હોય છે ને? સૂર્ય ખીલે સુપ્રભાત. એમ કેવળજ્ઞાનનો પ્રકાશ (થયો). સ્વરૂપની દૃષ્ટિ ને અનુભવ ને સ્થિરતા દ્વારા કેવળજ્ઞાન પ્રગટ્યું. એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોક વિશેષ પ્રકાશ દ્વારા જાણે. જુઓ! '**શુદ્ધ પ્રકાશની અતિશયતા...**' ચૈતન્યના નિર્મળ પ્રકાશની ખાસ વિશેષતા, અતિશયતાને કારણે '**જે સુપ્રભાત સમાન છે,...**' એવું કેવળજ્ઞાન ખીલ્યું. એ કેવળજ્ઞાનને સુપ્રભાતની ઉપમા આપી. ઓલો સૂર્ય તો ઊગે અને સાંજે આથમી જાય. આ તો ઊગ્યો એ ઊગ્યો. કેવળજ્ઞાન કળાએ ભગવાન ખીલ્યો એ ખીલ્યો. એ ઉપાય. કળા પ્રગટવાનો ઉપાય એ ભગવાનમાં અંતર કેવળજ્ઞાન પડ્યું છે આત્મામાં. એની જ પ્રતીત, અનુભવ અને સ્થિરતા દ્વારા કેવળજ્ઞાન ખીલે છે. પ્રાપ્તની પ્રાપ્તિ છે. અંદર પડ્યું છે તે પ્રગટ થાય છે. આહાહા..! સમજાણું કાંઈ?

બહારની ઋદ્ધિને સાંભળીને એવો ખુશ થઈ જાય ને લ્યો. સમજાય છે? હા..હા.. હો.. હા.. થઈ જાય. મોટા માંડવા કરે છે ને. મુંબઈમાં બહુ ઓલા માંડવા હોય ચારેકોર. શણગારે બત્તીઓથી. હા..હા.. હો..હા.. હો..હા.. આ શણગાર આત્માનો છે, કહે છે. ધૂળનો શણગાર એમાં કાંઈ નથી. આહાહા..! માંડવા હેઠે મરી જાય એમાં લ્યો. પરણતા મરી જાય. મરે કે નહિ? આમ હથેવાળો આમ પડ્યો હોય તો હેઠે સર્પ આવ્યો હોય મોટો ક્યાંકથી. જંગલમાં માંડવા કર્યા હોય આઘા. ઘણા ગૃહસ્થને એવા ઘરે મકાન હોય નહિ. શું કહેવાય? વાડી-બાડી કરે ને? તમારે શું કહેવાય એ? વાડી. વાડીમાં માંડવા કર્યા. એમાં ક્યાંકથી સર્પ આવી ચડ્યો હોય આમ બરાબર હાથ.. ત્યાં ઉં.. બસ. .. થાય છે. એ મરી જશે. મોટો સર્પ દેખીને. ત્યાં તો મરી જશે એમ કહ્યું.

અહીં આપણે થયું હતું ને? નહિ? બાબુભાઈના છે ને આપણે બાબુભાઈ નહિ? મોઢ. છે કે નહિ મોહનભાઈ ખબર છે? આ બાબુભાઈ નહિ મોઢ? એનો દીકરો નહિ? મોટો બાર વર્ષનો. દુકાનમાં હતો ને સર્પ કરડ્યો હતો. ઘણા વર્ષ થઈ ગયા. જેઠ સુદ ચોથ. મોટો સર્પ અંદર દુકાનમાં રહેતો હશે, લ્યો. આપણે અહીં બાબુભાઈ છે ને ઓફિસમાં. એનો દીકરો હતો બાર વર્ષનો. ઘરમાં હતો. સર્પ રહેતો હતો દુકાનમાં. ત્યાં ઓલો આમ બેઠો હતો. આમ આમ પગ કરતો હતો ત્યાં આવીને કરડ્યો. કરડ્યા ભેગો તો છોકરો મરી જવાનો. એમ બોલ્યો. લઈ ગયા સિહોર. ત્યાં તો રસ્તામાં મરી ગયો. સિહોર લઈ જતા હતા ત્યાં રસ્તામાં મરી ગયો. સર્પને કાઢવા ગારૂડી હતા. ગારૂડી લાવીને તરત કાઢ્યો બહાર. પકડ્યો. મોટો સર્પ રહેતો. ભીંતમાં પોલાણમાં. લ્યો, મૃત્યુ થઈ જશે. અહીં કહે છે કે આત્માના ભાન

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


વિનાના મૃત્યુ થયા છે એના. આને ભાન થશે કે ઓહો..! કેવળજ્ઞાન ખીલી જશે. સમજાણું કાંઈ? જીવનું જીવન કેવળજ્ઞાનપ્રકાશનું જીવન એ ખરું જીવન છે. સમજાણું કાંઈ?

'**શુદ્ધ પ્રકાશની અતિશયતાને (વિશેષતાને) લીધે જે સુપ્રભાત સમાન છે,...**' સૂર્ય ઊગ્યો. બસ! ઊગ્યો એ ઊગ્યો. હવે આથમવાનો નથી. સાદિઅનંત એમ ને એમ રહેશે. આહાહા..! કેવળજ્ઞાનનો પ્રકાશ આત્માના સ્થિરતા અને સંયમ દ્વારા જે પ્રગટ થયો એ કેવળજ્ઞાન એમ ને એમ રહેશે. લ્યો, આ સવાર વર્ષ બેસતું આવે છે ને આ? વર્ષ બેસતાને દી ઘણીવાર પહેલાં લેતા. વર્ષ બેસતાનું સુપ્રભાત. સબરસ બોલે ને? આ સુપ્રભાત છે. આહાહા..! સમજાણું કાંઈ? બે બોલ થયા. અનંતદર્શન અને અનંતજ્ઞાન.

'**આનંદમાં સુસ્થિત એવું જેનું સદા અસ્ખલિત એકરૂપ છે...**' એ સુખ લીધું. આનંદમાં સુસ્થિત. ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદની પૂર્ણ શક્તિ તો પડી જ છે. એનો અનુભવ હતો, એની સ્થિરતા હતી. હવે એ શક્તિથી, ઉપાયથી ખીલી ગયો. અનંત આનંદ જેને પ્રગટ્યો. જોયું! '**આનંદમાં સુસ્થિત એવું જેનું સદા અસ્ખલિત એક રૂપ છે...**' એ આનંદ પ્રગટ્યો એ પ્રગટ્યો, એ સદા અનંત કાળ એમ ને એમ રહેશે. આહાહા..! સમજાણું કાંઈ? અહીં તો પાંચ વર્ષ વળી પૈસાવાળો કહેવાય, વળી પાંચ વર્ષે દરિદ્ર થઈ જાય ને વળી.. કાંઈ નું કાંઈ હેરાન-હેરાન છે. પૈસાવાળો પણ દુઃખી અને દરિદ્ર પણ દુઃખી.

મુમુક્ષુ :- પૈસાવાળો પૈસા વગરનો થાય ત્યારે દુઃખી થાય ને.

ઉત્તર :- એ વખતે દુઃખી છે બિચારો, ભિખારી છે. પૈસા લાવો.. પૈસા લાવો. પ્રાણભાઈ! ભિખારી છે? મોટો ભિખારી છે. ઝાઝુ માગે એ મોટો ભિખારી. કહ્યું હતું ને એક ફેરી? થોડું માગે એ થોડો માગણ, ઝાઝુ માગે એ મોટો માગણ. કાંઈ જોઈતું જ નથી. આત્માના આનંદ સિવાય ક્યાંય જોઈતું નથી. એવી દૃષ્ટિ અને અનુભવ થયો એટલે અનંત આનંદમાં સુસ્થિત '**એવું જેનું સદા અસ્ખલિત એક રૂપ છે...**' કહો, પહેલામાં અનંત દર્શન કહ્યું, બીજામાં અનંત જ્ઞાન કહ્યું, ત્રીજામાં અનંત આનંદ કહ્યો. હવે વીર્ય કહે છે. એક બાકી રહ્યું ને? અનંતચતુષ્ટય.

'**અચળ જેની જ્યોત છે એવો આ આત્મા...**' લ્યો! અચળ જેની જ્યોત. અનંત વીર્ય પ્રગટ્યું. એ વીર્ય પાછું પડે નહિ. સમજાણું કાંઈ? '**अचलार्चि**' છે ને? છે ને પાઠમાં? '**अचलार्चिरात्मा**' છેલ્લો શબ્દ છે. '**अचलार्चिरात्मा**' કારણ કે જ્ઞાન, દર્શન, આનંદનું અંદરમાં વીર્ય, અનંત વીર્ય પ્રગટ્યું-બળ-તેજ. કહો. '**અચળ જેની જ્યોત છે એવો આ આત્મા ઉદય પામે છે.**' એ ચાર શક્તિના વ્યક્ત દ્વારા આત્મા ઉદય-પ્રગટ થાય છે. કહો, સમજાણું? ઓહોહો..! હમણાં આનો સમય છે એમ કહે છે ને માણસો? આ આનો સમય છે. એમ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


કહે છે. ભાઈ, હમણાં એનો સમય (છે). દીકરાઓ કહ્યાગરા, બાયડીયું સારા ઘરની, છોકરા પાક્યા સારા. બધા એક પછી એક બુદ્ધિવાળા. વહુરુ પણ ઘણા ખાનદાન કુટુંબની આવે. મકાન લેવા જાય પચાસ હજારનું હોય લે ત્યાં બે લાખનું નીકળે. પાકા મજબુતવાળા. ભાઈ! હમણાં તો એનો સમય છે. એમ કહે છે કે નહિ? ધૂળેય નથી સમય કહે છે.

મુમુક્ષુ :- એમાં પણ મેળ નથી ખાતો.

ઉત્તર :- મેળ નથી ખાતો? પણ મેળ ખાય તોપણ દુઃખી થાય છે એમ કહીએ છીએ.

મુમુક્ષુ :- એ તો કોઈ એવી જાતનું પુણ્ય હોય તો મેળ પણ ખાય.

ઉત્તર :- મેળ પણ ખાય. એવો મેળ ખાય કે ઓહોહો..! છોકરા એવા પાકે, સરખા પાકે. ઓલો તો પાપનો ઉદય હોય તો સારું જ્યાં હોય તો છોકરો એક ટાંગાવાળો પાકે, કાં પક્ષઘાતવાળો પાકે. એ મોળા પુણ્ય છે. કાં બુદ્ધિ ઓછી પાકે. પાકવા માંડે ત્યાં .. બુદ્ધિ. પુણ્ય ફર્યા. સમજાણું કાંઈ?

અહીં તો કહે છે, ફરે જ નહિ કાંઈ. જેવું જ્ઞાન-દર્શન અને આનંદનું વીર્ય પ્રગટ્યું એવું વીર્ય સદાય રહેશે. એવું બળ સદાય રહેશે. એવો **'આ આત્મા ઉદય પામે છે.'** લ્યો, મોક્ષની વાત કરી. આવા આત્માના સ્વરૂપની દૃષ્ટિ અને અનુભવ અને સ્થિરતા દ્વારા આવી દશા એને પ્રગટ થાય છે. એ દશાને મોક્ષ ને કેવળજ્ઞાન-દર્શન-આનંદ કહેવાય છે. ભાવાર્થ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


**અષાઢ વદ ૧૩, મંગળવાર તા. ૨૩-૭-૧૯૬૮**
**શ્લોક-૨૬૮ થી ૨૭૦, પ્રવચન-૫૭૬**

૨૬૮. એનો ભાવાર્થ. પરિશિષ્ટ છે આ. સમયસારનું પરિશિષ્ટ.

'**ભાવાર્થ :- અહીં चित्पिण्ड ઈત્યાદિ વિશેષણથી અનંતદર્શનનું પ્રગટ થવું બતાવ્યું છે,...**' ચાર વિશેષણો છે શ્લોકમાં. એમાંથી પંડિતજી ચાર કાઢે છે. '**चित्पिण्ड**' અમને પ્રાપ્ત થાઓ. એનો અર્થ કે અનંત દર્શનઉપયોગ એ પ્રાપ્ત થાઓ. સમજાણું? '**शुद्धप्रकाश**' '**ઈત્યાદિ વિશેષણથી અનંત જ્ઞાનનું પ્રગટ થવું...**' ત્યાં જ્ઞાન કીધું કેવળજ્ઞાન. કેવળજ્ઞાનનું પ્રગટ થવું બતાવ્યું છે. '**आनन्दसुस्थित**' '**ઈત્યાદિ વિશેષણોથી અનંત સુખનું પ્રગટ થવું બતાવ્યું છે...**' અમને અનંત આનંદ પ્રગટ થાઓ, અનંત જ્ઞાન, અનંત દર્શન. બીજું કાંઈ જોઈતું નથી. અને '**अचलार्चि**' '**વિશેષણથી અનંત વીર્યનું પ્રગટ થવું બતાવ્યું છે. પૂર્વોક્ત ભૂમિનો આશ્રય કરવાથી જ આવા આત્માનો ઉદય થાય છે.**' લ્યો!

કહે છે કે આત્મા શુદ્ધ ધ્રુવ ચૈતન્યસત્તા વીતરાગ વિજ્ઞાનઘન. આત્મા એટલે વીતરાગ વિજ્ઞાનઘન. એનો આશ્રય કરવાથી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થાય છે અને એનો આશ્રય કરવાથી આવી દશા પૂર્ણ પરમાત્મા સિદ્ધ દશાની પ્રાપ્તિ થાય છે. કહો, સમજાણું આમાં? આ એની ક્રિયા. શુદ્ધ વિજ્ઞાનઘન. વીતરાગ વિજ્ઞાનતા આવે છે ને. ટોડરમલજીમાં નહિ?

મંગલમય મંગલ કરણ વીતરાગ વિજ્ઞાન.
નમો તે જેથી થયા અર્હંતાદિ મહાન.

પાંચ પરમેષ્ઠી જે થયા એ કેમ થયા? કે આત્મા વીતરાગ વિજ્ઞાનઘન છે એનો આશ્રય કરીને થયા. વીતરાગ વિજ્ઞાનપણે પ્રાપ્ત થયા. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ..પ્રાપ્ત કરવા માટે વ્યવહાર જોઈએ ને?

ઉત્તર :- વ્યવહાર થવાનો પ્રશ્ન ક્યાં છે? આ તો ભગવાન આત્મા જોઈએ, ત્યાં આશ્રય કરવા માટે એમ કહે છે. વીતરાગ વિજ્ઞાનતા પ્રગટ કરવા માટે વીતરાગ વિજ્ઞાનઘન આત્માનો આશ્રય કરવો જોઈએ. જેમાં હોય એમાંથી આવે. વ્યવહાર અને રાગમાં છે વીતરાગ વિજ્ઞાનતા? કહો, સમજાણું કાંઈ? ઓલામાં એમ લીધું ને? 'ત્રણ ભુવનમેં સાર વીતરાગ વિજ્ઞાનતા.' શિવમય શિવકરણ. શિવમય અને શિવકરણ. મોક્ષમય છે અને મોક્ષનું કારણ છે. નમું ત્રિયોગ સમ્હારિકે. છ ઢાળામાં આવે છે ને? અમરચંદભાઈ! એ વાત કરી છે.

મુમુક્ષુ :- મંગલમય મંગલકરણ.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


ઉત્તર :- એ ટોડરમલજીમાં કહ્યું. એ ટોડરમલજીમાં કહ્યું. અને એમાં કહ્યું 'ત્રણ ભુવનમાં સાર વીતરાગ વિજ્ઞાનતા.' એ છ ઢાળામાં કહ્યું. અને શિવમય શિવકરણ એ વીતરાગ વિજ્ઞાન છે એ શિવમય છે. મોક્ષનું સ્વરૂપ જ વીતરાગ વિજ્ઞાન છે અને એ વીતરાગ વિજ્ઞાન મોક્ષનું કારણ છે. છ ઢાળામાં આવે છે. શેઠી! પણ ક્યાં લોકોને વાંચન, મનન, મંથન (ન મળે). શું છે એમાં? કહ્યું છે કેટલું? સાદી ભાષામાં કહ્યું છે, લ્યો! વીતરાગ વિજ્ઞાનતા એ શિવસ્વરૂપ છે અને એ શિવસ્વરૂપનું કારણ છે. લ્યો. એમાં કોઈ રાગ કે નિમિત્ત કારણ-ફારણ નથી. એમાં આવ્યું કે નહિ? અમરચંદભાઈ! છ ઢાળામાં પહેલા પદમાં. એ અહીં કહે છે.

'**પૂર્વોક્ત ભૂમિ...**' આત્મા ખરેખર એને અંતર બેસવી જોઈએ વાત કે આ આત્મા તો વિજ્ઞાનઘન અને વીતરાગસ્વરૂપ જ છે. વીતરાગસ્વરૂપ એટલે ચારિત્રસ્વરૂપ, સમરસ સ્વરૂપ. શાંત અકષાય સ્વભાવ એ પરિપૂર્ણ અને એકલો જ્ઞાન વિજ્ઞાનઘન. એવું જ એનું સ્વરૂપ છે. એની સાથે અનંત ગુણો ભલે હો. આ બે મુખ્યતા છે. વિજ્ઞાન અને વીતરાગ. એમાં આનંદ અને વીર્ય આવી જાય છે. આનંદ અને વીતરાગતાનીમાં રચનામાં કારણ કે એકલું વિજ્ઞાન અને વીતરાગતા છે ત્યાં આનંદ હોય જ અને એની રચનામાં એનું વીર્ય હોય જ. સમજાણું કાંઈ?

એ અહીં ચાર (ગુણે) કહ્યું કે વીતરાગ વિજ્ઞાનઘન જે આત્મા છે એને પહેલો જાણવો જોઈએ કે એમાં રાગ વ્યવહાર નિમિત્ત કાંઈ ચીજ છે નહિ. જાણીને એની અંતર દૃષ્ટિ કરીને આશ્રય લેવો જોઈએ. અથવા દૃષ્ટિને એનો આશ્રય લેવો જોઈએ. સમજાણું કાંઈ? એવો જે વીતરાગ વિજ્ઞાનઘન એનો આશ્રય કરવાથી પ્રથમ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ પણ એનો આશ્રયે કરવાથી થાય અને પૂર્ણ કેવળજ્ઞાન, દર્શન, વીર્ય અને આનંદ એ પણ એનો જ આશ્રય કરવાથી થાય. સમજાણું આમાં?

'**પૂર્વોક્ત ભૂમિનો આશ્રય કરવાથી જ આવા આત્માનો ઉદય થાય છે.**' ઉદય થાય એટલે આત્મા જેવો છે તેવો પર્યાયમાં પ્રગટ થાય છે. એમ. ઉદય એટલે પ્રગટ થાય છે. એવો જ હતો. સમજાણું? ચૈતન્યઘન છે અને વીતરાગ મૂર્તિ જ આત્મા છે. આ મૂર્તિ એટલે? આ મૂર્તિ નહિ, હોં! વીતરાગસ્વરૂપ. વીતરાગ મૂર્તિ એટલે અરૂપી ચૈતન્યઘન વીતરાગમૂર્તિ છે. એનો આશ્રય કરવાથી આ દશાને પ્રાપ્ત થાય અને આત્મા પ્રગટ થાય છે. બીજો કોઈ એનો ઉપાય નથી. કહો, સમજાણું? દુઃખથી મુક્ત થવું હોય તો આ માર્ગ છે.

પ્રવચનસારમાં આવે છે ને? ચરણાનુયોગની નહિ? પહેલી ગાથા. પહેલી. અભિલાષ જો દુઃખથી મુક્તની. આચાર્ય કહે છે. ઓહોહો..! પહેલી જ ગાથા ચરણાનુયોગમાં કીધું, લ્યો. દુઃખથી વિકાર અને આકુળતા જે સંસાર ઝળહળી રહ્યો છે અગ્નિ વિકારથી, એનાથી

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


મુક્તિની જેને અભિલાષ છે એ આ કહીએ છીએ તે માર્ગ આદરો. સમજાણું કાંઈ? એમ ચરણાનુયોગની પહેલી ગાથામાં પ્રવચનસારમાં કહ્યું, લ્યો.

**'એવો જ આત્મસ્વભાવ અમને પ્રગટ હો એમ હવે કહે છે :-'**

૨૬૯.

**स्याद्वाददीपितलसन्महसि प्रकाशे**
**शुद्धस्वभावमहिमन्युदिते मयीति।**
**किं बन्धमोक्षपथपातिभिरन्यभावै-**
**र्नित्योदयः परमयं स्फुरतु स्वभावः।।२६९।।**

આચાર્ય પ્રાર્થના કરે છે.

'**શ્લોકાર્થ :- સ્યાદ્વાદ વડે પ્રદીપ્ત કરવામાં આવેલું...**' શ્રુતજ્ઞાન દ્વારા આત્માને પ્રગટ કર્યો. ભાવશ્રુતજ્ઞાન દ્વારા આત્મા ચૈતન્યમૂર્તિ એનો અનુભવ કરીને પ્રગટ કર્યો. સમજાણું કાંઈ? '**સ્યાદ્વાદ વડે પ્રદીપ્ત...**' વિશેષે પ્રગટ કરવામાં આવેલું '**લસલસતું જેનું તેજ છે...**' ભાષા જુઓ અહીંયાં ગુજરાતી. હિન્દીમાં શું છે?

મુમુક્ષુ :- લહલહતા.

ઉત્તર :- લહલહતા હુઆ. એ શબ્દ વપરાય છે તમારે? હિન્દીમાં ચાલે છે? લખ્યું છે. લસલસતો અમારે ચાલે છે બહુ. શીરો થાયને, લસલસતો શીરો. શીરો-શીરો. ઊનું કરે ને લસલસતું આમ. ઘી-ઘી તરબોળ લસલસતો.

એમ અહીં કહે છે કે સમ્યગ્જ્ઞાનના શ્રુતજ્ઞાન દ્વારા આત્માને પકડી અનુભવ કરી જેણે પ્રદીપ્ત કર્યો છે આત્મા લસલસતું તેજ. સમ્યગ્જ્ઞાન અને શાંતિનું તેજ જ્યાં પ્રગટ થયું છે. સમ્યગ્દર્શન ને જ્ઞાન ને ચારિત્ર એ આત્માના આશ્રયે પ્રગટ કરતાં ચૈતન્યતેજ જેની પર્યાયમાં સમ્યગ્દર્શન-જ્ઞાન શાંતિથી લસલસતું (પ્રગટ થયો). જેમ શીરો લસલસતો કહે છે ને? એમ આત્માની દશા આનંદસહિત લસલસતી પ્રગટ થઈ. આહાહા..! કહો, સમજાણું? આ પુણ્ય ને પાપ ને રાગ અને દ્વેષ એ અગ્નિ અગ્નિ સળગે છે ત્યાં. ભઠ્ઠી બળે છે વિકારની. શુભ અને અશુભરાગ વિકલ્પ વિકાર ભઠ્ઠી છે અગ્નિ. એનો આશ્રય છોડી, એની રુચિ છોડી જેણે જ્ઞાન સમ્યગ્જ્ઞાન દ્વારા આત્માને પ્રગટ કર્યો. ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય છું એમ જેણે સમ્યગ્જ્ઞાન દ્વારા '**પ્રદીપ્ત કરવામાં આવેલું લસલસતું (-ઝગઝગાટ કરતું) જેનું તેજ છે...**' આહાહા..! ઝગઝગાટ કરતું. આમાં આવે છે ને આમાં પણ. દીવા હોય ઝગમગાટ. ઝગમગ ઝગમગ એમ નથી કહતા? બહુ દીવા હોય ને બહુ દીવા? ઝગમગ ઝગમગ છે.

આત્માના ચૈતન્યના તેજ ઝગમગ છે અહીં તો, કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

બહારની સાથે કાંઈ સંબંધ નથી. એનામાં જે પુણ્ય ને પાપ અને મિથ્યાત્વભાવ હતો એ અંધારું હતું એકલું. એનો વ્યય કરી, ચૈતન્ય ભગવાન આત્મા ભાવશ્રુતજ્ઞાન દ્વારા અંતર એકાગ્ર થઈ અને જે અંદર તેજ પ્રગટ્યું, કહે છે, '**પ્રદીપ્ત કરવામાં આવેલું...**' સમજાય છે? શક્તિમાં હતું તેને પ્રગટ કરવામાં આવ્યું છે. કાંઈ બહારથી આવતું નથી. આહાહા..! ઝીણો વિષય એવો લાગે માણસને કે આ શું કહે છે? ભાઈ! તારામાં અનંત આનંદના તેજ અને જ્ઞાનના તેજ પડ્યા છે અંદર. સમજાય છે? ધ્રુવસ્વભાવ, નિત્યસ્વભાવ સચ્ચિદાનંદ પ્રભુ અનંત જ્ઞાનના તેજ, અનંત આનંદના તેજ વીર્ય અને શાંતિ-ચારિત્રના તેજ પડ્યા છે. એને અંતર સ્વચતુષ્ટય અનંત ચતુષ્ટય તો શક્તિરૂપ પડ્યા છે એમ કહે છે. શું કીધું સમજાણું? સ્વચતુષ્ટયમાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ, વીર્ય અંદર પડ્યું છે. સમજાણું આમાં? એમાંથી શ્રુતજ્ઞાનની એકાગ્રતા દ્વારા પ્રગટ કરવામાં આવેલું '**લસલસતું (ઝગઝગાટ કરતું) જેનું તેજ છે...**' આહાહા..!

'**અને જેમાં શુદ્ધસ્વભાવરૂપ મહિમા છે...**' જુઓ આ મહિમા એની! મહિમા. શુદ્ધપણું પ્રગટ્યું એ એની મહિમા છે. શુભભાવની કાંઈ મહિમા નથી. શુભભાવ કષાય છે. શાંતિને વિઘ્ન કરનાર વિકલ્પ છે એ તો. આ તો ભાવ પ્રગટ થયો એ શુદ્ધ સ્વભાવરૂપ જેની મહિમા છે. ઓહો..! જેવો શુદ્ધ સ્વભાવ હતો એવો પર્યાયમાં શુદ્ધ સ્વભાવ પ્રગટ કર્યો. એવો શુદ્ધ.. જુઓ! મુનિ પોતે કહે છે હોં! પ્રત્યક્ષ થઈને. અમને અમારો શુદ્ધ સ્વભાવ જે છે ત્રિકાળ એ અમને અંતર્મુખ થતાં પ્રગટ થયો છે. એવો જેનો મહિમા છે. કહો, આમાં કોઈ શુભભાવની મહિમા નથી. ક્યાં ગયા? એઈ.. ચીમનભાઈ! શોભા-બોભા નથી કાંઈ. આહાહા..! એમાં-વસ્તુમાં ગંધ ક્યાં છે શુભની?

ભગવાન આત્મા અનંત શાંતિ અને અનંત આનંદ અને શાંતિ એટલે ચારિત્ર. અનંત જ્ઞાન, અનંત દર્શન અને અનંત વીર્યની મૂર્તિ એ તો વસ્તુ છે. જેની અંતરમાં ભાવશ્રુતજ્ઞાન દ્વારા એકાગ્ર થવાથી સ્યાદ્વાદથી શુદ્ધ ઉપયોગ દ્વારા. સમજાણું કાંઈ? શુદ્ધ ઉપયોગ દ્વારા જેણે અંતર પ્રગટ કર્યો આત્મા. એવો આત્મા '**શુદ્ધસ્વભાવરૂપ મહિમા છે એવો આ પ્રકાશ જ્યાં મારામાં ઉદય પામ્યો છે,...**' જુઓ! આહાહા..! અમે ચૈતન્યના તેજ છીએ. આહાહા..! લક્ષ્મીના તેજ. નથી આ ઓલા લોટ માગવા આવે ત્યારે કહે છે ને? બ્રાહ્મણ નથી કહેતા? વાણિયાના ઘરે આવે તો એ કહે, લક્ષ્મીના તેજ. બીજે વળી બીજું કહે. બ્રાહ્મણ હોય છે ને બ્રાહ્મણ? માગે છે ને? લોટ માગે છે. લોટ સમજો છો? આટા. લોટ માગવા આવે તો એમ કહે, લક્ષ્મીના તેજ એમ કહે. શેના ઓલા પૈસા થાય તમારે એમ કે એનાથી. એય..! ધૂળના તેજ છે. અંધારા છે ત્યાં.

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


આ તો આત્માના તેજ. આહાહા..! ચૈતન્ય ઝળહળ સૂર્ય ભગવાન ચૈતન્યનું બિંબ જે શક્તિરૂપ સત્ત્વ હતું એને અંતરની દૃષ્ટિ અને એકાગ્રના અનુભવ દ્વારા શુદ્ધ સ્વભાવ જેનો મહિમા એવો મારામાં આત્મા હવે પ્રગટ થયો છે. '**મારામાં ઉદય પામ્યો છે,...**' ભાષા જુઓ ઉદય પામ્યો છે. ઉદય એટલે પ્રગટ થયો છે. આત્મા જ્ઞાન અને આનંદ, શાંતિ આદિથી પર્યાયમાં પ્રગટ (થયો છે). એ એની મહિમા છે. આવો '**(જ્ઞાનપ્રકાશ) જ્યાં મારામાં ઉદય પામ્યો છે,...**' આ તો વિશેષ ચારિત્રવંત છે ને મુનિ. એ પોતે કહે છે પોતાને. અમે તો જ્ઞાન આનંદ જ્યાં પ્રગટ થયો છે. અને તે પ્રચુર સ્વસંવેદન. સમજાણું કાંઈ? ભગવાન આત્મામાં અંતર નજર કરી, ભગવાન શુદ્ધ આત્મામાં અંતરમાં પેસી અને અંદર શુદ્ધતા અને આનંદતા જ્યાં પ્રગટ થઈ છે એ અમારો આત્મા પ્રગટ થયો છે અમને. કહો, સમજાણું કાંઈ? આહાહા..!

'**ત્યાં બંધ-મોક્ષના માર્ગમાં પડનારા અન્ય ભાવોથી મારે શું પ્રયોજન છે?**' જુઓ! આ કારણે બંધ થાય ને આ કારણે મોક્ષ થાય ને આ કારણે મોક્ષ થાય, આ કારણે બંધ થાય એવા વિકલ્પનું મારે શું કામ છે હવે? સમજાણું કાંઈ? આહાહા..! ભગવાન આત્મા પોતાના આનંદના પૂરના નૂર ને ચૈતન્યના તેજથી જ્યાં પ્રગટ થયો, અંતર્મુખનો આશ્રય કરીને જ્યાં પ્રગટ થયો અને એ આત્મા પ્રગટ થયો કહે છે. હતો એવો. હતો સ્વભાવે એવો દશામાં થયો. હવે આટલા કારણે આ બંધ થાય અને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને કારણે મોક્ષ થાય, આવા ભેદના વિકલ્પનું અમારે શું કામ છે હવે? જેઠાલાલભાઈ! આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. આ રીતે ખીલવાની રીત પણ કીધી ને ભેગી? જ્ઞાન દ્વારા એમ કીધું ને, ભાઈ! સ્યાદ્વાદ દ્વારા એટલે અંદર ઉપાય પણ સાથે કહ્યો. સમ્યગ્જ્ઞાન દ્વારા અંદર પકડીને પ્રગટ કર્યો છે. કોઈ વિકલ્પ કે રાગ કે નિમિત્ત કે શરીર કે એનાથી (પ્રગટ) થતો નથી. એમ પહેલું કહ્યું. ઉપાય પણ કહ્યો અને પ્રગટ્યો ત્યારે આવો પ્રગટ્યો. બેય વાત કરી છે. આહાહા..! સમજાણું કાંઈ? અરે..! એના ભગવાન આત્માના ગુણો અને એની દશા શું છે એનું એને માહાત્મ્ય નથી આવ્યું. એને માહાત્મ્ય આ પૈસાનું, ધૂળનું, આબરૂ, શરીર ને કાં કર્મ અને કાં પુણ્યના પરિણામનું.

મુમુક્ષુ :- પુણ્ય હોય તો પૈસા મળે ને?

ઉત્તર :- પૈસા મળે એમાં પણ આત્માને શું છે? આત્માને શું છે? એ તો દુઃખી થાય છે એમાં. જાધવજીભાઈ! શું હશે એમાં? આહાહા..!

ચૈતન્યલક્ષ્મીના તેજ જ્યાં પ્રગટ્યા, કહે છે. આહાહા..! એ તેજના અંતર દૃષ્ટિને આશ્રય પાછું સમ્યગ્જ્ઞાન દ્વારા કીધું ને? સમ્યગ્જ્ઞાન દ્વારા આત્માને જાણીને જે તેજ પ્રગટ્યા એ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

અમારો આત્મા હવે છે એવો બહાર આવ્યો. હતો એવો બહાર આવ્યો. બહાર આવ્યો એટલે પર્યાયમાં પ્રગટ થયો. આહાહા..! સમજાણું કાંઈ? લ્યો, આ લક્ષ્મી મળી. પ્રાણભાઈ! સાચી લક્ષ્મી? તો આ ખોટી હશે આ?

'**બંધ-મોક્ષના માર્ગમાં પડનારા...**' બંધના માર્ગમાં અને મોક્ષના માર્ગમાં. એમ. એ બેય વિકલ્પ છે. બંધ આ કારણે થાય અને મોક્ષ આ કારણે થાય. એવા વિકલ્પોની અમારે શું જરૂર છે?

મુમુક્ષુ :- વ્યવહારની શું જરૂર છે એમ કહેવું છે?

ઉત્તર :- હા. અમારે તો આત્મા જે છે એ પ્રગટ થયો. હવે અમારે વ્યવહારની કોઈ જરૂર નથી. આ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર મોક્ષનો માર્ગ છે એવા વિકલ્પની પણ અમારે જરૂર નથી. એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? આ તો આખરના શ્લોકો છે ને. એટલે સાર સાર માખણ મૂક્યા છે એકલા.

'**બંધ-મોક્ષના માર્ગમાં પડનારા...**' એમ કીધું છે ને? '**અન્ય ભાવો...**' એમ. વિકલ્પો એવા. '**અન્ય ભાવોથી મારે શું પ્રયોજન છે?**' આહાહા..! ભેદના વિકલ્પથી શું પ્રયોજન છે? એમ કહે છે. અભેદ ભગવાન જ્યાં આત્માની દૃષ્ટિ કરતાં પર્યાયમાં તેજ ને શાંતિ જ્યાં પ્રગટી, હવે આ ભેદભાવના પ્રયોજનથી મારે શું પ્રયોજન સાધવું છે? '**નિત્ય જેનો ઉદય રહે છે એવો કેવળ આ...**' હવે કેવળજ્ઞાનને ચતુષ્ટય કહે છે. '**નિત્ય જેનો ઉદય રહે છે...**' કેવળજ્ઞાન પ્રગટ્યું, આનંદ પ્રગટ્યો એ સદાય રહે છે. '**નિત્ય જેનો ઉદય રહે છે એવો કેવળ આ (અનંત ચતુષ્ટયરૂપ) સ્વભાવ જ મને સ્ફુરાયમાન હો.**' લ્યો! આ જ અમને પ્રગટો. અમારે બીજું કાંઈ જોઈતું નથી. આહાહા..! પણ ભાઈ પંચમ આરાના સાધુ છે ને આટલી બધી માગણી? ખબર નથી કે પંચમ આરામાં મોક્ષ ન થાય? પંચમ આરાના સાધુ તો સ્વર્ગમાં જ જાય. ક્યાંય જાતા નથી અહીં તો કહે છે. એમ કહે છે. અમને તો અનંતચતુષ્ટય સ્વભાવ અમને સ્ફુરાયમાન હો. બસ! અમારી ભાવનામાં આ છે. સમજાણું કાંઈ?

'**એવો કેવળ આ (અનંત ચતુષ્ટયરૂપ)...**' અનંત ચતુષ્ટય એટલે માથે કહ્યા એ. અનંત દર્શન, અનંત જ્ઞાન, અનંત આનંદ અને અનંત વીર્ય-બળ એવું સ્વરૂપ-સ્વભાવ. '**કેવળ આ સ્વભાવ જ...**' છે. શક્તિરૂપે છે એ પ્રગટરૂપે '**મને સ્ફુરાયમાન હો.**' લ્યો, સ્ફુરાયમાન પ્રગટ થાવ. છે એનો ઉકેલ થઈને પર્યાયમાં પ્રગટ થાવ. બીજું કાંઈ અમારે જોઈતું નથી. કહો, સમજાણું કાંઈ? આહાહા..! પંચમ આરાના મુનિ લ્યો. આ તો હજી કળશ કરનાર તો ૯૦૦ વર્ષ પહેલાં થયા છે. અમૃતચંદ્રાચાર્ય ૯૦૦ વર્ષ પહેલા (થયા). અમને તો અમારો

આત્મા ત્રિલોકનો સાર પરમાનંદની મૂર્તિ એવો અમને અંતર ભાવજ્ઞાન દ્વારા પ્રગટ થયો, હવે અમારે બીજું પ્રયોજન શું છે? અમારે પ્રયોજનમાં આ કે અનંત જ્ઞાન અને અનંત આનંદ આદિ શક્તિરૂપ છે એ વ્યક્તરૂપ થઈ જાઓ, સ્ફુરાયમાન થાઓ. સમજાણું કાંઈ? લ્યો, આ ધર્મ કેમ થાય અને ધર્મનું શું ફળ એ બધું ભેગું બતાવ્યું એકસાથે. આહાહા..! સમજાણું આમાં?

'**ભાવાર્થ :- સ્યાદ્વાદથી યથાર્થ આત્મજ્ઞાન થયા પછી...**' એમ. સ્વરૂપમાં એક ગુણ નથી પણ અનંત છે અને પર્યાયે પણ અનંત છે, ધ્રુવપણું તો ત્રિકાળ છે, એવું સમ્યગ્જ્ઞાન યથાર્થ આત્મજ્ઞાન થયા પછી '**એનું ફળ પૂર્ણ આત્માનું પ્રગટ થવું તે છે.**' આત્મા શુદ્ધ ચૈતન્ય વસ્તુ આનંદમૂર્તિ, એનું જ્ઞાન થયા પછી એનું ફળ શું? આત્મજ્ઞાનનું ફળ? પૂર્ણ આત્માનું પ્રગટ થવું. આત્મજ્ઞાનનું ફળ પૂર્ણ આત્માનું પ્રગટ થવું. લ્યો! સમજાણું કાંઈ? વસ્તુ ભગવાન આત્મા એનું અંતર જ્ઞાન થયું તો હવે એ જ્ઞાનનું ફળ શું? કે પૂર્ણ મુક્તિ થવી તે, આત્માનું પ્રગટ થવું તે.

'**માટે મોક્ષનો ઈચ્છક પુરુષ એ જ પ્રાર્થના કરે છે...**' લ્યો! એ ધર્મીની આ જ ભાવના અને પ્રાર્થના છે. '**મોક્ષનો ઈચ્છક પુરુષ એ જ પ્રાર્થના કરે છે કે-મારો પૂર્ણસ્વભાવ આત્મા મને પ્રગટ થાઓ;...**' લ્યો! મારો પૂર્ણ સ્વભાવ પ્રગટ થાવનો અર્થ પૂર્ણ સ્વભાવ તો છું શક્તિએ. પૂર્ણ જ્ઞાન, પૂર્ણ આનંદ આદિ છું એવો તો અનુભવ પ્રતીતમાં આવ્યો છે. હું પૂર્ણ જ્ઞાન, દર્શન આદિ સ્વભાવથી ધ્રુવ એકરૂપ પૂર્ણ છું. એવો '**મારો પૂર્ણસ્વભાવ આત્મા મને પ્રગટ થાઓ;...**' પર્યાયમાં પરિણમો એ અમારી પ્રાર્થના છે, કહે છે. ધર્મીની આ ભાવના છે. કહો, સમજાણું? કાંઈ પુણ્ય કરીએ, પછી સ્વર્ગમાં જાઈએ, ભગવાનના દર્શન કરીએ. મહાવિદેહમાં ભગવાન બિરાજે છે લ્યો! ત્યાં જઈએ ને વાણી સાંભળીએ ને (એ કંઈ કહ્યું નથી). સમજાણું કાંઈ? '**મારો પૂર્ણસ્વભાવ આત્મા મને પ્રગટ થાઓ;...**' જુઓ! પોતે આચાર્ય પોતે પોતાની વાત નાખીને કહે છે જગતને. '**બંધ મોક્ષમાર્ગમાં પડતા અન્ય ભાવોનું મારે શું કામ છે?**' એવા વિકલ્પો ઉઠાવીને મારે શું કામ છે? કહે છે. આ દર્શન-જ્ઞાન-ચારિત્ર તે મોક્ષનું કારણ છે, એનાથી મોક્ષ થશે, એવા વિકલ્પની વૃત્તિઓનું કામ શું છે? ઓહોહો..! સમજાણું કાંઈ?

હવે ૨૭૦ કળશ. શું હવે કહે છે? આમાં પરમ અધ્યાત્મતરંગિણીમાં આમાં શક્તિઓ નાખી છે, ભાઈ! આ કળશના અર્થમાં. આમાં નાખી છે. અનેક શક્તિથી સુનિર્ભરોપિ આવી ગયું ને? એમાં નથી નાખ્યું. આ કળશમાં બધી શક્તિઓ (નાખી છે). બધી એક એકના નામ. જીવત્વશક્તિથી છેક સંબંધશક્તિ. જીવત્વશક્તિથી તે સંબંધશક્તિ બધીના નામ આમાં નાખ્યા.

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



મુમુક્ષુ :- ચાલે છે એમાં.

ઉત્તર :- આ શ્લોક ચાલશે એમાં. આમાં નાખી છે. અનેક શક્તિ સુનિર્ભરોપિ.. શક્તિ થઈ જાય પછી આવ્યો હતો શ્લોક. એમાં ન નાખ્યું. એમાં થોડી નાખી છે. આમાં નાખી. ૨૭૦.

**चित्रात्मशक्तिसमुदायमयोऽयमात्मा**
**सद्यः प्रणश्यति नयेक्षणखण्ड्यमानः।**
**तस्मादखण्डमनिराकृतखण्डमेक-**
**मेकान्तशान्तमचलं चिदहं महोऽस्मि।।२७०।।**

શું કહે છે? ઉપર પહેલો એનો ઉપોદ્‌ઘાત કરે છે.

'**જોકે નયો વડે આત્મા સધાય છે...**' નય દ્વારા આત્માનું સાધન થાય છે. નિશ્ચયથી ધ્રુવ છે, વ્યવહારથી પર્યાય છે, નિશ્ચયથી અનંત જ્ઞાન છે, અનંત દર્શન છે એવી અનંત શક્તિઓ નય દ્વારા જાણી શકાય છે. એમ કહે છે. સમજાણું કાંઈ? '**જોકે નયો વડે...**' નય એટલે દ્રવ્યાર્થિકનય, પર્યાયાર્થિકનય, નિત્યનય, અનિત્યનય, એકનય, અનેકનય આદિ. જીવત્વશક્તિ આદિ. '**નયો વડે આત્મા સધાય છે...**' જાણી શકાય છે કે આત્મામાં આવી અનંત શક્તિઓ છે. ૪૭ આવી ગઈ છે. આત્મામાં જીવત્વશક્તિ અનાદિઅનંત છે, ચિતિશક્તિ, દશિ, જ્ઞાન, સુખ, વીર્ય, પ્રભુત્વ, વિભુત્વ, સર્વદર્શી, સર્વજ્ઞ, સ્વચ્છત્વ, પ્રકાશ આદિ ૪૭ સંબંધશક્તિ છેક. જીવત્વશક્તિથી માંડીને સંબંધશક્તિ. સંબંધશક્તિ નામ એનું આપ્યું છે. સ્વસ્વામીસંબંધ શક્તિ. એમાં એમ આપ્યું છે. સ્વસ્વામી શબ્દ લીધો નથી. સંબંધશક્તિ.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એ જ છે ને મૂળ. સંબંધ શક્તિ છે ને? ઓલો છઠ્ઠો જે સાત .. ન આવ્યું તો અહીં સંબંધ શક્તિ નાખી. છ કારકોમાં છ વિભક્તિ આવી એમાં પણ આ ન આવ્યું એટલે આમ નાખ્યું. અલૌકિક રચના!

કહે છે કે મારામાં જીવત્વશક્તિ એક નયે જોઈએ તો જીવત્વ શક્તિ છે. એક નયે જોઈએ તો મારામાં સર્વજ્ઞસ્વભાવ છે. બીજી નયે જોઈએ તો મારામાં સર્વદર્શી સ્વભાવ છે. એવા અનંત ગુણોથી અનંત નયથી જોઈએ તો અનંત ગુણ છે. પણ અનંત નયોથી જોતા વિકલ્પ ઉઠીને આત્મા અખંડપણું છે તેની પ્રાપ્તિ થતી નથી. આહાહા..! જુઓને. અહીં કાઢી નાખતા ક્યાં સુધી કાઢી નાખે છે? વિકલ્પ શુભ નહિ, આ નહિ, આ નહિ, અહીં તો મોક્ષમાર્ગમાં પડતા વિકલ્પ એ પણ નહિ, હવે અહીં નયોનો ભેદ પણ નહિ. એમ કહે છે. એમ એક એક કળશ આગળ ચડાવતા જાય છે. સમજાણું કાંઈ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**'જોકે નયો વડે આત્મા સધાય છે તોપણ જો નયો પર જ દષ્ટિ રહે તો નયોમાં તો પરસ્પર વિરોધ પણ છે,...'** નિત્ય છે, અનિત્ય છે, દ્રવ્યે શુદ્ધ છે, પર્યાયે અશુદ્ધ છે, વસ્તુ તરીકે એક છે, ગુણ પર્યાય તરીકે અનેક છે. એવા અનંત નયો આત્મામાં છે. અનંત નયનો વિષય એવા અનંત ગુણો આત્મામાં છે. સમજાણું કાંઈ? પણ કહે છે કે **'જો નયો પર જ દષ્ટિ રહે તો નયોમાં તો પરસ્પર વિરોધ પણ છે,...'** એક છે, અનેક છે, ભેદ છે, અભેદ છે, નિત્ય છે, અનિત્ય છે. આ તો પરસ્પર વિરોધ થયો.

**'માટે હું નયોને અવિરોધ કરીને અર્થાત્ નયોનો વિરોધ મટાડીને...'** એમ. એવા ભેદનો વિરોધ મટાડીને હું **'આત્માને અનુભવું છું...'** અખંડ આત્મા એકરૂપ છે એને અનુભવું છું. નયોના ભેદના વિકલ્પોનું મારે કામ નથી. સમજાણું કાંઈ? આહાહા..! આ માર્ગને સમજવા માટે કેટલો પ્રયત્ન જોઈએ, કેટલી સાવધાની જોઈએ અને કેટલો અંદરમાં જાગૃતભાવ જોઈએ. આહાહા..! **'માટે હું નયોને અવિરોધ કરીને અર્થાત્ નયોનો વિરોધ મટાડીને...'** એટલે કે એ ભેદને મટાડીને. એમ. **'આત્માને અનુભવું છું.'** હું તો આત્મા એકરૂપ છું અનંત ગુણનો પિંડ. **'એવા અર્થનું કાવ્ય કહે છે :-'** ૨૭૦ બોલાઈ ગયું. અર્થ હવે.

**'શ્લોકાર્થ :- અનેક પ્રકારની નિજ શક્તિઓના સમુદાયમય આ આત્મા...'** જુઓ! કીધો તો ખરો. **'અનેક પ્રકારની નિજ શક્તિઓના સમુદાયમય આ આત્મા...'** જીવતર શક્તિ, ચિતિ શક્તિ, દશિ શક્તિ, જ્ઞાન શક્તિ, સુખ શક્તિ, વીર્ય શક્તિ, પ્રભુત્વ શક્તિ, વિભુત્વ શક્તિ, સર્વદર્શી, સર્વજ્ઞ, સ્વચ્છત્વ, પ્રકાશ, અસંકોચવિકાસ, અકાર્યકારણ, પરિણમ્યપરિણામકત્વ, ત્યાગઉપાદાનશૂન્યત્વ, અગુરુલઘુત્વ આદિ. ઉત્પાદવ્યયધ્રુવત્વ, (પરિણામ), અમૂર્ત, અકર્તૃત્વ, અભોક્તૃત્વ, નિષ્ક્રિય, સ્વપ્રદેશત્વ, નિયતપ્રદેશત્વ, સ્વધર્મવ્યાપક, અનંતધર્મ, વિરુદ્ધધર્મ, તત્, અતત્, એક, અનેક, ભાવ, અભાવ, ભાવઅભાવ, અભાવભાવ, ભાવભાવ, અભાવઅભાવ, ભાવ, ક્રિયા, કર્મ, કરણ, કર્તૃત્વ, સંપ્રદાન, અપાદાન અને અધિકરણ અને સંબંધ. કહો, સમજાણું કાંઈ? નામ આપ્યા છે ને ઈ. એ નામ આપ્યા છે એમાં હોં! અહીં કહેવા માગે છે ને. ચિત્રાત્મશક્તિ. ભિન્ન ભિન્ન જાતની શક્તિઓ અનેક પ્રકારની અનંત. કહો, સમજાણું કાંઈ? ભગવાન આત્મામાં આવી અનંતી શક્તિઓ આપણે વંચાઈ ગઈ. ઘણા દિવસથી. કેટલું થયું? ૩૩ દી. ૩૪?

એ **'અનેક પ્રકારની નિજ શક્તિઓના સમુદાયમય...'** જુઓ! એ જ્ઞાનશક્તિ, ચિતિશક્તિ, દશિ, સુખ, આનંદ એ શક્તિઓના સમુદાયરૂપ આત્મા. એ શક્તિનો અભેદરૂપ આત્મા. **'આ આત્મા નયોની દષ્ટિથી...'** એક એક શક્તિને એક એક નયથી જો જોઈએ તો તો **'ખંડખંડરૂપ કરવામાં આવતાં તત્કાળ નાશ પામે છે;...'** તો આત્મા હાથ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


આવતો નથી. એમ કહે છે. નાશ પામે એટલે? એક એક નયને એક એક ગુણથી, એક એક નયથી જુઓ તો આત્મા હાથ નહિ આવે. કારણ કે વિકલ્પમાં રહેશે. ઓહોહો..! સમજાણું કાંઈ? કળશો પણ છેલ્લા એવા મૂક્યા છે ને. દયા, દાન, વ્રત, ભક્તિ, ફલાણા-ફલાણા તો ક્યાંય ગયું. એ વળી આત્માને સાધન છે, ફાધન છે? કહે ના. અહીં તો કહે મોક્ષમાર્ગના સમ્યગ્દર્શન-જ્ઞાન છે એવા ભેદનો વિકલ્પથી મારે શું કામ છે? હવે તો અહીં વસ્તુમાં અનંત ગુણ છે ખરા. એ અનંત શક્તિઓનો સમુદાય આત્મા છે. પણ એ આત્મા '**નયોની દષ્ટિથી...**' એક એક જ્ઞાનના (અંશથી ખંડ ખંડ થાય છે). કારણ કે નય છે તે જ્ઞાનનો અંશ છે. સમજાય છે? અને એનો વિષય પણ એક એક ધર્મ છે. એક ધર્મને વિષય કરનારો નય છે. તો '**નયોની દષ્ટિથી ખંડખંડરૂપ કરવામાં આવતાં...**' આ જ્ઞાન છે, આ દર્શન છે, આ આનંદ છે, ચિતિ શક્તિ છે આ, જીવત્વશક્તિ છે, પ્રમેય શક્તિ છે, અકાર્યકારણશક્તિ છે. એક એક શક્તિથી જુઓ તો ખંડખંડ થઈ જાય છે. આત્મા એકરૂપ છે એમાં એક શક્તિને એક નયથી જુઓ તો આત્મામાં ખંડખંડપણું ભાસે. ખંડપણું તો અનાદિથી ભાસ્યું છે. એ કાંઈ વસ્તુ નથી. સમજાણું કાંઈ? આહાહા..!

હવે આમાં કો'કનું કરવું ને કો'કને સમજાવવાના વિકલ્પનું અમારે શું કામ છે? એમ કહે છે અહીં તો. આ અમારામાં જે અનંત નયો પડે છે એ નયોનું અમારે શું કામ છે એમ કહે છે અહીં તો લ્યો. આહાહા..! કહો. છે ને અનંત શક્તિઓનો સમુદાય. ભગવાન આત્મા એ અનંત શક્તિઓ... ૪૭ તો નામ લીધી હતી. આપણે પછી કેટલીક કરી હતી બીજી. એવી અનંતી છે. અનંતનું કથન ક્યારે કહેવાય? અનંત શક્તિનું કથન કરવા જાય તો અનંત સમય જોઈએ કે અનંત મિનિટો જોઈએ. એટલું તો આયુષ્ય હોય નહિ, કેવળીનું એટલું આયુષ્ય ન હોય. અમરચંદભાઈ! કેવળીનું આયુષ્ય કેટલું? થોડું હોય. અને અનંત કહેવું હોય તો આ એક શક્તિ, આ બીજી શક્તિ, અનંત કહેવા જાય તો અનંત કાળ જોઈએ. કારણ કે એ શક્તિઓની સંખ્યા... સમજાય છે? ત્રણ કાળથી અનંતગુણી છે.

મુમુક્ષુ :- પૂરું ન થાય કોઈ દી.

ઉત્તર :- શું કીધું? એમ એ તો જાણવામાં. હજી તમે ન્યાય નથી પકડતા.

અહીં કહે છે કે અનંત શક્તિઓ જે છે એ કેટલી છે? કે ત્રણ કાળ કરતાં અનંતગુણી છે. એટલે એક એક સમયે એક એક કહે તો ત્રણ કાળથી અનંતગુણી છે તો કહેવામાં આવી શકે નહિ. એમ વાત છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- મુંઝવણનો પ્રશ્ન નથી અત્યારે. અહીંયાં એમ છે... જે આશય છે તેને સમજો.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


એમ ને એમ પકડે એ કામ ન આવે. આત્મામાં શક્તિની સંખ્યા કેટલી છે? કે અનંત. કેટલી અનંત? કે ત્રણ કાળના સમય કરતાં અનંતગુણી શક્તિઓ છે. એના કરતાં તો હજી આકાશ અંનતગુણો છે, એના કરતા અનંતગુણી શક્તિ, પણ આ તો સીધો કાળ સાથે મેળવવું છે ને અત્યારે આપણે. એટલો કાળ કહેવામાં નથી એમ કહેવું છે. સમજાય છે?

ભગવાન આત્મા વસ્તુ એક, શક્તિની સંખ્યા અનંત. કેટલી અનંત? કે ત્રણ કાળના સમય જેટલી. એક સેકન્ડમાં અસંખ્ય સમય જાય. એક સેકન્ડમાં અસંખ્ય સમય જાય એવા ત્રણ કાળ. એના જેટલા સમય છે એના કરતા અનંતગુણા તો આકાશના પ્રદેશ છે અને એના કરતા અનંતગુણી એક દ્રવ્યમાં શક્તિઓ છે. એટલે એક એક મિનિટે એક એક શક્તિ કહેવા માંડે તોપણ કાળથી અનંતગુણી શક્તિ છે. લાવવો ક્યાંથી કાળ?

મુમુક્ષુ :- કોઈનું આયુષ્ય હોય નહિ.

ઉત્તર :- કોઈનું આયુષ્ય હોય? આયુષ્ય તો બહુ તો દેવનું અસંખ્ય. લ્યો. પણ એમાં એક પછી એક કહે તો અસંખ્ય શક્તિઓ કહી શકે.

મુમુક્ષુ :- .. નિર્ણય તો ન થાય.

ઉત્તર :- એની વાત નથી. નિર્ણયની વાત અત્યારે નથી. આ તો કાળ.. એને તર્ક કરવા ન રોકાઓ. શું કહેવાય છે એને સમજો. સમજ્યા? ત્યાં રોકાઈ જશો તો સમજાશે નહિ. હવે કાંઈક મારે પૂછવું, એ તર્કમાં રોકાતા શું આશય કહેવાય એ નથી પકડાતો. સમજાણું કાંઈ? આહાહા..!

અહીંયાં તો એક તત્ત્વ આત્મા એની શક્તિઓની સંખ્યા ગણતરીએ અનંત. કેટલી ગણતરીએ? કે ત્રણ કાળના સમયની જે ગણતરી છે એના કરતાં અનંતગુણી શક્તિની સંખ્યા છે. હવે એટલું આયુષ્ય કેટલું? ત્રણ કાળનું આયુષ્ય હોય ને. તો એક સમયે એક એક કહે તો એનાથી અનંતગુણી શક્તિ છે. તો ત્રણ કાળનું આયુષ્ય તો કોઈને હોય નહિ. કેવળીને તો સંખ્યાતુ જ આયુષ્ય હોય. એના જે જ્ઞાની હોય એને સંખ્યાતું આયુષ્ય હોય. સ્વર્ગાદિને અસંખ્ય આયુ હોય પણ એને તો કાંઈ કેવળજ્ઞાન હોતું નથી. કહેનારા ખરા વક્તા તો કેવળી હોય છે. સમજાણું કાંઈ? હિતોપદેશ આવે છે ને? ભાઈ! સર્વજ્ઞ હિતોપદેશ.

મુમુક્ષુ :- આપ્તની વ્યાખ્યા.

ઉત્તર :- આપ્ત ઈ છે. ભગવાનનું આયુષ્ય તો બહુ થોડું હોય છે. હવે એ ઉપદેશમાં એને ભાવ આપી દે. કેટલી શક્તિઓ છે? અનંત. એ અનંતને એક પછી એક, એક પછી એક કહેવા જાય તો કેવળી પણ કહી શકે નહિ. સમજાણું કાંઈ? કો'કને દેવને કહે કે તમને તો આયુષ્ય મોટું છે ને સર્વાર્થસિદ્ધનું. ૩૩ સાગરનું. ૩૩ સાગર. એક સાગરોપમમાં દસ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


ક્રોડા ક્રોડી પલ્યોપમ જાય અને એક પલ્યોપમના અસંખ્ય ભાગમાં અસંખ્યાતા અબજ વર્ષ જાય. એવા સમકિતી ક્ષાયિક સમકિતી ત્યાં છે સ્વર્ગમાં. અસંખ્ય અબજ આટલું આયુષ્ય અને સ્વાધ્યાય કરે છે એ લોકો. સમકિતી સ્વાધ્યાય આટલો કાળ કરે. અહીં તો જ્યાં બે-ચાર વર્ષ થાય ત્યાં થાકી જાય છે.

મુમુક્ષુ :- એક કલાક થાય ત્યાં થાકી જાય છે ને.

ઉત્તર :- એક કલાકમાં પણ ઝોલા આવે છે. ઠેકાણા ક્યાં છે એક કલાકમાં પણ. આહાહા..! એમાં પણ ક્યાંક બીજે વિચારો ચાલ્યા જાય. આ કહે છે આપણે કીધું ઈ સાંભળીએ. નહિ. પણ બીજી જાત છે. સાંભળને! સમજાણું કાંઈ?

એ સર્વાર્થસિદ્ધનો દેવ એકાવતારી છે, એકભવતારી. અને ૩૩ સાગરનું આયુષ્ય. ક્ષાયિક સમકિતી છે. સ્વાધ્યાય કરે. એને કહે કે તમે શક્તિઓનું વર્ણન કરો. એક પછી એક પછી કરો. અસંખ્ય અબજ વર્ષમાં શક્તિ અસંખ્ય કહી શકે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ઉપાય કાંઈક બીજો લાગે છે.

ઉત્તર :- માટે એ એમ ન કહેવાય. સમુદાય કહેવાય એકસાથે. અનંત આત્મામાં શક્તિઓ છે. બસ, એટલે એક વાક્યમાં આખું આવી જાય. સમજાય છે કાંઈ? આહાહા.!

ભગવાન આત્મા અનંત અનંત શક્તિનો પિંડ પ્રભુ. એક એક શક્તિમાં અનંતપણું સ્વભાવ છે. એવી અનંત શક્તિઓ જે ગણતરીએ પાર ન મળે ત્રણ કાળથી અનંતગુણી. કહે છે કે અરે..! હું એક એક શક્તિને લક્ષમાં લેવા જાઉં તો આખો આત્મા દૃષ્ટિમાં આવે નહિ. અભેદ દૃષ્ટિમાં આવ્યા વિના આત્માની પ્રતીતિ સાચી થાય નહિ. સમજાણું કાંઈ?

એ અહીં કહે છે. નયો જાણવા યોગ્ય છે એમ તો કહે છે. આત્મા સધાય છે નયો વડે. પણ સાધીને લાંબુ અનંત કરવા જાય તો શી રીતે સિદ્ધ થશે? એમ. આહાહા..! કેટલું એ નિધાન પડ્યું છે એનામાં. આહાહા..! અહીં તો એક થોડા જ્યાં પાંચ કરોડ કે દસ કરોડ, બે કરોડ, ચાલીસ કરોડ ને કરોડ આવે ત્યાં તો આહાહા..! જાણે બહુ થઈ ગયું. કહો, જાધવજીભાઈ! ઓલાની વાત કરીને આપણે? કેવા? શાંતિલાલ ખુશાલ. ૪૦ કરોડ. દશાશ્રીમાળી વાણિયો. આહા..! શું છે પણ? આ કાંકરા ઘણાય છે, ગણને ત્યારે. એ તો નોટું હોય ને એની પાસે. ત્યાં કાંઈ પૈસા ન હોય. હવે અત્યારે કાંઈ પૈસા નથી. ૪૦ કરોડ રૂપિયા નથી અત્યારે કાંઈ રોકડા. નોટું હોય હજાર-હજારની, લાખ-લાખની. ચાલીસ કરોડ. એક લાખની પેદાશ એક દીની. ઓહોહો..! વાણિયાને ઘરે આવું! એ વાણિયાનો વેપાર જ મિથ્યાવેપાર છે, કહે છે, અજ્ઞાનનો. એમ કહે છે. દુઃખના વેપારમાં છે એ. આહાહા..!

આ લક્ષ્મી જો ને, પાર ન મળે. આહાહા..! એક વસ્તુ એની એક શક્તિ જ્ઞાન. એક

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


શક્તિ જ્ઞાન. એ જ્ઞાનની શક્તિ પાછી અનંત. અનંત જેનો સ્વભાવ, અનંત જેનો સ્વભાવ. ત્રણ કાળ ત્રણ લોક જાણે એથી પણ અનંતગુણી જેની શક્તિ છે. એવી એવી અનંતી શક્તિઓનું સામર્થ્ય એક એકનું અનંતગુણોનું અનંતગુણું છે. એવી અનંત શક્તિઓને જ્યાં કહે છે લક્ષમાં લેવા જઈએ એક એકને તો ખંડ થઈ જાય છે. દ્રવ્ય અખંડ લક્ષમાં આવતું નથી. એમ અહીં સિદ્ધ કરવું છે. જેઠાલાલભાઈ! આહાહા..!

**'અનેક પ્રકારની નિજ શક્તિઓના સમુદાયમય આ આત્મા નયોની દૃષ્ટિથી ખંડખંડરૂપ કરવામાં આવતા તત્કાળ નાશ પામે છે;...'** એટલે કે એકરૂપ આત્માનું શ્રદ્ધામાં આવતું નથી. **'માટે હું એમ અનુભવું છું...'** લ્યો! **'માટે હું એમ અનુભવું છું કે જેમાંથી ખંડોને નિરાકૃત કરવામાં આવ્યા નથી...'** એટલે કે અનંત ધર્મો છે એને બાતલ કરવામાં આવ્યા નથી. હો, ધર્મ અનંત છે. અનંત શક્તિ છે તેને બહિષ્કૃત. લ્યો બહિષ્કૃત. દૂર કરવામાં આવ્યા એટલે છે. અનંત છે. જ્ઞાન, દર્શન, આનંદ એવી અનંત શક્તિઓ છે. એને બહિષ્કૃત કર્યા નથી, દૂર કર્યા નથી, રદબાતલ કર્યા નથી. નથી એમ નહિ. નાકબૂલ કર્યા નથી પાછું એમ આવ્યું. આત્મામાં એવી અનંત શક્તિઓ નાકબુલ નહિ. છે ખરી. પણ એક એકને લક્ષમાં લેવા જતાં એ શક્તિનો પિંડ ભગવાન આત્મા એનો અનુભવ થતો નથી, તે શક્તિનું વાસ્તવિક તત્ત્વ દૃષ્ટિમાં આવતું નથી. આહાહા..! સમજાણું કાંઈ?

ક્યાં લઈ ગયા છે, જુઓને હવે આ તો. ઓહોહો..! ગજબ વાત કોઈ! હવે એક કોર કહે કે દ્રવ્યાર્થિક પર્યાયાર્થિકથી જાણવું. એક છે, અનેક છે એમ બરાબર નક્કી કરવું. નક્કી કરીને પણ પછી? એ તો વિકલ્પ દ્વારા નક્કી થયો ભેદને. એ દ્વારા વસ્તુ અખંડ છે તે પ્રતીતમાં-શ્રદ્ધામાં આવતી નથી. કારણ કે વસ્તુ એકરૂપ છે. શક્તિઓ અનેક પણ વસ્તુ એક છે. એ અનેકપણાના લક્ષમાંથી એકરૂપ દૃષ્ટિમાં આવતો નથી. એનામાં અનંત ગુણો છે, અસ્તિ છે, એને લક્ષે પણ એક લક્ષમાં આવતો નથી. એમ અહીં કહેવા માગે છે. સમજાણું કાંઈ? સમજાણું આમાં?

આત્મા જે છે, આ આત્મા દેહથી ભિન્ન. આ રજકણે રજકણથી જુદું. પણ એનામાં અનંત ગુણોથી જુદો એ નથી. આ રજકણ શરીર, વાણી આ તો બધા જુદા છે. પણ એનામાં અનંત શક્તિઓથી જુદો નથી. છતાં એ અનંત શક્તિઓનું લક્ષ કરવા જાય તો તો વિકલ્પ ઉઠે છે. આત્મા પ્રતીતમાં આવતો નથી. આહાહા..! સમજાણું કાંઈ? ઓલામાં એમ કહે કે એક એક એક રૂપિયો ગણવા માંડીએ. તમને લાખ આપવા છે તો પાર નહિ આવે. લ્યો, આ એક રૂપિયો, લ્યો આ બીજો, આ ત્રીજો, આ ચોથો. લાખ દેવા આવે. એય.. પ્રાણભાઈ! કે દી ગણે?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


મુમુક્ષુ :- જોખી દે.

ઉત્તર :- હા, એ જોખીને થયું છે. જોખે તોળા મોટા. તે દી નોટું નહોતી અને બહુ પૈસા હતા (ત્યારે) ત્રાજવે તોળીને આપે કે આટલા છે. ગણો. બે મણ, પાંચ મણ. આ ઓલા ભાઈ નહોતા તમારે રાજકોટમાં?

મુમુક્ષુ :- જામનગરના દિવાન.

ઉત્તર :- હા, એ પણ ઓલો તમારો રાજકોટના કેવા? વાલજી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, એ પણ છે કેવા નામ? ... આ તો અહીં રાજકોટની વાત છે. આપણા દશાશ્રીમાળી સ્થાનકવાસી. કેવા વાલજી એવા કાંઈક છે. સવજી, સવજી વાલજી. એ કહેતા હતા. એને છોકરાઓ વહેંચ્યું ત્યારે ત્રાજવે તોળીને દાગીના વહેંચ્યા હતા. ત્રાજવે. દાગીનો ઘણો. એક એક કરવા જાય, વહેંચવા જાય ત્યાં ત્રાજવે ચાર મણ મૂકો. ચાર મણ તમને અને ચાર મણ અમારે. ત્રાજવે તોળીને દાગીના (આપ્યા). એ પાછું સમજવા જેવું થઈ ગયું છેલ્લે અવસરે. એમ કહેવું છે પાછું. વીરજીભાઈ કહેતા હોં! આપણને કાંઈ ખબર નહિ. કહો, સમજાણું? ત્રાજવે તોળીને દાગીના અને રૂપિયા. ત્યાં એક એક ગણવા જાય તો પાર ન આવે.

એમ આત્મામાં એટલી શક્તિઓ અનંત છે કે એક એક ગણવામાં પાર ન આવે. એવી અનંત શક્તિઓનો પિંડ ભગવાન આત્મા છે એને અભેદ દૃષ્ટિ કરતાં આત્માની પ્રાપ્તિ થાય. એમ કહે છે. એકસાથે લાખ લાખની લોન આપે. ૨૫ લાખ રૂપિયા આપવા હોય તો એક એક રૂપિયો ગણીને ક્યારે પાર આવે? જાધવજીભાઈ! નોટું છે અત્યારે. એ નોટું રાખે છે.

મુમુક્ષુ :- તોપણ ગણતા વાર લાગે.

ઉત્તર :- તોય વાર લાગે ને. તોય મૂકે. એક દીની એક લાખની પેદાશ છે. શાંતિલાલ ખુશાલ, ગોવા. એક લાખની.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કાંકરાની છે પેદાશ ધૂળની. એમાં શું થયું? દુઃખી છે. એય..!

અહીં તો બીજું કહેવું છે. ગણતરી એ એક એક ગણવા જાય રૂપિયો પૈસો... પૈસો... પૈસો... તો લાખ કે દી ગણે? સમુચ્ચય લોન આપે પછી આપી દે. એમ આત્મામાં અનંત શક્તિઓ છે જ્ઞાન, દર્શન, આનંદ આદિ. એક એક શક્તિને ગણવા જાય તો પાર કે દી આવે? ભગવાન અનંત ગુણનો પિંડ આત્મા છે એની દૃષ્ટિ કરતાં આત્માને સમ્યગ્દર્શન થાય. આહાહા..! સમજાણું કાંઈ? એય.. જગુભાઈ!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ, જેમાં અનંત આનંદ, જેમાં અનંત શાંતિ આદિ સાગર અંદર પડ્યો છે આત્મા. એને કહે છે કે ગુણની સંખ્યા અનંત. જ્ઞાન, દર્શન, આનંદ એવી સંખ્યા ગુણની અનંત, પણ એક એક ગુણને જોવા જતાં વસ્તુ અખંડ છે એ દૃષ્ટિમાં આવતી નથી. પુણ્યથી તો નહિ, દયા, દાન અને વ્રતના પુણ્યથી તો આત્મા જણાય નહિ, ધર્મ થાય નહિ. કહે છે, બંધ-મોક્ષના વિકલ્પથી પણ મુક્ત થાય નહિ, પણ આ નયોના અનંત ધર્મો છે એવા અનંતા છે એને અનંતના ભાગે લક્ષમાં લેવા જતાં એક વસ્તુ હાથમાં આવતી નથી. એમ અહીં તો લેવું છે. આહાહા..! જેઠાલાલભાઈ! આચાર્ય ક્યાં લઈને વાત કરે છે જુઓ! એ શૈલી શું છે!

મુમુક્ષુ :- .. તો એકકોર મૂકી દીધા.

ઉત્તર :- ઓલાને મૂકી દીધા. અહીં તો કહે છે, એવી વસ્તુ.

ભગવાન આત્મા વસ્તુ છે તો એમાં અનંત શક્તિઓ વસેલી છે, અનંત શક્તિઓ રહેલી છે. ખાલી નથી. અનંત અનંત છે. છતાં એવી અનંત શક્તિનો ધામ ભગવાન એક એક શક્તિ ઉપર લક્ષ આવતા વિકલ્પ ઉઠે છે. આત્મા હાથ આવતો નથી. અને આત્મા હાથ આવ્યા વિના સમ્યગ્દર્શન થતું નથી. એમ કહે છે. અમરચંદભાઈ! આહાહા..! કાઢી નાખ્યું ક્યાંક.

'**આવતા તત્કાળ નાશ પામે છે; માટે હું એમ અનુભવું છું કે-જેમાંથી ખંડોને નિરાકૃત કરવામાં આવ્યા નથી...**' ધર્મ નથી એમ અમે નાકબુલ નથી કરતા. આત્મામાં અનંતી શક્તિઓ સંખ્યાએ છે એને અમે ના કરતા નથી, પણ ભેદનો અમે આશ્રય કરતા નથી. આહાહા..! '**છતાં જે અખંડ છે,...**' ભગવાન આત્મા જ્ઞાન, દર્શન, આનંદ એવી અનંત શક્તિઓ છે એને અમે નાકબુલ નથી કરતા. છે, હો. છતાં વસ્તુ તો અખંડ છે. એ અખંડ ઉપર દૃષ્ટિ આપતા આત્મા છે તેની પ્રાપ્તિ સમ્યગ્દર્શનમાં થાય. એ સિવાય એની બીજી કોઈ રીત છે નહિ. ભગવાનના ભેટા અભેદની દૃષ્ટિએ થાય એમ છે, એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? ક્યાં લઈ ગયા જુઓ તો ખરા! ઓહોહો..!

આ અનંત ગુણનો પિંડ છે (એની) અમે ના નથી પાડતા. વિકાર તો નથી. સમજાય છે? એ વસ્તુમાં નથી. રાગ સ્વરૂપમાં નથી, વ્યવહાર સ્વરૂપમાં નથી. પણ આ તો અનંત ગુણ છે, વસ્તુ છે. એ અનંત ગુણનું રૂપ તે ભગવાન આત્મા છે. ના નથી પાડતા. પણ એમાં અખંડપણું ધ્યાનમાં આવતું નથી. માટે અમે આત્મા એકલો ચિદાનંદ પ્રભુ, એના ઉપર લક્ષ કરતાં અખંડપણાનો અનુભવ થાય છે. સમજાણું કાંઈ? ભારે. ધર્મ સમજવા માટે કેટલું આમાં જ્ઞાનને સાચું કરવું પડતું હશે. જ્ઞાનને સાચું કરવું પડે.

મુમુક્ષુ :- ...

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


ઉત્તર :- ચોથાથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નહિ. પહેલા સમ્યક્‌માં. સમ્યક્ સન્મુખમાં આવો ખ્યાલ આવે. અનુભવ નહિ. સમજાય છે કાંઈ?

અખંડ અભેદ અનંત ગુણનું ધામ એવી દૃષ્ટિ ક્યારે થાય? કે એમાં એકરૂપમાં દૃષ્ટિ કરે ત્યારે. અભેદ ઉપર દૃષ્ટિ કરે ત્યારે આત્માની પ્રતીતિ થાય. ત્યારે એને આત્માનો સાક્ષાત્કાર થાય તેને સમ્યગ્દર્શન કહે છે. ત્યારે ધર્મની પહેલી દશા એને કહેવામાં આવે છે. કહો, ભગવાનજીભાઈ! પૈસા-બૈસાની તો અહીં વાતું નથી આમાં ક્યાંય. એઈ..! આ તો એના છે એના ભેદવાળા તો કહે છે, ભેદ ઉપરનું અમારે શું કામ છે? સમજાણું કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એમાં છે એમાં ઉતારી ગયા આખામાં. આહાહા..!

મુમુક્ષુ :- આવો અનુભવ ચારેય ગતિમાં થાય છે?

ઉત્તર :- ચારેય ગતિમાં થાય. સાતમી નરકમાં પણ (અનુભવ) થાય છે. સાતમી નરકમાં પણ થાય છે. આત્મા છે ને. સ્થિરતા વિશેષ ન હોય. એ જુદી વાત છે. સાતમી નરક, રવ રવ નરક. અપરિઠાણા નરક. મિથ્યાત્વ લઈને જાય અને મિથ્યાત્વ લઈને નીકળે. વચ્ચે આવું હોય છે.

મુમુક્ષુ :- ઘણો કાળ.

ઉત્તર :- અસંખ્ય અબજ વર્ષ. એ તો તરત એક અંતર્મુહૂર્ત પછી ઉત્પન્ન થાય અને અંતર્મુહૂર્ત છેલ્લે મિથ્યાત્વ થઈને નીકળે ત્યાં સુધી સમકિત રહે. હો. એમાં શું? સાતમી નરક હોં! જેમાં મહા પાપ એવા પાપ કરીને ગયો. પણ છતાં એમાં આત્મા તૈયાર થઈને અંતર સ્વરૂપનો આશ્રય કરતાં એમાં પણ સમકિત ઉપશમ, ક્ષયોપશમ થાય. ક્ષાયિક ન હોય એને. આહાહા..!

એટલે કહે છે, **'છતાં જે અખંડ છે, એક છે,...'** એ અખંડ છે, ખંડ નથી વસ્તુમાં. એ એક જ છે. અખંડ છે એટલે એક છે. જુઓ! અખંડ એક આવ્યું જોયું! આમાં પણ શબ્દ છે ને એ. અખંડ સંપૂર્ણ દ્રવ્ય છે ને એક. જીવ એક અખંડ સંપૂર્ણ દ્રવ્ય હોવાથી. બે શબ્દ-એક અને અખંડ. આ એક અને અખંડ છે. એવા આત્માનો આશ્રય લઈને આત્માનું ભાન થાય. કેટલાક બોલ છે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


**અષાઢ વદ ૧૪, બુધવાર તા. ૨૪-૭-૧૯૬૮**
**શ્લોક-૨૭૦-૨૭૧, પ્રવચન-૫૭૭**

૨૭૦ કળશ છે. શું કહે છે? '**અનકે પ્રકારની નિજ શક્તિઓના સમુદાયમય આ આત્મા...**' જુઓ! આત્મા કેવો દૃષ્ટિમાં લેતા એને સમ્યગ્દર્શન અને અનુભવ થાય? આત્મા કઈ રીતે દૃષ્ટિમાં લેતા એને ધર્મ થાય? એ વ્યાખ્યા છે. સમજાણું કાંઈ? તો કહે છે કે આત્મામાં અનેક પ્રકારની નિજ શક્તિઓ, પોતાના શક્તિઓના સમુદાયમય. શરીર, વાણી, મન તો પર છે. એને કાંઈ અહીં જાણવા નથી. જાણ્યો નથી એણે આત્માને. એથી કહે છે કે જાણવામાં આવે એવો આત્મા કેમ જણાય? એ આત્મામાં જે અનંત શક્તિઓ છે, નિજ નિજ એમ શબ્દ વાપર્યો છે ને. પોતાની શક્તિ જ્ઞાન, દર્શન, આનંદ આદિ સત્ત્વ, તત્ત્વ, શક્તિઓ છે એનો સમુદાયમય. એનો આખો સમુદાય એ આ આત્મા. '**આ આત્માને નયોની દૃષ્ટિથી...**' એક એક શક્તિને એક એક જ્ઞાનના નયથી જોઈએ તો કહે છે '**ખંડખંડરૂપ કરવામાં આવતાં તત્કાળ નાશ પામે છે;...**' જુઓ! આ આત્માને રાગવાળો, કર્મવાળો, ઉપાધિવાળો જોવો એ તો વસ્તુમાં છે નહિ. છે એમાં? ૨૭૦ કળશ. ૨૭૦ કળશ. સમજાણું આમાં? એ શ્લોક નહિ એનો અર્થ ચાલે છે. અહીં અર્થ ચાલે છે ને આ તો. કહો, સમજાણું આમાં?

'**અનેક પ્રકારની નિજ શક્તિઓના સમુદાય...**' હવે અહીં તો કહે છે કે આત્માને જેને અનુભવવો હોય, જેને ધર્મ કરવો હોય એને શરીરવાળો છું કે રાગવાળો છું કે કર્મવાળો છું એ વાત તો છોડી દેવી. કારણ કે એ વાળો છે જ નહિ. સમજાણું કાંઈ? હું રાગવાળો છું, પુણ્યના પરિણામવાળો છું, પુણ્યના ભાવવાળો છું એ તો છે જ નહિ. એ આત્મા એવો છે જ નહિ. એટલે એને એ રીતે તો આત્મા જાણવામાં આવે નહિ. પણ આત્મા અનંત શક્તિવાળો છે. સમજાણું કાંઈ? પુણ્ય, પાપ પરિણામ, દયા, દાન, વ્રત, ભક્તિ પરિણામ એ વાળો તો આત્મા છે નહિ. એટલે એ વાળો જોવાથી તો આત્માની દૃષ્ટિ સાચી થાય નહિ. આ તો અનંત શક્તિવાળો છે.

ભગવાન આત્મા જ્ઞાન, દર્શન, આનંદ, અસ્તિત્વ, જીવત્વશક્તિ કાલે કહી હતી ને? એવી શક્તિના સમુદાયમય છે. છતાં '**નયોની દૃષ્ટિથી ખંડખંડરૂપ કરવામાં આવતાં...**' એક એક શક્તિને એક એક જ્ઞાનના અંશથી જોઈએ તો આત્માની પ્રતીતિ થતી નથી. ખંડ ખંડ થઈને રાગની ઉત્પત્તિ થાય છે. એક એક ગુણની હયાતી તો અનંત છે. પણ એક એક ગુણને એક એક નયથી જોતાં આત્માની પ્રતીતિ ન થતાં મિથ્યાત્વભાવ ને ખંડખંડ ભાવ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


ઉત્પન્ન થાય છે. શું કહ્યું સમજાણું કાંઈ? આહા..!

'**ખંડખંડરૂપ કરવામાં આવતા તત્કાળ નાશ પામે છે;...**' એટલે કે આત્માની શ્રદ્ધા થતી નથી. સમુળગુ મિથ્યાત્વ ઉત્પન્ન થાય છે. એક એક નયથી જોતાં ખંડ ખંડ મિથ્યાદષ્ટિપણું થાય છે. કારણ કે વસ્તુ અખંડ અભેદ છે તેને જોતા આવડતી નથી. સમજાણું કાંઈ? '**નાશ પામે છે; માટે...**' એક એક શક્તિને એક એક નયથી જ્ઞાનના અંશથી જોઈએ તો વસ્તુ અભેદ દૃષ્ટિમાં ન આવતા મિથ્યાત્વભાવ થઈને રાગની ઉત્પત્તિ થાય છે. કારણ કે વાસ્તવિક તત્ત્વની શ્રદ્ધા ન આવી એમાં. સમજાણું કાંઈ? જુઓને. છેલ્લા કળશો કેવા મૂક્યા છે!

'**માટે...**' આ કારણે. આ કારણે. આ કારણે એટલે? કે વસ્તુમાં અનંત શક્તિનો સમુદાય હોવા છતાં એક એક શક્તિને જોવાથી તો એમાં રાગની ઉત્પત્તિ થઈને આત્માની પ્રતીતિ સાચી થતી નથી. ખોટી પ્રતીતિ ભેદથી થાય છે. સમજાણું કાંઈ? '**માટે હું...**' માટે સમ્યગ્દૃષ્ટિ ધર્મી એમ વિચારે છે કે. કહો, સમજાણું કાંઈ? એક મંડુક-દેડકો હોય ને સમ્યગ્દર્શન પામે તો એની આ રીત છે. સ્ત્રીનો આત્મા શરીરથી કહેવાય (એને) શરીર તો છે નહિ. એનો આત્મા જે સમ્યગ્દર્શન પામે તોપણ આ વિધિ છે. '**હું એમ અનુભવું છું કે-જેમાંથી ખંડોને નિરાકૃત કરવામાં આવ્યા નથી...**' એમાં અનંત શક્તિ છે સંખ્યાએ. જ્ઞાન, દર્શન, આનંદ એવી સંખ્યાએ અનંત છે. હો. એને અમે બાતલ નથી કરતા, નાકબૂલ નથી કરતા. છે ને? રદબાતલ નથી કરતા, બહિષ્કૃત નથી કરતા કે અનંતી શક્તિઓ અનંત સંખ્યાએ નથી. એમ અમે નથી કહેતા. સમજાણું? '**છતાં જે અખંડ છે,...**' વસ્તુ તરીકે જે અખંડ છે એ ઉપર અમારી દૃષ્ટિ છે. સમજાણું કાંઈ? ધર્મ પામવાની આ રીત. આવા અનંત શક્તિઓવાળો હોવા છતાં નિષેધ કરતા નથી કે એમાં અનંતી શક્તિ સંખ્યાએ નથી. છતાં વસ્તુ તરીકે તે અખંડ છે એમ દૃષ્ટિ જાય ત્યારે એને સમ્યગ્દર્શન થાય. સમજાણું કાંઈ? આહાહા..! '**અખંડ છે,...**' ચાર વિશેષણ વાપરે છે. હું અખંડ છું, વસ્તુ તરીકે અભેદ એકરૂપ ધ્રુવ. ધ્રુવ ઉપર દૃષ્ટિ આપતા એ અખંડ છે. '**એક છે,...**' શક્તિઓ અનેક અનંત છે છતાં તે વસ્તુ તરીકે એક છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અનેકત્વ શક્તિ કીધી. વસ્તુ એક છે. આ તો ભાઈ રીત આ જુદી જાતની છે. અનંત કાળથી એણે સાંભળી નથી. એના અંતર આ ચીજ શું છે એ સાંભળીને એણે કોઈ દી નિર્ણય કર્યો જ નથી.

કહે છે કે અનંત શક્તિઓ હોવા છતાં.. ઓલું તો છે જ નહિ એનામાં. ઉદયભાવ રાગ, સંસાર, શરીર એ તો છે જ નહિ. આ તો છે. છે ભલે હો. અમે એને નાકબુલ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


નથી કરતાં. છતાં વસ્તુ તરીકે અખંડ છે એ ઉપર દૃષ્ટિ આપતા આત્માની સાચી પ્રતીત અને સમ્યગ્દર્શન થાય છે. કહો, પોપટભાઈ! આહાહા..! બાયડીવાળો, છોકરાવાળો, પૈસાવાળો એ તો ક્યાંય ગયું.

મુમુક્ષુ :- ક્યાં ગયું?

ઉત્તર :- રખડવામાં. એ મિથ્યાત્વભાવમાં ગયું. સમજાણું? કારણ કે એ વાળો છે જ નહિ.

અહીં તો કહે છે કે અનંત શક્તિવાળો છે. સંખ્યાએ અનંત શક્તિવાળો ત્રિકાળ છે. છતાં અનંત શક્તિના અનંત ભેદ ઉપર દૃષ્ટિ એક એક ઉપર આપતા રાગની જ ઉત્પત્તિ થાય. એમાં આત્મા અખંડ પ્રતીતમાં આવતો નથી. આહાહા..! જુઓ! એ ધર્મની રીત! સમજાણું કાંઈ? ભગવાન આત્મા આમ વસ્તુ તરીકે તો અખંડ (છે). શક્તિઓ ખંડ ખંડ નામ અનંત હોવા છતાં વસ્તુ અખંડ અને એક છે. અનેક શક્તિઓના ખંડ ખંડ ન કરતાં અખંડ છે અને અનંત શક્તિઓ (હોવા) છતાં વસ્તુ તરીકે એક છે.

**'એકાંત શાંત છે...'** આહાહા..! જુઓ! ઓલા ખંડ ખંડ કરતાં વિકલ્પ અને અશાંતિ ઉત્પન્ન થતી હતી. પ્રભુ આત્મા એકાંત, એકાંત શાંત. દેખો આ એકાંત શાંત. આમાં અનેકાંત ન થાય. એકાંત શાંત... શાંત સમરસી વીતરાગભાવસ્વરૂપ એકાંત શાંત છે. ઓલા વિકલ્પ ઉઠે છે ખંડ ખંડ અનેક નયો પ્રકૃતિને ભિન્ન પાડતા અશાંતિ ઉત્પન્ન થાય છે. સમજાય છે કાંઈ? આત્મામાં અનંત શક્તિઓ છે અનંત. એને એક એકને ભિન્ન પાડતા લક્ષમાં લેતા તો અશાંતિ જ રાગની ઉત્પત્તિ થાય છે, અશાંતિ ઉત્પન્ન થાય છે. વસ્તુ એકાંત શાંત છે. અંતરમાં અકષાયભાવ એવો વીતરાગભાવ એકાંત, એક જ વીતરાગભાવથી ભરેલો આત્મા છે. કહો, સમજાણું આમાં? **'એકાંત શાંત છે. (અર્થાત્ જેમાં કર્મના ઉદયનો લેશ પણ નથી...'** લ્યો! રાગનો અંશ પણ જેમાં નથી એવો વીતરાગભાવ, સમરસભાવ એકાંત શાંત.. શાંત... શાંત સ્વભાવ.

ચોથું વિશેષણ. **'અચળ છે (અર્થાત્ કર્મના ઉદયથી ચળાવ્યું ચળતું નથી)...'** ગમે તેવો કર્મનો પ્રકાર આવે, ચળે નહિ. એ દ્રવ્ય વસ્તુ છે અખંડ અચળ છે એને ચળવું શું? કે આવા ચાર વિશેષણ કરીને આત્માની એકતાને સિદ્ધ કરી છે. આવો આત્મા, ભગવાન આત્મા અનંત શક્તિઓથી ખંડ ખંડ થતા (છતા) વસ્તુ અખંડ છે. અનંત શક્તિઓ અનંત હોવા છતાં વસ્તુ એક છે. અનંત શક્તિઓને લક્ષમાં ભિન્ન ભિન્ન લેતા રાગ ઉત્પન્ન થાય. વસ્તુ એકાંત શાંત છે. અને રાગની ઉત્પત્તિ થતાં ચળપણું થાય છે. વસ્તુ અચળ છે. સમજાય છે કાંઈ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


કોઈ માણસ કાંઈ પકવાન કરે તો એની વિધિ જાણે કે નહિ પહેલી? કે એને શી રીતે કરવું? પકવાન કરે તો જાણે ને વિધિ કે ભાઈ, પહેલા જુઓ આ ઘીમાં લોટ શેકવો, પછી સાકરના પાણી નાખવા. એવી વિધિ સમજે કે નહિ? કે વિધિ સમજ્યા વિના કરતો હશે? શિરો સમજો છો? હલવો. શીરો-શીરો. હલવો નથી હોતો હલવો? શીરો કહે છે અમારે. શીરાને પહેલા લોટને ઘીમાં શેકે લોટને. પછી ગોળ કે સાકરનું પાણી નાખે. વિધિ શીખે ને? વિધિ શીખ્યા વિના એમ ને એમ પાધરો કરવા માંડે શીરો? એમ આત્માની આ વિધિ છે કહે છે સમજવાની. સમ્યગ્દર્શન પ્રગટ કરવાની આ વિધિ છે. સમજાણું કાંઈ?

ચાર વિશેષણ આપ્યા. આહાહા..! અખંડ છે, એક છે, એકાંત શાંત છે અને અચળ છે. '**એવું ચૈતન્યમાત્ર...**' એવું ચૈતન્યમાત્ર '**તેજ હું છું.**' એવી અંતરદષ્ટિ કરવી, અનુભવ કરવો એનું નામ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે. કહો, જેઠાલાલભાઈ! લોકોને તો ક્યાંય ચડાવી દીધા બિચારાને. આ કરો, જાત્રા કરો, પૂજા કરો, ભક્તિ કરો, લશ્કર કાઢો પાંચ લાખ, બે લાખ માણસનો. જાવ ચડો સમ્મેદશિખર ને ચડો શેત્રુંજય. એ નહિ. કહે છે કે એ બધું સમ્યગ્દર્શન પામવાની એ વિધિ જ નથી. પોપટભાઈ!

અહીં તો કહે છે, ભગવાન આત્મા વસ્તુ એક અને શક્તિ અનંત. અનંત કાળ રહે એમ નહિ હોં! અનંત કાળ તો રહે એ તો એની સ્થિતિ કાળની મર્યાદા છે. આ તો સંખ્યાની મર્યાદા અનંત છે. વસ્તુ એક અને શક્તિ અનંત. છતાં અનંતને જોતા ભેદ પાડીને જોતાં રાગની ઉત્પત્તિ થઈ ખંડખંડ થાય છે. અખંડ આત્મા પ્રતીતમાં આવતો નથી. ખંડ ખંડ થતાં મિથ્યાત્વભાવ થાય છે. આહાહા..! સમજાણું કાંઈ? '**એવું ચૈતન્યમાત્ર તેજ હું છું.**' એવી અંતરમાં દષ્ટિ કરવી, અંતર્મુખમાં આ રીતે પ્રતીત કરવી એનું નામ સમ્યગ્દર્શન ધર્મની પહેલી શરૂઆત છે. સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :- આત્મામાં...**' ભગવાન આત્મામાં '**અનેક શક્તિઓ છે...**' ઓહોહો..! સંપદા તે પણ કેટલી કહે છે. અહીં તો કરોડ, બે કરોડ, પાંચ કરોડ, પચાસ કરોડ, અબજ કે ચક્રવર્તીનું રાજની ગણતરી, જેમાં સોળ હજાર દેવ, છન્નું હજાર સ્ત્રી બધું મર્યાદિત. ધૂળની વાતું બધી પાછી. અહીં તો એથી અનંત... અનંત... અનંત... અનંતગુણી એવી શક્તિઓનો ભંડાર ભગવાન છે છતાં એવા ભેદ ઉપર દષ્ટિ ન કરવી કહે છે. આહાહા..! કેવા શ્લોક લીધા છે ને છેલ્લા! છેલ્લી સ્થિતિ છે ને.

'**અને એક એક શક્તિનો ગ્રાહક એક એક નય છે;...**' એક જ્ઞાનનો એક અંશ એક શક્તિને જાણે છે. આ તો ખંડ ખંડ થઈ ગયું. '**માટે જો નયોની એકાંત દષ્ટિથી જોવામાં આવે...**' નયની એકાંત એક પક્ષથી એક એક શક્તિને જોવામાં આવે '**તો આત્માના**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**ખંડ ખંડ થઈને તેનો નાશ થઈ જાય.**' એટલે આત્મા એકરૂપ દૃષ્ટિમાં આવે નહિ. આત્માનો નાશ થઈ જાય એટલે એ. વસ્તુ તો વસ્તુ છે. શ્રદ્ધામાં એના આત્માનો નાશ થઈ જાય. કેમ કે એક ગુણવાળો માનતા એક જ એક ગુણ ઉપર લક્ષ રાખતા અનંત ગુણનું એક રૂપ તો દૃષ્ટિમાં આવ્યું નહિ. એટલે એની શ્રદ્ધામાં મિથ્યાત્વની ઉત્પત્તિ થાય છે એટલે આત્મા એકરૂપ શ્રદ્ધામાં રહેતો નથી. ખંડ ખંડ શ્રદ્ધામાં આવે છે એટલે મિથ્યાત્વરૂપી શ્રદ્ધા થાય છે. એમ છે. ઓહોહો..! સમજાણું કાંઈ?

'**આમ હોવાથી સ્યાદ્વાદી,...**' અપેક્ષાઓનો જાણનાર વાસ્તવિક તત્ત્વને અપેક્ષિત કરીને જાણનારો '**નયોનો વિરોધ માટાડીને...**' કહે છે કે ભલે એક એક ગુણને જોતાં એક એક નય જાણે. ભલે હો. પણ હવે મારે તો એકરૂપ જોવું છે. આ પણ વસ્તુ હો, એનું જ્ઞાન હો ભલે. પણ છતાં એ જ્ઞાન આમ નય કરતાં જોતા અખંડ ને અભેદ છે. એ રીતે સ્યાદ્વાદી નયોનો પરસ્પર વિરોધ દૂર કરે છે. સમજાણું કાંઈ? '**નયોનો વિરોધ મટાડીને ચૈતન્યમાત્ર વસ્તુને...**' ભગવાન આત્મા જાણનાર-દેખનાર આદિ. વસ્તુ લીધી ને? ચૈતન્ય.

'**અનેકશક્તિસમૂહરૂપ-**' અનેક ગુણોના પિંડરૂપ, અનેક ગુણના સમૂહરૂપ '**સામાન્યવિશેષસ્વરૂપ,...**' ધ્રુવરૂપે સામાન્ય અને ગુણાદિના ભેદે વિશેષ. વસ્તુ તરીકે સામાન્ય અને ગુણભેદ તરીકે વિશેષ ભલે હો, એમ જાણે. અનંત શક્તિઓ છે એ વિશેષપણું થયું. એકરૂપ આત્મા એ સામાન્યપણું થયું. સમજાણું કાંઈ? આવી ધર્મની રીત! ઓલા તો આમ ધમાલ.. ધમાલ.. કરે. કરો આમ, કરો આમ. આઠ અપવાસ કરો. એય.. પોપટભાઈ! આહાહા..! શાંત થા ને ભગવાન! તારા સમીપે તારે જાવું છે કે તારાથી દૂર તારે વર્તવું છે? એ બધા વિકલ્પો દૂર વર્તવાના છે. સમીપમાં જવાનો તો આ રસ્તો છે.

'**સર્વશક્તિમય...**' '**સામાન્યવિશેષસ્વરૂપ,...**' એટલે ધ્રુવ અને ગુણભેદ. '**સર્વશક્તિમય એકજ્ઞાનમાત્ર અનુભવે છે.**' એક જ જ્ઞાન છું, અભેદ છું એવો અનુભવ કરવો એનું નામ ભગવાન આત્માને જાણનાર, આત્માને અનુભવનાર, ધર્મ કરનાર એને કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? હવે એમાં અમારા વ્યવહાર-બ્યવહારની કોઈ મદદ મળે કે નહિ? એ રાડ પાડે છે લોકો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નહિ? આ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, ભક્તિ કરીએ એની કાંઈ મદદ ખરી કે નહિ ધર્મમાં? કહે છે કે ના. એની વાત તો છે જ ક્યાં? પણ એનામાં છે એવા અનંત શક્તિને ભેદથી દેખો તોપણ અભેદને માટે મદદગાર નથી. સમજાણું કાંઈ? આહાહા..!

'**સર્વશક્તિમય એકજ્ઞાનમાત્ર અનુભવે છે. એવું જ વસ્તુનું સ્વરૂપ છે,...**' આવું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

વસ્તુનું સ્વરૂપ છે. કાંઈ ભગવાને કહ્યું માટે કર્યું છે એણે એમ છે? ભગવાને જાણ્યું છે, એમ કહ્યું છે, એમ છે. સમજાણું કાંઈ? આહાહા..! ભગવાન ચૈતન્યસ્વરૂપ અખંડ એક એકાંત શાંત અચળ પ્રભુ, એને દૃષ્ટિમાં લેતા એને સમ્યગ્દર્શન-જ્ઞાન અને શાંતિ થાય છે. '**એવું જ વસ્તુનું સ્વરૂપ છે, એમાં વિરોધ નથી.**' કહો, આમાં કોઈ વિરોધ નથી કે આ વ્યવહારથી ન થાય માટે આ એકાંત થઈ જાય છે, નિમિત્તથી ન થાય માટે એકાંત થઈ જાય છે, આવા અનંત ગુણ છે એને ભેદથી જોતા ન થાય માટે એકાંત થઈ જાય છે. એમ નથી. '**એમાં વિરોધ નથી.**' આહાહા..! સમજાણું કાંઈ? એ શ્લોક ૨૭૦ થયો.

**'હવે, જ્ઞાની અખંડ આત્માનો આવો અનુભવ કરે છે એમ આચાર્યદેવ ગદ્યમાં કહે છે :-'**

**'न द्रव्येण खण्डयामि, न क्षेत्रेण खण्डयामि, न कालेन खण्डयामि, न भावेन खण्डयामि; सुविशुद्ध एको ज्ञानमात्रो भावोऽस्मि।'**

ઓહોહો..! રચના તે પણ રચના!

હવે '**(જ્ઞાની શુદ્ધનયનું આલંબન લઈ એમ અનુભવે છે કે-)**' શુદ્ધનય એટલે? આત્માને અભેદ જોવાની જે દૃષ્ટિ છે એ શુદ્ધનયને આશ્રયભૂત જે વસ્તુ છે એને અનુભવે છે એમ કહે છે. ધર્મી એમ અનુભવે છે કે '**હું અર્થાત્ મારા શુદ્ધાત્મસ્વરૂપને નથી દ્રવ્યથી ખંડતો,...**' એકલો દ્રવ્યમાત્ર છું એથી ક્ષેત્રમાત્ર આદિ નથી એમ નહિ. હું દ્રવ્યથી એકરૂપ ખંડતો નથી. અખંડ દ્રવ્યમાત્ર છું. દ્રવ્યથી જુઓ તો એ અખંડ છે.

'**હું મને અર્થાત્ મારા શુદ્ધાત્મસ્વરૂપને નથી દ્રવ્યથી ખંડતો,...**' એટલે એક દ્રવ્યભાગ છે, એક ક્ષેત્રભાગ જુદો છે, એક કાળભાગ જુદો છે, ભાવ ભાગ જુદો છે એમ નથી. સમજાણું કાંઈ? આ ગોટલીનો દાખલો આપ્યો ને હમણાં કેરીનો? કેરી-કેરી. એ કેરીમાં ચાર ભાગ છે. એક છે તે છિલકા-ઉપરની છાલ, એક ગોટલી, એક રેસા રેસા. જાળી. એ જાળી હમણાં કહ્યું. રેસા અને એક રસ. રસ, રેસા અને ગોટલી અને છિલકા. એમ આત્મા છે? કે ના એમ આત્મા નથી. કેરીમાં ચાર (ભાગ છે). કેરી સમજો છો? આમ. એમાં ચાર ભાગ પાડો તો એક ઉપરની છાલ, એક ગોટલી, એક રેસા અને રસ. એ કેરીનું એવું સ્વરૂપ નથી. એમ આત્મામાં એવા ચાર ભાગ પાડે એવું સ્વરૂપ નથી. એક ભાગ દ્રવ્યનો, એક ભાગ ક્ષેત્રનો, એક ભાગ કાળનો અને એક ભાગ ભાવનો. એમ નથી. પણ કેરીમાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શથી જુઓ તો પીળા રંગથી જુઓ તો પીળામાત્ર કેરી છે. રસમાત્રથી જુઓ તો રસમાત્ર કેરી છે, ગંધમાત્રથી દેખો તો ગંધમાત્ર કેરી છે અને સ્પર્શમાત્રથી દેખો તો સ્પર્શમાત્ર કેરી છે. અભેદ છે. સમજાય છે કાંઈ?

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


કેરીના ચાર ભાગ પહેલા કહ્યા એ રીતે જુઓ તો કેરી અખંડ એ રીતે છે જ નહિ. એ ચાર જુદા જુદા ભાગ પડી ગયા. પણ કેરીને એના વર્ણથી દેખો, રંગથી રંગ. તો રંગથી દેખો તો એ રંગમય જ કેરી છે. રંગનો ભાવ કોઈ જુદો છે? ગંધનો કોઈ જુદો છે? રસનો કોઈ જુદો છે? અને સ્પર્શનો કોઈ જુદો છે એમ છે નહિ. સમજાણું કાંઈ? એ તો વર્ણ જુઓ તો પીળી ધમ્મક જેવી. શું કહે છે તમારે એ? પીળી આવે છે ને? ધમ્મક નહિ કહેતા હોય હિન્દીમાં. શું કહે છે શેઠી? પીળી ભમ્મર જેવી કહે અમારે અહીંયા કાઠિયાવાડમાં. એ એને ખબર ન હોય. એ હળદર જેવી ન હોય. હળદર જેવી ન હોય. પીળી ભમ્મર જેવી તો આપણા સાથે મેળ ખાવો જોઈએ ને શબ્દ સાથે. પીળી આમ પાછી એની છાલ જરી ઓલી થઈ ગઈ હોય આમ સમજ્યાને, કરચલી પડી ગઈ હોય. પીળી .. છે. રસથી જુઓ તો આખો રસમય જ કેરી છે. સ્પર્શથી જુઓ તો સ્પર્શમય જ કેરી છે અને ગંધ દેખો તો સુગંધ હોય ને? સુગંધ તો સુગંધમય જ કેરી છે. એમ આત્મા દ્રવ્યે કાંઈક જુદું છે, ક્ષેત્ર કાંઈક જુદું છે, કાળ કાંઈક જુદો અને ભાવ જુદો એમ છે નહિ. દ્રવ્યથી જુઓ તો પણ કહે છે હું શુદ્ધાત્માને ખંડતો નથી. દ્રવ્યથી વસ્તુ એક અખંડ છે. સમજાણું કાંઈ? દ્રવ્ય-ક્ષેત્ર અને કાળ, ભાવ આત્મામાં તો એના ચાર ભાગ નથી કાંઈ અંદરમાં.

'**હું મને અર્થાત્ મારા શુદ્ધાત્મસ્વરૂપને નથી દ્રવ્યથી ખંડતો,...**' એટલે દ્રવ્યનો એક ભાગ જુદો પાડું છું એમ નથી. એ તો દ્રવ્ય તો એક જ વસ્તુ એક જ છે. '**નથી ક્ષેત્રથી ખંડતો,...**' એટલે ક્ષેત્ર અસંખ્યપ્રદેશી આત્મા, એ ક્ષેત્ર કોઈ જુદું છે અને દ્રવ્ય કોઈ જુદું છે એમ નથી. ક્ષેત્રથી જુઓ તો અસંખ્ય પ્રદેશી એક છે. દ્રવ્યથી જુઓ તો વસ્તુ એક છે. સમજાણું કાંઈ? આહાહા..! દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ ચાર ભાવના ભેદ કાઢી નાખ્યા. ત્યાં સુધી. ઓલી શક્તિઓના ભેદ કાઢ્યા, અહીં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવના ભેદ કાઢી નાખ્યા. સમજાય છે કાંઈ? એ આ ઊંચામાં ઊંચા શ્લોક છે આ તત્ત્વના. દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ ભેદ નહિ. દ્રવ્ય તો એક, ક્ષેત્ર તો એક, કાળ તો એ, ભાવ એક.

'**હું મને અર્થાત્ મારા...**' મને એટલે '**મારા શુદ્ધાત્મસ્વરૂપને...**' એમ. હું મને એટલે હું મને એટલે મારા શુદ્ધાત્મસ્વરૂપને '**નથી દ્રવ્યથી ખંડતો,...**' કે દ્રવ્યનો એક ભાગ કોઈ આત્મામાં જુદો છે એમ હું ભેદ પાડતો નથી. '**નથી ક્ષેત્રથી ખંડતો,...**' કે અસંખ્ય પ્રદેશ ક્ષેત્ર કોઈ જુદા છે અને દ્રવ્ય કોઈ જુદું એમ છે નહિ. એ અસંખ્ય પ્રદેશી વસ્તુ તો એ એકની એક જ છે ઈ. સમજાણું કાંઈ? '**નથી ક્ષેત્રથી ખંડતો,..**' એટલે? એનું ક્ષેત્ર જુદો ભાગ છે અને દ્રવ્યનો જુદો ભાગ છે એમ છે નહિ. ક્ષેત્રથી જુઓ તો એ અખંડ છે, દ્રવ્યથી જુઓ તો એનું એ છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


'**નથી કાળથી ખંડતો,...**' કાળની એક સમયની અવસ્થા ભિન્ન છે એમ છે નહિ. કાળનું સ્વરૂપ જુદું છે, ક્ષેત્રનું જુદું છે, દ્રવ્યનું જુદું છે, આંબાની કેરીમાં ઓલા ચાર ભાગ પાડ્યા એમ નથી. આહાહા..! ભારે વાત, ભાઈ! દ્રવ્યથી જુઓ તો એક અનંત ગુણનો પિંડ એક જ છું શુદ્ધાત્મા. ક્ષેત્રથી જુઓ તો એનો એ અસંખ્ય પ્રદેશ ક્ષેત્ર એક જ છું, કાળથી જુઓ તો ત્રિકાળ રહેનારું તત્ત્વ એકરૂપ સદશ્ય તે એક જ છું. કાળનો ભાગ જુદો છે અને ક્ષેત્રનો જુદો છે એમ છે નહિ. સમજાણું કાંઈ?

અને '**નથી ભાવથી ખંડતો;...**' એના અનંતા ગુણો છે એ ભાવ. એ ભાવ જુદો છે. એ ભાવ તો એની એ વસ્તુ છે. અનંત ભાવરૂપ તે એની એ ચીજ છે, ક્ષેત્રથી તો એની એ ચીજ છે, દ્રવ્યથી પણ એની એ ચીજ છે અને કાળથી એની એ ચીજ છે. સમજાય છે કાંઈ આમાં? કહો, ઓલામાં દ્રવ્યથી આટલા પૈસા, ક્ષેત્રથી આટલા મકાન, કાળથી આટલા કાળથી છે અમારી પાસે અને ભાવથી આટલી કિંમતવાળા. કહો, એમ હશે ભાગ જુદા આમાં?

મુમુક્ષુ :- ભાવથી માલિક નહિ?

ઉત્તર :- માલિક નહિ. ભાવથી આટલા ભાવવાળા. માલ આટલો પડ્યો હોય ને એટલા ભાવવાળો હોય છે ને. આણે કલ્પ્યો છે ને? ત્યાં ક્યાં ભાવ છે? એનો ભાવ તો એની પાસે છે. સોનું હોય તો જે ભાવ છે એ છે. સો રૂપિયાનો તોલો, બસ્સોનો તોલો એ તો કલ્પ્યો છે ને. આહાહા..!

અહીં તો કહે છે, ભગવાન આત્મા. ઓહો..! ક્યાં સુધી લઈ ગયા છે! અહીં કહે છે, મારા આત્માને અનુભવવામાં નથી હું રાગને ભેળવતો, નથી નિમિત્તને ભેગો લાવતો, નથી અનંત શક્તિના ભેદથી લક્ષમાં લેતો. પણ અહીં તો કહે છે, દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવના ચાર ભાગ પાડીને લક્ષમાં લેતો એમ નથી. ચાર લાવી દીધા અંદર. આહાહા..! સમજાણું કાંઈ? વાતું બાપુ આ તો અંતરના ઘરની મોટી છે. આ કાંઈ સાધારણ વાત નથી. આ કથા નથી. આ તો અમૃતના વહેણના વહેણલાની વાતું છે. આહાહા..!

ભગવાન આત્મામાં અમૃત ક્યારે ઝરે? અમૃત અનેકાંતનો અનુભવ ક્યારે થાય? કે એ દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળ અને ભાવથી ચાર ભેદ જેમાં નથી. સમજાણું કાંઈ? દ્રવ્યથી જુઓ તો પણ એક, વસ્તુથી જુઓ તો એક, ક્ષેત્રથી જુઓ તો એનું એ છે ક્ષેત્ર. દ્રવ્યનો ભાગ જુદો, ક્ષેત્રનો ભાગ જુદો એમ છે? ઓલા કેરીમાં ચાર જુદા છે. કીધા ને? જાળી એટલે રેસા, રસ, ગોટલી અને છાલ ઉપરની. શું કહે ઉપરનું એ? કેરીનું. છાલ ઉપર. આપણે શું કહે છે? ઉપરની છાલ. છિલકા. છિલકા આપણે નથી કહેતા. આપણે છાલ કહે છે. છાલ-

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



છાલ. ઉપરની છાલ હોય ને પીળી. ગોટલી, રસ, ફોતરા ઉપરના છાલ-છાલ કેરીની. છોતરું. છોતરું. છોતરું કહે છે એને. ઉપરના ભાગને છોતરું કહે, આટલા ભાગને ગોટલી કહે, રસ ને રેસા, રેસા નથી કહેતા? ભાઈ, આ કેરીમાં રેસા ઘણા. કરેને કેરીનું ઓલામાં કપડામાં શણીયું બાંધીને રેસા કાઢવા. એક રેસા, એક રસ, એક ગોટલી અને એક છોતરું એમ ચાર ભાગે કેરી છે? એ રંગેથી દેખો તો કેરી, રસથી દેખો તો એની એ, રંગથી દેખો તો એ. એમ આત્માને દ્રવ્યથી દેખો તો તેનો તે, ક્ષેત્રથી દેખો તો અખંડ તેનો તે. ત્રિકાળ કાળથી દેખો તો તેનો તે. અને ભાવનું એકરૂપ દેખો તો તેનો તે. સમજાણું કાંઈ? આહાહા..! આવી વાત ધર્મકથા સાંભળનારા બહુ થોડા હોય છે આવા. ઓલી તો સભા મોટી ભરાય. હો.. હા.. થઈ જાય.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સિદ્ધાંત છે ને. આ માને છે ને? એ આપણે ચાર ખંડખંડથી, આનાથી દ્રવ્યનો ભાગ જુદો એમ માનશું, ક્ષેત્રનો જુદો એમ માન્યતામાં છે ને? માન્યતા તો ક્યાં પણ એની શ્રદ્ધામાં. અહીં ચાર ભાગ છે ને? દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ વસ્તુમાં. તો એ ચાર ભેદ ઉપર અજ્ઞાની લક્ષ કરે છે એમ કહે છે. એટલી વાત. જ્ઞાની ભેદ ઉપર લક્ષ કરતો નથી. અભેદ ઉપર ચારેયનું એકરૂપ છે એ દૃષ્ટિ કરે છે એમ કહે છે. ભેદ દૃષ્ટિવાળો છે કે નહિ? ભેદની અનાદિ દૃષ્ટિ છે ને? ૧૧મી ગાથામાં ન આવ્યું? ૧૧મી ગાથામાં આવ્યું ને? ભેદદૃષ્ટિ અનાદિની છે. એ ૧૧મી ગાથામાં છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઉભયરૂપ છે જ નહિ. નહિ. નહિ. એકરૂપ જ છે. એ પહેલું કહ્યું કે જ્ઞાનમાં લે સામાન્ય-વિશેષ બેય. સામાન્ય ધ્રુવ છે, શક્તિઓ ગુણરૂપ વિશેષ છે અને દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ વિશેષ એમ કહેવાય. વસ્તુમાં ભેદ ક્યાં છે પણ? કે દ્રવ્યે આત્મા આવો અને ક્ષેત્રે જુદો એમ છે અંદર? એનો એ અનંત ગુણનો પિંડરૂપ જે દ્રવ્ય છે એનો એ અસંખ્ય પ્રદેશી ક્ષેત્ર છે. એનો એ ત્રિકાળી કાળ છે, એના એ ભાવરૂપનું એક સ્વરૂપ છે ભાવરૂપનું. સમજાણું કાંઈ? આહાહા..!

ત્યારે છું કેવો? નથી ભાવથી ખંડતો. '**સુવિશુદ્ધ એક જ્ઞાનમાત્ર ભાવ છું.**' એકલો સુવિશુદ્ધ એક જ્ઞાનમાત્ર અથવા અનંત ગુણનો એકરૂપ એવો જ્ઞાયકભાવમાત્ર છું. આવી દૃષ્ટિ કરવી એનું નામ સમ્યગ્દર્શન છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :- શુદ્ધનયથી જોવામાં આવે...**' આ ઉતારતા ઉતારતા ક્યાં લઈ જાય છે, જુઓ! ત્રણ કાઢી નાખશે હવે. ઓલા જ્ઞાતા, જ્ઞેય અને જ્ઞાન. ઉતારી ઉતારીને ત્યાં

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


ઉતારતા જાય છે. આહાહા..! ગજબ વાત છે. '**શુદ્ધનયથી જોવામાં આવે...**' આત્માને અંતરના સમ્યગ્જ્ઞાનથી પૂર્ણને જોવામાં આવે તો '**શુદ્ધ ચૈતન્યમાત્ર ભાવમાં...**' શુદ્ધ ચૈતન્ય વસ્તુ જ્ઞાયકભાવ એમાં '**દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી કાંઈ પણ ભેદ દેખાતો નથી.**' જુઓ! ભેદ દેખાતો નથી. ભેદ દેખવો એ જ વસ્તુનું સ્વરૂપ નથી એમ કહે છે. વસ્તુમાં ભેદ છે જ નહિ. આહાહા..! કહો, સમજાણું કાંઈ? લ્યો, આ સમ્યગ્દર્શનના વિષયમાં દ્રવ્ય અને પર્યાય આવી. ચંદુભાઈ! તમારે ચાલ્યું હતું કે નહિ? મુંબઈમાં. બહુ ચાલ્યું હતું? અહીં તો ચાર ભેદ પણ ના પાડે છે.

વસ્તુ એકરૂપની દૃષ્ટિ કર્યા વિના એકાગ્રતા થાય નહિ અને એકાગ્રતા થયા વિના એક ઉપર જવાય નહિ અને એક ઉપર ગયા વિના સમ્યગ્દર્શન થાય નહિ. સમજાણું કાંઈ? એક્કો હોય છે ને તમારે સૌથી મોટો? હુકમનો એક્કો. શું કહેવાય આ તમારે ગંજીપો? એક્કો નથી એક્કો? પછી બાદશાહ, પછી રાણી, પછી ગલ્લો હોય છે ને? આહાહા..! એ બધું સંસારમાં કર્યું છે, હોં! બધું જોયું છે. અમારે મામાને ત્યાં તો મોટી ઓલી હતી. સોગઠાબાજી નહિ? ચોપાટ. અમારા મામાને ત્યાં. ત્યાં હતી. ત્યાં તો રમતા. આ સાગઠીયું હોય ને? અહીં મૂકે.. અહીં મૂકે.. ઢીંકણું ફીંકણું. થોથે થોથા. અહીં કહે છે, એ ત્યાં ચોપાટ કહે છે ને? ચાર બાજુ ચાર હોય ને લાંબા લાંબા પૂંછડા. વચ્ચે હોય ઓલું. ચાર ગતિ બીજું શું છે અને વચલો પછી સિદ્ધ ભાવ. આહાહા..! પાકી જાય ત્યાં જાય. એ કહેતા હતા અંદરમાં ત્યાં આવે.

અહીં કહે છે કે '**શુદ્ધનયથી જોવામાં આવે તો શુદ્ધ ચૈતન્યમાત્ર ભાવમાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી કાંઈ પણ ભેદ દેખાતો નથી.**' આ દ્રવ્ય જુદું ને ક્ષેત્ર જુદું અને કાળ, ભાવ (જુદો) એવું કાંઈ નથી. '**માટે જ્ઞાની અભેદજ્ઞાનસ્વરૂપ અનુભવમાં ભેદ કરતો નથી.**' લ્યો! ઓહોહો..! માટે ધર્મીજીવ એકરૂપ જ્ઞાનાનંદ સ્વરૂપમાં ભેદ પાડતો નથી, અભેદ ધ્રુવ ચૈતન્ય એકરૂપ છે તેની દૃષ્ટિ કરે છે. કહો, આ ઉપાય ઉપેય છે ને. હવે એથી ઝીણું આવ્યું પાછું થોડું. અનંતમાંથી ચાર લીધા અને ચારમાંથી હવે ત્રણ. આહાહા..!

'**જ્ઞાનમાત્ર ભાવ પોતે જ જ્ઞાન છે,...**' ભગવાન આત્મા પોતે જ જ્ઞાનસ્વરૂપ છે. '**પોતે જ પોતાનું જ્ઞેય છે...**' દેખો હવે પરજ્ઞેય નહિ. પોતે જ પોતાને જાણનારો છે, પોતે જ પોતાને જણાય એવો છે. '**અને પોતે જ પોતાનો જ્ઞાતા છે-એવા અર્થનું કાવ્ય હવે કહે છે :-**'

**योऽयं भावो ज्ञानमात्रोऽहमस्मि**
**ज्ञेयो ज्ञेयज्ञानमात्रः स नैव।**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**ज्ञेयो ज्ञेयज्ञानकल्लोलवल्गन्**
**ज्ञानज्ञेयज्ञातृमद्वस्तुमात्रः।।२७१।।**

ઓહોહો..! અમૃતચંદ્રાચાર્ય. હવે કહે છે કે ત્રણ ભેદ પાડવા કે જ્ઞેય કાંઈ જુદું છે, જ્ઞાન કોઈ જુદું છે અને જ્ઞાતા કાંઈ (જુદો છે) એવો ભેદ છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

**'શ્લોકાર્થ :- જે આ જ્ઞાનમાત્ર ભાવ હું છું તે જ્ઞેયોના જ્ઞાનમાત્ર જ ન જાણવો;...'** ષટ્દ્રવ્યનું જાણપણું જે પર્યાયમાં થાય એટલા જ્ઞેયમાત્ર, એટલા જ્ઞેયમાત્ર આત્માને ન જાણવો. **'જ્ઞેયોના જ્ઞાનમાત્ર જ ન જાણવો;...'** એવો આત્મા એટલો છે નહિ. શું કહે છે? એક સમયની જ્ઞાનની પર્યાયમાં ષટ્ દ્રવ્ય જણાય છે. એક સમયની પર્યાયમાં. એ પર્યાયનું જ્ઞાન ષટ્ દ્રવ્યને જાણવાપણે પરિણમેલું છે. કહે છે એટલો જ્ઞેય તરીકે, એટલી જ પર્યાય તરીકે જ્ઞેય છે આત્મા એમ નહિ. પર તરીકે તો નહિ પણ એટલી પર્યાયનું જ્ઞેય એવડો પણ નહિ. આહાહા..! સમજાણું કાંઈ? પરજ્ઞેય ને છ દ્રવ્ય, ત્રણ કાળ ત્રણ લોક. એને જાણવામાત્રનું એ જ્ઞેય એમ પણ નહિ. પણ એક સમયની પર્યાયમાં છ દ્રવ્ય બધું જણાય એવો પર્યાય પરિણમન, એટલો જે પર્યાયનો એક અંશ જ્ઞેય એટલોય આત્મા નથી. આહાહા..! સમજાણું કાંઈ?

**'જે આ જ્ઞાનમાત્ર ભાવ હું છું...'** હું છું **'તે જ્ઞેયોના જ્ઞાનમાત્ર જ ન જાણવો;...'** જણાવાયોગ્ય પદાર્થના જાણવામાત્ર જ એને ન જાણવો. એટલો આત્મા છે નહિ. આહાહા..! **'(પરંતુ) જ્ઞેયોના આકારે થતા જ્ઞાનના કલ્લોલોરૂપે પરિણમતો...'** પણ જે જ્ઞેયો છે એના આકારે થતાં જ્ઞાનના કલ્લોલોરૂપે, પર્યાયની પરણતિરૂપે તે **'જ્ઞાન-જ્ઞેય-જ્ઞાતામય વસ્તુમાત્ર જાણવો...'** **'જ્ઞેયોના આકારે થતા જ્ઞાનના કલ્લોલોરૂપે પરિણમતો...'** તે. જ્ઞાન-જ્ઞેય, પોતે જ્ઞેય. પોતાનું દ્રવ્ય, પોતાના ગુણ, પોતાની પર્યાય જ્ઞેય. અને જ્ઞાન સમયની એક પર્યાય અને જ્ઞાતા-અનંત શક્તિનો પિંડ. સમજાણું કાંઈ? આ તો અંતરમાં ઉતરવાની વાત છે. સમજાણું કાંઈ?

**'જ્ઞેયોના જ્ઞાનમાત્ર જ ન જાણવો; જ્ઞેયોના આકારે થતા જ્ઞાનના કલ્લોલોરૂપે પરિણમતો તે,...'** પર્યાય એમ. **'જ્ઞાન-જ્ઞેય-જ્ઞાતામય વસ્તુમાત્ર જાણવો (અર્થાત્ પોતે જ જ્ઞાન, પોતે જ જ્ઞેય...'** પોતાના જ્ઞાનનું પોતે જ જ્ઞેય. દ્રવ્ય, ગુણ અને પર્યાય. જ્ઞાનની એક સમયની પર્યાય, એનું જ્ઞેય દ્રવ્ય, ગુણ અને પર્યાય. પર નહિ. સમજાણું કાંઈ? **'પોતે જ જ્ઞાન, પોતે જ જ્ઞેય...'** એ છ દ્રવ્યને જાણતી પર્યાય એ પોતાની પોતે છે. એને પોતે પોતાને જાણે છે, પરજ્ઞેયને નહિ. એ પોતે જ્ઞેયમાં પણ જ્ઞેયના ત્રણ ભાગ. એકલો સમયનો પર્યાય જ્ઞેય એમ પણ નહિ. છ દ્રવ્યનું જ્ઞેય એ તો નહિ પણ એક સમયની પર્યાય

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


જે જાણે છ દ્રવ્યને જ્ઞેય એટલો પણ જ્ઞેય નહિ. આખું દ્રવ્ય, આખો ગુણ અને એક સમયની બધી પર્યાયો એ બધું જ્ઞેય. એ જ્ઞેયની એક શક્તિ અને એક સમયનું જ્ઞાન એ બધાને જાણે એવું જ્ઞાન, પોતે પોતાને જાણે એવી જ્ઞાનની શક્તિ. અને એ અનંત શક્તિનો પિંડ તે જ્ઞાતા એ પણ પોતે ને પોતે છે. જ્ઞાતા પોતે, જ્ઞેય પોતે અને જ્ઞાન પોતે. એમાં ત્રીજું કાંઈ છે નહિ. આહાહા..! ક્યાં લઈ ગયા જુઓ!

તારી પર્યાયમાં ષટ્ દ્રવ્ય જે જણાય એ જ્ઞેય એવડો તું નહિ અને એને જાણનારું જ્ઞાન એ નહિ. તારી પર્યાયમાં છ દ્રવ્ય જે જાણવારૂપે જ્ઞાનની પર્યાય પરિણમી એને તું જાણનારો એટલાને એટલો પણ નહિ. જ્ઞેય તો દ્રવ્ય, ગુણ ને પર્યાય ત્રણેય. એક સમયની અવસ્થાનું જ્ઞેય છ દ્રવ્યને જાણે. એટલો એક સમયનો પર્યાય એટલું જ્ઞેય નહિ. એવી અનંતી પર્યાયનો ગુણ અને એવા અનંત ગુણનો પિંડ દ્રવ્ય તે જ્ઞેય. દ્રવ્ય-ગુણ-પર્યાય જ્ઞેય, એક સમયનું જ્ઞાન તે જ્ઞાન અને અનંત શક્તિનો પિંડ તે જ્ઞાતા. જ્ઞાતા તે, જ્ઞાન તે અને જ્ઞેય પણ તે. પરજ્ઞેયની સાથે કાંઈ સંબંધ છે નહિ. ઓહોહો..!

લ્યો, વ્યવહારે જાણેલો પ્રયોજનવાન. ભાઈ! આવ્યું ને? એય..! એ તો કાઢી નાખ્યું પાછું. એ વ્યવહારે જાણેલો પ્રયોજનવાન એ વ્યવહારનું જ્ઞાન નથી, એ તો જ્ઞાન પોતાનું છે એમ કહે છે. વ્યવહાર કહ્યો હતો ને? વ્યવહારે જાણેલો પ્રયોજનવાન છે. ૧૨ (ગાથામાં). રાગાદિ હોય અને અશુદ્ધતા એ જાણે છે. એમ જાણવા માટે પ્રયોજનવાન છે. અહીં કહે છે કે એનું જ્ઞાન નથી. પોતાની જ પર્યાયનું જ્ઞાન છે એ તો. અને તે સમયની પર્યાયનું જ્ઞાન એટલું જ્ઞેય નથી. આહાહા..! સમજાણું કાંઈ? જ્ઞાનની એક સમયની પર્યાયમાં જાણનાર, પ્રમાણભૂત થનાર, એનામાં આખું દ્રવ્ય પોતાનું દ્રવ્ય, પોતાનો ગુણ અને પોતાની પર્યાય તે જ્ઞેય છે. પરજ્ઞેય નહિ. સમજાણું કાંઈ? માર્ગ અલૌકિક માર્ગ છે. અમૃતની સડકે ચડવાનો માર્ગ છે આ. સમજાણું કાંઈ? કહે છે કે ભાઈ!

હું પરને જાણું છું એવું જ્ઞાન મારું? કે ના. અને હું પરને જાણું છું? ના. હું તો મને મારા દ્રવ્ય, ગુણ ને પર્યાયની શક્તિ છે તેને જાણનારો હું જ્ઞાન. ત્રણે મારા જ્ઞેય અને એ અનંત શક્તિઓનો પિંડ તે જ્ઞાતા આખો. એ જ્ઞાતા પણ હું, જ્ઞેય તે હું અને જ્ઞાન તે હું. મારાથી ત્રણ કંઈ જુદા છે નહિ. આહાહા..! ઓલા ચારનું કાઢી નાખ્યું, આ ત્રણનો ભેદ કાઢી નાખ્યો. ઝીણી વાત છે ભાઈ! સમજાણું? જુઓ, ધ્યાન રાખજો. શરીરમાં રોગ થાય. સમજાણું? એ તો જાણવા લાયક છે. શરીરમાં રોગ થાય, રાગ થાય એ જાણવા લાયક છે. અહીં કહે છે ના. એ ક્યાં કીધું અહીં તને? સમજાણું કાંઈ? એ તો પોતાની જ્ઞાનની પર્યાયને જાણે છે. રાગ સંબંધીનું જ્ઞાન, શરીર સંબંધીનું જ્ઞાન એ તો જ્ઞાન મારું પોતાનું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


છે. એનું છે? અને એને જોવું છે? સમજાણું કાંઈ? મૂળજીભાઈએ જવાબ આપ્યો હતો. સાંભળ્યો હતો ને પોપટભાઈ! આ મૂળજીભાઈ નહિ? લાખાણી છેલ્લી સ્થિતિએ. આહાહા..! ઉપડેલું મોટું. શું કહેવાય તમારું ઓલું હાર્ટફેઈલ. પીડા. .. નહિ ૮૪. પૈસાવાળા માણસ હોં! આ બધામાં પૈસા ઈ લઈને આવેલા ૭૬માં. ૧૬ લાખ રૂપિયા. ૭૬ની સાલમાં મુંબઈથી. પછી છેલ્લે અભ્યાસ ઘણો અને આ બહુ રુચતું. છેલ્લે બોલાવ્યા. સવારમાં ઉપડ્યું આ. તૈયારી થઈ ગઈ. તો પછી રહી ગયું સવારમાં તો. બપોરે બે અઢી વાગે. બોલાવો, લાલુભાઈને, પેલા કહે, બોલાવો ડોક્ટરને. આ કહે, બોલાવો લાલુભાઈને. લાલુભાઈએ કહ્યું, ભાઈ! આ રોગાદિ થાય છે એનો આત્મા જાણનાર છે. રોગાદિ આત્માના નથી. રોગ અને રાગનો આત્મા જાણનાર છે, શરીરના કર્મોનો આત્મા જાણનાર છે. એમ કહ્યું. તો એ કહે, શું શરીરનો જાણનાર આત્મા છે? શરીરનો જાણનાર આત્મા છે? છેલ્લે એમ બોલ્યા. જેઠાલાલભાઈ! મરવાની તૈયારી દેહ છૂટવાની. એય.. પોપટભાઈ! આમ વીર્યવાળા હતા. શરીરને જાણે આત્મા? શરીરને જાણે? આ રોગ થાય એને જાણે કે પોતાને જાણે? એય.. પ્રાણભાઈ! અભ્યાસ હતો ને પુરુષાર્થનું ટાણું આવ્યું ત્યારે એ વખતે એટલો તો વીર્યનો પોકાર આવવો જોઈએ ને.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. મરતા એમ કીધું. આની કોર હોય ને હાર્ટનું તમારે શું કહે એ? આ. હૃદય. જુઓ, શરીરમાં રોગ છે, આત્મા રોગનો જાણનાર છે, આત્મા રોગમય નથી. ધ્યાન રાખજો. ત્યારે એનો જવાબ આપ્યો એણે. એય.. પ્રાણભાઈ! આમ મરતા જવાબ આપ્યો. ઘણા લાખોપતિ પહેલેથી. ૭૬ની સાલથી. શું શરીરના રોગને જાણનાર આત્મા? રોગને જાણે? કે પોતાને જાણે? એય.. જેઠાલાલભાઈ! ત્યારે લોકો એમ કહે કે આ લોકોના આના આશ્રિતોના મરણ થાય એ પણ જુદી જાતના. એકવાર પડકાર તો આપ અંદરથી કે એને આમ જવું મારે કે આમ જવું મારે? એમ. સમજાણું કાંઈ? એ રોગને જાણવો નથી, રોગ સંબંધીનું જે જ્ઞાન પોતામાં થયું તેને એ જાણે છે. અને એટલાને પણ નહિ અહીં તો કહે છે. આહાહા..!

એક પર્યાય સંબંધીનું જ્ઞાન એટલું એનું જ્ઞેય છે? જ્ઞાનનું એટલું જ્ઞેય છે? એ પર્યાયદૃષ્ટિ થઈ, અંશદૃષ્ટિ થઈ. આહાહા..! સમજાણું કાંઈ? આમ દૃષ્ટિ દ્રવ્ય અને ગુણ અને પર્યાય ત્રણેય જ્ઞેયો છે. એ ત્રણેય જ્ઞેયનું પોતે પોતાનું જ્ઞાન કરે છે અને પોતે પોતાનો જ્ઞેય થાય છે. પરને જ્ઞેય કરીને પરનું જ્ઞાન કરે છે એ વસ્તુમાં છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? કહો, ચીમનભાઈ! કહો, સમજાય છે કે નહિ આ? આહાહા..! આવો માર્ગ છે. બાપા! તારો માર્ગ આવો છે. તારો તારામાં હોય કે તારો પરમાં હોય? પરને જોવું છે? આ શરીર રાગ થયો, રોગ છે ને આ છે ને આ છે. એ તો પરમાં ગયું. એ સંબંધીનું જ્ઞાન તો તારું તને

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


તું જો. તારી નજર તારામાં રાખ, તારી નજર તારામાં રાખ. તારી નજર અહીં જ્ઞેયમાં રાખવાની છે? એમ કહે છે મૂળ તો. સમજાણું કાંઈ? નજર અહીં રાખવી છે કે નજર અહીં રાખવી છે? એમ કહે છે મૂળ તો. આવો તે કેવો ધર્મ આ કઈ જાતનો? આવો વીતરાગનો માર્ગ હશે? જિનેશ્વરદેવનો આવો માર્ગ હશે?

મુમુક્ષુ :- કોઈનો હોઈ શકે જ નહિ.

ઉત્તર :- બીજે ક્યાં પણ (હોય)? આવું તો સાંભળતા નહોતા ક્યાંય. ચોવિહાર કરો, કંદમૂળ ન ખાવા, ફલાણું કરો, અપવાસ કરો એવું સાંભળતા. વીતરાગનો માર્ગ તો એવો હોય. કંદમૂળ ન ખાવા, ચોવિહાર કરવા, અપવાસ કરવા, એક પોરસી કરે તો પચ્ચીસ અપવાસનો લાભ થાય. એક અપવાસને માથે એક પોરસી કરે ત્રણ અઠમનો લાભ, એક અઠમનો થાય એવું બધું સાંભળ્યું હતું કે નહિ? કેમ? ..ભાઈ! આહાહા..!

અહીં તો કહે છે કે પોતાના જ્ઞેયને જાણે તો આત્માને લાભ થાય. એની નજર પોતાના જ્ઞેયમાં ગઈ. એટલે પર્યાય, દ્રવ્ય અને ગુણ. એટલે ખરેખર તો દ્રવ્ય ઉપર દૃષ્ટિ પડી છે એમાં જ્ઞાન ને ગુણ અને પર્યાયનું જ્ઞાન એમાં આવી જાય છે. આહાહા..! સમજાય છે ભાઈ? ગુજરાતી ભાષા ચાલે છે ને અમારે તો. સોભાગ્યમલજી! સાચી વાત છે. આહાહા..! આ કહે છે કે મારા સિવાય બીજી કોઈ ચીજ જ નથી. એમ કહે છે ભાઈ સાંભળો. આ હું જ છું. બીજો કોઈ છે જ નહિ. એમ કહે છે. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ના. એનું જ્ઞાન એ મારું જ્ઞાન છે એમ. છએ દ્રવ્યનું જ્ઞાન એ મારું જ્ઞાન છે એટલે હું જ છું. એ છે જ નહિ. એમ. અમરચંદભાઈ!

જ્ઞાનની એક સમયની પર્યાય છે ને, એ પર્યાયને જ માને તો એ છ દ્રવ્યને માન્યા, પણ દ્રવ્યને ન માન્યું એણે. પર્યાયને માની. એ પર્યાયને માની ક્યારે કહેવાય? કે એક સમયની પર્યાય છ દ્રવ્યને, ત્રણ કાળ ત્રણ લોકને જાણવાની તાકાતવાળી પર્યાયને માને તો પર્યાયને માની કહેવાય. એ પણ પર્યાયને માની, અંશને માન્યો. એ પર્યાયની માન્યતા પણ ખોટી છે એમ કહે છે, એકલી પર્યાયને માને તો. એ દ્રવ્યને માનતો નથી. એમ. એકલી પર્યાયને માને તો દ્રવ્યની દૃષ્ટિ ખોટી છે એમ કહે છે અહીં તો. સમજાણું કાંઈ? એ તો પર્યાયને માની એણે. દ્રવ્યને ક્યાં માન્યું એણે? આહાહા..! સમજાણું કાંઈ? ઓલામાં લીધું છે પછી ઘણું. કળશટીકામાં. પર્યાયને માને છે. છ દ્રવ્યને જાણે એટલે એક સમયની પર્યાયને જ એ માને છે. દ્રવ્યને માનતો નથી.

અહીં કહે છે, પરને જાણવા કાળે પોતાની જ્ઞાનની પર્યાયનો કલ્લોલ ઉઠે છે, એને એ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

જાણે છે. અને એને જાણતા દ્રવ્ય-ગુણને પણ જાણે છે. ભેગા દૃષ્ટિ ત્યાં પડી છે ને. સમજાણું કાંઈ? આહાહા..! આવું વાચકનું વાંચન પણ બીજા અન્યના શાસ્ત્રમાં નથી

'**જ્ઞેયોના આકારે થતા જ્ઞાનના કલ્લોલોરૂપે પરિણમતો તે,...**' તેનું તે જ્ઞાન, તેનું તે જ્ઞેય અને તેનો તે જ્ઞાતામય. વસ્તુમાત્ર જાણવો. '**(અર્થાત્ પોતે જ જ્ઞાન, પોતે જ જ્ઞેય...**' આખું દ્રવ્ય-ગુણ-પર્યાય. '**અને પોતે જ જ્ઞાતા-**' જાણનારો પોતે આખો ત્રિકાળ. '**એમ જ્ઞાન-જ્ઞેય-જ્ઞાતારૂપ ત્રણે ભાવો સહિત વસ્તુમાત્ર જાણવો**).' જ્ઞાન-જ્ઞેય-જ્ઞાતારૂપ ત્રણે ભાવો સહિત વસ્તુમાત્ર જાણવો. એમ. માથે આવી ગયું હતું ને? એનો કૌંસમાં ખુલાસો કર્યો. '**જ્ઞાન-જ્ઞેય-જ્ઞાતારૂપ વસ્તુમાત્ર જાણવો...**' એનો ખુલાસો કૌંસમાં કર્યો. એમ જ્ઞાન પણ પોતે, જ્ઞેય પણ પોતે, જ્ઞાતા પણ પોતે. ત્રણે ભાવ સહિત વસ્તુમાત્ર અભેદ જાણવી. ત્રણ ભેદ પણ જેમાં નથી. એવો જ્ઞાયકમાત્ર ભગવાન એની દૃષ્ટિમાં લેતાં સમ્યગ્દર્શન થાય છે. ત્રણને ભેદ પાડતા પણ સમ્યગ્દર્શન થતું નથી. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


**અષાઢ વદ ૦)), ગુરુવાર તા. ૨૫-૭-૧૯૬૮**
**શ્લોક-૨૭૧-૨૭૨, પ્રવચન-૫૭૮**

૨૭૧ કળશ. એનો અર્થ થઈ ગયો. એનો ભાવાર્થ. ૨૭૧નો ભાવાર્થ. શું કહે છે? કે '**જ્ઞાનમાત્ર ભાવ જાણનક્રિયારૂપ હોવાથી જ્ઞાનસ્વરૂપ છે.**' અહીં કહે છે કે આ આત્મા જે છે એ જાણવાનું કામ કરે જાણવાનું. એ કાંઈ પરનું જ્ઞેય છે માટે જાણવાની ક્રિયા એની છે એમ નહિ. અને પરના જ્ઞેયને જાણે છે માટે જ્ઞાન છે એટલું એમ નહિ. જાણવાના પર્યાયમાં છ દ્રવ્ય જણાણા એ છ દ્રવ્યનું જ્ઞાન પોતાની જ્ઞાનની પર્યાયરૂપે થયું છે. છ દ્રવ્યને આકારે ભલે કહેવાય, પણ છે જ્ઞાનની જ પર્યાય બધી. સમજાય છે કાંઈ? છ દ્રવ્ય જણાય છે એમ નહિ. એમ કહે છે અહીં. છ દ્રવ્ય સંબંધીની જ્ઞાનની પર્યાય પોતાને જણાય છે. એ જ્ઞાન પોતે જ્ઞેય છે, પોતે જ્ઞાન છે અને પોતે જ તેનો જ્ઞાન દ્વારા જાણનારો જ્ઞાતા છે. સૂક્ષ્મ વાત છે થોડી. આ તો બધા શ્લોકો એવા છેલ્લા છે ને.

ધર્મની દૃષ્ટિવંતને જ્ઞાન જુદી ચીજ છે અને એનું જ્ઞેય જુદી ચીજ છે અને જ્ઞાતા જુદી (ચીજ છે) એમ ભાસતું નથી. એમ કહે છે. સમજાણું કાંઈ? જાણન જ્ઞાનમાત્રભાવ જાણનક્રિયારૂપ. એ જાણવાની અવસ્થારૂપ આત્માની જ્ઞાનક્રિયા છે. એ જ્ઞાનસ્વરૂપ છે. એ કાંઈ પરને—જ્ઞેયને જાણે માટે જ્ઞેયસ્વરૂપ છે એમ નથી. સમજાણું કાંઈ?

'**વળી તે પોતે જ નીચે પ્રમાણે જ્ઞેયરૂપ છે.**' જાણનક્રિયા એ પોતે જ પોતાનું જ્ઞેય છે. આહાહા..! '**બાહ્ય જ્ઞેયો જ્ઞાનથી જુદાં છે,...**' જાણવાની અવસ્થામાં બાહ્ય જ્ઞેયો જે એનું સ્વરૂપ છે તેમને જાણવામાં જાણવાની પર્યાય થાય. છતાં એ જાણવાની પર્યાયથી જણાવાયોગ્ય પદાર્થો તદ્દન જુદા છે. કહો, સમજાણું આમાં? આ શરીર, વાણી, મન, જ્ઞાનની પર્યાયમાં જણાય છે. કહે છે કે એ જ્ઞેય જણાય છે? ના. એ તો જ્ઞાનની પર્યાય જણાય છે. જ્ઞાનની પર્યાય તે જ્ઞેયો જેમ છે તેમ જ્ઞાનરૂપે જ્ઞાનનું જાણનક્રિયા પરિણમન થાય છે. એ જ્ઞાનની ક્રિયા જ પોતે પોતાને જાણે છે. પોપટભાઈ! ઝીણું બહુ. પોતે જ અભેદ વસ્તુ છે. સમજાણું?

'**બાહ્ય જ્ઞેયો જ્ઞાનથી જુદાં છે,...**' જાણવામાં આ રાગાદિ, શરીરાદિ આદિ બાહ્ય પદાર્થ ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ એ જાણવામાં આવે, કહે છે કે એ જાણવામાં આવ્યા છે? ના. એનું એ સંબંધીનું જ્ઞાન પોતે પોતાપણે જ્ઞાનનું પરિણમન થયું છે, એ પોતે પોતાની જ્ઞાનની પર્યાય પોતે જાણે અને પોતે જ્ઞેય છે. પરજ્ઞેય તો જુદા રહી ગયા. સમજાણું કાંઈ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


આ લાદી આદિ જણાય છે? ના. એમ કહે છે.

મુમુક્ષુ :- પોતાને જાણતા એ જણાઈ જાય છે.

ઉત્તર :- ના. એ જણાય છે એ નહિ. એમ પણ નહિ. એમ પણ નહિ. અહીં તો આગળ ચાલે છે. અહીં તો એ લાદી છે આ પરજ્ઞેય. એને જાણવાની પર્યાય થઈ એ લાદીને લઈને નથી. અને લાદી જણાતી નથી ત્યાં. અહીં તો જ્ઞાનની પર્યાય જણાય છે, લાદી નહિ એમ કહે છે. જેઠાલાલભાઈ! સમજાણું કાંઈ?

જેમ અરીસાની અવસ્થા જુઓ તો એમાં જાણે આ સામે કેરી હોય, નાળિયેર હોય, કોલસા હોય તો અંદર જણાય. એ અરીસાની અવસ્થા છે તો એ એને જાણે છે, એના રૂપે થઈ છે એમ નથી. એ તો અરીસાની અવસ્થા સ્વચ્છતારૂપે થઈ એ પોતાની અવસ્થા છે. સમજાણું કાંઈ? એ અરીસામાં આમ દેખાય બહારની ચીજ. એ ચીજ ત્યાં છે? એ અરીસાની અવસ્થાથી તો જુદી છે અને ચીજો એનાથી જુદી છે. સમજાય છે કાંઈ? એ જ્ઞાન ચૈતન્ય અરીસો, એની જ્ઞાનની વર્તમાન અવસ્થા જે જ્ઞેયો છે એને જાણવારૂપે પરિણમે એ પર્યાય પોતાની છે, એને જ્ઞાન જાણે છે. એને (જ્ઞેયને) નહિ. બાકી જ્ઞેય તો બહાર રહી ગયા. આહાહા..! સમજાણું કાંઈ? કહો, જાધવજીભાઈ! ધારધીરનો ધંધો રૂપિયાનો કરે છે તો કહે છે કે એ જ્ઞાનમાં એ જણાય છે એ એ જણાય છે? ના. એમ કહે છે. એય.. પ્રાણભાઈ! શું આ શેરબજારમાં ઝપટું વાગે છે. આમ કરો... આમ કરો.. આમ થાય. લાવો. કહે છે કે એ બધા જ્ઞેયો જ્ઞાનની પર્યાય જાણે છે. એ જ્ઞેય જ્ઞાનની પર્યાયથી જુદી ચીજ છે. એ જ્ઞેયો જ્ઞાનની પર્યાય... છતાં જ્ઞાનની પર્યાય છે તેને જાણવારૂપે પરિણમી છે એ પોતાની જ્ઞાનની દશા છે એને જ્ઞાન જાણે છે. એને નહિ. સમજાણું કાંઈ? જુઓ! આ માર્ગ વીતરાગનો. એ વસ્તુનું સ્વરૂપ છે એવું.

કહે છે કે તારા જ્ઞાનની પર્યાય પરિણમનરૂપે થઈ એ જ્ઞેયને લઈને થઈ છે? અને ખરેખર એ જ્ઞેયને જાણવાની પર્યાય એ જ્ઞેયની છે? જ્ઞેય તો જ્ઞાનની પર્યાયથી જુદા રહી ગયા છે. સમજાણું કાંઈ? ચીમનભાઈ! શું કહે છે આ? કહેવું છે શું પણ? બાપુ! તારો જ્ઞાન પર્યાયનો ધર્મ તારાથી થયો એ તને જણાય છે. પરવસ્તુ નહિ. એમ કહે છે. આ રાગને જાણે છે ને જ્ઞાન? ના. રાગ સંબંધીનું પરિણમેલું જ્ઞાન પોતાના જ્ઞાનપણે પરિણમેલી પર્યાય કલ્લોલ જ્ઞાનનો ઉઠે છે એને જ્ઞાન જાણે છે. સમજાણું કાંઈ? કહો, હવે પરનું કરવાનું તો રહ્યું નહિ, પરથી આમાં થવાનું રહ્યું નહિ અને પરને જોવાનું રહ્યું નહિ, એમ કહેવું છે અહીં. ભાઈ! શું કહ્યું સમજાણું આમાં?

આત્મા ભગવાન સચ્ચિદાનંદ જ્ઞાનમૂર્તિ એને પર કરે, આત્મા પરનું કાંઈ કરે, રાગ કરે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

એ તો એનામાં છે જ નહિ. સમજાણું કાંઈ? પણ પરને જાણે છે એવું એમાં નથી એમ કહે છે અહીં તો. સમજાય છે આમાં કાંઈ? ભગવાન જ્ઞાનસ્વરૂપ ચૈતન્યજ્યોત વસ્તુ એ પરનું કાંઈ કરે ફેરફાર એ તો વાત છે જ નહિ કહે છે. પણ પરને જાણવું એમ કહેવું એ પણ વ્યવહાર છે. કારણ? જે પર છે તે સંબંધીની જ્ઞાનની પર્યાય પોતાની પોતામાં જ્ઞાન કલ્લોલપણે તરંગપણે પરિણમી છે. એને જ્ઞાન જાણે છે. પોપટભાઈ! ઝીણું બહુ ઝીણું. મુંબઈની ધમાલમાંથી આ માંડ મગજ .. એમાં આવું ઝીણું આવે અંદર.

જ્ઞાન. જ્ઞાનમાં તરંગ ઉઠે એ તો જ્ઞાનની કલ્લોલ છે. એ જ્ઞેયની કલ્લોલ છે? જ્ઞાનમાં એમ જણાણું, જ્ઞાન એમ પરિણમ્યું કે આ છ દ્રવ્ય છે. છ દ્રવ્ય છે. એ પરિણમ્યું એ જ્ઞાન પરિણમ્યું છે? એ જ્ઞાનની પરિણતિ છે કે એ તે પરની છે? જ્ઞાનની છે. પોતાના હોવાપણામાં જ્ઞાનની પરિણતિ થઈ છે. પોતાના હોવાપણામાં એ જ્ઞેયની પરિણતિ થઈ નથી. એમ કહે છે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા જ્ઞાનની અવસ્થા... ઓહોહો..! વીતરાગમાર્ગ તો જુઓ! ઓલી વાતમાં ક્યાંય બીજે આવું હોય નહિ. અહીં તો કહે છે, જ્ઞાનની જાણવાની, છ દ્રવ્યને જાણવાની પર્યાય થઈ એ પરજ્ઞેયને લઈને થઈ? પરજ્ઞેય જણાણા? પરજ્ઞેયને જાણે છે? ના. એ પોતે જ જ્ઞાનની અવસ્થા છ દ્રવ્ય જેટલા છે એને જાણવાની પર્યાયપણે પોતાની પર્યાયે પરિણમી છે એને જ્ઞાન જાણે છે. આને જાણે એ તો પરની વસ્તુ છે. એમાં એને જાણવું ક્યાં આવ્યું આમાં? સમજાણું કાંઈ? ધર્મી આવો આત્માને જાણે છે એમ કહેવું છે. મારી પર્યાય પરિણમે છે જ્ઞાનરૂપે એને હું જાણું છું, એમ ધર્મી જાણે છે. હું પરને જાણું છું, પરને કરું છું એ તો એમાં છે નહિ. આહાહા..!

એ '**બાહ્ય જ્ઞેયો જ્ઞાનથી જુદાં છે,...**' '**પોતે જ નીચે પ્રમાણે જ્ઞેયરૂપ છે.**' શી રીતે? કે બાહ્ય જ્ઞેય તો જ્ઞાનથી જુદાં છે. એક વાત. '**જ્ઞાનમાં પેસતા નથી;...**' બે વાત. '**જ્ઞેયોના આકારની ઝળક જ્ઞાનમાં આવતાં...**' એ અપેક્ષાએ સમજાવ્યું છે. '**જ્ઞેયોના આકારની ઝળક...**' એટલે જેમ સામી ચીજ છે અને અરીસાની સ્વચ્છતામાં જણાય છે ને? એ અવસ્થા પરને આકારે થઈ એમ કહેવું એ વ્યવહાર (છે). આકાર છે એ તો જે પર છે એના સ્વરૂપે સ્વચ્છ અવસ્થા અરીસાની થાય છે. એમ પર છે એને જાણવાપણે પોતાની સ્વચ્છ અવસ્થા પોતે થાય છે. એ પોતાના અસ્તિત્વમાં પોતાના જ્ઞેયને પોતે જાણે છે. પોતાના અસ્તિત્વમાં એ જ્ઞેય આવ્યા નથી. પોતાના અસ્તિત્વમાં જ્ઞેય આવ્યા નથી તો પરને જાણે એમ ક્યાંથી આવ્યું? એમ કહે છે. ઝીણી વાત છે.

પોતાના હોવાપણામાં જ્ઞેયો આવ્યા છે? જાણવાની પર્યાય જાણી એમાં જ્ઞેયો આવ્યા

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


છે? સમજાણું કાંઈ? એ જ્ઞેયો આમાં આવે એમ માનનારા જ્ઞેયની અવસ્થા સ્વચ્છપણે પરિણમે છે સ્વના અસ્તિત્વથી એમ એ માનતા નથી. એ પર એમાં આવ્યા એમ માનનારા, સ્વચ્છતાની પર્યાય નિર્મળ આવડી મોટી છે એટલો જ હું અને એને હું જાણનાર છું, એમ ન માનતા પરના અસ્તિત્વને લઈને અહીં મારા જાણવામાં આવ્યું, એ સ્વના અસ્તિત્વની મહત્તાની એને ખબર નથી. કહો, અમરચંદભાઈ! ભારે! સમજાણું કાંઈ? સમજાય છે ભાઈ? નામ શું?

મુમુક્ષુ :- ગંભીરચંદ.

ઉત્તર :- ગંભીરચંદજી. ઠીક. આ તો ગંભીર વાત છે આ. બહુ ગંભીર છે જુઓ!

ભગવાન એમ કહે છે, ભગવાન! તું કોણ છો? તું કોણ છો? તારી જ્ઞાનની પર્યાયમાં છ દ્રવ્ય જણાય એમ કહેવું એ તો વ્યવહાર થઈ ગયો. કારણ કે છ દ્રવ્ય જણાતા નથી. છ દ્રવ્યનું અહીંયાં જ્ઞાનનું પરિણમવું પોતાની કલ્લોલની પર્યાયમાં પરિણમવું થયું એ તો પોતાના અસ્તિત્વમાં જ્ઞાનની પર્યાયનું પરિણમવું થયું છે. છ દ્રવ્યનું પરિણમવું અહીં આવ્યું નથી. સમજાય છે કાંઈ? તારા જ્ઞાનની પર્યાયનું અસ્તિત્વ આવડું મોટું છે એમ કહે છે. એ જ્ઞેયને લઈને નહિ. સમજાણું કાંઈ? આહાહા..! આ તો મોટા અમારે છ ખંડના રાજ છે અને અમારે પૈસા. અરે..! એ મોટો નહિ, સાંભળને! એ ક્યાં ગરી ગયા છે અહીં? એમ કહે છે. કહો, છ છોકરા, આટલા પૈસા ને આટલી લાદીયું પથરાવી. એ ક્યાં પણ અહીંયાં આવ્યા છે? કહે છે. અને એના સંબંધીનું જ્ઞાન અહીં થયું છે? એનું અસ્તિત્વ અહીં છે? એના સંબંધીના જ્ઞાનનું અસ્તિત્વ અહીં છે? એ સંબંધીનું પોતાનું જ્ઞાન જે છે તેપણે પરિણમ્યું એનું અસ્તિત્વ અહીં છે. સમજાણું કાંઈ? જેઠાલાલભાઈ! આવો માર્ગ છે. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ક્યાં પેસે? એ તો અરીસાની સ્વચ્છતા પરીણમી છે. એ જ્ઞાનની પર્યાય અને કલ્લોલ એવી છે. છ દ્રવ્યને જાણે એવી જે જ્ઞાનની પર્યાય એ જ પોતાની પર્યાયને પોતે જાણે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- માટે કહે છે ને આ. છે ક્યાં રાગ-દ્વેષ? રાગ-દ્વેષ જ નથી એમ કહે છે. પોતાની પર્યાય જાણે એમાં રાગ-દ્વેષ કરવાનું રહે છે ક્યાં? અને રાગ-દ્વેષ છે જ નહિ, એમ કહે છે. ચીમનભાઈ! જુઓ! આ વીતરાગી તત્ત્વ સર્વજ્ઞે કહેલું, સિદ્ધ થયેલું. એવા સર્વજ્ઞ સિવાય, વીતરાગમાર્ગ સિવાય એ વાત ક્યાંય ત્રણ કાળ ત્રણ લોકમાં ક્યાંય હોય નહિ. એક સમયનો પર્યાય છ દ્રવ્યને જાણવાપણે પરિણમ્યો. કહે છે કે એને જાણવા માટે પરિણમ્યો છે? પોતાની જ્ઞાનની જ પર્યાય એવડી મોટી છે. એને પોતે જાણે છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


'**જ્ઞેયોના આકારની ઝળક...**' ઝળક એટલે કાંઈ અંદર ગરી નથી જતી. પણ બતાવે છે કે એ જ્ઞાનનો પર્યાય જ સાકાર એવો થાય છે કે જેવી પર ચીજ છે એ પણે પરિણમવાનું પોતાનું પર્યાયનું અસ્તિત્વ પોતાના સ્વભાવથી પોતાના અસ્તિત્વમાં પોતાને કારણે થાય છે. જ્ઞેયોના આકારની જે સ્થિતિ છે જ્ઞેયની તે જ્ઞાનમાં જણાતા. એમ. ઝળક જ્ઞાનમાં આવતાનો અર્થ એ જ્ઞાનમાં પરિણમતા. '**જ્ઞાન જ્ઞેયાકારરૂપ દેખાય છે...**' એ જ્ઞાન છ દ્રવ્યના પર્યાય જાણે દ્રવ્ય-ગુણ-પર્યાય (રૂપ થયો છે) એમ દેખાય છે. પણ એમ છે નહિ.

'**પરંતુ એ જ્ઞાનના જ કલ્લોલો (તરંગો) છે.**' આહાહા..! કેટલી સૂક્ષ્મતા અને કેટલી વાસ્તવિકતા! અને કેટલા અસ્તિત્વની મહત્તા! આહાહા..! એ મહત્તા ભાસે નહિ અને પરની મહત્તા ભાસે છે. આને લઈને આ જાણું છું, એને હું જાણું છું. ભાઈ! તારી પર્યાયની મહત્તાની તને ખબર નથી. સમજાણું કાંઈ? આવડું મોટું જણાય? આવડા મોટા છે માટે જણાય? અને આવડા મોટા જણાય માટે એનું પરિણમન સામાનું એને હું જાણું છું. ના. એવડા મોટાને જાણનારની પર્યાય મારી કલ્લોલરૂપે પરિણમેલી છે એને હું જાણું છું. આહાહા..! સમજાણું કાંઈ?

આ ઉતારતા ઉતારતા ક્યાં લાવ્યા જુઓને! અનંત શક્તિમાંથી એકરૂપ લાવ્યા. ચાર દ્રવ્ય-ક્ષેત્રમાંથી એકરૂપ લાવ્યા, ત્રણ ભેદમાંથી એકરૂપ હું નો હું. જાણનાર પણ હું, જણાઉં પણ હું અને જાણનારો હું ને જણાય હું ને જ્ઞાન વડે જાણું છું તો હું. હું નો હું છું ત્રણમાં. સમજાણું કાંઈ? દાખલો આપ્યો છે બનારસીદાસે. તે દી વાત ઘણા વખતે થઈ હતી પહેલી આ. સરસ્વતી... આવે છે. આ શબ્દ છે ને એ સરસ્વતી. એને અક્ષર કહો તો ઈ છે, સરસ્વતી કહો તો ઈ છે અને એમાં ભરેલો અર્થ છે તો ઈ છે. એમ. એનો ભાવ તો ઈ છે.

એમ આત્મા જ્ઞાનની પર્યાયપણે છ દ્રવ્ય અને પોતાને જાણવાની પર્યાયપણે પરિણમે છે એ પોતે જ છે. એ પોતે જ જ્ઞેય છે. 'સ્વપર પ્રકાશક શક્તિ હમારી તાતૈ વચન ભેદ ભ્રમ ભારી.' વચનભેદ ભ્રમ ભારી. 'નિજરૂપા જ્ઞેયરૂપા નિજરૂપા પરરૂપા ભાસી.' નિજરૂપ સ્વજ્ઞેય, પરરૂપે પરજ્ઞેય. પણ પરજ્ઞેય સંબંધીની જ્ઞાનની પર્યાયનું કલ્લોલ પરિણમન એ મારું મારા અસ્તિત્વમાં મારે લઈને એવડો છું. એને જાણવું તે જ્ઞાન છે. સમજાણું કાંઈ?

રાગને જાણવું છે, કહે છે કે રાગ છે વ્યવહાર. એને જ્ઞાને જાણ્યું? ના. એ તો જ્ઞાનની પર્યાય એવી જ જાતની થઈ છે. એને પોતે જ્ઞાન જ્ઞાનની પર્યાયને જાણે છે. રાગને નહિ. સમજાણું કાંઈ? જ્ઞેયોના આકારનો પ્રકાર જ્ઞાનમાં પોતાથી જણાતા, જ્ઞેયોના પ્રકારના ભાવ જે છે એવા અહીંયાં જ્ઞાનમાં પોતાથી પોતામાં જણાતા પરિણમતા એ કલ્લોલ પોતાની જ્ઞાનની જ અવસ્થા છે. એ જ્ઞાનકલ્લોલો જ જ્ઞાન વડે જણાય છે. એ જ્ઞેયો નહિ એમ કહે છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



સમજાણું?

પાંચ લાખનો બંગલો અને અભરાઈથી ભરેલો. અભરાઈ જ કહે ને? શું કહે ઈ? ફર્નિચર. કોણે કીધું? ફર્નિચર-ફર્નિચર કહે ને. એવા ફર્નિચર હોય, લાખ-બે લાખ રૂપિયા પાંચ લાખ તો ફર્નિચરમાં પડ્યા હોય અંદર. ફર્નિચર એવું હોય. બંગલો દસ લાખનો, બે-પાંચ લાખનું ફર્નિચર. આમ ગાડી હોય. કહે છે કે એમાં આમ તને જ્ઞાનની પર્યાય જણાય છે કે એ જણાય છે? શું કહે છે? સાંભળ. તારા અસ્તિત્વનું તેમાં જ્ઞાન છે? કે પરના અસ્તિત્વનું જ્ઞાન છે? એમ કહે છે અહીંયાં. એ વખતના જ્ઞાનના પરિણમનમાં તારા અસ્તિત્વનું જ્ઞાન છે? કે પરના અસ્તિત્વનું જ્ઞાન છે? સમજાણું કાંઈ? તારા અસ્તિત્વનું જ્ઞાન છે. આવું જ્ઞાન જ તે હું છું. એમ જ્ઞાન એને જ્ઞેય કરીને જાણે છે.

'**પરંતુ એ જ્ઞાનના જ કલ્લોલો છે. તે જ્ઞાનકલ્લોલો જ જ્ઞાન વડે જણાય છે.**' આહાહા..! કેવી વાત કરી છે! આવી વાત ક્યાંય (નથી). વસ્તુની સ્થિતિની હદ આવડી છે, મર્યાદા આવડી છે. '**આ રીતે પોતે જ પોતાથી જણાવાયોગ્ય હોવાથી...**' ભગવાન આત્મા પોતે પોતાથી જણાવાયોગ્ય હોવાથી '**જ્ઞાનમાત્ર ભાવ જ જ્ઞેયરૂપ છે.**' એમ. '**પોતે જ પોતાથી જણાવાયોગ્ય હોવાથી...**' આ કારણ આપ્યું. '**જ્ઞાનમાત્ર ભાવ જ જ્ઞેયરૂપ છે.**' પોતાનો જ્ઞાનમાત્ર ભાવ જ જ્ઞેયરૂપ છે.

'**વળી પોતે જ પોતાનો જાણનાર હોવાથી જ્ઞાનમાત્ર ભાવ જ જ્ઞાતા છે.**' એ જ્ઞાનમાત્ર પોતે જ જ્ઞાતા છે. જણાવનાર, જાણનાર પણ પોતે, જણાય પણ પોતે, જાણનારો પણ પોતે. સમજાણું કાંઈ? જણાય પણ પોતે, જાણનાર પોતે, જાણનારો જ્ઞાન દ્વારા જણાય એ પોતે અને જ્ઞેય પણ પોતે અને જ્ઞાતા પણ પોતે. ત્રણમાં કોઈ એકેય જુદી ચીજ છે નહિ. પર જણાય અને આત્મા જાણનારો એમ છે નહિ એમ કહે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ દૃષ્ટિ જાય પર ઉપર અને વસ્તુનું અસ્તિત્વ એવું નથી એમ કહે છે. વસ્તુનું હોવાપણું પરને લઈને નથી. એ જ્ઞાનની પર્યાય પોતાની જ્ઞેયરૂપે પરિણમી છે એ અસ્તિત્વ પોતાનું એવડું પોતાનું છે. એને ઠેકાણે પરને જાણે છે એમ કહેવાય તો આ પોતાનું અસ્તિત્વ આવડું છે એ તો માનતો નથી. દૃષ્ટિ મિથ્યા થઈ. સમજાણું કાંઈ? આહાહા..!

'**વળી પોતે જ જાણનાર હોવાથી જ્ઞાનમાત્ર ભાવ જ જ્ઞાતા છે. આ પ્રમાણે જ્ઞાનમાત્ર ભાવ જ્ઞાન, જ્ઞેય અને જ્ઞાતા-એ ત્રણે ભાવોયુક્ત...**' ત્રણ ભાવ સહિત '**સામાન્યવિશેષસ્વરૂપ વસ્તુ છે.**' સામાન્ય ધ્રુવ અને જાણવાની પર્યાય વિશેષ એ બધું પોતે વસ્તુ છે. '**આવો જ્ઞાનમાત્ર ભાવ હું છું.**' આવો જ્ઞાનમાત્ર જ્ઞાયકભાવ તે હું છું.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**'એમ અનુભવ કરનાર પુરુષ અનુભવે છે.'** એમ ધર્મી, હું જ્ઞાનમાત્ર જણાવાયોગ્ય હું, જાણનાર હું, જણાવાયોગ્ય પણ હું. જ્ઞાન દ્વારા જાણું એ હું, જણાય તે હું જ્ઞેય, જાણનારો તે હું. જાણનારો હું, જણાય પર અને પર દ્વારા હું જાણું એવું છે નહિ. સમજાણું કાંઈ? લ્યો, આ જ્ઞેય દ્વારા જ્ઞાન જણાય એમ નથી. જ્ઞાન દ્વારા જ્ઞાન જણાય. આ પુસ્તક જ્ઞેય છે એ દ્વારા જ્ઞાન જણાય એવું નથી એમ કહે છે.

વીતરાગની વાણી જ્ઞેય છે-પર, એને જ્ઞાન જાણે છે માટે વાણીને જ્ઞાન જાણે છે એમ નથી. પોતાનો જ્ઞાન પર્યાય એવો જ પોતાથી એટલો ને એવડો પરિણમ્યો છે કે એને જ્ઞેય તરીકે જ્ઞાન જાણે છે અને જ્ઞાતા તરીકે જ્ઞાન દરેક જ્ઞેયને જાણે છે. જ્ઞાતા પણ પોતે, કર્તા પોતે, કર્મ જ્ઞાન પોતે અને જ્ઞેય પણ પોતે. વસ્તુ એની એ છે કહે છે. સમજાણું કાંઈ? ધર્મમાં શું કામ હશે આમાં? જીવને સુખી થવાનો ધર્મ કરવો એમાં આ શું કામ? કરવું ને કરો. વ્રત કરો, નિયમ કરો, આ કરો એમાં આ ક્યાં આવ્યું? ઈ કહે છે કે સાંભળને! તને જે વ્રતનો વિકલ્પ ઉઠે છે, દેહની ક્રિયા થાય છે એ તારાથી તો નહિ, તારા અસ્તિત્વને લઈને નહિ અને એના અસ્તિત્વપણાને (કારણે) તારું જ્ઞાન પરિણમે એમ નહિ. સમજાય છે કાંઈ? તારું જ્ઞાન તારે કારણે તે ક્ષણે તે પ્રકારનું પરિણમન કરે તેને આત્મા જ્ઞેય તરીકે જાણે. આહાહા..! ઝીણું પડે એટલે માણસે હાંકે રાખ્યા છે ગાડા. ખૂબ આવ્યું છે આજે પણ. જૈનસંદેશ ઉપર પ્રહાર કર્યા છે. આને સંભાર્યા છે. સંભારે તો ખરા ને. પોતે ને પોતે.

મુમુક્ષુ :- સામાન્ય વિશેષ પરિણમન અને સામાન્ય ભાવ...

ઉત્તર :- સામાન્ય ધ્રુવ. સામાન્ય ધ્રુવ અને પરિણમનની ક્રિયા વિશેષ.

મુમુક્ષુ :- જ્ઞેય શું?

ઉત્તર :- પરિણમનની ક્રિયા એ જ્ઞેય. પરિણમનની ક્રિયા વિશેષ છે એ જ્ઞેય. જ્ઞેય એ વિશેષ છે, સામાન્ય પણ જ્ઞેય. બેય જ્ઞેય. અને જ્ઞાન જાણનારી પર્યાય એ તો જાણે છે. જ્ઞાતા પોતે જાણે છે. વસ્તુ તો એકની એક થઈ. સમજાણું કે નહિ આમાં?

**'આવો જ્ઞાનમાત્ર ભાવ હું છું એમ અનુભવ કરનાર...'** સ્વસન્મુખમાં આ રીતે સ્વજ્ઞેય પોતે જ્ઞાનથી જાણે અને જ્ઞાતા જાણે. લ્યો! એમાં પરને કાંઈ સંબંધ છે નહિ. એ ૨૭૧ કળશ કીધો. આ તો કર્મ રાગ કરાવે એ રહ્યું નહિ અને રાગ જ્ઞાન કરાવે એ રહ્યું નહિ. ભાઈ! શું કહ્યું સમજાણું આમાં? ભગવાન આત્માના હોવાપણામાં જે જ્ઞાનનું પરિણમન છે એ કર્મને લઈને રાગ છે એમ નહિ અને રાગને લઈને જ્ઞાન છે એમ નહિ અને એ જ્ઞાન રાગને જાણે છે એમ નહિ. આહાહા..! સમજાણું? સમજાય એવું છે, હોં! જાધવજીભાઈ! ન સમજાય એવું નથી. આ સાદી ભાષા છે. બહુ એવી ઝીણી નથી આવતી.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


મુમુક્ષુ :- ગંભીર છે.

ઉત્તર :- ગંભીર તો કીધું. ગંભીરચંદજી... એ વખતે જ યાદ (આવ્યું), શું નામ છે? કીધું. આ ગંભીર વાત આવી.

ભગવાન આત્મા.. ઓહોહો..! કોઈપણ ક્ષણે અને પળે પોતાની જ્ઞાનની પર્યાયને જ્ઞેય કરીને જાણે છે એમ કહે છે. સમજાણું કાંઈ? પરનું જાણવું હોય તો પરના જાણવાનું જ્ઞેય છે એ અહીં અસ્તિત્વમાં આવી જાય. એમ આવતું નથી. એ તો પર સંબંધીનું જ્ઞાનનું પરિણમન પોતાથી પરિણમ્યું છે એ પોતાના અસ્તિત્વમાં છે. આહાહા..! સમજાણું કાંઈ? એ ૨૭૧ થયો, લ્યો.

હવે ૨૭૨.

**'આત્મા મેચક, અમેચક ઈત્યાદિ અનેક પ્રકારે દેખાય છે તોપણ યથાર્થ જ્ઞાની નિર્મળ જ્ઞાનને ભૂલતો નથી-એવા અર્થનું કાવ્ય હવે કહે છે :-'**

૨૭૨.

**क्वचिल्लसति मेचकं क्वचिन्मेचकामेचकं**
**क्वचित्पुनरमेचकं सहजमेव तत्त्वं मम।**
**तथापि न वमोहयत्यमलमेधसां तन्मनः**
**परस्परसुसंहतप्रकटशक्तिचक्रं स्फुरत्।।२७२।।**

બધી શક્તિનો સમૂહ ભગવાન પોતે છે.

'**શ્લોકાર્થ :- (જ્ઞાની કહે છે :)**' ધર્મી એમ જાણે છે. કહે છે તો શબ્દ લીધો છે. '**મારા તત્ત્વનો એવો સ્વભાવ જ છે...**' ધર્મી સમ્યગ્દષ્ટિ એમ જાણે છે. સમજાણું કાંઈ? ધર્મી-ધર્મ કરનાર સમ્યગ્દષ્ટિ-એમ જાણે છે કે '**મારા તત્ત્વનો એવો સ્વભાવ જ છે...**' મારું જ્ઞાન તત્ત્વ આત્મા, એનો એવો સ્વભાવ છે '**કે કોઈ વાર તો તે (આત્મતત્ત્વ) મેચક (-અનેકાકાર, અશુદ્ધ) દેખાય છે,...**' પર્યાયમાં અશુદ્ધપણું દેખાય છે. એવો તત્ત્વનો પર્યાયનો સ્વભાવ છે. સાધકની વાત છે ને અહીંયાં. મૂળચંદભાઈ! જુઓ! અશુદ્ધપણું કાઢી નાખ્યું હતું, વળી પાછું જ્ઞાનપણે રાખ્યું. અત્યાર સુધી કાઢી નાખ્યું હતું બધું શક્તિમાંથી.

અહીંયાં અશુદ્ધ દેખાય છે, પર્યાયમાં દેખાય છે. અશુદ્ધતા અવસ્થામાં દેખાય છે. એવો પણ એક પર્યાયમાં સ્વભાવ છે એમ જ્ઞાની જાણે છે. જાણે છે હોં! સમજાણું કાંઈ? ભગવાન આત્મા તત્ત્વનો જ એવો સ્વભાવ છે કે કોઈવાર તો તે મેચક એટલે મેલો દેખાય છે. મેલો એટલે અશુદ્ધ. અનેક પ્રકાર. રાગરૂપ આદિ દેખાય છે. છે. જાણે છે. જાણવાયોગ્ય અવસ્થા છે. અશુદ્ધ દેખાય છે એમ નાખ્યું. એ અશુદ્ધ નહિ, જ્ઞાન દેખાય છે. પણ એ અશુદ્ધ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


સંબંધીનું જ્ઞાન જાણે છે કે આ છે એમ. રાગાદિ છે એમ જાણે છે. સમજાણું?

**'કોઈ વાર મેચક-અમેચક (બન્નેરૂપ) દેખાય છે...'** વસ્તુ તરીકે શુદ્ધ છે અને પર્યાય તરીકે અશુદ્ધ છે. બેય જ્ઞાનમાં આવે છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા એવો તત્ત્વનો સ્વભાવ છે,.. લ્યો! છે ને? **'सहजमेव तत्त्वं मम'** એમ છે ને બીજી લીટીનું? **'सहजमेव तत्त्वं मम'** મારું તત્ત્વ એવું છે કે. છતાં આવું જાણતા જ્ઞાની ભ્રમમાં પડતો નથી, મુંઝાતો નથી એમ કહેવું છે. આ શું? એકલો શુદ્ધ સ્વરૂપ ભગવાન આત્મા, વળી પર્યાયમાં અશુદ્ધતા? શું છે આ? છે એમ જાણે છે. સમજાય છે કાંઈ? ત્રિકાળ દ્રવ્ય શુદ્ધ છે અને પર્યાય અશુદ્ધ છે એમ બે એકસાથે પણ જાણે છે.

**'કોઈ વાર મેચક-અમેચક (બન્નેરૂપ) દેખાય છે...'** જ્ઞાનમાં મલિન અવસ્થાને જાણે જ્ઞાન. જાણવામાં ક્યાં ... અને જ્ઞાન ત્રિકાળ શુદ્ધ છું એને જાણે. સમજાણું કાંઈ? **'કોઈ વાર મેચક-અમેચક (બન્નેરૂપ) દેખાય છે અને વળી કોઈ વાર અમેચક (-એકાકાર, શુદ્ધ) દેખાય છે;...'** એકલું શુદ્ધ દ્રવ્ય જોવે તો શુદ્ધ જ છે. સમજાણું? પર્યાયમાં પણ શુદ્ધની અવસ્થા જુઓ તો શુદ્ધ છે. એક અશુદ્ધ તરફ લક્ષ જાય ત્યારે જોવે તો અશુદ્ધ છે એ પણ જણાય છે. અને શુદ્ધ અને અશુદ્ધ બે એકસાથે પર્યાયમાં પણ જણાય છે. સમજાણું કાંઈ? આવો ભારે ધર્મ ભાઈ. ઓલા કહે, ભાઈ! વ્રત લઈ લ્યો, સાધુ થઈ જાવ ને. થઈ ગયું, જાવ. ઓલી ટીકા કરી છે ને જૈનસંદેશમાં. ભાઈ! આવ્યું છે ને ટીકા આવી છે. નામ આવ્યું. નહિ? ઓલી ચિત્રાબાઈનું નામ આવ્યું છે. ત્યાં આપણે આવી હતી એ. નામ આવ્યું. ખુબ પ્રહાર કર્યા છે જૈનસંદેશમાં. આવા તકરાર. મહા સાધુ આવા છે, મહાપવિત્ર, મહાપવિત્ર, મહાપવિત્ર. એની તમે નિંદા કરો છો. ભાઈ એમ લખે છે-કૈલાસચંદજી. તમારી તો ટેવ જ આવી પડી ગઈ છે નિંદા કરવાની. એને નામે પાછું અહીં નાખ્યું છે. કહો, સમજાણું? આહાહા..! શું કરે છે ભગવાન! તને ખબર નથી, ભાઈ! આત્માનું જ્યાં હજી ભાન પણ નથી ત્યાં સાધુપણા કેવા? ત્યાં આચાર્ય કેવા? ભાઈ! એને ખબર નથી. બહારના ભેખ લઈને જગતમાં ભરમાય છે પોતે અને ભરમાવે છે. આહાહા..!

વાસ્તવિક ભગવાન આત્મા જ્યાં હાથ આવ્યો નથી અને અંદર પત્તો લાગ્યા વિના પરમેશ્વરતા આવે પ્રગટ થાતી નથી. અને પ્રગટમાં તો એકલો વિકાર મિથ્યાત્વ છે. એમાં માની બેસે કે અમે સાધુ છીએ. ઓહોહો..! ભગવાન પણ ત્યાં કરી શું શકે પરમાં? કેવળી જાણે. કરે શું? અનાદિનો એવો જ કોઈ અજ્ઞાની સ્વચ્છંદતામાં પોતાના સ્વરૂપને ભૂલી કંઈકનું કંઈક માનીને બેઠો હોય છે. પછી ચોર્યાસીના અવતારમાં (રખડે). આહાહા..! ક્યાં એક જીવ મરીને ક્યાં જાય, એક મરીને ક્યાં જાય. ક્યાંય પત્તા નથી. સ્વરૂપના ભાન અને અનુભવ વિના બહારની

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

ક્રિયાકાંડે શું ફળ આવે એની એને ખબર નથી. આવે છે ને? 'ફળ અનેકાંત લોચન ન દેખે' આનંદઘનજીમાં આવે છે. આનંદઘનજીમાં આવે છે હોં શ્વેતાંબરમાં.

એક કહે સેવિયે વિવિધ કિરિયા કરી, ફલ અનેકાંત લોચન ન દેખૈ,
ફલ અનેકાંત કિરિયા કરી બાપડા, રડબડૈ ચાર ગતિ માંહિ લેખૈ.
ધાર તરવારની સોહિલી દોહિલી ચઉદમા જિન તણી ચરણ સેવા.

આહા..! 'એક કહે સેવિયે વિવિધ કિરિયા કરી...' ભિન્ન ભિન્ન રાગ, દયા, દાન, વ્રત, ભક્તિ આ કરીને સેવીએ આત્માને. ફળ અનેકાંત. પણ એનું ફળ અનેકાંત એટલે એક જ સ્વરૂપ શુદ્ધતા એ તો નથી. અનેકાંત. કોઈમાં મનુષ્યપણું મળે, કોઈ દેવપણે મળે, કોઈ ઢોરપણું થાય એવા વિકારના ફળ તો અનેક પ્રકારના છે. શુદ્ધતાની એકતા એના વિકારના ફળમાં નથી. આનંદઘનજી કહે છે હોં ઈ. ફળ અનેકાંત. અનેકાંત. એટલે કોઈ એક પ્રકારનું નથી આમ શુદ્ધ શુદ્ધ. અનેક ભિન્ન ભિન્ન કોઈ રાગની મંદતાના ફળમાં કોઈ સ્વર્ગમાં, કોઈ વ્યંતરમાં, કોઈ જ્યોતિષમાં, રાજા થાય, વાણિયો થાય, સિંહ થાય, વાઘ થાય. આહાહા..!

'ફલ અનેકાંત કિરિયા કરી બાપડા, રડબડૈ ચાર ગતિ માંહિ...' ચાર ગતિમાં રખડે છે એ. અરે..! એની એને દયા નથી. પોતાની પોતાને દયા નથી એમ કહે છે. અરે..! હું ક્યાં જઈશ? કોઈ નિર્ણય થાપ આવ્યો અંદરથી કે મારે ભવ નથી? અને ભવ હોય તોપણ કોઈ એકાદ બે ભવ સાધકને પૂરું કરવાના છે. આ તો ક્યાં ભવ અને કેટલા એના કાંઈ ઠેકાણા નહિ અને શું તને રંગ ચડી ગયો કહે છે ક્રિયાકાંડનો? આહાહા..!

મુમુક્ષુ :- એ સમજવાનું.

ઉત્તર :- એ તો ક્યાં છે? બધું જોયું ને. આહાહા..!

ભાઈ! તારું સ્વરૂપ તો જ્ઞાનાનંદ શુદ્ધ ચૈતન્ય એવી દૃષ્ટિ થઈ, જ્ઞાનનું ભાન થયું. હું ચૈતન્ય પરિણમન નિર્મળ છું, હું આનંદસ્વરૂપ છું. એવું ભાન થતાં ભવનો નાશ થયો, છતાં કહે છે કે જ્ઞાનીને આવું ભાસ થાય જરી, મલિનના પરિણામ જરી દેખાય (તો) જાણે કે પર્યાયમાં આટલો ભાગ બાકી છે. એક બાજુ શુદ્ધને જોવે તો તદ્દન શુદ્ધ છે, એક બાજુ બેયને જોવે તો શુદ્ધ અને અશુદ્ધ બેય બાજુ દેખાય છે. દેખાઓ, હો. પણ મારા જ્ઞાનસ્વરૂપમાં કાંઈ બીજી ચીજ થઈ નથી.

**'કોઈ વાર અમેચક દેખાય છે; તોપણ પરસ્પર સુસંહત (-સુમિલિત, સુગ્રથિત, સારી રીતે ગૂંથાયેલી)...'** એવી પણ એક અવસ્થામાં મલિનતા અને નિર્મળતા બેય એક સમયમાં હોય. ત્રિકાળી શુદ્ધ અને અવસ્થા મલિન એમ પણ હોય. એક કોર શુદ્ધ એકલો જોતા દ્રવ્ય શુદ્ધ પણ જણાય, આ પર્યાયની એકલી શુદ્ધતા દેખતા એકલી પર્યાય પણ

જણાય. આહાહા..! આકુળતા નથી. છે, જાણો. જાણવાનો સ્વભાવ છે. ક્રમે ક્રમે એ ગળી જશે અને પરમાત્મપદ રહી જશે. આહાહા..! સમજાણું કાંઈ?

આવું હોવા છતાં '**તોપણ પરસ્પર સુસંહત...**' ગૂંથાયેલી વસ્તુની સ્થિતિ જ એવી છે કહે છે. મારું તત્ત્વ જ એવું છે. સમજાણું કાંઈ? પર્યાયમાં મલિનતા દેખાય એક ભાગમાં. એ જ પર્યાયમાં એક ભાગમાં નિર્મળતા દેખાય, એ ભાગમાં એકલું દ્રવ્ય દેખે તો શુદ્ધ દેખાય. એ તો સ્વરૂપ છે એવું તત્ત્વ આવું જ છે કહે છે. કોઈને લઈને છે અને કોઈમાં આ છે એમ છે નહિ. મારામાં આ રીતે સ્થિતિ છે એમ જાણે છે એમ કહે છે. સમજાય છે કાંઈ? મારો પર્યાય જરી વિકારપણે છે, જાણે છે. એ જ પર્યાયમાં નિર્મળતા છે એ પણ જાણે છે. એ જ કાળે આખું દ્રવ્ય ત્રિકાળ શુદ્ધ છે એ પણ જાણે છે. આવી શક્તિઓમાં પ્રકાર ભિન્ન ભિન્ન હોવા છતાં ગુંથાયેલી વસ્તુ છે. એમાંથી એક વાત કાઢી નાખો તો વસ્તુ સિદ્ધ થશે નહિ એમ કહે છે. સમજાણું કાંઈ?

'**તોપણ પરસ્પર સુસંહત...**' પરસ્પર સુસંહત. દેખો! પર્યાય નિર્મળ પણ હો, એક ભાગ મલિન પણ હો. એથી શું? એવી વસ્તુની મર્યાદા છે. પર્યાયનો જરી ભાગ મલિન હો, અંશે નિર્મળ હો અને પૂર્ણ નિર્મળ દ્રવ્ય છે. હો, એમાં કાંઈ અમેળ નથી એમ કહે છે. એ કાંઈ અમેળ નથી. સુસંહત છે, મેળવાળું છે એમ કહે છે. આહાહા..! આમ ન હોઈ શકે એમ નથી. એમ. આમ ન હોઈ શકે એમ નહિ. આમ હોય એવું તત્ત્વ છે એમ કહે છે. સમજાણું કાંઈ? આમ હોવા છતાં પણ માંહોમાંહે એટલે અશુદ્ધતા પર્યાયની, શુદ્ધતા પર્યાયની, દ્રવ્યની શુદ્ધતા એવા માંહોમાંહે સુમિલિત છે, મળેલી ચીજ છે. એ વસ્તુનું સ્વરૂપ જ છે એના અસ્તિત્વનું. સુગ્રથિત છે. ગુંથાયેલું જ એ રીતે છે. સારી રીતે ગૂંથાયેલી છે.

'**પ્રગટ શક્તિઓના સમૂહરૂપે...**' એવી પ્રગટ શક્તિઓના સમૂહ વડે '**સ્ફુરાયમાન તે આત્મતત્ત્વ નિર્મળ બુદ્ધિવાળાઓના મનને...**' લ્યો! નિર્મળ બુદ્ધિવાળા મનને—સમ્યગ્જ્ઞાનીને '**મનને વિમોહિત કરતું નથી...**' ભ્રમણા થતી નથી. આ શું? એક કોર દ્રવ્યસ્વભાવ શુદ્ધ, વળી પર્યાય થોડી શુદ્ધ, વળી એક પર્યાય થોડી અશુદ્ધ. અમરચંદભાઈ! વસ્તુની સ્થિતિ છે, પૂર્ણ પરમાત્મા ન થાય ત્યાં સુધી વસ્તુની મર્યાદાની ગુંથણી આ જાતની છે. આ રીતે જ ગુંથાયેલી ચીજ છે. સમજાણું કાંઈ?

એક કોર કહ્યું હતું કે આત્મા તદ્દન આત્મા જ એને કહેવો કે દ્રવ્ય-ગુણ ને પર્યાય શુદ્ધ હોય એને આત્મા કહેવો. સમજાણું? અને આ વિકલ્પ પરિણામ છે એ કાંઈ આત્મા નથી, પણ એ અશુદ્ધ છે એમ અહીં જાણે છે. એમ કહે છે અહીં. આહાહા..! સમજાણું કાંઈ? અલ્પજ્ઞ દશા છે એટલે એવો ભાવ હોય. એથી મુંઝવણમાં આવી જાય છે કે આ શું?

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


પર્યાયનો એ જાતની .. નથી શુદ્ધ અને અશુદ્ધતા હો, એ બધું મેળવાળું છે કહે છે. અમેળ નથી. દ્રવ્ય શુદ્ધ, એટલી પર્યાય શુદ્ધ અને કોઈ અશુદ્ધ આ શું? મેળ વિનાનું છે? કે ના, મેળવાળું છે. જેઠાલાલભાઈ! આહાહા..! તત્ત્વની સાધકદશામાં આવી સ્થિતિ જ મેળવાળી છે. નહિતર બીજી રીતે હોઈ શકે નહિ એમ કહે છે. આહાહા..! વસ્તુની સ્થિતિ જ એવી છે એમ કહે છે. અહીં તો એ સિદ્ધ કરવું છે ને. છેલ્લા હવે શ્લોકો છે મોટા મહા અલૌકિક ગંભીર શ્લોકો છે. વસ્તુનું તત્ત્વનું દોહન છે.

એક બાજુ એમ કહે કે અશુદ્ધતા દ્રવ્ય-ગુણ-પર્યાયમાં છે જ નહિ. 'સિદ્ધ સમાન સદા પદ મેરો.' પર્યાય મારી શુદ્ધ છે કહે, લે એમ પણ કહે. એય..! એક કોર કહે કે પર્યાય મારી અશુદ્ધ છે, મારે લઈને મારી અશુદ્ધ, મારે લઈને મારામાં અશુદ્ધ છે. કહે. જ્યાં સુધી પૂર્ણ કેવળજ્ઞાન પર્યાયની દશા પૂર્ણ પ્રગટી નથી, (ત્યાં વચ્ચે) હો. હો તેથી આદર છે અને આદરણીય છે એમ નથી અને હોય તેથી સાધકપણું ચાલ્યું જાય છે એમ નથી અને હો તેથી મુંઝવણ આવી જાય છે કે આ શું? એમ પણ નથી. સમજાણું કાંઈ? ઓહોહો..! અમૃતચંદ્રાચાર્યે જંગલમાં રહીને ભારે કામ કર્યા! ઓહોહો..! પરમેશ્વરના પેટ ખોલ્યા છે બધા. કેવળજ્ઞાનીઓના કાળજા ખોલીને મૂક્યા છે બધા. પર્યાયમાં જાણ્યું હતું ... આ તો અપૂર્વ વસ્તુ છે ભાઈ! અને તે તારા ઘરની તારામાં છે. છે તેને જો, જાણ અને છે તેને અનુભવ. સમજાણું કાંઈ? કો'કની ચીજ નથી તે પોતાની થઈને એને અનુભવે. આ તો તારી ચીજ છે.

કહે છે, આ રીતે '**પ્રગટ શક્તિઓના સમૂહરૂપે...**' એ પણ એક શક્તિ થઈ. ત્રિકાળી શક્તિ, પર્યાયમાં એટલી અશુદ્ધતા એ પણ એક શક્તિ છે ને એટલી? યોગ્યતાની શક્તિ. એટલી યોગ્યતાની શક્તિ છે એટલી. પોતાને કારણે છે એમ. જુઓ! આમાં કાંઈ પરને કારણે એ વાત લીધી નથી. પરનું કારણ અહીં કાંઈ છે નહિ. પોતાના અસ્તિત્વની જ આ દશાનું સ્વરૂપ અહીં વર્ણવાય છે. કહો, સમજાણું આમાં?

'**પ્રગટ શક્તિઓના સમૂહરૂપે સ્ફુરાયમાન તે આત્મતત્ત્વ નિર્મળ બુદ્ધિવાળાઓના મનને...**' આવું જણાવા છતાં સમ્યગ્જ્ઞાનીને, ધર્મીને '**નિર્મળ બુદ્ધિવાળાઓના મનને વિમોહિત કરતું નથી (-ભ્રમિત કરતું નથી, મૂંઝવતું નથી)**.' આહાહા..! કહો, મુંઝવે શું? જાણે છે કે આમ હોય. સમજાણું કાંઈ? એ ધર્મીને પર્યાયમાં અશુદ્ધતા હોય એમ જાણે, શુદ્ધતા હોય એમ જાણે, ત્રિકાળ દ્રવ્ય શુદ્ધ છે એમ જાણે એમ કહે છે. મારે ઘરે મેલ કેવા વળી? તારા ઘરમાં નથી પણ એ પર્યાયમાં અંશે છે એને તું જાણજે. મુંઝવણમાં પડીશ નહિ. મુંઝાઈશ નહિ. સાધકપણું છે.

મુમુક્ષુ :- ...

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

ઉત્તર :- ના. ના. દૂર એ છે જાણે છે એટલું. અહીં તો તત્ત્વનું જાણે એમ કીધું ને, જુઓને! '**सहजमेव तत्त्वं मम**' આવું છે. '**तथापि न वमोहयत्यमलमेधसां**' એમ છે ને? '**अमलमेधसां**' નિર્મળ બુદ્ધિવાળા. અમળ એટલે નિર્મળ મેધસા એટલે બુદ્ધિ. '**परस्परसुसंहतप्रकटशक्तिचक्रं स्फुरत्**' લ્યો! સમૂહ. સમૂહનો અર્થ ચક્ર કર્યો. ચક્રનો અર્થ કર્યો ને. પ્રગટ શક્તિઓનો સમૂહ. અશુદ્ધતા પણ એક યોગ્યતા છે, શુદ્ધતા પણ એક યોગ્યતા છે. ત્રિકાળ શુદ્ધપણે સ્વભાવ છે. આ તો ઘરમાં સંભાળવા આવ્યો એની વાત ચાલે છે. જેણે ઘરને જોયું છે, જાણ્યું છે કે આ તો શુદ્ધ ચૈતન્ય છે, એ તો જ્ઞાન છે. છતાં આ શું ત્યારે? આ વળી જ્ઞાનમાં આ અવસ્થા મલિન? હોય છે અવસ્થાનો અંશ એ સમયની પર્યાયનો યોગ્યતા અંશ, એક જ પર્યાયના બે ભાગ હોય છે. એથી શું? એક પર્યાયના બે ભાગ. થોડો અશુદ્ધ, થોડો શુદ્ધ. હો. પર્યાયના બે ભાગ. વસ્તુસ્થિતિ છે એમાં શું જાણવામાં.

એવી વાત થઈ હતી (સંવત) ૨૦૧૩માં. ઓલા સુરેન્દર સામે. સુરેન્દ્ર? સુરેન્દરનાથ. એ છે ને? મેં કીધું, આ એક પર્યાયના બે ભાગ પુસ્તક આવ્યું છે ઈ તમે ને? કહે હા. દાંત કાઢ્યા. સુરેન્દ્રનાથ છે ને સુરેન્દ્ર? ઈસરીમાં. બ્રહ્મચારી છે. ત્યાં અગ્રેસર છે. ઈસરીમાં અત્યારે. અધ્યાપક શું કહેવાય? અધિષ્ઠાતા, અધિષ્ઠાતા. સંઘ છે ને. હમણાં ગયા હતા ને, પોર મળ્યા હતા. આવ્યા હતા. તે દી ૧૩ની સાલની વાત છે. એક પર્યાયના બે ભાગની ચર્ચા થઈ હતી એ તમે ને? એમ કે એક પર્યાયના બે ભાગ હોય? ન હોય એમ કહે. એક પર્યાય.. છાપામાં આવ્યું હતું. એક પર્યાયના બે ભાગ હોય? બે ભાગ હોય. એ અહીં ચાલે છે વાત. આહાહા..! મેળવાળી વાત છે. સાધક છે ને. અહીં સાધકની વાત ચાલે છે ને. સિદ્ધની ક્યાં વાત છે? હો. તો જાણે છે. નથી જેટલી અશુદ્ધતા અને શુદ્ધ થઈ છે એને પણ જાણે છે. આખું દ્રવ્ય શુદ્ધ છે એને જાણે છે. કહો, સમજાણું કાંઈ? એથી સમ્યગ્દર્શનનો વિષય અશુદ્ધ છે એમ નથી. અહીં તો જ્ઞાનપ્રધાનની વાત કરવી છે. જ્ઞાને દ્રવ્યને વિષય કર્યો છે શુદ્ધ છતાં પરિણમનમાં કાંઈ અશુદ્ધતા અને શુદ્ધતા બે ભાગ છે એમ જ્ઞાની જાણે છે. એમ કહે છે. છતાં એ સમ્યગ્દર્શનનો વિષય છે એમ નહિ. વિષય તો ધ્રુવ જ છે. પણ ધ્રુવને અવલંબતા છતાં જેટલું અવલંબન થયું એટલી શુદ્ધતા અને હજી બાકી રહી એટલી અશુદ્ધતા છે. ઉગ્ર અવલંબન થઈ જાય એટલે એકલી શુદ્ધતા થઈ જાય. એમ સિદ્ધ કરવા વાત કરી છે. સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :- આત્મતત્ત્વ અનેક શક્તિઓવાળું હોવાથી...**' જુઓ! ઓલી ૪૭ શક્તિ લીધી છે ને? ૪૭ શું લીધી? શક્તિ લીધી છે ને? ઓલી જ્ઞેય અધિકારમાં પ્રવચનસારમાં. નય. ૪૭ નય. ૪૭ શક્તિ લીધી સમયસારમાં અને ૪૭ નય. પણ નયનો વિષય છે ને

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



એ પ્રકારનો. નય તો જ્ઞાન છે, જાણે છે. એ આવ્યું છે. કર્તાપણું પરિણમ્યું છે રાગ એ મારું છે. કર્તા (એટલે) કરું કરું એમ નહિ પણ પરિણમન છે રાગનું એ મારું. પણ મારા અસ્તિત્વમાં છે પરને લઈને નહિ. જ્ઞાનને જાણવું છે ને? શ્રદ્ધામાં તો દ્રવ્યનો વિષય અભેદ તદ્દન છે. એમાં તો બે પ્રકાર પણ નથી. પર્યાય ને ગુણ ને ભેદ પણ ક્યાં છે એમાં? પણ એની સાથે થયેલું જ્ઞાન આવો સમય સમયનો વિવેક કરે છે. સમજાણું કાંઈ?

'**આત્મતત્ત્વ અનેક શક્તિઓવાળું હોવાથી કોઈ અવસ્થામાં કર્મના ઉદયના નિમિત્તથી અનેકાકાર અનુભવાય છે,...**' નિમિત્તથી અનેક પ્રકારનું વિકલ્પાદિ, રાગાદિ જણાય છે. જુઓ! અહીં આવ્યું પાછું કર્મના ઉદયના નિમિત્તથી. પણ નિમિત્તથી ને? નૈમિત્તિક કોનું? લખાણ આવે. અહીં તો કહે છે, સ્વભાવને કારણે નથી એથી નિમિત્તને લક્ષે થયેલો વિકાર એમ બતાવવા વાત કરી છે. અહીં પાઠમાં તો કાંઈ છે જ નહિ. પાઠ તો સીધો તત્ત્વ જ મારું આવું છે. પણ ઓલું અશુદ્ધપણું જરી છે, એટલે નિમિત્ત છે એના લક્ષે એટલું છે તે છે. સ્વભાવ તરફ જેટલો આવ્યો છે એટલી શુદ્ધતા છે અને પૂર્ણ શુદ્ધતા નથી એટલે એટલું હજી પર તરફ લક્ષ છે એટલે કર્મના ઉદયના નિમિત્તથી, ઉપાદાનથી નહિ. એ '**અનેકાકાર અનુભવાય છે,...**'

'**કોઈ અવસ્થામાં શુદ્ધ એકાકાર અનુભવાય છે...**' લ્યો! એકલું શુદ્ધ દ્રવ્ય જોવે અથવા શુદ્ધની પર્યાયનો જ અનુભવ કરે (તો) શુદ્ધ એકાકાર જણાય છે. '**કોઈ અવસ્થામાં શુદ્ધાશુદ્ધ અનુભવાય છે;...**' બેય એકસાથે પણ જાણે છે. ત્રિકાળ શુદ્ધ છું, પર્યાયમાં કેટલીક શુદ્ધતા છે અને અવસ્થામાં કેટલીક અશુદ્ધતા છે. '**તોપણ યથાર્થ જ્ઞાની સ્યાદ્વાદના બળથી...**' જુઓ! અપેક્ષિત જ્ઞાન જાણે છે જેટલા પ્રકાર તેને. ઓલા કહે, આત્મા અને અનુભવ બે? એમ કહે છે વેદાંત. આત્મા ને અનુભવ? બે થઈ ગયા. એવું હોય નહિ. આત્મા આત્માનો અનુભવ કરે એમ હોય નહિ. બે નહિ. અહીં તો કહે છે, સાંભળને! આત્માના અનુભવની પર્યાય નિર્મળ અને અનિર્મળ એવું બેયને જાણે એવું વસ્તુનું તત્ત્વનું સ્વરૂપ છે. તું તત્ત્વ માને છે એવું તત્ત્વ નથી. સમજાણું કાંઈ? શુદ્ધતા પ્રગટી પછી શુદ્ધ જ હોય એકલી પર્યાય. એમ નથી એમ કહે છે અહીંયાં.

'**યથાર્થ જ્ઞાની સ્યાદ્વાદના બળથી ભ્રમિત થતો નથી, જેવું છે તેવું જ માને છે, જ્ઞાનમાત્રથી ચ્યુત થતો નથી.**' જાણનાર દેખનાર હું જ્ઞાતા-દૃષ્ટા છું. એને પણ જાણું, આને પણ જાણું. જાણવાથી કાંઈ ઓલું થતું નથી. કહો, સમજાણું કાંઈ?

હવે ૨૭૩ કહે છે. '**આત્માનો અનેકાંતસ્વરૂપ વૈભવ...**' જુઓ! આવ્યો આ વૈભવ. જુઓ! આ વૈભવ, પ્રતાપ, મહિમા. આપણે આત્મવૈભવ નામ આપ્યું છે હરિભાઈએ? શક્તિના

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


(પ્રવચનના પુસ્તકનું). **'આત્માનો અનેકાંત..'** એટલે અનંત ધર્મસ્વરૂપ, અનેક ધર્મસ્વરૂપ. અનેક છે ને? અનેક એટલે અનેક. અંત એટલે ધર્મ. **'અનેકાંતસ્વરૂપ વૈભવ અદ્ભુત (આશ્ચર્યકારક) છે-'** હજી અદ્ભુત એક શબ્દ લીધો છે. પછી આગળ લેશે બે. અહીં શરૂઆત કરે છે ને. ઓહો..! ભગવાન આત્માનો વૈભવ અદ્ભુત છે! એના વૈભવની શું કહેવી વાત? ભગવાન આ આત્મા હોં! એનો વૈભવ. વૈભવ છે ને આ? આ તો તમારા વૈભવમાં ચાલે છે બધી વાતું આ. આને પૈસા આટલા છે, આને સોનાની ઈંટું છે, આને ઢીંકણું છે.

મુમુક્ષુ :- તમે ના પાડો છો.

ઉત્તર :- પણ એનું ક્યાં છે તે એનું છે? એ તો છે એનું છે પરનું. એનું છે એમ કહેવામાત્ર છે. જૂઠી ભાષાથી. નહોતું કીધું? જૂઠી ભાષાથી એમ કહેવાય એના સંબંધમાં માટે એનું છે. એટલે છે નહિ. એ વૈભવ ધૂળનો કે દી હતો? આહાહા..! કેટલો વૈભવ એનો જોઈએ તો.. આહાહા..! ઓલામાં હતું ને ભાઈ હુકમચંદ શેઠનો એક ઓરડો એક કરોડનો. એક કરોડ રૂપિયા. બધો સામાન ભરેલો. ગયા હતા. રાજકુમાર આવ્યા હતા બતાવવા. એક કરોડ રૂપિયાનો એક કમરામાં બધું. એક ઓરડો છે એમાં બધું ભરેલું. શેઠને જે મળેલું હોય ને આ રૂપાના ઓલા યાદગીરી. રૂપાનું શું કહેવાય આ બધું? અભિનંદનના ખોખા. ધૂળેય ખોખા સાથે આવે એવા નથી. રહી ગયા અને પડ્યા રહ્યા. માન સેવ્યું હોય કે મને મળ્યા. મરી ગયો એમાં આત્મા. શેના માન? માન માટે તું તૈયાર છો. બીજો તને શું આપે? એવો આત્માનો વૈભવ **'એવા અર્થનું કાવ્ય હવે કહે છે :-'** લ્યો.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


**શ્રાવણ સુદ ૧, શુક્રવાર તા. ૨૬-૭-૧૯૬૮**
**શ્લોક-૨૭૩-૨૭૪, પ્રવચન-૫૭૯**

૨૭૩ કળશ છે. છેલ્લા કળશો છે ને. આત્માનો વૈભવ વર્ણવે છે. આ દુનિયા કહે છે ને કે આ મારું શરીર ને આ પૈસા ને આબરૂ ને મકાન ને. એ વૈભવ કાંઈ આત્માનો નથી. એ તો પરની સામગ્રી પરની ધૂળની છે. આત્માનો વૈભવ શું છે એ અહીં વર્ણન કરે છે હવે છેલ્લે. જે આત્માનો હોય તે આત્માનો વૈભવ. આત્મામાં જે ન હોય તે આત્માનો વૈભવ ગણાય નહિ. અનંત કાળથી આ બહારની સામગ્રીઓ છે એને તો કંઈક જીવોએ અનંત કાળમાં મારી માની માનીને રખડીને વયા ગયા. એ ચીજ તો ત્યાં ને ત્યાં રહી ગઈ. આ દેશ, મકાન, પૈસા, શરીર, આ રજકણો. ઘણા એમાં જીવો આવીને અનંત વાર આ મારું છે, હું એનો છું એમ માનીને મરીને ચાર ગતિમાં ગયા. એ તો ચીજ એમ ને એમ છે. એ કાંઈ એની નહોતી કે એની સાથે જાય.

મુમુક્ષુ :- રહે એટલી વખત તો એની ખરી કે નહિ?

ઉત્તર :- રહે એટલી વખત ખરી કે નહિ? રહે એટલે શું? એ તો કહ્યું. આ શરીર શરીરને કારણે શરીરરૂપે રહ્યું છે. પૈસા પૈસાને કારણે પૈસારૂપે રહ્યા છે. આબરૂ આબરૂને કારણે પુદ્‌ગલની પર્યાય પુદ્‌ગલપણે રહી છે. એને માનનારો જીવ વચમાં આ મારું એમ માનીને અનંતા વયા ગયા. એ તો ચીજો છે ઈ છે. કહો, પોપટભાઈ! બરાબર હશે આ? શરીરના પિંડલા, વાણી આદિ, પૈસો, મકાન એ તો જગતની ચીજો પુદ્‌ગલની જડની છે. એના સંગમાં, સંયોગમાં આવીને અનંત જીવો એ મારાપણે માનીને ત્યાં મૂઢપણું વેદી છોડીને ચાલ્યા ગયા છે. એ કાંઈ એની નહોતી.

મુમુક્ષુ :- એની થઈ કે ન થઈ?

ઉત્તર :- થઈ કે નહિ પણ? શેઠી! શું છે?

મુમુક્ષુ :- જુદી દેખાય છે.

ઉત્તર :- જુદી દેખાય છે?

અહીં તો એનામાં જે છે અને એનામાં જે રહે છે એને વૈભવ કહેવામાં આવે છે. એવી વાત છે. સમજાણું કાંઈ?

૨૭૩.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


**इतो गतमनेकतां दधदितः सदाप्येकता-**
**मितः क्षणिविभङ्गुरं ध्रुवमितः सदैवोदयात्।**
**इतः परमविस्तृतं धृतमितः प्रदेशैर्निजै-**
**रहो सहजमात्मनस्तदिदमद्भुतं वैभवम्।।२७३।।**

ધર્મી પોતાના આત્માને આ રીતે જાણે છે. અજ્ઞાની મિથ્યા ભ્રમવાળો એ પર વસ્તુના સંયોગમાં આવીને એ મારા છે એમ માનીને હેરાન થાય છે. કહો, બરાબર હશે?

'**શ્લોકાર્થ :- અહો! આત્માનો તે આ સહજ અદ્‌ભુત વૈભવ છે...**' છે? ક્યાં છે શેઠી! આવ્યું કે નહિ? હજી આવ્યું નથી. હજી ખબર નથી પડતી. ૨૭૩ કળશ. એનો નીચે અર્થ. '**અહો! આત્માનો...**' આ આત્મા છે તેનો. એનો જે છે તેનો '**તે આ સહજ અદ્‌ભુત વૈભવ છે...**' સ્વભાવિક એનો અદ્‌ભુત વૈભવ—સ્વરૂપ—માહાત્મ્ય—પ્રતાપ છે એની ચીજમાં.

'**એક તરફથી જોતાં તે અનેકતાને પામેલો છે...**' એ હોં પોતે. આ વસ્તુથી અનેકતાને પામેલો એમ નહિ. સમજાય છે કાંઈ? ભાઈ! હું એક અને શરીર અને કર્મ ને બધા અનેક. એમ નહિ. એ એનામાં નથી. અનેક સ્વરૂપ ગુણ અને પર્યાયથી જુઓ તો અનેક છે. નીચે અર્થમાં આવશે. સમજાય છે? પર્યાયદૃષ્ટિથી જુઓ ભેદથી તો ગુણ પણ અનંત છે, પર્યાય પણ અનંત છે. એ એનામાં છે. શરીર, કર્મ અને આ કાંઈ એનામાં નથી કે એનો એ વૈભવ ગણાય? સમજાણું કાંઈ? '**એક તરફથી જોતાં તે અનેકતાને પામેલો છે...**' એ અનેક પર્યાયો ક્રમે ક્રમે થાય છે એ એનામાં છે એને પ્રાપ્ત છે. એ અનેક પર્યાયોને પ્રાપ્ત છે તે તેની ચીજ છે. પણ અનેક શરીર ને લક્ષ્મી ને આબરૂ ને કીર્તિ ને બાયડી ને છોકરા અનેક છે માટે એ અનેક છે, એ અનેકપણાને એ રીતે પ્રાપ્ત છે નહિ. એ રીતે છે અનેકાંત. જુઓને! આહાહા..! એને ખબર ન મળે. અનંત કાળથી ભ્રમણામાં ગાળ્યા. એમ ને એમ દુઃખી થઈ ગયો. સમજાણું કાંઈ?

ઓલામાં આવે છે ને? જુઓ, જ્ઞાનીના વચનનું. ભાઈ! આ તો જરી કાલે રાતે પ્રશ્ન થયો નહોતો? ઓલો ચિત્પિંડ આમાં છે ને આવ્યું ને આપણે? એમાંથી પ્રશ્ન રાતે કર્યો હતો ને? એ ચિત્પિંડ અખંડ.. પણ ઓલા શબ્દ કીધું સામે આવે તો અર્થ આવડે. આમ તો કાંઈ... રાતે. પૂછયું હતું. આમાં પણ આવ્યું ને આપણે? '**चित्पिण्डचण्डिम**' ૨૬૮માં આવ્યું છે. ભગવાન આત્મા કેવો છે? કે ચિત્‌પિંડ છે એ. ચિત્-જ્ઞાનનો પિંડ છે. ચંડ છે. ઉગ્ર ચિત્ જ્ઞાનાનંદનો પિંડ ઉગ્ર છે એ. ચિત્પિંડ ચંડ અખંડ છે. એ વસ્તુ અખંડ છે. પર સાથે કાંઈ સંબંધ નથી. તેથી ચિત્પિંડ ચંડ અખંડ સુગુણ કરંડ. કેવો છે? કે અનંત સુગુણનો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


એ કરંડિયો છે. કરંડિયો એટલે ભંડાર છે. એમાં પૈસા-બૈસા લાદીના પથરા નથી એમ કહે છે.

મુમુક્ષુ :- લાદીના પથરામાંથી જ ઝવેરાત આવે છે.

ઉત્તર :- ધૂળમાંય આવતો નથી. કહો, સમજાણું આમાં?

ચિત્પિંડ ચંડ અખંડ સુગુણકરંડ પુનિચ્યુત કલનિતે. અને એ રાગ-દ્વેષના ક્લેષરહિત જ વસ્તુ છે. સમજાય છે કાંઈ? એવા આત્માને અંદરમાં અનુભવવો, શ્રદ્ધવો એનું નામ ધર્મ છે, એનું નામ સુખી થવાનો રસ્તો છે. બાકી બધા દુઃખી થવાના રસ્તા છે. સમજાણું કાંઈ? પછી તો એક શબ્દ ઓલો આવ્યો હતો. એમાં આવે છે ને એ? 'ભ્રમ રોગહર જિન કે વચન મુખચંદ્ર સે અમૃત ઝરે.' આહા..! જુઓને! કેવું કહ્યું છે! મુનિ કેવા હોય છે? મુનિ. જૈનદર્શનના મુનિ 'ભ્રમ રોગહર જિનકે વચન...' એમની વાણીમાં તો મિથ્યાત્વના હરનારા વચન આવે છે. રાગ તારો નહિ, પુણ્ય તારા નહિ, શરીર તારું નહિ. તારું સ્વરૂપ તો અખંડાનંદ ચૈતન્ય છે. આવે છે ને? ભાઈ! ચીમનભાઈ! છ ઢાળા. નથી શિખ્યા? નહિ શિખ્યા હોય. પાઠશાળામાં બોલાય છે તમારા દિગંબરમાં બહુ. આ શ્વેતાંબરમાં નથી. 'ભ્રમ રોગ હર...' મુનિના વચનો તો વીતરાગી મુનિ છે એની વાણી ભ્રમ રોગ હર (છે). ભાઈ! તું ચિદાનંદ વીતરાગ મૂર્તિ છો. તારો રાગ પણ નથી, તારા પુણ્ય પણ નથી, તારા પુણ્યનું બંધ ને ફળ એ તારું નથી અને તું નથી. એવા જેના વચનો (છે). 'ભ્રમ રોગ હર જિનકે વચન મુખચંદ્રસે અમૃત ઝરે.' આહાહા..! મુનિના મુખમાંથી તો અમૃત ઝરે. અમૃત ચિદાનંદ ભગવાન આત્મા એની દૃષ્ટિ કરાવે અને ભ્રમની દૃષ્ટિ છોડાવે. એ મુનિપણું છે. આહાહા..! રાગથી ધર્મ મનાવે અને દેહની ક્રિયાનો કર્તા મનાવે એ મુનિ નહિ અને એ વીતરાગી સંતની વાણી નહિ. આહાહા..! કહો, છ ઢાળામાં આવે છે. પછી તમે કહ્યું ને, રાત્રે પછી એ સાથે જોયું થોડું. ચંડિમની સાથે. એ છ ઢાળામાં છે. એ જ છ ઢાળામાં છે. આહાહા..! જુઓ આ મુનિ!

કહે છે કે ભાઈ! તારો વૈભવ જો ને. તારા વૈભવમાં એટલે તારો જે ભાવ છે અંદર તે તારો વૈભવ. એ અનંત પર્યાયથી ક્રમે ક્રમે તારા ગુણની અવસ્થા થાય એથી અનેક છે, પણ કોઈ તું બીજી ચીજને લઈને અનેક છો એવું તો તારામાં છે નહિ. એમ ભ્રમણાથી માન્યું છે. કહો, સમજાણું કાંઈ? કહે છે, **'એક તરફથી...'** અંતર આત્માને જોતા. પરને જોતાની વાત અહીં છે નહિ. પર તો એનામાં છે જ નહિ. કંઈક ભૂમિના અભિમાનીઓ ભૂમિ મારી, મકાન મારા, ખેતરી મારી, આ જમીન આટલી મારી એવા અભિમાનીઓ મરી ગયા પણ એની ચીજ કોઈ દી થઈ નહિ. રજકણ પણ એના થયા છે કોઈ દી ત્રણ કાળમાં?

મુમુક્ષુ :- ...

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

ઉત્તર :- ચાલ્યા ગયા એમ ને એમ ચાલ્યા ગયા છે. એથી તું પરને લઈને અનેક છો એ તો તારામાં છે નહિ. તારા પર્યાયમાં ક્રમે ક્રમે અનેક અવસ્થાઓ થાય એથી તું અનેક છો. આહાહા..! સમજાણું કાંઈ?

શું કહે છે? કે તારી પ્રજા અનંત છે. આ પ્રજા નહિ. પર્યાયદૃષ્ટિ છે ને. તારી પ્રજા, તું વસ્તુ છો ભગવાન અને તારામાં ગુણ છે અનંત. એની ક્રમે ક્રમે અવસ્થા થાય પર્યાય, એવી પ્રજા અનેક છે એને લઈને તું છો. પણ પરપ્રજા અને પરને લઈને તું અનેક છો એ તારામાં કોઈ દી ત્રણ કાળમાં નથી. આહાહા..! સમજાણું કાંઈ? જાધવજીભાઈ! આ છોકરા છ. એને છ છોકરા છે. ચાર જણા જોવે ને ઉપાડવા? એક મોઢા આગળ અને એક પાછળ. હીરાભાઈને સાત છે. નથી આવ્યા હીરાભાઈ? કહો, કોને છે સાત? કહે છે. તું અનેક છો એ પરને લઈને અનેક છો? તને ખબર છે કાંઈ? તારી ચીજ છે અખંડાનંદ ભગવાન, એની અવસ્થાઓમાં ક્રમે... ક્રમે... ક્રમે... ક્રમે અવસ્થા અનેક થાય જ્ઞાનની, દર્શનની, આનંદની, એવી પર્યાયની અનેકતાને લઈને અનેક છો. પરવસ્તુને લઈને તું અનેક છો એ વાતમાં માલ કાંઈ નથી. તને ભ્રમ લાગ્યો છે. સમજાણું કાંઈ?

'**એક તરફથી જોતાં તે અનેકતાને પામેલો છે...**' પામેલો છે. ઓલી વસ્તુ તે અનેક છે એને એ પામેલો છે? છે ને એ શબ્દ? '**इतो गतमनेकतां**' છેલ્લો. '**इतो गतम**' છે ને? બીજો શબ્દ. '**गतमनेकतां**' ભગવાન આત્મા એની અવસ્થાઓ અનંત છે એ અનંતને એ પ્રાપ્ત છે. પણ નહિ કે પરવસ્તુ કે અનેક કે ઘણી છે માટે તે પ્રાપ્ત અનેકપણે છે એમ નથી. સમજાણું કાંઈ? કેવા શ્લોક મૂક્યા છે! તારામાં છે તે તારું. તારામાં જે નથી તે તારું નહિ. પછી થોડું હોય કે ઘણું હોય એ તારું નથી પછી એને લઈને તને ગણવો, એને લઈને તને ગણવો એ તો રહેતું નથી. સમજાણું કે નહિ? તારું નથી શરીર, કર્મ, બાયડી, છોકરા, પૈસા, આબરૂ એ તારું નથી. પછી એને લઈને તને ગણવો? તારા નથી એને લઈને તને ગણવો? મિથ્યાત્વ છે, ભ્રમણા છે અજ્ઞાનીને. એય.. પ્રાણભાઈ! તારામાં છે એને લઈને તું અનેક છે તારામાં. જ્ઞાનની, દર્શનની, આનંદની પર્યાયો અનેક થાય છે. ક્રમે ક્રમે અનેક અવસ્થા છે એને લઈને અનેક છો. એ તો તારી સ્થિતિનું અસ્તિત્વ બરાબર છે.

'**અને એક તરફથી જોતાં સદાય એકતાને ધારણ કરે છે,...**' જુઓ પાછું. બીજી દૃષ્ટિએ જોતાં એકતાને ધારણ કરે છે. એટલે કે વસ્તુથી જુઓ તો એકરૂપ છે. પર્યાયથી જુઓ તો અનેક છે. વસ્તુથી જુઓ તો એક છે. પણ એનામાં એનામાં છે એની વાત છે. સમજાણું કાંઈ? વસ્તુથી '**એક તરફથી જોતાં સદાય એકતાને...**' સદાય એકતાને. એમ. ત્રણે કાળે દ્રવ્ય વસ્તુ જે છે એ તો એક જ રૂપે છે, વસ્તુ તો એકરૂપે છે. પર્યાયની અનેકતા છે,

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


અવસ્થા. જુઓ! આવું સ્વરૂપ એનું છે. અજ્ઞાનીઓ એમ ને એમ આત્માને માને, કલ્પે એમ ન ચાલે કહે છે. આત્મા આવો છે. એની પર્યાયમાં અવસ્થા અનંત અનંત એના અસ્તિત્વમાં પોતામાં અનેકપણે પામેલો છે ઈ. એક જ સદાય છે એમ નહિ. અને વસ્તુ તરીકે એક છે. બેય એની ચીજ છે. એ સિવાય એક રજકણ પણ તારો છે એ ત્રણ કાળ ત્રણ લોકમાં નથી. સમજાણું કાંઈ?

હું એક છું, પણ આ કુટુંબ આદિ દીકરાઓથી અનેક છું. એકને સો હોય. ઘણા છોકરાને બસ્સો-બસ્સો. હમણાં એક આવ્યું હતું એવું. કેટલા તો છોકરા હશે. છાપામાં આવ્યું. સો વર્ષનો ડોસો. કેટલા? ૬૪ છોકરાઓ અને કેટલા ..૧૮ વર્ષની નોકરણીને પરણવા માગે છે. સો વર્ષનો ડોસો. છાપામાં આવ્યું છે. એમાં વાંધા ઉઠ્યા. એના દીકરાનો દીકરો કહે, નહિ, મારે એની સાથે મહોબ્બત છે, તમારાથી ન પરણાય. હાય.. હાય..! કાળા કેર કરે છે ને. સો વર્ષનો છે. ક્યાંક આવ્યું હતું ખરું. છે ને ક્યાંક. છાપામાં? ક્યાંક છે, વાંચ્યું હતું. ઓલું વાંચ્યું હતું ને ..નું. એમાં હતું. એમાં જ હતું ક્યાંક. એમાં જ. બીજું તો આવ્યું આપણે આવ્યું નથી મારી પાસે.

મુમુક્ષુ :- ઘણાય છાપામાં આવે ને.

ઉત્તર :- મારી પાસે તો એક જ આવ્યું છે. એક આવ્યું છે. આવ્યું હતું ઓલા મનોજ માટે. પુનર્જન્મ છે ને. સો વર્ષનો ડોસો. કેટલા છોકરાઓ? ૬૪ છોકરાઓ છે અને કેટલા છોકરાના છોકરા. પછી કહે, હું એકલો થઈ ગયો, બાયડી મરી ગઈ. એકલો મારે ક્યાં સુધી રહેવું હવે? આહાહા..! એકલાનું બેકલું થાવું છે એને. અઢાર વર્ષની નોકરાણી છે. અઢાર વર્ષની જુવાન એને પરણવા માગે છે. ત્યારે દીકરાનો દીકરો બોલ્યો કે નહિ, તમારાથી થાય નહિ. એવું નહિ બની શકે. મારે એની સાથે મહોબ્બત છે. ત્યારે ત્રીજો કહે, ભાઈ! ઓલો આપણો છોકરો ઓલો છે એ આવ્યો નથી એને આવવા દ્યો એ પછી ચુકાદો કરશે. મોટું કુટંબ ખરું ને. કેટલા છોકરાઓ. કહો, સાચું હશે એનું? ભ્રમણામાં અજ્ઞાની. હું એકલો થઈ ગયો, મારું કોઈ નહિ. નાગુ, ભૂખ્યું કોણ ઢાંકે? મારે એકલાને શી રીતે રહેવું? ઘણા વર્ષથી એકલો છું, હવે ગોઠતું નથી. પણ એકલો છો સદાય, સાંભળને! અનેક હો તો તારી પર્યાય-અવસ્થાને લઈને અનેક છો. પણ પરને લઈને તો અનેક નથી. આહાહા..! એને ખબર નથી. એના ઘરની એને ખબર નથી અને આંધળો મૂર્ખ થઈને ફરે છે. આહાહા..! સમજાણું કાંઈ?

ભાઈ! તારામાં હોય એ તું તારું માન ને. તારામાં ન હોય એને તું તારું માન એ શી રીતે તારી દૃષ્ટિમાં વિપર્યાસપણું ટળશે? સમજાણું કાંઈ? કર્મને લઈને અનેક છું એમ પણ નહિ. હું એકલો અને કર્મ બીજું. હું એક અને કર્મ બીજું એમ પણ નહિ. હું એક અને

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

શરીર બીજું અનેક એમ પણ નહિ. છે ક્યાં તારામાં તે બીજો થઈશ? તારામાં થયેલો છે અનંત ગુણની પર્યાય. એ પણે અનેક છે. જેઠાલાલભાઈ! અને વસ્તુ જોતા એક છે. દ્રવ્ય તો વસ્તુ... વસ્તુ... વસ્તુ... વસ્તુ... દ્રવ્ય. પદાર્થ તરીકે સદાય સદાય એક ફીટીને બે દ્રવ્ય થયું નથી. દ્રવ્ય તો એક જ છે. કહો, સમજાણું આમાં? આહાહા..!

**'એક તરફથી જોતા ક્ષણભંગુર છે...'** ક્ષણે ક્ષણે અવસ્થા થાય-જાય, થાય-જાય. ક્ષણભંગુર. ક્ષણે ક્ષણે થાય, નાશ પામે. અવસ્થા પહેલી અનેક કીધી હતી, અનેક ગણતરીની. હવે અહીં એક સમયની અવસ્થા થાય અને નાશ થાય. ક્ષણભંગુર. આ ક્ષણભંગુર હોં! શરીર ક્ષણભંગુર અને પર ક્ષણભંગુર એની અહીં વાત નથી. તારામાં છે એની અહીં વાત ચાલે છે. આહાહા..! તારી અવસ્થા એક સમયની છે એ ક્ષણે થઈને ભંગુર, બીજે સમયે નાશ થશે. ક્ષણભંગુર એક. શરીર ક્ષણભંગુર કે આ બાયડી-છોકરા ક્ષણભંગુર, લક્ષ્મી (ક્ષણભંગુર). પણ એ તારામાં નથી એટલે ક્ષણભંગુર તને કેમ કહીએ અમે? આહાહા..! ભાઈ! આ બધી સપનાની બાજી છે ક્ષણભંગુર. ના. એને કોણે કહ્યું? પર સપનાની બાજી તારામાં છે એને તને ક્યાંથી કહ્યું? તારી વર્તમાન અવસ્થા એક સમયની રહે છે અને એ બીજે સમયે નાશ થાય છે. માટે એ પર્યાયના રહેવાની અપેક્ષાએ તેને ક્ષણભંગુર કહેવામાં આવે છે. બીજે સમયે તે પર્યાયનો નાશ થશે. તારામાં એ છે. કહો, સમજાણું કાંઈ? કોઈ દી એણે વિચાર (કર્યા નથી) અને પોતાની શું છે વસ્તુ એને કોઈ દી જોવા (નવરો થયો નથી). આંધળે આંધળા જ કૂટાણું છે એને.

**'એક તરફથી જોતાં ક્ષણભંગુર છે...'** એટલે પર્યાયથી. પર્યાય થાય છે ને ક્ષણની? એક સમય જ રહે છે. બીજે સમયે તો નાશ જ થાય છે. એવી એ વસ્તુની સ્થિતિ છે. પરને લઈને નહિ. ક્ષણભંગુર પોતાની અવસ્થા પોતાને કારણે પોતામાં છે. સમજાણું કાંઈ? **'એક તરફથી જોતાં સદાય તેનો ઉદય હોવાથી ધ્રુવ છે,...'** નાશ જ થતી નથી. ઓલામાં અનેક અને એક હતું. આમાં નાશવાન અને અનાશવાન એમ છે. પર્યાયની ક્રમે ક્રમે અવસ્થા થઈ છે એથી નાશવાન છે, વસ્તુ ધ્રુવ છે નાશવાન નથી. ઓલામાં એમ લીધું હતું કે અનંત પર્યાય છે માટે અનેક છે. અને સદા રહે છે માટે એક છે દ્રવ્ય. અહીંયાં કીધું, ક્ષણે ક્ષણે નાશ થાય છે પર્યાય. પોતાની પર્યાય, પોતાની અવસ્થા દશામાં તે. અને વસ્તુ તરીકે જુઓ તો ધ્રુવ છે. નાશ પામતું નથી. સમજાણું કાંઈ? એને એનામાં છે તેમાં જોવાનું છે.

**'સદાય તેનો ઉદય હોવાથી...'** સદાય તેનો તે જ છે. વસ્તુ.. વસ્તુ.. વસ્તુ... વસ્તુ.. અનેક અવસ્થાઓ બદલી, વસ્તુ તો એની એ છે. એનો એ યાદ આવે છે લ્યો. ૫૦-

૬૦ વર્ષ પહેલાની વાત યાદ આવે પર્યાયની. પણ એમાં હતો તો એનો એ ને? ૬૫ વર્ષ પહેલા આમ હતું, પર્યાયમાં આમ હતું. એ પર્યાયનું છે તો જ્ઞાન પર્યાયનું એને. પણ એ પર્યાયમાં જે હતો ધ્રુવ એનો ઈ છે. સમજાણું કાંઈ?

**'અને એક તરફથી જોતાં સદાય તેનો ઉદય હોવાથી ધ્રુવ છે, એક તરફથી જોતાં પરમ વિસ્તૃત છે....'** એક તરફથી જોવે તો જ્ઞાનમાં લોકાલોક જણાય છે. એટલો વિસ્તાર છે એનો. સમજાણું કાંઈ? જ્ઞાન લોકાલોકને જાણે છે. અત્યારે પણ હોં! જાણે છે એટલો એનો વિસ્તાર છે. વિસ્તાર. જમીનનો આટલો વિસ્તાર છે ને આટલા જમીન એણે રોક્યા છે ને આટલા બંગલા બાંધ્યા છે, એ એનો વિસ્તાર નથી. એનો વિસ્તાર તો જ્ઞાનમાં બધું જણાય, લોકાલોક જણાય. જેટલો કાને શબ્દ પડે અને એનું જ્ઞાન થાય તો એના જ્ઞાનમાં લોકાલોક જણાય. એટલો એ વિસ્તારવાળો વિસ્તૃત છે. કહો, સમજાણું કાંઈ?

**'પરમ વિસ્તૃત છે...'** પરમ વિસ્તૃત. પરમ વિસ્તૃત એટલે? અલોક ને લોક બધાને જાણવા જ્ઞાન પહોંચી વળે છે. કોઈને જ્ઞાન ન પહોંચે અને ન જાણે એવું જ્ઞાન નથી. સમજાણું કાંઈ? માણસ નથી કહેતા કે આને સામ, દામ ને ઠામ ને બધું છે. લોકો વાતું કરે છે. વાતું કરે. ગપ્પા મારે. ગામમાં મકાનો છે, ઈ ઠામ. દામ પૈસા છે. વળી હિંમત પણ એની ઘણી. ધૂળેય નથી, સાંભળને હવે. તારા હામ, દામ, ઠામ ત્યાં પરમાં ક્યાં ગરી ગયો છે? સમજાણું કાંઈ? ભ્રમણાના બધા ઢોલ વાગે છે. ભાઈ! તું વિસ્તાર છો, પણ વિસ્તારની અપેક્ષા જેટલી ચીજો જગતની લોકાલોક અરૂપી-રૂપી તેને પહોંચી વળે જાણવામાં એ રીતે તું વિસ્તાર છો. બીજો વિસ્તાર તારામાં નથી. ભગવાનજીભાઈ! આહાહા..!

કેટલો વગડો રોક્યો છે કહે છે. નથી વાતું કરતા કેટલીક વાર? મોટા મકાન હોય ને. વગડો રોક્યો છે. ધૂળેય રોકી નથી, સાંભળને! ભાઈ! પોપટભાઈ! નથી કહેતા? મોટી જગ્યા રોકી હોય તો કહે વગડો રોક્યો છે. ઓલો કો'ક રાજા નથી ત્યાં? જાપાનનો મોટો. કેટલા બે માઈલમાં જમીન અને બંગલા છે. કો'ક કહેતું હતું, સાંભળેલું. એના બંગલા બે માઈલમાં અંદર બાગ ને બગીચા. બે-ત્રણ માઈલમાં એમ કે બધું રોક્યું છે. ધૂળેય રોક્યું નથી, સાંભળને! એ તો પર છે. એમાં ક્યાં રોકાણું છે તારું? જગતના બધા લોક અને અલોકના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવને જાણવામાં તારું જ્ઞાન પહોંચી વળે એટલો તું વિસ્તારવાળો છો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આના તો હવે બે માઈલ, ચાર માઈલ, ધૂળ માઈલમાં હશે. લ્યોને મોટો ચક્રવર્તી હોય ને. ચક્રવર્તીને પાંચ બંગલા હોય છે મોટા દૈવી બંગલા. દૈવી બંગલા ચક્રવર્તીને પાંચ મોટા. છન્નું હજાર રાણી હોય. એમાં દરેકને જવાના બારણા હોય ભિન્ન ભિન્ન. પોતાનો

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



બંગલો વચમાં હોય અને ચારો કોર મોટું આખું એક .. ઊંચું હોય એને. છન્નું હજાર તો રાણીઓ. અને પોતે વચમાં મોટો બંગલો જબ્બર. દેવે કરેલા, એ તો દેવોએ બનાવેલા. મરી ગયા પણ એ મૂકીને. પ્રાણભાઈ! વયા ગયા. ગયા ચોર્યાસીમાં ભટકે છે. બ્રહ્મદત જેવો ચક્રવર્તી લ્યો. સાતસો વર્ષનું આયુષ્ય. બ્રહ્મદત્ત. છન્નું હજાર રાણી. હમણાં .. થયેલા એ તો. છન્નું હજાર રાણી. સોળ હજાર દેવ સેવા કરે. મરતાં હીરાના મોટા પલંગ. હીરાના હોં! હીરાના પંલગ. એક પલંગની અબજોની કિંમત. સૂતો. કુરુમતિ! કુરુમતિ! રાણી હતી એક એની. હજાર દેવ સેવા કરે. એટલો વૈભવ, એટલું પુણ્ય. સોળ હજાર તો દેવ સેવા કરવા ઊભા રહે. બે હજાર તો અંગરક્ષક. અંગના રક્ષક બે હજાર દેવ. મરતા પલંગમાં હાય રે પીડા.. પીડા. અરે..! કુરુમતિ રાણી. એની હજાર દેવ સેવા કરે. બોલતો બોલતો સાતમી નરકને પાતાળે (ગયો). પાણીમાં ઉપરથી જેમ પથરો મૂકે પાંચ મણનો ઉપર અને જેમ હેઠે જાય, એ પલંગમાંથી પોઢીને સાતમી નરકે ગયો. સમજાણું કાંઈ? અને જેની સ્થિતિ.. લોકોને વિચાર ક્યાં છે? ૭૦૦ વર્ષની મિનિટ થાય, એક મિનિટના અસંખ્ય ભવ, એક મિનિટના અસંખ્ય (અબજ વર્ષ) સાતમી નરકના. કારણ કે ૩૩ સાગરે ગયો. રવરવ નરક છે સાતમી નરક અપરિઠાણા ત્યાં ગયો છે. હજી પડ્યો છે ત્યાં. હજી થોડો કાળ ગયો છે. ૭૦૦ વર્ષ રહ્યો. એ ચક્રવર્તીપદ તો થોડું હોય. જીવન આખું ૭૦૦ વર્ષનું જન્મથી મૃત્યુ. એના મિનિટો ગણો તો મિનિટો સંખ્યાતી થાય. અને એના આયુષ્ય ગણો ૩૩ સાગરના તો એક અહીં મિનિટનું સુખ કલ્પ્યું, અસંખ્ય વર્ષનું રવરવ નરકનું દુઃખ. લ્યો, આ વૈભવ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- મોટો નથી. એણે તીવ્ર અનાદર કર્યો હતો સત્‌નો. સમજાય છે કાંઈ? મિથ્યાત્વનું તીવ્ર જોર, અનંતાનુબંધીનું તીવ્ર જોર, ભોગની વાસના અને આ જ સર્વસ્વ છે, બસ! વળી બીજું નહિ. લીન-લીન થઈ ગયેલો. એના ફળમાં એક મિનિટનું અહીં સુખ કલ્પ્યું. કલ્પેલું. અસંખ્ય અબજ વર્ષનું નરક રવરવનું દુઃખ છે અત્યારે. એવી ૭૦૦ વર્ષની મિનિટો તો સંખ્યાથી થાય તોપણ એના અસંખ્ય અબજના વર્ષના દુઃખનો અંત નથી. એટલા અસંખ્ય અબજ છે ત્યાં. શું એનો વૈભવ! એટલો વૈભવ તે આમ ખમ્મા-ખમ્મા. દેવો હાજર. સોળ હજાર તો દેવ હાજર. ક્યાં ગયા? સૌને ઘરે વયા ગયા. સમજાય છે કાંઈ? કહો, પોપટભાઈ! અહીં તો ધૂળેય નથી. મફતનો અભિમાન કરીને હેરાન થાય છે. આહાહા..!

કહે છે, એક કોર જુઓ તો તારો વિસ્તાર કેટલો? એ બધી ચીજને જાણવા જેટલી તારી શક્તિ છે બધીને. તારા વિસ્તારનો પાર નથી. કોઈને મારી માનવા જેવું તારામાં નથી. પણ બધાને જાણવા જેવું તારામાં છે. એમ કહે છે. સમજાણું કાંઈ? કોઈ પણ રાગ કે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


રજકણ મારું છે એવું માનવાનો તારો સ્વભાવ જ નથી. આ સ્વભાવ છે? આહાહા..! આચાર્યે પાછળના શ્લોકમાં બહુ ભર્યું, ઘણું ભર્યું. બહુ ભર્યું. ઓહોહો..! દિગંબર સંતોની વાતું પરમાત્માને પ્રત્યક્ષ હાથમાં દેખાડે એવી છે. આહાહા..!

ભાઈ! તારો વિસ્તાર જો ને, પ્રભુ! આમ જ્ઞાનમાં તને ખ્યાલ નથી આવતો? જ્ઞાન જેને જેને તું જાણવા માગ તારા ખ્યાલમાં આવી જાય છે વાત. લોકાલોકનું ક્ષેત્ર અને કાળ અને એમાં ભાવ છે એ પણ તારા ખ્યાલમાં આવી જાય છે. જ્ઞાનનો વિસ્તાર એટલો કે લોકાલોકને જાણે એટલો વિસ્તાર છે. એ પણ તારો વૈભવ છે. લોકાલોક તારો વૈભવ નહિ. એને જાણવું એ તારો વૈભવ છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**એક તરફ જોતાં પોતાના પ્રદેશોથી જ ધારણ કરી રખાયેલો છે.**' એટલે? એક કોર જુઓ તો લોકાલોકને જાણવા જેટલી જ્ઞાનમાં તાકાતવાળો, વિસ્તારવાળો તારો વૈભવ. એક કોર જુઓ તો અસંખ્ય પ્રદેશમાં જ છે પોતે. બહારમાં ક્યાય ગયો નથી. પોતાના અસંખ્ય પ્રદેશ છે એટલામાં છે. એક જુઓ તો એટલામાં છે, આમ જ્ઞાનથી જુઓ તો લોકાલોકને જાણે એટલામાં છે. આ તે કેટલી વિચિત્રતા અને વિવિધતા! સમજાણું કાંઈ? આવા ચૈતન્યના વૈભવને જાણવાની દરકાર કરતો નથી. અનંત કાળ હેરાન હેરાન થઈને મરી ગયો છે ચોર્યાસીમાં. કહો, જાધવજીભાઈ! અમારા આટલા દીકરા, અમારી આટલી આબરૂ, આમ છે, તેમ છે. શેના બાપા? એ તારો વસ્તાર છે? એ તારો વસ્તાર છે? તો કોનો વિસ્તાર? આ છોટાભાઈનો વસ્તાર નથી કહેવાતો આ બધોય?

મુમુક્ષુ :- આપ તો ના પાડો છો ને અને અમે તો હા પાડીએ છીએ. શું કરવું?

ઉત્તર :- પણ ન્યાયથી કહીએ છીએ એ રીતે છે. એનો વિસ્તાર વસ્તાર એનામાં હોય કે એનો વસ્તાર બહારમાં હોય? આહાહા..! ભાઈ! તું પહોળો પણ તારા જ્ઞાનના ભાવમાં અને એકરૂપે પણ તારા અસંખ્ય પ્રદેશમાં તું. કાંઈ અસંખ્ય પ્રદેશમાં છોડીને બહારમાં ક્યાંય ગયો છે એમ છે? આહાહા..! એવો આત્માના વૈભવને આવો આત્મા બરાબર જાણવો અને અંતર દૃષ્ટિ કરીને અનુભવવો એનું નામ ધર્મ અને મોક્ષનો માર્ગ છે. પરની સાથે કાંઈ અહીં સંબંધ નથી. આહાહા..! સમજાણું કાંઈ?

'**પોતાના પ્રદેશોથી જ ધારણ કરી રખાયેલો છે.**' એમ છે ને? જુઓને! સમજાય છે? '**इतः परमविस्तृतं धृतमितः प्रदेशैर्निजै–**' અહો..! અહો..! એ પહેલો અર્થ કરી નાખ્યો છે. '**અહો! આત્માનો તે આ સહજ અદ્ભુત વૈભવ...**' એમ. એ છેલ્લી લીટીનો પહેલો અર્થ કરી નાખ્યો. કહો, સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :–**' હવે ઓલું ટૂંકું છે ને એ ન સમજાય એટલે ભાવાર્થમાં સ્પષ્ટ કર્યું છે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


પંડિતજીએ. '**પર્યાયદૃષ્ટિથી જોતાં આત્મા અનેકરૂપ દેખાય છે...**' વર્તમાન વસ્તુ ભગવાન આત્મા અનંત પર્યાય જે છે અવસ્થા એથી તે વર્તમાનમાં પર્યાયના અનેકપણે દેખાય છે. એ પર્યાયદૃષ્ટિએ જુઓ તો અનેક છે. પરથી જુઓ તો એ વસ્તુ અનેક છે નહિ. પર્યાયદૃષ્ટિથી અનેક છે. પર્યાયમાં અનેક છે. '**અને દ્રવ્યદૃષ્ટિથી જોતાં એકરૂપ દેખાય છે;...**' વસ્તુ જુઓ તો વસ્તુ તો એની એ છે. દ્રવ્ય.. દ્રવ્ય... દ્રવ્ય.. દ્રવ્ય... દ્રવ્ય... દ્રવ્ય.. સદા દ્રવ્ય છે. દ્રવ્ય તરીકે, પદાર્થ તરીકે એક દેખાય છે. એની ને એની પર્યાય તરીકે અનેક દેખાય. પણ એનામાં એના ક્ષેત્રમાં અને એના ભાવમાં આટલું બધું છે. સમજાણું કાંઈ?

'**ક્રમભાવી પર્યાયદૃષ્ટિથી જોતાં ક્ષણભંગુર દેખાય છે...**' જુઓ હવે. ક્રમભાવી કીધું ને. ક્રમે ક્રમે થાય ખરી ને. એક સમયે એક અને બીજે સમયે રહેતી નથી. તેથી એને ક્ષણભંગુર ગણી. '**ક્રમભાવી પર્યાયદૃષ્ટિથી...**' એમ ક્રમભાવીનો અર્થ કે આત્માની અવસ્થા એક સમયે થાય એ બીજે સમયે રહેતી નથી. ક્રમભાવી-ક્રમે થનારી, ક્રમે થનારી. ક્રમે થનારીમાં એક સમયની એક અવસ્થા જ્ઞાનની છે એ બીજે સમયે રહેશે નહિ. સમજાણું કાંઈ? ઓલી પર્યાયદૃષ્ટિથી જોતાં પર્યાય અનેક છે એ જુદી વસ્તુ અને આ ક્રમભાવી જોતાં એ પર્યાય એક સમયે રહે છે અને બીજે સમયે રહેતી નથી. એ દૃષ્ટિએ જોતાં તે પર્યાયદૃષ્ટિએ તે ક્ષણભંગુર છે. એમ. સમજાણું કાંઈ? દેહ નાશવાન છે, આત્મા અવિનાશી છે, ફલાણું નાશવાન છે, આબરૂ નાશવાન છે, તો એની સાથે તારે શું કામ પણ નાશવાન? એ તો એની ચીજ છે. એનું નાશવાનપણું તારે શું કામ છે એનું? તારી થયેલી પર્યાય એક સમયે રહેતી નથી એ નાશવાન છે એની સાથે તારે કામ છે. સમજાણું કાંઈ? આમાં ધર્મ શું આવ્યો હવે? લ્યો, આવું છે. પણ એનો અર્થ કે તારામાં પર્યાય ને દ્રવ્ય જે છે એને એ રીતે દ્રવ્યને દ્રવ્ય તરીકે શ્રદ્ધા કર, પર્યાયને અનેકપણે અને ક્ષણભંગુર છે તેમ તેની શ્રદ્ધા કર. એથી તને સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન થાય. તે સુખ થવાનો રસ્તો છે. બાકી બધા દુઃખી થવાના પંથે પડ્યા છે. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નાશ થાય છે ને. એ કહ્યું ને. એક સમયની પર્યાય. એ વાત પણ કરે છે ને. એક સમયે ઉત્પન્ન થાય છે, બીજે સમયે નાશ થાય છે. નાશ થાય છે. પર્યાય ક્ષણભંગુર કહ્યું ને. ક્ષણભંગુર. એક ક્ષણ રહી, બીજે સમયે નાશ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ના, પર્યાય નાશ થાય છે. વર્તમાન પર્યાય નથી રહેતી.

મુમુક્ષુ :- નથી રહેતી તો અભાવ થઈ ગયો?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


ઉત્તર :- અભાવ થઈ ગયો. વર્તમાનમાં અભાવ થઈ ગયો.

મુમુક્ષુ :- અભાવ થઈને નીકળી ગઈ?

ઉત્તર :- નીકળી ગઈ એટલે નાશ થઈ ગઈ. પર્યાયમાંથી પર્યાય નાશ થઈ. દ્રવ્યમાં ગઈ એ અત્યારે પ્રશ્ન નથી. એ પ્રશ્ન નથી. પર્યાય હતી એ એક સમયે રહી, બીજે સમયે નાશ થઈ ગઈ. પર્યાયપણે પર્યાય નાશ થઈ. એ ક્ષણભંગુર એમ. વર્તમાન પછી ગઈ દ્રવ્યમાં એ અત્યારે પ્રશ્ન નથી. એ તો પછી સત્ છે તો જાય અંદરમાં. પણ વર્તમાન પર્યાયપણે હતી એ રહી નહિ. નાશ થઈ ગઈ. સમજાય છે કાંઈ?

જળનું તરંગ છે. ઉઠ્યું તરંગ. બીજે સમયે એ તરંગ રહેશે નહિ. નાશ થઈ ગયું. એ જ તરંગ નાશ થઈ ગયું. તરંગપણાને પર્યાયે નાશ કર્યું, પછી તરંગ ગયું જળમાં એ પ્રશ્ન નથી અહીંયાં. તરંગપણાનો પર્યાય એક ક્ષણનો હતો તે બીજે ક્ષણે નાશ થાય. અભાવ થઈ ગયો એનો. પર્યાયપણે અભાવ થઈ ગયો. પર્યાયપણે પણ બીજે સમયે હોય તો તો એની એ સમયની બે પર્યાય, બે સમયમાં એક પર્યાય રહી. એમ બને નહિ. પર્યાય તો એક જ સમય રહે. ઓહોહો..! સમજાણું કાંઈ?

અહીં તો ચારિત્રપર્યાય અને કેવળજ્ઞાન અને દર્શનની પર્યાય હોય એ પર્યાય પણ નાશવાન જ છે. એમ કહે છે. સમજાણું? અંતર નિર્મળ ક્ષાયિક સમકિતની પર્યાય થઈ, પણ એ પર્યાય નાશવાન છે. કારણ કે એક સમયની સ્થિતિ છે ને. પર્યાયની સ્થિતિ જ એક સમયની છે. દ્રવ્યની સ્થિતિ ત્રિકાળ છે. એક સમયની સ્થિતિ છે. સમજાણું કાંઈ? એક ક્ષાયિક સમકિત થયું અંદર અને ચારિત્ર વીતરાગી પર્યાય થઈ ચારિત્રની. પણ એ પર્યાય એક સમય રહે છે. માટે પર્યાયદૃષ્ટિએ તે ક્ષણભંગુર છે. આહાહા..! સમજાણું કાંઈ?

અનંતા ગુણોની એક સમયની અનંતી પર્યાય. રહેવાનો કાળ એક સમય માટે તેને ક્ષણભંગુર કીધી. અહીં અનેકતાની વ્યાખ્યા બીજી અને ક્ષણભંગુરની વ્યાખ્યા બીજી. એને ને એને ઘણી છે માટે અનેક કીધી, એક સમય રહીને નાશ થાય છે માટે ક્ષણભંગુર કીધી. સમજાણું કાંઈ? હવે આને ક્યાં જોવાનું છે તારે? બંગલા ને બાયડી ને છોકરા ને ધૂળ. છે નહિ તારામાં મફતનો શેનો અડ્યો તું? તારામાં આવો વૈભવ છે એને જો ને અને કેટલું લાગે? એક કોર જુઓ તો પર્યાય અનેક, વસ્તુ એક. આ તે શું છે કહે છે. અદ્ભુત વસ્તુ! એમ કહે છે. સમજાણું કાંઈ? કાં એક જ કહો આત્મા એક જ હું છું એમ કહો. કાં અનેક જ છે એમ કહો. નહિ. પર્યાયથી અનેક છે, દ્રવ્યથી એક છે. એવી જ એની વૈભવની મર્યાદા છે. પર્યાયથી ક્ષણભંગુર છે, દ્રવ્યથી ધ્રુવ છે. કહો, સમજાણું આમાં?

'**પર્યાયદૃષ્ટિથી...**' એટલે ક્રમભાવી. ભાષા બહુ સારો અર્થ કર્યો છે. ક્ષણભંગુર કહેવું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



છે ને એટલે ક્રમભાવી પર્યાય લીધી. એકલી પર્યાયદૃષ્ટિથી નહિ. એકલી પર્યાયદૃષ્ટિથી જોતાં તો અનેકરૂપ કહેવું છે. પણ ક્રમભાવી પર્યાયદૃષ્ટિથી જોતાં ક્ષણભંગુર દેખાય છે. બધાની વાત તો સાચી. ક્ષણભંગુર સિદ્ધ કરવું છે. પાઠમાં એ છે. '**क्षणिविभङ्गुरं**' એમ પાઠ છે. આહાહા..!

ભાઈ! તારી પર્યાય ચાર જ્ઞાનની પ્રગટેલી હોય, પણ એક જ સમય રહેશે. એવો જ એનો ક્ષણભંગુર સ્વભાવ છે. વસ્તુ જુઓ તો ધ્રુવ છે. તારામાં ને તારામાં આ બધું છે. ક્ષણભંગુર પણ પર્યાય ક્રમભાવી પણ તું, ધ્રુવપણે પણ તું. પરની તારે કાંઈ સંબંધ લેવા ને દેવા. મફતનો ઉઠાવગીર કો'કની ચીજ દેખીને મારી માને એમ કો'કની દેખીને એની પાસે આવી ત્યાં મારી આવે, ઉઠાવગીર છે મિથ્યાત્વભાવ છે. સમજાણું કાંઈ? કો'કનો દાગીનો નજીક આવ્યો તો કહે, હા મારો લાગે છે આ. એમ આ ચીજો વાણી, પૈસા, આબરૂ, કીર્તિ, મકાન એ તો જડની ચીજ છે. એના કાળે પરિવર્તન થતાં અહીં આવી છે. અહીં આવી ત્યાં ઉઠાવગીર કહે કે મારી છે. એ ક્યાંથી લાવ્યો તું?

મુમુક્ષુ :- એનું કર્મ બંધાય એટલે આવી ને.

ઉત્તર :- કર્મ-ફર્મ એના વય નથી અને કર્મ એના નથી. કર્મ કેવા એના? એ તો જડના છે. અને જડને કારણે આવ્યું નથી. એ તો એને કારણે આવ્યું છે. પરમાણુ જે આવ્યા છે એ એને કારણે છે, લ્યો. સમજાણું?

મુમુક્ષુ :- કર્મને કારણે આવ્યા ને?

ઉત્તર :- કર્મને કારણે કહેવું એ તો નિમિત્તથી કથન છે. એ તો જણાવવું કે આની પાસે ... એવું એને કર્મ છે એટલું જણાવવા. કર્મ પરવસ્તુ—જડવસ્તુ આ પરવસ્તુ. એટલે કર્મને કારણે એ ચીજ ક્યાંથી આવે? સમજાણું કાંઈ? પણ એને આટલું કેમ આવ્યું? એટલું બતાવવા એની પાસે એ પ્રકારનું કર્મ છે એવું જ્ઞાન કરાવવા (કહ્યું). આહાહા..! તારામાં તને જો, તું પરને જોવું છોડી દે એમ કહે છે. એ વિના તારો આરો સંસારનો આરો-અંત નહિ આવે.

'**અને સહભાવી ગુણદૃષ્ટિથી જોતાં ધ્રુવ દેખાય છે;...**' જુઓ! એમ લીધું, જોયું! ઓલામાં દ્રવ્ય લીધું, આમાં ગુણદૃષ્ટિ લીધી. ગુણ જુઓ તો ધ્રુવ છે, સ્વભાવિક સાથે રહેનાર છે. આત્મામાં જ્ઞાન, દર્શન, આનંદ એ સ્વભાવિક સાથે રહેનાર છે. એથી એ ધ્રુવ છે. પર્યાય ક્રમભાવી જોતાં તે ક્ષણભંગુર છે. એકે એકનો ભિન્ન રીતે ઉત્તર લખ્યો છે. સમજાય છે કાંઈ? ત્યારે એક બોલ બીજા બોલમાં સમાઈ ન જાય, એનું જે લક્ષણ છે એ રીતે એમાં રહે, એથી એને ભિન્ન ભિન્ન બતાવ્યું છે. સમજાણું કાંઈ?

'**સહભાવી ગુણદૃષ્ટિથી જોતાં...**' પર્યાય એક સમયની રહે છે માટે ક્ષણભંગુર. પણ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


ગુણ છે એ તો કાયમ રહે છે. સહભાવી- સાથે છે આત્માની. સમજાય છે? અથવા અનંતા ગુણો સાથે રહે છે. ગુણો સાથે રહે છે. ગુણો ક્રમે ક્રમે છે એમ છે (નહિ). (પર્યાય) ક્રમે ક્રમે થાય માટે ક્ષણભંગુર અને ગુણો અનંતા એકસાથે ગુણો રહે છે એ અપેક્ષાએ ગુણો ધ્રુવ છે. પર્યાય એકસાથે ન રહે. પર્યાય એક ગુણની એક સમયે રહે એ બીજે સમયે ન રહે. અનંત ગુણની સાથે ભલે હો, પણ એક ગુણની એક પર્યાય બીજે સમયે ન રહે. માટે એ ક્ષણભંગુર છે. પણ ભગવાનના ગુણો, આત્માના ગુણ જે છે એ અનંતા એકસાથે છે. ગુણ ગુણ. જ્ઞાન છે તે સમયે દર્શન છે, તે સમયે આનંદ છે, તે સમયે અસ્તિત્વ છે. એ સહભાવી-ગુણોના સાથે રહેવાની અપેક્ષાએ આત્માને જુઓ તો તે ધ્રુવ છે. સમજાણું કાંઈ?

અને '**જ્ઞાનની અપેક્ષાવાળી સર્વગત દષ્ટિથી જોતાં...**' લ્યો! જ્ઞાન બધાને જાણે. સર્વગત. બધાને પહોંચી વળે એમ કહેવું છે. સર્વગત કીધું છે ને. '**દષ્ટિથી જોતાં પરમ વિસ્તારને પામેલો દેખાય છે...**' આમ જુઓ તો જ્ઞાન બધાને જાણવા પહોંચી વળે છે એટલે બધાનું જ્ઞાન કરે છે. એટલો પોતે વિસ્તાર છે. સમજાણું કાંઈ? અહીં કહે કે માઈલ, બે માઈલમાં મકાન હોય તો ત્યાં એમ થઈ જાય કે આહાહા..! કેટલો પડાવ! એક માણસ હમણાં નીકળ્યો હતો. હમણાં બહુ કહેતો હતો ઓહોહો..! કેટલી જગ્યા રોકી છે! કો'ક બોલતો હતો. ગમે તે હશે. ઘણી જગ્યા. આ બધું ખાલી લાગે ને. આમ અનુકૂળવાળો બોલતો હતો પ્રેમથી. ઘણી જગ્યા. વગડો વાવ્યો છે. કોને વાવે? વગડો ત્યાં ને ત્યાં છે. વગડો વગડામાં છે. ધૂળ ધૂળમાં છે. આત્મામાં છે નહિ. આહાહા..!

'**જ્ઞાનની અપેક્ષાવાળી સર્વગત દષ્ટિથી જોતાં...**' જ્ઞાનની અપેક્ષાવાળી સર્વગત દષ્ટિથી જોતાં '**પરમ વિસ્તારને પામેલો દેખાય છે...**' બધાને જાણે છે. કોઈને પોતાનું માનતો નથી પરને. પણ બધાને પૂરું જાણે છે એવો એનો સ્વભાવ છે. જુઓને! કઈ શૈલીથી વાત કરી છે! ઓહોહો..! '**પ્રદેશોની અપેક્ષાવાળી દષ્ટિથી જોતાં...**' એનું ક્ષેત્ર જોતાં, ક્ષેત્ર છોડીને બહાર ગયો છે એમ છે નહિ. '**પ્રદેશોની અપેક્ષાવાળી દષ્ટિથી જોતાં પોતાના પ્રદેશોમાં જ વ્યાપેલો દેખાય છે.**' એ તો અસંખ્ય પ્રદેશમાં જ ભગવાન આત્મા છે. એ કાંઈ એક પ્રદેશ પણ બહાર ગયો છે એમ નહિ. છતાં બહારના બધાને પહોંચે એવી સર્વગત દષ્ટિથી જોતાં વિસ્તાર દેખાય. પણ એમાં ને એમાં એની પર્યાયમાં. આમ જોતાં એક દષ્ટિથી જોતાં પોતાના પ્રદેશમાં વ્યાપેલો દેખાય છે.

'**આવો દ્રવ્યપર્યાયાત્મક...**' દેખો! સર્વજ્ઞ સિવાય અને આવા વસ્તુના સ્વરૂપની સ્થિતિ, આવો આત્મા બીજે ક્યાંય હોઈ શકે નહિ. આત્મા આત્મા તો બધાય કરે છે કે આત્મા જાણો.. આત્મા જાણો.. આમ કરે છે ને બધા? હવે તો બધી ઘણી વાતું ચાલી છે અત્યારે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


અહીંની આવીને બહાર. ગપેગપ બધા મારે છે. સમજાણું કાંઈ? પોતે ભગવાન આત્મા પર્યાયથી જુઓ તો અનેક છે, વસ્તુથી જુઓ તો એક છે. ક્રમભાવી પર્યાયથી જુઓ તો નાશવાન દેખાય. અરે.. આત્મા નાશવાન! હા. પર્યાયદૃષ્ટિથી નાશવાન. સહભાવી ગુણો એકસાથે રહેનાર છે એટલે ધ્રુવ છે. એનો નાશ નથી. પહોંચી વળે. એક સમયનું જ્ઞાન પહોંચી વળે લોકાલોકને. એક પરમાણુને આત્મામાં પેઠા વિના એને જાણે? સમજાય છે કાંઈ? આ લાકડું છે એમાં પેસ્યા વિના જ્ઞાન જાણે? હા. જ્ઞાનનો એનો સ્વભાવ છે કે ભિન્ન રહીને એને બધાને જાણે. એ પ્રશ્ન છે ત્યાંનો વેદાંત આદિનો કે પરમાણુને શી રીતે જાણે? નહોતો એક તમારો ખત્રી? નારણભાઈની પાસે દુકાન. ઋગનાથ કે શું?

મુમુક્ષુ :- ઋગનાથ.

ઉત્તર :- હા ઈ. આ બાજુ. એ ૮૪માં પ્રશ્ન કર્યો હતો. (સંવત) ૧૯૮૪ની સાલમાં. વેદાંત. આ પુદ્ગલ છે એમાં પેસ્યા વિના જ્ઞાન શી રીતે જાણે? અરે..! કીધું શું આ તે! આ ખાટું છે આ ચીજ આમળું ખાટું, તે આત્મા જ્ઞાન ખાટામાં ગરીને ખાટાને જાણે છે? જ્ઞાનમાં પોતાની મર્યાદામાં રહીને આ ખાટું છે એમ જ્ઞાન જાણે છે. ખાટામાં પેસે તો તો જ્ઞાન જડ થઈ જાય. ખબર ન મળે. એટલે આવો આત્માનો સ્વભાવ છે એથી વિરૂદ્ધ માનનારા હોય તો એની દૃષ્ટિ વિપરીત છે. માટે આવો ચૈતન્ય છે એને તું જાણ અને અનુભવ કર. આથી બીજી રીતે કોઈ આત્મા કહેતા હોય તો એ આત્માને (જાણતા નથી). એમ છે નહિ. આહાહા..!

**'આવો દ્રવ્યપર્યાયાત્મક...'** આવો દ્રવ્ય એટલે વસ્તુ અને પર્યાયસ્વરૂપ **'અનંતધર્મવાળો...'** જોયું! આ તો છ બોલ લીધા. પણ એવા એના અનંતા ગુણો અને ધર્મો છે. **'અનંતધર્મવાળો વસ્તુનો સ્વભાવ છે. તે (સ્વભાવ) અજ્ઞાનીઓના જ્ઞાનમાં આશ્ચર્ય ઉપજાવે છે...'** આવું હોય! આહાહા..! એક હોય તે અનેક! અનેક હોય તે એક! નાશવાન હોય તે અવિનાશી? અવિનાશી હોય તે નાશવાન! બધાને જાણે એવો વિસ્તાર અને વળી પોતે એટલામાં ને એટલામાં રહે? સમજાણું કાંઈ? **'અજ્ઞાનીઓના જ્ઞાનમાં આશ્ચર્ય ઉપજાવે છે કે આ તો અસંભવિત જેવી વાત છે!'** આવું તે શું હશે? હવે સાંભળને! ભાન નથી તને આત્મા કોણ છે અને કેવો છે? તારી કલ્પનાથી ઊભો કરીને માન એટલે કાંઈ આત્મા જેમ છે એ બીજી રીતે થઈ જશે? આવું તે હોય? અનેક એનામાં ને એનામાં અનેક અને એનો ને એનો એક? એનો એ પોતે ક્ષણભંગુર અને એનો એ પોતે અવિનાશી? બેમાંથી એક કહોને. એ બે થઈને આખું સ્વરૂપ છે. સાંભળને! સમજાણું કાંઈ? ઓહો..! **'અજ્ઞાનીઓના જ્ઞાનમાં આશ્ચર્ય ઉપજાવે છે કે આ તો અસંભવિત જેવી વાત છે!'**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

**'જ્ઞાનીઓને જોકે વસ્તુસ્વભાવમાં આશ્ચર્ય નથી...'** એવો જ વસ્તુનો સ્વભાવ એમ જાણ્યો છે. **'તોપણ તેમને પૂર્વે કદી નહોતો થયો એવો અદ્ભુત પરમ આનંદ થાય છે,...'** આહા..! આ વસ્તુ! સ્વભાવે ગુણ ધ્રુવ, ક્રમે નાશવાન. પર્યાય જુઓ તો અનેક, વસ્તુ જુઓ તો એક. એમ જોતાં સ્વરૂપનો આનંદ અને આશ્ચર્યતા આવે છે. જ્ઞાનીને આનંદની અદ્ભુતતા આવે છે. **'એવો અદ્ભુત પરમ આનંદ થાય છે, અને તેથી આશ્ચર્ય પણ થાય છે.'** એટલે આનંદની અપેક્ષાએ આશ્ચર્ય (થાય છે). આહાહા..! આવો એક ચૈતન્યચમત્કાર! જેની શક્તિ પર્યાયમાં અનંતને જાણે અને ધ્રુવપણે પોતાના એટલા પ્રદેશમાં રહે. આવી તાકાત! એવી તાકાતને જાણીને તેને આનંદથી તેને આશ્ચર્યતા થાય છે. અસંભવિત છે એમ નહિ. એમ કહે છે. આનંદથી તેને અદ્ભુતતા આવે છે. આનંદથી આવે છે. કહો, સમજાણું કાંઈ?

આ કહેવાનો શું આશય છે? કે જેને ધર્મ સમજવો છે એટલે આત્મા સમજવો છે, એ આત્મા આવો છે એવું પહેલું એણે નક્કી કરવું જોશે. આ રીતથી વિરૂદ્ધ કોઈ રીતે આત્માને નક્કી કરવા જાય તો આત્મા એ જાતનો નથી. તેથી તેનું મિથ્યાદષ્ટિપણું ટળશે નહિ. સમજાણું કાંઈ? જુઓને! ક્ષેત્રમાં આટલામાં છે એમ કીધું. કારણ કે કોઈ કહે કે આમ છે ને. ત્યાં નથી. અહીં છે. સાંભળને! એકાગ્ર એટલામાં થાય છે કે એકાગ્ર આમ થાય છે? આમ એકાગ્ર થાય છે? અંદર જ્યાં જેટલા ક્ષેત્રમાં છે (તેમાં એકાગ્ર થાય છે). ક્ષેત્ર આટલું જ છે. આત્માનું ક્ષેત્ર આટલું જ અસંખ્ય પ્રદેશી છે. એ આત્મા બધા લોકમાં વ્યાપ્યો છે એ આત્મા એક છે એમ છે નહિ. એમ ભિન્ન વસ્તુનું જેવું સ્વરૂપ છે એમ જણાવીને આત્માનું જ્ઞાન અને અનુભવ કરાવે છે. સમજાણું કાંઈ? આવી રીતે સત્ છે અને એ બીજી રીતે માને તો અસત્‌નો અનુભવ થાય એને. અજ્ઞાનનો અનુભવ થાય.

**'ફરી આ જ અર્થનું કાવ્ય કહે છે :-'** એક અદ્ભુત નાખ્યું હતું. આ અદ્ભુતાત અદ્ભુતં. આહાહા..!

**कषायकलिरेकतः स्खलति शान्तिरस्त्येकतो**
**भवोपहतिरेकतः स्पृशति मुक्तिरप्येकतः।**
**जगत्त्रितयमेकतः स्फुरति चिच्चकास्त्येकतः**
**स्वभावमहिमात्मनो विजयतेऽद्भुतादद्भुतः।।२७४।।**

આહા..હા..! અરે..! **'શ્લોકાર્થ :- એક તરફથી જોતાં કષાયોનો ક્લેશ દેખાય છે...'** શું કહે છે? આમ પર્યાયમાં રાગનો ભાગ કષાયનો અંશ છે એમ દેખાય છે. પૂર્ણ સર્વજ્ઞ નથી, વીતરાગ નથી. અહીં સાધકની વાત ચાલે છે ને? પર્યાયમાં જુઓ તો હજી કષાયનો અંશ દેખાય છે. એ પણ એની સ્થિતિ છે. **'એક તરફથી જોતાં કષાયોનો ક્લેશ દેખાય**

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


**છે...**' ક્લેશ એમ છે ને? '**कषायकलिरेकतः**' '**कलि**' '**कलि**' એ કીધું હતું ને? ઓલું '**कलि**' આવ્યું હતું. '**कलि**' '**कलि**'. વિકલ્પ એવી અવસ્થા જોતાં વિકલ્પ કષાયનો અંશ દેખાય છે. છતાં '**એક તરફથી જોતાં શાન્તિ (કષાયોના અભાવરૂપ શાંતભાવ) છે;...**' શું કહે છે? આમ આત્મા તરફ જોતાં આત્મા પણ શાંત છે અને એના અનુભવની પર્યાય જે થઈ નિર્મળ એ પણ શાંત છે. શાંતના પ્રગટના અંશ વિના આ શાંત છે એવું અનુભવમાં આવે નહિ. સમજાણું કાંઈ? એક તરફથી આમ જોતાં એને ક્લેશ દેખાય અંશે કે રાગ-કષાય છે. આમ જુઓ તો તે જ પર્યાયમાં શાંતિ પણ છે. અને આખું દ્રવ્ય શાંતરૂપે છે. ઓહોહો..! એક સમયમાં આ. એ આત્માની સ્થિતિ જ આવી છે કહે છે. જેને આવી રીતે આત્મા ન બેસે એને આત્માનું સમ્યગ્જ્ઞાન થાય નહિ. સમ્યગ્જ્ઞાન વિના એને આત્માનો અનુભવ થાય નહિ અને અનુભવ વિના એને શાંતિ મળે નહિ. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


**શ્રાવણ સુદ ૨, શનિવાર તા. ૨૭-૭-૧૯૬૮**
**શ્લોક-૨૭૪-૨૭૫, પ્રવચન-૫૮૦**

કળશ. એનો નીચે અર્થ. શું ચાલે છે આ? જેને આત્મા જાણવો છે અને જાણ્યો છે એને મારી પર્યાયમાં શું છે? દ્રવ્યમાં શું છે? એવું એને જ્ઞાન થાય છે. ચોપડા જોવે કોણ? જેને શાહુકારી રાખવી હોય તો એ ચોપડા જોવે કે કેટલી ખોટ છે, કેટલો નફો છે. કાંઈ નથી દિવાળુ કાઢવું હોય અને ચોપડા સોંપવા હોય એને કાંઈ દરકાર ન હોય. શેઠી! એમ જેને આત્મામાં શું ગુણ છે અને કેટલા પ્રગટ્યા છે? કેટલા પ્રગટ્યા નથી એ જેને શાહુકારી એટલે આત્માનું જ્ઞાન રાખીને જેને જન્મ-મરણ ટાળવા હોય એણે આવો આત્માનો ચોપડો જોવો. આ એની વાત ચાલે છે. મફતની નથી ચાલતી.

હું છું કોણ પણ? મારી મૂળ મૂડી કેટલી છે? મૂડીમાંથી કેટલી પ્રગટ પ્રગટ મારી પાસે છે? અને કેટલી દેણામાં ગઈ છે? શું છે એ બધું ધ્યાન રાખે કે નહિ? મલૂકચંદભાઈ! એમ જેને આત્માનું સ્વરૂપ શું છે? એની પર્યાયમાં પ્રગટ શું થઈ છે મારી લક્ષ્મી? અને કેટલી મલિન છે એવું એણે આત્મામાં જાણવું જોઈએ. પરને આમાં જાણવાની વાત નથી. કારણ કે એને ખોટ ક્યાં ગઈ છે અને ક્યાં લાભ થયો એ આત્મામાં જોવાનું છે. સમજાણું કાંઈ? એ કહે છે જુઓ!

આત્માને. આ આત્મા ભગવાન અનંત ગુણનો સંપન્ન શુદ્ધ ચૈતન્યદ્રવ્ય. એની પર્યાયમાં જુઓ, **'એક તરફથી જોતાં કષાયોનો ક્લેશ દેખાય છે...'** જરી રાગાદિ ભાવ મલિન દેખે છે. દેખાય છે કે આ અશુદ્ધતા થોડી બાકી છે. જુઓ! આ બાકી છે એને જ્ઞાની જાણે છે. જેને જાણવું જ નથી, જેને આત્મા શું જોવો જ નથી, આત્માનું કલ્યાણ કરવું જ નથી અને રખડવું છે એની વાત તો અહીં છે નહિ. સમજાણું કાંઈ? આ ભગવાન આત્મા અંદરમાં એનામાં શું છે? કે એનામાં અંતર વસ્તુ જુઓ તો ગુણ ને દ્રવ્ય તો તદ્દન નિર્મળ છે. અને પર્યાયમાં પણ... અહીં તો ભાન થયેલાની વાત છે ને? જેને દેણું ટાળીને આત્માનો લાભ મેળવ્યો છે એની વાત છે. જેને મિથ્યાત્વનું મહાદેણું, દેણદાર મિથ્યાત્વ મહામોહ. આવે છે ને ક્યાંક એવું? સમજાણું? ભૂલી ગયા. એ બધા આવે છે. મિથ્યાત્વ મોટી.. શું કહેવાય તમારી ભાષામાં કાંઈક આવે છે. દેણું. કરજ કે એવી બીજી ભાષા (છે). ઋણ. મિથ્યાત્વનું ઋણ આવે છે શાસ્ત્રમાં. શેઠી!

શુભ-અશુભ રાગ અને પરવસ્તુ જે મારી માને છે એને મિથ્યાત્વનું મોટું ઋણ છે. પોપટભાઈ!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


મોટું દેણું છે. એ ઘસાઈ જવાના. ઘસાઈ જવાના સમજો છો? અમારી કાઠિયાવાડી ભાષા તમે નથી સમજતા? ઘસાઈ જાય છે. કપાઈ જાય નહિ.

મુમુક્ષુ :- નબળી પડતી.. પડતી.. પડતી...

ઉત્તર :- હા એ. શાહુકારી હોય એ ધીમે ધીમે ઘટતી... ઘટતી... ઘટતી... ઘસાઈ ગયા એમ કહે છે લોકો. આ લોકો હતા તો કરોડપતિ પણ હવે હમણાં ઘસાઈ ગયા છે. ઘસાઈ ગયા એટલે કાંઈ રહ્યું નથી. માથે સમુકનું દેણું છે. સમજાય છે કાંઈ?

એમ ભગવાન આત્મા ચૈતન્ય સહજાનંદ શુદ્ધ મૂર્તિ ભગવાન સર્વજ્ઞ કેવળી પરમેશ્વરે કહ્યો એવો જે આત્મા એની અનંત જ્ઞાન, દર્શન આદિ લક્ષ્મી છે. જે પરને પોતાનું માને છે અને પોતાનો સ્વભાવ છે એ ભૂલી જાય છે એ મોટો મિથ્યાત્વનો દેણદાર ચાર ગતિમાં રખડનાર છે. સમજાય છે કાંઈ? અને ચાર ગતિમાં કઈ ગતિ થશે એનો ક્યાં મેળ છે એને? ઓહોહો..! મોટો અહીંયાં રાજા હોય, અબજો રૂપિયાની પેદાશ હોય એ મરીને નરકે જાય. આજના ક્ષણે પલંગમાં પોઢ્યો હોય, બીજે ક્ષણે સાતમી નરકે પોઢે. આહાહા..! સમજાય છે કાંઈ? કેમકે આત્મા પોતે જ્ઞાનાનંદ સ્વરૂપ એની લક્ષ્મીનો જેને આદર નથી, સહજાનંદ અનંત ગુણનો પિંડ છે એનું જ્યાં અંતરમાં ભાન અને સત્કાર નથી, એને એ વિકાર ને સંયોગનો સત્કાર અને આદર છે. એને એ સત્કાર છે. આ આદર સત્કાર નથી તો ઓલો સત્કાર છે એમ. જેઠાલાલભાઈ! પણ જેને દેણું મારે કેટલું છે અને કેટલું લેણું છે અને કેટલી આવક મારામાં આવે છે એ તપાસનાર આત્મા પોતાને જોવે છે. પોપટભાઈ! ચોપડા જોવે કે નહિ? કેમ છે આ? કેટલું લેણું-દેણું છે?

મુમુક્ષુ :- ઓડિટર પાસે તપાસ કરાવે.

ઉત્તર :- કરાવે. કહો, રામજીભાઈ પાસે તપાસ કરાવતા એક ફેરી ઓલા પારસી આવ્યા હતા તે કાંઈક. નહિ? કંઈક નામું હતું કે નહિ? ઓલા ભાવનગરવાળા નહિ? પારસી. કાંઈક હતું ખરું. પારસી લોકો હતા. મોટો કેસ હતો. નામાનો. એ તો સાંભળ્યું હતું.

મુમુક્ષુ :- ... એક મહિનો રહ્યા.

ઉત્તર :- હા ઈ. એ ખબર છે. કારણ કે એને બિચારાને એવી બુદ્ધિ ન હોય એટલે બુદ્ધિવાળાને (કહે) કે ભાઈ! આમાં કાઢો આ નામામાં શું છે. પણ જેને દેણાની દરકાર હોય, જેને મારી શાહુકારી જાશે એ જોવે. એમ આ આત્માને કોણ જોવે? જેને આત્માનું કલ્યાણ કરવું હોય તો મારે અકલ્યાણ કેટલું બાકી છે? અને કલ્યાણની મૂડી તો આખી છે એમાંથી પ્રગટી છે કેટલી?

એ કહે છે કે એક તરફ ભગવાન આત્માને જ્યાં જોઈએ છીએ, કહે છે કે તો એક

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


સમયમાં જરી કષાયની મલિનતાનો અંશ પણ દેખાય છે. '**બીજી તરફ જોતાં શાન્તિ...**' પણ દેખાય છે. જુઓ! ભગવાન આત્મા અનંત શાંતરસનો પિંડ છે એ તો બરાબર છે. પણ એની પર્યાયમાં પણ જરી શાંતિ... શાંતિ... શાંતિ... શાંતિનું પદ જ જાણે હોય આખું એમ પણ જણાય છે. જેઠાલાલભાઈ! આહાહા..! સમજાણું કાંઈ? ધર્મી જીવ પોતાનો આત્મા શું છે અને પર્યાયમાં શું છે એવું એને જ્ઞાન હોય છે. સમજાણું કાંઈ?

કહે છે કે આમ જ્યાં જોઈએ તો ભગવાન આત્મા તો શાંત, અકષાય, વીતરાગમૂર્તિ છે. એથી તેની પર્યાયમાં તેનો આશ્રય અને સ્વભાવ આશ્રય કર્યો છે એથી પર્યાયમાં પણ શાંતિ શાંતિ અકષાયભાવ પણ દેખાય છે. સમજાણું કાંઈ? '**શાંતિ (કષાયોના અભાવરૂપ શાંત ભાવ) છે;...**' વસ્તુ તરીકે પણ કષાયના અભાવસ્વરૂપ છે પણ એ અભાવસ્વરૂપનું ભાન થયું ત્યારે એને આ કષાયના અભાવસ્વરૂપ છે એમ ભાન થયું. શાંતિ પ્રગટી. કષાયનો અભાવ કરી, સ્વરૂપનો આશ્રય કરીને જે શાંતિ પ્રગટી ત્યારે તેને આ આખો આત્મા શાંતસ્વરૂપ છે એમ ભાસ થયો અને આ પર્યાયમાં જરી અશાંતિ છે થોડી કષાય એવું એને સાચું જ્ઞાન એને થાય છે.

'**એક તરફથી જોતાં ભવની પીડા દેખાય છે...**' એવા શ્લોકો લીધા છે ને છેલ્લા. આહાહા..! '**भवोपहति**' '**भवोपहति**' છે ને એ? એક જોઈએ તો જાણે આમ રાગભાવ એટલે કે જાણે ભવભાવ દેખાય છે. પૂર્ણ થયો નથી ને. રાગભાવ જોતાં ભવની પીડા- એ રાગની પીડા, ભવભ્રમણનો ભાવ થોડો દેખાય છે. પૂર્ણ અભાવ કર્યો નથી ને, સાધક છે ને એટલે જરી કાંઈક રાગ છે. જેથી શ્રીમદ્ કહે છે ને જ્યારે 'અશેષ કર્મનો ભોગ છો, ભોગવવો અવશેષ રે, તેથી દેહ એક ધારીને જાશું સ્વરૂપ સ્વદેશ રે.'

આમ જ્યાં જોઈએ ત્યાં હજી ભવ એકાદ દેખાય છે. કારણ કે તદ્દન ભવના અભાવનો ભાવ પ્રગટશે એમ પણ દેખાતું નથી આ ભવમાં. આ ભવમાં હોં. સમજાણું કાંઈ? ભગવાનજીભાઈ! લ્યો, આ મૂડીની સંભાળ ઈ કરે કહે છે. જેને શાહુકારી રાખી હોય એ. દિવાળુ કાઢવું હોય એને ચોપડા શું કહે છે કાંઈક? શું કહે છે? એય.. પોપટભાઈ! ભૂલી જઈએ છીએ તમારા... શું કહે છે? લાય એટલે અગ્નિ આપણે સમજીએ.

મુમુક્ષુ :- મુંબઈમાં એમ કહે...

ઉત્તર :- હા એ. નાદારી લે. નાદારી લે છે ને? કે ભાઈ અમે પહોંચી શકતા નથી. ચોપડા મૂકો કોર્ટમાં. એ કાંઈ શાહુકારીની રીત કહેવાય? નાદાન ને નાદારીની કહેવાય.

એમ જેને અંતરમાં જોતાં અરે..! આ ભગવાન આત્મા સ્વરૂપ તો આત્માનું ભવરહિત જ છે. એ પછી કહેશે. પણ આ પર્યાયમાં જાણે રાગની ગતિ કાંઈક ચાલશે અને ભવ થશે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

એવું પણ દેખાય છે. કહો, સમજાણું આમાં?

**'એક તરફથી જોતાં ભવની પીડા દેખાય છે અને એક તરફથી જોતાં (સંસારના અભાવરૂપ) મુક્તિ પણ સ્પર્શે છે;...'** આહાહા..! છે? જુઓ! મુક્તિ સ્પર્શે છે હોં! એમ છે. **'मुक्तिरप्येकतः स्पृशति' '(સંસારના અભાવરૂપ) મુક્તિ પણ સ્પર્શે છે;...'** એટલે? આમ વસ્તુ જોતાં તો મુક્તસ્વરૂપ છે અને પર્યાયમાં પણ મુક્તની પર્યાય પ્રગટી છે એટલે મુક્તિને સ્પર્શે છે. એકલું મુક્ત દ્રવ્ય છે એમ નહિ. આ એમ કહે છે. મુક્ત દ્રવ્ય તો મુક્ત છે, પણ પર્યાયમાં મુક્તપણું સ્પર્શે છે એમ પણ જણાય છે કહે છે. આહાહા..! અરે..! પળનો ક્યાં ભરોસો, જુઓને! આ જેઠાભાઈની વાત યાદ આવી ગઈ વળી તમને દેખતા. જેઠાભાઈને બિચારાને આવી ગયો છે ને લકવા. લકવા થઈ ગયો લ્યો વળી થોડોક. શું કહેવાય? આછો. આછો શબ્દ લખ્યો છે. આછો એટલે થોડો. પણ એ થોડું આમ થઈ ગયું. લ્યો, આમાં આવવાના હતા. ટિકિટ-બિકિટ લીધી હતી એવું લખ્યું છે કાંઈક. લખ્યું છે, એમાં લખ્યું છે. ટિકિટ લીધી હતી. એમાં આવ્યું હતું. બોલ વાંચતા હતા એમાંથી સાંભળ્યું હતું. લખ્યું છે એમાં. કાલનો કોને ભરોસો દેહનો શું થશે? આજ કરી લે કહે છે કે તારું કામ. આહાહા..! સારા કામની ઢીલ ન હોય એમ લોકો પણ કહે છે. પણ આ સારા કામ માનતો નથી અને ઢીલ કર્યા કરે છે. હમણા નહિ.. હમણા નહિ... હમણા નહિ પછી કરશું. જાધવજીભાઈ!

અહીં કહે છે, અહો..! આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય એને જ્યાં અંતર દ્રવ્યથી જોઈએ તો એ મુક્ત છે અને પર્યાયમાં મુક્તપણું ભાસે છે. સમ્યગ્દર્શનમાં, સમ્યગ્દષ્ટિ મુક્ત એવ. કેમકે રાગાદિ બાકી છે તેનો એ જ્ઞાતા છે. જ્ઞેય તરીકે તેનો જાણનાર છે. એ અપેક્ષાએ તો રાગથી મુક્ત જ છે, ભવથી મુક્ત જ છે. આહાહા..! સમજાણું કાંઈ? કેમ ... દેખાતા નથી? સવારે હતા. ઈટાવાના. સવારે હતા. અત્યારે લાગતા નથી. ઈટાવાના છે, ઈટાવા. ગયા હતા ને ઈટાવા. સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા વસ્તુ જુઓ વસ્તુની દૃષ્ટિએ જુઓ (તો) વસ્તુ મુક્ત જ છે. અને તેની પર્યાયનું ભાન થયું છે પર્યાયમાં એથી તે રાગના વિકલ્પથી મુક્તસ્વરૂપ છે. એવી મુક્તિ સ્પર્શે છે. આહાહા..! ભારે આવો વિચિત્ર સ્વભાવ! એમ કહે છે. જો તો ખરો તારો અદ્‌ભુત અદ્‌ભુત સ્વભાવ! સમજાણું કાંઈ? વસ્તુ ભગવાન આત્મા જ્ઞાન, આનંદ આદિ સ્વભાવની મૂર્તિ પ્રભુ, એનું જ્યાં ભાન થયું, એને જોવા ગયો. બીજાનું જોવું છોડીને પોતાને જોવા ગયો. એ પોતાનો સ્વભાવ તો મુક્ત છે. પર્યાયમાં પણ જ્ઞાનીને મુક્ત જ આત્મા જણાય છે. આહાહા..! તેમ આમ રાગની પીડા પણ દેખાય છે. સમજાય છે? સર્વથા જો મુક્ત

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


હોય તો રાગ હોય નહિ. એટલે બેય જાણે છે. બેય જાણે છે. સમજાણું કાંઈ?

**'એક તરફથી જોતાં મુક્તિ પણ સ્પર્શે છે;...'** આહાહા..! જુઓને! એ ધર્મીને મુક્તિ જણાય છે, કહે છે. આ સ્વરૂપ મુક્ત જ છે, રાગરહિત છે એવું સ્પર્શે-અનુભવમાં આવે છે. એને ધર્મી અને એને જ્ઞાની કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? ચૈતન્યવસ્તુ..

એક ફેરી શ્રીમદ્‌ને પૂછ્યું એક જણાએ શ્રીમદ્‌ને કે તમે આમાં? લાખોના વેપાર મોતીના હતા. સાચા મોતી. આમાં શી રીતે તમે રહો છો? ભાઈ! જરી શરીર ઊંચુ કરીને ઊભા રહ્યા. ઊભા એટલે બેઠા આમ બે પગ આમ રાખીને. અમે નાળિયેરમાં ગોટો જુદો રહે છે એમ રહીએ છીએ ભાઈ! પ્રાણભાઈ! તમે આ બધા વેપાર અને ધંધામાં દેખાવ છો ને. ભાઈ! જેમ નાળિયેરમાં ગોટો અંદર જુદો હોય છે એમ અમે રાગથી પણ જુદા જોઈએ છીએ. જેઠાલાલભાઈ! આ શી રીતે બેસે? એક કોર બાયડી-છોકરા અને એક કોર લાખોના ધંધા. હવે સાંભળને! એ ક્યાં અહીં આવ્યા હતા? ધંધો કોણ કરે અને ધંધો અહીં હતો ક્યાં? આહાહા..! તત્ત્વની દૃષ્ટિ અને તત્ત્વનો અનુભવ કોઈ અલૌકિક વાત છે! એ કોઈ સાધારણ વાત નથી. ધર્મ એટલે શું? ઓહોહો..! જેના ફળમાં અનંત આનંદ. આહાહા..! અનંત આનંદ તે સિદ્ધપદ એ પ્રગટ્યું એ પ્રગટ્યું. સાદિઅનંત કાળ.

સાદિઅનંત અનંત સમાધિ સુખમાં,<br>
અનંત દર્શન જ્ઞાન સહિત જો.

આહાહા..! કહે છે, ભાઈ! ધર્મી જીવને પોતાનો આત્મસ્વભાવ ધર્મ નામ આનંદ જ્ઞાનસ્વરૂપ છે એમ પણ ભાસે છે અને પર્યાયમાં પણ રાગથી મુક્ત છું એવું પણ ભાસે છે. આહાહા..! તેમ એક બાજુ જુઓ તો રાગથી ભવ પણ છે એ પણ ભાસે છે. એક-બે ભવ હજી હોય છે ત્યાં સુધી એટલો રાગ આમ જુદું પાડીને જાણ્યું છે. સમજાણું કાંઈ? એવા આત્માની વૈભવ અને અદ્‌ભુત શક્તિ છે. અજ્ઞાનીઓને તો એમ લાગે કે આ શું કહે છે? એક કોર ભવ અને એક કોર મોક્ષ. એક કોર કષાય અને એક કોર શાંતિ? આહાહા..!

ભાઈ! ભગવાન તો શાંતિનો સાગર જ છે. અકષાયસ્વભાવ વીતરાગની મૂર્તિ, વીતરાગ વિજ્ઞાનઘન છે એ તો. એ હિસાબે તો શાંત છે, પણ એનું ભાન થતાં પણ એ હિસાબે શાંત છે. શુદ્ધ કીધો ને? સમજાણું કાંઈ? આમ જોવે તો કષાય દેખાય પર્યાયમાં થોડો. એને લઈને ભવ પણ ભાસે જાણે કે ભવ છે. મુક્તિ, પર્યાયમાં પૂર્ણ મુક્તિ નથી. પોપટભાઈ! આહાહા..! અદ્‌ભુત વાત! આ કળશો છેલ્લા તો એવા મૂક્યા છે, એકલા માખણ મૂક્યા છે!!

**'એક તરફથી જોતાં ત્રણ લોક સ્ફુરાયમાન છે...'** આમ જ્ઞાનમાં જુઓ તો ત્રણલોક

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

જણાય છે. જ્ઞાનની પર્યાય એટલી તાકાતવાળી છે કે જાણે ત્રણ લોકને પહોંચી વળે છે. સાધકનું જ્ઞાન હોં! સાધકની જ વાત છે આ. એક કોર જુઓ તો ત્રણ લોક ખ્યાલમાં આવી જાય છે. '**(પ્રકાશે છે, દેખાય છે) અને એક તરફથી જોતાં કેવળ એક ચૈતન્ય જ શોભે છે.**' એ ત્રણ લોકને જાણવું એ તો એક પર્યાયમાં દેખાય. આમ જુઓ તો એકલો ચૈતન્ય જ છે. એકરૂપ ચૈતન્ય છે. સમજાણું કાંઈ?

જુઓ! પ્રવચનસારમાં આવે છે ને? કે અહો..! જિનેશ્વરનો ઉપદેશ પામીને પણ હાથમાં તલવારવાળો માણસ ઊભો રહે એમ નહિ. દુશ્મનને પ્રહાર કરે. એમ જિનેશ્વરનો ઉપદેશ વીતરાગપણાનું ભાન થઈને એ પોતે રાગ ઉપર પ્રહાર કરે. રાગ નહિ. વસ્તુ આ છું. સમજાણું કાંઈ? જુઓ! ઉપમા આપી છે ને કાંઈક. તીક્ષ્ણ ધાર જેવો. અસિ ધાર જેવો વીતરાગનો માર્ગ જિનોપદેશ સાંભળ્યો. સાંભળ્યો ને હવે ધારી રાખ્યો એકલો એમ નહિ, કહે છે. તીક્ષ્ણ ધાર જેવો ઉપદેશ, માર પ્રહાર દુશ્મનોને. અરે..! હું રાગના અભાવસ્વભાવસ્વરૂપ છું. રાગ મારામાં છે જ નહિ. એમ પ્રહાર મિથ્યાત્વ અને અજ્ઞાન ઉપર કરી અને સ્વભાવના ભાન જોયાં એમાં રાગ પણ જરી બાકી છે એ પણ જોયો. ધર્મીને ઘર જોવાનું રહ્યું છે. પર જોવાનું રહ્યું નથી. આહાહા..! સમજાણું કાંઈ?

એક કોર જુઓ તો એની દશામાં લોકાલોક જણાય. એટલે ત્રણ કાળ લીધા. ઓલામાં પૂરું હતું. ઓલામાં હતું ને? વિસ્તૃત હતું. પરમ વિસ્તૃત. ઓલા કળશમાં. વિસ્તૃત એટલે જાણે લોકાલોકને પહોંચી વળે એવો વિસ્તાર. એક તરફ જુઓ તો એટલા અસંખ્ય પ્રદેશમાં સમાયેલો છે. અહીં કહે છે કે ત્રણ લોકમાં જાણે જાણી વળ્યો, ફરી વળ્યો એવો છું. '**એક તરફ જોતાં કેવળ એક ચૈતન્ય જ શોભે છે.**' એકલો જ્ઞાનમૂર્તિ શોભે છે. જ્ઞાનમૂર્તિમાં બીજું બધું કાંઈ છે નહિ. આહાહા..!

મુમુક્ષુ :- જાણવા છતાં?

ઉત્તર :- જાણે એ એક કોર રાખ્યું. આમ જુઓ તો એકલો ચૈતન્ય છું. અદ્વૈત-દ્વૈત આવે છે ને ઓલામાં ૪૭ નયમાં નહિ? ભરેલું આખું વહાણ ભાળે અને એક કોર એકલો. ૪૭ નયમાં આવે છે. સમજાણું કાંઈ? શું ચાલે છે આ? પ્રેમચંદભાઈ હોય તો પૂછે. શું તમે પણ કહો છો હવે આમાં ધર્મ શું અમારે? એ બિચારા પૂછે સ્પષ્ટીકરણ કરવા માટે હોં! ચાલ્યા ગયા. પ્રેમચંદ કેવા? મગનલાલ. એક સેકન્ડમાં હોં! એક સેકન્ડમાં. પૂછે. પણ શું તમે કહો છો? એક કોર આ જાણે પણ હવે કહેવું છે શું? અમારે ધર્મ સાંભળવો છે. પણ ઈ વાત ચાલે છે આ. સાંભળને.

ધર્મ જેને કરવો છે એટલે જન્મ-મરણ જેને ટાળવા છે અને દુ:ખના ડુંગરમાંથી નીકળી

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


જવું છે અને સુખસાગર એવો આત્મામાં જેને પ્રવેશ કરવો છે એને આત્માના અંદરમાં દૃષ્ટિ પહેલી કરવી પડશે. એ દૃષ્ટિ થતાં શાંતિ પણ દેખાય, મુક્તિ પણ દેખાય. સમજાય છે? એકલો ચેતન પણ દેખાય, આમ કષાય પણ દેખાય, ભવભાવ થોડો દેખાય અને ત્રણ લોકને જાણે એવું પણ દેખાય. એમ કહે છે. સમજાણું કાંઈ?

'**(આવો) આત્માનો અદ્ભુતથી પણ અદ્ભુત...**' કહો, આત્માનો આવો વૈભવ છે. આ ધૂળના વૈભવમાં તું નથી અને એ તારા નથી. લ્યો, આ રાગ છે એ પણ વૈભવમાં ગણ્યું. જાણવાલાયક છે કે નહિ? એક વસ્તુ છે ને? મારી પર્યાય છે ને એટલી? શરીર, કર્મ, પૈસા, બાયડી એ કાંઈ તારા નથી અને તું એનો નથી. સમજાય છે કાંઈ? તારા વૈભવની ગણતરીમાં તું આ વૈભવ કહેતો હોય તો મૂઢ છો. એમ કહે છે. આ પૈસા મારા, શરીર મારું, બાયડી મારી, છોકરા મારા, આબરૂ મારી. કહો, અંગ-ઉપાંગ સારા, કોરા-રૂપાળા લાગે એ મારા. મૂઢ છો. એ તો જડ છે. કો'કના છે. તારા ક્યાંથી આવ્યા?

મુમુક્ષુ :- કો'કના હોય તો અહીં શેના આવે?

ઉત્તર :- ક્યાં આવ્યા છે? કાંઈ આવ્યા નથી. એ તો એનામાં રહ્યા છે. ક્યાં આવ્યા છે? એની પર્યાયમાં આવ્યા છે? આત્માની પર્યાયમાં આવ્યા છે? એ તો એનામાં રહ્યા છે. નજર કરીને એમ કહે કે આ મારા છે. એ તો સ્વતંત્ર છે મૂર્ખાઈ. પોપટભાઈ! તારા દ્રવ્ય-ગુણમાં આવ્યા છે એ ચીજો? એ તો ન જ આવે. પણ તારી પર્યાયમાં આવી છે ચીજો? કર્મ, શરીર, બાયડી, છોકરા, કુટુંબ તારી એક અવસ્થા સમયની છે એમાં આવ્યા છે? એમાં આવ્યા વિના તારા થઈ ક્યાંથી ગયા? સમજાણું કાંઈ? આહાહા..!

અહીં તો તારામાં જે છે એ તો વસ્તુ અનંત ગુણનો પિંડ પ્રભુ એનું ભાન થતાં શાંતિ, એકરૂપ ચૈતન્ય અને મુક્તસ્વરૂપ (છે). એના વૈભવમાં જરી આ પણ એક વૈભવ ગણવામાં આવ્યો. જરી રાગ છે. મારો પર્યાયધર્મ આટલો છે. આટલો ભવ છે. અને ત્રણ કાળને ત્રણ લોકને જાણું છું એવું પણ છે. એકરૂપ હોવા છતાં આવું પણ છે. એટલે કહે છે... સમજાણું કાંઈ? '**આત્માનો અદ્ભુતથી પણ અદ્ભુત...**' આ શું કરવા? અરે..! લોકો એમ માને કે આહાહા..! અમારે ત્યાં વૈભવનો પાર નથી તમે જુઓ તો. એય..! મલૂકચંદભાઈ!

મુમુક્ષુ :- મલૂકચંદભાઈને પણ ક્યાં પાર છે?

ઉત્તર :- એને ઘરે એના છોકરા પાસે છે ત્યાં. એ છોકરો વાત કરતો હતો એક એનો કો'ક તમારો નહિ? ગયો હતો ને પૂનમભાઈનો કો'ક ત્યાં. આવું સાંભળ્યું છે. અમે ક્યાં કોઈ તમારું જોવા ગયા હતા. પૂનમભાઈનો કો'ક ગયો હતો માણસ ન્યાલભાઈ પાસે.

મુમુક્ષુ :- ...

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ઉત્તર :- કોણ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- હા કો'ક ગયું હતું. કો'કની સાંભળી એ વાત છે. આપણે ક્યાં તમારા જોવા જઈએ છીએ. એ સાંભળવા ગયા તો કો'ક કહેતો હતો ત્યાં ઓહોહો..! શું વૈભવ ન્યાલભાઈનો. લ્યો ઠીક! એ તો બિચારા ગરીબ માણસ જ્યાં આમ દેખે આહાહા..! ઢગલા ત્યાં. વૈભવ કે દી એના હતા એ? એય.. શેઠી! ઓલા અરબસ્તાનના આવે છે ને ભાઈ? આ પાથરવાના શું કહેવાય?

મુમુક્ષુ :- જાજમ.

ઉત્તર :- જાજમ ન કહેવાય એને. ગાલીચા. અરબસ્તાનના બહુ ઊંચા. આ લોકોને ત્યાં છે ને. ભુરાભાઈને ત્યાં. એના મકાનમાં ઉતર્યા હતા ને. એને તો મોટો વેપાર છે ને ઓલા સાથે. અરબસ્તાન સાથે. હજાર-હજારના, બબ્બે હજારના ગાલીચા હોં! આમ દેખાવ. ગાલીચા અમથા .. આ. એ એડનના છે. આ અમારા વૈભવ છે. એક કોર કબાટ. એમાં જુદી જુદી જાતના ઢીંગલા ને ઢીંગલીયું પરદેશની હોય. એક આમ ઊભી હોય, આમ જોતા હોય, આમ જોતા હોય. રાખે છે ને ઘરમાં? રમકડાં. ઊંચી ઊંચી જાતના ઘણા ત્યાં બહુ ભરેલા છે ત્યાં. બબ્બે લાખના બંગલા. કેટલાય બંગલા છે. એક નવો કરવાના છે પાછા. આ વૈભવ... વૈભવ... વૈભવ. ઓહોહો..! ધૂળેય નથી વૈભવ. તારો વૈભવ બહાર રહેતો હશે? એ તો બધા.. સમજાય છે? વિષ્ટાના ઢગલા છે એ બધા. કીધું નથી આપણે આમાં? ભાઈએ કીધું છે ને. બનારસીદાસે. બનારસીદાસે કહ્યું છે. વિટ સો વખત માને. એ સિવાય બીજું.

ધર્મી એમ જાણે છે અને અમારો વખત છે કહે છે. ભાઈ! અત્યારે પાંચ-દસ-દસ કરોડો રૂપિયા. પચાસ-પચાસ લાખની પેદાશું. છોકરા કહ્યાગરા. તમારો સમય છે. વિટ સો વખત માને. જ્ઞાની તો એ વિષ્ટા જેવો સમય માને. આવે છે ને? બ્રહ્મચારીજી! એ બનારસીદાસમાં. વીટ સો વખત માને. વખતનો અર્થ હમણાં તો એમનો ટાઈમ છે. હમણાં તો એમને વાજા-ગાજા વાગે છે, બાપા! ચારે કોર. ધૂળેય નથી. અજ્ઞાની સમજે. ચક્રવર્તીના રાજ છ ખંડના હોય, જેને ઘરે છન્નું હજાર રાણી અને સોળ હજાર દેવ સેવા કરે. ચક્રવર્તીનો ભોગ, ઇન્દ્રની સંપદા એ કાગવિટ સમ માને. કાગડાની વિષ્ટા. જાધવજીભાઈ!

આવે છે ને? 'ચક્રવર્તીની સંપદા ઇન્દ્ર સરીખા ભોગ...' પછી શું? સમ્યગ્દષ્ટિ 'કાગ વિટ સમ માનત હૈ સમ્યગ્દષ્ટિ લોક.' આહાહા..! કાગડાની વિષ્ટા. માણસની નહિ. એટલે પાધરી નીકળે તો કઠણ થઈને નીકળે. કોઈ ખાઈ શકે નહિ. માણસની વિષ્ટા તો ખાય પણ ખરા ગધેડા ને આ ગાયું કે ભૂંડ. ઓલાનું તો એકલું આમ કઠણ. કાગ વિટ સમ માનત હૈં.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


ધર્મી જીવ 'ચક્રવર્તીની સંપદા અને ઈન્દ્ર સરિખા ભોગ, કાગ વિટ સમ માનત હૈં સમ્યગ્દૃષ્ટિ લોક.' પોપટભાઈ! આહાહા..!

એક કોર આમ બેઠા હોય ખાટલે સરખા. છ છોકરા સામે બેઠા હોય હેઠે. અને બાપુજી! શું કરશું આનું? આહાહા..! ચક્રવર્તીનું રાજ આવી ગયું જાણે ત્યાં. છ ખંડનું. છ ખંડ થયું ને. છ ખંડ છે કે નહિ? આહાહા..! જુઓને! આ ભાઈ રામજીભાઈને લ્યો. રામજી હંસરાજ. છ છોકરા છે આમ. ઓહોહો..! હમણા આવ્યા હતા ને પૂનમભાઈ? દર્શન કરવા આવ્યા હતા ને. મહારાજ માંદો છું. અહીં દર્શન કરીને બહાર નીકળવાનો છું. પરદેશમાં જાવું છે પણ તમારા દર્શન કર્યા પછી. કેમ કે શરીર સારું રહે. ના, એ બોલ્યા હતા બિચારા હોં! અરે..! બહારની વસ્તુ બાપુ! એ કાંઈ તારી ચીજ છે? આહાહા..! પછી મેં કીધું ભાઈ, જયપુર હું ગયો હતો. તમારા મકાન છે ત્યાં. મોટા બે કરોડ રૂપિયાના કારખાના. બે કરોડ રૂપિયાના ઓલા કરે-થાંભલા કરે. લઈ ગયા હતા પરાણે. મેં જાણ્યું માઈલ બે માઈલ હશે. નીકળ્યું આઠ માઈલ. અને સાંજનું ટાણું અને પાણી ચોવિહાર અમારે કરવાનો હોય. પછી માંડ માંડ ઓલા આત્મારામ પાણી લાવ્યા નહિતર તો ઊનું પાણી અહીં કર્યું. ભાઈ! આ સૂર્યાસ્ત થઈ જાય. આ તમે બહુ છેટે લાવ્યા. બે કરોડનો એક મોટો સંચો છે. જયપુર. હવે દસ કરોડના લાવવાના છે. આ વૈભવ એનો. ધૂળેય વૈભવ નથી. એઈ..! અને શેઠીના મકાન પાસે મકાન છે કે નહિ? શેઠી! તમારી પાસે મકાન છે ને કામાણીનું? સ્ટીમર જેવું. ખબર નથી? કામાણીનું મકાન તમારા મકાનની પાછળ છે. છે બરાબર પણ એ સ્ટીમર જેવો દેખાવ છે. જોયું છે ક્યારેય કે નહિ? નહિ જોયું હોય. તમારી પાછળ. જયપુર. સ્ટીમર જેવું દેખાય. સ્ટીમર હોય ને એવો દેખાવ કર્યો છે મોટો. આમ જાણે કે આહાહા..! શું છે પણ હવે? સાંભળને! ધર્મી, આત્મલક્ષ્મીની જેને દૃષ્ટિ પડી છે એને આ બધું કાગની વિષ્ટા જેવું લાગે છે. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ પર વસ્તુ જ મારી નથી પછી પ્રશ્ન શું? મારી નથી, મારામાં નથી, મારે લઈને રહી નથી, મારે લઈને આવી નથી. એને લઈને આવી, એની થઈને રહી, મારી થઈને રહી નથી. મારી થઈને રહી હોય તો આ કહેવાય છે એટલું. આહાહા..! શુદ્ધતાનો અંશ મારો થઈને રહ્યો છે, અશુદ્ધતાનો અંશ મારો થઈને રહ્યો છે અને આખું શુદ્ધ દ્રવ્ય છે એ મારું થઈને રહ્યું છે. કહો, સમજાણું કાંઈ? આહાહા..!

ઓહો..! **'આત્માનો અદ્‌ભુતથી પણ અદ્‌ભુત...'** ભાષા છે? જુઓ! **'આત્માનો અદ્‌ભુતથી પણ અદ્‌ભુત સ્વભાવમહિમા...'** આહાહા..! **'સ્વભાવમહિમાત્મનો**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**विजयतेऽद्भुतादद्भुतः**' ચોથી લીટી છે. ૨૭૪. એ આત્માનો કરિયાવર બતાવ્યો આ. એમાં એમ ન કીધું કે આત્માની આટલી બાયડી છે ચક્રવર્તીને, આટલા પૈસા છે, આવું એનું શરીર રૂપાળું છે, પાંચ ઈન્દ્રિય આવી છે અને નિરોગ શરીર છે અને લાંબુ આયુષ્ય છે. એ એની ચીજ ન કીધી અહીં. એની છે જ ક્યાં? જ્ઞાની જાણે છે જ ક્યાં એને પોતાની? સમજાણું કાંઈ?

ઓહો..! ભગવાન આત્મા આનો અદ્ભુતથી પણ અદ્ભુત એમ કહે છે. '**સ્વભાવમહિમા જયવંત વર્તે છે...**' જયવંત વર્તે છે. એના જયને કોઈ રોકે એવી કોઈ ચીજ જગતમાં છે નહિ. મંગળિક કરે છે હવે. છેલ્લા શ્લોક છે ને. મંગળિક કરે છે મંગળિક. છેલ્લા શ્લોકો છે ને. સમજાણું કાંઈ? આહાહા..! '**જયવંત વર્તે છે...**' કુદરતે આવ્યા છે બધા શબ્દો જુઓને! જયવંત વર્તે છે. ઓહો..! પોતા માટે પણ કહે છે, અમારા દ્રવ્ય-ગુણ પણ જયવંત વર્તે છે, અમારી શુદ્ધ પર્યાય પણ જયવંત વર્તે છે અને જરી અશુદ્ધતા છે એ પણ વર્તે છે એમ અમે જાણીએ છીએ. આહાહા..! એ તો જાણવાનું જ રહે છે, બીજું કાંઈ છે નહિ.

'**(-કોઈથી બાધિત થતો નથી).**' આવો ભગવાન આત્માનો વૈભવ કોઈથી હણી શકાતો કે કોઈ લઈ શકાતો નથી. ઓલી તો ચીજ આવે ને લઈ જાય, ઉપાડી જાય, ભાગ પાડી જાય. ભાઈઓ હોય તો ભાગ પાડે લ્યો. રળ્યો હોય મોટો અને બીજા ભેગા થઈને આવે. પણ જુદા ક્યાં છીએ આપણે પહેલા? ભેગા છીએ અને રળ્યા છીએ માટે લાવો. પાડો ભાગ. એક જણો આવ્યો હતો અમારી પાસે. રળીને મરી ગયો અને નાનાભાઈઓ ભેગા થઈને કહે મને આપો. હવે કહ્યું ભાંગી અને હવે કાંઈ રળવાની શક્તિ નથી. બધા આવે ઘણાને અહીં. એટલે હવે શું કરવું? નાના કહે છે કે ભાગ પાડો. જુદું પાડ્યું નથી. બાપ બેઠા છે. બાપ બેઠા ને ભાગ પાડ્યો નથી. માટે જેટલું રળ્યાનો ભાગ ચાર ભાગે જે કાંઈ. ત્રણ છોકરા છે. સમજાણું કાંઈ? પાડો ભાગ. જાધવજીભાઈ! ત્યાં તો ભાગ પાડવા પડે. આમાં કાંઈ ભાગ પડે એવો નથી. આહાહા..! ભગવાનજીભાઈ! વાત તો સાચી છે કે નહિ?

એ સપનાની સુખડીએ ભૂખ ભાંગે નહિ, ભાઈ! એ સપનામાં ભૂખ લાગી હોય ને પછી સુખડી ખાધી અને જ્યાં આંખ ઉઘડે ત્યાં ભૂખ પેટમાં એવી ને એવી હોય. હાય.. હાય..! એમ અજ્ઞાની અજ્ઞાનમાં માને કે અમે કાંઈક પૈસાવાળા છીએ, અમે શરીરવાળા છીએ, બાયડીયુંવાળા છીએ, આબરૂવાળા છીએ. મરી ગયો પણ સાંભળને હવે. ક્યાં તારા હતા તે તારું એને માન. આહાહા..! મૃત્યુ જ્યાં થયું, દેહ છૂટ્યો ત્યાં હાય.. હાય.. આ! કોઈ નહિ. કે દી હતું પણ કોઈ નહિ. થઈ રહ્યું. શરીર પણ ચાલે નહિ, શ્વાસ કામ કરે નહિ.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


આંખ આમ કરે તો થાય નહિ. માખી આવીને બેઠી હોય અને ન થાય આંખ. પરમાણુની પર્યાય છે. તારી પ્રેરણાથી થશે નહિ. કહો, પોપટભાઈ! આહાહા..!

ભાઈ! તારામાં હોય એમાં તને થાય. તારામાં ન હોય એનું તારાથી કેમ થાય? જુઓને, વિકારની પર્યાય કીધીને ભાઈ. વિકારની પર્યાય પોતાની છે એટલો પુરુષાર્થ નબળો છે એ મારી છે. મારામાં છે. પણ આ શરીરની ક્રિયા અને આ ક્રિયા હું કરું આમ આમ કરું એ ત્રણ કાળમાં બની શકે એવું નથી. સમજાય છે? નબળાઈની પર્યાય પણ મારી, સબળાઈની પણ મારી અને મોટો આખો સબળ પણ હું. પરની સાથે મારે કાંઈ (સંબંધ નથી). આહાહા..!

'**ભાવાર્થ :- અહીં પણ ૨૭૩માં કાવ્યના ભાવાર્થ પ્રમાણે જાણવું.**' એટલે શું? કે આપણે ઉપરથી કહી ગયા છીએ કે પર્યાયમાં જોવે તો કષાય જરી દેખાય, વસ્તુથી જુઓ તો શાંતિ દેખાય. પર્યાયમાં જુઓ તો.. સમજાણું કાંઈ? ભવનો ભાવ પણ દેખાય. વસ્તુ જોતાં મુક્ત પણ દેખાય. પર્યાયમાં ત્રણ લોક જાણે એમ જણાય. વસ્તુ તરીકે એક પણ જણાય. એ બધું તારામાં ને તારામાં (છે).

મુમુક્ષુ :- બહાર નહિ.

ઉત્તર :- બહાર નહિ. પણ બહારમાં છે ક્યાં એ? બહારમાં એ નથી અને બહારવાળા અહીં નથી. બહારમાં છે આત્મા? શરીરમાં છે? કર્મમાં છે? પૈસામાં છે? એમાં એ નથી અને એ આના થઈને આવ્યા નથી, રહ્યા નથી. એ તો એના થઈને રહ્યા છે. અજીવ અજીવ થઈને રહ્યા છે. જીવના થઈને રહ્યા છે? શરીર, શરીરનું થઈને રહ્યું છે. જીવનું થઈને રહ્યું છે? પૈસા પૈસાના થઈને રહ્યા છે. જીવના થઈને પૈસા રહ્યા છે? અહીં તો થઈને રહ્યું છે અને છે એ એની ચીજ છે. આહાહા..! કોઈ દી એને જોતા પણ આવડ્યું નથી ઘરને. સમજાણું?

'**અહીં પણ ૨૭૩મા કાવ્યના ભાવાર્થ પ્રમાણે જાણવું. આત્માનો અનેકાંતમય સ્વભાવ સાંભળીને...**' આવું સ્વરૂપ સાંભળીને. '**અન્યવાદીને ભારે આશ્ચર્ય થાય છે.**' શું કહે છે આ? આવા તે ગાંડા લાગે છે આ. વળી એક કોર વિકાર છે અને એક કોર શાંતિ છે, આખું જુઓ તો મુક્ત છે. શું કહે છે આ? અજ્ઞાનીને, મૂઢને એક જ આત્મા સર્વવ્યાપક માનનારને કે વસ્તુ સ્થિતિના ભાન વિનાનાવાળાને એમ (થાય છે) કે શું કહે છે આ? એ વસ્તુનું સ્વરૂપ એમ છે. તું માન તો પણ એમ છે અને ન માન તોપણ એમ છે.

'**આત્માનો અનેકાંતમય...**' અનેકાંત એટલે અનેક-અંત એટલે ધર્મ. ધર્મ એટલે ભાવ. પર્યાય આદિ એ બધો ધર્મ. એવો '**સ્વભાવ સાંભળીને અન્યવાદીને...**' એટલે વાસ્તવિક વીતરાગના માર્ગથી, વીતરાગ માર્ગ એટલે કાંઈ સંપ્રદાયની વાત નથી આ. વસ્તુ જે વીતરાગસ્વરૂપ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

છે આત્માનું એને પર્યાયમાં રાગાદિ છે એવો જે વીતરાગમાર્ગ '**તેને આ વાતમાં વિરૂદ્ધતા ભાસે છે.**' આ શું? ઓહો..! સમજાય છે? પર્યાયમાં જુઓ તો કષાય. વળી એ જ પર્યાયના બીજા ભાગથી જુઓ તો શાંતિ અને એ જ પર્યાયની પાછળ આખા દ્રવ્યને જુઓ તો એકલી શાંતિ. આ શું? એ શું એ વસ્તુનું સ્વરૂપ એમ છે. સમજાણું કાંઈ?

'**તેને આ વાતમાં વિરૂદ્ધતા ભાસે છે.**' '**ભારે આશ્ચર્ય થાય છે.**' ગાંડા છે. લ્યો! કીધું નહોતું એક ફેરી? (સંવત) ૧૯૯૯માં એક બાવો આવ્યો હતો. જૈનમાં એક આત્માની વાત કરે છે. જૈનમાં આત્માની? એને એમ કે જૈનમાં તો ક્રિયા કરે એની જ હોય. જૈનમાં આત્માની વાત! ૯૯ની સાલ. રાજકોટ ચોમાસુ હતું. બાવો આવ્યો. વાત ચાલતી હતી કે જો ભાઈ પર્યાય આત્માની અવસ્થા અનિત્ય છે. હેં! આત્મા અનિત્ય છે! સાંભળવું નથી. ભાગી ગયો. કારણ કે એ તો એકલા નિત્ય જ માને કૂટસ્થ. નિત્ય છે.. નિત્ય છે. આત્મા અનિત્ય! હા. પર્યાયે આત્મા અનિત્ય છે. દ્રવ્યે નિત્ય છે. ઈ અમારે સાંભળવું નથી. હું તો સાંભળવા આવ્યો હતો કે જૈનમાં આત્માની વાત છે અધ્યાત્મની તે કેવી કહેતા હશે? એ લોકો તો અત્યારે એમ જ માને છે અન્યમાં. જૈનો એટલે શું? કે આ છ કાયની દયા પાળવી, આમ કરવું, ઢીંકણું કરવું, પૂજા કરવી, ભક્તિ કરવી, મૂર્તિ થવી, ચોવિહાર કરવા એ જૈન. કે જે જૈનપણું છે જ નહિ એમાં.

મુમુક્ષુ :- ઓલા એમ મનાવે છે. ઓલા તો એમ માને પણ જૈન પણ એમ મનાવે.

ઉત્તર :- મનાવે છે ને બધા. અમે કર્મવાદી છીએ. અમે કર્મને માનનારા છીએ. કર્મને માનનાર જડને? અમને કર્મ નુકસાન કરે છે. તમને ઈશ્વર રખડાવે અને ભવભ્રમણ ટળાવે. અમારે કર્મ રખડાવે. મૂર્ખાઈ જુઓ. સમજાણું કાંઈ? કર્મને લઈને, જૈન પરોપકારી પરમાત્મા કહે છે કર્મને લઈને જીવ રખડે છે. ત્રણ કાળમાં એવું નથી કીધું જાઓ. પોતાની ભૂલને લઈને રખડે છે. સમજાણું કાંઈ?

અહીં તો જ્ઞાની થયો એને પણ રાગ છે એટલી ભૂલ મારી છે એમ જાણે છે. પરને લઈને નહિ. જેટલું મારા અસ્તિત્વમાં છે તેટલું મારામાં છે. એ પરને લઈને નહિ. આ કષાયનો અંશ છે એ કર્મને લઈને છે એમ નહિ. નિમિત્તના લક્ષે થયેલો જરી અસ્થિરભાવ પણ મારી પર્યાયમાં છે એમ જાણે. સમજાણું કાંઈ? મનસુખભાઈ! લ્યો, આવું સ્વરૂપ છે. આહાહા..! સમજાણું?

'**તેને આ વાતમાં વિરુદ્ધતા ભાસે છે. તે આવા અનેકાંતમય સ્વભાવની વાતને પોતાના ચિત્તમાં સમાવી-જીરવી શકતો નથી.**' જીરવી શકતો નથી એટલે જીર્ણ થઈ જાય છે એને. અજીર્ણ થઈ જાય છે. જઠર મોળી હોય અને મૈસુબ આપ્યો હોય ચાર શેર

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


ઘીનો પાયેલો તો અજીર્ણ થઈ જાય. એમ આને અજીર્ણ થઈ જાય છે. ગપ્પા મારો છો તમે બધા. અરે..! સાંભળને. ગપ્પા અને અગપ્પાની ભાન વિનાના ગપ્પા મારે શું કર્યું તેં? અક્કલ નથી તને. વસ્તુ જ એવી છે ચિદાનંદ આત્મા શુદ્ધ આનંદઘન છે અને પર્યાયમાં ભૂલ છે. એ ભૂલ ટાળી છે દૃષ્ટિની, છતાં ભૂલ થોડી રહી જાય છે એવું જ એનું સ્વરૂપ છે. સમજાણું કાંઈ?

'**જો કદાચિત્ તેને શ્રદ્ધા થાય તોપણ પ્રથમ અવસ્થામાં તેને બહુ અદ્‌ભુતતા લાગે છે...**' ઓહોહો..! આવો આત્મા! આવી ચીજ! ઓહોહો..! આવી તો અમે સાંભળી નહોતી. ખબર પણ નહોતી. આવો આત્મા! આમ તો અમે કહીએ કે ભાઈ આત્મા હોય, આત્મા હોય. પણ આત્મા હોય પણ છે કેવો? એનું કાયમનું સ્વરૂપ શું? અને કાયમના સ્વરૂપમાં શક્તિઓનું કાયમ સ્વરૂપ શું? અને તેની અવસ્થાની ક્ષણિક અવસ્થામાં શું? એને જાણ્યા વિના તું શું કરીશ પણ? આત્માના અસ્તિત્વની તો તને ખબર નથી. આવો આત્મા છે એ ન માને એને આત્માના અસ્તિત્વની શ્રદ્ધા જ નથી. સમજાણું કાંઈ? '**પ્રથમ અવસ્થામાં તેને બહુ અદ્‌ભુતતા લાગે છે કે અહો આ જિનવચનો મહા ઉપકારી છે,...**' વીતરાગી વાણી જેને વીતરાગતા બતાવે એ મહાઉપકારી છે. ઓહોહો..! અહો! આ વીતરાગી વાણી આત્માના અનેકાંત-અનેક ધર્મને બતાવનાર, અનેક સ્વભાવને જણાવનાર. મલિનતા પણ જણાવે, નિર્મળ ત્રિકાળ જણાવે, વળી નિર્મળતા અંશે પ્રગટ થઈ એ જણાવે. આ તે અલૌકિક વાત! સમજાય છે કાંઈ? '**વસ્તુના યથાર્થ સ્વરૂપને જણાવનારા છે;...**' અજ્ઞાની પણ એમ જાણીને પછી જ્ઞાની થાય છે.

'**મેં અનાદિ કાળ આવા યથાર્થ સ્વરૂપના જ્ઞાન વિના ખોયો!**' અજ્ઞાની કહે કે આહાહા..! આત્મા ઓઘે ઓઘે કૂટ્યુ મેં. પણ આત્મામાં ભેગું બીજું કુટાઈ ગયું આખું. સમજાણું? '**મેં અનાદિ કાળ આવા યથાર્થ સ્વરૂપના જ્ઞાન વિના ખોયો!-આમ આશ્ચર્યપૂર્વક શ્રદ્ધાન કરે છે.**' લ્યો! આમ આશ્ચર્યપૂર્વક અજ્ઞાની પણ અન્યવાદી વીતરાગના માર્ગને આત્માની આવી મર્યાદા સ્થિતિ જોઈને, સાંભળીને શ્રદ્ધા કરે છે. ઓહોહો..! વસ્તુ તો આવી જ હોય. બીજી રીતે હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? દોષ ટાળવા માગે છે તો એનો અર્થ થયો કે એનામાં દોષ છે. અને દોષ ટાળવા માગે છે એનો અર્થ થયો કે દોષરહિત થઈ શકાય છે. દોષરહિત થઈ શકાય છે એ પવિત્રતા આવશે ક્યાંથી? કાંઈ દોષ ગયો એમાંથી આવશે? પવિત્રતા ત્રિકાળ પડી છે. એટલે એને ત્રિકાળ પવિત્ર છે, વર્તમાનમાં અપવિત્ર જરી છે અને કાંઈક પવિત્રતા પ્રગટી એ બધું એણે નક્કી કરવું પડશે. પરને લઈને અહીં કાંઈ છે એ વાત આમાં છે નહિ.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


'**હવે ટીકાકા આચાર્યદેવ...**' સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર પૂર્ણ કરતાં તેના '**અંતમંગળને અર્થે આ ચિત્ચમત્કારને જ સર્વોત્કૃષ્ટ કહે છે :-**' લ્યો! ચિત્ચમત્કાર સર્વોત્કૃષ્ટ વસ્તુ છે એ બતાવે છે.

**जयति सहजतेजःपुञ्जमज्जत्त्रिलोकी-**
**स्खलदखिलविकल्पोऽप्येक एव स्वरूपः।**
**स्वरसविसरपूर्णाच्छिन्नतत्त्वोपलम्भः**
**प्रसभनियमितार्चिश्चिच्चमत्कार एषः।।२७५।।**

અહો..! '**શ્લોકાર્થ :- સહજ (-પોતાના સ્વભાવરૂપ) તેજઃપુંજમાં ત્રણ લોકના પદાર્થો મગ્ન થતા હોવાથી જેમાં અનેક ભેદો થતા દેખાય છે તોપણ જેનું એક જ સ્વરૂપ છે...**' આહાહા..! કેવળજ્ઞાનની વ્યાખ્યા કરે છે હવે. આનું ફળ સાધકપણે થઈને જે સાધ્ય પ્રગટે, સાધકપણે થઈને જે સાધ્ય પ્રગટે કેવળજ્ઞાન એને પણ સાથે ઓળખાવે છે. આહાહા..!

'**સહજ તેજઃપુંજ...**' ભગવાન જ્ઞાનનો તેજનો પુંજ પુંજ ચૈતન્યનો પુંજ છે એ. એમાં '**ત્રણ લોકના પદાર્થો મગ્ન થતા હોવાથી...**' મગ્નનો અર્થ? ત્રણ લોકના પદાર્થો જણાતા હોવાથી. અહીં તો ત્રણ લોક ગરી ગયા આમાં કહે છે. જાણપણાની અપેક્ષામાં. ત્રણ લોકના પદાર્થો કાંઈ મગ્ન થતા નથી. એમ જ કહેવાયને. સમજાણું કાંઈ? જ્ઞાનમાં આ જણાય છે એ જાણે એમાં મગ્ન થઈ ગયા હોય. એટલે એ સંબંધીનું જ્ઞાન અહીં થઈ ગયું છે એટલે એ ત્રણ કાળ અને ત્રણ લોક જાણે કેવળજ્ઞાનમાં સમાઈ ગયા હોય. કેવળજ્ઞાનની એક સમયની અવસ્થામાં લોકાલોક જાણે ગરી ગયા હોય અંદરમાં. કારણ કે એ સંબંધીની શક્તિનો પોતાનો વિકાસ પૂર્ણ થઈ ગયો. જ્ઞાનના પુંજનો વિકાસ પૂર્ણ થઈ ગયો. હું જ છું અને બીજું નથી એ પણ એમાં આવી ગયું. લોકાલોક મારામાં નથી અને લોકાલોક સંબંધીના જ્ઞાનવાળો હું જ પોતે છું. કહો, આવું કેવળજ્ઞાન થતાં આવી દશા અંદર પ્રગટ થાય છે. સાધકપણું જેણે પ્રગટ કર્યું એના ફળમાં કેવળજ્ઞાન આવું થાય. એ અંત્ય મંગળિક તરીકે મહામંગળિક વર્ણન કરે છે. શરૂઆત મંગળિક કરી હતી નમઃ સમયસારાયમાં. મધ્યમાં મંગળિક કર્યું હતું. ઈદં એ તાત્પર્યં. શુદ્ધનય તે આદરણીય છે, અશુદ્ધ તે હેય છે. આસ્રવમાં. આ અંત મંગળિકમાં અમૃતચંદ્રાચાર્ય આ કરે છે. ઓહોહો..! સંતોની વાણી અને સંતોના હૃદય! મુનિઓ મહા આત્મજ્ઞાનમાં મસ્ત જંગલમાં વિચરતા. આનંદમાં મસ્ત. કહો, સમજાણું કાંઈ?

રાતે વાત થઈ હતી કે વંદન કોને છે? શું મુનિના નગ્નપણાને વંદન છે? એનું છે તો વંદન. અરે..! એના અઠ્યાવીશ મૂળગુણના વિકલ્પને વંદન છે એ તો આસ્રવ છે. એને વંદન

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


હોય? વંદન શુદ્ધતાને હોય કે વંદન અશુદ્ધતાને હોય? સમજાણું કાંઈ? વસ્તુ ચૈતન્ય ભગવાન અને એના અનંત ગુણો અને એનો આશ્રય લઈને જે નિર્મળ અવસ્થા થઈ તે વંદનિક, તે આદરણીય, તે સત્કારિક અને તે અંગીકાર કરવા લાયક છે. અથવા તે દશા પ્રગટ કરવા લાયક છે. અને પ્રગટ થઈ છે તેનો આદર કરનાર એને કહીએ. કહો, અમરચંદભાઈ! અઠ્યાવીશ મૂળગુણને વંદન કરવાના છે? આસ્રવને? આસ્રવને પગે લાગવું છે? જે આસ્રવને અને દેહની ક્રિયાને પગે લાગે છે એને તત્ત્વનું ભાન જ નથી. મિથ્યાદૃષ્ટિ છે. કારણ કે પોતે જ હજી આસ્રવને આદર કરે છે એમ માને છે એટલે તો મૂઢ મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! સમજાણું કાંઈ?

કહે છે, અરે..! જેના **'તેજઃપુંજમાં ત્રણ લોકના પદાર્થો મગ્ન થતા હોવાથી...'** જેની શુદ્ધતા પ્રગટ થતાં એટલી શુદ્ધતા પ્રગટી, જે સાધક સ્વભાવમાં શુદ્ધતા જે વંદનીક હતી... સમજાય છે કાંઈ? એ આત્માના જ્ઞાન, દર્શન અને ચારિત્રની નિર્મળ પર્યાય જે સાધકપણે પ્રગટ હતી. રાગ ભલે હોય એક કોર જાણવા લાયક. એના ફળ તરીકે જે પ્રગટ થઈ પૂર્ણ સિદ્ધતા શુદ્ધતા, પૂર્ણ સિદ્ધતા-શુદ્ધતા તેમાં ત્રણ લોકના પદાર્થો જણાઈ જાય છે. સર્વવ્યાપી કહ્યા છે ને એને. પ્રવચનસારમાં એ શ્લોક છે ને પહેલો. સર્વવ્યાપી. સર્વવ્યાપી. પહેલો. સર્વવ્યાપી એમ કીધું છે લ્યો. ઓલા ભડકી જાય. સર્વવ્યાપી. સર્વવ્યાપીનો અર્થ એ છે. પહેલો જ શ્લોક છે કળશ. સર્વવ્યાપી-સર્વને જાણનાર. આખી દુનિયાને. ત્રણ કાળ ત્રણ લોક એને જાણવાનો સ્વભાવ પ્રગટ થઈ ગયો. લોકાલોક જાણે અહીં આવી ગયા હોય અને કઈ બીજી ચીજ બાકી ન રહી હોય. સમજાય છે કાંઈ? એક જ ચીજ પ્રગટ થઈ ગઈ છે આખી. જેમાં લોકાલોક મગ્ન થઈ ગયા. મગ્ન એટલે એનું જ્ઞાન થઈ ગયું. એટલે આખું બધું અહીં આવી ગયું. એક પર્યાયમાં લોકાલોક અને એક પર્યાયમાં આખા દ્રવ્ય ને ગુણ ને અને એ પર્યાયનું જ્ઞાન. આહાહા..!

એક જ જ્ઞાનની પર્યાયમાં લોકાલોકનું જ્ઞાન, પોતાના દ્રવ્યનું જ્ઞાન, પોતાના ગુણનું જ્ઞાન અને તે અનંતી પર્યાયમાં જે જ્ઞાનની પર્યાય એનું પણ જ્ઞાન. એક પર્યાયમાં કહે છે કે એક જ પર્યાય પૂરી થઈ ગઈ. કાંઈ બીજું રહ્યું જ નથી. સમજાણું કાંઈ? એક જ જ્ઞાનની એક સમયની પર્યાય એ એક જ પૂરી થઈ. પ્રગટ એટલે એમાં એ સિવાય બીજી કોઈ ચીજ જ નથી. કારણ કે લોકાલોકનું જ્ઞાન થયું, પોતાના દ્રવ્યનું, પોતાના ગુણનું અને એ પર્યાયનું. એક જ સમયની પર્યાય એવડી છે. સમજાણું કાંઈ?

**'તોપણ જેનું એક જ સ્વરૂપ છે...'** સ્વરૂપ તો એકરૂપ રહે છે. કાંઈ ખંડ થઈને ભંગ થઈ ગયા નથી. **'(અર્થાત્ કેવળજ્ઞાનમાં સર્વ પદાર્થો ઝળકતા હોવાથી જે અનેક**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**જ્ઞેયાકારરૂપ દેખાય છે તોપણ ચૈતન્યરૂપ જ્ઞાનાકારની દૃષ્ટિમાં જે એકસ્વરૂપ જ છે),...**' વસ્તુ તો એક જ છે. એક ફીટીને કાંઈ અનંતના કટકા થઈ ગયા નથી. એવું જેનું તેજ કેવળજ્ઞાન છે એની મહિમા ગણીને એનું મંગળિક કરે છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

**શ્રાવણ સુદ ૩, રવિવાર તા. ૨૮-૭-૧૯૬૮**
**શ્લોક-૨૭૫, ૨૭૬ પ્રવચન-૫૮૧**

**'હવે ટીકાકાર આચાર્યદેવ અંતમંગળને અર્થે આ ચિત્ચમત્કારને જ સર્વોત્કૃષ્ટ કહે છે :-'** શું કહે છે? કે પોતાનું જે શુદ્ધ જ્ઞાન, આનંદાદિ સ્વરૂપ છે ધ્રુવ, તેના અવલંબનથી જે સાધકપણાનો ભાવ પ્રગટ કર્યો, પોતાના સ્વચતુષ્ટય જે અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતઆનંદ અને અનંતવીર્ય એવા જે દ્રવ્યસ્વભાવમાં અનંત ચતુષ્ટય પડ્યા છે, તેના અંતર અવલંબનથી નિશ્ચય દ્રવ્યસ્વભાવના આશ્રયથી નિશ્ચય સમ્યગ્દર્શન, નિશ્ચય જ્ઞાન અને નિશ્ચય ચારિત્ર નામ સ્વરૂપની લીનતા, એવો જે સાધકભાવ પ્રગટ કર્યો એનું ફળ શું છે, તેની વાત કરે છે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા એક સેકંડના અસંખ્ય ભાગમાં પૂર્ણ શુદ્ધ ધ્રુવ અખંડ આનંદકંદ છે. એની સન્મુખ થઈને, સન્મુખ થયો તો સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની નિર્મળ વીતરાગી પર્યાય સ્વભાવના આશ્રયે જે પ્રગટ થઈ તેનું નામ મોક્ષનો માર્ગ છે. અને તેનું ફળ શું? કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંતઆનંદ, અનંતવીર્ય એવા અછિન્ન તત્ત્વની ઉપલબ્ધિ-પ્રાપ્તિ, તેનું ફળ નામ સાધ્ય છે. સાધક મોક્ષનો માર્ગ અને સાધ્ય છે કેવળજ્ઞાન આદિ ફળ. સમજાણું કાંઈ? તો કહે છે,

**जयति सहजतेजः पुञ्जमज्जत्त्रिलोकी-**
**स्खदलिखविकल्पोप्येक एव स्वरूपः।**
**स्वरसविसरपूर्णाच्छिन्नतत्त्वोपलम्भः**
**प्रसभनियमितार्चिश्चिच्चमत्कार एषः।।२७५।।**

છેલ્લા કળશો છે. ભગવાન આત્મા પૂર્ણ શાંતિ અને આનંદની પર્યાય પ્રગટ કરી એમાં કેવળજ્ઞાનની પર્યાય થઈ. એ પોતાનાને પોતાના આશ્રયે મોક્ષમાર્ગ છે અને પોતાના જ આશ્રયે કેવળજ્ઞાન આદિ છે. પરના આશ્રયે પોતામાં કંઈ લાભ થતો નથી. સમજાણું કાંઈ? ભગવાન અનંતઆનંદ સંપન્ન વસ્તુ છે. અતીન્દ્રિય આનંદનો રસ અથવા વીતરાગી વિજ્ઞાનઘન આત્મા છે. તેનું અંતરલક્ષ કરવાથી જે નિશ્ચય વીતરાગી સમ્યગ્દર્શનની પર્યાય પ્રગટ થઈ અને જ્ઞાનનું સ્વસંવેદન કરવાથી પોતાનું જ્ઞાન-પ્રત્યક્ષ જ્ઞાનનું વેદન કરવાથી સમ્યગ્જ્ઞાન પ્રગટ થયું અને શુદ્ધ વીતરાગી વિજ્ઞાનઘનમાં દર્શન, જ્ઞાન સહિત લીન થવું તે ચારિત્ર છે. એ ત્રણેનું ફળ શું?

કહે છે કે, **'સહજ (-પોતાના સ્વભાવરૂપ) તેજઃપુંજમાં ત્રણ લોકના પદાર્થો**

**મગ્ન...**' થઈ જાય છે. પહેલી પંક્તિ છે. ભગવાન આત્મા, એની જ્ઞાનની પર્યાય... સહજ નામ પર્યાયની વાત છે, ત્રિકાળીની વાત નથી. '**સહજ (-પોતાના સ્વભાવરૂપ) તેજઃપુંજમાં...**' પોતાની જ્ઞાનપર્યાય જે શક્તિરૂપે તો હતી, અનંત અનંત કેવળજ્ઞાનની પર્યાય જ્ઞાનગુણમાં આવી અનંતી કેવળજ્ઞાનની પર્યાય હતી. એના અંતર આશ્રયથી જે સાધકપણું પ્રગટ થયું તેના કાર્યરૂપે-ફળરૂપે જે કેવળજ્ઞાન થયું, તો કહે છે કે '**(-પોતાના સ્વભાવરૂપ)...**' એ તો પોતાની નિજ સ્વભાવપર્યાય છે. કેવળજ્ઞાન નિજસ્વભાવરૂપ અવસ્થા (છે). એવા સહજ '**તેજઃપુંજમાં ત્રણ લોકના પદાર્થો...**' ત્રણ લોક શબ્દ વાપર્યો છે પણ લોકાલોક લેવું. સમજાણું કાંઈ? ત્રણ લોક શબ્દ વાપર્યો છે. બાકી લોક અને અલોક જેટલા પદાર્થ છે એ ત્રિલોકના પદાર્થો મગ્ન થઈ જાય છે. મગ્ન થઈ જાય છે એનો અર્થ શું? એક સમયની જ્ઞાનની પર્યાયમાં આખો લોકાલોક જણાય છે તો લોકાલોક જાણે પોતાની પર્યાયમાં મગ્ન થઈ ગયા એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

એક સમયની પર્યાયનું અસ્તિત્વ જે કેવળજ્ઞાનની પર્યાય છે એક સમયની, એમાં લોક-અલોક અને પોતાનું દ્રવ્ય, પોતાના ગુણ અને અનંતી પર્યાય એક જ સમયમાં બધાનું જ્ઞાન પરિણમન થાય છે. સમજાણું કાંઈ? એક જ સમયની જ્ઞાનની પર્યાયમાં લોકાલોક, પોતાના દ્રવ્યની શક્તિ, અંદર શક્તિવાન અને શક્તિઓ અને તેની અનંત પર્યાય એક સમયમાં મગ્ન થઈ જાય છે. સમજાણું કાંઈ? એવા '**પદાર્થો મગ્ન થતા હોવાથી...**' આ કારણે. કહે છે કે પોતાનો સાધકસ્વભાવ જે અંતરના આશ્રયે ઉગ્રપણે પ્રગટ થયો તેનું ફળ પણ મહા આશ્ચર્યકારી છે, એમ કહે છે. અદ્ભુતાત્ અદ્ભુતમ્ આવી ગયું ને પહેલા? એ ૨૭૪ શ્લોક આવી ગયો છે. '**विजयतेऽद्भुतादद्भुतः**'. એવા શબ્દો કાલે આવી ગયા છે. સમજાણું કાંઈ? ૨૭૪માં છેલ્લે. '**स्वभावमहिमात्मनो विजयतेऽद्भुतादद्भुतः**'. પછી આ કળશ લીધો છે.

શું કહે છે? બહુ કમાય પછી કહે ને, ઘણા પૈસા ભેગા થયા. ધૂળ. સમજાણું કાંઈ? ઘણો પ્રયત્ન કર્યો તો ઘણા પૈસા મળ્યા. એ તો ખોટી વાત છે. તારા પ્રયત્નથી લક્ષ્મી મળતી નથી. એ તો પૂર્વના પુણ્યના પરમાણુ એવા પડ્યા હોય તેના પાક કાળે એવી સંયોગની સ્થિતિ ઊભી થઈ જાય છે. તારા પ્રયત્નથી નહિ. આ એવી વાત નથી. આ તો પ્રયત્નથી લક્ષ્મી પ્રાપ્ત થાય છે એમ કહે છે. પેલી લક્ષ્મી ભિન્ન છે, જડ છે. અને જડ છે તે પોતામાં તો પ્રાપ્ત થતી નથી. પોતામાં તો પ્રાપ્ત થતી નથી. પોતાની પર્યાયમાં આવે છે ઈ? પોતાની પર્યાય છે એમાં શું લક્ષ્મી આવે છે? શરીર આવે છે? કર્મ આવે છે? એ તો ભિન્ન રહે છે. પણ લોકો એમ કહે, બહુ પ્રયત્ન કર્યો તો ઘણી લક્ષ્મી મળી. કરોડ, બે કરોડ, પાંચ કરોડ એવી ધૂળ (મળી).

અહીંયા તો કહે છે, પોતાનો ચૈતન્ય ભગવાન અનંતજ્ઞાન ભગવાન છે. સવારે કહ્યું હતું. ભગ નામ લક્ષ્મી, વાન નામ સ્વરૂપ. એની કેવળજ્ઞાન, કેવળદર્શન આદિ લક્ષ્મી જ એનું સ્વરૂપ છે. સમજાણું કાંઈ? એવો ભગવાન આત્મા પોતાનો આશ્રય કરીને નિર્મળ આનંદનું વેદન થઈને સ્વસંવેદન પ્રત્યક્ષ આત્માનો આનંદ ઉત્પન્ન થઈને જે સાધકપણું સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર પ્રગટ થયા એના કાર્યરૂપ કેવળજ્ઞાનની લક્ષ્મી કેવી પ્રગટ થાય છે? અદ્ભુત થાય છે. સમજાણું કાંઈ? જેમાં ત્રણ લોકના પદાર્થો મગ્ન થઈ જાય છે. એનો અર્થ મારી પર્યાય એકરૂપ થઈ, બસ! એમાં બધું આવી ગયું. કોઈ બાકી રહ્યું નહિ. પોતાની એક કેવળજ્ઞાનની પર્યાયની અપેક્ષાથી પોતાની અસ્તિ છે, પોતાની અપેક્ષાથી બીજી કોઈ વસ્તુ જ નથી. મગ્ન થઈ ગયા હતા ને? શું કહ્યું સમજાણું?

પોતાની કેવળજ્ઞાનની પર્યાયની અપેક્ષાથી મારું અસ્તિત્વ આવડું જ છે. અને એ અસ્તિત્વને કારણે બીજી વસ્તુ, પોતાના અસ્તિત્વની અપેક્ષાથી બીજી વસ્તુ છે જ નહિ. મારી પર્યાય એવી એકરૂપ થઈ ગઈ. લોકાલોક અને બધા દ્રવ્ય-ગુણ પોતાની કેવળજ્ઞાનની પર્યાયમાં ઝળકી ગયા. સમજાણું કાંઈ? સૂક્ષ્મ વાત છે, ભગવાન! આ તો આત્માની વાત છે. અનંત કાળથી એણે એ વાત અંતર્મુખ થઈને આત્માની કૃપા, પ્રસન્નતા એણે પ્રાપ્ત જ નથી કરી. સમજાણું કાંઈ? રાગ ને પુણ્ય ને એવી વાત કરીને પ્રસન્ન થઈ ગયો. એ તો મિથ્યાત્વભાવથી પ્રસન્ન થયો. પ્રભાવિત થયો. રાગ કર્યો, શુભ કર્યા, આમ કર્યું, તેમ કર્યું. ભગવાન! વિકારથી પ્રભાવિત થયો એ તો મિથ્યાત્વભાવ છે. નિર્વિકારી સ્વભાવથી પ્રભાવિત થયો એને નિર્વિકારી શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર થયા એમાં કેવળજ્ઞાન પ્રાપ્ત થયું.

કહે છે, ત્રણ લોકના પદાર્થો અંતરમાં જ્ઞાનમાં મગ્ન થઈ જાય છે એનો અર્થ કંઈ આવી જાય છે? ભાષા તો એમ છે, જુઓ! '**मज्जत**' શબ્દ પડ્યો છે ને, ભાઈ! '**मज्जत**' શબ્દ છે. સહજ તેજઃપુંજ '**मज्जत**'. સંસ્કૃતમાં '**मज्जत**' શબ્દ છે. '**जयति सहजतेजः पुञ्जमज्जत**' જાણે અંદરમાં આવી ગયા. એનો અર્થ ઈ પદાર્થ નથી આવતા. પદાર્થ સંબંધી જે જ્ઞેય છે, એ સંબંધી પોતાનું જ્ઞાન છે એ પોતાની જ્ઞાનપર્યાયમાં પરિણમન થયું. એમ થવા છતાં.. જુઓ! તેથી, આ કારણે '**જેમાં અનેક ભેદો થતા દેખાય છે...**' સમજાણું કાંઈ? ભગવાન પોતાની જ્ઞાનપર્યાયમાં બધાને જાણવાની પર્યાયમાં પરની અને સ્વનું પર્યાયપણે પરિણમન થયું તો એ અપેક્ષાથી અનેક ભેદો થતા દેખાય છે. જ્ઞાન જાણે અનેકરૂપ થયું એમ દેખાય છે. સમજાણું કાંઈ? શરીરથી અનેકરૂપ થયો, રાગથી અનેકરૂપ થયો એમ તો દેખાતું જ નથી. પોતાની જ્ઞાનપર્યાય પૂર્ણ જ્યાં પ્રગટ થઈ, નિજ શુદ્ધ મોક્ષમાર્ગના આશ્રયે, તો કહે છે કે એક સમયની પર્યાયમાં અનેક ભેદ દેખાય છે. જાણે ઘણું ઘણું જાણ્યું એવા અનેક ભેદ

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


અંદર દેખાય છે. અનેક ભેદ એક સમયની પર્યાયમાં દેખાય છે.

'**તોપણ...**' '**જેમાં અનેક ભેદો થતા દેખાય છે...**' એમ છે. દેખાય છે. '**તોપણ...**' તથાપિ છે ને? '**તોપણ જેનું એક જ સ્વરૂપ છે...**' જ્ઞાનરૂપ જુઓ તો એક જ છે. એમાં કોઈ બે, ત્રણ, ચાર ખંડ થઈ ગયા એમ નથી. સમજાણું કાંઈ? આહા..હા..! આચાર્યે આવો શ્લોક કહીને જીવોને શું કહે છે? અમે તો પામર સાધારણ પ્રાણી છીએ તો અમને આવી વાત શા માટે સંભળાવે છે? પંચમ કાળના આચાર્ય છે અને પંચમ કાળના જીવો માટે તો કહે છે. જિનેશ્વરદાસજી! ચોથા આરાના જીવ માટે કહે છે? અરે..! પ્રભુ! સાંભળ તો ખરો, ભગવાન! ભગવાન કહીને જ બોલાવે છે. કર્તાકર્મમાં ૭૨ ગાથામાં આવ્યું ને? ભગવાન આત્મા, એમ જ કહે છે. પુણ્ય-પાપના ભાવ અશુચિ છે, મેલ છે. ભગવાન આત્મા શુચિ-નિર્મળ છે. અતિ નિર્મળાનંદ ભગવાન આત્મા છે. સમજાણું કાંઈ?

એવા ભગવાન આત્માની પર્યાય જ્યારે પૂર્ણ પ્રગટ (થાય છે), પોતાના મોક્ષમાર્ગના કારણે પ્રગટ થઈ તો કહે છે કે એક સમયની પર્યાયમાં અનેક ભેદ દેખાય છે. છતાં તો જ્ઞાનરૂપ તો પર્યાય એક જ છે. અનેક દેખાય છે છતાં એક છે. એવી અદ્‌ભુતતા છે એમ કહે છે. સમજાણું કાંઈ? રાગની કોઈ વાત નથી અંદરમાં. ભગવાન ચૈતન્યમૂર્તિ પ્રભુ પોતાનો આશ્રય કરીને પૂર્ણ આશ્રય કર્યો અને કેવળજ્ઞાન થયું તો જાણે એક જ પર્યાય અનેક ભેદરૂપે દેખાય છે. છતાં એક જ છે. અનેક દેખાય છે છતાં એક છે. એવી એની અદ્‌ભુત લીલા છે. શેઠી! આરે..! આ ભારે.

'**(અર્થાત્ કેવળજ્ઞાનમાં સર્વ પદાર્થો...)**' ઝળકે છે. ઝળકે છે એ તો બતાવવું છે. અહીંયાં કંઈ પદાર્થ ઝળકતા નથી. આ તો અરૂપી ચૈતન્યઘન છે. પણ ઝળકે છે એનો અર્થ અનંત જેટલા ત્રણ કાળ ત્રણ લોક, દ્રવ્ય-ગુણ-પર્યાય બધા જ્ઞાનની પર્યાયમાં જણાય છે. સમજાણું કાંઈ? જળનો-નદીનો પ્રવાહ જોવાથી ઉપર નક્ષત્ર, તારા આદિ ઘણા છે તો એનું પણ પ્રતિબિંબ પડે છે. તો જળને જોવાથી એ બધું દેખાઈ જાય છે. જળને જોવાથી એ પ્રતિબિંબ પડે છે એ બધા દેખાય છે. સમજાણું કાંઈ? એવી પોતાની જ્ઞાનપર્યાય નિર્મળ પ્રગટ થઈ એને જોવે છે તો એમાં લોકાલોક ઝળકી જાય છે એને જોવે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ન સમજાણું.

ઉત્તર :- ન સમજાણું? લે. જળનો પ્રવાહ હોય ને? નદીનું જળ. ઉપર ચંદ્ર બે છે, (પણ) ચંદ્ર એક લો. એક સૂર્ય છે, એક ચંદ્ર, ૮૮ ગ્રહ, ૨૮ નક્ષત્ર, છાસઠ હજાર નવસો ક્રોડાક્રોડી તારા અંદર દેખાય છે. ઉપર છે ને? જળને જોવાથી એ દેખાય છે. એ વસ્તુ નથી. અહીં તો એની-જળની પર્યાય છે. જળની પર્યાય જોવાથી એ બધું દેખાય છે. એમ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


પૂર્ણ જ્ઞાનની પર્યાય જોવામાં સમસ્ત લોકાલોક એમાં જણાય છે. એ જ્ઞાનને જોવે છે. જ્ઞાન જ્ઞાનને જોવે છે. જ્ઞાન લોકાલોકને જોવે છે? લોકાલોક તો પર છે. સમજાણું કાંઈ? આહાહા..! ભગવાન! તારું અસ્તિત્વ કેવડું મોટું છે ઈ બતાવે છે. જેના એક ગુણની એક પર્યાય.. ઓહો..હો..! એક સમયની એક અવસ્થા. જેમાં ત્રણ કાળ ત્રણ લોક અને લોકાલોક બધું જણાય છે. એવી પર્યાયનું એટલું સામર્થ્ય અને તેજ છે. સમજાણું કાંઈ?

એવા '**(અનેક ભેદો થતા દેખાય છે તોપણ...**' અનેક દેખાય છે તોપણ એક રહે છે, અનેકરૂપ થઈ નથી ગયું. સમજાણું કાંઈ? તેથી '**(અનેક જ્ઞેયાકારરૂપ દેખાય છે તોપણ ચૈતન્યરૂપ જ્ઞાનાકારની દૃષ્ટિમાં જે એકસ્વરૂપ જ છે).**' જ્ઞેયાકાર અનંત છે તો જ્ઞાનની પર્યાય અનેકરૂપ થઈ ગઈ હોય એમ દેખાય છે. જ્ઞાનની પર્યાયથી જુઓ તો જ્ઞાનપર્યાય તો એકરૂપ જ છે. ઓહોહો..!

મુમુક્ષુ :- જ્ઞાન જ જ્ઞાન છે.

ઉત્તર :- જ્ઞાન જ જ્ઞાન છે, એમાં કોઈ જ્ઞેયનો પ્રવેશ થયો નથી. આહાહા..! સમજાણું કાંઈ? આવું કેવળજ્ઞાનની પર્યાયનું માહાત્મ્ય છે. એક પ્રકાર (ઈ કહ્યો).

બીજો પ્રકાર. જેમાં એટલે કેવળજ્ઞાનની પોતાની નિર્મળ પર્યાયમાં સાધ્ય પ્રગટ થયું ને. '**જેમાં નિજ રસના ફેલાવથી પૂર્ણ અછિન્ન તત્ત્વ-ઉપલબ્ધિ છે...**' જે જ્ઞાનજ્યોતિની પર્યાયમાં નિજ રસના વિસ્તારથી. પોતાની આનંદાદિ, જ્ઞાનાદિ શક્તિનો વિસ્તાર (થયો છે). શક્તિનો પૂર્ણ વિસ્તાર, એનાથી પૂર્ણ અછિન્ન-ત્રુટ ન પડે, ભંગ ન પડે એવા અછિન્ન તત્ત્વ-ઉપલબ્ધિ છે. સમજાણું કાંઈ? એ તત્ત્વ કેવળજ્ઞાન, કેવળદર્શનપણે એવું પ્રાપ્ત થયું કે જેનો હવે અભાવ નહિ થાય. સમજાણું કાંઈ? '**જેમાં નિજ રસના ફેલાવથી...**' ભગવાન આત્મા... જેમ વનસ્પતિની કળી હોય એ પોતાથી ખીલીને લાખ પાંખડીના કમળથી ખીલે છે, એ પોતાના નિજ રસથી ખીલી છે. સૂર્યને કારણે નથી ખીલી. એમ ભગવાન આત્મા પોતામાં જ્ઞાન, આનંદ આદિ અનંત શક્તિ હતી તે પોતાના નિજ રસથી પર્યાયમાં પ્રગટ થઈ છે. સૂક્ષ્મ તત્ત્વ છે. ભગવાન આત્મા વિકલ્પાતીત છે, વચનાતીત છે, શરીરાતીત છે. એક સમયની પર્યાય જેવડો આત્મા નથી. આહાહા..!

આવો ભગવાન આત્મા ધ્રુવને ધ્યેય બનાવી, ધ્રુવને ધ્યેય બનાવી જે સમ્યગ્દર્શન પ્રગટ થયું, તો ધ્યેયમાં જે અનંત જ્ઞાનાદિ શક્તિરૂપે પડ્યા છે તે પ્રગટ થયા. સમજાણું કાંઈ? નિજ રસથી અર્થાત્ પોતાની શક્તિથી પ્રગટ થયા છે. સંહનન મજબૂત છે, શરીર છે, મનુષ્યદેહ છે, વજ્રનારાચસંહનન છે તો કેવળજ્ઞાનનો અને પોતાની શક્તિનો વિકાસ થયો એમ નથી. લ્યો, નિમિત્તથી નથી થતું એમ કહે છે. ભાઈ! જિનેશ્વરદાસજી! નિમિત્તથી નથી થતું એમ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


કહે છે. પોતાથી થાય છે. પોતાની શક્તિ જે અંદર પડી છે તેનો વિસ્તાર પોતાની પર્યાયમાં પોતાથી વિસ્તાર (થાય છે), નિજ રસથી વિસ્તાર (થાય છે). નિજ શક્તિથી, નિજ બળથી, નિજ સ્વભાવથી, નિજ સામર્થ્યથી વિસ્તાર-એક સમયમાં કેવળજ્ઞાન, કેવળદર્શન, આનંદ આદિ થયા. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? કર્મનો અભાવ થયો તો નિજ રસનો વિસ્તાર થયો એમ નથી, એમ કહે છે.

મુમુક્ષુ :- ભિન્ન ભિન્ન ...

ઉત્તર :- ભિન્ન ભિન્ન છે. તેથી શું? તેનો નાશ થયો તો તેના ઘરે રહ્યા. સમજાણું કાંઈ? જુઓ! કેટલાક કહે છે ને? કર્મનો નાશ થાય તો કેવળજ્ઞાન ઉત્પન્ન થાય છે એમ કહો. ભાઈ! જિનેશ્વરદાસજી! એમ નથી, ભગવાન! એમ છે નહિ. તારી શક્તિનો વિકાસ જ્યારે પોતાથી થયો તો કર્મની પર્યાયમાં તેને કારણે અભાવ થાય છે, તારે કારણે નહિ.

મુમુક્ષુ :- એવી યોગ્યતા એનામાં છે.

ઉત્તર :- એમાં છે. એનામાં એની છે, તારી તારામાં છે. સમજાણું કાંઈ?

'**જેમાં...**' એટલે પોતાની શક્તિ પ્રગટ થઈ એમાં '**નિજ રસના ફેલાવથી...**' નિજ રસનો વિસ્તાર. અનંતજ્ઞાન, અનંતદર્શન, અતીન્દ્રિય અનંતઆનંદ (પ્રગટ થયા). વીતરાગ વિજ્ઞાનતા કહ્યું ને? 'મંગળમય મંગલકરણ વીતરાગ વિજ્ઞાન' ટોડરમલજીમાં આવે છેને? પહેલો મંગળિક શ્લોક. 'મંગળમય મંગલકરણ વીતરાગ વિજ્ઞાન, નમો તે જેથી ભયા, અરહંતાદિ મહાન.' એ ટોડરમલજીનું મંગળિક છે. અને છઢાળાનું મંગળિક છે, 'તીન ભુવનમેં સાર વીતરાગ વિજ્ઞાનતા'. આવે છે? શિવમય અને શિવકારણ. શિવમય અને શિવકારણ. 'નમું ત્રિયોગ સમ્હારિકે'. જુઓ! કેવું મંગળિક કર્યું! સમજાણું કાંઈ?

ભગવાન વીતરાગ વિજ્ઞાનઘન છે અને તેના આશ્રયે પ્રગટ થઈ તે પણ વીતરાગ વિજ્ઞાન પર્યાય થઈ છે અને એના કાર્યરૂપ પ્રગટ થઈ તે પણ વીતરાગ વિજ્ઞાન થઈ છે. સમજાણું કાંઈ? એવો ભગવાન '**નિજ રસના ફેલાવથી પૂર્ણ અછિન્ન...**' અભાવ ન થાય એવી તત્ત્વની ઉબલબ્ધિ નામ તત્ત્વની પ્રાપ્તિ થઈ છે એમ કહે છે. સમજાણું કાંઈ? કોઈ કહે છે ને, પરમાત્મા થાય છે પણ પછી અવતાર લ્યે છે. અછિન્ન કહ્યું ને? અભાવ નથી થતો. જે પ્રાપ્ત તત્ત્વ ઉપલબ્ધિ, અછિન્ન તત્ત્વ ઉપલબ્ધિ (થઈ). તત્ત્વની પ્રાપ્તિ જે પર્યાયમાં પૂર્ણ થઈ તે અછિન્ન છે અર્થાત્ હવે અભાવ નહિ થાય. સમજાણું કાંઈ? એ તો શબ્દમાં ઘણું ભર્યું છે. આ તો અમૃતચંદ્રાચાર્ય દિગંબર સંત મુનિ મહા ભાવલિંગી સંત છે. પરમેશ્વર છે ઈ. સમજાણું કાંઈ?

કહે છે, શાસ્ત્ર રચવાનો વિકલ્પ ઉઠ્યો છે. (તો કહે છે), વિકલ્પ મારો છે જ નહિને.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


મેં શાસ્ત્રની રચના નથી કરી. ઈ હમણાં આવશે ૨૭૭ કળશમાં. મેં તો શાસ્ત્ર રચ્યું જ નથી. તમે શું કહો છો? એ તો શબ્દની પર્યાય પોતાના પરિણમનથી એ ભાષા થઈ છે. હું એ શબ્દની પર્યાયનો કર્તા છું એમ નહિ માનતા, ભગવાન! એમ કહે છે. ભાઈ! શબ્દની પર્યાય એની શક્તિથી તે અક્ષરો થયા છે. એક અક્ષરમાં તો અનંત પરમાણુનો સ્કંધ એ પર્યાયપણે પરિણમ્યા છે. ભાષાવર્ગણા પર્યાયપણે પરિણમી છે. શું હું એનો કર્તા છું? હું તો જાણું છું કે આવી જડની પર્યાય ભાષામાં થઈ તો પોતાના જ્ઞાનને જાણતો થકો જાણું છું કે આવી થઈ. મારાથી થઈ છે એમ ન માનો, ભગવાન! સમજાણું કાંઈ? આહા..હા..! ઈ આવશે, ૨૭૭માં આવશે.

અહીં તો કહે છે, '**નિજ રસના ફેલાવથી પૂર્ણ અછિન્ન તત્ત્વ-ઉપલબ્ધિ છે (અર્થાત્ પ્રતિપક્ષી કર્મનો અભાવ થયો હોવાથી જેમાં સ્વરૂપ-અનુભવનનો અભાવ થતો નથી)...**' લ્યો. અછિન્ન છે ને? અછિન્ન. ભગવાન આત્મા પોતાના શુદ્ધ આનંદસ્વરૂપના અવલંબનથી જે મોક્ષમાર્ગ પ્રગટ કર્યો એના કાર્યરૂપ જે તત્ત્વની ઉપલબ્ધિ (થઈ). જુઓ ભાષા! તત્ત્વની ઉપલબ્ધિનો અર્થ-એ તત્ત્વ-દ્રવ્ય તો છે, ગુણ તો છે. પર્યાયમાં તેનો અનુભવ પૂર્ણ થયો કેવળજ્ઞાનાદિ, એને તત્ત્વની ઉપલબ્ધિ અછિન્ન છે એમ કહે છે. સમજાણું કાંઈ? '**જેમાં નિજ રસના ફેલાવથી પૂર્ણ અછિન્ન...**' જુઓ ભાષા! નિજ રસના ફેલાવથી-એક વાત. પૂર્ણ પૂર્ણ જ્ઞાન, પૂર્ણ દર્શન, પૂર્ણ આનંદ, પૂર્ણ વીર્ય, પૂર્ણ પરમેશ્વરતા, પૂર્ણ સ્વચ્છતા, બધા ગુણની પૂર્ણ દશા પ્રગટ થઈ એ અછિન્ન તત્ત્વ ઉપલબ્ધિ છે. એ તત્ત્વનો અનુભવ પર્યાયમાં સિદ્ધપદની પર્યાય થઈ એ અછિન્ન (રહે છે), એનો અભાવ નહિ થાય. સમજાણું કાંઈ? જુઓ! આ છેલ્લા શ્લોકમાં મંગળિક કરે છે. આહાહા..!

'**અને અત્યંત નિયમિત જેની જ્યોત છે...**' ભગવાન આત્માની જે જ્ઞાન-કેવળજ્ઞાન દશા પ્રગટ થઈ, કેવળ આનંદ પ્રગટ થયો એ કેવો છે? '**અત્યંત નિયમિત જેની જ્યોત છે...**' નિયમિત, નિયમિત. અકંપ એવી નિયમિત એકરૂપ ધારા અનંતઆનંદ આદિની વહેશે એનું નામ એક નિયમિત કહે છે. એકરૂપ નિશ્ચિત. '**(અર્થાત્ અનંત વીર્યથી જે નિષ્કંપ રહે છે)...**' એમ કહે છે. આહા..! ક્યારેય કંપ (થતો નથી). શુદ્ધ અનંતજ્ઞાન, દર્શન, આનંદ આદિ પ્રગટ થયા એમાં કંપ થાય, કંપ નામ અસ્થિર થાય એવી એ વસ્તુ નથી. અકંપ છે. એકધારા વહે છે. કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંતઆનંદ જે પ્રગટ થયા, સિદ્ધપદ સાધ્ય, તે એવુંને એવું રહે છે. એને હવે ક્યારેક સંસાર થશે અને લોકોને તારવા અવતાર લેશે એવું એમાં નથી. સમજાણું કાંઈ? એની વસ્તુની સ્થિતિ મર્યાદા આવી છે. પોતાના બેહદ તત્ત્વની ઉપલબ્ધિ થઈ તો કહે છે કે જ્યોતિ અત્યંત નિયમિત, એવીને એવી જ્યોતિ નિયમિત એમ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


ને એમ રહેશે, અકંપ રહેશે. અછિન્ન અને અકંપ. એવી ને એવી રહેશે. ભલે સમય સમયની પર્યાય બદલાય છે. પણ બદલવા છતાં સદશતા તો એવી ને એવી રહે છે. સદશતા. કેવળજ્ઞાન, કેવળદર્શન એની પર્યાયનો કાળ એક સમયનો જ છે. મોક્ષ-સિદ્ધની પર્યાયનો કાળ તો એક સમય જ છે. સમજાણું કાંઈ? સિદ્ધની પર્યાયનો કાળ તો એક સમય જ છે. સિદ્ધ પર્યાય છે, સિદ્ધ કોઈ દ્રવ્ય-ગુણ નથી. જેમ સંસાર એ પણ એક વિકારી પર્યાય એક સમયની છે. એમ મોક્ષમાર્ગ એક સમયની નિર્મળ અપૂર્ણ પર્યાય છે. સિદ્ધ એક સમયની પૂર્ણ નિર્મળ પર્યાય છે. છે તો ત્રણેય પર્યાય. દ્રવ્ય-ગુણ તો પરિપૂર્ણ પડ્યા છે. એમાં ક્યાં ઘાલમેલ થાય છે કે ન્યૂનતા થાય છે કે અધિકતા થાય છે. એવું એમાં તો નથી. દ્રવ્ય-ગુણ-પર્યાય સદશ એકરૂપ ત્રિકાળ રહે છે. સમજાણું કાંઈ?

કહે છે, એ પર્યાય જે એટલી પ્રગટ થઈ, સાદશ્યપણે તો જ્ઞાન, દર્શન છે એમાં ઓછાવત્તાપણું પોતાની યોગ્યતાથી થાય છે. સાધકપણામાં. પોતાને કારણે, હોં! પરના કારણે નહિ. પણ સિદ્ધપર્યાય જ્યાં મોક્ષ થયો તો એ અછિન્ન અકંપ (રહે છે). સમજાણું કાંઈ? આહા..હા..! અરે..! એની પૂર્ણ દશાની તાકાત કેટલી એ પણ એણે રુચિમાં કદી લીધું નથી. એવી એવી અહીં તો પર્યાયની વાત ચાલે છે. એની પર્યાયની વાત ચાલે છે. એવી અનંતી અનંતી પર્યાયનો એક ગુણ, એવા અનંત ગુણનો પુંજ એ દ્રવ્ય. ઈ વાત છે. આહા..! સમજાય છે કાંઈ? સમજાણું કાંઈ? અમારી ગુજરાતી વચ્ચે આવી જાયને. કહો, ગંભીરચંદજી! હવે તો થોડું હિન્દી ચાલે છે. થોડું થોડું આવડે છે, બહુ નથી આવડતું. હોં! અમે તો જિનેશ્વરદાસ આવ્યા તો થોડું હિન્દીમાં ચાલ્યું. પંદર દિ. અમે તો કાઠિયાવાડી છીએને. ભાષા કાઠિયાવાડી છે. કાઠિયાવાડી પણ નથી અને ભાષાવાળો પણ આત્મા નથી. કહો, સમજાણું કાંઈ? ભારે!

ભગવાન આત્મા.. આહા..હા..! જ્યાં અનંત લક્ષ્મી પ્રગટ થઈ, ઢગલો થઈ ગયો, કહે છે. લક્ષ્મીનો ઢગલો થાય છે ને. એ.. પોપટભાઈ! પોપટભાઈને કહ્યું, લક્ષ્મીનો ઢગલો. આ ધૂળના ઢગલા છે, આ તો લક્ષ્મીના ઢગલા છે. આહાહા..! કહે છે, જુઓ! ભાષા શું છે? '**(પ્રતિપક્ષી કર્મનો અભાવ થયો હોવાથી જેમાં સ્વરૂપ-અનુભવનો અભાવ થતો નથી).**' પહેલા અછિન્નમાં (આવી ગયું). હવે અહીંયા (કહે છે), '**અત્યંત નિયમિત જેની જ્યોત છે...**' નિયમિત, નિશ્ચય. ક્રમ નિયમિત છે ને? ક્રમ નિયમિત. ભાઈ! આત્મામાં ક્રમ નિયમિત પર્યાય છે. આવે છે ને? ઈ જ શબ્દ અહીંયા પડ્યો છે. સર્વવિશુદ્ધ અધિકારમાં. ક્રમ નિયમિત. ભગવાન આત્મા... આત્મામાં શું બધામાં, ક્રમ નિયમિત (પર્યાય થાય છે). ક્રમે ક્રમે અને નિયમિત. જે થવાવાળી છે તે જ થાય છે એનું નામ ક્રમ નિયમિત છે. એ ક્રમ નિયમિત અહીં લીધું. જે પર્યાય પ્રગટ થઈ અનંત આનંદાદિ સિદ્ધપર્યાય ક્રમ નિયમિત, અત્યંત નિયમિત

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


(છે). એવી ને એવી નિયમિત નિશ્ચિત રહે છે. આહાહા..!

**'(અનંત વીર્યથી જે નિષ્કંપ રહે છે). એવો આ...'** હવે આવ્યું. આ. આવો ભગવાન આત્મા **'(પ્રત્યક્ષ અનુભવગોચર)...'** એ કેવળજ્ઞાનાદિમાં આત્મા તો પ્રત્યક્ષ અનુભવગમ્ય છે. કોઈ રાગની અપેક્ષા રાખીને આત્માનો અનુભવ થાય છે એમ નથી. સમજાણું કાંઈ? કેવળજ્ઞાન અને આત્મા બધું પ્રત્યક્ષ અનુભવગમ્ય છે. કોઈ રાગની મદદથી, પરદ્રવ્યની મદદથી પોતામાં આત્મા પ્રત્યક્ષ થાય છે એમ નથી. સમજાણું કાંઈ? **'આ..'** આ. જ્ઞાનસ્વરૂપ ભગવાન પ્રત્યક્ષ રાગથી ભિન્ન પોતાના જ્ઞાનથી સ્વસંવેદન કરીને જે કાર્ય પ્રગટ થયું એ પ્રત્યક્ષ છે, કહે છે. **'ચૈતન્યચમત્કાર જયવંત વર્તે છે.'** આવો ચૈતન્યચમત્કાર. લ્યો, આ દુનિયા બહારનો ચમત્કાર કહે છે કે આણે આમ કર્યું ને તેણે આમ કર્યું. એણે વચન આપ્યું તો પુત્ર થયો. ધૂળમાંય નથી એ ચમત્કાર, સાંભળ તો ખરો. સમજાય છે કાંઈ? એણે આમ લખી લીધું તો પૈસા થયા. ધૂળમાં પૈસા થયા એમાં તને શું થયું?

આ ચમત્કાર છે. એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોક પોતાની પર્યાયમાં પોતાથી પોતાને જાણે છે એવું પરિણમન થઈ ગયું. એવો ચિત્‌ચમત્કાર-**'ચૈતન્યચમત્કાર જયવંત વર્તે છે.'** આચાર્ય ભગવાન આ મંગળિક કરે છે. એવું ને એવું સિદ્ધપદ સાદિઅનંત વર્તે છે, જયવંત વર્તે છે. અર્થાત્ **'(-કોઈથી બાધિત ન કરી શકાય...)'** જે સિદ્ધપદ નામ મોક્ષપદ કોઈ વિઘ્ન કરીને નીચે પાડી દે અને સંસારમાં આવી જાય એવું કદી બનતું નથી. પોતાને કારણે, હોં! પેલા કહે છે, એ તો કર્મ એને નથી તેથી વિકાર નથી થતો. અહીંયા તો કર્મ છે એટલે વિકાર થાય છે, એમ છે જ નહિ. સમજાણું કાંઈ? પોતાના શુદ્ધ સ્વભાવનો અનુભવ પૂર્ણ દશા જ્યાં થઈ તો પોતાને કારણે ચૈતન્ય ચમત્કાર જયવંત વર્તે છે. સમજાણું કાંઈ? **'(-કોઈથી બાધિત ન કરી શકાય એમ સર્વોત્કૃષ્ટપણે વર્તે છે).'** ભગવાન આત્મા અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતઆનંદ આદિ અનંત જેટલી શક્તિઓ છે તે બધાની પર્યાય પૂર્ણ પૂર્ણ પ્રગટ થઈ ગઈ. સર્વોત્કૃષ્ટપણું થયું. તેને જ મંગળિક કહેવામાં આવ્યું છે. છેલ્લા શ્લોક છે ને.

કૌંસમાં લ્યે છે. **'(અહીં 'ચૈતન્યચમત્કાર જયવંત વર્તે છે' એમ કહેવામાં જે ચૈતન્યચમત્કારનું સર્વોત્કૃષ્ટપણે વર્તવું બતાવ્યું, તે જ મંગળ છે).'** લ્યો, આ મંગળ. આ મંગળિક કર્યું, મંગળિક. શરૂઆતમાં મંગળિક કર્યું હતું **'नमः समयसाराय'**, વચ્ચે મંગળિક કર્યું હતું **'इदम् एव तात्पर्यं शुद्धनय...'** શુદ્ધનય એક આદરણીય છે, બીજું કોઈ આદરણીય નથી. આ છેલ્લા મંગળિકના શ્લોક છે. સમજાણું કાંઈ?

**'હવેના કાવ્યમાં ટીકાકાર આચાર્યદેવ પૂર્વોક્ત આત્માને આશીર્વાદ આપે છે...'**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



લ્યો. આત્માને આત્મા આશીર્વાદ આપે છે. બીજો કોણ આશીર્વાદ આપે? અને બીજાના આશીર્વાદથી શું મળે છે? પોતાથી પોતાને આશીર્વાદ મળે છે. '**સાથે સાથે પોતાનું નામ પણ પ્રગટ કરે છે :-**' અમૃતચંદ્રાચાર્ય નામ પણ પ્રગટ કરે છે.

૨૭૬.

**अविचलितचिदात्मन्यात्मनात्मानमात्म-**
**न्यनवरतनिमग्नं धारयद् ध्वस्तमोहम्।**
**उदितममृतचन्द्रज्योतिरेतत्समन्ता-**
**ज्ज्वलतु विमलपूर्णं निःसपत्नस्वभावम्।।२७६।।**

'**શ્લોકાર્થ :- જે અચળ-ચેતનાસ્વરૂપ આત્મામાં આત્માને પોતાથી જ અનવરતપણે (-નિરંતર) નિમગ્ન રાખે છે...**' કેવી છે આત્માની જ્યોતિ? ચૈતન્યજ્યોતિ. અમૃતચંદ્ર જ્યોતિ કહ્યું ને? અમૃતચંદ્ર જ્યોતિ. જેનું કદી મરણ નથી એવી અમૃતચંદ્ર જ્યોતિ આત્મા. પોતાનું નામ પણ અમૃતચંદ્રાચાર્યે આપ્યું છે. પોતાનું સ્વરૂપ પણ અમૃત-કદી મરે નહિ, નાશ ન થાય એવા ભગવાનની પોતાની નિર્મળ પર્યાય અમૃતચંદ્રજ્યોતિ.

'**અચળ ચેતનાસ્વરૂપ આત્મામાં...**' ભગવાન જાણનાર-દેખનાર પોતાનું ચેતના સ્વરૂપમાં. '**આત્મામાં આત્માને...**' જુઓ! આત્મામાં શુદ્ધ આનંદમાં આત્માને '**પોતાથી જ...**' પોતાનું કાર્ય કરવામાં પોતાથી જ. પરની અપેક્ષા રાખ્યા વિના. નિમિત્ત, વિકલ્પ અને સંયોગની અપેક્ષા રાખ્યા વિના પોતાનો આત્મા પોતાથી પોતામાં નિરંતર નિમગ્ન રહે છે. પોતાને કારણે એ પર્યાય નિમગ્ન રહે છે. સમજાણું કાંઈ? આવો ધર્મ તે કેવો હશે? કહો, અમરચંદભાઈ! આમાં કોઈ ચોવિહાર કરવો, કંદમૂળ ન ખાવા, રાત્રિભોજન (ન કરવું) એવી વાત તો એમાં આવતી નથી. આ શું કહે છે? આવો ધર્મ છે જૈનધર્મ? શેઠી! ખાવાની ક્રિયા ક્યાં આત્મા કરી શકે છે કે છોડે. સમજાણું કાંઈ? પરદ્રવ્ય ક્યાં ગ્રહણ કર્યા છે કે પરદ્રવ્યનો ત્યાગ કરે. આહાહા..! પોતામાં જે રાગાદિ પર્યાયની માન્યતા હતી એ છોડી, છૂટી ગયો. અને પરપદાર્થ છૂટ્યા એમ અસદ્ભુત વ્યવહારનયથી કહેવામાં આવે છે. અશુદ્ધનિશ્ચયથી જે રાગાદિ વિકાર છે એ પોતાના શુદ્ધ સ્વભાવનો આશ્રય કરવાથી છૂટી ગયો. તો અશુદ્ધનિશ્ચયનય વ્યવહારનયથી, અશુદ્ધનિશ્ચય કહો કે વ્યવહાર કહો, તેનાથી રાગનો ત્યાગ કર્યો એમ કહેવામાં આવે છે. અને રાગના ત્યાગમાં પરવસ્તુનો ત્યાગ થયો એ તો આવવાના જ નહોતા. અસદ્ભુત વ્યવહારનયથી કહેવામાં આવ્યું કે પરનો ત્યાગ કર્યો. આહાહા..! સમજાણું કાંઈ?

'**અચળ-ચેતનાસ્વરૂપ આત્મામાં...**' આત્મા કેવો છે? કે અચળ ચેતનાસ્વરૂપ છે એમ લીધું. ભગવાન આત્મા ચેતના જાણન-દેખન શક્તિ. એવો અચળ ચેતનાસ્વરૂપ આત્મામાં

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


'**આત્માને...**' પોતાના નિર્વિકલ્પ આનંદનો આશ્રય કરીને '**પોતાથી જ...**' પોતાથી જ નિર્મળ પર્યાયની પરિણતિ આનંદની પોતાથી જ પોતામાં નિરંતર નિમગ્ન રહે છે. પોતામાં લીન રહે છે. પોતાને કારણે લીન રહે છે. '**(અર્થાત્ પ્રાપ્ત કરેલા સ્વભાવને કદી છોડતી નથી),...**' જેમ દ્રવ્ય કદી છૂટતું નથી, ગુણ કદી છૂટતા નથી, એમ પૂર્ણ પર્યાય થઈ એ પણ કદી છૂટતી નથી.

'**જેણે મોહનો (અજ્ઞાન અંધકારનો) નાશ કર્યો છે,...**' લ્યો. અજ્ઞાન અંધકારનો નાશ કર્યો છે એ પણ વ્યવહારથી કથન છે. સમજાણું કાંઈ? પોતાનો ભગવાન શુદ્ધ ચૈતન્યસ્વભાવનો આશ્રય કર્યો તો મોહની ઉત્પત્તિ ન થઈ તો મોહનો ધ્વંસ કર્યો એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? વીતરાગી માર્ગ બાપા સૂક્ષ્મ છે, ભાઈ! એ કોઈ ક્રિયાકાંડમાં બાહ્યમાં વીતરાગ માર્ગ નથી સમાતો. બહાર આવતો જ નથી. અંદરમાં ને અંદરમાં દ્રવ્ય-ગુણ-પર્યાયમાં વીતરાગતા આવે છે. સમજાણું કાંઈ? પહેલા તો વસ્તુ જ સૂક્ષ્મ લાગે કે આ શું કહે છે? ભગવાન તારી મહિમા તારી સંપદાની વાત કરે છે. તારી લક્ષ્મી અનંત આનંદ આદિ જે પ્રગટ થયા તો કહે છે કે એમાં જ મગ્ન રહે છે અને જેણે મોહનો નાશ કર્યો છે. પરની સાવધાનીનો ભાવ જ જેમાં નથી. પોતાના પૂર્ણ સ્વભાવની સાવધાની પ્રગટ કરી. પોતાના પૂર્ણ સ્વભાવની સાવધાનીમાં પૂર્ણ પ્રગટ થયો, પરની સાવધાનીનો નાશ કર્યો. એનું નામ મોહનો ધ્વંસ કર્યો એમ કહેવામાં આવે છે.

'**જેનો સ્વભાવ નિઃસપત્ન...**' પ્રતિપક્ષી કર્મોથી ભગવાન આત્માનો સ્વભાવ વિરુદ્ધ છે, રહિત છે. સમજાણું કાંઈ? નિઃસપત્ન એટલે વિરોધ નહિ. પ્રતિપક્ષી કર્મથી રહિત છે. ભગવાન આત્મા પોતાના જ્ઞાન, દર્શન અને આનંદ જ્યાં પૂર્ણરૂપ પ્રગટ થયા, કહે છે કે એમાં પ્રતિપક્ષી કર્મનો અભાવ જ છે. સમજાણું કાંઈ? એનો કોઈ આશ્રય નથી. કોઈ કર્મ એને નડે એવું નથી. '**જે નિર્મળ છે...**' ભગવાન આત્મા દ્રવ્ય-ગુણે જેમ નિર્મળ છે એમ પોતાની પર્યાયમાં પણ નિર્મળ છે. નિર્મળસ્વરૂપ ભગવાન આત્માના આશ્રયથી નિર્મળ પર્યાય પ્રગટ થઈ. નિર્મળ છે-લેશમાત્ર મળ નથી. સમજાણું કાંઈ? '**અને જે પૂર્ણ છે...**' પૂર્ણ પૂર્ણ. જેવું દ્રવ્ય પૂર્ણ છે, જેવા ગુણ પૂર્ણ છે, એમ પૂર્ણ આશ્રય લઈને બધી અનંતી પર્યાય પૂર્ણ છે. કહો, આનું નામ સાધ્ય અને સિદ્ધપદ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**એવી આ ઉદય પામેલી અમૃતચંદ્રજ્યોતિ...**' લ્યો. અમૃતચંદ્રજ્યોતિ. અમૃતચંદ્ર નામ આત્મા, હોં! આત્મા. અમૃત-ચંદ્ર. મરે નહિ એવી અમૃતચંદ્રજ્યોતિ ભગવાન ત્રિકાળ નિત્યાનંદ પ્રભુ, એના આશ્રયથી જે નિર્મળ પર્યાય થઈ તો અમૃતચંદ્રજ્યોતિ (કહ્યું). મરે નહિ એવી જ્યોતિ એવીને એવી ઉત્પન્ન રહેશે. આહા..હા..! આવો ધર્મ ભારે. સમજાણું કાંઈ? આ તો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


છેલ્લા શ્લોક છે ને. સિદ્ધપદની વાત કરે છે. '**ઉદય પામેલી...**' જુઓ! શું કહે છે? '**એવી આ ઉદય પામેલી...**' જુઓ! પ્રગટ થઈને પ્રાપ્ત થઈ છે. કોઈ બહારથી નથી થઈ. '**(-અમૃતમય ચંદ્રમા સમાન જ્યોતિ,...**' અથવા અમૃત સમાન જ્ઞાન, અથવા અમૃતચંદ્ર સમાન આત્મા. ત્રણે ભાષા લીધી છે. આહાહા..! '**સર્વ તરફથી જાજ્વલ્યમાન રહો.**' એવી ચૈતન્યજ્યોત પ્રગટ થઈ તે સર્વતઃ સર્વ કાળ અને સર્વ પ્રકારે. એમ. છે ને? પાઠમાં છે ને? જુઓ! '**समन्तात्**' '**समन्तात्**'ની વ્યાખ્યા છે ને ઈ. '**समन्तात्**' શબ્દ છે ને? ત્રીજું પદ. '**समन्तात्**' એ. '**समन्ता-ज्ज्वलतु**' '**समन्ता-ज्ज्वलतु**' ઓહો..! એની પર્યાય સર્વ પ્રકારે અને સર્વ કાળ, સર્વ પ્રકાર અને સર્વ કાળ ભગવાન જાજ્વલ્યમાન રહો, એવા આત્માને આશીર્વાદ આપ્યા છે. આહા..હા..! લ્યો, પોતાના આત્માને પોતે આચાર્યે આશીર્વાદ આપ્યા. બીજો કોણ આશીર્વાદ આપે? પંચમકાળના મુનિ છે ને? હોય તો શું છે? કહે છે કે, અમને જે મોક્ષમાર્ગ પ્રગટ થયો છે એ જાજ્વલ્યમાન એમ ને એમ રહો. સમજાણું કાંઈ? એ જ ભાવ લઈને આગળ જઈને કેવળજ્ઞાન પ્રાપ્ત કરશું, અમારો મોક્ષ થશે એમ કહે છે. અમારા આ ભાવથી મોક્ષ જ થશે. અમારો મોક્ષમાર્ગ જાજ્વલ્યમાન રહો અને આગળ જઈને પૂર્ણ થઈ જાઓ. એ પણ જાજ્વલ્યમાન રહો. સમજાણું કાંઈ? સર્વત્ર જાજ્વલ્યમાન રહો. સર્વ પ્રકારે અને સર્વ કાળે. આહા..હા..! કેવળજ્ઞાન, કેવળદર્શન આદિ પ્રગટ થાય તે સર્વ કાળ એવા જ રહો અને સર્વ પ્રકારે એવી નિર્મળ દશા રહો. કોઈ પ્રકારની એમાં હિણપ થાય એવી એ વસ્તુ નથી. એનું નામ સાધ્ય-સિદ્ધપદ કહેવામાં આવે છે. જુઓ! ભાવાર્થમાં અર્થ કરે છે.

'**ભાવાર્થ :- જેનું મરણ નથી...**' ભગવાન આત્માની પર્યાયનું મરણ થાય છે? શું દ્રવ્યનું મરણ થાય છે? ગુણનું? પર્યાયનું? ચંદ્રનું? સૂર્યનું? ચંદ્રનું કદી મરણ થાય છે? સૂર્ય-ચંદ્રનું કદી મરણ થાય છે? કોઈએ કદી સ્નાન કર્યું? ચંદ્ર આથમી ગયો હવે કરો સ્નાન. સ્નાન કહે છે? હિન્દીમાં સ્નાનને શું કહે છે? મૃત્યુ પછી સ્નાન કરે છે ને? શું કહે છે? શેઠી! મૃત્યુ પછી સ્નાન કરે છે ને? શું કહે છે તમારે? ખબર નથી. ઘરમાં એક માણસ મરી જાય તો બધા નદીએ જઈને સ્નાન કરે છે ને? ખબર નથી. સ્નાન તો કહ્યું. હા પાડવી જોઈએ ને. સ્નાનને સ્નાન કહે છે એમ કહેવું જોઈએ. ન્હાયા કહો, સ્નાન કર્યું કહો. તો ચંદ્રનું કોઈ સ્નાન કર્યું? એમ મારો આત્મા વસ્તુથી અમૃત છે, ગુણથી અમૃત છે અને પોતાની પર્યાયથી પણ અમૃત છે. કદી નાશ થતો નથી. આહાહા..! સમજાણું કાંઈ? જુઓ! આ મંગળિક. આત્માના આશીર્વાદ. પોતાને પોતાના આશીર્વાદ!

'**જેનું મરણ નથી તથા જેનાથી અન્યનું મરણ નથી...**' જેનાથી અન્યનું મરણ.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



એમ. પોતાની પર્યાયનો તો નાશ થતો નથી, ન પોતાની પર્યાયથી બીજાનો નાશ થાય છે. ભગવાન આત્મા પોતાના ધ્રુવ સ્વભાવનું અવલંબન લઈને નિર્મળ પર્યાય ધ્રુવમાંથી આવે છે તો એ પર્યાયનો નાશ નથી થતો અને એ પર્યાય બીજી કોઈ વસ્તુનો નાશ નથી કરતી. સમજાણું કાંઈ? પોતાની પર્યાયનો નાશ નથી થતો અને પોતાની પર્યાય પરનો કદી નાશ નથી કરતી.

**'વળી જે અત્યંત સ્વાદિષ્ટ (-મીઠું) હોય તેને લોકો રૂઢિથી અમૃત કહે છે.'** બહુ સ્વાદિષ્ટ હોય ને? આ કેરી કે એવી કોઈ ચીજને અમૃત કહે છે. **'અહીં જ્ઞાનને-આત્માને-અમૃતચંદ્રજ્યોતિ (અર્થાત્ અમૃતમય ચંદ્રમા સમાન જ્યોતિ) કહેલ છે,...'** ભગવાન જ અમૃતચંદ્રજ્યોતિ છે. પોતાના દ્રવ્ય, ગુણ અને નિર્મળ પર્યાય અમૃતચંદ્રજ્યોતિ છે. જેમાં રાગનો અભાવ છે, કર્મનો અભાવ છે અને પોતાની પૂર્ણ પર્યાયનો સદ્ભાવ છે. સમજાણું કાંઈ? કહે છે કે ચંદ્રમા સમાન જ્યોતિ **'(અમૃતમય ચંદ્રમા સમાન જ્યોતિ) કહેલ છે, તે લુપ્તોપમા અલંકારથી...'** એ તો જરી વ્યાખ્યા છે, એ પંડિતનું કામ છે. **'अमृतचन्द्रवत् ज्योतिः'નો સમાસ કરતાં 'वत्'નો લોપ થઈ 'अमृतचन्द्रज्योतिः' થાય છે.'** અમૃતચંદ્ર જેવી એમ નહિ કહેતા અમૃતચંદ્રવત્ તો અમૃતચંદ્ર જેવી થાય છે. **'वत्' શબ્દ ન મૂકતાં અમૃતચંદ્રરૂપ જ્યોતિ એવો અર્થ કરીએ તો ભેદરૂપક અલંકાર થાય છે. 'અમૃતચંદ્રજ્યોતિ' એવું જ આત્માનું નામ કહીએ તો અભેદરૂપ અલંકાર થાય છે).'** એનું કાંઈ નહિ. અલંકાર એ તો પંડિતનો વિષય છે.

**'આત્માને અમૃતમય ચંદ્રમા સમાન કહ્યો હોવા છતાં,...'** હવે શું કહે છે? આત્માને, દ્રવ્ય-ગુણ-પર્યાયને, અમૃતચંદ્રજ્યોતિની ઉપમા આપવા છતાં ચંદ્રની સાથે મેળવવું થતું નથી. સમજાણું કાંઈ? ભગવાન દ્રવ્ય-ગુણ-પર્યાય અમૃતચંદ્રજ્યોતિ એવી ઉપમા આપીને કહ્યું તોપણ **'અહીં કહેલા વિશેષણો વડે આત્માને ચંદ્રમા સાથે વ્યતિરેક પણ છે;...'** આત્માને અને ચંદ્રને મેળ નથી, ભિન્ન છે. **'કારણ કે-'ध्वस्तमोह' વિશેષણ અજ્ઞાન-અંધકારનું દૂર થવું જણાવે છે,...'** ભગવાન તો અજ્ઞાન-અંધકાર દૂર કરનાર છે. ચંદ્ર કંઈ પ્રકાશ કરવાવાળો નથી. બધે પ્રકાશ કરે છે? એની ચંદ્રની ઉપમા આપી પણ ચંદ્રની ઉપમાને આત્મા સાથે વ્યતિરેક છે, ભિન્નતા છે. ભગવાન આત્મા અજ્ઞાન-અંધકારનો નાશ કર્યો. ચંદ્ર બધા અંધકારનો નાશ નથી કરતો. બાહ્ય અંધકારનો નાશ પણ ચંદ્રમા નથી કરી શકતો. ઘરમાં ચંદ્રનો પ્રકાશ પડે છે? પેટીમાં પડે છે? ચંદ્રમાની ઉપમા આપી પણ એમ એને લાગુ નથી પડતી. લાગુ પડવી સમજ્યા? શું કહે છે? એની સાથે મેળ નથી ખાતો. **'ध्वस्तमोह' 'विमलपूर्णं' વિશેષણ લાંછનરહિતપણું...'** લ્યો. ભગવાન તો વિમલપૂર્ણ આત્મા છે. ચંદ્રમાને તો લાંછન છે. તો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


એની ઉપમા લાગુ નથી પડતી. લાગુ નથી પડતી કહે છે હિન્દીમાં? અમને હિન્દી બહુ નથી આવડતી એટલે થોડો થોડો શબ્દમાં ફેર પડી જાય છે. સમજાણું કાંઈ? '**विमलपूर्ण**' પૂર્ણ વિમલ. એમાં તો લાંછન દેખાય છે મૃગનું. પૂર્ણવિમલ ભગવાન છે. ચંદ્રની ઉપમામાં વ્યતિરેકતા ભિન્નતા છે.

'**निःसपत्नस्वभाव**' **વિશેષણ રાહુબિંબથી...**' ચંદ્રને તો રાહુ આડો આવે છે. દિન દિન પ્રત્યે રાહુ એક એક કળાને રોકે છે. આત્માને કોઈ રાહુ નથી. સમજાણું કાંઈ? આહા..! '**રાહુબિંબથી તથા વાદળાં આદિથી આચ્છાદિત ન થવાનું...**' ચંદ્ર તો વાદળાથી આચ્છાદિત થાય છે. દિન દિન પ્રત્યે રાહુથી આચ્છાદિત થાય છે. ભગવાન અમૃતચંદ્રજ્યોતિ કોઈથી આચ્છાદિત થતી નથી. માટે ચંદ્રની ઉપમા પણ એને લાગુ નથી પડતી. '**समन्तात् ज्वल्तु**' શું કહ્યું? જુઓ! ભગવાન આત્મા પોતાનું જ્ઞાન... એ '**समन्तात्**'નો અર્થ કર્યો ભાઈએ. '**समन्तात्**' શબ્દ છે ને? સર્વત્ર જાજ્વલ્યમાન. '**સર્વ ક્ષેત્રે તથા સર્વ કાળે પ્રકાશ કરવાનું જણાવે છે;...**' ભગવાન તો ત્રણ કાળ ત્રણ લોકને જાણે છે એવો આત્માનો પ્રકાશ છે. ચંદ્રનો એવો પ્રકાશ નથી. કેમકે એ તો થોડા ક્ષેત્રમાં અને થોડા કાળમાં (પ્રકાશે છે). એટલે ચંદ્રની ઉપમાથી ભગવાન આત્માની ઉપમા શું કહીએ? સમજાણું કાંઈ? '**ચંદ્રમા આવો નથી.**' આ ચાર બોલ કહ્યા એવો ચંદ્રમા નથી. માટે ચંદ્રમાની ઉપમા પણ આત્માને યથાર્થપણે કહી શકાય નહિ. આહાહા..! ચૈતન્ય જળહળ જ્યોતિ ભગવાન પોતાની પર્યાયે પ્રગટ સ્વતંત્ર મોહનો નાશ કરીને વિમલ પૂર્ણ અને એકરૂપ દશા પ્રગટ કરી. સર્વ ક્ષેત્ર અને સર્વ કાળની મર્યાદાને પોતાની પર્યાયમાં જાણી લીધા. એવી વસ્તુ સદા એવી જ રહો. આવું મંગળિક કર્યું. આહાહા..! કહો, સમજાણું કાંઈ?

'**આ કાવ્યમાં ટીકાકાર આચાર્યદેવે 'અમૃતચંદ્ર' એવું પોતાનું નામ પણ જણાવ્યું છે. સમાસ પલટીને અર્થ કરતાં 'અમૃતચંદ્ર'ના અને 'અમૃતચંદ્રજ્યોતિ'ના અનેક અર્થો થાય છે તે યથાસંભવ જાણવા.**' લ્યો, હવે ૨૭૭ કળશ ચાલશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


**શ્રાવણ સુદ ૪, સોમવાર તા. ૨૯-૭-૧૯૬૮**
**શ્લોક-૨૭૭, ૨૭૮ પ્રવચન-૫૮૨**

આ સમયસાર. પરિષિષ્ટ અધિકાર. ૨૭૭ કળશ. છેલ્લો કળશ છે. પછી તો હું કર્તા નથી એમ ૨૭૮માં આવશે. ૨૭૭. અમારી સત્યોતેર ભાષા છે, તમારી ભાષામાં સમજી લેવું. ૨૭૭. શું કહે છે? જુઓ! ઉપર છે.

'**અજ્ઞાનદશામાં આત્મા...**' કળશના અર્થની ઉપર છે. '**અજ્ઞાનદશામાં આત્મા...**' અનાદિ કાળથી શુદ્ધ ચૈતન્ય આનંદ, જ્ઞાનસ્વરૂપના અભાનથી (સ્વરૂપને) '**ભૂલીને...**' પોતાનું જ્ઞાનાનંદ સ્વરૂપ શુદ્ધને ભૂલીને '**રાગદ્વેષમાં વર્તતો હતો,...**' પુણ્ય અને પાપ, શુભ અને અશુભ રાગ જે વિકાર-વિભાવ-મેલ-ઉપાધિ હતી તેમાં પોતાના સ્વરૂપને ભૂલીને પર્યાયબુદ્ધિમાં વર્તમાનમાં વિકારમાં પ્રવર્તતો હતો. સમજાણું કાંઈ? એ અજ્ઞાન પોતાને કારણે હતું. કોઈ કર્મને કારણે હતું એમ નથી. અજ્ઞાનદશામાં.. આ તો ઉપોદ્‌ઘાત છે, અર્થ પછી આવશે. '**રાગદ્વેષમાં વર્તતો હતો, પરદ્રવ્યની ક્રિયાનો કર્તા થતો હતો,...**' અનાદિ કાળથી શરીરાદિ અને રાગ-દ્વેષ, પુણ્ય-પાપના જે વિકલ્પ છે, રાગ વિભાવ વિકાર, એનો કર્તા અને એ મારું કાર્ય એમ અજ્ઞાનમાં અનાદિથી થતું હતું. '**ક્રિયાના ફળનો ભોક્તા થતો હતો,...**' કર્તા હતો તેથી ભોક્તા હતો એમ કહે છે. સમજાણું કાંઈ? એ વિશેષ આવશે, હોં! '**ઈત્યાદિ ભાવો કરતો હતો;...**'

સ્વરૂપ ચિદાનંદ જ્ઞાનમૂર્તિ એ જ્ઞાનની પ્રધાનતાથી કથન છે. છે તો જ્ઞાતા-દૃષ્ટા અનંત જ્ઞાનસ્વભાવ પરિપૂર્ણ. આવા ભાન વિના ચાહે તો મુનિપણું અનંત વાર લીધું. સમજાણું કાંઈ? 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' આવી પ્રવૃત્તિમાં જે અઠ્યાવીસ મૂળગુણનો વિકલ્પ રાગ છે એમાં અનાદિથી પ્રવર્તતો હતો. એના રાગનો કર્તા થતો હતો અને રાગનો ભોક્તા થતો હતો.

'**પરંતુ હવે જ્ઞાનદશામાં તે ભાવો કાંઈ જ નથી...**' પર્યાયબુદ્ધિ મટીને વર્તમાન વિકારના અંશના અસ્તિત્વમાં જે બુદ્ધિ હતી એ મિથ્યાબુદ્ધિ હતી. સમજાણું કાંઈ? પોતાની પર્યાયમાં જે પુણ્ય-પાપનો વિકલ્પ રાગ છે એ મારો છે એવી જે બુદ્ધિ હતી એ પર્યાયબુદ્ધિ હતી. પર્યાયબુદ્ધિ કહો કે મિથ્યાબુદ્ધિ કહો કે મિથ્યાદૃષ્ટિ કહો. સમજાણું કાંઈ? જ્યારે પોતાની દ્રવ્યદૃષ્ટિ થઈ કે હું તો ચૈતન્ય જ્ઞાયક શુદ્ધ આનંદ છું. એવી દૃષ્ટિનો પલટો થયો, દૃષ્ટિએ ગુલાંટ ખાધી. ગુલાંટ સમજ્યા? પલટી ગઈ, પલટી ગઈ. જેમ પોતાની પર્યાયમાં પુણ્ય-પાપના વિકલ્પ રાગ હતો તેને પોતાના માનતો હતો. તો મિથ્યાત્વમાં પોતાના માનીને તેનો કર્તા

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



થઈને વિકારને ભોગવતો હતો. આ સંસાર. નિગોદથી માંડીને નવમી ગ્રૈવેયક ગયો, આ સ્થિતિ મિથ્યાત્વમાં હતી. સમજાણું કાંઈ?

'**હવે જ્ઞાનદશામાં...**' હું શુદ્ધ ચૈતન્ય છું. આનંદ જ્ઞાયકભાવથી ભરેલો પરિપૂર્ણ છું. એવી પોતાની દૃષ્ટિમાં જ્ઞાયકભાવ લીધો તો એનું નામ દ્રવ્યદૃષ્ટિ થઈ. દ્રવ્યદૃષ્ટિનો અર્થ આખા દ્રવ્યસ્વભાવની પ્રતીતિ અનુભવમાં થઈ. સમજાણું કાંઈ? તો અજ્ઞાન મટી ગયું. અજ્ઞાન રહ્યું નહિ. '**જ્ઞાનદશામાં તે ભાવો કાંઈ જ નથી એમ અનુભવાય છે.-આવા અર્થનું કાવ્ય પ્રથમ કહે છે :-**' લ્યો.

**यस्माद्वैतमभूत्पूरा स्वपरयोर्भूतं यतोऽत्रान्तरं**
**रागद्वेषपरिग्रहे सति यतो जातं क्रियाकारकैः।**
**भुञ्जाना च यतोऽनुभूतिरखिलं खिन्ना क्रियायाः फलं**
**तद्विज्ञानघनौघमग्नमधुना किञ्चिन्न किञ्चित्किल।।२७७।।**

એક કળશમાં અનાદિથી શા માટે રખડ્યો અને રખડવું કેમ બંધ થાય છે, બેય વાત કરી દીધી છે. સમજાણું કાંઈ? કહે છે..

'**શ્લોકાર્થ :- જેનાથી...**' એમ પહેલો શબ્દ પડ્યો છે. '**જેનાથી (અર્થાત્ જે પરસંયોગરૂપ બંધપર્યાયજનિત અજ્ઞાનથી)...**' અથવા પોતાની પર્યાયમાં જે વિકલ્પ અને રાગ છે એના ઉપર બુદ્ધિ છે તો એ પર્યાયબુદ્ધિ છે, અજ્ઞાનબુદ્ધિ છે તેથી. કોઈ કર્મને કારણે આવું અજ્ઞાન થયું છે કે મિથ્યાત્વ થયું છે એમ નથી. સમજાણું કાંઈ? પંડિતજી! દર્શન મિથ્યાત્વ થાય છે તો કર્મને કારણે થાય છે કે નહિ? દર્શનમોહને કારણે. ના પાડે છે, એમ છે જ નહિ. એઈ..! જિનેશ્વરદાસજી! શું કહે છે જુઓ. અજ્ઞાનથી-પોતાના અજ્ઞાનથી. 'અપનેકો આપ ભૂલકર હૈરાન હો ગયા'. 'અપનેકો આપ ભૂલકર હૈરાન હો ગયા'. કોઈ બીજું કારણ નથી.

ભગવાન આત્મા સચ્ચિદાનંદ શુદ્ધ ચિદાનંદ આનંદને ભૂલીને પોતામાં પોતાને અને પોતામાં નથી એવા શુભ-અશુભ, પુણ્ય-પાપના ભાવને પોતાના માન્યા છે, એ અજ્ઞાનથી માન્યું છે. સમજાણું કાંઈ? પછી શરીર મારું ને કર્મ મારા એ પછી. મૂળ અહીંયા છે. ધન્નાલાલજી! કહે છે, '**જેનાથી...**' એટલે અજ્ઞાનથી '**પ્રથમ પોતાનું અને પરનું દ્વૈત થયું...**' શું થયું? ભગવાન આત્મા જ્ઞાનાનંદ સહજ સ્વભાવસ્વરૂપને ચૂકીને રાગ ને પુણ્ય ને દયા, દાનના વિકલ્પ જે રાગ છે તેને પોતાના માનવાથી પોતાનું અને પરનું દ્વૈત થયું. એક અખંડાનંદ જ્ઞાયકભાવ છે એમાં રાગ મારો એમ થવાથી દ્વૈત થઈ ગયો. સમજાણું કાંઈ? ચિદાનંદ ભગવાન આત્મા જ્ઞાનાનંદ એકસ્વરૂપ શુદ્ધ છે. પણ પોતાના સ્વરૂપના ભાન વિના રાગની વિકલ્પ વૃત્તિ જે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


ઉઠે છે તેને પોતાની માની તો એકના બે થયા. એકમાંથી બે થયો. રાગ હું છું, એવું દ્વૈત થઈ ગયું. સમજાણું કાંઈ? દ્વૈત થયું તો બગડ્યું. કહે છે ને? એકડે એક અને બગડે બે. અમારે એમ કહે છે. તમારે શું કહે છે? એકડે એક થાય ને? પછી બગડે બે. બગડેને તમારામાં શું કહે છે? દો. અમારે બગડે કહે છે બેને. બે થયા તો બગાડ થયો. સમજાણું કાંઈ?

અહીંયા ઈ કહે છે, ચૈતન્યમૂર્તિ પ્રભુ ધ્રુવ આનંદકંદ સહજાનંદ પોતાનું સ્વરૂપ છે તેને ભૂલીને પોતામાં નથી એવા વિકલ્પ જે શુભભાવ છે, અશુભભાવ છે તેને પોતાના માન્યા તો દ્વૈત થયું. પોતાનું અને પરનું મિથ્યાત્વમાં દ્વૈત થયું. સમજાણું કાંઈ? આ મિથ્યાદૃષ્ટિની ક્રિયા અને આ મિથ્યાત્વનો ભાવ. ધન્નાલાલજી! શું છે એમાં જુઓ! **'પોતાનું અને પરનું દ્વૈત થયું. (અર્થાત્ પોતાના અને પરના ભેળસેળપણારૂપ ભાવ થયો),...'** પોતાનો શુદ્ધ જ્ઞાનાનંદ સ્વભાવ એને ભૂલ્યો તો રાગને પોતાનો માન્યો તો દ્વૈત થયું, મિશ્રપણું થયું. મિશ્રપણાનો અર્થ પોતે શુદ્ધ તો રહ્યો, ભાન નથી તો રાગ મારો છે એમ માની લીધું. કારણ કે પોતાના શુદ્ધ સ્વરૂપનું અસ્તિત્વ અંતર દૃષ્ટિમાં આવ્યું નહિ તો પોતાનું ક્યાંક માનવું તો પડશે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા આનંદદળ છે અને ચિદ્દ્ઘન છે. ઘન. જેમ બરફની પાટ હોય છે ને? બરફ હોય ને? બરફને શું કહે છે? બરફની શિલા. પાંચ મણની મોટી શિલા હોય ને? એમ આત્મા આનંદ અને જ્ઞાનની શિલા છે. સમજાણું કાંઈ? એટલા અસ્તિત્વના સત્તાની દૃષ્ટિ ન રહી, આવો હું છું એવી દૃષ્ટિ ન રહી તો રાગ મારો છે એમ અસ્તિત્વની ક્યાંક તો કલ્પના કરવી પડશે. તો રાગ હું છું એમ માન્યું. સમજાણું કાંઈ? બ્રહ્મચારીજી! ક્યાંક માનવું તો પડશે ને? પોતાપણું છે તો ખરું ને? છે તો ક્યાં છે? છે તો પોતાનું શુદ્ધ ચિદાનંદઘન. છે એની તો દૃષ્ટિ નથી. પોતાના અસ્તિત્વના હોવાપણાની દૃષ્ટિ નથી તો રાગના અસ્તિત્વમાં હું રાગ છું એમ માન્યું. સમજાણું કાંઈ?

**'જેનાથી (અર્થાત્ જે પરસંયોગરૂપ બંધપર્યાયજનિત અજ્ઞાનથી)...'** રાગને પોતાનો માન્યો ઈ. **'પ્રથમ પોતાનું અને પરનું દ્વૈત થયું...'** પ્રથમનો અર્થ એ અનાદિ છે, કંઈ નવું નથી. પણ એમ કે પોતાના શુદ્ધ ભગવાન આત્માને ભૂલ્યો તો મેલ જે પુણ્ય-પાપની વિકલ્પ વૃત્તિ રાગ છે, ઉપાધિ છે, અશુચિ છે, અચેતન છે (તેને પોતાનો માન્યો). ખરેખર રાગનો ભાવ છે એમાં ચૈતન્યનું કિરણ નથી. સમજાણું કાંઈ? રાગનો ભાવ ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો વિકલ્પ હો, એ અચેતન છે. અચેતનનો અર્થ પોતાના જ્ઞાનસ્વરૂપના પ્રકાશનું કિરણ રાગમાં નથી. સમજાણું કાંઈ? તેથી ચૈતન્યને છોડીને અચેતન રાગમાં પોતાપણું માન્યું. એ મિથ્યાદૃષ્ટિ દ્વૈત થઈ ગયો. એક ફીટીને બે થયો. સમજાણું કાંઈ? જુઓ! એક

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



શ્લોકમાં, (અજ્ઞાનીની) કેવી ભૂલ કઈ રીતે થઈ અને ભૂલ કઈ રીતે મટે, બેય વાત એમાં કહી દીધી છે. સમજાણું કાંઈ?

કહે છે, દ્વૈત થયું. '**દ્વૈતપણું થતાં જેનાથી સ્વરૂપમાં અંતર પડ્યું...**' રાગાદિ વિકલ્પપણે હું છું એમ માન્યું તો સ્વરૂપમાં અંતર પડી ગયું. સ્વરૂપનો વિરહ પડ્યો. શુદ્ધ અસ્તિ તત્ત્વ છે એનો વિરહ પડ્યો-દૂર થઈ ગયો. આહાહા..! મીઠાલાલભાઈ! આ ભૂલની આ રીત છે. અજ્ઞાનમાં આ ભૂલ થઈ છે. સમજાણું કાંઈ? કહે છે, દ્વૈતભાવ થવાથી. ભગવાન સચ્ચિદાનંદ નિર્મળ સિદ્ધસ્વરૂપના અસ્તિત્વનો, તેના હોવાપણાની સત્તાનું ભાન નથી તો પુણ્ય-પાપના વિકલ્પમાં પર્યાયબુદ્ધિ પોતાપણું માન્યું તો અંતર થઈ ગયું, ભગવાન શુદ્ધ છે તેનો વિરહ થયો, વિઘ્ન થયું, અંતર થઈ ગયું. કહો, સમજાય છે કાંઈ? સમજમેં આતા હૈ? એ ભાષા છે. સમજાય છે કાંઈ? એ અમારી ગુજરાતી ભાષા છે. સમજાણું કાંઈ?

'**દ્વૈતપણું થતાં...**' જુઓ! '**દ્વૈતપણું થતાં જેનાથી સ્વરૂપમાં અંતર પડ્યું...**' પડદો પડી ગયો. જ્ઞાનાનંદ શુદ્ધ ચૈતન્યમૂર્તિ છું એના ઉપર પડદો પડી ગયો, ઢંકાઈ ગયો. રાગ મારો છે એવી માન્યતાથી આખો આત્મા ઢંકાઈ ગયો. કર્મને કારણે અંતર પડ્યું એમ અહીંયા વાત જ નથી. સમજાણું કાંઈ? કર્મનું આવરણ છે તેથી ઢંકાઈ ગયો એમ વાત જ નથી. કર્મ તો પર જડ ચીજ છે. જડથી ક્યાં અટકે છે અને જડ ક્યાં અડે છે, એ તો પરચીજ છે. સમજાણું કાંઈ? કહે છે, '**દ્વૈતપણું થતાં જેનાથી સ્વરૂપમાં અંતર પડ્યું (અર્થાત્ બંધપર્યાય જ પોતારૂપ જણાયો)...**' રાગ છે, વિકલ્પ છે એ બંધપર્યાય છે. ઈ અબંધસ્વરૂપ ભગવાન આત્મા નથી. બંધપર્યાયને પોતાની માની એમાં સ્વરૂપનો વિરહ પડ્યો, અંતર પડી ગયું. સમજાણું કાંઈ?

'**સ્વરૂપમાં અંતર પડતાં...**' ભગવાન જ્ઞાન અને આનંદસ્વરૂપનું તો અંતર પડ્યું. રાગને પોતાનો માનીને સ્વરૂપને ભૂલી ગયો તો અંતર પડ્યું. અંતર પડ્યું તો થયું શું? '**રાગદ્વેષનું ગ્રહણ થયું,...**' પોતાનું શુદ્ધ સ્વરૂપ ગ્રહણ થવું જોઈએ એ ગ્રહણ ન કર્યું તો રાગને ગ્રહણ કર્યો. વિકાર છે તેને ગ્રહણ કર્યો કે વિકાર મારો છે. આ ભૂલ. સમજાણું કાંઈ? અલૌકિક શ્લોક છે. અમૃતચંદ્રાચાર્યનો છેલ્લો શ્લોક છે સમયસારનો. સમજાણું કાંઈ? ઓહો..! ભગવાન આત્મા પોતાનો શુદ્ધ કંદ આનંદકંદ પ્રભુની દૃષ્ટિ નહિ હોવાથી રાગમાં, પુણ્યમાં, વિકલ્પમાં પોતાની દૃષ્ટિ હોવાથી બંધપર્યાયમાં આવી ગયો. અબંધસ્વભાવ ભગવાનને ભૂલી ગયો. બંધપર્યાય થવાથી એકનો બે થયો. દ્વૈત થવાથી રાગદ્વેષનું ગ્રહણ થયું. દ્વૈત થવાથી સ્વરૂપનું અંતર પડ્યું. સ્વરૂપને ગ્રહણ નથી કર્યું તો રાગદ્વેષને ગ્રહણ કર્યા. ભાઈ! સમજાય છે? બહુ સાદી ભાષા છે. એવી કોઈ (અઘરી નથી). સાધારણ માણસ પણ સમજી શકે. એવી કોઈ ચીજ નથી.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

એ તો આત્મા વસ્તુ જ એવી છે. એણે કદી દરકાર કરી નથી. અનંત વાર મુનિવ્રત લીધા. અઠ્યાવીસ મૂળગુણ પાળ્યા, પંચ મહાવ્રત લીધા, બાર બાર મહિનાના અપવાસ કર્યા. બધો અજ્ઞાનભાવ હતો. રાગ છે ને. રાગને પોતાનો માનીને કર્યું. રાગનો કર્તા છે તો મિથ્યાત્વ છે. ક્ષણે ક્ષણે મિથ્યાત્વનું ઘૂંટણ છે.

મુમુક્ષુ :- એનો જ બંધ થાય છે.

ઉત્તર :- એનો જ બંધ થાય છે. સમજાણું કાંઈ? માને છે કે હું ધર્મક્રિયા કરું છું. સ્વતંત્ર છે ને. ઓહો..હો..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- છે. નિયતનો અહીંયા પ્રશ્ન નથી. નિયતનો નિશ્ચય કરવા જાય તો સ્વભાવ ઉપર દૃષ્ટિ જાય છે. સમજાણું કાંઈ? એ બીજી વાત છે. નિયત-એ થવાવાળી હતી એ થઈ તો એ શેમાં થઈ? એનો નિર્ણય દ્રવ્ય ઉપર જાય છે. હું જ્ઞાયક છું એવી દૃષ્ટિ થવાથી નિયતનો નિર્ણય થાય છે. ડાલચંદજી! એમ ને એમ નિયત નિયત કરે તો ન ચાલે. અજ્ઞાનીને નિયત છે જ નહિ. અજ્ઞાનીને નિશ્ચય તો થયો નથી. હું જ્ઞાયક ચિદાનંદ છું. એ પર્યાય થવાવાળી છે તેને જાણનારો છું, એમ અંતર્મુખ થઈને દૃષ્ટિ તો થઈ નથી. એને નિયત ક્યાંથી આવ્યું? સમજાણું કાંઈ? એમ ને એમ નિયત નિયત કરે, ક્રમબદ્ધ થાય છે, ક્યાં પણ ક્રમબદ્ધ? કોનું? શેમાં? પર્યાયમાં. પર્યાય કોની? દ્રવ્યની. તો દ્રવ્ય શું છે? દ્રવ્ય આનંદકંદ જ્ઞાયક છે એવી દૃષ્ટિ થયા વિના ક્રમબદ્ધનો નિર્ણય કોઈ દી થતો નથી. સમજાણું કાંઈ? ઈ જ કહે છે, જુઓ!

**'સ્વરૂપમાં અંતર પડતાં જેનાથી રાગદ્વેષનું ગ્રહણ થયું, રાગદ્વેષનું ગ્રહણ થતાં...'** કેટલું લ્યે છે! '**ક્રિયાનાં કારકો ઉત્પન્ન થયાં...**' શું કહે છે? પુણ્ય-પાપના વિકલ્પને પકડવાથી રાગની ક્રિયાનો કર્તા થયો. રાગ મારું કાર્ય, હું રાગનો કર્તા, રાગનું હું કારણ, રાગ મારાથી થયો અને રાગ મારામાં લીધો અને દીધો, મેં રાગ લીધો અને દીધો અને રાગનો આધાર હું, એવા રાગના ષટ્કારક ઉત્પન્ન થયા. આહાહા..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- કર્મ-ફર્મ છે જ ક્યાં? કર્મ એના ઘરે રહ્યા. 'કર્મ બિચારે કૌન? ભૂલ મેરી અધિકાઈ' આવે છે કે નહિ? ભાઈ! ભગવાનની સ્તુતિમાં આવે છે. ચંદ્રપ્રભુની સ્તુતિમાં. 'કર્મ બિચારે કૌન? ભૂલ મેરી અધિકાઈ'. કર્મ તો જડ છે, રાંક છે. કર્મ છે કે નહિ એની કર્મને ખબર નથી. જડને ખબર છે કે અમે કર્મ છીએ, અમે પુદ્ગલ છીએ, ખબર છે એને? મૂઢ માને છે કે હેરાન કરે છે. જડ મને હેરાન કરે છે. મૂઢ છે. હેરાન કોણ કરે? તારી વિપરીત બુદ્ધિ

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


તને હેરાન કરે છે. આહાહા..! ઈ તો વાત કહે છે. સમજાણું કાંઈ?

અનુભવ પ્રકાશમાં ઈ પત્થરનું દૃષ્ટાંત આપ્યું છે ને? એક મોટો પથરો હતો પુરુષના આકારે પત્થર. કોઈ મળવા ગયું. એને એમ થયું, આ કોણ છે? એની સાથે લડવા મંડ્યો. ઈ તો બોલે નહિ, પત્થર તો. અહીંયા કેમ આવ્યો? ઈ પત્થર પડ્યો એની ઉપર. કહ્યું, ભાઈસા'બ હું હાર્યો. ઉઠી જા હવે. પણ કોણ છે? એ તો જડ છે. અમરચંદભાઈ! ભાઈસા'બ ઉઠી જા. પણ તને ભાન નથી, એ તો જડ છે. તું એની સાથે લડ્યો તો પડ્યો છો. સમજાણું કાંઈ? જડ કર્મ મને નુકસાન કરે, એ તારી બુદ્ધિમાં ભ્રમ છે. આહાહા..! પેલા કહે, અમને ઈશ્વર રખડાવે છે. જૈન કહે, અમને કર્મ રખડાવે છે. જડ કર્મ રખડાવે છે. આ ક્યાંથી અજ્ઞાન આવું ઉત્પન્ન કર્યું?

અહીં તો કહે છે, જ્યારે રાગ ને દ્વેષ, પુણ્ય અને પાપ જે વિકૃતભાવ વિભાવભાવ છે, એ પોતાના સ્વભાવથી વિપરીત ભિન્ન ભાવ છે. તેને જ્યારે ગ્રહણ કર્યો તો તેનો કર્તા થયો. સમજાણું કાંઈ? રાગ, પુણ્ય, દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામને પકડ્યા. તો હું એનો કર્તા છું, રાગની રચના કરવાવાળો હું છું, અને રાગ મારું કાર્ય છે અને રાગનું કરણ નામ સાધન પણ હું છું. અને રાગ પોતાથી થયો છે, રાગને મેં કર્યો છે અને મેં રાખ્યો છે, અને રાગનો હું આધાર છું. એક પર્યાયમાં ષટ્કારક ઉત્પન્ન થયા. સમજાણું કાંઈ? શેઠી! બદલાઈ ગયો એમાં. બદલાણો તો બદલાઈ ગયો. સમજાણું કાંઈ? શું કહે છે જુઓ.

'**ક્રિયાનાં કારકો ઉત્પન્ન થયાં...**' ક્રિયા પલટી ને? રાગ પલટે છે ને? શુભ-અશુભભાવ. એના કારક થયા. સ્વભાવનો કર્તા થવાનું હતું એ અનાદિથી છૂટી ગયું. પુણ્ય-પાપ, દયા, દાન, વિકલ્પ રાગાદિ શુભ છે એ મારું કાર્ય છે, હું એનો કરનારો છું, બસ! એ જ મારું કાર્ય છે, એ મારી ક્રિયા છે. જડની ક્રિયા નહિ. જડનો કર્તા તો આત્મા છે જ નહિ. અહીંયા તો ઈ કહે છે. ઈ માને તોપણ કર્તા નથી થઈ શકતો. આ તો માને તો માની શકે છે અજ્ઞાનપણે. સમજાણું કાંઈ? આહાહા..!

ભગવાન ચૈતન્ય રાગની આડમાં, વિકલ્પની ઓથમાં આખો ચૈતન્ય ભૂલી ગયો. લો, આ તો ભારે કઠણ વાત છે... ભગવાનના દર્શન કરવા એ પુણ્ય છે? ધર્મ છે કે અધર્મ છે? ક્યાં લખ્યું છે? શાસ્ત્રમાં તો એને વ્યવહારધર્મ કહ્યો છે. વ્યવહારધર્મ કહો કે ધર્મ નથી કહો. સમજાણું કાંઈ? જ્ઞાનીને પણ એવો રાગ આવે છે. પણ ઈ જાણે છે કે મારી વસ્તુથી ઈ ભિન્ન છે. મારી નબળાઈથી થયો તેનો હું જ્ઞાતા-દૃષ્ટા છું. મારું કર્તવ્ય છે અને મારામાં થયો છે એમ નથી માનતો. સમજાણું કાંઈ? ભાઈ! ભગવાન! એની ભૂલ સમજવી એ પણ મહા પુરુષાર્થ છે. હું મારાથી જ 'અપનેકો આપ ભૂલકર, અપનેકો આપ ભૂલકર હૈરાન હો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


ગયા'. પોતાનું ભૂલવાનું કારણ કોઈ બીજું નથી. અત્યારે ઈ જ ચાલે છે, કર્મને કારણે ભૂલ્યો. ક્યાં કર્મ બિચારા જડ છે. પોતાનો દોષ પર ઉપર નાખે છે. આવું તારું અજ્ઞાનપણું. સમજાણું કાંઈ? અજ્ઞાન ઈ કરાવે તો ઈ છૂટે ત્યારે થાય. હું મારી વિપરીત દૃષ્ટિથી વિકાર કરું છું એમ જો માને તો પોતાની સુલટી દૃષ્ટિથી ટાળી દે. પણ કર્મ વિકાર કરાવે તો કર્મ ટળે તો પોતાના અધિકારમાં વાત નથી રહેતી. એમ ત્રણ કાળમાં વાત નથી. ઈ .. જાય? ઈ શું કરવા જાય? સમજાણું કાંઈ?

કહે છે કે '**રાગદ્વેષનું ગ્રહણ થતાં જેનાથી ક્રિયાનાં કારકો ઉત્પન્ન થયાં (અર્થાત્ ક્રિયાનો અને કર્તા-કર્મ આદિ કારકોનો ભેદ પડ્યો)...**' ભેદ નામ અભેદ જે પોતાના સ્વરૂપના કર્તા, કર્મ આદિ થવા જોઈએ એને ઠેકાણે રાગ, પુણ્ય પરિણામ, ભાવરાગ એ મારું કાર્ય છે. કેમકે એમાં પોતાનું અસ્તિત્વ માન્યું છે. જેમાં પોતાનું અસ્તિત્વ માન્યું તે તેનો કર્તા થાય છે. જેને પોતાનું માન્યું તેને પોતાનું કાર્ય માને છે. જેમાં પોતાનું અસ્તિત્વ માન્યું તો એનું કરણ, કરણ નામ કારણ રાગનો હું છું એમ માને છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- અભેદ સ્વભાવ..

ઉત્તર :- ભૂલી ગયો. ભેદ પડી ગયો. રાગનો કર્તા ને પુણ્યનો કર્તા.. પરનો જડનો કર્તા તો છે જ નહિ. ઓહો..! એક ગાથામાં કેટલું ભરી દીધું છે! આહાહા..! દિગંબર સંતો કેવળજ્ઞાનનું તત્ત્વ આખું ભરી દીધું છે. સમજાણું કાંઈ?

કહે છે, '**ક્રિયાનાં કારકો ઉત્પન્ન થયાં...**' ઉત્પન્ન થયાં એમ કહ્યું, ભાઈ! આહા..! જુઓ! '**जातं क्रियाकारकैः**' ઉત્પન્ન થયા. અંદર નહોતા. વિકલ્પ જે પુણ્ય-પાપના ભાવ ક્રિયા જે રાગની છે તે પોતાની અંદર નથી. અજ્ઞાનભાવથી ઉત્પન્ન કરી છે. સમજાણું કાંઈ? ભારે વાત. અત્યારે એટલો ગોટો ચાલે છે ને. લોકો આ સાંભળીને એમ થાય, આ? લોકો કહે, અરે..! સોનગઢવાળા આમ કહે છે. થોડું અમારું માનો તો ખરા, થોડું માનો. એમ કહે છે. થોડું માનો થોડું. પચાસ દોકડા કર્મના રાખો, પચાસ દોકડા પોતાના અપરાધના રાખો. દોકડા સમજો છો? પચાસ ટકા. પચાસ ટકા એના અને પચાસ ટકા જીવના. બે ભાગીદાર. નહિ, અહીં તો કહે છે, પરની સાથે કોઈ સંબંધ નથી. ભાગીદાર થયો તું, રાગને પોતાનો માન્યો એમાં એકનો બે થઈ ગયો. આહાહા..! તત્ત્વની ખબર નથી. તત્ત્વ શું છે? અને કેવી ભૂલ થઈ છે? કઈ રીતે ટળે? ખબર નથી એને ધર્મ કઈ રીતે થાય છે. માની લે અનાદિથી, અનાદિથી. ભ્રમમાં અનાદિ કાળ વીત્યો. ચોર્યાસીના અવતાર. આ તો થોડો કાળ છે. આ મનુષ્યપણાનો અવતાર તો અનંત કાળે મળે છે. અને તે પણ થોડા પચાસ, સાંઈઠ, સીત્તેર, એંસી વર્ષ. શેઠી! એંસી, નેવુ કોઈને, લ્યોને. પણ ક્યાં છે? અનંત કાળ. આહાહા..!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


અનંત અનંત કાળ ક્યાં રહ્યો? એની અપેક્ષાએ તો અનંતમા અનંતમા ભાગે પણ નથી. આવા મનુષ્યપણામાં ભૂલ શું છે ઈ સમજે નહિ અને ભૂલને ટાળી નહિ તો પરિભ્રમણ નહિ મટે. ચોર્યાશીના અવતારમાં ક્યાં જશે? નરક અને નિગોદમાં કોઈ પત્તો નહિ ખાય. સમજાણું કાંઈ?

કહે છે, ભગવાન! તારી ભૂલ તારાથી થઈ છે અને તું રાગનો કર્તા (થાય છે). અરે..! ત્યારે રાગનો કર્તા ન થવું? ભગવાન! રાગનો કર્તા થાય એ તો સ્વભાવને ભૂલ્યો ત્યારે રાગનો કર્તા થયો. જો સ્વભાવનું ભાન હોય તો રાગનો કર્તા નહિ થઈને રાગનો જ્ઞાતા-દ્રષ્ટા થઈ જાય. સમજાણું કાંઈ? કહે છે કે છ કારક ઉત્પન્ન થયા. ક્રિયાના કારકો એમ કર્યું છે. બરાબર છે. '**ક્રિયાનાં કારકો ઉત્પન્ન થયાં...**' ઓહો..! પરિણતિ-પુણ્ય-પાપની વિકારની પરિણતિરૂપ જે ક્રિયા, તેના કારકો ઉત્પન્ન થયાં. સમજાણું કાંઈ?

'**કારકો ઉત્પન્ન થતાં જેનાથી અનુભૂતિ...**' એ કારક રાગ ને વિકલ્પ ને પુણ્ય-પાપના ભાવ એ મારું કર્તા-કર્મ એમ માનીને અનુભૂતિ નામ પોતાની પર્યાયનું વેદન '**ક્રિયાના સમસ્ત ફળને ભોગવતી થકી ખિન્ન થઈ (-ખેદ પામી),...**' સમજાણું કાંઈ? રાગ ને પુણ્ય-પાપને ભોગવતાં અનુભૂતિ ખિન્ન થઈ ગઈ, જીર્ણ થઈ ગઈ. અંદર સ્વરૂપની શાંતિ મળી નથી. ખેદવાળી થઈ ગઈ. એમ. સમજાણું કાંઈ? ક્રિયા અને કારકોનો ભેદ પડી ગયો, એ ભેદ પડવાથી અનુભૂતિ-જે આત્માની અનુભૂતિ. જુઓ! એ '**ક્રિયાના સમસ્ત ફળને ભોગવતી થકી...**' રાગ ને હરખ-શોકનું ફળ એ ક્રિયાનું છે. એ રાગની ક્રિયાનું, પુણ્યની ક્રિયાનું ફળ શું છે? વિકાર, દુઃખ. સમજાણું કાંઈ? '**ક્રિયાના સમસ્ત ફળને ભોગવતી થકી...**' કોણ? અનુભૂતિ. પોતાની પર્યાય. રાગની ક્રિયાની પોતાની અવસ્થા ખેદખિન્ન થઈ ગઈ. દુઃખી, દુઃખી, દુઃખી (થઈ). લ્યો, ત્યાં સુધી તો અનાદિથી અજ્ઞાન કર્યું એની વાત કરી. સમજાણું કાંઈ? અનાદિથી કેમ રખડે છે, કોનો કર્તા થાય છે, એની ક્રિયામાં શું છે અને ક્રિયાનું ફળ શું છે ઈ અત્યાર સુધી બતાવ્યું.

'**તે અજ્ઞાન...**' તે અજ્ઞાન હવે ખલાસ થઈ ગયું. જુઓ! '**હવે વિજ્ઞાનઘનના ઓઘમાં મગ્ન થયું...**' હું તો વિજ્ઞાનઘન છું, ચિદ્‌ઘન છું. બરફની શિલા જેમ ઠંડી હોય. એમ મારી શાંતિ... શાંતિ.. શાંતિ ચારે કોર ચારે ખૂણે. અકષાય પરિણામ. વીતરાગ વિજ્ઞાનઘન હું છું. એવી દ્રષ્ટિ થવાથી અજ્ઞાન નાશ પામ્યું. જળના તરંગ જળમાં ડૂબી ગયા. બનારસીદાસમાં આવે છે. જળના તરંગ જળમાં... ભાષા શું છે? બુડત હૈ. જળમાં તરંગ ઉઠે છે ને? એમાં ડૂબી ગયા. એમ ભગવાન આત્મા જે અજ્ઞાનથી પોતાની રાગની ક્રિયાનું દુઃખ ભોગવતો હતો, એ જ્યારે જ્ઞાયક ચિદાનંદ હું છું (એમાં આવ્યો). બસ! આટલો દ્રષ્ટિનો ફેર છે. હું વિજ્ઞાનઘન છું, આનંદકંદ છું. એ તો એક એક ગુણથી કથન છે. ગુણ ભિન્ન નથી પડતા,

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


ગુણ ભિન્ન નથી પડતા. જ્ઞાન ભિન્ન ને દર્શન ભિન્ન ને આનંદ ભિન્ન (એમ) ભિન્ન નથી પડતા. ભિન્નનું લક્ષ કરવા જાય તો તો વિકલ્પ ઉઠે છે. સમજાણું કાંઈ?

એક ક્ષણમાં વિજ્ઞાનઘન (છું). સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ કેવળજ્ઞાની તીર્થંકરદેવે જેવો એનો દ્રવ્યસ્વભાવ વિજ્ઞાનઘન જોયો છે, ભગવાને જોયો એવો જ અંદરમાં જોવે છે. અજ્ઞાન વિલય થઈ ગયું. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- અહીં તો ઘણું લાંબુ લાંબુ લખ્યું છે.

ઉત્તર :- એક ક્ષણમાં પતી જાય છે, એમ કહે છે. અજ્ઞાનની વાત તો બહુ કરી કે દ્વૈત થઈ ગયું, અંતર પડ્યું, ક્રિયાનાં કારકો ઉત્પન્ન થયા ને દુઃખ ભોગવ્યું ને કર્તા-ભોક્તા થયો. આમાં બધું સમાઈ ગયું કે હું ચૈતન્ય છું. હું તો જ્ઞાનસ્વરૂપ છું. હું અનાકુળ આનંદની મૂર્તિ તત્ત્વ છું. 'ચેતન રૂપ અનૂપ અમૂરત, સિદ્ધ સમાન સદા પદ મેરો'. આવે છે ને બનારસીદાસમાં? 'ચેતન રૂપ અનૂપ અમૂરત, સિદ્ધ સમાન સદા પદ મેરો'. જુઓ! ત્યાં પણ ઈ કહ્યું. 'મોહ મહાતમ આતમ અંગ, કિયૌ પરસંગ મહાતમ ઘેરૌ'. મારા સ્વરૂપને ભૂલીને હું રાગને પોતાનો માન્યો, મેં મોહ મહાતમ કર્યો. રાગનું માહાત્મ્ય કરીને મેં ઘેરો ઘાલ્યો. મારા સ્વરૂપનું અજ્ઞાન ઉત્પન્ન થયું.

'ગ્યાનકલા ઊપજી અબ મોહિ, કહૌં ગુન નાટક આગમકેરૌ', 'ગ્યાનકલા ઊપજી અબ મોહિ' હું તો જ્ઞાનસ્વરૂપ છું. રાગ નહિ, શરીર નહિ. મારી વસ્તુમાં વિકાર અને શરીર અજીવ છે જ નહિ.

ગ્યાનકલા ઊપજી અબ મોહિ, કહૌં ગુન નાટક આગમકેરૌ,
જાસુ પ્રસાદ સધૈ સિવમારગ, વેગિ મિટૈ ભવવાસ બસેરૌ. ૧૧.

ઈ બનારસીદાસમાં છે, ભાઈ! અરે..! એણે કોઈ દી દરકાર કરી નહિ. પોતાની દયા કરી નહિ, હોં! પોતાની દયા કદી ન કરી. આહા..! પરની દયા કરી ને આમ કર્યું. અભિમાન કર્યા. પરની દયાનો ભાવ. પરની દયા તો કરી શકતો જ નથી. કારણ કે એના આયુષ્ય પ્રમાણે એ જીવે છે અને એના આયુષ્ય પ્રમાણે મરે છે. એનું તો એ કરી શકતો નથી. પણ ભાવ-રાગ થાય છે. એ પણ હિંસા છે. ધન્નાલાલજી! ભારે વાત ભાઈ!

મુમુક્ષુ :- ... નિષેધ આવે છે.

ઉત્તર :- નિષેધ જ છે. નિમિત્ત પણ નથી, રાગ પણ નથી આત્મામાં. સમજાણું કાંઈ?

'**હવે વિજ્ઞાનઘનના ઓઘમાં મગ્ન થયું...**' ભગવાન આત્મા આવી ભૂલને છોડવી એમ નથી કહેતા. પોતાનું શુદ્ધ જ્ઞાનઘન સ્વરૂપ છે એની અંતર દૃષ્ટિ કરી તો અજ્ઞાન ઉત્પન્ન ન થયું અને અજ્ઞાન હતું તે વિલય પામ્યું. એનું નામ સમ્યગ્દર્શન અને ધર્મની શરૂઆત છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


સમજાણું કાંઈ? '**(અર્થાત્ જ્ઞાનરૂપે પરિણમ્યું)...**' એ જ્ઞાન જ અજ્ઞાનરૂપ પરિણમ્યું હતું એમ કહે છે. જ્ઞાનસ્વરૂપ ભગવાન જ રાગરૂપ પોતાનું એમ અજ્ઞાનપણે પરિણમ્યું હતું. એ જ જ્ઞાયકસ્વરૂપ હું શુદ્ધ છું એમ પરિણમ્યો તો અજ્ઞાન રહ્યું નહિ. એનું નામ સમ્યગ્દર્શન અને મોક્ષનો માર્ગ કહેવામાં આવે છે. આ ધર્મ. એને ધર્મ કહે છે. આહા..! આત્મધર્મ ઈ ધર્મ. '**તેથી હવે તે બધું ખરેખર કાંઈ જ નથી.**' મારામાં છે જ નહિ, કંઈ થયું જ નથી. છે નહિ, થયું નથી, થશે નહિ, મારામાં છે જ નહિ. એ તો સ્વપ્નની જાળ હતી. સમજાણું કાંઈ? આહાહા..! અરે..! મારામાં રાગ કર્યો અને રાગ છે એ ક્યાં છે? એ તો સ્વપ્ન છે. સમજાણું કાંઈ?

કોટિ વર્ષનું સ્વપ્ન પણ જાગૃત થતા શમાય,
એમ વિભાવ અનાદિનો જ્ઞાન થતાં દૂર થાય.

એ શ્રીમદ્‌ની આત્મસિદ્ધિમાં છે. શ્રીમદ્ રાજચંદ્ર થયા ને. સાત વર્ષની નાની ઉંમરમાં પૂર્વભવનું જાતિસ્મરણ હતું અને તેંત્રીસ વર્ષે દેહ છૂટી ગયો. સમજાણું કાંઈ? ઈ કહે છે... સમજાણું કાંઈ? 'કોટિ વર્ષનું સ્વપ્ન પણ.' ક્રોડ વર્ષનું સ્વપ્ન આવ્યું. ઓહોહો..! ક્યાં ગયો? 'જાગૃત થતા શમાય.' જ્યાં જાગ્યો, ક્યાં ગયું? છે જ નહિ, હતું જ નહિ. 'કોટિ વર્ષનું સ્વપ્ન પણ...' ગુજરાતી છે. 'જાગૃત થતાં શમાય, એમ વિભાવ અનાદિનો...' વિભાવ એટલે મિથ્યાત્વ. 'એમ વિભાવ અનાદિનો જ્ઞાન થતાં દૂર થાય' ઈ આ. ભગવાન પોતાનું સ્વરૂપ શાંત અને અનાકુળ સ્વભાવ ઉપર દૃષ્ટિ થઈ, ક્યાં ગયું અજ્ઞાન? વિલય થઈ ગયો. સમજાણું કાંઈ? એનું નામ ધર્મ, એનું નામ સમ્યગ્દર્શન, એનું નામ શિવનો માર્ગ, એનું નામ બંધના નાશનો માર્ગ. એવી વાત છે. કઠણ લાગે. લોકોએ એવી કરી નાખી છે, ગડબડ ગડબડ કરી નાખી છે. પોપટભાઈ! વસ્તુ તો આવી છે. માનો, આજે માનો, કાલે માનો, માન્યે છૂટકો છે. એ સિવાય તારો ઉદ્ધાર નથી. સમજાય છે કાંઈ?

'**તેથી હવે તે બધું ખરેખર કાંઈ જ નથી.**' હતું જ નહિ ને. રાગ હતો? ના. હતો જ નહિ. એ તો માન્યું હતું. માન્યું હતું કે હું રાગ છું. ત્યારે આસ્રવ હતો. મારા સ્વરૂપમાં છે જ નહિ. હું તો જ્ઞાનઘન છું. આઠ વર્ષની બાલિકાને પણ આવું જ્ઞાન થાય છે. થાય છે કે નહિ? આઠ વર્ષના બાલિકા પણ આ રીતે સમ્યગ્દર્શન પ્રાપ્ત કરે છે. અને અસંખ્ય પશુ બહાર પડ્યા છે. અઢી દ્વિપ બહાર. પશુ. સ્વયંભુરમણ સમુદ્રમાં અસંખ્ય પશુ પડ્યા છે. પંચમ ગુણસ્થાન, ચોથા ગુણસ્થાને અનુભૂતિવાળા. જિનેશ્વરદાસજી! સાંભળ્યું છે કે નહિ? અસંખ્ય અસંખ્ય (પશુ છે). મનુષ્યની સંખ્યા તો સંખ્યાત છે. અસંખ્ય શ્રાવક પશુ પડ્યા છે. સિંહ, વાઘ, મગરમચ્છ અઢી દ્વિપ બહાર અસંખ્ય પશુ સમકિતી અને પંચમ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ગુણસ્થાનવાળા અનુભવવાળા છે. સાંભળ્યું છે? અઢી દ્વિપ બહાર છે. સ્વયંભુરમણ સમુદ્રમાં છે. એક સમુદ્રમાં અસંખ્ય છે. પંડિતજી! આવો અનુભવ કરવાવાળા અસંખ્ય જીવ સ્વયંભુરમણ સમુદ્રમાં પશુ છે, મગરમચ્છ છે.

મુમુક્ષુ :- ત્યાં દેવ નહિ, ગુરુ નહિ...

ઉત્તર :- હવે દેવ-ગુરુ... આ દેવ આત્મા, ગુરુ આત્મા અને ધર્મ આત્મા. બધું આવી ગયું. સમજાણું કાંઈ? દેવ-દિવ્ય શક્તિને ધરનારો પોતાનો આત્મા ઈ દેવ. અને પોતાને બોધ કરનારો પોતાનો આત્મા ગુરુ. એવી વાત છે. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા પણ એને આવી જાય છે. અંતરમાં સંવર, નિર્જરાની શ્રદ્ધા થઈ ગઈ છે ને. તો સંવર, નિર્જરાની જેને પૂર્ણ પ્રાપ્તિ થઈ તે દેવ. સાધકપણે ગુરુ અને સંવર, નિર્જરા તે ધર્મ. ત્રણેની શ્રદ્ધા અનુભવમાં આવી ગઈ. સમજાણું કાંઈ?

'**તે બધું ખરેખર કાંઈ જ નથી.**' જાઓ! પહેલાં હતું. માન્યું હતું ત્યાં સુધી હતું. જ્ઞાનસ્વરૂપનો અનુભવ, સમ્યગ્દર્શન થયું, સમ્યગ્દર્શન થયું તો હવે કાંઈ છે જ નહિ. કોણ કરે છે? સમજ્યા? એમાં આવે છે ને? એમાં છે થોડું. આ શ્લોકનો અર્થ હશે ને એમાં? હોય ને. એનો શ્લોક છે, એનો જ શ્લોક છે. બનારસીદાસ. આ જે કહ્યું ને, એનું પદ્યમાં છે. 'જો મૈં આપા છાંડિ દીનૌ પરરૂપ ગહિ લીનૌ' આવ્યું ને પહેલા? 'જો મૈં આપા છાંડિ દીનો' મેં મને છોડી દીધો. આપા નામ પોતાનું. 'પરરૂપ ગહિ લીનૌ. કીનૌ ન બસેરૌ તહાં જહાં મેરો થલ હૈ.' હું જ્ઞાનાનંદ છું એમાં મેં વાસ ન કર્યો અને રાગ મારો માનીને એમાં વાસ કર્યો. 'ભોગનિકૌ ભોગી હ્વૈ કરમકૌ કરતા ભયૌ,' અરે..! રાગાદિ વિકાર પરિણામનો હું કર્તા છું અને રાગનો હું ભોક્તા થયો.

ભોગનિકૌ ભોગી હ્વૈ, કરમકૌ કરતા ભયૌ,<br>
હિરદૈ હમારે રાગ દ્વેષ મોહ મલ હૈ.<br>
ઐસી વિપરીત ચાલ ભઈ જો અતીત કાલ,<br>
સો તો મેરે ક્રિયાકી મમતાહીકૌ ફલ હૈ.

રાગ મારો છે એવી મમતાનું ફળ છે. રાગની ક્રિયા મારી છે એ માન્યતાનું ફળ છે.

ગ્યાન દૃષ્ટિ ભાસી ભયૌ ક્રિયાસૌં ઉદાસી વહ,<br>
મિથ્યા મોહ નિદ્રામૈં સુપનકોસૌ છલ હૈ. ૫૫. (સાધ્ય-સાધક દ્વાર)

એ સપનું થઈ ગયું, સપનું કે આ શું છે? સપનાનું દૃષ્ટાંત આપ્યું છે. દરેક શ્લોકના કળશ બનાવ્યા છે. એનો ભાવાર્થ.

'**ભાવાર્થ :- પરસંયોગથી જ્ઞાન જ અજ્ઞાનરૂપે પરિણમ્યું હતું,...**' કોઈ બીજી ચીજ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



થઈ હતી? એ જ્ઞાન પોતાની આંખ ત્રાંસી કરે છે તો એક ચંદ્ર બે દેખાય છે. એમ પોતાના ચૈતન્યની દૃષ્ટિ ત્રાંસી નામ આડી કરે છે તો રાગ દેખાય છે. સમજાણું કાંઈ? '**પરસંયોગથી જ્ઞાન જ અજ્ઞાનરૂપે પરિણમ્યું હતું, અજ્ઞાન કાંઈ જુદી વસ્તુ નહોતી;...**' કહો, અજ્ઞાન કોઈ બીજી વસ્તુ નહોતી. સમજાણું કાંઈ? ભગવાન ચિદાનંદ સ્વરૂપ પોતાની ત્રાંસી આડી આંખ કરતો હતો તો રાગને પોતાનો માનતો હતો. એ પોતાનું પર્યાયમાં પરિણમન હતું. કોઈ બીજી વસ્તુ નહોતી. '**માટે હવે જ્યાં તે જ્ઞાનરૂપે પરિણમ્યું...**' ભગવાન આત્મા ચૈતન્ય હું જ્ઞાન છું, આનંદ છું એમ જ્યાં પર્યાયમાં ભાન થઈને પરિણમન પર્યાયમાં નિર્મળ થયું '**ત્યાં તે (અજ્ઞાન) કાંઈ જ ન રહ્યું,...**' સમજાણું કાંઈ? ચાહે તો ગૃહસ્થાશ્રમમાં દેખાય, ચાહે તો રાજકુમાર દેખાય, ચાહે તો લડાઈમાં દેખાય સમકિતી. મારામાં કંઈ નથી. રાગાદિ વિકલ્પ છે એ મારામાં નથી. જડની ક્રિયા થાય છે એ મારી નથી. આહાહા..!

'**જ્યાં તે જ્ઞાનરૂપે પરિણમ્યું, ત્યાં તે (અજ્ઞાન) કાંઈ જ ન રહ્યું, અજ્ઞાનના નિમિત્તે...**' કારણે. '**રાગ, દ્વેષ, ક્રિયાનું કર્તાપણું, ક્રિયાના ફળનું (-સુખદુઃખનું) ભોક્તાપણું ઈત્યાદિ ભાવો થયા હતા...**' જુઓ! નિમિત્ત એટલે અજ્ઞાન કારણ. જુઓ! ભાઈ! નિમિત્ત શબ્દ પડ્યો છે. અજ્ઞાન નિમિત્ત એટલે કારણ. અજ્ઞાનને કારણે પોતામાં રાગ ને દ્વેષનો વિકલ્પ, વિકાર છે એ ક્રિયાનું કર્તૃત્વ-એ રાગ મારી ક્રિયા છે-એનું કર્તૃત્વ, એ ક્રિયાનું ફળ. કર્તા અને ક્રિયાનું ફળ ભોક્તા. બે લીધા. '**(સુખદુઃખનું) ભોક્તાપણું ઈત્યાદિ ભાવો થયા હતા તે પણ વિલય પામ્યા;...**' મારામાં રાગનું કર્તૃત્વ રહ્યું નહિ અને રાગનું ભોક્તાપણું પણ રહ્યું નહિ. હું તો ચૈતન્ય જ્ઞાનસ્વરૂપ છું. મારું ચૈતન્યદળ છે, જ્ઞાનઘન છે. એમાં તો એ ચીજ નથી. એવું ભાન થતાં જ અજ્ઞાનનો નાશ થઈ ગયો અને પરનું કર્તૃત્વ, ભોક્તૃત્વ પણ નાશ પામ્યું.

'**એક જ્ઞાન જ રહી ગયું.**' આત્મા રહી ગયો. જ્ઞાન એટલે આત્મા. એકલો શુદ્ધ ચૈતન્યસ્વરૂપ આત્મા દૃષ્ટિમાં રહી ગયો. '**માટે હવે આત્મા સ્વ-પરના ત્રણકાળવર્તી ભાવોને જ્ઞાતા-દૃષ્ટા થઈને જાણ્યા-દેખ્યા જ કરો.**' લ્યો. સમ્યગ્દર્શન થયા પછી, આત્માનું જ્ઞાન થયા પછી જે કાંઈ રાગાદિ થાય છે, ક્રિયા થાય છે એ જોતા રહો. જ્ઞાની પરનો કર્તા-ફર્તા થતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? જાણ્યા કરો. રાગ થાય છે ને? થાય, મારામાં શું છે? એ સંબંધીનું જ્ઞાન મારામાં છે, રાગ મારામાં નથી. રાગનું જ્ઞાન તે મારું જ્ઞાન છે. રાગ મારામાં નથી. દેહની ક્રિયા થાય છે ને? થાઓ. એ તો જડની પર્યાયનો ઉત્પાદ થાય છે. એ ઉત્પાદ મારામાં નથી. એ સંબંધીનું જ્ઞાન મારું છે, મારામાં એ જ્ઞાન ઉત્પન્ન થાય છે મારાથી. પરથી તો કંઈ થતું નથી. ત્રિકાળવર્તી ભાવોને. જુઓ! સ્વ અને પર બેય હોં!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**'જ્ઞાતા-દૃષ્ટા થઈને જાણ્યા-દેખ્યા કરો.'** ઓહોહો..!

**'પૂર્વોક્ત રીતે જ્ઞાનદશામાં પરની ક્રિયા પોતાની નહિ ભાસતી હોવાથી,...'** જુઓ! આત્માનું ભાન થયું તો રાગ અને દેહની ક્રિયા પોતાની છે એમ ભાસતું નથી. કહે છે, **'આ સમયસારની વ્યાખ્યા કરવાની ક્રિયા પણ મારી નથી,...'** આચાર્ય કહે છે, સમયસાર કોણે બનાવ્યું? શબ્દોએ બનાવ્યું, મેં તો બનાવ્યું નથી. આ તો કહે, અમે ઉપદેશ દઈએ છીએ, .. વાણી અમે કાઢીએ છીએ. મૂઢ છો. ઉપદેશની વાણી જડની પર્યાય છે. જડની પર્યાય પોતાથી થાય છે? અમે આમ કલાક, બે કલાક ઉપદેશ આપ્યો. તમને કેવો લાગ્યો? શું લાગે? સાંભળ તો ખરો. એ તો જડની પર્યાય છે. તેં કરી છે? આહા..હા..!

કહે છે, **'પોતાની નહિ ભાસતી હોવાથી, આ સમયસારની વ્યાખ્યા કરવાની ક્રિયા પણ મારી નથી, શબ્દોની છે'**. શબ્દો બન્યા છે એ સમયસાર રૂપે. અમે તો બનાવ્યું નથી. સમયસારની ભાષામાં શબ્દો બન્યા છે મેં નથી બનાવ્યું. આહાહા..! અહીં તો ક્ષણે ને પળે અભિમાન, અભિમાન ને અભિમાન. મેં આમ કર્યું, મેં આમ કર્યું. સમજાણું કાંઈ? મેં આવા પુસ્તક બનાવ્યા, લોકોને આમ સમજાવ્યા, મારા શિષ્ય બનાવ્યા. અરે..! ભગવાન! શું કરે છે તું? શું બનાવ્યું? જ્ઞાને બનાવી તારી જ્ઞાનક્રિયા. સમજાણું કાંઈ? આહાહા..! **'શબ્દોની છે.-એવા અર્થનું, સમયાસરની વ્યાખ્યા કરવાના અભિમાનરૂપ કષાયના ત્યાગને સૂચવાનારું કાવ્ય કહે છે :-'**

**स्वशक्तिसंसूचितवस्तुतत्त्वै-**
**र्व्याख्या कृतेयं समयस्य शब्दैः।**
**स्वरूपगुप्तस्य न किञ्चिदस्ति**
**कर्तव्यमेवामृतचन्द्रसूरेः।।२७८।।**

આનો અર્થ પણ કેટલાક એવો કરે છે, એ તો અભિમાન ટાળવા માટે કહ્યું છે, કરી તો શકે છે. આહા..! અરે..! ભગવાન! શું કહે છે? કહે છે કે નહિ? એ તો પોતાનું માન છોડવા માટે નિર્માનતાથી કહ્યું છે, બનાવ્યું છે તો એમણે. એ તો નિમિત્તથી કહેવામાં આવ્યું છે. ભગવાન! એમણે બનાવ્યું એ તો નિમિત્તથી કહેવામાં આવે છે. એમણે બનાવ્યું નથી. એક અક્ષરમાં અનંત પરમાણુ. અને એક એક પરમાણુ પોતાની પર્યાયથી સ્વતંત્ર પરિણમે. એ શબ્દની પર્યાય આત્મા કરી શકે નહિ. ત્રણ કાળમાં નહિ. કહો! ભગવાનની વાણીના કર્તા તો ભગવાન છે કે નહિ? દિવ્યધ્વનિ કરી કે નહિ? નહિ? દિવ્યધ્વનિ તો ભગવાનના મુખે નીકળે છે, બીજામાંથી દિવ્યધ્વનિ નીકળે છે? એવી નીકળે છે, તો કેવળજ્ઞાનનું કંઈક કારણ હોવું જોઈએ કે નહિ? એવી દિવ્યધ્વનિ નીકળે એક સમયમાં ધોધ માર્ગ, ૐ ૐ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


ધ્વનિ ઉઠે. ભગવાનનું જ્ઞાન એમાં કર્તા થઈને થાય છે કે ભાષા એને કારણે (નીકળે છે)? જડને કઈ રીતે ખબર પડી કે એમને કેવળજ્ઞાન છે તો મારે ભાષાપણે પરિણમીને છ દ્રવ્ય કહેવા છે? ભગવાન! તને ખબર નથી, પ્રભુ! એ તો શબ્દની પર્યાય તે સમયે એ રીતે પરિણમવાની હતી. ભગવાનને કારણે શબ્દપર્યાય પરિણમી નથી. ઓહોહો..!

'**શ્લોકાર્થ :- પોતાની શક્તિથી જેમણે વસ્તુનું તત્ત્વ (-યથાર્થ સ્વરૂપ) સારી રીતે કહ્યું છે...**' જુઓ! છે અર્થ? ભાષામાં સ્વપર વાર્તા કહેવાની શક્તિ છે. આત્મામાં સ્વપર જાણવાની શક્તિ છે. ભગવાન આત્મા, સ્વ શું છે અને પર કોણ છે એ જાણવાની શક્તિ એની છે. શબ્દમાં સ્વપર કહેવાની શક્તિ છે, સ્વપર વાર્તા કહેવાની શક્તિ શબ્દમાં છે. શબ્દમાં શું રૂપ છે અને શું કહે છે એ બધી શક્તિ શબ્દમાં છે. પોતાથી નહિ, પોતામાં નહિ. સમજાણું કાંઈ? બહુ આકરું કામ. હું આવી ભાષા કરું, લોકો જેમ જોવે એવી ઉપદેશની ભાષા કરું. મૂળચંદભાઈ! અરે..! ભગવાન! તારી પાસે ક્યાં પરમાણુ પડ્યા છે કે તું બનાવ?

'**પોતાની શક્તિથી જેમણે વસ્તુનું તત્ત્વ...**' જુઓ! પરમાણુમાં પોતાની શક્તિથી વસ્તુ તત્ત્વને સારી રીતે કહ્યું છે. એમ. જેવું છે એવું કહ્યું છે. આહાહા..! ભાષાએ કહ્યું છે, હોં! મેં નહિ. શબ્દ કેવા લીધા છે? સમજ્યા? સંસ્કૃત છે. '**स्व-शक्ति-संसूचित**' છે ને? '**सं**' શબ્દ છે એમાંથી ઘણું કાઢ્યું. એણે કર્યા છે, ભાઈ! એમ કેમ નીકળ્યા? ત્રણ કાળ અને ત્રણ લોકના દ્રવ્ય-ગુણ-પર્યાયની વાત શબ્દમાં? ભગવાન! શબ્દમાં એવી શક્તિ છે. જડની પર્યાય એ રીતે પરિણમવાની શક્તિ છે તો તેનાથી એ નીકળે છે. આત્મા તેનો-સમયસારનો કર્તા નથી. હું તો જ્ઞાતા છું. મારા જ્ઞાનમાં હું સમાયો છું તો મારા જ્ઞાનમાંથી બહાર નીકળીને વાણીની પર્યાયમાં પેસી ગયો કે હું બનાવું? ઓહોહો..! તો નિમિત્તથી કર્તા છે કે નહિ? ભલે ઉપાદાનથી ન હો. ધન્નાલાલજી! એમ ચાલે છે કે નહિ? ઉપાદાનથી કર્તા નથી એમ કહ્યું છે. નિમિત્ત કર્તા તો છે કે નહિ? અરે..! બિલકુલ નહિ. સમજાણું કાંઈ? એમ બોલવામાં આવે છે. જ્યારે ભાષામાં પર્યાય થઈ ત્યારે નિમિત્ત કોણ હતું એ બોલવામાં આવે છે. સમજાણું કાંઈ?

'**એવા શબ્દોએ આ સમયની વ્યાખ્યા (-આત્મવસ્તુનું વ્યાખ્યાન અથવા સમયપ્રાભૃતશાસ્ત્રની ટીકા) કરી છે; સ્વરૂપગુપ્ત (-અમૂર્તિક જ્ઞાનમાત્ર સ્વરૂપમાં ગુપ્ત) અમૃતચંદ્રસૂરિનું (તેમાં) કાંઈ જ કર્તવ્ય નથી.**' કંઈ પણ કર્તવ્ય શબ્દની પર્યાય થવામાં મારા ભગવાનની કોઈ શક્તિ નથી. મારી શક્તિમાં પરમાણુ જ નથી તો ક્યાંથી થાય? આહાહા..! જડ પુદ્ગલની પર્યાયથી એ શબ્દ સમયસાર બન્યું છે, મારાથી થયું નથી. આવી વસ્તુની સ્થિતિ છે. અભિમાન છોડવા માટે કહ્યું છે અને કર્તા થઈ શકે છે એમ નથી. જેઠાલાલભાઈ!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



વસ્તુસ્થિતિ એવી છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**શ્રાવણ સુદ ૫, મંગળવાર તા. ૩૦-૭-૧૯૬૮**
**શ્લોક-૨૭૮ પ્રવચન-૫૮૩**

આ સમયસારનું પરિશિષ્ટ છે. આજે છેલ્લો અધિકાર છે. પચ્ચીસ મહિનાથી ચાલે છે. બે વર્ષ એક મહિનો. (સંવત) ૨૦૨૨ની સાલમાં શ્રાવણમાં શરૂ કર્યું હતું. બે વર્ષ થયા. આજે પૂરું થાય છે પંદરમી વાર. પંદર, પંદર સમજો છો? પંદરમી વાર સભામાં પહેલેથી છેલ્લે સુધી. ૫૮૨ તો રેકોર્ડિંગ થઈ ગયા છે. જુઓ! છેલ્લું થોડું છે. પછી કર્તાકર્મની ૭૫ ગાથામાંથી લેવું છે ને? ભાઈ! ૭૫માંથી.

અમૃતચંદ્રાચાર્ય મહારાજ કહે છે કે આ શબ્દ-શાસ્ત્ર બનાવ્યું કોણે? (આચાર્યદેવે). ના, એ તો નિમિત્તનું કથન છે. અમે બનાવ્યું નથી. નિમિત્તનું કથન છે. નિમિત્ત કોણ હતું એનું જ્ઞાન કરાવવા માટે છે. નિમિત્તથી થયું છે એમ નહિ. નિમિત્તે કર્યું હોય તો તો ઉપાદાન થઈ ગયું. ઈ કહ્યું, જુઓ!

**'પોતાની શક્તિથી જેમણે વસ્તુનું તત્ત્વ (-યથાર્થ સ્વરૂપ) સારી રીતે કહ્યું છે...'** અર્થ, અર્થ. છે? ૨૭૮ કળશ છે ને છેલ્લો. **'પોતાની શક્તિથી જેમણે વસ્તુનું તત્ત્વ (-યથાર્થ સ્વરૂપ) સારી રીતે કહ્યું છે એવા શબ્દોએ આ સમયની વ્યાખ્યા (-આત્મવસ્તુનું વ્યાખ્યાન અથવા સમયપ્રાભૃતશાસ્ત્રની ટીકા) કરી છે;...'** સમયસારની વ્યાખ્યા શબ્દોએ કરી છે.

મુમુક્ષુ :- શબ્દોને ખબર પડતી નથી.

ઉત્તર :- ખબર પડવાનું શું કામ છે? ખબર પડે ઈ જ તત્ત્વ છે? ખબર ન પડે ઈ તત્ત્વ નથી? ખબર પડે ઈ જ તત્ત્વ હોય તો ખબર વિનાનું તત્ત્વ હોય નહિ. ભાઈ! શબ્દમાં પરમાણુમાં એ સમયે એ સમયની એવી અવસ્થા પરિણમવાની યોગ્યતા છે. આત્માને કારણે નહિ. આત્મા અથવા સર્વ દ્રવ્ય પરદ્રવ્યની પર્યાય કરવામાં અલાયક છે.

મુમુક્ષુ :- અયોગ્ય ...

ઉત્તર :- અયોગ્ય કહો કે અલાયક કહો, એમાં ક્યાં ફેર છે. એક દ્રવ્ય બીજા દ્રવ્યની પર્યાય કરવામાં અયોગ્ય છે, અલાયક છે. ૩૭૨ ગાથા. ૩૭૨માં છે. સમજાણું કાંઈ? તો ભાષા કરવામાં પણ સર્વજ્ઞ પરમાત્મા પણ અયોગ્ય છે. પંડિતજી! પોતાની શક્તિ પોતામાં છે. પરની શક્તિ પરમાં ઘુસી જાય છે?

મુમુક્ષુ :- અનંત શક્તિ...

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


ઉત્તર :- અનંત શક્તિ છે તો અનંત પોતમાં છે. શું અનંત શક્તિ શબ્દોને બનાવે તો અનંત શક્તિ કહેવાય? સમજાણું કાંઈ?

કહે છે, **'સ્વરૂપગુપ્ત (–અમૂર્તિક જ્ઞાનમાત્ર સ્વરૂપમાં ગુપ્ત) અમૃતચંદ્રસૂરિનું કાંઈ જ કર્તવ્ય નથી.'** વસ્તુનું સ્વરૂપ એવું છે, ભાઈ! આ તો કર્તા છે, નિમિત્ત કર્તા છે, નિમિત્ત કર્તા છે (એમ લોકો કહે છે). ઈ કર્તા નથી, ભાઈ! એ પરમાણુએ તે સમયે તે પર્યાયે પરિણમવાની લાયકાતથી પરિણમી રહ્યા છે. જીવના નિમિત્તે નહિ, જ્ઞાનને કારણે નહિ, જોગના કંપનને કારણે નહિ અને ઈચ્છાને કારણે નહિ.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ઈ તો લખ્યું છે, નિમિત્તનું કથન છે. શાસ્ત્રમાં આવે છે ઈ. જ્ઞાન કર્તા અને ભાષા કાર્ય. પણ એ તો નિમિત્તની વાક્ય છે. શું જ્ઞાન કર્તા અને ભાષાની પર્યાય જ્ઞાનનું કાર્ય છે? સમજાણું કાંઈ? એનું અભિમાન અનાદિનું એવું છે કે હું આમ બોલું છું. હું ભાષા (કરું છું).

મુમુક્ષુ :- ધવલમાં લખ્યું છે.

ઉત્તર :- ધવલમાં લખ્યું હોય તો કઈ નયનું કથન છે ઈ સમજવું જોઈએ ને.

મુમુક્ષુ :- ... નથી લખ્યું.

ઉત્તર :- બધામાં લખ્યું છે. નથી લખ્યું શું? વ્યવહારનયથી કથન નથી? હમણાં કહેશે, જુઓ!

**'ભાવાર્થ :- શબ્દો છે તે તો પુદ્ગલ છે.'** આ શબ્દ જે બોલાય છે એ તો પુદ્ગલ છે. **'તેઓ પુરુષના નિમિત્તથી...'** જુઓ! **'પુરુષના નિમિત્તથી વર્ણ–પદ–વાક્યરૂપે પરિણમે છે;...'** વર્ણ, પદ અને વાક્ય. વર્ણ નામ અ, ક એને વર્ણ કહેવાય. પદ (અર્થાત્) ઘ એને વર્ણ કહેવાય, ઘટ એ પદ કહેવાય. ઘટ લાવો, એ વાક્ય કહેવાય. સમજાણું કાંઈ? જીવ. એમાં એક એકને અક્ષર કહેવાય. જીવ એ પદ કહેવાય. જીવ છે, એને વાક્ય કહેવાય. સમજાણું કાંઈ? **'વર્ણ–પદ–વાક્યરૂપે પરિણમે છે,...'** એ શબ્દો પરિણમે છે. મેં તો બનાવ્યું નથી એમ અમૃતચંદ્રાચાર્ય કહે છે.

મુમુક્ષુ :- નિમિત્ત..

ઉત્તર :- નિમિત્ત કહ્યું ને. એ પરિણમનના કાળમાં નિમિત્ત કોણ હતું એને જ્ઞાન કરાવ્યું. પણ એનાથી પરિણમ્યું છે? શું કહે છે? શબ્દ પોતાથી પરિણમ્યા છે. આહા..! સમજાણું કાંઈ? પરમાણુએ પરમાણુ પોતાની પર્યાય કરવામાં સ્વતંત્ર છે. બીજા પરમાણુથી પણ બીજા પરમાણુમાં પર્યાય થાય છે એમ ત્રણ કાળમાં નથી. એનું અભિમાન ઊડી જાય. શું કરે?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


એ તો જ્ઞાનસ્વરૂપ આત્મા છે. ભગવાન જ્ઞાનસ્વરૂપ આત્મા ઈ શું કરે? રાગનો કર્તા પણ આત્મા નથી. રાગનો કર્તા માને તોપણ મિથ્યાદષ્ટિ છે. ઈ અધિકાર આવશે. સમજાય છે કાંઈ?

કહે છે, '**પુરુષના નિમિત્તથી વર્ણ-પદ-વાક્યરૂપે પરિણમે છે; તેથી તેમનામાં વસ્તુના સ્વરૂપને કહેવાની શક્તિ સ્વયમેવ છે,...**' લ્યો આવ્યું. શબ્દમાં વસ્તુ તત્ત્વની સ્વપર વાર્તા કહેવાની. સ્વ નામ હું કોણ છું અને પર કોણ છે એવી કહેવાની શબ્દમાં સ્વપર વાર્તા કહેવાની શક્તિ સ્વયમેવ છે.

મુમુક્ષુ :- શક્તિ નિમિત્ત તો નથી.

ઉત્તર :- આ શું કહ્યું? સ્વયમેવ છે કહ્યું ને. સમજાણું કાંઈ? આહાહા..!

'**કારણ કે શબ્દનો અને અર્થનો વાચ્યવાચક સંબંધ છે.**' દ્રવ્ય-ગુણ-પર્યાય જેવા પદાર્થ છે એવા વાચક શબ્દ. નિમિત્ત નૈમિત્તિક સંબંધ છે ઈ બતાવે છે. ઘટ એ શબ્દ છે, પદ છે. ઈ ઘટને બતાવે છે. બસ, એટલું છે. શબ્દ પોતાની પર્યાયથી પરિણમે છે. કોઈ બીજા આત્માથી પરિણમે છે એમ નથી. આહાહા..! આ દેહની ક્રિયા આમ થાય છે એ આત્મા કરે છે એમ ત્રણ કાળ ત્રણ લોકમાં નથી. સમજાણું કાંઈ? મિથ્યાદષ્ટિ અભિમાન કરે છે કે મેં શરીર બનાવ્યું, મેં વાણી કરી. કુંભાર અભિમાન કરે છે કે મેં ઘડો બનાવ્યો. સોની અભિમાન કરે છે કે મેં દાગીનો બનાવ્યો. દાગીનાને શું કહે છે? ઝેવર. દાગીના બનાવ્યા, મેં કપડા બનાવ્યા. ભગવાન કહે છે કે એ બધા નિમિત્તના કથન છે. મેં બનાવ્યું એમ માનવું એ મિથ્યાત્વભાવ પાપભાવ છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**આ રીતે દ્રવ્યશ્રુતની રચના શબ્દોએ કરી છે...**' આ દ્રવ્યશાસ્ત્રની રચના શબ્દોએ કરી છે, આત્માએ બિલકુલ કરી નથી. જુઓ! નીચે લખ્યું છે ને? કંઈ કર્યું નથી. ઉપર અર્થમાં લખ્યું છે. પાઠમાં પણ એમ છે. (૨૭૭ કળશ). '**किञ्चिन्न किञ्चित्किल**'. આહાહા..! આ ધંધા-બંધા બધા કરે છે તો કરી શકે કે નહિ?

મુમુક્ષુ :- શેઠિયાઓ કરી શકે.

ઉત્તર :- શેઠિયાઓ શું કરે? શેઠિયા રાગ કરે. ધંધો કરી શકે છે? દુકાન ઉપર થડે બેસીને ચોખા, દાળ વેચી શકે છે? કપડા વેચી શકે છે? દાગીનો વેચી શકે છે? એ તો જડની પર્યાય છે. જડની પર્યાય જ્યાં જવાની હોય એ તો પોતાની ક્રિયાવર્તી શક્તિથી જાય છે. રોકાય છે તો પોતાની ક્રિયાશક્તિથી રોકાય છે. કોઈથી રોકાય છે અને કોઈ એને બનાવે છે એવી કોઈ પદાર્થની શક્તિ પરને બનાવે એવી કોઈ શક્તિ નથી. સમજાણું કાંઈ?

'**એ વાત જ યથાર્થ છે.**' જુઓ! '**દ્રવ્યશ્રુતની રચના શબ્દોએ કરી છે એ વાત**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


**જ યથાર્થ છે. આત્મા તો અમૂર્તિક છે,...**' ભગવાન આત્મા તો રાગ રહિત, શરીરની ક્રિયા રહિત અમૂર્તસ્વરૂપ ભગવાન આત્મા તો છે. સમજાણું કાંઈ? અમૂર્ત કહેવાથી તો ધર્માસ્તિ પણ અમૂર્તિક છે. તો કહે છે કે અમૂર્ત છે અને જ્ઞાનસ્વરૂપ છે. જાણવું-દેખવું એની ક્રિયા છે. એ સવારે આવ્યું હતું. શુદ્ધ ચેતનાક્રિયા છે. એનાથી અનેરી ક્રિયા, એનાથી તો રહિત જ આત્મા છે. સમજાણું કાંઈ? ભાષામાં નથી. એ ભાવ એવો છે એમ કહે છે. ક્ષણે, પળે ને પ્રસંગે જ્યાં ત્યાં મેં કર્યું, હું બોલ્યો, આમ બોલ્યો, આમ કહ્યું, શરીરનો મેં આમ સદુપયોગ કર્યો, લક્ષ્મીનો મેં સદુપયોગ કર્યો. ભગવાન! પરદ્રવ્યની પર્યાય કોણ કરે? સમજાણું કાંઈ? ધન્નાલાલજી!

મુમુક્ષુ :- દેખાય તો છે.

ઉત્તર :- શું દેખાય છે? સંયોગદૃષ્ટિથી દેખાય છે. સ્વભાવદૃષ્ટિથી જુઓ તો કોઈનું કોઈ કરતું નથી એમ દેખાય છે. મોટી ગડબડ.

**'તેથી તે મૂર્તિક પુદ્‌ગલની રચના કેમ કરી શકે? માટે જ આચાર્યદેવે કહ્યું છે કે 'આ સમયપ્રાભૃતની ટીકા શબ્દોએ કરી છે, હું તો સ્વરૂપમાં લીન છું,...'** હું તો જ્ઞાનમાં છું. મારા જ્ઞાનમાંથી ઉત્થાન થઈને શબ્દો આવ્યા છે? શબ્દની પર્યાય ભાષાવર્ગણામાંથી આવી છે, હું તો તેનાથી નિરાળો છું. આહાહા..! બધા આત્માની આવી વસ્તુ છે. સમજાય છે કાંઈ? આચાર્ય કહે છે કે '**મારું કર્તવ્ય તેમાં (-ટીકા કરવામાં) કાંઈ જ નથી.**' જુઓ! ટીકા કરવામાં મારું કાંઈ જ કર્તવ્ય નથી. '**આ કથન આચાર્યદેવની નિર્માનતા પણ બતાવે છે.**' બે વાત છે. નિર્માનતાને પણ. થાય તો છે એનાથી પણ સાથે એમની નિર્માનતા પણ પ્રગટ થાય છે. 'પણ' શબ્દ પડ્યો છે. હોં! કરતા તો નથી અને કર્તા માને તો અભિમાન છે. નિરભિમાન છે, મારાથી થઈ નથી. એનાથી થઈ છે. પણ 'પણ' શબ્દ પડ્યો છે એટલે કરી શકે છે અને નિર્માનતા છે એમ નહિ. કરી શકું છું પણ અભિમાન રહિત હું કરું છું, એમ નથી. કરી જ નથી શકતો. તેથી નિર્માનતા પણ બતાવે છે એમ લીધુ છે. વચ્ચે 'પણ' શબ્દ પડ્યો છે. પર શબ્દની રચના આત્માથી થતી નથી ત્રણ કાળ ત્રણ લોકમાં. વક્તા, વાણીનો જે વક્તા છે એ આત્મા વાણીનો વક્તા કરી શકે છે એમ ત્રણ કાળમાં નથી. સમજાણું કાંઈ? આવી દ્રવ્યની સ્થિતિ છે. આમ ન માને તો એની દૃષ્ટિમાં મોટું મિથ્યા અભિપ્રાયનું પાપ લાગે છે. સમજાણું કાંઈ? આત્મા જ્ઞાતા છે તે જાણે છે. એ ઉપરાંત મેં કર્યું એમ માને તો આત્માની હિંસા થાય છે. સમજાણું કાંઈ?

**'હવે જો નિમિત્તનૈમિત્તિક વ્યવહારથી કહીએ તો એમ પણ કહેવાય છે જ...'**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


જુઓ! ઓળખાણ કરવા માટે એમ કહેવાય છે કે '**અમુક કાર્ય અમુક પુરુષે કર્યું.**' એ તો નિમિત્ત કોણ હતું એનો સંબંધ જોડવા માટે જ્ઞાન કરાવવા માટે વાત કરી છે. '**હવે જો નિમિત્તનૈમિત્તિક વ્યવહારથી કહીએ તો એમ પણ કહેવાય છે જ કે અમુક કાર્ય અમુક પુરુષે કર્યું. આ ન્યાયે આ આત્મખ્યાતિ નામની ટીકા પણ અમૃતચંદ્રાચાર્યકૃત જ છે.**' નિમિત્ત એ હતા એમ બતાવવું છે. સમજાણું કાંઈ? '**તેથી તેના વાંચનારા તથા સાંભળનારાઓએ તેમનો ઉપકાર માનવો પણ યુક્ત છે; કારણ કે તેને વાંચવા તથા સાંભળવાથી પારમાર્થિક આત્માનું સ્વરૂપ જણાય છે,...**' સમયસાર વાસ્તવિક તત્ત્વની શબ્દની પર્યાય છે. પણ નિમિત્તપણે આચાર્ય છે તો એમનો ઉપકાર પણ સ્વીકારવો પડશે. ઉપકાર સ્વીકારવો પડશે. વ્યવહાર છે ને. વ્યવહાર છે. '**તેનું શ્રદ્ધાન તથા આચરણ થાય છે,...**' ભગવાન આત્માનું સ્વરૂપ શાસ્ત્રમાં છે એમ સમજાયું તો ઉપકાર કરીને પોતામાં પોતાથી શ્રદ્ધા પણ થઈ. અને પોતાથી જ્ઞાન પણ થયું અને આચરણ પણ થાય છે. પોતાના સ્વરૂપનું જ્ઞાન (થયું કે) હું શુદ્ધ ચૈતન્ય છું, એવી અંતરની શ્રદ્ધા તથા પોતાના સ્વરૂપમાં સ્વરૂપના આચરણરૂપ ક્રિયા થાય છે.

'**મિથ્યા જ્ઞાન, શ્રદ્ધાન તથા આચરણ દૂર થાય છે...**' રાગની ક્રિયા હું કરું છું, શરીરની હું કરું છું, પરની દયા હું પાળી શકું છું એવી જે મિથ્યાશ્રદ્ધા છે તેનો નાશ થાય છે. સમયસાર સમજવામાં સંકેત કહેતા હતા ને? જિનેશ્વરદાસજી! સંકેત થાય છે અહીંયા સ્વાધ્યાયમાં. સંકેત કરે છે પણ એ પ્રયોગ કરે તો સંકેત કહેવાય ને? આહાહા..! મિથ્યા્ શ્રદ્ધાન, મિથ્યા જ્ઞાન તથા આચરણ દૂર થાય છે '**અને પરંપરાએ મોક્ષની પ્રાપ્તિ થાય છે.**'

મુમુક્ષુ :- આ તો નિશ્ચયથી પરંપરાની પ્રાપ્તિ..

ઉત્તર :- હા, થઈને.

'**આનો નિરંતર અભ્યાસ કરવાયોગ્ય છે.**' નિશ્ચયનો અર્થ શું? એમાં શું નિશ્ચય છે? નિશ્ચય તો છે નહિ. શ્રદ્ધાન તેના નિમિત્તથી થાય છે, એટલું છે. સાંભળવાથી પોતાના સ્વરૂપ તરફ ઝુકાવ કરીને સમ્યગ્દર્શન થાય તો સાંભળવાથી થયું એવું નિમિત્તથી કથન કરવામાં આવે છે. એમ વાત છે. અનંત વાર સાંભળ્યું. સમવસરણમાં પણ અનંત વાર ગયો. ગયો કે નહિ? ભગવાનના સમવસરણમાં અનંત વાર ગયો. પંડિતજી! આહા..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- શબ્દથી જ થયું. નિમિત્તથી નહિ, શબ્દથી થયું.

મુમુક્ષુ :- ભાવશ્રુતજ્ઞાન?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


ઉત્તર :- ભાવશ્રુતજ્ઞાન પોતાથી થાય છે. એ તો ચૈતન્ય અનુવિધાયી પરિણામ ઉપયોગઃ. પોતાની જ્ઞાન અને દર્શન પર્યાય જે થાય છે એ ચૈતન્ય અનુવિધાયી પરિણામ ઉપયોગ. એ પણ સાંભળવાથી ઉપયોગ થયો છે એમ નહિ. ભગવાન આત્મા ચેતનસ્વરૂપ. ચેતન. એની ચેતના જ્ઞાયક-દર્શન. એને અનુવિધાયી-તેને અનુસરીને પોતાના પરિણામ મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન, કેવળજ્ઞાન થાય છે. તે પોતાના જ્ઞાનને અનુસરીને થાય છે. નિમિત્તને અનુસરીને થતું નથી. સમજાણું કાંઈ? ઈ દ્રવ્યસંગ્રહમાં આવે છે. આવે છે કે નહિ? ધન્નાલાલજી! ચૈતન્ય અનુવિધાયી પરિણામ ઉપયોગઃ. બધામાં આવે છે. આ શબ્દ તો બધે ઠેકાણે છે.

માટે '**મુમુક્ષુઓને આનો નિરંતર અભ્યાસ કરવાયોગ્ય છે.**' એ સમયસાર શાસ્ત્રની અમૃતચંદ્રાચાર્યદેવ (કૃત) આત્મખ્યાતિ ટીકા પૂરી થઈ. '**હવે પં. જયચંદ્રજી ભાષાટીકા પૂર્ણ કરે છે :-**' લ્યો. વચનીકાકાર જયપુરના પંડિત હતા તે હવે સમાપ્ત કરવા માટે મંગળિક કરે છે.

**કુંદકુંદમુનિ કિયો ગાથાબંધ પ્રાકૃત હૈ પ્રાભૃતસમય શુદ્ધ આતમ દિખાવનૂં,**
**સુધાચંદ્રસૂરિ કરી સંસ્કૃત ટીકાવર આત્મખ્યાતિ નામ યથાતથ્ય ભાવનૂં;**
**દેશકી વચનિકામેં લિખિ જયચંદ્ર પઢૈ સંક્ષેપ અર્થ અલ્પબુદ્ધિકૂં પાવનૂં,**
**પઢો સુનો મન લાય શુદ્ધ આતમા લખાય જ્ઞાનરૂપ ગહૌ ચિદાનંદ દરસાવનૂં.**

'**કુંદકુંદમુનિ કિયો ગાથાબંધ પ્રાકૃત...**' આ ગાથામાં નિમિત્ત કુંદકુંદાચાર્ય થયા. ગાથામાં. અને '**પ્રાભૃતસમય શુદ્ધ આતમ દિખાવનૂં.**' શેના માટે? શુદ્ધ ભગવાન ચિદાનંદ જ્ઞાયકસ્વરૂપ છે. રાગથી ભિન્ન છે, ભેદથી ભિન્ન છે, નિમિત્તથી ભિન્ન છે. આવો આત્મા સમ્યગ્દર્શનનો વિષય સમયસારમાં બતાવ્યો. સમજાણું કાંઈ? '**શુદ્ધ આતમ દિખાવનૂં**'. જુઓ! બધી વાત કરી પણ બતાવ્યું શું? શુદ્ધ આત્મા પવિત્ર ભગવાન આનંદસ્વરૂપ હું છું. એવું સમયસારે દેખાડ્યું. દેખાડ્યું અને એની દૃષ્ટિ કરવાથી પોતાના અનુભવમાં આત્મા આવે છે તો આત્માની પ્રાપ્તિ થાય છે. સમજાણું કાંઈ?

'**સુધાચંદ્રસૂરિ**' સુધા એટલે અમૃત. '**ચંદ્રસૂરિ કરી સંસ્કૃત ટીકાવર**' ઊંચી ઉત્તમ '**આત્મખ્યાતિ નામ યથાતથ્ય ભાવનૂં.**' ટીકા છે એનું નામ આત્મખ્યાતિ-આત્મપ્રસિદ્ધિ છે. હું ટીકામાં આત્માની પ્રસિદ્ધિ બતાવું છું. આત્મા શુદ્ધ ચિદાનંદ ભગવાન છે એમ બતાવ્યું. '**દેશકી વચનિકામેં લિખિ જયચંદ્ર**' જયચંદ્ર પંડિતે ચાલતી ભાષામાં લખ્યું. '**પઢૈ સંક્ષેપ અર્થ**' બહુ થોડા અર્થમાં '**અલ્પબુદ્ધિકૂં પાવનૂં**' અલ્પબુદ્ધિને બતાવવા. '**પઢો સુનો મન લાય...**' મનમાં લાવીને. '**શુદ્ધ આતમા લખાય જ્ઞાનરૂપ ગહૌ ચિદાનંદ દરસાવનૂં.**'

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


લ્યો. ભગવાન આત્મા જ્ઞાનરૂપ છે એવો અનુભવ કરો તો ચિદાનંદ દર્શાવવા માટે આ સમયસાર કહેવામાં આવ્યું.

મુમુક્ષુ :- .. એમ લખ્યું છે.

ઉત્તર :- લખે ને. એમાં શું છે? એવો છે વ્યવહાર. પઢો, ભણો, સાંભળો મન લાવીને. મનને એમાં ગોઠવીને. ભાષા તો વ્યવહાર છે. બાકી વાંચવા, સાંભળવાથી પણ પ્રાપ્તિ થતી નથી. સમજાણું કાંઈ? પોતાની પર્યાય સ્વસન્મુખ થઈને કામ કરે ત્યારે પ્રાપ્તિ થાય છે. આમ વાત છે. રાજમલજી! આહાહા..! 'લાખ બાતકી બાત નિશ્ચય ઉર આણો'. ઈ આવે છે કે નહિ? છ ઢાળામાં આવે છે, છ ઢાળામાં. નહિ? 'લાખ બાતકી બાત નિશ્ચય ઉર આણો'. લાખ વાતની વાત પણ ભગવાન જ્ઞાયક ચિદાનંદ છે એ નિશ્ચય દૃષ્ટિમાં લ્યો. સમજાણું કાંઈ? એ જ બતાવવા માટે આ સમયસાર કહ્યું છે.

**સમયસાર અવિકારકા, વર્ણન કર્ણ સુનંત;**
**દ્રવ્ય-ભાવ-નોકર્મ તજિ, આત્મતત્ત્વ લખંત. ૨.**

આ સમયસાર નિર્વિકારી તત્ત્વનું વર્ણન, કથન, કર્ણ-કરવું, સાંભળવું. '**દ્રવ્ય-ભાવ-નોકર્મ તજિ**' જડ કર્મ અને ભાવકર્મ વિકારી અને નોકર્મ શરીરાદિ છોડીને આત્મતત્ત્વ જાણે છે. લખંત નામ આત્મતત્ત્વને ઓળખે છે. આ પ્રમાણે સમયસારની ટીકાનો અર્થ લખ્યો. અને અતિ સંક્ષેપમાં લખ્યો, બહુ વિસ્તાર ન કર્યો. પછી તો વિશેષ કહે છે. '**પ્રતિજ્ઞા, હેતુ, ઉદાહરણ, ઉપનય અને નિગમનપૂર્વક-સ્પષ્ટતાથી વ્યાખ્યાન લખતાં ગ્રંથ બહુ વધી જાય; તેથી આયુ, બુદ્ધિ, બળ અને સ્થિરતાની અલ્પતાને લીધે, જેટલું બની શક્યું તેટલું, સંક્ષેપથી પ્રયોજનમાત્ર લખ્યું છે. તે વાંચીને ભવ્ય જીવો પદાર્થને સમજજો.**'

મુમુક્ષુ :- બધા ભવિ..

ઉત્તર :- ભવ્ય જ છે આત્મા અહીંયા તો. સમજાણું કાંઈ? અરે..! ભવ્યજનો! આ સાંભળીને સમજો, સમજજો.

'**કોઈ અર્થમાં હિનાધિકતા હોય તો બુદ્ધિમાનો મૂળ ગ્રંથમાંથી જેમ હોય તેમ યથાર્થ સમજી લેજો. આ ગ્રંથના ગુરુસંપ્રદાયનો (-ગુરુપરંપરાગત ઉપદેશનો) વ્યુચ્છેદ થઈ ગયો છે,...**' અધ્યાત્મ ગ્રંથ અલૌકિક અનુભવની વસ્તુ છે. પરંપરા તૂટી ગઈ. સમજાણું કાંઈ? '**માટે જેટલો બની શકે તેટલો (-યથાશક્તિ) અભ્યાસ થઈ શકે છે. તોપણ જેઓ સ્યાદ્‌વાદમય જિનમતની આજ્ઞા માને છે, તેમને વિપરીત શ્રદ્ધાન થતું નથી. ક્યાંક અર્થનું અન્યથા સમજવું પણ થઈ જાય તો વિશેષ બુદ્ધિમાનનું નિમિત્ત મળ્યે યથાર્થ થઈ જાય છે. જિનમતની શ્રદ્ધાવાળાઓ હઠગ્રાહી હોતા નથી.**' વાસ્તવિક

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


તત્ત્વને ઓળખવામાં એને હઠ થતી નથી.

લ્યો, હવે મંગળિક કરે છે.

**મંગલ શ્રી અરિહંત ઘાતિયા કર્મ નિવારે,**

કર્મ નિવાર્યા તો અરિહંત થયા એમ નથી કહ્યું. એમ કે કર્મનો નાશ થાય છે તો આત્માને અરિહંતપદ પ્રાપ્ત થાય છે એમ નથી લખ્યું. '**મંગલ શ્રી અરિહંત ઘાતિયા કર્મ નિવારે**' આત્માએ ઘાતિકર્મનો નાશ કર્યો વ્યવહારથી અને અશુદ્ધતાનો નાશ કર્યો નિશ્ચયથી.

**મંગલ સિદ્ધ મહંત કર્મ આઠોં પરજારે;**

સિદ્ધ ભગવાને આઠેય કર્મને બાળ્યા. પરજારે નામ બાળી નાખ્યા.

**આચારજ ઉવજ્ઝાય મુનિ મંગલમય સારે,**

મંગલમય છે પાંચેય પરમેષ્ઠી. હવે આચાર્યનું શું છે? આચાર્ય દીક્ષા દે છે, ઉપાધ્યાય શિક્ષા દે છે. '**ભવ્યજીવનિકૂં તારે.**' અને મુનિ '**અઠવીસ મૂલગુણ ધાર જે સર્વસાધુ અણગાર હૈં.**' ત્રણેયનું લક્ષણ બતાવ્યું. સમજાણું કાંઈ?

**મૈં નમું પંચગુરુચરણકૂં મંગલ હેતુ કરાર હૈં.**

મંગળના હેતુથી અંતિમ મંગળિક વચનિકાકારે કર્યું.

**જૈપુર નગરમાંહિ તેરાપંથ શૈલી બડી**

ઈ આવ્યું છે કે નહિ? શેઠીજી! આ તમારા ગામનું નામ આવ્યું. 'જૈપુર નગરમાંહિ તેરાપંથ શૈલી બડી' તમારા તેરાપંથી છે બધા ત્યાં.

**બડે બડે ગુની જહાં પઢૈ ગ્રંથ સાર હૈ,**
**જયચંદ્ર નામ મૈં હૂં તિનિમેં અભ્યાસ કિછૂ**
**કિયો બુદ્ધિસારુ ધર્મરાગતેં વિચાર હૈ;**

બુદ્ધિસારુ એટલે બુદ્ધિપ્રમાણ. મારી બુદ્ધિની યોગ્યતાથી મેં અભ્યાસ કર્યો છે. '**ધર્મરાગતેં વિચાર હૈ**' મેં તો ધર્મના પ્રેમથી આ કામ લીધું છે.

**સમયસાર ગ્રંથ તાકી દેશકે વચનરૂપ**
**ભાષા કરી પઢો સુનૂં કરો નિરધાર હૈ,**

ભગવાન આત્મા કેવો છે એનો નિર્ણય કરો. અનુભવમાં આત્મા આનંદકંદ છે એમ નિર્ણય કરો. '**આપાપર ભેદ જાનિ**' આપા નામ આત્મા જ્ઞાનસ્વરૂપ છે, રાગાદિ પર છે. ભેદ જાણી '**હેય ત્યાગિ**' રાગાદિને હેયનો ત્યાગ કરી '**ઉપાદેય ગહો**' શુદ્ધાત્માનું ગ્રહણ કરો. '**શુદ્ધ આતમકૂં, યહૈ બાત સાર હૈ.**' લ્યો. આખા સમયસારનો આ સાર છે. ૧૮૬૪ કારતક વદ દશમે એ પૂરું થયું.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

**સંવત્સર વિક્રમ તણૂં, અષ્ટાદશ શત ઔર;**
**ચૌસઠિ કાતિક વદિ દશૈ, પૂરણ ગ્રંથ સુઠૌર. ૩.**

'**આમ શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત સમયપ્રાભૃત નામના પ્રાકૃતગાથાબદ્ધ પરમાગમની શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવવિરચિત આત્મખ્યાતિ નામની સંસ્કૃત ટીકા અનુસાર પંડિત જયચંદ્રજીકૃત સંક્ષેપભાવાર્થમાત્ર દેશભાષામય વચનિકાના આધારે શ્રી હિંમતલાલ જેઠાલાલ શાહ...**' આપણા પંડિત આ બેઠા. એમણે કર્યું છે. '**શાહ કૃત ગુજરાતી અનુવાદ સમાપ્ત થયો.**' પંદરમી વાર સમયસાર સભામાં આજે પૂર્ણ થાય છે. મંગળવારે થાય છે. તમારી શરૂઆત થાય છે.

હવે કર્તાકર્મ લ્યો. કર્તાકર્મનો પહેલો શ્લોક લઈને મંગળિક કરીને પછી લઈએ. કર્તાકર્મનો પહેલો શ્લોક. ૪૬ કળશ. ચાર અને છ, કળશ. એમાં કર્તાકર્મનું મંગળિક અમૃતચંદ્રાચાર્ય કરે છે. કર્તાકર્મ અધિકાર. આવો અધિકાર બીજા શાસ્ત્રમાં લીધો નથી. ૭૬ ગાથા એવી બનાવી...

મુમુક્ષુ :- ભરતક્ષેત્રનો..

ઉત્તર :- ભરતક્ષેત્રનો કર્તાકર્મ અધિકાર અલૌકિક વાત છે! લોકોની ભૂલ પડી છે એ કર્તાકર્મમાં ભૂલ છે. સમજાણું કાંઈ? હું કર્તા રાગનો, હું કર્તા પરનો, પરથી મારામાં કંઈક થાય છે. એવી ભ્રમ બુદ્ધિ એને ચાર ગતિમાં રખડવામાં કારણ થઈ છે. આ અધિકાર કુંદકુંદાચાર્યે એવો લીધો છે. બીજા શાસ્ત્રમાં આવો તો નથી, બીજામાં-અન્યમતમાં. પણ આ અધિકાર અહીંયા લીધો છે એવો દિગંબર શાસ્ત્રમાં આવો સ્પષ્ટ બીજામાં નથી. જયચંદ્ર પંડિત પહેલા હિન્દીમાં દોહો કહે છે.

**કર્તાકર્મવિભાવને, મેટી જ્ઞાનમય હોય,**
**કર્મ નાશી શિવમાં વસે, નમું તેહ, મદ ખોય.**

ડંકા વાગ્યા. જુઓ, કુદરતે શરૂ થાય છે. ઘડિયાળનો ડંકો વાગ્યો. સોળમી વાર શરૂ થાય છે ને. સમજાણું કાંઈ? આપણે અડધી કલાકમાં પૂરું થઈ ગયું અને કુદરતે આમ થયું. જુઓ!

'**કર્તાકર્મવિભાવને, મેટી જ્ઞાનમય હોય,**' જેણે વિકાર કાર્ય મારું અને હું કર્તા એમ જણે મટાડી દીધું એવા પરમાત્મા અને સંતો. જેમણે પોતાનું જ્ઞાનસ્વરૂપ પ્રગટ કર્યું. રાગ અને પરના કર્તૃત્વનું મિથ્યાત્વ હતું તેને દૂર કરી '**મેટી જ્ઞાનમય હોય,**' હું તો જ્ઞાન આનંદમય છું. એવા આત્માને જેણે પ્રાપ્ત કર્યો. '**કર્મ નાશી શિવમાં વસે,**' રાગાદિ અને કર્મનો નાશ થઈને શિવ-મોક્ષમાં જે આત્માની નિરુપદ્રવ દશાના અનુભવમાં વસે છે. '**નમું તેહ**' તેને હું નમસ્કાર કરું છું. જયચંદ્ર પંડિત ચાલતી ભાષામાં લખે છે. '**મદ ખોય.**' હું અભિમાન છોડીને મંગળિક કરું છું. આવા સિદ્ધ ભગવાનને હું અંતરમાં નમસ્કાર કરું છું.

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



હવે કળશ છે, કળશ. જુઓ!

**एकः कर्ता चिदहमिह मे कर्म कोपादयोमी**
**इत्यज्ञानां शमयदभितः कर्तृकर्मप्रवृत्तिम्।**
**ज्ञानज्योतिः स्फुरति परमोदात्तमत्यन्तधीरं**
**साक्षात्कुर्वन्निरुपधिपृथग्द्रव्यनिर्भासि विश्वम्।।४६।।**

‘**શ્લોકાર્થ :- આ લોકમાં હું ચૈતન્યસ્વરૂપ આત્મા તો એક કર્તા છું અને આ ક્રોધાદિ ભાવો મારાં કર્મ છે’ એવી અજ્ઞાનીઓને જે કર્તાકર્મની પ્રવૃત્તિ છે તેને બધી તરફથી શમાવતી (-મટાડતી) જ્ઞાનજ્યોતિ સ્ફુરાયમાન થાય છે.**’ મંગળિક કરે છે. સમજાણું કાંઈ? શું કહે છે મોટા મંગળિકમાં? શું કહે છે? અજ્ઞાની અનાદિથી હું ચૈતન્યસ્વરૂપ આત્મા, કોણ આત્મા? ચૈતન્યસ્વરૂપ. જાણન-દેખનસ્વરૂપ આત્મા. એ કર્તા. હું એક જ રચવાવાળો છું. કોનો? ક્રોધાદિ ભાવ. વિકારી ભાવને અહીંયા ક્રોધાદિ કહ્યા. કેમ કહ્યું? કે ભગવાન આત્મા જ્ઞાન અને આનંદમૂર્તિ છે એની જેને અરુચિ થઈ છે તે જ વિકારનો કર્તા રુચિથી થાય છે તો આત્મા પ્રત્યે તેને ક્રોધ થયો છે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા.. મુનિ છે ને તો ઉત્તમ ક્ષમાની સામે અજ્ઞાનીને ક્રોધ લીધો છે. ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ છે તો અજ્ઞાની એ જ્ઞાનસ્વરૂપને નહિ જાણીને ભાવક્રોધ જે પુણ્ય-પાપના વિકલ્પ ઉઠે છે તે મારું કાર્ય છે, હું તેને કરનારો છું એમ માનવાવાળો વિકારનો પ્રેમી છે અને નિર્વિકાર આત્માનો અપ્રેમી-દ્વેષી છે. સમજાણું કાંઈ? પંડિતજી! સમજાણું? ન સમજાણું? અમારે શેઠીજી દૂર બેઠા છે. શેઠી કહે, હજી બરાબર સમજાણું નહિ, થોડું ફરીને. શું કહે છે?

ભગવાન આત્મા શુદ્ધ જ્ઞાનમૂર્તિ એવી ચીજની જેને રુચિ નથી એ જ પુણ્ય-પાપના વિકલ્પ જે આત્માના સ્વભાવથી વિરુદ્ધ ભાવ, એ વિરુદ્ધ ભાવ મારું કાર્ય છે, હું કર્તા છું એમ મિથ્યાદૃષ્ટિએ માની રાખ્યું છે. આહાહા..! સમજાણું કાંઈ? પંડિતજી! થોડું થોડું. ફરીને કહીએ. સાંભળો! ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ સ્વભાવ મૂર્તિ. વિજ્ઞાન વીતરાગઘન ઈ આત્મા. એની જેને રુચિ નથી, પ્રેમ નથી તે પુણ્ય-પાપનો પ્રેમી થઈને પુણ્ય-પાપનું કાર્ય મારું છે (એમ માને છે) તેને ક્રોધ છે. સ્વભાવ પ્રત્યે અનાદર છે અને વિકાર પ્રત્યે આદર છે. કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- હા, આત્માનો સ્વભાવ એવો નથી અને વિકારને હું કરું છું, એમાં આત્માનો ઘાત થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? શ્વેતાંબરમાં એક આનંદઘનજી થઈ ગયા. એમણે એવો અર્થ લીધો છે. ‘દ્વેષ અરોચક ભાવ’. શ્વેતાંબરમાં એક આનંદઘનજી થયા છે. પાછળથી

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

જંગલમાં રહેતા હતા. દ્વેષ અરોચક ભાવ. ભગવાન આત્મા શુદ્ધ જ્ઞાન અને આનંદમૂર્તિનો અરુચિભાવ એ જ દ્વેષ છે. સમજાણું કાંઈ? અને રાગની રુચિ, રાગનો પ્રેમ, સ્વભાવનો દ્વેષ. સ્વભાવનો પ્રેમ છે તે રાગનો કર્તા થતો નથી.

મુમુક્ષુ :- રાગનો દ્વેષ થઈ ગયો?

ઉત્તર :- દ્વેષ નહિ, કર્તા નથી થતો એમ કહ્યું. કર્તા નથી થતો એમ કહ્યું. અહીંયા પ્રેમ એકાકાર થયો તો રાગ ઉત્પન્ન જ નથી થતો.

મુમુક્ષુ :- .. રાગ-દ્વેષની વાત..

ઉત્તર :- આ તો છે. છે જ નહિ. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા વિદ્યમાન ચૈતન્યમૂર્તિ છે. એવો વિદ્યમાન હયાતી ચૈતન્યપ્રભુનો જેને આદર નથી, સ્વભાવનો આદર નથી, સ્વભાવનો પ્રેમ નથી, સ્વભાવની સન્મુખતા નથી તેને વિભાવની સન્મુખતા થતાં સ્વભાવથી વિમુખતા થઈ, વિકારની સન્મુખતા થઈ. બીજી ભાષાએ કહીએ તો એ પર્યાયબુદ્ધિ છે. જેટલા ક્ષણિક રાગાદિ ઉત્પન્ન થાય છે એ મારું કાર્ય છે એ પર્યાય અંશબુદ્ધિવાળો માને છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- પર્યાયબુદ્ધિ ન સમજાયું.

ઉત્તર :- પર્યાયબુદ્ધિ ન સમજાયું? એક અંશ. વર્તમાન એક અંશ ઉપર જેની દૃષ્ટિ છે તેને પર્યાયબુદ્ધિ કહે છે. પર્યાયબુદ્ધિ નાહિ આતમગવેષી. નથી આવતું? સમયસાર નાટકમાં આવે છે. આવે છે કે નહિ? 'પરજાય-બુદ્ધિ નાહિ, આતમગવેષી ન ગૃહસ્થ હૈં ન જતી હૈં.'

**સ્વારથકે સાચે પરમારથકે સાચે ચિત,**
**સાચે સાચે બૈન કહૈં સાચે જૈનમતી હૈં.**
**કાહૂકે વિરુદ્ધિ નાહિ પરજાય-બુદ્ધિ નાહિ,**
**આતમગવેષી ન ગૃહસ્થ હૈં ન જતી હૈં.**
**રિદ્ધિ સિદ્ધિ વૃદ્ધિ દીસે ઘટમૈં પ્રગટ સદા,**

આ તો હજી હું ત્રણ શબ્દમાં હું અટક્યો છું. '**રિદ્ધિ સિદ્ધિ વૃદ્ધિ દીસે**' મારો ચૈતન્ય એ જ મારી રિદ્ધિ છે, સિદ્ધિ પણ ઈ, '**વૃદ્ધિ દીસે**' ક્ષણે ક્ષણે સ્વભાવના આશ્રયથી શુદ્ધિની વૃદ્ધિ દેખાય છે.

**રિદ્ધિ સિદ્ધિ વૃદ્ધિ દીસે ઘટમૈં પ્રગટ સદા,**
**અંતરકી લચ્છિસૌં અજાચી લચ્છપતી હૈં.**

'**અંતરકી લચ્છિ**' સ્વરૂપ ભગવાન જ્ઞાનસ્વરૂપ સંપદા એની લક્ષ્મી છે-લચ્છિ છે. '**અંતરકી**

**લચ્છિસૌં અજાચી લચ્છપતી હૈં.**' માંગવું કંઈ નહિ અને લક્ષપતિ છે. આ કહે છે ને, આ લક્ષપતિ ને આ કરોડપતિ ને ધૂળપતિ. એ તો નહિ. આહાહા..! લખપતિ છે. પોતાના શુદ્ધ ચૈતન્યનું લક્ષ થયું એ લક્ષનો પતિ છે. ધર્મી પોતાના દ્રવ્યનો પતિ છે. સમજાણું કાંઈ? અજાચી લક્ષપતિ હૈ.

**દાસ ભગવન્તકે ઉદાસ રહૈં જગતસૌં**
**સુખિયા સદૈવ ઐસે જીવ સમકિતી હૈં. ૭. (મંગલાચરણ)**

સમજાણું કાંઈ? કહે છે, ચૈતન્યસ્વરૂપ.. આ આત્માની વ્યાખ્યા કરી પહેલી. આત્મા એટલે શું? ચૈતન્યસ્વરૂપ. રાગસ્વરૂપ કે કર્મસ્વરૂપ કે શરીરસ્વરૂપ આત્મા છે જ નહિ. છે?

**'આ લોકમાં...'** એટલે લોક સિદ્ધ કર્યો. જગતની અંદર હું ચૈતન્યસ્વરૂપ આત્મા છું. પણ એમ એ માનતો નથી. હું આત્મા **'એક કર્તા છું અને આ ક્રોધાદિ ભાવો મારાં કર્મ છે'**. સમજાણું કાંઈ? શુભભાવ દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ એ મારું કાર્ય છે, હું કર્તા છું એને અહીંયા મિથ્યાદૃષ્ટિ કહ્યો છે. સમજાણું કાંઈ? સૂક્ષ્મ વાત છે, ભાઈ! જૈનદર્શન વસ્તુદર્શન, વસ્તુસ્વભાવ છે. ચૈતન્ય ભગવાન, રાગનું કાર્ય મારું માનવાવાળો જૈનતત્ત્વને, જૈનતત્ત્વ નામ વસ્તુતત્ત્વનો સમજતો નથી. આહાહા..! સમજાણું કાંઈ? અંદરમાં શુભ-અશુભ વિકલ્પ જે પરસન્મુખના લક્ષે ઉત્પન્ન થાય છે એ મારું કાર્ય અને હું એને કરવાવાળો (એમ માને છે તો) એણે આખા દ્રવ્યને વિકારી માન્યું. સમજાણું કાંઈ? વિકારને કરવાવાળો. તો એનો અર્થ થયો કે હું આખો વિકારી દ્રવ્ય છું. વિકારનું કાર્ય હું કરું છું અને વિકાર કાર્ય મારું છે. અમરચંદભાઈ! આહાહા..! અહીં તો જ્યાં હોય ત્યાં અભિમાન. મેં કર્યું, મેં કર્યું, મેં કર્યું.

મુમુક્ષુ :- કામ કરવું પણ અહંકાર ન કરવો.

ઉત્તર :- કામ કરી શકતો નથી. અહંકાર કોણ કરે? કરી જ નથી શકતો ને. કહો, સમજાણું કાંઈ? ઈ અજ્ઞાની કહે છે. ગજરથ કાઢવા, મંદિર બનાવવા, મેં કર્યું, ગજરથ મેં કાઢ્યો. અરે..! ભગવાન! શું કહે છે તું? એ તો જડની પર્યાય તે સમયે તેની થવાવાળી થઈ, શું તારાથી થઈ છે? રથયાત્રા નથી કાઢતા? મોટી રથયાત્રા. એ રથયાત્રા શું આત્માથી થાય છે? નહિ? આ જયપુરમાં તો ગયા વર્ષે મોટી રથયાત્રા કાઢી હતી. તમે હતા કે નહિ? કેટલા? અઢાર તો હાથી, અઢાર ઘોડા, અગિયાર ઊંટ અને પચ્ચીસ-ત્રીસ હજાર માણસ અને લાખો જોવાવાળા. લોકોને એમ થયું કે આ શું થયું? કોઈ રાજા આવ્યા છે? નહિ, ભગવાનની રથયાત્રા નીકળી છે. ભગવાનની રથયાત્રા નીકળી છે? ગોદિકાએ બનાવ્યું? શું એમાં ઘુસી ગયો કે એ આત્માએ બનાવ્યું? એ તો પરમાણુની પર્યાય છે. પરમાણુના પુદ્ગલની અવસ્થાનો રંગ ચડ્યો તો એને

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


કારણે એ બન્યું છે. આત્માના કારણે નહિ. આત્માએ શુભભાવ કર્યો તો તેને કારણે રથયાત્રા નીકળી એમ નહિ, એમ કહે છે. રાજમલજી! કાઠવી કે ન કાઢવી?

અહીં તો કહે છે, ભગવાન! સાંભળ તો ખરો, પ્રભુ! શું એક દ્રવ્ય બીજા દ્રવ્યમાં સંક્રમણ પામે છે કે પરને કરી શકે? ભાઈ! તારું અભિમાન છે. પહેલું મંગળિક કરે છે. કહે છે કે એ રથયાત્રા આદિ તો પરમાણુની પર્યાય છે. તો પહેલા કેમ ન નીકળી? એ કરવાવાળાને શુભભાવ આવ્યો તો એને કારણે નીકળી કે નહિ? નહિ. (શુભભાવ આવ્યો તો નીકળીને) વાત જ ખોટી છે.

મુમુક્ષુ :- અત્યંત અભાવ છે.

ઉત્તર :- એમાં અત્યંત અભાવ છે અને પરથી ભિન્ન છે. ભિન્ન ભિન્નનું શું કરે? અજ્ઞાનીને ભ્રમ થયો છે. સમજાણું કાંઈ? આહાહા..! એનો શુભભાવ હો, એ એની પાસે રહ્યો. એ શુભભાવથી કંઈ બહારની રચના થાય છે? અહીંયા તો શુભભાવનો કર્તા માને છે ઈ મિથ્યાદષ્ટિ છે. અહીંયા તો ઈ વાત કહે છે. સમજાણું કાંઈ? આહાહા..!

ક્રોધ, માન, માયા, લોભ. ચાર બોલ છે ને? ક્રોધાદિ શબ્દ પડ્યો છે ને? ક્રોધ, માન, માયા, લોભ. અર્થાત્ રાગના બે ભાગ-માયા અને લોભ. અને દ્વેષના બે ભાગ-ક્રોધ અને માન. એમાં ક્રોધ, માન, માયા, લોભમાં ચારેમાં રાગ-દ્વેષ આવી ગયા. જુઓ! ક્રોધાદિ ભાવ એમ લખ્યું છે. ઓલાએ કર્મ લખ્યું છે. આમાં તો કર્મ લખ્યું છે. કળશટીકા છે ને? કળશટીકામાં જ્ઞાનાવરણીય કર્મ લીધું છે. પણ એ તો ટીકા છે પરમ અધ્યાત્મ તરંગિણીમાં દ્રવ્ય-ભાવ બેય લીધા છે. અહીં ભાવ લીધા છે, પેલામાં દ્રવ્ય લીધું છે, આમણે બેય લીધા છે. કળશટીકાકારે દ્રવ્ય લીધું છે. પરમ અધ્યાત્મ તરંગિણીમાં દ્રવ્ય, ભાવ બેય લીધા છે. અહીંયા એકલો ભાવ લીધો છે. કેમકે ભાવ કરી શકે છે. પરને કરી શકતો નથી. અજ્ઞાની ભાવ કરી શકે છે. પરમાણુની પર્યાય તો અજ્ઞાનભાવે પણ કરી શકતો નથી. સમજાણું કાંઈ?

હું **'એક કર્તા છું...'** એક કર્તા કેમ કહ્યું? કે એ રાગની પર્યાય કરવાવાળો હું એક જ છું. કોઈ ભિન્ન કરવાવાળો છે એમ નથી. કર્તા ભિન્ન છે અને હું જાણવાવાળો છું એમ નથી. હું જ કરવાવાળો છું. સમજાણું કાંઈ? **'એવી અજ્ઞાનીઓને જે કર્તાકર્મની પ્રવૃત્તિ છે...'** જુઓ! આ પ્રવૃત્તિ. અજ્ઞાનીઓની બાહ્ય પ્રવૃત્તિ નહિ. પુણ્ય અને પાપ જે વિકલ્પ છે એ મારું કાર્ય છે એ અજ્ઞાનીની કર્તાકર્મની પ્રવૃત્તિ છે. સમજાણું કાંઈ? એ પ્રવૃત્તિ અજ્ઞાનભાવે કરી શકે છે. પણ પરની પ્રવૃત્તિની પર્યાય તો અજ્ઞાનભાવે પણ કરી શકતો નથી. સમજાણું કાંઈ? કહે છે કે, એ પ્રવૃત્તિ છે. કર્તાકર્મની પ્રવૃત્તિ છે એમ કહ્યું. છે કેમ કહ્યું? કહે છે ને અજ્ઞાની કે ઈ તો ભ્રમ છે. એવી કોઈ વસ્તુ નથી. નહિ, અજ્ઞાનીની પ્રવૃત્તિ છે. એમ સિદ્ધ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


કર્યું છે. કંઈ નથી, ભ્રમ છે. એમ કે રાગ છે અને રાગનો કર્તા છે એ ભ્રમ છે. પણ ભ્રમ છે કે નહિ? એ સિદ્ધ કર્યું છે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા પોતાના શુદ્ધ ચૈતન્યસ્વભાવની સંભાળ નહિ કરીને, પોતાના શુદ્ધ સ્વભાવ ઉપર લક્ષ નહિ કરીને અનાદિથી એકલું રાગ-દ્વેષ અને વિકાર ઉપર લક્ષ છે. તો અજ્ઞાની એ મારું કાર્ય છે અને હું કર્તા છું, એવી અજ્ઞાનીઓની આત્માની પર્યાયમાં આવી પ્રવૃત્તિ છે. આવી પ્રવૃત્તિ છે એમ સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ? '**તેને બધી તરફથી શમાવતી...**' લ્યો. હવે જ્ઞાનજ્યોતિ પ્રગટ થાય છે. '**તેને બધી તરફથી શમાવતી...**' બધી તરફથી શાંત કરતી, નાશ કરતી, મટાડતી '**જ્ઞાનજ્યોતિ સ્ફુરાયમાન થાય છે.**' જુઓ! આ મંગળિકનો ધર્મ. સમજાણું કાંઈ?

જ્ઞાનજ્યોતિ શબ્દ લીધો છે. જુઓ! જેમ અગ્નિ બીજી વસ્તુને બાળીને રાખ કરી નાખે. એમ જ્ઞાનજ્યોતિ અજ્ઞાનનો નાશ કરી નાખે છે. રાગ મારો અને રાગ મારું કાર્ય, એ મારામાં છે જ નહિ. હું તો જ્ઞાનસ્વરૂપ છું. હું તો ચૈતન્યસ્વરૂપ આત્મા છું. મારું કાર્ય તો ચૈતન્ય શુદ્ધપણે પરિણમવું એ મારું કાર્ય છે. સમજાણું કાંઈ? નિર્મળ ધર્મપર્યાયરૂપે પરિણમવું એ મારું કાર્ય છે. કર્તા અને કાર્ય ભેદ પાડે તો. સમજાણું કાંઈ? નહિતર એ પણ ભેદ વિના તો છે ઈ છે. આત્મા શુદ્ધરૂપે પરિણમે છે. ઈ તો છે ઈ છે. ત્રિકાળ. સમજ્યો ત્યારથી, સમજ્યો ત્યારથી. ન સમજે એને શું છે? સમજાણું કાંઈ? સૂક્ષ્મ માર્ગ છે, ભાઈ! વીતરાગ માર્ગ સર્વજ્ઞનો કહેલો અને ચૈતન્યનો માર્ગ બહુ સૂક્ષ્મ પણ છે, સરળ પણ છે અને અનંત કાળથી નથી પામ્યો તેથી દુર્લભ પણ છે. પોતાની ચીજ છે માટે સરળ છે. એનો અનંત કાળથી અભ્યાસ નથી માટે દુર્લભ છે. મૂળ અભ્યાસ આ કરવાનો હતો ઈ અભ્યાસ કર્યો નહિ. બાકી શાસ્ત્રના અભ્યાસ કર્યા ને બધું કર્યું. અગિયાર અંગ નવ પૂર્વ ભણી ગયો. મોટો વિદ્વાન થઈ ગયો દુનિયાને સમજાવવામાં. લાખો માણસો ભેગા થાય. ઓહોહો..! ભારે સમજાવવાની શક્તિ! શું છે? ભાષા તારી છે? એ તો જડની છે. આહાહા..!

એમાં આવે છે ને? ભાઈ! સમાધિ શતકમાં. સમાધિ શતકમાં તો આચાર્ય ત્યાં સુધી લ્યે છે. પૂજ્યપાદ સ્વામી. હું પરને સમજાવું છું અને પરથી સમજુ છું એ ગાંડપણ છે. ગાંડપણ લીધું છે. ઉન્મત્ત એટલે પાગલ છે. ઉન્મત્ત છે કે હું પરને સમજાવું છું. શું પરને સમજાવે? આહાહા..! ભાષાની પર્યાય ભાષાથી થાય છે. વિકલ્પ છે એ પણ પોતાનું કર્તવ્ય નથી. તો પરને સમજાવવું ઈ ક્યાંથી આવ્યું? કહે છે. ધન્નાલાલજી! આહાહા..! કહે છે કે પરને સમજાવું છું અને પરથી હું સમજું છું. ઉન્મત્ત છે, ગાંડપણ છે, ઘેલછાઈ છે. આહાહા..! ભાઈ! આવો માર્ગ છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


મુમુક્ષુ :- ..

ઉત્તર :- એની મેળાએ સમજે છે સમજે ત્યારે. એની મેળાએ સમજે છે. એમ કે આ બધું સાંભળવું વયું જાય તો સમજવું શી રીતે? એમ કહે છે. ..ભાઈ! સાતમી નરકમાં પણ પોતાથી સમજે છે, પરથી નહિ. સ્વઆશ્રયથી સમજે છે તો પછી નિમિત્તથી કહેવામાં આવે છે કે આ પીડાથી આમ થયું, સાંભળવાથી આમ થયું. એ તો કહેવામાં આવે છે. આવી સ્વતંત્રતાનો આ તો ઢંઢેરો છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ઉપયોગમાં એમાં લગાવવાનો છે? ગુરુ તો ઈ છે. સમાધિ શતકમાં આવ્યું છે કે ગુરુ કોને કહેવા? પોતાને બોધ દે એ ગુરુ. તો બોધ તો પોતાને આપે છે. ધન્નાલાલજી! છે ને? એમાં ગુરુની વ્યાખ્યા છે. ઈષ્ટોપદેશમાં ને? ઈષ્ટોપદેશ. કેટલામી છે ઈ? ૪૫ પાનું? જુઓ! ગુરુ કોને કહે છે?

**स्वस्मिन्सदभिलाषित्वादभीष्टज्ञापकत्वतः।**
**स्वयं हित(तं) प्रयोक्तृत्वादात्मैव गुरुरात्मनः।।३४।।**

'**અર્થ :- જો સત્‌કા કલ્યાણકા વાંછક હોતા હૈ,...**' કલ્યાણનો વાંછક હોય. તો ગુરુ હોય કે આત્મા હોય? બીજી વાત. '**ચાહે હુએ હિતકે ઉપાયોંકો જતલાતા હૈ,...**' હિતનો ઉપાય બતાવે. એ તો પોતાનો આત્મા પોતાને બતાવે છે. '**તથા હિતકા પ્રવર્તક હોતા હૈ,...**' અને હિતમાં પ્રવર્તે છે. શું ગુરુ કરાવે છે? ગુરુ કરાવે છે? પોતાની મેળે. ઈ કહે છે. મૂળ પાઠ એમ છે. '**જો સત્‌કા કલ્યાણકા વાંછક હોતા હૈ, ચાહે હુએ હિતકે ઉપાયોંકો જતલાતા હૈ, તથા હિતકા પ્રવર્તક હોતા હૈ, વહ ગુરુ કહલાતા હૈ. જબ આત્મા સ્વયં હી અપનેમેં સત્‌કી-કલ્યાણકી યાની મોક્ષ-સુખકી અભિલાષા કરતા હૈ, અપને દ્વારા ચાહે હુએ મોક્ષસુખકે ઉપાયોંકો જતલાનેવાલા હૈ, તથા મોક્ષ-સુખકે ઉપાયોંમેં અપને આપકો પ્રવર્તન કરાનેવાલા હૈ, ઈસલિયે અપના (આત્માકા) ગુરુ આપ (આત્મા) હી હૈ.**' આમ વાત છે. ક્યાં ગયો? તો વ્યવહારનું શું થશે? વસ્તુ તો આમ છે. ગુરુ હો, પણ પરમાર્થે પોતાનો ગુરુ થયા વિના પરના ગુરુનું નિમિત્ત થતું નથી. સમજાણું કાંઈ? ઈષ્ટોપદેશ છે ને. ગાથા-૪૧. કહો, સમજાણું કાંઈ?

ઓહો..! કહે છે, ભગવાન આત્મા.. વિકલ્પ જે છે એ મારું કાર્ય નહિ, એવી બુદ્ધિ જ્યાં સ્વસન્મુખ થઈ તો પોતાના જ્ઞાનસ્વભાવની જ્યોતિ પ્રગટ થઈ. સમ્યગ્જ્ઞાન, સમ્યક્‌દર્શન. તો (અજ્ઞાનને) શમાવતી જ્ઞાનજ્યોતિ પ્રગટ થઈ. રાગનો અભાવ થયો, પોતાની જ્ઞાનજ્યોતિ પ્રગટ થઈ. પર્યાયમાં, હો! વસ્તુ તો ધ્રુવ પડી છે. સમજાણું કાંઈ? આહા..! આમ માનશો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


તો પછી કોઈ ગુરુનો ઉપકાર નહિ માને, કહે છે. ખરેખર તો યથાર્થ સમજે એના વિકલ્પમાં ઉપકાર આવ્યા વિના રહેતો નથી. છતાં એ વિકલ્પ છે ઈ પુણ્યબંધનું કારણ છે. વસ્તુ આવી છે, ભાઈ!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- વ્યવહાર આવશે.

'**જ્ઞાનજ્યોતિ સ્ફુરાયમાન થાય છે. કેવી છે તે જ્ઞાનજ્યોતિ? જે પરમ ઉદાત્ત છે...**' લ્યો. '**અર્થાત્ કોઈને આધીન નથી,...**' રાગને આધીન નથી, વિકલ્પને આધીન નથી, ગુરુને આધીન નથી. પણ સ્વસન્મુખ થવું છે એમાં પરનું લક્ષ કરવાનું છે ક્યાં? અને પરલક્ષીજ્ઞાન પણ ત્યાં કામ કરતું નથી. શું કહ્યું? નિમિત્ત તો કામ કરતું નથી, વિકલ્પ પણ કામ કરતા નથી, પરલક્ષીજ્ઞાન થયું એ પણ સ્વસન્મુખમાં કામ કરતું નથી. કહો, સમજાણું કાંઈ? '**કોઈને આધીન નથી, જે અત્યંત ધીર છે...**' ત્રિકાળી શુદ્ધ છે. '**કોઈ પ્રકારે આકુળતારૂપ નથી...**' રાગનો અભાવ દૃષ્ટિમાં લઈને રુચિ છોડીને સ્વભાવનો આશ્રય કરીને જ્ઞાનજ્યોતિ પ્રગટ થઈ તે ધીરી છે. એમાં આનંદ આવે છે એમ કહે છે. રાગનું કર્તૃત્વ મટવાથી અને આત્માના જ્ઞાનનું કર્તૃત્વ થવાથી આનંદ આવે છે એમ કહે છે. રાગના કર્તૃત્વમાં આકુળતાનું દુઃખ થાય છે એમ કહે છે. સમજાણું કાંઈ? વાત લાગે મોટી. ભાઈ! મોટી પણ એ અને નાની પણ એ, જે છે ઈ આ છે.

'**કોઈ પ્રકારે આકુળતારૂપ નથી...**' જુઓ! શું કહ્યું? એમ કે એકલું જ્ઞાન પ્રગટ થયું એમ નહિ. સાથે આનંદ પણ પ્રગટ થયો. જ્યાં સુધી રાગ, પુણ્ય ને વિકલ્પનો કર્તા થતો હતો ત્યાં સુધી મિથ્યાત્વભાવની આકુળતા હતી. અને સ્વભાવ સન્મુખ થઈને રાગનો કર્તૃત્વને મટાડતી, શમાવતી, રાગને શમન કરતી પોતાની જ્ઞાનજ્યોતિ પર્યાય પ્રગટ થઈ એની સાથે આનંદ પણ આવ્યો. એકલું જ્ઞાન નહિ. જ્ઞાનની સાથે આનંદ પણ આવ્યો. એનું નામ રાગનો નાશ કર્યો એમ કહેવામાં આવે છે. રાગના કર્તૃત્વનો નાશ કર્યો ત્યારે. કહો, સમજાય છે કાંઈ?

'**અને પરની સહાય વિના જુદાં જુદાં દ્રવ્યોને પ્રકાશવાનો જેનો સ્વભાવ હોવાથી...**' ઓહોહો..! ત્રણ કાળ ત્રણ લોક પરની મદદ વિના પોતાના સ્વભાવથી જેનો જાણવાનો સ્વતઃ સ્વભાવ સ્વયમેવ છે. સમજાણું કાંઈ? સ્વયમેવ છે. જુઓ ભાષા! દ્રવ્યોને પ્રકાશવાનો તો એનો સ્વભાવ છે. '**પરની સહાય વિના...**' જ્ઞાન પ્રગટ થયું, આનંદ થયો. પરની મદદ વિના. '**જુદાં જુદાં દ્રવ્યોને...**' ત્રણ કાળના દ્રવ્ય, એના ગુણ, એની પર્યાય. સમય સમયની ભિન્ન ભિન્ન બધાને પ્રકાશવાનો પોતાના જ્ઞાનસ્વભાવમાં સામર્થ્ય છે. તેથી તે '**સમસ્ત લોકાલોકને સાક્ષાત્ કરે છે–**' લ્યો, અહીં તો પરમાત્માનું મંગળિક કર્યું. આવા

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



રાગને શમાવ્યો અને જ્ઞાનજ્યોતિ પ્રગટ થઈ, સ્થિરતા થઈને કેવળજ્ઞાન પ્રગટ થઈ ગયું. ત્યાં સુધી લીધું છે. સમજાણું કાંઈ? તેથી તે '**સમસ્ત લોકાલોકને સાક્ષાત્ કરે છે-પ્રત્યક્ષ જાણે છે.**' જ્ઞાનજ્યોતિ પોતાને અને પરને પ્રત્યક્ષ જાણે છે એવી પ્રગટ થઈ. કર્તાકર્મનો નાશ કરીને આવી દશા થાય છે. એમ મંગળિક કર્યું.

'**ભાવાર્થ :- આવો જ્ઞાનસ્વરૂપ આત્મા છે તે, પરદ્રવ્ય તથા પરભાવોના કર્તાપણારૂપ અજ્ઞાનને દૂર કરીને, પોતે પ્રગટ પ્રકાશમાન થાય છે.**' સમજાણું કાંઈ? જ્ઞાનસ્વરૂપ ભગવાન પરદ્રવ્ય રજકણ આદિ, કર્મ આદિ, પરભાવ વિકલ્પ આદિના કર્તૃત્વરૂપ અજ્ઞાનને. કર્તૃત્વ એ અજ્ઞાનભાવ છે. તેને દૂર કરીને સ્વયં પ્રગટ પ્રકાશમાન થાય છે. આનું નામ ધર્મ અને મોક્ષનો માર્ગ અને મોક્ષ કહે છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



# પાઠકોની નોંધ માટે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



## પાઠકોની નોંધ માટે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com